
# નિયમસાર સાધના

## ભાગ - ૧

પૂ. ગુરુદેવશ્રી દ્વારા નિયમસાર શાસ્ત્ર પર (૧૯૭૧-૭૩)માં થયેલાં પ્રવચનોનું અક્ષરશઃ શાસ્ત્ર




શ્રી સીમંધરસ્વામી




શ્રી કુંદકુંદઆચાર્યદેવ

ૐ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી

**અધિકાર**

જીવ | અજીવ | શુદ્ધભાવ | વ્યવહારચારિત્ર | પરમાર્થ-પ્રતિક્રમણ | નિશ્ચય-પ્રત્યાખ્યાન

પરમ-આલોચના | શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત | પરમ-સમાધિ | પરમ-ભક્તિ | નિશ્ચય-પરમાવશ્યક | શુદ્ધોપયોગ

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર સાધના
# ભાગ-૧

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ. સ. ૧૯૭૧-૭૩ની સાલના પ્રવચન )


પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૮૦

વીર સંવત
૨૫૫૦

ઈ. સન
૨૦૨૪

: પ્રકાશન પ્રસંગ :
અષાઢ સુદ ૧૫, ૨૧-૦૭-૨૦૨૪;
૮મા નંદીશ્વર દ્વીપમાં આવેલ શાશ્વત જિનપ્રતિમાના પૂજનના
શાશ્વત પર્વ શ્રી અષ્ટાન્હિકા પર્વની પૂર્ણતા
(અષાઢ માસની અષ્ટાન્હિકા)

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવની ખૂબ મહિમા ગાઈ છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા – ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ થી ૨૪૯૯ (ઈ. સ. ૧૯૭૧-૭૩) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૧૫ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧-૭૩માં થયેલ ૨૧૫ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમસાર સાધના ભાગ-૧માં અત્રે (૧) જીવ અધિકાર પરના સળંગ ૨૯ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.

જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ,
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




# કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ
# શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્દ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૧૨) શુદ્ધોપયોગ અધિકાર (૧૯૭૧ સીરીઝ) અને (૧) જીવ અધિકાર (૧૯૭૧-૭૩ સીરીઝ) | | | | | | |
| ૧ | ૧૮-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૧ | શનિવાર | - | ૩૦૮-૩૧૧ તથા ૧-૩ | ૧-૧૩ |
| ૨ | ૧૯-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૨ | રવિવાર | ૧ | ૪-૭ | ૧૪-૨૫ |
| ૩ | ૨૦-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૩ | સોમવાર | ૨ | ૮ | ૨૬-૩૭ |
| ૪ | ૨૧-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૪ | મંગળવાર | ૩ | ૯ | ૩૮-૪૯ |
| ૫ | ૨૨-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૫ | બુધવાર | ૩ | - | ૫૦-૬૦ |
| ૬ | ૨૩-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૬ | ગુરુવાર | ૪ | ૧૦-૧૧ | ૬૧-૭૧ |
| ૭ | ૨૪-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૭ | શુક્રવાર | ૫-૬ | ૧૨ | ૭૨-૮૩ |
| ૮ | ૨૬-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૯ | રવિવાર | ૬ | - | ૮૪-૯૫ |
| ૯ | ૨૭-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૧૦ | સોમવાર | ૬ | - | ૯૬-૧૦૮ |
| ૧૦ | ૨૮-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૧૧ | મંગળવાર | ૭ | ૧૩ | ૧૦૯-૧૨૦ |
| ૧૧ | ૨૯-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૧૩ | બુધવાર | ૮ | ૧૪ | ૧૨૧-૧૩૩ |
| ૧૨ | ૩૦-૧૨-૧૯૭૧ | પોષ સુદ ૧૪ | ગુરુવાર | ૮-૯ | ૧૫ | ૧૩૪-૧૪૫ |
| ૧૩ | ૦૧-૦૧-૧૯૭૨ | પોષ વદ ૧ | શનિવાર | ૯ | - | ૧૪૬-૧૫૭ |
| ૧૪ | ૦૨-૦૧-૧૯૭૨ | પોષ વદ ૨ | રવિવાર | ૯, ૩૮ | - | ૧૫૮-૧૬૮ |
| ૧૫ | ૦૩-૦૧-૧૯૭૨ | પોષ વદ ૩ | સોમવાર | ૯-૧૦ | ૧૬ | ૧૬૯-૧૮૧ |
| ૧૬ | ૦૪-૦૧-૧૯૭૨ | પોષ વદ ૪ | મંગળવાર | ૧૦ | - | ૧૮૨-૧૯૩ |
| ૧૭ | ૦૫-૦૧-૧૯૭૨ | પોષ વદ ૫ | બુધવાર | ૧૧-૧૨ | ૧૭ | ૧૯૪-૨૦૪ |
| ૧૮ | ૦૬-૦૧-૧૯૭૨ | પોષ વદ ૬ | ગુરુવાર | ૧૧-૧૨ | ૧૮-૨૧ | ૨૦૫-૨૧૫ |
| ૧૯ | ૦૭-૦૧-૧૯૭૨ | પોષ વદ ૭ | શુક્રવાર | ૧૩ | ૨૧-૨૨ | ૨૧૬-૨૨૭ |
| ૨૦ | ૦૯-૦૧-૧૯૭૨ | પોષ વદ ૯ | રવિવાર | ૧૩ | - | ૨૨૮-૨૪૦ |
| ૨૧ | ૧૦-૦૧-૧૯૭૨ | પોષ વદ ૧૦ | સોમવાર | ૧૩ | ૨૩ | ૨૪૧-૨૫૩ |
| ૨૨ | ૧૧-૦૧-૧૯૭૨ | પોષ વદ ૧૧ | મંગળવાર | ૧૪ | ૨૪-૨૫ | ૨૫૪-૨૬૫ |

| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પ્ર. ક્રમાંક |
|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૧૨-૦૧-૧૯૭૨ | પોષ વદ ૧૨ | બુધવાર | ૧૫ | ૨૬ | ૨૬૬-૨૭૬ |
| ૨૪ | ૧૩-૦૧-૧૯૭૨ | પોષ વદ ૧૩ | ગુરુવાર | ૧૫ | - | ૨૭૭-૨૮૮ |
| ૨૫ | ૧૪-૦૧-૧૯૭૨ | પોષ વદ ૧૩ | શુક્રવાર | ૧૫ | - | ૨૮૯-૩૦૦ |
| ૨૬ | ૧૫-૦૧-૧૯૭૨ | પોષ વદ ૧૪ | શનિવાર | ૧૬-૧૭ | ૨૭-૨૮ | ૩૦૧-૩૧૨ |
| ૨૭ | ૧૬-૦૧-૧૯૭૨ | પોષ વદ ૧૫ | રવિવાર | ૧૮ | ૨૯-૩૨ | ૩૧૩-૩૨૩ |
| ૨૮ | ૧૮-૦૧-૧૯૭૨ | મહા સુદ ૨ | મંગળવાર | ૧૯ | ૩૩-૩૫ | ૩૨૪-૩૩૪ |
| ૨૯ | ૧૯-૦૧-૧૯૭૨ | મહા સુદ ૩ | બુધવાર | ૧૯ | ૩૬ | ૩૩૫-૩૪૫ |

## પોષ સુદ ૧, શનિવાર, તા. ૧૮-૧૨-૧૯૭૧
## શ્લોક - ૩૦૮-૩૧૧ તથા ૧-૩, પ્રવચન નં. ૧

છેલ્લા કળશ છેને.

**सुकविजनपयोजानन्दिमित्रेण शस्तं**
**ललितपदनिकायैर्निर्मितं शास्त्रमेतत् ।**
**निजमनसि विधत्ते यो विशुद्धात्मकांक्षी**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥ ३०८॥**

ઓલી કોર અર્થ છે. પૂરું કરે છે આ નિયમસાર.

**શ્લોકાર્થ : સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા...** જેમ કમળને ખીલવામાં સૂર્ય નિમિત્ત છે, એમ સુકવિજનરૂપી કમળો એને આનંદ દેનારા સૂર્ય... **(વિકસાવનારા) સૂર્યે,** એમ. કવિજનરૂપી કમળોને આનંદ દેનારા સૂર્યે... કમળને જેમ ખીલવામાં સૂર્ય કારણ છે, એમ સુકવિજનરૂપી કમળોને આનંદ દેનારા સૂર્ય છે. **લલિત પદસમૂહો વડે...** ઘણા ઊંચા પદના સમૂહો વડે **રચેલા આ ઉત્તમ શાસ્ત્રને જે વિશુદ્ધ આત્માનો આકાંક્ષી જીવ...** વિશુદ્ધ અર્થ પવિત્રતાના અર્થમાં છે, તદ્દન શુદ્ધ. વિશુદ્ધ નિર્મળ આનંદ પવિત્રધામ ભગવાન એને અહીં 'વિશુદ્ધ' શબ્દના અર્થમાં કહ્યું છે. નહીં તો વિશુદ્ધ તો શુભભાવને પણ કહેવાય છે, પણ અહીંયા વિશુદ્ધ આખા આત્માને (કહ્યો છે). નિર્મળાનંદ પ્રભુ એકલો જ્ઞાનાનંદથી ભરેલો આત્મા એવા વિશુદ્ધ આત્માનો આકાંક્ષી જીવ (એટલે) એની જેને અભિલાષા છે એવો જીવ **નિજ મનમાં ધારણ કરે છે...** નિજ મનમાં શાસ્ત્રના ભાવને ધારણ કરે છે. મનમાં એટલે જ્ઞાનમાં. આમનો કહેલો ભાવ શુદ્ધ આત્મા પવિત્ર એને શ્રદ્ધા-જ્ઞાનથી ધારે છે, એ જીવ **તે પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે.**

મોક્ષનો માર્ગ ને મોક્ષ બેય બતાવી દીધા. એ પરમશ્રી (અર્થાત્) પરમ આનંદરૂપી લક્ષ્મી, મુક્તિ–સિદ્ધપદની પૂર્ણ આત્માની દશા એ રૂપી કામિની એની જે પરિણતિ–સ્ત્રી, એનો વલ્લભ થાય છે. એ પર્યાય હવે એને કદી છોડશે નહીં. પૂર્ણાનંદની પ્રાપ્તિ... ગ્રંથમાં કહેલા ભાવો... સ્વભાવનો આશ્રય લેતાં ભાવ (ઉત્પન્ન થાય) એ ભાવ મોક્ષનો માર્ગ છે. એને– મોક્ષના માર્ગને જેણે અંતરમાં ધાર્યો, પૂર્ણ પવિત્ર ભગવાન આનંદસ્વરૂપ એની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાથી માર્ગને ધાર્યો, એ અલ્પકાળમાં પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિને પામશે એમ કહ્યું. ૩૦૯.

**पद्मप्रभाभिधानोद्धसिन्धुनाथसमुद्भवा ।**
**उपन्यासोर्मिमालेयं स्थेयाच्चेतसि सा सताम्॥ ३०९॥**

**શ્લોકાર્થ : પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રથી ઉત્પન્ન થતી જે આ ઊર્મિમાળા...** ટીકાને ઊર્મિમાળા(ની ઉપમા આપી છે). ઉરની–હૃદયની માળા ધારાવાહી. પદ્મપ્રભ પોતે મુનિ છે–દિગંબર સંત છે, આત્માના અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલનારા છે. એ કહે છે કે આવા પદ્મપ્રભ નામના ઉત્તમ સમુદ્રથી ઉત્પન્ન થતી જે આ ઊર્મિમાળા–હૃદયની અંદર ઊર્મિએથી થયેલી આ કથા છે એમ કહે છે. આહાહા! **કથની (ટીકા), તે સત્પુરુષોનાં ચિત્તમાં સ્થિત રહો.** સત્પુરુષો–ધર્માત્મા એના જ્ઞાનમાં આ ભાવ સ્થિર રહો. એ ટીકા સ્થિર રહો એટલે ભાવ સ્થિર રહો. ટીકાનો ભાવ તો એ જ છે. પરમ નિરપેક્ષ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (કે જે) વ્યવહારના નિમિત્તની અપેક્ષા વિનાની દશા છે એને અહીંયા મોક્ષનો માર્ગ કહ્યો છે. એવા **સત્પુરુષોનાં ચિત્તમાં સ્થિત રહો**. જ્ઞાનીના જ્ઞાનમાં જ એ સ્થિર હોય છે, એમ કહે છે, અજ્ઞાનીને એ હોય નહીં. આહાહા! આમાં કહેલો ભાવ પૂર્ણાનંદ પ્રભુ એવો આનંદ ને જ્ઞાનના સ્વભાવનો સાગર આત્મા. એમાં ભાવ–એની પર્યાયમાં આ વસ્તુ આવી છે એમ સ્થિર થઈને રહો. એમ અહીંયા આર્શીર્વાદ અથવા મંગળિક કર્યું છે. છેલ્લું મંગળિક છેને એનું. ૩૧૦.

**अस्मिन् लक्षणशास्त्रस्य विरुद्धं पदमस्ति चेत्।**
**लुप्त्वा तत्कवयो भद्राः कुर्वन्तु पदमुत्तमम्॥ ३१०॥**

**શ્લોકાર્થ : આમાં જો કોઈ પદ લક્ષણશાસ્ત્રથી વિરુદ્ધ હોય...** અનુભવથી વિરુદ્ધ નહીં. કોઈ શાસ્ત્રોના શબ્દોના લક્ષણ... શાસ્ત્ર અનેક પ્રકારના છે, શાસ્ત્રોનો કાળ, ભેદ, શબ્દો વગેરે વિરુદ્ધ હોય **તો ભદ્ર કવિઓ તેનો લોપ કરીને ઉત્તમ પદ કરજો.** સરળ પ્રાણી–ભદ્ર જીવો, એ શબ્દોના મેળમાં કંઈ અમેળ થતો હોય તો એનો લોપ કરીને ઉત્તમ પદ કરજો. એમ પોતાની નિર્માનતા બતાવી છે. શબ્દોમાં હોં, શબ્દોની રીતની પદ્ધતિમાં. કોઈ કાનો, માત્રા ફેરફાર હોય (તો) તાત્પર્ય (જોવું). છેલ્લો કળશ. ૩૧૧.

**यावत्सदागतिपथे रुचिरे विरेजे**
**तारागणैः परिवृतं सकलेन्दुबिंबम्।**
**तात्पर्यवृत्तिरपहस्तितहेयवृत्तिः**
**स्थेयात्सतां विपुलचेतसि तावदेव॥ ३११॥**

**શ્લોકાર્થ : જ્યાં સુધી તારાગણોથી વિંટળાયેલું પૂર્ણચંદ્રબિંબ...** ચંદ્રની આસપાસ તારાગણો રહે છે એવો જે ચંદ્ર, એ સદાય તેની ગતિના સુંદર માર્ગમાં બિરાજે છે. એ પૂર્ણ ચંદ્રનો ગોળો સદા તેની ગતિમાં... ગમન કરે છેને સદાય? ગતિના સુંદર માર્ગમાં શોભે છે.

**(ઉજ્જવળ ગગનમાં વિરાજે–શોભે), બરાબર ત્યાં સુધી તાત્પર્યવૃત્તિ (નામની આ ટીકા)...** ચંદ્ર જ્યાં સુધી આ ગતિમાં શોભે ત્યાં સુધી આ ટીકા શોભો, એમ કહે છે. **બરાબર ત્યાં સુધી આ તાત્પર્યવૃત્તિ નામની ટીકા...** તાત્પર્યવૃત્તિ છેને? તાત્પર્ય (એટલે) સાર. **કે જેણે હેય વૃત્તિઓને નિરસ્ત કરી છે...** આખી ટીકામાં જે પુણ્ય ને પાપ વિકલ્પ, નિમિત્ત એ બધાને જેણે હેય વર્ણવ્યું છે. સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદ સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મ પોતાનું નિજસ્વરૂપ–સ્વભાવ એને ઉપાદેય કરી, એ સિવાય બીજી ચીજોને હેય બનાવી છે. ખરેખર તો અહીં પર્યાયને હેય બનાવી છે ૫૦ (ગાથા)માં. એક જ ભગવાન આત્મા અભેદ (કે જેમાં) પર્યાયનો ભેદ નહીં, ગુણનો ભેદ નહીં. ..... ક્ષાયિકભાવની પર્યાય પણ હેય છે. આહાહા! એ પરદ્રવ્ય છે, સ્વદ્રવ્યની પૂર્ણતા એમાં નથી એથી એ પરદ્રવ્ય છે અને પરભાવ છે. સ્વભાવ એકરૂપ ત્રિકાળ છે એની અપેક્ષાએ એક સમયનો પર્યાય, આ સ્વભાવ તો એ પરભાવ છે. આ ઉપાદેય તો એ હેય છે. એમ આખી ટીકામાં આમ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ?

**હેય વૃત્તિઓને**—છોડવાયોગ્ય પરિણતિને **નિરસ્ત કરી છે**.. નિરસ્ત કરી છે. **(જેણે છોડવાયોગ્ય સમસ્ત વિભાવવૃત્તિઓને દૂર ફેંકી દીધી છે) તે સત્પુરુષોનાં વિશાળ હૃદયમાં...** સત્પુરુષોનાં વિશાળ જ્ઞાનમાં **એ સ્થિત રહો.** વૃત્તિઓને હેય કરી અને ત્રિકાળ જ્ઞાયકભાવને ઉપાદેય કરીને સ્થાપ્યો છે. જ્ઞાનીના હૃદયમાં એ વાત રહો. લ્યો, એ નિયમસાર વાંચન પુરું થયું. પછી કહ્યું છે એમાં વધારે પોતે. છેલ્લું હિંમતભાઈ જેઠાલાલનું નામ નાખ્યું, આમાં નાખ્યું હવે. પહેલું બીજા ઓલામાં નહોતું નાખ્યું. પરાણે નાખ્યુંને?

**(અર્થાત્ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત) તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકાનો શુદ્ધોપયોગ અધિકાર નામનો બારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.** બાર અધિકાર છે આમાં.

**આમ (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત) તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.**

આ ફરીને શરૂઆત થાય છે. આ પુસ્તક છેને એ ઊંચી ચીજ છે. સમયસાર કરતાં પણ કેટલાક આમાં ભાવો ઊંચા છે. 'પરમપારિણામિક, કારણપરમાત્મા' તો કહી કહીને... ઓહોહો! આ નિયમસાર તો પૂરું કરીને ફરીવાર તરત ને તરત પહેલીવાર આજ લેવાય છે હોં. નિયમસાર આજે પુરું કર્યું છે ને તરત લેવાણું આજ. આ તો પહેલું લેવાય છે. મંગલાચરણ છે.

**ॐ શ્રી સર્વજ્ઞ વીતરાગાય નમઃ**

છેને આખું મંગલાચરણ.

**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।**
**कामदं मोक्षदं चैव ओमकाराय नमो नमः ॥१॥**

ઓમકાર બિંદુ સહિત નિત્યં ધ્યાયંતિ સંતો–મુનિઓ... એ મોક્ષનો આપનાર ને સ્વર્ગનો પણ આપનાર છે. એ **ॐ**કારાય નમો નમઃ. એવા **ॐ**કારને નમસ્કાર હો.. નમસ્કાર હો. જિનવાણી–ઓમ ધ્વનિ એને અહીં નમસ્કાર કર્યો છે.

**अविरलशब्दघनोघप्रक्षालितसकलभूतलकलङ्का ।**
**मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ॥२॥**

**अविरल**–ધારાવાહી શબ્દના ઘન પ્રવાહથી પ્રક્ષાલિત **सकलभूतलकलङ्का**... અજ્ઞાનરૂપી ભૂતળ એના કલંકને જેણે ધોઈ નાખ્યા છે. **मुनिभिरुपासिततीर्था**... મુનિ પણ સેવે છે તીર્થને, સરસ્વતીને, સમ્યગ્જ્ઞાન. **हरतु नो दुरितान्**.. અમારા **दुरि**ને હરિ નાખો. પહેલું કહ્યું દેવ, બીજું કહ્યું શાસ્ત્ર, ત્રીજા કહ્યા ગુરુ. 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન' એમ આવે છેને? પૂજામાં આવે છે. એ રીતની શૈલીથી વર્ણવ્યું છે. પહેલાં દેવને, ઓમકાર એ દેવ. પોતે દેવ છે આત્મા દેવાધિદેવ. બીજામાં સરસ્વતી–વાણી, ત્રીજામાં ગુરુ.

**अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।**
**चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरुवे नमः ॥३॥**

અજ્ઞાનરૂપી અંધકારના આંધળાને **ज्ञानाञ्जनशलाकया**–જ્ઞાનરૂપી અંજન શલાકા વડે.. જ્ઞાનરૂપી અંજન શલાકા વડે **चक्षुरुन्मीलितं**–ચક્ષુને ખોલી નાખી. એવા ગુરુને–**तस्मै** નમસ્કાર.

**श्रीपरमगुरुवे नमः, परम्पराचार्यगुरवे नमः**

**सकलकलुषविध्वंसकं**... કેવું છે આ શાસ્ત્ર? બધા પાપ-પુણ્યાદિનું વિધ્વંસક છે–નાશ કરનારું છે. **श्रेयसां परिवर्धकं**... શ્રેયને વધારનારું છે, આત્માના કલ્યાણને વધારનારું છે. **धर्मसम्बन्धकं**... ધર્મનું સંબંધ કરનાર કરાવનારું છે. **भव्यजीवमनःप्रतिबोधकारकं**... ભવ્યજીવના મનને જ્ઞાન આપનારું–પ્રતિબુદ્ધ કરનારું છે. **पुण्यप्रकाशकं**... પુણ્યને પ્રકાશનારું છે **पापप्रणाशक**... પાપનો નાશ કરનારું છે. **इदं शास्त्रं**-તે **श्री नियमसारनामधेयं**... જેનું નિયમસાર નામ છે. **अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवा**... તેના–નિયમસારના મૂળ ગ્રંથ કરનાર તો સર્વજ્ઞદેવ છે. **तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः**... પછીના કર્તા ગણધરદેવ છે. **प्रतिगणधरदेवास्तेषां**... પછીના ક્રમે-ક્રમે જે આચાર્યો થયા એ બધા પ્રતિગણધર... **तेषां वचनानुसारमासाद्य**... તેમના વચનોને અનુસરીને ગ્રહણ કરેલું આ નિયમસાર.

**आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं...** કુંદકુંદ આચાર્યે રચ્યું. આચાર્ય શું કહે ત્યારે? એક કોર કહે કે મેં રચ્યું નથી. લે! સાંભળ. આ તો કથનપદ્ધતિ તેનું નિમિત્ત કોણ હતું એમ જણાવે છે. **श्रोतारः**-સાંભળનારાઓ **सावधानतया श्रृण्वन्तु...** લ્યો. સાવધાન થઈને સાંભળો. હવે સાંભળવામાં તો વિકલ્પ ને પુણ્ય બંધાય. એય! ભાઈ! સાંભળવામાં એનું જ્ઞાન થાય છેને એને, એમાં આ વાણી નિમિત્ત છે. યથાર્થ જ્ઞાનની વાત હોં. પરલક્ષી જ્ઞાન તો થઈ ગયું છે. યથાર્થ વાત છે અહીં. પરલક્ષી જ્ઞાન, એને જ્ઞાન યથાર્થ થાય છે એમાં શ્રવણપણું એ નિમિત્ત છે. **सावधानतया श्रृण्वन्तु** નિયમસાર.

**मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।**
**मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥ १ ॥**

**मंगलं भगवान् वीरो...** વીર પરમાત્મા મંગલસ્વરૂપ છે. દેવાધિદેવ મહાવીર પરમાત્મા જેનું શાસન ચાલે છે એ મંગળિક છે (અર્થાત્) પાપનો નાશક છે અને પવિત્રતાની પ્રાપ્તિનું કરાવનાર છે. એવું મંગળ ભગવાન મહાવીર છે. **मंगलं गौतमो गणी...** ગૌતમ ગણધર મંગળ છે. **मंगलं कुन्दकुन्दार्यो...** કુંદકુંદાદિ આચાર્યો એ બધા મંગળિક છે (અથવા) **कुन्दकुन्दार्यो**– પોતે કુંદકુંદ આર્ય મંગળિક છે. ત્રીજા પદમાં આવ્યું છે આ જુઓ! **जैनधर्मोऽस्तु मंगलम्...** વીતરાગ ધર્મ જગતમાં મંગળરૂપ છે. પરની ઉપેક્ષા કરીને સ્વની અપેક્ષા કરાવે ને વીતરાગતા પ્રગટ થાય એવો જૈનધર્મ જગતમાં મંગળિક છે.

**सर्वमङ्गलमांगल्यं सर्वकल्याणकारकं ।**
**प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥ २ ॥**

જૈનધર્મ સર્વ મંગલમાં માંગલ્ય છે. (શ્રોતાઃ બધા ધર્મોમાંને?) ધર્મ એટલે આત્માના બધા ધર્મો. (શ્રોતાઃ જગતના બધા ધર્મો....) બધા ધર્મો કહો તો ભલે વ્યવહારથી કહેવાય. બધા ધર્મો અજ્ઞાનીના એમાં પણ જૈનધર્મ જ ઊંચો છે. સમજાણું કાંઈ? ધર્મ જ આ એક છે. બીજો ધર્મ છે જ નહીં ક્યાંય. અજ્ઞાનીએ કલ્પીને વાત કરી છે. આ તો સર્વજ્ઞથી સિદ્ધ છે. વસ્તુની સ્થિતિ એવી છે. એવો જે જૈનધર્મ... જૈનનો અર્થ—રાગ ને અજ્ઞાનને જીતીને વીતરાગતા પ્રગટ કરે તે જૈનધર્મ. એ તો વસ્તુની સ્થિતિ થઈ, એ કાંઈ સંપ્રદાય નથી. જૈનધર્મ વાડો નથી કોઈ. આત્મા આનંદમૂર્તિ વીતરાગ પ્રભુ છે. વીતરાગતા પ્રગટ થાય છે ક્યાંથી? એમાં વીતરાગસ્વરૂપ જ આત્માનું છે, એ જૈન સ્વરૂપ છે. એનો આશ્રય કરીને વીતરાગતા પર્યાયમાં પ્રગટ થાય એ જૈનધર્મ છે. સમજાણું કાંઈ? એ જ વસ્તુનો ધર્મ છે. વિશ્વનો એ ધર્મ છે. આ જ ધર્મ છે, બીજો કોઈ ધર્મ છે નહીં. **सर्वकल्याणकारकं...** સર્વ કલ્યાણ કરવામાં એ પોતે જૈનધર્મ જ કલ્યાણનું કરનારું છે. દુનિયામાં કલ્યાણ ઘણા પ્રકારના છે, પણ એનું.... આ કલ્યાણ

છે. **प्रधानं सर्वधर्माणां...** પ્રધાનભૂત છે **जैनं जयतु शासनम्...** જૈનં જયતુ શાસનમ્. એનું જ્ઞાન એનું શાસન, શિખામણ જયવંત વર્તો. આ મંગળિક કર્યું.

**ॐ**

**परमात्मने नमः ।**

**ॐ**.. ભાવ ઓમકાર. દ્રવ્ય ઓમકાર વાણી, વિકલ્પ. ભાવ ઓમકાર આત્મા.—એને નમસ્કાર. **परमात्मने नमः** પરમસ્વરૂપી એવો ભગવાન આત્મા એને નમસ્કાર.

**શ્રીમદ્**—સ્વરૂપલક્ષ્મીવાળા **ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પ્રણિત**

**શ્રી**

**નિયમસાર**

**જીવ અધિકાર**

**श्री पद्मप्रभमलधारिदेवविरचिततात्पर्यवृत्तिः** એની ટીકા. ટીકાનું નામ તાત્પર્યવૃત્તિ છે. હવે પોતે મંગળિક કરે છે. પદ્મપ્રભમલધારિદેવ સંત છે, દિગંબર મુનિ છે, વનવાસી છે.

**त्वयि सति परमात्मन्मादृशान्मोहमुग्धान्**
**कथमतनुवशत्वान्बुद्धकेशान्यजेऽहम् ।**
**सुगतमगधरं वा वागधीशं शिवं वा**
**जितभवमभिवन्दे भासुरं श्रीजिनं वा ॥१॥**

આહાહા! **શ્લોકાર્થ : હે પરમાત્મા! त्वयि सति**–તારી હયાતી હોતાં... આહાહા! પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એની **सति**–હયાતી હોતાં અમે બીજાને કેમ વંદીએ? એમ કહે છે. **त्वयि सति** છેને? **તું હોતાં...** નાથ! તારા હોતાં... જ્યાં આત્માની પૂર્ણ દશા–પરમાત્મદશા પ્રગટ થઈ, વીતરાગતા પ્રગટ થઈ, પરમ આનંદતા પ્રગટ થઈ—એવો સ્વભાવ પ્રગટ કર્યો એવી તારી હયાતીમાં.. આહાહા! તારી મોજૂદગીમાં પ્રભુ! **त्वयि सति...** પૂર્ણ આનંદ ને જ્ઞાન સંપન્ન એવી દશાવંત પ્રભુ! તારી હયાતી—મોજૂદગી છતે... આહાહા! **હું મારા જેવા...** એટલે હું જરી રાગવાળો છું એવા સંસારી પ્રાણી, એમ કહે છે મૂળ તો. છે તો મુનિ પોતે. અરે! તારી હયાતી પ્રભુ પરમાત્મા... જુઓ! આવ્યું. અહીંયા હયાતી નથી, પણ પરમાત્માની હયાતી છે એમ સિદ્ધ કરે છે અહીં તો. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન બિરાજે છે પરમાત્મા. પ્રભુ! તારી હયાતી–તારા હોવાપણા–તારા હોવાપણામાં જે બીજા જીવો માન વિનાના એને હું કેમ નમું? તારી મોજૂદગીમાં આને કેમ નમું? કહે છે. આહાહા! સમજાણું કાંઈ? હે પરમાત્મા! **त्वयि सति—તું હોતાં..**

**मादृशान्मोहमुग्धान्...** મારા જેવા સંસારી જીવો એવા **મોહમુગ્ધ**—મોહમાં મુગ્ધ થયેલા **અને કામવશ...** કામ છેને? પાઠમાં **अतनु** છે. એ કામદેવને 'અતનુ' કહેવામાં આવે. શરીર વિનાનો કામ એમ કહેવામાં આવે છે. 'અતનુ' એમ કહેવાય છેને. એને શરીર નથી ને કામ છે. એવા અતનુવશ... ભોગ અને કામને વશ એવા **બુદ્ધને...** આહાહા! ક્ષણિક માનનારા એ બૌદ્ધ પણ મોહમુગ્ધ-ઇચ્છાને તાબે થયેલા છે એ બધા. આહાહા! મિથ્યાત્વ ને રાગ-દ્વેષ... સમજાણું કાંઈ?

**તથા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું?** આહાહા! પ્રભુ તારી હયાતી-તારા જિનસ્વભાવની હયાતીએ અમને બીજાને વંદનનો ભાવ કેમ હોય? એ બધા મોહથી મુગ્ધ થયેલા અને કામને વશ થઈ ગયેલા, સ્વરૂપના વશથી છૂટી ગયેલા છે. આહાહા! એવા બ્રહ્મા-વિષ્ણુ-મહેશને કેમ પૂજું? આહાહા! એ તો ભેદ બતાવ્યા છે હોં. દ્વેષ કર્યો નથી. પ્રભુ! આવો આત્મા એ આપે પ્રગટ કર્યો એવી પરમાત્મદશા, બહિરાત્મપણું છોડી, અંતરાત્મામાં એકાકાર થઈ પરમાત્મદશા પ્રગટ કરી. પ્રભુ! એ તો તું એકલો પરમાત્મા છો. તારી આગળ આવા મોહમાં મુગ્ધ થયેલા, ભ્રમણામાં પડેલા અને વિષયને વશ, કામને વશ થઈ ગયેલા એવા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એને કેમ કરી નમું? સમજાણું કાંઈ?

**ન જ પૂજું. अजेऽहम्** છેને? **अजेऽहम्...** આવાને હું કેમ પૂજું? ત્યારે? **जितभवमभिवन्दे... જેણે ભવોને જીત્યા છે તેને હું વંદું છું...** ..... પંચાસ્તિકાયમાં આવે છેને ભાઈ! 'ણમો જિણાણં' જેણે ભવને જીત્યા. આહા! ....અહીંથી એ ઉપાડ્યો છે. જેણે ભવનો અભાવ કર્યો છે. આહાહા! લ્યો, નવ વાગ્યા. વીતરાગભાવ.. વીતરાગભાવ જેણે પ્રગટ કર્યો છે પ્રભુ! ભવનો અભાવ કર્યો. એ કરવાનું તો એ જ હોય, એ આપે કર્યું. ભવ-ચાર ગતિનો અભાવ... આવે છે, પંચાસ્તિકાયની પહેલી ગાથામાં આવે છે. **जिदभवाणं**—જેણે ભવને જીત્યા છે. એ શૈલી એવી છે... પંચાસ્તિકાયની પહેલી ગાથામાં. ઓહો પ્રભુ! જેણે ભવોને જીત્યા છે (અર્થાત્) જેને ભવ જ નથી એવો આત્મા જેણે પ્રગટ કર્યો છે. આહા! વસ્તુ તો આ છે. ભવનો અભાવ કરવો અને સ્વભાવની પ્રાપ્તિ કરવી-ઉત્પત્તિ કરવી, છે એને ... પ્રગટમાં લાવવી, ભવનો અભાવ કરવો.

એવા, જેણે ભવોને જીત્યા છે. **'જિન'** શબ્દથી ઉપાડ્યું છે એ. **તેને વંદું છું...** એને હું આદર કરું છું. જે ભવવાળા છે ને ભવ છે એ જીવો તો અનાદિથી રખડતા છે એને હું કેમ (વંદન) કરૂં? એ તો મારા જેવા છે એમ કહે છે. હું જેમ ભવમાં છું એવા એ ભવમાં છે, એમ. આહાહા! **તેને પ્રકાશમાન એવા શ્રી જિન કહો...** છેને? **भासुरं...** છેલ્લો શબ્દ છે. છેલ્લા પદમાં છે. **भासुरं श्रीजिनं वा... भासुरं श्रीजिनं वा...** એને **પ્રકાશમાન એવા શ્રીજિન કહો**, પણ આવા હોં. ભવ જેણે જીત્યા છે અને આત્માની પૂર્ણ પ્રાપ્તિ જેણે કરી છે. આહાહા! હે પરમાત્મા! આહાહા! આ દેવને વંદન કરે છે પહેલાં મંગળિકમાં, પણ એનું શું સ્વરૂપ છે એમ જાણીને. મારે

પણ ભવનો અભાવ કરવો છે માટે તને જ હું તો વંદું. સમજાણું કાંઈ? **પ્રકાશમાન એવા શ્રીજિન કહો**... આવી દશાવંતને **સુગત કહો...** આવી દશાવંતને. પેલો (બૌદ્ધ) સુગત એ સુગત નહીં. તેનો અર્થ કરશે હોં! જુઓ! નીચે છે.

**૧. બુદ્ધને સુગત કહેવામાં આવે છે. સુગત એટલે (૧) શોભનીકતાને પ્રાપ્ત.** એક વાત. **અથવા (૨) સંપૂર્ણતાને પ્રાપ્ત.** સુગત — સુ-(ગત એટલે) પૂર્ણને પ્રાપ્ત. આત્માની જ્ઞાન ને આનંદદશા પરમાત્મા આપને પૂર્ણ પ્રાપ્ત છે. એને જિન કહો કે એને સુગત કહો. એને સુગત કહો. આ બૌદ્ધ છે એ નહીં, આ સુગત છે. જેની પરમાનંદ આદિ શોભનીક દશા–ઇષ્ટ દશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે અને જે સુગત–પૂર્ણ છે. શોભનિક છે અને પૂર્ણ છે. સંપૂર્ણ શોભનીકતાને પ્રાપ્ત **શ્રી જિનભગવાન...** એનો અર્થ કરે છે હવે બેનો. શોભનીકતાને પ્રાપ્ત ને સંપૂર્ણતાને પ્રાપ્ત. **(૧) મોહરાગદ્વેષના અભાવને લીધે શોભનીકતાને પ્રાપ્ત છે...** એમ. હે નાથ! આપને મોહ-રાગદ્વેષ જરીએ નથી તેથી આપ શોભાને પ્રાપ્ત છો. સમવસરણ ને ઇન્દ્ર વંદે છે માટે (શોભા છે) એમ નહીં, એમ કહે છે. આપને મોહ ને રાગ-દ્વેષ રહિત પૂર્ણ સ્વરૂપની સાવધાનીથી પૂર્ણતાની પ્રાપ્તિ છે માટે આપ જ શોભનીક છો.

બીજી વ્યાખ્યા. સંપૂર્ણની વ્યાખ્યા. સંપૂર્ણતાને પ્રાપ્ત શ્રીજિન ભગવાન. સુગત. **અને (૨) કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે સંપૂર્ણતાને પ્રાપ્ત છે...** લ્યો. કેવળજ્ઞાન, કેવળદર્શન.. અરે! આવી પર્યાયની અસ્તિની પ્રતીત થવી. સમજાણું કાંઈ? આવી મોટી જેની સત્તા જગતમાં છે, કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય આદિ પૂર્ણ પર્યાય એનું અસ્તિપણું છે, પ્રભુ! તારી હયાતી છે.. તારી હયાતી છે. તારી હયાતીમાં આવાને હું કેમ વંદુ? એવી હયાતીનો જેને અંતર સ્વીકાર થઈ ગયો છે. સમજાણું કાંઈ? **કેવળજ્ઞાનાદિકને પામ્યા હોવાને લીધે**... પૂર્ણ વસ્તુ તો હતી, એમાંથી પર્યાય પ્રગટ કરીને પૂર્ણતા કરી, એવા પૂર્ણતા પામ્યા માટે આપ જ સંપૂર્ણ છો. આહાહા!

**તેથી તેમને અહીં સુગત** કહેવામાં આવે છે. ..... બીજી વાત. '**અગઘર**' હતુંને **અગઘર**. અગધર કહે છે. શું કીધું? અગ એટલે ગતિ નથી, એમ? અ-ગ—ગતિ નથી જેને, ગમન નથી. પર્વત મોટા. એમને એમ પડ્યો છે એક ઠેકાણે. અગધર. **ગિરિધર કહો...** પણ આવા ભગવાનને હોં. **૨. કૃષ્ણને ગિરિધર અર્થાત્ પર્વતને** કહે છેને. પર્વતને ટચલી આંગળીએ 'વ્હાલા મારે પર્વતને તોલ્યો' એવું આવે છે. ભજનમાં આવે છે ક્યાંક. એમ કહે છે, ભગવાન! તું ગિરધર છો. સમજાણું કાંઈ? **શ્રી જિનભગવાન અનંતવીર્યવાન હોવાથી તેમને અહીં ગિરિધર કહ્યા છે.** લ્યો, વીર્ય–અનંતબળ શક્તિરૂપે જે હતું તેને પ્રગટ કર્યું અનંતવીર્ય અને એના વડે અનંત સ્વરૂપની રચના પોતે પ્રગટ કરી, એને અહીં ગિરિધર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, દેવજીભાઈ! આ છે. આહાહા!

**અનંતવીર્યવાન હોવાથી તેમને ગિરિધર કહ્યા છે**. અનંત વીર્યને જેણે રચ્યું, વીર્યથી અનંત સ્વરૂપની જેણે રચના કરી, એવા ગિરિધર (અર્થાત્) ધારી રાખ્યા છે અનંતા ગુણની પર્યાયને તેં, માટે આપને ગિરિધર કહેવામાં આવે છે. પણ ભગવાન આવા હોય એને. એને જિન કહો, એને સુગત કહો, એને અગધર–ગિરિના ધરનારા કહો. આહાહા! સમજાણું કાંઈ? એના જ્ઞાનમાં એનું માપ આવવું જોઈએ. આવા ભગવાન છે એનું એને નિઃસંદેહપણે (જ્ઞાન થવું જોઈએ). આવા ભાવના ધરનારા પરમાત્મા છે, એમ કીધું છેને? (કોણ) કહી શકે એ? પ્રભુ! તમે આવા છો ને હવે અમે કોને માનીએ? આહાહા! અમે તો તમારા સેવક છીએ એમ કહે છે. આવો જે સ્વભાવ પ્રાપ્ત કર્યો એને અમે સેવનારા છીએ, બીજાને અમે ન સેવીએ. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

પછી તે જિન કહો, ગિરિધર કહો. **વાગીશ્વર કહો...** છેને વાગીશ્વર? વાઘેશ્વર નહીં હોં. વાઘ ઉપર બેસનારી એવી સરસ્વતી એ નહીં. વાગીશ્વર—વાક્.. વાક્–વચનના ઈશ્વર. હે ભગવાન! આપ તો વચનના ઈશ્વર છો. આપને એવી દિવ્યધ્વનિ હોય છે. સમજાણું કાંઈ? **૩. બ્રહ્માને અથવા બૃહસ્પતિને વાગીશ્વર...** વાક્-ઈશ્વર, વાક્–વાણી **(અર્થાત્ વાણીના અધિપતિ)..** ઈશ્વર એટલે અધિપતિ કહે છે બ્રહ્મા અથવા બૃહસ્પતિને. **શ્રી જિનભગવાન દિવ્ય વાણીના પ્રકાશક હોવાથી તેમને અહીં વાગીશ્વર કહ્યા છે.** આહાહા! આપ તો આવા છો, પણ વાણીમાં પણ દિવ્યધ્વનિને ધારનાર છો એમ કહે છે. પ્રકાશક છો. વાણીની વાત કરી. આવી વાણી તો પ્રભુ તને જ હોય. માટે તું જ વાગીશ્વર છો.

ઓલું નહોતું ગાયું, શું? 'નમો દેવી વાગેશ્વરી જિનવાણી.' ત્યાં ઓલા કહે, નમો દેવી વાઘેશ્વરી... વાઘ ઉપર બેસનારી હતીને સરસ્વતી. આવાને આવા. વાકેશ્વરી—વાણીમાં ઈશ્વર એવી વાણી–દિવ્યધ્વનિ એના આપ પ્રકાશક છો એટલે આપ જ વાણીના સ્વામી છો, વાણીના કરનાર છો. સમજાય છે? આવ્યુંને એ બ્રહ્મા... વાગીશ્વર... વાક્–વાણીના પ્રકાશક હોવાથી વાગીશ્વર કહ્યા છે. ઓહોહો! એ પૂર્ણાનંદ પૂર્ણ પ્રભુ એની વાણીમાં તો પૂર્ણતા જ આવે. એવી દિવ્યધ્વનિ આવે અલૌકિક! ભાગ્યવાન એને સાંભળે એનું કલ્યાણ થઈ જાય એમ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર શ્રી તીર્થંકરદેવની આ વ્યાખ્યા છે. એને આ બધા નામો લાગુ પડે. બીજા નામો લઈ ... ગયા છે એમ અહીં છે નહીં. વસ્તુ આ છે. આહાહા!

પછી, **શિવ કહો. ૪. મહેશને (શંકરને) શિવ કહેવામાં આવે છે.** જિનભગવાન કલ્યાણ શિવની વ્યાખ્યા. **શ્રી જિનભગવાન કલ્યાણસ્વરૂપ હોવાથી...** પૂર્ણ કલ્યાણ, વીતરાગી કલ્યાણ, આનંદરૂપી કલ્યાણ... આવે છેને નમોત્થુણુમાં? 'સિવમયલ મરુય..' 'સિવ' આવે છે કે નહીં? 'સિવમયલ મરુયમણંત મખ્ખયમવ્વાબાહ...' એ નમોત્થુણંમાં આવે છે. નમોત્થુણું કર્યું નહીં હોય. ગુલાબભાઈ? નમોત્થુણં કર્યું છે? સામાયિક-બામાયિક નહીં કરી હોય. પૈસાને નમોસ્તુ

કર્યું હશે? એમ નમોત્થુણંમાં આવે છે. સામાયિકમાં આવે છે. સાતમો પાઠ આવે છે. 'નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં આઈગરાણં તિથ્થયરાણં સંયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં પુરિસસિહાણં..' કરતાં કરતાં 'સિવમયલ મરુયમણંત મખ્ખયમવ્વાબાહમપુણરાવિત્તિ...'

સિવમ્... હે પરમાત્મા! આપ કલ્યાણસ્વરૂપ છો. પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન આપને પ્રગટ્યું છે. રાગનો કણ નથી અને શરીરાદિની ચીજ પણ જેને નથી એવું અશરીરી પરમાત્મસ્વરૂપ આપે પ્રગટ કર્યું. તે આપ જ શંકર છો. સુખને પ્રાપ્ત કરે તે શંકર. સમજાણું કાંઈ? શિવ–શંકર–પૂર્ણ સુખને પ્રાપ્ત કર્યું. આનંદમૂર્તિ... જેવો આત્માનો આનંદસ્વભાવ હતો એને પર્યાયમાં–અવસ્થામાં આપે પૂર્ણ આનંદ પ્રગટ કર્યો છે. આપને હવે વિકલ્પેય નથી, વાણીય નથી, શરીરેય નથી. **તેમને અહીં શિવ કહેવામાં આવ્યા છે.** લ્યો. **શિવ કહો**. એ એક શ્લોકનો અર્થ થયો. મંગળ કર્યું. દેવની વ્યાખ્યા કરીને મંગળિક કર્યું. હવે વાણી. બીજો શ્લોક વાણીનો છે. 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન' એમ આવે છેને?

**वाचं वाचंयमीन्द्राणां वक्त्रवारिजवाहनाम् ।**

**वन्दे नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम् ॥२॥**

**શ્લોકાર્થ : વાચંયમીંદ્રોનું...** વાચંયમીંદ્રો... નીચે. વાચંયમીંદ્રો—વાણીના યમીના ઇન્દ્રો. વાણીના યમીના ઇન્દ્ર. વાચંયમીંદ્રો—વાણીના મૌનના યમમાં ઇન્દ્ર. **(૫) વાચંયમીંદ્રો = મુનિઓમાં પ્રધાન.** વાચંયમી એટલે મુનિઓ. વાચમ્+યમી. વાચમ્-યમી—વાણીમાં મૌન ધરનારા એવા જે મુનિઓ એમાં ઇન્દ્ર (અર્થાત્) જિનદેવો. એક કોર કીધું કે વાણીના પ્રકાશક છો. એય! અહીં કહે છે કે તમે મૌનના સંયમીયોમાં પણ પ્રધાન છો. ભગવાન મૌન જ છે. એ વાણી તો વાણીના કારણે નીકળે છે. આહાહા! ભારે! વાચમ્+યમી+ઇન્દ્રો... **મુનિઓમાં પ્રધાન અર્થાત્ જિનદેવો.** અથવા વાચમ્ એટલે **મૌન સેવનારાઓમાં,** એમ. વાચમ્+યમી—વાણીમાં મૌન સેવનારામાં **શ્રેષ્ઠ અર્થાત્ જિનદેવો. વાક્-સંયમીઓમાં** વાણીના **ઇન્દ્ર સમાન જિનદેવો,** બહુ શબ્દો ચોખ્ખા કર્યા ઘણા. વાચમ્+યમી.. વાચમ્+યમી એટલે મુનિ. વાચમ્+યમી... મૌન છે, મુનિ તે મૌન છે. **(વાચંયમી – મુનિ; મૌન સેવનાર; વાણીના સંયમી).** એમાં આપ પ્રધાન છો. આહાહા! એ વાણી કાંઈ તમારી નથી. એ મૌન જ છે ભગવાન. આત્મા એ મૌન જ છે. એમાં વિકલ્પ ને વાણી છે જ ક્યાં? આહાહા! સમજાણું કાંઈ?

જિનભગવંતોને **વાચંયમીંદ્રોનું (-જિનદેવોનું) મુખકમળ જેનું વાહન છે...** મુખકમળ લખ્યું છેને. **વક્ત્ર** એટલે મુખ. **વારિજ** એટલે કમળ. **વાહનામ્...** જિનદેવનું મુખકમળ જેનું વાહન છે વાણી.. વાણી. આહાહા! જુઓ! મુખકમળ જેનું વાહન છે. ઠીક! મોઢું લીધું... વાણી છે એ તો દિવ્યધ્વનિ ભગવાનની છે. આમાં જુદું કરીને શૈલી લીધી છે પંચાસ્તિકાયમાં. મુખારવિંદ—મુખરૂપી કમળમાંથી, પ્રભુ! આપની વાણી નીકળે છે. ભગવાન તો મૌન હોય આમ. આખા

દેહમાંથી વાણી નીકળે ૐ ધ્વનિ. આખા શરીરમાંથી ૐ એવો ધ્વનિ નીકળે. પણ લોકો મુખની મુખ્યતાથી ભાષા કહે છેને એ અપેક્ષાએ વાત કહેવામાં આવી છે.

**મુખકમળ જેનું વાહન છે**... કોનું? વાણીનું. અને **બે નયોના આશ્રયે સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે**... જુઓ! અહીંથી કેટલાક કાઢે છે. જુઓ! બે નયોનું પદ્ધતિ. બરાબર છે, બે નયોનું જ કથન હોય છે. કથન તો દ્રવ્ય-પર્યાયનું, નિશ્ચય-વ્યવહારનું બે કથન હોય છે. ન હોય તો એકલું જ હોય એમ હોય? બે નયોનું કથન છે એટલે? એમાં એક નય આદરણીય છે અને એક નય છોડવા જેવો છે એમ ક્યારે બે નક્કી થાય? કથન તો બેયના હોય છે કે નહીં? એનો અર્થ કે દ્રવ્યનું એકલું કથન હોય ને પર્યાય નથી તો એકાંત થઈ ગયું. છોડવાયોગ્ય... બે પ્રકાર કહ્યા તો બે પ્રકારમાં એક આદરણીય ને એક છોડવા(યોગ્ય). બેય સરખા હોય તો આમ બે ભેદ કેમ પડે? બે સરખા હોય તો ભેદ કેમ પડે? તો એકમાં જાય બધું.

દ્રવ્ય ત્રિકાળી ભગવાન ઉપાદેય છે એવી વાણી પણ આપની છે અને એક સમયની પર્યાય છે, રાગાદિ હયાતી છે, છે એને જણાવે છે પણ હેય જણાવે છે એવી વાણી પણ આપની છે. સમજાણું કાંઈ? આહાહા! દિગંબર મુનિઓએ તો જંગલમાં રહીને એવી વાતું કરી હતી! આહાહા! કહે છે કે વાણી જિનદેવોનું મુખકમળ એનું વાહન છે અને **બે નયોના આશ્રયે સર્વસ્વ**... ભાષા એમ છેને પાછી. આહાહા! સર્વસ્વ પદ્ધતિ... સર્વસ્વ પદ્ધતિ... બધે બે નયો હોય છે. મોક્ષમાર્ગ કહે તો બે, સમ્યગ્દર્શન કહે તો બે. કથની કહેવામાં પદ્ધતિ છેને વાણીની. એમાંથી આ કાઢે છેને ઘણા. પદ્ધતિની વાત છે અહીં તો. સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન કહે તો બે, ચારિત્ર કહે તો બે, આનંદ એના બે પ્રકાર એક સુખ ને દુઃખાદિ દશા. એમ દરેકમાં બબ્બે પ્રકારનું કથન (હોય છે). સંસારી ને સિદ્ધ—જીવના બે ભેદ. જીવ તો નિશ્ચયથી (એક), એના ભેદ સંસારી-સિદ્ધ એ વ્યવહાર. બધું–સર્વસ્વ ઠેકાણે બે નય છે.

ત્યારે એમાંથી કાઢે છે કે ક્રમબદ્ધ એમાં ક્રમ ને અક્રમ બે જોઈએ. એ પર્યાય ક્રમબદ્ધ પણ ને પર્યાય અક્રમ પણ, એમ. ગુણ અક્રમ ને પર્યાય ક્રમ.... ક્રમબદ્ધ પર્યાય છે તે પર્યાય ક્રમબદ્ધ જ છે અને બીજાની અપેક્ષાએ એને અક્રમ કહેવાય. અક્રમ એટલે ફેરફાર થાય એવું નહીં. બીજાની અપેક્ષાએ એને અક્રમ કહેવાય, પણ પોતાની અપેક્ષાએ ક્રમ કહેવાય—એમ બે નયનું કથન છે. બીજાની અપેક્ષાએ અક્રમ કહેવાય એટલે ક્રમ ફરી જાય છે એમ નહીં. જેમ સ્વદ્રવ્યને દ્રવ્યની અપેક્ષાએ દ્રવ્ય કહેવાય, પરદ્રવ્યને આ દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય કહેવાય ને આની અપેક્ષાએ એને અદ્રવ્ય કહેવાય, એમ. આહાહા! માળા તકરાર... કરે છેને. આડીઅવળી થાય. એક ક્રમસર છે ને આડીઅવળી થાય. એની એ આડીઅવળી થાય તો એના બે ભાગ ક્યાં રહ્યા? એ તો જુદાઈની વાત થઈ ગઈ. એકની એક ક્રમબદ્ધ જ છે, ગુણ અક્રમ છે. ગુણ અક્રમ (એટલે) એકસાથે છે, ત્યારે પર્યાય ક્રમ છે. આ બે થઈ, એ બે નયનું કથન થઇ ગયું. અથવા

ક્રમપર્યાય ક્રમે જ છે, બીજાની અપેક્ષાએ–બીજો જે છે એ બીજાની પર્યાય પણ ક્રમ છે. એની અપેક્ષાએ આ (પહેલાની પર્યાય) અક્રમ છે (એટલે) એવો ક્રમ આ નથી, એમ. સમજાણું કાંઈ?

ઓલા કેવા? તુલસી છેને. તેરાપંથી. એને એક ફેરી પૂછ્યું હતું એક ફેરી. આપણો સતીષ રહેતો હતોને પહેલા. ન્યાં જઈને પૂછ્યું હતું કે ક્રમબદ્ધ શું છે? તુલસીએ કીધું કે નિશ્ચયથી ક્રમ ને વ્યવહારથી અક્રમ. માર ગપ. આ કહે, વ્યવહારથી અક્રમ એટલે શું પણ? એનો અર્થ શું? તુલસી અત્યારે મોટા છેને તેરાપંથી આચાર્ય. કાંઈ ખબર ન મળે. આ દુનિયામાં ભેગા થઈને મોટા ઠરાવે. આહાહા! અહીં તો વીતરાગ, જેની સર્વસ્વ બે નયને આશ્રયે કહેવાની પદ્ધતિ છે. અસ્તિ-નાસ્તિ. સ્વથી અસ્તિ, પરથી નાસ્તિ. પરથી નાસ્તિ વ્યવહાર થઈ ગયો, સ્વથી અસ્તિ નિશ્ચય છે. બે કથન, દરેકમાં બે નયની કથની છે. સમજાણું કાંઈ? **બે નયોના આશ્રયે સર્વસ્વ**... એમ અહીં વજન છેને. **કહેવાની જેની પદ્ધતિ છે**... 'કહેવાની જેની પદ્ધતિ' એમ છેને? **नयद्वयायत्तवाच्यसर्वस्वपद्धतिम्** એમ છે. કહેવાની પદ્ધતિ છે. નિરૂપણ... નિરૂપણ બે પ્રકારે છે. કથનનો પ્રકાર બે છે—દ્રવ્યનો-પર્યાયનો, નિશ્ચયનો-વ્યવહારનો, અભેદનો-ભેદનો. સમજાણું કાંઈ?

**સર્વસ્વ કહેવાની જેની પદ્ધતિ છે તે વાણીને (જિનભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદું છું.** પહેલાં દેવની ઓળખાણ કરીને વંદન કર્યું, પછી વાણીની ઓળખાણ કરીને વાણીને વંદન કર્યું. સમયસારમાં (કળશ-૨) એમ આવે છેને? **अनंतधर्मणस्तत्वं पश्यति प्रत्यगात्मनः** વાણીને નમસ્કાર કર્યો. છેને? એ તો ભગવાનની વાણી છેને. સ્વભાવમાં જા.. સ્વભાવમાં જા, વિભાવથી ખસ. વીતરાગી છેને ભગવાન. (**જિનભગવંતોની સ્યાદ્વાદમુદ્રિત વાણીને) હું વંદું છું**. હવે ગુરુની વાત. દેવ, શાસ્ત્ર ને ગુરુ.

**सिद्धान्तोद्धश्रीधवं सिद्धसेनं**
**तर्काब्जार्कं भट्टपूर्वाकलंकम् ।**
**शब्दाब्धीन्दुं पूज्यपादं च वन्दे**
**तद्विद्याढयं वीरनन्दिं व्रतीन्द्रम् ॥ ३ ॥**

પોતાના ગુરુને વંદન કરે છે અને બીજા પણ ગુરુઓ છે એને બધાની સાથે (વંદે છે). **શ્લોકાર્થ : ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનીન્દ્રને...** આ સિદ્ધસેન 'સુમતિતર્ક'ના કરનારા એ આ નહીં. તે વખતે નામ... આ તો મહા ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનિ... કેટલાક આમાંથી એ કાઢે છે. કે જુઓ! સિદ્ધસેનને પણ વંદન કર્યું છે. ત્યાં સુધી એવા સમભાવ હતા. એ ભીખાભાઈ! સિદ્ધસેન દિવાકર થયાને શ્વેતામ્બરમાં. બિલકુલ નહીં. અહીં મુનિ વંદે શેના? આ તો પોતે ૯૦૦ વર્ષ પહેલા થયા છેને ટીકાકાર. ટીકાકાર છેને એના પહેલાં થઇ ગયા સિદ્ધસેન દિવાકર. એ વખતે સિદ્ધસેન નામ આપનારા ઘણા મળે. ઘણા નામ મળે છે.

પોતે વંદન કરે છે એ દિગંબર સંત છે. સિદ્ધસેન મુનિ દિગંબર વનવાસી. શ્વેતામ્બરના જે 'સન્મતિ તર્ક'ને કરનારા એને વંદન કરે કોઈ દિ'?

**ઉત્તમ સિદ્ધાંતરૂપી સ્ત્રીના પતિ...** લ્યો. જોયું! ઉત્તમ સિદ્ધાંતો જેણે સિદ્ધ કર્યા–સાબિત કર્યા છે એવી સિદ્ધાંતરૂપી લક્ષ્મીના પતિ સિદ્ધસેન મુનિન્દ્રને... આમાં તો ચાલે છે ત્યાં હોં આ. જુઓ! સિદ્ધસેનને પણ દિગંબર મુનિઓ વંદન કરતા હતા. એ વખતે આવો સમભાવ હતો. અરે! ચાલ ચાલ માળા ખોટા. સમજાણું કાંઈ? આ તો કોઈ દિગંબર સંત સિદ્ધસેન એવા થયા છે કે જે ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ છે. એને ને સિદ્ધસેનને .... છે? (દિગંબરના) શાસ્ત્રને ખોટા ઠરાવીને પોતાની વાત સાચી કહે. દિગંબરના.... એક સમયે બે ઉપયોગને ખોટા ઠરાવે છે. એ સિદ્ધસેન નહીં. સમજાણું કાંઈ? એવો માર્ગ આકરો જગતને. માણસને એમ લાગે કે આ તો દ્વેષ છે. અરે બાપુ! આ તો સત્યની વસ્તુ છે. સત્ય જ આવું હોય છે.

**ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ સિદ્ધસેન મુનિન્દ્રને હું વંદું છું,** એમ કહે છે. **તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંક મુનીન્દ્રને...** લ્યો, તત્ત્વાર્થરાજવાર્તિક કરનારા તર્કકમળના સૂર્ય. **(૬) તર્કરૂપી કમળને પ્રફુલ્લિત કરવામાં સૂર્ય સમાન** અકલંકદેવને નમન કરે છે લ્યો. અર્થ પ્રસિદ્ધ થયા છેને શાસ્ત્રના. ટીકાકાર છેને આ તો. અકલંકદેવ પહેલા થઈ ગયા, આ પછી થયા. સમજાણું કાંઈ? તર્કકમળના સૂર્ય... છેને? **तर्काब्जार्क**–તર્કરૂપી કમળના અર્ક–સૂર્ય સમાન. અર્ક (એટલે) સૂર્ય. **भट्टपूर्वाकलंकम्**... એવા અકલંકદેવને હું નમન કરું છું. હવે, **शब्दाब्धीन्दुं... शब्दाब्धीन्दुं पूज्यपादं च वन्दे... શબ્દસિંધુના ચંદ્ર પૂજ્યપાદ મુનીન્દ્રને...** સર્વાર્થસિદ્ધિમાં એવી ટીકા કરી છેને પહેલી તત્ત્વાર્થસૂત્રની. શબ્દસિંધુના ચંદ્ર કીધા છે. આહાહા!

**(૭) શબ્દરૂપી સમુદ્રને ઉછાળવામાં ચંદ્ર સમાન...** સર્વાર્થસિદ્ધિ છે ટીકા તત્ત્વાર્થસૂત્રની. એને વંદન કરે છે. ઓહો! કેવા છો તમે? **શબ્દસિંધુના ચંદ્ર**. જેમ ચંદ્રને પૂનમ આવે ને દરિયો ઉછળે, એમ શબ્દને ઉછાળવામાં ચંદ્ર સમાન છે. ટીકા સર્વાર્થસિદ્ધિની દેખો તો...! સમજાણું કાંઈ? એવા પૂજ્યપાદ મુનિન્દ્રને **અને તદ્વિદ્યાથી...** એ ત્રણેથી **સમૃદ્ધ** છે મારા ગુરુ, એમ કહે છે. **વીરનંદિ.** ઉત્તમ સિદ્ધાંતરૂપી શ્રીના પતિ પણ છે, તર્કકમળના સૂર્ય ભટ્ટ અકલંકદેવ જેવા પણ છે અને શબ્દસિંધુના પૂજ્યપાદ જેવા પણ છે. **તદ્વિદ્યાથી (સિદ્ધાન્તાદિ ત્રણેના જ્ઞાનથી) સમૃદ્ધ વીરનંદિ મુનીન્દ્રને હું વંદું છું.** ગુરુને વંદન કરીએ છીએ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

**પોષ સુદ ૨, રવિવાર, તા. ૧૯-૧૨-૧૯૭૧**
**શ્લોક - ૪ થી ૭, ગાથા - ૧, પ્રવચન નં. ૨**

નિયમસાર સિદ્ધાંત છે. એમાં અહીંયા અધિકાર શરૂ કરતાં મંગળિકમાં કાવ્ય કહે છે અને ટીકા કરવાની શરૂઆત કેમ થઈ એની વાત કરે છે. શ્લોક ચોથો.

**अपवर्गाय भव्यानां शुद्धये स्वात्मनः पुनः ।**
**वक्ष्ये नियमसारस्य वृत्तिं तात्पर्यसंज्ञिकाम्॥४॥**

નિયમસાર સિદ્ધાંત ભગવાન કુંદકુંદાચાર્યે રચેલું છે. જેમાં નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. એની ટીકા શા માટે કરું છું એમ ટીકાકાર પદ્મપ્રભમલધારિદેવ કહે છે..

**શ્લોકાર્થ : ભવ્યોના મોક્ષને માટે...** લાયક-ભવ્ય પ્રાણી છે એના મોક્ષને માટે હું આ ટીકા કરું છું. **તેમ જ નિજ આત્માની શુદ્ધિને અર્થે...** ટીકા (વખતે) મારું લક્ષ સ્વભાવ સન્મુખ રહેશે એથી એમાં શુદ્ધિ થશે, એ માટે આ ટીકા કરવામાં આવે છે. અમૃતચંદ્રાચાર્યની શૈલી લીધી છે. **ભવ્યોના મોક્ષને માટે તેમજ નિજ આત્માની શુદ્ધિને અર્થે નિયમસાર...** નિયમ-મોક્ષમાર્ગનું કથન કરવાનું આગમ એની **'તાત્પર્યવૃત્તિ'** ટીકાનું નામ, તાત્પર્યવૃત્તિ (એટલે) તાત્પર્ય શું કહેવું છે એનું પરિણામ કહેશે. એવી જે **ટીકા એને હું કહીશ.** એમ કહે છે. પાંચમો શ્લોક.

**गुणधरगणधररचितं श्रुतधरसन्तानतस्तु सुव्यक्तम्।**
**परमागमार्थसार्थं वक्तुममुं के वयं मन्दाः॥५॥**

પદ્મપ્રભમલધારિદેવ મુનિ દિગંબર છે-સંત છે, છઠ્ઠે-સાતમે આત્માના ગુણસ્થાનમાં-પર્યાયે ઝૂલનારા, એ પોતે એમ કહે છે કે આ ટીકાનો કરનાર હું તે કોણ? કેમકે એ ટીકાના અર્થો, **શ્લોકાર્થ : ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા** છે. એ અર્થો મેં કર્યા છે એમ છે નહીં. આહાહા! ટીકાનો આવો આધાર આપે છે. ગણધરદેવ—ગુણના ધરનાર ગણધર. એવા ગણધરોથી આ અર્થનો સમૂહ-સૂત્ર... ભગવાનના મુખમાંથી સૂત્ર-અર્થ નીકળ્યા. ગણધરોએ સૂત્ર રચ્યા, પણ સૂત્રની અંદર આ અર્થસમૂહ ભર્યા છે કહે છે. ગણધરોએ રચ્યા છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**અને શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...** ગણધર મુનિથી માંડી પરંપરાએ શ્રુતધરો-જે શ્રુતના ધરનાર થયા એની પરંપરાએ સંતોએ આ અર્થનો સમૂહ કહ્યો છે એ ચાલ્યો આવે છે, એમ કહે છે. **શ્રુતધરોની પરંપરાથી સારી રીતે સારી રીતે વ્યક્ત કરાયેલા,** એમ કહે છે. ગુપ્ત વાત રાખી છે એમ નહીં. વ્યક્ત કરાયેલા છે. આહાહા! મારા એકલાએ

કરેલા એમ છે નહીં, એ તો પરંપરાએ મુનિઓ, આચાર્યોની પરંપરાએ એ આવ્યો છે. પ્રગટ કરેલા–સારી રીતે પ્રગટ કરેલા છે, એમ. લ્યો, આ ટીકાને આમાં જ નાખે છે કેટલાક. કારણ કે પોતાની દૃષ્ટિમાં ન બેસે એટલે...

**આ પરમાગમના અર્થસમૂહનું કથન કરવાને...** નિયમસાર પરમાગમ એના અર્થના સમૂહને કહેવાને **અમે મંદબુદ્ધિ તે કોણ?** હું ટીકા કરું છું એમ કહ્યું, પણ છતાં તે અમે મંદબુદ્ધિ તેમાં શું કામ કરે? પૂર્વના આચાર્યો, ગણધરોએ કહેલું એ અર્થો એમાં કહેવામાં આવશે. કહો, સમજાણું કાંઈ? પોતાને મંદબુદ્ધિ.... પરમાગમ જેના મુખમાંથી ઝરે છે, એમ આગળ કહેશે. મંદબુદ્ધિ છીએ બાપુ! ગણધરો ને આચાર્યોની પરંપરાથી કહેલા એની પાસે તો અમે મંદબુદ્ધિ છીએ એમ કહે છે. સમજાણું કાંઈ? **वक्तुममु के वयं मन्दाः..** અમે મંદ તે કોણ એને કહી શકીએ? કહે છે. કહો, પંડિતજી! કેટલી નિર્માનતા દેખો! છઠ્ઠો શ્લોક.

**अस्माकं मानसान्युच्चैः प्रेरितानि पुनः पुनः ।**
**परमागमसारस्य रुच्या मांसलयाऽधुना ॥६॥**

કહે છે, આ ટીકા થવાનું ત્રીજું કારણ. પહેલું તો કહ્યું કે ભવ્યના સમૂહ માટે અને નિજની શુદ્ધિને માટે—(એમ) બે કહ્યા. હવે ત્રીજું કારણ કહે છે. **શ્લોકાર્થ : હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે.** આનો સાર કહું, આનો ટીકાનો–પાઠનો સાર કહું એમ વારંવાર મનમાં વિકલ્પો આવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? **હમણાં અમારું મન પરમાગમના સારની પુષ્ટ...** પરમાગમનો સાર, એની પુષ્ટ રુચિથી... એનું કાર્ય પુષ્ટ કેમ થાય? એમાં અમારું મન હમણાં રાચ્યા કરે છે વિકલ્પમાં. એથી આ ટીકા થઈ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! હમણાં અમારું મન પરમાગમના સાર–મોક્ષમાર્ગનો સાર એની પુષ્ટ રુચિ... **પુષ્ટ**–દૃઢ **રુચિથી ફરી ફરીને અત્યંત પ્રેરિત થાય છે**. ફરી ફરીને મન ત્યાં જાય છે. માટે આ ટીકા કરીએ છીએ કહે છે. સમજાણું કાંઈ?

**એ રુચિથી પ્રેરિત થવાને લીધે 'તાત્પર્યવૃત્તિ' નામની આ ટીકા રચાય છે.** આહાહા! કેટલી લઘુતા! આ આવવાનું કારણ કે અમારો વિકલ્પ જ એ જાતનો આવ્યા કરે છે કે આ ટીકા થાય નિયમસારની, એમ. તો થાય છે. સમજાણું કાંઈ? આવું છે તો થાય છે, એમ. એમને એમ વગર કારણે થઈ જાય છે એમ નહીં. આવું મન થયા કરે છે માટે થાય છે. આવા વિકલ્પો આવ્યા કરે છે તો થાય છે, નહીંતર થાય છે એવું કાંઈ મારે નથી. આહાહા! અહીં તો એક સાધારણ વાત કરે તો કહે, અમે કરીએ છીએ, અમે કહીએ છીએ, અમારું છે, અમને આવડે છે. ...ભાઈ! એવું.... ગજબ કરે છે! આવી ટીકા તે કેટલી (સુંદર) રચી છે!

એમ મનમાં થઈ જતું કોઈવાર કે આવી ટીકા જો અમૃતચંદ્રાચાર્યની થઈ હોત. પહેલાય એક શનિવાર થઈ ગયું હતું. કાલે અર્થ કર્યો હતો. પણ છતાં જેનું નિમિત્ત હોય એનાથી થાયને.

આ તો કહે છે કે મને આની ટીકાની વારંવાર મનમાં પ્રેરણા આવ્યા જ કરતી, માટે થાય છે. અમૃતચંદ્રાચાર્યની એની ... હોય એવી હોય. સમયસારની આવી. આ હમણાં આવી. એ તો વિકલ્પ એ જાતનો આવવાનો હોય (ત્યારે આવે), એવી વાત છે. આહાહા! સમજાણું કાંઈ? અત્યંત પ્રેરિત થવાથી આ થાય છે, એમ. આહાહા! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એમાં રચવું એવો વિકલ્પ કાંઈ સ્વભાવમાં નથી. પણ એવો જ વિકલ્પ આવ્યા કરે છે આમને આમ કે આનું આ થાય, આનું આ થાય, એથી આ થાય છે. સમજાણું કાંઈ? એનો અર્થ કે અમે તો જ્ઞાતા-દ્રષ્ટા છીએ. આવો વિકલ્પ આવ્યા કરે એટલે ટીકા થઈ જાય છે. કપૂરભાઈ! આહાહા! સાતમો શ્લોક.

**पंचास्तिकायषड्द्रव्यसप्ततत्त्वनवार्थकाः।**
**प्रोक्ताः सूत्रकृता पूर्वं प्रत्याख्यानादिसत्क्रियाः॥७॥**

પદ્મપ્રભમલધારિદેવ સંત મુનિ એમ કહે છે કે અરે! **શ્લોકાર્થ : સૂત્રકારે**—સૂત્રના રચનાર ભગવાન કુંદકુંદાચાર્યે **પૂર્વે પાંચ અસ્તિકાય...** પહેલાં પાંચ અસ્તિકાય કહ્યા, કાળ સિવાય અસ્તિકાય પાંચ. **છ દ્રવ્ય...** કાળ સહિત. **સાત તત્ત્વ...** પુણ્ય-પાપને આસ્રવમાં ભેગો કરીને સાત અને **અને નવ પદાર્થ...** આસ્રવમાંથી પુણ્ય-પાપ જુદા પાડીને નવ. એમ પહેલાં કહ્યાં છે **તેમ જ પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે...** પ્રત્યાખ્યાન, આલોચના, સમાધિ, પરમ ભક્તિ આદિ (અધિકાર) આવે છેને? એ બધી સમ્યક્ સત્‌ક્રિયા–નિર્વિકલ્પક્રિયા એને સૂત્રકારે આમાં કહેલ છે. **ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રમાં પ્રથમ પાંચ અસ્તિકાય વગેરે અને પછી પ્રત્યાખ્યાનાદિ સત્ક્રિયા કહેલ છે.** પૂરો શબ્દ છે ખરોને. આ રીતે વર્ણન એમાં છે.

**અતિ વિસ્તારથી બસ થાઓ, બસ થાઓ. અલમ... अलमलमतिविस्तरेण... સાક્ષાત્ આ વિવરણ જયવંત વર્તો.** પાઠનું જે વિવરણ–વિસ્તાર–સ્પષ્ટ ટીકા થાય છે તે જયવંત વર્તો. એ જે ભાવે કહ્યું છે એ વસ્તુ એમને એમ ટકી રહો. હવે ભગવાન કુંદકુંદાચાર્યની ગાથા. **સૂત્રાવતાર**. સૂત્ર આવે છે હવે. આહાહા!

**णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं ।**
**वोच्छामि णियमसारं केवलिसुदकेवलीभणिदं ॥१॥**

નીચે હરિગીત હિંમતલાલ જેઠાલાલનું કરેલું છે. હવે હિંમતલાલ જેઠાલાલ બે છે એમાં આ હિંમતલાલ જેઠાલાલનું કહ્યું છે. ક્યાં ગયા?

**નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમમય જિન વીરને**
**કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧.**

જુઓ! આમાં સ્પષ્ટ આવ્યું. સમયસાર (ગાથા-૧)માં તો હજી 'શ્રુતકેવળીઓએ કહેલું' (એમ હતું). **वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं** એમ હતું. **श्रुतकेवलिभणितम्...** 'શ્રુતકેવળીઓએ કહેલું' એવો શબ્દ હતો. એમાં 'કેવળીએ કહેલું' એવું સ્પષ્ટ ચોખ્ખું નહોતું,

પણ અમૃતચંદ્રાચાર્યે એમાં–ટીકામાં સ્પષ્ટ કરી નાખ્યું. કેમકે અહીં આ છે માટે. ત્યાં પદ્યની રચનામાં 'શ્રુતકેવળી' શબ્દો જે આવવાના હતા, પણ એમાં આશય કહેવાનો તો 'કેવળીએ અને શ્રુતકેવળીએ કહેલું' એવું અંદરમાં છે. સમજાણું કાંઈ? એથી અહીં પણ ચોખ્ખી વાત થઈ કે આ નિયમસાર કેવળી પરમાત્માએ કહેલું છે અને શ્રુતકેવળીઓએ—૧૪ પૂર્વ ને ૧૨ અંગના ધરનાર એમણે આ નિયમસાર કહેલું છે. સમજાણું કાંઈ? તે હું કહીશ. શબ્દાર્થ લઈએ પહેલાં. અન્વયાર્થ છેને!

**અન્વયાર્થ : અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે...** વીર ભગવાન–**જિન વીર...** સમયસારમાં તો સિદ્ધ ભગવાનને વંદન કર્યું છે. આમાં તો મોક્ષમાર્ગ કહેવો છે એટલે જેનું શાસન ચાલે છે વીર ભગવાનનું એટલે વીર ભગવાનને નમસ્કાર કર્યો છે. અનંત ઉત્કૃષ્ટ જ્ઞાન-દર્શન જેમનો સ્વભાવ છે.... જેમનો એ સ્વભાવ છે. **એવા (-કેવળજ્ઞાની, કેવળદર્શની)... (जिनं वीरं) જિન વીરને...** જિનનો અર્થ જુદો કરશે, વીરનો અર્થ જુદો કરશે. જિન વીરને... જેણે જીત્યા છે ભવના ભાવ બધા એવા વીરને... જેણે અભાવ કર્યો છે ભવનો અભાવ એવા વીરને **નમીને (केवली श्रुतकेवली भणितम्) કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું...** આમાં તો બે શબ્દો ચોખ્ખા જુદા છે. કેવળીઓએ કહેલું અને શ્રુતકેવળીઓએ કહેલું **નિયમસાર હું કહીશ. वक्ष्यामि** એમ છેને? **वक्ष्यामि** (એટલે) કહીશ. હું એ કહીશ. કેવળી પરમાત્માએ અને શ્રુતકેવળીઓએ જે આ મોક્ષનો માર્ગ પરમ-આગમ એવું નિયમસાર કહ્યું છે, કહ્યું છે તે કહીશ. કહ્યું છે તે કહીશ. મારું કહીશ એમ નહીં. એ તો મુનિઓ, કેવળીઓ કહેતાં આવ્યાં છે. સમજાણું કાંઈ?

**ટીકા : અહીં 'जिनं नत्वा'..** પહેલો શબ્દ છેને? **णमिऊण जिणं... जिनं नत्वा...** એ ગાથાની શરૂઆતથી–**એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે. जिनं नत्वा...** વીતરાગભાવ ને વીતરાગદેવને નમસ્કાર. જેને વીતરાગતા પ્રગટી છે એવા... સમજાણું કાંઈ? 'જિન' શબ્દ પહેલો લીધો છે. જિન, વસ્તુસ્વરૂપ તો આત્મા જિન છે, પણ જિનદશા જેને પ્રગટી છે એને 'નમીને' એમ કહેતાં અસાધારણ મંગળિક કર્યું છે. સમજાણું કાંઈ? આપણે આ પોષ સુદ એકમથી શરૂ થયું છેને કાલથી. સુદનો દિવસ હતોને. અંધારા હતા, અજવાળા થયા કાલ. પરમ દિ' હજી અંધારું હતું, કાલ ફરી ગયું. અંદર જોયું, મેળ ખાય છે. કોણ કરતું હતું? સમજાણું કાંઈ? ત્યારે આ શરૂ થયું એમ. કો'ક કહેતું હતું કાલ. તમે કહ્યું હતું? કો'ક કહેતું હતું.

**'नत्वा' ઈત્યાદિ પદોનું તાત્પર્ય કહેવામાં આવે છે :** તાત્પર્યવૃત્તિ છેને ટીકાનું નામ. તાત્પર્ય એટલે એનો સાર શું? તાત્પર્ય શું? એમ દરેક શબ્દનું તાત્પર્ય કહેવામાં આવે છે. **અનેક જન્મરૂપી અટવીને પ્રાપ્ત કરાવવાના હેતુભૂત...** આહાહા! અનેક જન્મરૂપી ચોરાશીના દેહો–અવતારો... જે સ્વરૂપમાં નથી એવા અનેક જન્મરૂપી અટવી–મહાવન–ચોરાશીના અવતાર એને

પ્રાપ્ત કરાવવાના હેતુભૂત... એવા ચોરાશીના અવતારને પ્રાપ્ત કરાવવાના નિમિત્તભૂત **સમસ્ત મોહરાગદ્વેષાદિકને...** મિથ્યાત્વ અને સમસ્ત રાગ-દ્વેષ **જે જીતે છે...** જે જીતે છે... જેણે જીત્યા છે... જે જીતે છે, એમ. **તે 'જિન' છે.** જેણે સ્વભાવનો આશ્રય લઈ, જિનસ્વરૂપ એવો ભગવાન આત્મા–જિનસ્વભાવ એવો ભગવાન આત્મા એનું શરણ લઈ અને જેણે ભવના કારણ મોહ ને રાગ-દ્વેષ જીત્યા છે, એને જિન કહેવામાં આવે છે. કહો, જિનની વ્યાખ્યા આ છે. સમજાણું કાંઈ?

જિન કોઈ સંપ્રદાયની ચીજ નથી. વસ્તુની એ તો ચીજ છે, વસ્તુ છે એવી. ભગવાન આત્મા જિનસ્વરૂપ જ છે. કેમકે જિનસ્વરૂપ ન હોય તો જિનપર્યાય પ્રગટ ક્યાંથી થાય? જિનસ્વરૂપી ભગવાન આત્મા શક્તિરૂપ–સત્ત્વરૂપ–ભાવરૂપ એનું શરણ લઈને જેણે મોહ-રાગ-દ્વેષને જીત્યા એવા જિન એને વીર કહીએ છીએ. એવા જિનને વીર.. વીરને જિન કહેવું છેને અહીં તો. બીજા જિન તો બધા થઈ ગયા, પણ એ જિન છે એ વીર છે. **'વીર' એટલે વિક્રાંત (પરાક્રમી)** છે. પોતાના સ્વભાવનો આશ્રય લઈ અને મોહ ને રાગ-દ્વેષને જીતવાને પરાક્રમી, વિક્રમ છે, વિક્રાંત છે. વિક્રાંત અને વિક્રમમાં શું ફેર છે? વિક્રમમાં તો બીજું નામ આવ્યું. વિક્રાંતવાળો... (વિક્રાંત એટલે) પરાક્રમી. ઓલો વિક્રમ આવે છેને રાજા. લૌકિકમાં છે. ભગવાન વીર વિક્રમ–પરાક્રમી છે. શેમાં પરાક્રમી છે? મોહ ને રાગ-દ્વેષ જીતવામાં. **વીરતા ફોરવે...** વિશેષ વ્યાખ્યા કરી. વીર એટલે વિક્રાંત–પરાક્રમી. વીરતા ફોરવે—વીર્યની સ્ફુરણા કરીને અનંત ગુણને રચે અને રાગાદિને જીતે.

**શૌર્ય ફોરવે...** વિશેષ કહ્યું છે. શૌર્યતા, શૂરવીરતા ફોરવે. લ્યો શૂરવીર કહે છેને. **વિક્રમ (પરાક્રમ) ફોરવે**. વિશેષ લીધું જોયું! ઓલું વિક્રાંત હતું. અહીં ચોખ્ખું કરી નાખ્યું. વળી પંડિતજીએ કર્યો છે અર્થ. **વિક્રમ (પરાક્રમ) ફોરવે,** લ્યો. રાજા હતોને વિક્રમ. એ આત્મા રાજા વિક્રમ છે એમ કહે છે. વિક્રમ એટલે પરાક્રમ ફોરવે તે વિક્રમ. આહાહા! આત્માના અનંત ગુણોની સન્મુખ થઈને અનંત વીર્યની સ્ફુરણા કરે એને અહીંયા વિક્રમ કહેવામાં આવે છે. લ્યો, વીરને વિક્રમ કહે છે અહીંયા. આહાહા! વિક્રમની સાલ ચાલી ને વીરની સાલ. ૨૪૯૭ ચાલે છેને. (શ્રોતા : વીર વિક્રમાદિત્ય). આ વીર વિક્રમાદિત્ય આ ભગવાન અહીં તો. આહાહા! અહીં તો 'વિક્રમ' ઉપર કરી છે લીટી. વિક્રમ. આવ્યુંને, વિક્રમ–પરાક્રમ ફોરવે છે. **કર્મશત્રુઓ પર વિજય મેળવે...** આ બધા શબ્દો એ છે. **પરાક્રમી, વીરતા ફોરવે, શૌર્ય ફોરવે, વિક્રમ (પરાક્રમ) ફોરવે, કર્મશત્રુ ઉપર વિજય મેળવે**—આટલા બધા વિશેષણ વીરના આપ્યા.

**તે 'વીર' છે.** ઓલામાં આવે છેને નહીં અષ્ટપાહુડમાં? ધીર, વીર... 'વીર–વિશેષે પ્રેરતિ ઇતિ વીર'. વીર–વિશેષે પ્રેરતિ ઇતિ વીર એમ આવે છે. વીરનો અર્થ આવે છે. સંસ્કૃતમાં આવે છે અષ્ટપાહુડમાં. પોતાના વીર્યને વિશેષે પ્રેરે–સ્વભાવ સન્મુખ કરે એ વીર. એવું આવે છે.

'ધીર' એમ આવે છેને. ધીર–જેની બુદ્ધિ ધ્યેય ઉપર ધી છે, જેની બુદ્ધિ ધ્યેય ઉપર પડી છે એને ધીર કહેવામાં આવે છે. ઓહોહો! કહે છે કે એ **કર્મશત્રુ ઉપર...** અહીં તો કર્મશત્રુ જ લીધા. ઓલો કહે કે શત્રુ ન કહેવા. એ વયા ગયા–મરી ગયા બિચારા. માણિકચંદ કહેતાને. 'ણમો અરિહંતાણં' અરિહંતાણં ન કહેવું. અરિ (એટલે) દુશ્મન (થાય). 'દુશ્મન' એવો શબ્દ જૈનમાં ન હોવો જોઈએ. અરહંતાણં જોઈએ. મોટું લખાણ લખ્યું છે. એમ બિચારા કહેતા. એવું એક શબ્દમાં....

અહીં તો લખ્યું છે, કર્મશત્રુ ઉપર વિજય મેળવ્યો છે. એમ કે શત્રુ... એવું નામ એણે આપ્યું છે. શ્રાવકના નામ પર આમ ન હોય, ફલાણું ન હોય. એવું આપ્યું હતું, ઘણું આપ્યું હતું. હિંસા, એવા 'શત્રુ' નામમાં તો હિંસાનો ભાવ આવે છે. એમ ભગવાનમાં હિંસાનો ભાવ એવો શબ્દ ન હોય. પછી વિરોધ કર્યો હતો લોકોએ. એ તો અરિહંતાણં કહો, અરહંતાણં કહો—બધું એક જ છે. બેય અનાદિથી ચાલ્યું આવે છે. પછી લોકોએ ઘણા દાખલા આપ્યા હતા કે ભઇ! ...માં અરિહંતાણં ઉતાર્યું છે, બીજામાં બીજા પુરુષોએ પણ 'અરિહંત' શબ્દને વાપર્યો છે. કાનજીસ્વામીએ પણ 'અરિહંત' શબ્દ વાપર્યો છે એમ લખ્યું હતું છાપામાં. આવ્યું હતું. ઠીક પડે ત્યાં (નામ વાપરવાની) છૂટ.

એ તે અરિહંતને પ્રધાનપદ આપે છે એટલે એમ તમે કહો કે અરિહંત નહીં, એમ નહીં. એમ કહ્યું હતું. પત્રમાં આવ્યું હતું. સમજાણું કાંઈ? વાત સાચી. ઓલામાં 'અરિહંતાણં' કહેવામાં આવે છે. પહેલો શબ્દ જ 'ણમો અરિહંતાણં' છે. 'ણમો લોએ સવ્વ અરિહંતાણં' એમ આવે છે લ્યો ધવલમાં. 'ણમો લોએ સવ્વ અરિહંતાણં' એમ આવે છે. વળી 'સવ્વ સાહૂણં'નો 'સવ્વ' એ અંતદીપક શબ્દ છે, એ ચારેયને લાગુ પડે છે. 'ણમો લોએ સવ્વ અરિહંતાણં.' જેટલા અરિહંતો જેણે કર્મશત્રુને જીત્યા એ બધાય અરિહંતોને અમારો નમસ્કાર. સમજાણું કાંઈ?

**એવા વીરને કે જે શ્રી વર્ધમાન...** એનું નામ વર્ધમાન છે. વીર નામ છે અને વર્ધમાન નામ છે. **શ્રી સન્મતિનાથ** છે. વર્ધમાન કીધું. ધર્મની વૃદ્ધિ પામ્યાને તો વર્ધમાન કીધું. સન્મતિનાથ છે. ભગવાન જન્મ્યા અને હજી તો દીક્ષા નથી. મુનિએ દેખ્યા ત્યાં ઓલાને સમાધાન થઈ ગયું એક મુનિને. હતા બાળક. મુનિને સંશય રહ્યો હતો. આમ ભગવાને દેખ્યા... એ તો મુનિ હતા એટલે વંદન તો કરે નહીં. આમ દેખ્યા ત્યાં એને સમાધાન થઈ ગયું એથી એને સન્મતિનાથ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? દિગંબર મુનિ સંત હોં ભાવલિંગી. સમાધાન નહોતું થતું. ભગવાન સામે આમ જોયું. શરીર એમનું હોં નાના બાળક. ત્યાં સમાધાન થઈ ગયું. એટલે સન્મતિનાથ (કહે છે). સન્મતિ આપનારા થયા એમ નામ આપ્યું.

**શ્રી અતિવીર...** અતિવીર... મહાપરાક્રમ કર્યો. આવે છેને કથામાં ઘણું. યક્ષો આવ્યા હતા, નાગ ઉપર ચઢ્યા હતા ને. અતિવીર. **અને શ્રી મહાવીર...** લ્યો, એ પાંચમું નામ. પાંચે નામ આવ્યા. ભગવાનના પાંચ નામ હતા. મહાવીર ભગવાનના પાંચ નામ હતા. વીર, વર્ધમાન, સન્મતિનાથ અતિવીર ને મહાવીર—પાંચ નામ આવ્યા. પરમેષ્ઠીના પાંચ નામ. પહેલા પરમેષ્ઠી પોતે. **એ નામોથી યુક્ત છે** ભગવાન મહાવીર. **જે પરમેશ્વર છે...** વીરની વ્યાખ્યા કરી. પરમેશ્વર છે. વિશેષ એની વ્યાખ્યા કરી. **મહાદેવાધિદેવ છે...** મહા દેવના પણ દેવ છે. ગણધર, દેવો જે છે સ્વર્ગના એના દેવ-પ્રધાન ગણધર અને એના પણ દેવ ભગવાન દેવાધિદેવ. **છેલ્લા તીર્થનાથ છે...** છેલ્લા તીર્થના નાથ છે. આહાહા! એ તીર્થના રક્ષણ કરનાર છે એમ કહે છે દેખો! ભગવાન મહાવીર. સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા—તીર્થ છે એના નાથ છે. એમને પ્રાપ્ત ધર્મની રક્ષા કરનારા ને અપ્રાપ્તને આપનારા-મેળવનારા. નિમિત્ત તરીકે સમજાવે છે. સમજાણું કાંઈ? આહાહા!

**તીર્થનાથ છે**. નાથની વ્યાખ્યા છેને. યોગક્ષેમ કરે તે નાથ. મળ્યું તેને જાળવે અને નથી મેળવ્યું તેને મેળવી આપે એને નાથ કહેવામાં આવે છે. તીર્થના નાથ ભગવાન. આહાહા! પ્રવચનસારમાં એ જ આવે છેને. જેનું નામ ગ્રહણ કરવું પણ લાભનો હેતુ છે એમ કહે છે. નામગ્રહણ પણ હિતકર છે. આહાહા! એકકોર કહે કે બીજાનું નામ લેવું એ વિકલ્પ છે. સાંભળને ભાઈ! વિકલ્પ તો વિકલ્પ છે, પાછળ એને નામના સ્મરણનું જે જ્ઞાન ને શ્રદ્ધાન થયું છેને એની વિશેષતા છે. સમજાણું કાંઈ? **જે ત્રણ ભુવનના...** ત્રણ ભુવન—મધ્યલોક (એટલે) તીરછોલોક, (-અધોલોક) ને ઉર્ધ્વલોક. **સચરાચર...** ચાલતા ને સ્થિર એવા **દ્રવ્ય-ગુણ-પર્યાયોને...** સચર-ચાલતા, અચર-નહીં ચાલતા. પરમાણુ આદિ કેટલાક સ્થિર છે, સિદ્ધ આદિ પણ સ્થિર છે. એવા દ્રવ્ય-ગુણ-પર્યાયથી કહેવામાં આવતા... લ્યો, ત્રણ શબ્દ આવ્યા અહીં પહેલેથી—દ્રવ્ય-ગુણ ને પર્યાય. વસ્તુ, એના ભાવ-ગુણ અને એની દશા. ત્રણથી કહેવામાં આવતા એવો સમય એટલે સમસ્ત દ્રવ્યો. સમય એટલે સમસ્ત પદાર્થોને સમય કહેવામાં આવે છે.

એને **જાણવા-દેખવામાં સમર્થ... अणंतवरणाणदंसणसहावं** એની વ્યાખ્યા છે. આહાહા! **એવા સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનદર્શનથી સંયુક્ત છે.** ભગવાન બધા સચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવામાં સમર્થ છે, તેથી સકળ-વિમળ કેવળજ્ઞાનદર્શન સહિત છે. **તેને પ્રણમીને કહું છું.** કુંદકુંદાચાર્ય કહે છે, આવા ભગવાનને નમીને-પ્રણમીને-વંદન કરીને કહું છું. સમયસારમાં એમ લીધું કે અનંતા સિદ્ધોને મારા જ્ઞાનમાં સ્થાપું છું એ જ 'વંદિત્તુ' છે, એ વંદન છે. મારા જ્ઞાનમાં એનો આદર કરું છું અનંતનો, એ જ એનું વંદન છે. બીજા શ્રોતાને પણ કહ્યું કે તમે પણ જ્ઞાનમાં અનંત સિદ્ધો સ્થાપો, અથવા હું સ્થાપું, જાઓ. એય! દિગંબર સંતની વાણી

એકેકમાં કેટલું ગર્ભ ને કેટલો સાર ભર્યો છે! **કેવળજ્ઞાનદર્શનથી સંયુક્ત છે તેને પ્રણમીને કહું છું**. લ્યો, આવા દેવાધિદેવ ત્રણ લોકના નાથ ત્રિભુવન–ત્રણ ભુવનના સચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવામાં સમર્થ એવા ભગવાનને હું પ્રણમીને આ નિયમસાર કહું છું. **શું કહું છું? 'નિયમસાર' કહું છું.** એમ આવ્યુંને, નિયમસાર કહું છું.

**'નિયમ' શબ્દ, પ્રથમ તો, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે છે.** આચાર્ય પોતે નિયમ (એટલે) જ્ઞાન-દર્શન-ચારિત્રને કહેશે મૂળ પાઠમાં. નિયમ એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર. અહીં આ જ કહ્યું છે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે કહેશે. નિયમ એટલે કે સમ્યગ્દર્શન ને ચારિત્ર, એમ. આ નિયમ લેવો, ફલાણું લેવું એવું કહે છેને. આ નિયમ લેવો એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર લેવું. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને નિયમ એટલે શ્રદ્ધામાં લેવો, જ્ઞાનમાં લેવો અને આચરણમાં લેવો, એને અહીંયા નિયમ કહેવામાં આવે છે. **'નિયમ' શબ્દ, પ્રથમ**–મુખ્ય **તો, સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે છે. નિયમસાર.** હવે **'નિયમનો સાર'** પાછો એમ (અર્થ) છેને. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર માટે છે અને હવે સાર. **એમ કહેતાં શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.** આહાહા!

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (અર્થાત્) જે ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ, અસ્તિ–સત્તા એમાં અંતર્મુખ થઈને પ્રતીત, અંતર્મુખ સ્વસંવેદનજ્ઞાન અને એમાં સ્વરૂપની સ્થિરતારૂપ આચરણ એ નિયમ. અને એ નિયમને સાર કેમ કહ્યો? કે એ નિયમ (કહેતાં) શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે. એ નિયમસાર એટલે શુદ્ધરત્નત્રય. વ્યવહારરત્નત્રય તે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? સાર–નિયમનો સાર એમ કહેતાં શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે. આ ખટકે ઓલાને કે વ્યવહાર આમાં નાખતા નથી. પણ આમાં નાખવાની વાતેય ક્યાં છે? ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદનો નાથ એવો આત્મા પોતાનો સ્વભાવ છે, એની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ તો શુદ્ધરત્નત્રયની વાત છે. સ્વાશ્રયના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એને શુદ્ધરત્નત્રય કહે છે, સ્વાશ્રયે. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો શુદ્ધરત્નત્રયના સ્વરૂપને જ કહે છે, એમ કહે છે. ભલે વ્યવહાર અંદર સમજાવશે, પણ વસ્તુ આ છે. શરૂઆત કરશે ત્યાં કહે છે કે ત્રણનો ભેદ પાડીને કહીશ. ભેદ પાડીને કહેવું છે ઓલું અંદર ત્રિકાળીવસ્તુ જે શુદ્ધ એની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા. લ્યો, આ મોક્ષનો માર્ગ. અરે! સંસારના દુઃખો, આકુળતામાં સળગી રહ્યો છે એ. આવા છોકરા સારા થાય, પૈસા સારા થાય, પૈસા થાય તોય સળગી રહ્યો છે? હીરાભાઈ જેવા છોકરા, પૈસા... કહે છે કે એની ઉપર લક્ષ જાય એ બધી આકુળતા છે. એમ કહે છે. આહાહા! અરે! અહીં તો કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ જાય તો આકુળતા છે. એમ કહે છે. .....નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ વાત અમારે કહેવી નથી. આહાહા!

જેમાં આ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ એનો અતીન્દ્રિય આનંદ પ્રગટે, સ્વાશ્રયે આકુળતા વિનાની દશા (થાય) એને અહીંયા શુદ્ધરત્નત્રય કહેવામાં આવે છે. આવો આત્મા એની મોટપ બેસતી નથી. રાંકો થઈને ફરે ને. એક દાળ વિના ચાલે નહીં, માન વિના ચાલે નહીં, એક નામે બોલાવે તો તિરસ્કાર લાગે, બે નામે આમ બોલાવે તો ઠીક લાગે. એક નામે બોલાવે તો, ફલાણો એમ નહીં, ફલાણાભાઈ. આહાહા! એની મા તો એક નામે બોલાવે લ્યો, તોપણ એને પ્રેમ થાય છે. હીરા, એમ કહે. એ કહે, બા. બીજા તો હીરાચંદ શેઠ એમ કહેવું જોઈએ.

ઓલો નહોતો ... શેઠ ને? શેઠ મોટા હતા. એની મા મરી ગયા એટલે રોતાં રોતાં એટલું બોલ્યા, અરે હઠીસંગ! તું આવ્યો એ કહેનાર ગઈ મા હવે. મને તું કહેનાર કોઈ નહીં હવે. કારણ કે એની મા તુંકાર કરતી. શેઠસાહેબ, પધારો.. પધારો.. પધારો. આવ્યો ભાઈ! એ કહેનાર મા ગઈ આજ. એકવચન પણ બહુ..... પણ અહીં એકવચન જ્યાં બોલાવે ત્યાં બહુમાન ન લાગે એને. ભાઈ! આહાહા! ભંગ્યાને એક જ નામે બોલાવે તો બિચારાને બસ છે. હીરીયા. હીરો પણ ન કહે, હીરીયા. સાહેબ! ભંગ્યો હોયને હલકા વર્ણનો... હવે તો... પહેલા અમારે ઉમરાળામાં બહુ જ જૂનો ગૃહસ્થ ભંગ્યો હતો. પણ એને કોઈ નામે બોલાવે.... ખુશી થાય. શેઠિયાઓ અમને આમ બોલાવે છે. બિચારો ગરીબ માણસ હતો. હવે બધું ફરી ગયું પણ. આહાહા!

કહે છે કે શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ કહ્યું. 'નિયમસાર' શબ્દનો જ એ ભાવ છે. નિયમ એટલે મોક્ષનો માર્ગ અને સાર એટલે શુદ્ધ. શુદ્ધરત્નત્રય એને અહીંયા નિયમસાર કહેવામાં આવે છે. વ્યવહારરત્નત્રય જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એ તો અશુદ્ધ રત્નત્રય છે, બાહ્ય છે, વ્યવહાર છે. એમ આવે છેને, દ્રવ્યસંગ્રહમાં એક બોલ આવે છે. બાહ્ય, આ અભ્યંતર. આ ત્રણ અભ્યંતર રત્નત્રય છે, વ્યવહાર એ બાહ્ય રત્નત્રય છે. એવું આવે છે બાહ્ય-અભ્યંતરનું આવે છે. દ્રવ્યસંગ્રહમાં એવું આવે છે. વ્યવહાર-નિશ્ચય, બાહ્ય-અભ્યંતર, શુદ્ધ-અશુદ્ધ એવા અનેક પ્રકારે.... (જે પ્રકારે હોય) એ પ્રમાણે આવેને. અહીંયા તો અમારે ભગવાન આત્મા, એ ભગવાનના જ્યાં દર્શન થાય, એનો સાક્ષાત્કાર થાય, એવા દર્શન-જ્ઞાન-ચારિત્રને અમે આમાં વર્ણવવા માંગીએ છીએ. સમજાણું કાંઈ? આહાહા!

પરમાત્મા પોતે સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. રાગની એકતામાં એના દર્શન થતાં નથી. આહાહા! સમજાણું કાંઈ? સ્વભાવની એકતાથી એના દર્શન થાય માટે એકતા તે શુદ્ધરત્નત્રય છે, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એવો ભગવાન શુદ્ધ ચૈતન્યરત્ન એની સન્મુખની સ્વાશ્રયની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે જ અભ્યંતર રત્નત્રય અને તે જ એના અભ્યંતર અંગ એટલે એના અવયવો છે. એ શુદ્ધરત્નત્રયની આમાં વ્યાખ્યા કહે છે. એ શું કહે છે? આહાહા! **કેવું છે તે? કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું છે** શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ. આહાહા! ભગવાન

આત્મા શુદ્ધ પરમાત્મસ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર એ ત્રણેય છે તો પર્યાય. સમજાણું કાંઈ? એ શુદ્ધરત્નત્રય પર્યાયને કેવળી અને શ્રુતકેવળીએ કહેલી છે. એ ચેતનજી! આ પર્યાયને ભગવાને કીધી છે એમ કહે છે. આ તો પર્યાય છે. રાત્રે કહ્યું હતું, જૈનશાસન પર્યાય છે. જૈનશાસન કાંઈ દ્રવ્ય-ગુણ નથી. વાત એ છે કે જૈનશાસન વીતરાગી પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે, નિર્મળ શુદ્ધ ઉપયોગ. પણ જ્યારે અભેદથી વાત કરીએ ત્યારે એ શુદ્ધ ઉપયોગ એમ જાણે છે કે હું દ્રવ્ય છું. સમજાણું કાંઈ?

જાણે છે તો પર્યાય ને. ન્યાં ક્યાં દ્રવ્ય જાણે છે? એય! શુદ્ધરત્નત્રયની પર્યાય એ એમ જાણે છે કે આ છે દ્રવ્ય, આ વસ્તુ હું છું, હું આ છું. સમજાણું કાંઈ? એ કેવળીઓ અને શ્રુતકેવળીઓએ શુદ્ધરત્નત્રયનું સ્વરૂપ એટલે આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ કહેલું છે. 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' એ તો પર્યાય છે. ગ્રંથ પર્યાય નહીં, પર્યાય, દ્રવ્ય ને આ બધું વ્યવહારના ભેદોનું વર્ણન છેને. વ્યવહારથી સમજાવ્યું છેને આખું અખંડ અભેદ. વ્યવહાર વિના સમજાવવું શી રીતે? જ્ઞાનના પાંચ ભેદ પાડવા એ વ્યવહાર છે. પાછું ન્યાં કીધું કે એ ભેદ છે એ અભેદને વંદે છે, અભિનંદે છે. કારણ કે આત્માના આશ્રયે—પૂર્ણજ્ઞાનમય પડ્યો છે તત્ત્વ એને આશ્રયે—પ્રગટેલી નિર્મળ પર્યાય વધતી જાય છે, પણ અભેદતાને સિદ્ધ કરે છે. ભેદ સિધ્ધ નથી કરતું. ભલે પર્યાય વધી ગઈ, પણ વધતા એ અભેદને સિદ્ધ કરે છે, એકપણાને સાબિત કરે છે. સમજાણું કાંઈ?

કેવળીઓ અને શ્રુતકેવળીઓ... **'કેવળીઓ'** એટલે શું? **તે સકલપ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા.** સકલપ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા. પણ બીજું પ્રત્યક્ષ અંદર થોડું પેટામાં છે. પણ આ સકળ પ્રત્યક્ષના ધરનારા, એમ. સમજાણું કાંઈ? મતિ-શ્રુતજ્ઞાન પણ અનુભવના કાળમાં પ્રત્યક્ષ છે, અવધિજ્ઞાન પણ પરને જાણવામાં પ્રત્યક્ષ છે, દેશપ્રત્યક્ષ છે. મનઃપર્યયજ્ઞાન પણ પરને જાણવામાં પરની સહાય વિનાનું પ્રત્યક્ષ છે, પણ મનનો પ્રકાર છે માટે એને પણ પરોક્ષ કહેવામાં આવે છે. કહ્યું છે પંચાધ્યાયીમાં કે ચાર જ્ઞાન પરોક્ષ છે. પંચાધ્યાયીમાં લીધું છે. આ એકલો આત્મા નથી ને કંઈપણ સંબંધ છેને જરીએ, એટલું. ....જાઓ. આહાહા! કેવળીઓ એટલે સકલપ્રત્યક્ષ જ્ઞાનના ધરનારા. બધું પ્રત્યક્ષ, જેને ત્રણ કાળ-ત્રણ લોક દ્રવ્ય-ગુણ-પર્યાય (સહિત) બધું પ્રત્યક્ષ થઈ ગયું છે. કોઈની અપેક્ષા અને કોઈનો આશ્રય જેને નથી એમણે આ નિયમસારને કહ્યું છે.

**અને 'શ્રુતકેવળીઓ' તે સકળ દ્રવ્યશ્રુતના ધરનારા.** પહેલું સકળ તો લીધું. ઓલો 'સકળ પ્રત્યક્ષ', આ 'સકળ દ્રવ્ય-શ્રુતના ધરનારા'. જેટલું શાસ્ત્ર(જ્ઞાન) છે એ બધાને જેણે ધારી રાખ્યું છે. સકળ દ્રવ્યશ્રુતના ધરનારા એવા... બેયની વ્યાખ્યા થઈ. **એવા કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું...** કુંદકુંદાચાર્ય કહે છે. ને એના અર્થ કરનારે કહ્યું પહેલું કે એ તો

ગણધરો–ગુણના ધરનારા ગણધરો અને પરંપરાએ આચાર્યોએ કહેલા અર્થો છે. એ ટીકામાં આવશે, એમ કહે છે. આ તો જે મૂળ પાઠ છે એના કહેનારા કહે છે. આ નિયમસાર કેવળીઓ અને શ્રુતકેવળીઓએ કહેલું છે. સમજાણું કાંઈ?

**સકળ ભવ્યસમૂહને હિતકર...** લ્યો. 'કહીશ' કીધુંને. 'કીધું છે' એમ કીધુંને 'વોચ્છામિ.' ત્યારે કોઈકને માટે છેને ત્યાં? એટલું આવ્યુંને એમાં? આમ તો છેલ્લે કહે છે કે મારી ભાવના માટે મેં ગ્રંથ રચ્યો છે. એમાં એટલું જરી ... તો છેને, એમ કહે છે. **સકળ ભવ્યસમૂહને હિતકર**... જેટલા ભવ્ય પ્રાણી છે, યોગ્યતાવાળા છે એને આ હિતકર છે. નિયમસાર શાસ્ત્ર હિતકર છે વ્યવહારે. નિશ્ચયથી મોક્ષનો માર્ગ હિતકર છે. સમજાય છે કાંઈ? વ્યવહારે.., આ નિયમસાર શાસ્ત્ર કહેવું છેને અહીં તો. પરમાગમ કહેવું છેને. એ ભવ્યસમૂહને સકળ ભવ્યસમૂહને હિતકર છે.

**'નિયમસાર' નામનું પરમાગમ...** લ્યો, પરમ-આગમ, આ પરમાગમ છે. ભગવાનથી ચાલ્યું આવેલું, ગણધરોથી પરંપરાએ કહેલું—એવું જે આ શાસ્ત્ર પરમાગમ **હું કહું છું.** લ્યો, એક-એક શબ્દનો અર્થ જુદો પાડીને કહ્યું છે. એને કુંદકુંદાચાર્યદેવ કહે છે કે હું કહું છું. **આમ, વિશિષ્ટ ઈષ્ટદેવતાના સ્તવન પછી...** વિશિષ્ટ નામ ખાસ ઇષ્ટદેવ જે હોય તે વીર ભગવાન. **ખાસ ઇષ્ટદેવતાના સ્તવન પછી...** પોતાના પ્રિય વીતરાગ વીર પરમાત્મા ઇષ્ટદેવતાના સ્તવન પછી... **સૂત્રકાર પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ પ્રતિજ્ઞા કરી.** એ ટીકાકાર કહે છે. એ પદ્મપ્રભમલધારિદેવ ટીકાકાર છે. **સૂત્રકાર**–સૂત્રના કરનારા **પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવગુરુએ**... 'કુંદકુંદાચાર્યદેવગુરુએ' એમ શબ્દ છે. **कुंदकुंदाचार्यदेवगुरुणां**... કુંદકુંદાચાર્યદેવ ગુરુ, એમ. કુંદકુંદાચાર્યદેવ ગુરુ. 'પદ્મપ્રભમલધારિદેવ' એટલું છે ટીકામાં તો. આહાહા! સમજાણું કાંઈ?

એવા **સૂત્રકાર પૂર્વાચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવ**... એ મૂળ શબ્દો. કુંદકુંદાચાર્યદેવ. હવે એ ગુરુ, એમ. ગુરુએ પ્રતિજ્ઞા કરી. **કુંદકુંદાચાર્યદેવગુરુએ પ્રતિજ્ઞા કરી**. કેવળી અને શ્રુતકેવળીનું નિયમસાર હું કહીશ, ભવ્યજીવના હિતને માટે. કહો, સમજાણું કાંઈ? આ પહેલા શ્લોકનો અર્થ થયો. કુંદકુંદાચાર્યે આ મંગળિક કહ્યું. **આ પ્રમાણે સર્વ પદોનું તાત્પર્ય કહેવામાં આવ્યું.** જોયું! દરેક શબ્દનું. **णमिऊण जिणं वीरं अणंतवरणाणदंसणसहावं**... નિયમસાર કહીશ. કોનું કહેલું? **केवलिसुदकेवलीभणिदं**. **भणिदं**નો અર્થ જાણપણું કર્યો હતોને આપણે સમયસારમાં, નહીં? બારમી ગાથામાં ન આવ્યું?

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं ।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे ॥१२॥**

**भणिदं**નો અર્થ આવ્યો હતો... પણ આ તો **भणिदं**નો અર્થ. છઠ્ઠી. **भणंति**.. (સમયસાર, ગાથા ૬) છઠ્ઠી. **भणंति**..

**ण वि होदि अप्पमत्तो पमत्तो जाणगो दु जो भावो ।**
**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव ॥६॥**

એમાંથી કાઢ્યું છે. **एवं भणंति सुद्धं**. એમ કાઢ્યું. **एवं भणंति सुद्धं**.. એને જાણવું શુદ્ધ, એમ. જે અપ્રમત્ત-પ્રમત્ત નથી એને સેવવાથી... શુદ્ધ, એને જાણવાથી શુદ્ધ છે.. એને જાણવાથી શુદ્ધ કહેવામાં આવે છે. એકલો એમ નહીં, એને જાણવાથી શુદ્ધ, એમ કહ્યું છે. **एवं भणंति सुद्धं**. છઠ્ઠીમાં કહ્યું હતું. **भणंति** એટલે એને કહે છે શુદ્ધ એમ નહીં, પણ એને 'કહે છે'નો અર્થ જાણ્યું જેણે શુદ્ધ, પર્યાયમાં જેણે શુદ્ધ ભગવાન છે એવો જાણ્યો, એ જાણનારને આ શુદ્ધ કહેવામાં આવે છે. એનો અર્થ કર્યો હતો છઠ્ઠી ગાથામાં. હતા તમે? પણ આ ફેરે કર્યો હતો. **ण वि होदि अप्पमत्तो पमत्तो जाणगो दु जो भावो**.. એ જ્ઞાયકભાવની વાત કરી. **एवं भणंति सुद्धं**. એમ જે અંતર જાણે એને અહીં શુદ્ધ કહેવામાં આવે છે. **भणंति सुद्धं**..

**આ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ** પોતે **હવે શ્લોક કહે છે.** કહેશે શ્લોક લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ ૩, સોમવાર, તા. ૨૦-૧૨-૧૯૭૧**
**શ્લોક - ૮, ગાથા - ૨, પ્રવચન નં. ૩**

આ નિયમસાર, જીવ અધિકાર છે. પહેલી ગાથાનો કળશ છે કળશ. આઠમો છેને.

**जयति जगति वीरः शुद्धभावास्तमारः**
**त्रिभुवनजनपूज्यः पूर्णबोधैकराज्यः ।**
**नतदिविजसमाजः प्रास्तजन्मद्रुबीजः**
**समवसृतिनिवासः केवलश्रीनिवासः ॥८॥**

કેવા છે વીર ભગવાન જેને નમન કર્યું છે અને શરૂઆત મોક્ષમાર્ગની કરે છે? કહે છે કે **શ્લોકાર્થ : શુદ્ધભાવ વડે મારનો (કામનો) જેણે નાશ કર્યો છે...** જોયું! શુદ્ધભાવ વડે. પુણ્ય-પાપના અશુદ્ધભાવ વડે નહીં. પોતાનો ભગવાન જે શુદ્ધસ્વરૂપે છે એનો શુદ્ધોપયોગ.. શુદ્ધ-ઉપયોગ—પુણ્ય-પાપના વિકલ્પની મલિનતા વિનાનો, સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલો એવો જે શુદ્ધોપયોગ–શુદ્ધભાવ એ વડે–એ દ્વારા જેણે માર નામ **કામદેવ** અથવા **હિંસા** અથવા **મરણ** ત્રણનો જેણે નાશ કર્યો છે. નીચે અર્થ છે. ભગવાન પરમાત્મા વીર પરમેશ્વર શુદ્ધોપયોગ દ્વારા મરણનો અંત લાવ્યા છે, હિંસા નાશ કરી છે અને અદ્દ્ભુત જે કામની ઇચ્છા એનો પણ જેણે નાશ કર્યો છે. એક વાત. ગુણનું વર્ણન કર્યું. હવે સાથે પુણ્યનું વર્ણન કરે છે.

**ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે...** એવા ગુણને લઈને ત્રણ ભુવનના જનો—ઉર્ધ્વ, મધ્ય ને અધો એવા ત્રણ લોકના જનોને—પૂજ્ય છે. જેને પૂજવાલાયક છે એ જનોને પૂજ્ય છે, જેણે પૂજવાલાયક એવું જાણ્યું છે એવા જનોને એ પૂજ્ય છે. સમજાણું કાંઈ? વીર પરમેશ્વર તીર્થંકરદેવ આવા ત્રણ ભુવનના જનોને જે પૂજ્ય છે.—બે. ત્રીજું. **પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે...** એને રાજ્ય છે, પૂર્ણ જ્ઞાન એનું રાજ્ય છે. અનંત જ્ઞાનાદિ પૂર્ણ સ્વરૂપ એ એનું રાજ્ય છે. કેમ કે જેણે ત્રણ કાળ, ત્રણ લોક જ્ઞાનમાં જાણી લીધા એવું એનું પૂર્ણ જ્ઞાનરાજ્ય છે. એનો હુકમ ફરે નહીં (અર્થાત્) કેવળજ્ઞાને જોયું તે જ થાય. સમજાણું કાંઈ? અહીંયા તો કહેવું છે કે પૂર્ણ જ્ઞાનથી જે શોભિત છે, એમ. રાજ્યતિ ઇતિ શોભિત. પૂર્ણ જ્ઞાન જેનું એક રાજ્ય છે. પૂર્ણ જ્ઞાનથી જ જેની સત્તા ચાલે છે. રાજ્યની શોભ્યતા એવું જેનું પૂર્ણ સ્વરૂપ છે. એવું નમન કરનારને ભાન છે એમ કહે છે. એ પુણ્ય લીધું.

**દેવોનો સમાજ જેને નમે છે...** ઓલા 'ત્રણ ભુવનના પૂજ્ય' સાધારણ રીતે કહ્યું હતું. હવે પુણ્યના ફળવાળા દેવો એનો સમાજ નામ ઢગલો અથવા ઘણા જેને નમે છે એવા વીર ભગવાન... અરે! એની અસ્તિનો સ્વીકાર, એના ગુણની પૂર્ણતા અને પુણ્યની પૂર્ણતા. સમજાય

છે કાંઈ? આવો જેને અંતર ભગવાનની પૂર્ણતા ને પુણ્યની પૂર્ણતાનો સ્વીકાર છે, એને અંતરમાં સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એ યથાર્થ વંદન કરવાને લાયક છે એમ કહે છે. સમજાણું? **જન્મવૃક્ષનું બીજ જેણે નષ્ટ કર્યું છે...** જન્મરૂપી વૃક્ષ જે ફાલે છે એનું બીજ(રૂપ) ચાર ઘાતિકર્મ જ જેણે નાશ કર્યું છે. ભવના બીજનો જેણે... આવે છેને શ્રીમદ્‌માં. 'ભવના બીજ તણો આત્યંતિક નાશ જો..' આવે છે એમાં. લ્યો, એ વળી આવ્યું આમાં યાદ. ભવનું બીજ ઘાતિકર્મ છે ખરેખર તો. 'ભવના બીજ તણો આત્યંતિક નાશ જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે..' એમાં આવે છે. અપૂર્વ અવસરમાં આવે છે. ગુજરાતી. ગુજરાતી હૈ શ્રીમદ્ રાજચંદ્રકા. વળી જન્મના વૃક્ષનું બીજડું–બીજ જ જેણે બાળી નાખ્યું છે. આહાહા!

**સમવસરણમાં જેનો નિવાસ છે...** તીર્થંકરની હયાતીની વાત કરે છે. અત્યારે જ્યારે કરે છે ત્યારે મોક્ષ પધાર્યા છે. પણ તીર્થંકર ભગવાનની જ્યારે હયાતી હતી એને લક્ષમાં લઈને, ભગવાન બિરાજે છે સમવસરણમાં એવી શૈલીએ સ્તુતિ કરી છે. સમજાણું કાંઈ? **સમવસરણમાં જેનો નિવાસ છે**... ભગવાન ત્રિલોકનાથ જેની મોટી સમવસરણ સભા એનામાં જેનું બેસણું છે, એમાં જેનો નિવાસ છે. હવે એનામાં (-ભગવાનમાં) નિવાસ શું છે? પોતે સમવસરણમાં નિવાસ છે. આહાહા! **અને કેવળશ્રી (કેવળજ્ઞાનદર્શનરૂપી લક્ષ્મી)...** કેવળશ્રી... શ્રી એટલે લક્ષ્મી. કેવળજ્ઞાન ને કેવળદર્શનરૂપી લક્ષ્મી **જેનામાં વસે છે...** પોતે સમવસરણમાં વસે છે એ વ્યવહાર કહ્યો. એની શૈલી છે એવી. જેનામાં કેવળજ્ઞાન, કેવળદર્શન વસે છે. પૂર્ણ શક્તિનો વિકાસ જેણે કર્યો છે. કેવળજ્ઞાન, કેવળદર્શન શક્તિરૂપ ચતુષ્ટયરૂપે તો દરેક આત્મામાં છે, પણ જેણે પ્રગટ કર્યો છે. એવી કેવળજ્ઞાન ને કેવળદર્શનની લક્ષ્મી જેમાં નિવાસ કરે છે આત્મામાં. પોતે સમવસરણમાં, એમાં કેવળજ્ઞાન-કેવળદર્શન નિવાસ કરે છે.

એવી શૈલી લીધી છે જુઓને! એકેકમાં છેને એ. **जयति जगति वीरः शुद्धभावास्तमारः** વીરની સાથે માર. એકેક પદની સાથે સામાસામું. **त्रिभुवनजनपूज्यः पूर्णबोधैकराज्यः**.. ઓલું પૂજ્ય ને આ રાજ્ય. **नतदिविजसमाजः प्रास्तजन्मद्रुबीजः**.. **समवसृतिनिवासः केवलश्रीनिवासः**.. એકેક પદની સામે બીજું પદ છે. એવા ભગવાન **તે વીર**... આવા વીર, એમ. **જગતમાં જયવંત વર્તે છે.** એ પહેલું પદ થયું. **जयति जगति**.. પહેલું પદ છેને એ? **जयति जगति वीर**.. આવા વીર જગતમાં જયવંત વર્તે છે, કહે છે લ્યો. ઓહો! ભગવાન તો મોક્ષ પધાર્યા છે. સમવસરણમાં છે, આમને આમ અહીં બિરાજે છે એમ કહે છે. સમજાણું કાંઈ? સમવસરણમાં તો બેસાડ્યા છે. સમજાય છે કાંઈ? કારણ કે વાણી રચી એ કહેવું છેને. એમણે કહ્યું છે, કેવળીએ કહ્યું છે આ. કેવળીએ કહ્યું છે એ તો વાણીવાળા હોય એ કહે. સિદ્ધને વાણી છે?

'**केवलिसुदकेवलीभणिदं**..' સમજાણું કાંઈ? ભગવાન સમવસરણમાં બિરાજતા હતા ત્યારે આ મોક્ષમાર્ગ(રૂપ) નિયમસાર એમની વાણીમાં આવ્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો મોક્ષ પધાર્યા છે. જ્યારે વાણી નીકળતી હતી એ વખતના ભગવાનને યાદ કરીને નમસ્કાર કરીએ છીએ અને એ કહેનારા જાણે જયવંત જ વર્તે છે, એમ. સમવસરણમાં કહેનારા એવા વીતરાગ જયવંત વર્તે છે, મારા હૃદયમાં બિરાજે છેને એમ કહે છે. સમજાણું કાંઈ? એવા તીર્થંકર અમારા જ્ઞાન–હૃદયમાં બિરાજે છે. એ કહે છે એમ જ અમારા હૃદયમાંથી વાણી નીકળશે એમ કહે છે. સમજાણું કાંઈ? પહેલી ગાથા થઈ, એનો એ કળશ થયો કળશ. આહાહા!

**मग्गो मग्गफलं ति य दुविहं जिणसासणे समक्खादं ।**
**मग्गो मोक्खउवाओ तस्स फलं होइ णिव्वाणं ॥२॥**
**છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;**
**ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.**

**અન્વયાર્થ : [मार्गः मार्गफलम्] માર્ગ અને માર્ગફળ [इति च द्विविधं]...** સંસ્કૃતનો (શબ્દ) નાખ્યો છે અન્વયાર્થમાં. મૂળ પાઠમાં **दुविहं** છે, સંસ્કૃતમાં **द्विविधं** છે. સંસ્કૃત નાખ્યું છે. માર્ગ અને માર્ગફળ... કારણ કે ટીકા સંસ્કૃત કરવી છેને એટલે પછી સંસ્કૃતના શબ્દોના નાખ્યા. **એમ બે પ્રકારનું...** શું કીધું? મોક્ષનો માર્ગ અને મોક્ષમાર્ગનું ફળ—એ બે પ્રકારનું **જિનશાસનમાં કથન કરવામાં આવ્યું છે...** બીજે ક્યાંય એ છે નહીં. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર અનંત કાળથી જિનવરો થતા આવે છે એ જૈનશાસનમાં બે પ્રકારનું કથન છે. મોક્ષનો ઉપાય એટલે માર્ગ અને એનું ફળ એટલે મોક્ષ—એનું વર્ણન કથન એ જૈનશાસનમાં છે. કહો, સમજાણું કાંઈ? જૈનશાસન સિવાય આ બેનું વર્ણન ક્યાંય હોઈ શકે નહીં. આહાહા! જૈન પરમેશ્વર, પૂર્ણ જ્ઞાન-દર્શનનો નિવાસ જેમાં થયેલો છે એવા પરમાત્મા એના શાસનમાં આ વાત છે. સમજાણું કાંઈ?

એ કથન કરવામાં આવ્યું છે. **समाख्यातम्** છેને? મૂળ **समक्खादं**.. એ મૂળ ગાથા... **समक्खादं** એટલે **समाख्यातम्**—સમ્યક્ પ્રકારે કહે છે, એમ. આમાં **समाख्यातम्**—સમ્યક્ પ્રકારે કથન કરવામાં આવ્યું છે. **समाख्यातम्..** આખો શબ્દ કર્યો એટલો. કથન કરવામાં આવ્યું છે. સમ સાથે.... અહીં પંડિત છે તો પૂછવા જઈએને આપણે. **समाख्यातम्..** ક્યોં ડાલા યે શબ્દ? કૈસે કહા? વ્યાખ્યા તો હૈ. 'ભલે પ્રકાર' શબ્દ હૈ નહીં ઉસમેં. સમજાય છે કાંઈ? અહીં તો **समक्खादं** છેને (એટલે) સમ્યક્ પ્રકારે કથન. જિનશાસનને વિષે બે પ્રકારનું સાચું કથન કરવામાં આવ્યું છે, એમ. કહો, સમજાણું કાંઈ? સમ્યક્ પ્રકારે જેવો માર્ગ છે ને માર્ગનું ફળ છે એવું કથન ભગવાનના શાસનમાં–જિનશાસનમાં કહેવામાં આવ્યું છે. આહાહા! આ વાત... તે માર્ગ અને મોક્ષ... **માર્ગ મોક્ષોપાય છે...** આત્માને મોક્ષનું કારણ છે. **અને તેનું ફળ નિર્વાણ** કાર્ય

**છે.** એ બેની વ્યાખ્યા સમ્યક્ પ્રકારે હોય તો જિનશાસનને વિશે કરવામાં, કહેવામાં આવી છે. કહો, સમજાણું કાંઈ? આ તો ફરીને લેવાણું છેને. પૂરું કરીને તરત ફરીથી લેવાયું છે.

**ટીકા : આ, મોક્ષમાર્ગ...** ભાષા દેખો! એવું વચન હોવાથી. 'આ' ક્યાંથી કાઢ્યું? **इति वचनात्...** અયં... છેલ્લો શબ્દ છેને. **मोक्षमार्गतत्फलस्वरूपनिरूपणोपन्यासोऽयम्...** 'આ'.. **આ, મોક્ષમાર્ગ...** અંતરમાં સ્વભાવનો આશ્રય લઈને પ્રગટ થયેલું દર્શન, જ્ઞાન ને ચારિત્ર એવો મોક્ષમાર્ગ **અને તેના ફળ...** મોક્ષમાર્ગનું ફળ એટલે એનું કાર્ય **સ્વરૂપનિરૂપણની સૂચના** છે. એના **સ્વરૂપના નિરૂપણની**–કથનની આ **પ્રસ્તાવના) છે.** પ્રસ્તાવના કરેને. 'પ્રસ્તાવના' અર્થ કર્યો. આ પ્રસ્તાવના છે કે આ અમે કહેવા માગીએ છીએ.

હવે આ સૂત્ર લીધું તત્ત્વાર્થસૂત્રનું. '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः**' આ શાસ્ત્રનું વચન છે. ઉમાસ્વામી કુંદકુંદાચાર્યના શિષ્ય હતા. એમણે તત્ત્વાર્થસૂત્ર બનાવેલું છે. દિગંબર સંતનું જ કહેલું છે એ. સમજાણું કાંઈ? બીજાએ તો એમાંથી બહુ આઘોપાછો ફેરફાર કરીને નામ આપ્યું છે. **(સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષમાર્ગ છે) એવું (શાસ્ત્રનું) વચન હોવાથી...** ટીકાકાર એમ કહે છે. આવું શાસ્ત્રનું વચન છે. કારણ કે ટીકાકાર પહેલા ઉમાસ્વામી થઈ ગયા છે. બે હજાર વર્ષ (થયાં). આ ટીકાકારને તો ૭૦૦-૮૦૦ વર્ષ (થયાં). **માર્ગ તો શુદ્ધ રત્નત્રય...** લ્યો, અહીં શરૂ કર્યું. માર્ગ તો શુદ્ધરત્નત્રય છે. ટીકામાં ખુલાસો કરે છેને. પાઠમાં તો આવી જશે ત્રીજી ગાથામાં. માર્ગ શુદ્ધ રત્નત્રય... દેખો! અહીંથી ઉપાડ્યું છે. શુદ્ધરત્નત્રય નામ નિશ્ચયમોક્ષમાર્ગ એ જ માર્ગ છે, માર્ગ બે નથી. એક શુદ્ધરત્નત્રય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર–અશુદ્ધરત્નત્રય મોક્ષમાર્ગ એમ બે નથી. એમ પહેલેથી અહીં સિદ્ધ કરે છે. એ શુદ્ધ રત્નત્રય છે. માર્ગ તો શુદ્ધરત્નત્રય છે. બસ એક જ વાત. સમજાણું કાંઈ?

શુદ્ધરત્નત્રય કહો, નિશ્ચયરત્નત્રય કહો, અભ્યંતર રત્નત્રય કહો. સ્વાશ્રયે પરિણતિ ઉત્પન્ન થાય તેને અહીંયા માર્ગ, શુદ્ધરત્નત્રય (કહે છે). રત્ન દઈને.. રત્ન દઈને મોક્ષ લેવો છે. કહો, સમજાણું કાંઈ? અહીંયા ... આપેને કંઈક વસ્તુ. લાવો આ ચીજ. શુદ્ધરત્નત્રય દઈને–પ્રગટ કરીને એના ફળ તરીકે મોક્ષ લેવો છે. સમજાણું કાંઈ? આહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે. હવે વધારે ખુલાસો આવે છે. શુદ્ધરત્નત્રય એ પર્યાય છે, દ્રવ્ય-ગુણ નથી. શુદ્ધરત્નત્રય તે માર્ગ છે, પર્યાય તે મોક્ષનો માર્ગ છે એમ કહે છે. એ જ માર્ગ હોયને. ધ્રુવપણે છે એ તો ધ્રુવ છે, વસ્તુ છે. અનંત ચતુષ્ટયે બિરાજમાન છે શક્તિરૂપે. શક્તિ કાંઈ આપે છે? શક્તિનું પરિણમન થયું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય તે શુદ્ધરત્નત્રય–નિશ્ચય રત્નત્રય એ મોક્ષનો માર્ગ છે. પર્યાય છે મોક્ષનો. કોને આશ્રયે પ્રગટ થાય એ પછી પ્રશ્ન. સમજાણું કાંઈ?

વળી બીજી રીતે કહે કે શુદ્ધરત્નત્રય પર્યાયપણે પરિણમે છે એ સ્વતંત્ર છે. એ પણ એક વાત. દ્રવ્યની અપેક્ષા વિના. સમજાણું કાંઈ? આ તો ફક્ત ફરે છે એટલું, પણ પરિણમન તો

એનું સ્વતંત્ર છે. શુદ્ધરત્નત્રય પર્યાય એ દ્રવ્યમાં નથી, ત્રિકાળીમાં નથી. આ તો વર્તમાન પરિણમન છે એનું. દ્રવ્યને આશ્રયે થાય છે. એ પહેલું કહેવું હતુંને. વધારે કાલ કીધું હતું. સમજાણું કાંઈ? માર્ગ તો શુદ્ધરત્નત્રય છે. એક જ વાત કરી છે આમાં. કથંચિત્ શુદ્ધરત્નત્રય છે અને કથંચિત્ અશુદ્ધરત્નત્રય એટલે વ્યવહાર છે—(એમ નથી). વ્યવહાર રત્નત્રય કહો કે અશુદ્ધ કહો—એક જ વાત છે. આહા! કે બાહ્ય કહો. કહો, સમજાણું કાંઈ? આહા! આવી સ્પષ્ટ વાત છે. તારામાં બધું છે ભાઈ! એમ કહે છે. તું ક્યાં ઓછો છો, અધૂરો છો, વિપરીત છો? તારું સ્વરૂપ જ પરિપૂર્ણ ભર્યું છે. એનું પરિણમન થવું, પર્યાયનું પરિણમન. સમજાણું કાંઈ?

**માર્ગ તો શુદ્ધરત્નત્રય છે**... એક જ સિદ્ધાંત કીધો છે અહીં તો. બે માર્ગ છે ને નિરૂપણ બે પ્રકારનું છે એ પણ અહીં નથી. આ તો માર્ગ જ આ છે, બસ. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યદળ—જ્ઞાન ને આનંદાદિ ગુણનું દળ એવું તત્ત્વ, એનો આશ્રય થઈને... 'સ્વાશ્રય નિશ્ચયઃ' **અને માર્ગફળ...** રત્નત્રય તે માર્ગ છે, એ ચાલવાનો રસ્તો શુદ્ધરત્નત્રય છે એમ કહે છે. આહાહા! એ માર્ગે જતાં માર્ગનું ફળ આવે છે. માર્ગ તો શુદ્ધરત્નત્રય છે અને માર્ગનું ફળ **મુક્તિરૂપી સ્ત્રીના વિશાળ ભાલપ્રદેશે શોભા-અલંકારરૂપ તિલકપણું છે (અર્થાત્ માર્ગફળ મુક્તિરૂપી સ્ત્રીને વરવું તે છે).** તિલક કરે છેને. ચાંદલો કરે છેને ચાંદલો. એમ આ મુક્તિને ચાંદલો કરે છે. સમજાણું કાંઈ? માર્ગફળ—આત્માની આનંદરૂપી પૂર્ણ દશા એવી જે સ્ત્રી એટલે પરિણતિ તેને વરવું છે. માર્ગ તે મુક્તિની પરિણતિને વરે છે. કહો, સમજાણું કાંઈ?

સ્વયંવર કરીને વરે છે. સ્વયં પ્રધાન દશા પ્રગટ કરીને વરે છે. કોઈની અપેક્ષા નથી. મુક્તિરૂપી પરિણતિ નિર્મળ આનંદ એવી સ્ત્રી, એનો વિશાળ ભાલ–કપાળ એની જે શોભા એવો જે અલંકારરૂપ તિલકપણું... એને તિલક કરે એટલે વરે છે. આ માર્ગથી મુક્તિ થાય છે. કહો, સમજાણું કાંઈ? બીજે કોઈ રસ્તે મુક્તિ થતી નથી. એકાંત છે એમ કહે છે. આ જ માર્ગ અને આ જ માર્ગનું ફળ છે, બીજું નહીં. ઘણા કહે કે મોક્ષમાર્ગથી મુક્તિ પણ મળે અને બંધ પણ મળે. અનેકાંત છે એમ કહે છે.

રતનચંદજી હૈ ન પંડિત વે કહતે હૈં, દેખો! શાસ્ત્રમેં ભી ચલા આયા હૈ. સમ્યક્ત્વં.. આયુષ્યનું કારણ, બંધનું કારણ. પંચાસ્તિકાયમાં છે. બંધ મોક્ખો... બંધનું કારણ... એ તો બીજી વાત છે. એ તો રાગ બાકી છે એટલે (કહ્યું). આ એક જ માર્ગ છે ને માર્ગનું ફળ એક જ છે એમ નહીં, કહે છે. એમ બીજો અર્થ કરનારા (કહે છે કે) માર્ગનું ફળ મુક્તિ પણ છે ને માર્ગનું ફળ બંધ પણ છે. રાગ છે એ તો માર્ગ નથી, એ તો બીજો માર્ગ છે, બંધમાર્ગ છે. વ્યવહારમાર્ગ કહ્યો છે એ તો બંધમાર્ગને વ્યવહારમાર્ગ કહ્યો છે. છે બંધનો માર્ગ, એને વ્યવહાર મોક્ષમાર્ગ આરોપિત કહ્યો છે. છે ક્યાં? એની પાસે છે નહીં (એને કહેવું) એ તો વ્યવહારનું લક્ષણ છે. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન અનંત આનંદ ને જ્ઞાનથી ભરેલો ડોલી રહ્યો છે, અંદર પૂર્ણાનંદનો નાથ છે. આહાહા! એને કેમ બેસે? પામર થઈને રખડે એને આવી પ્રભુતા પ્રતીતમાં કેમ આવે? સમજાણું કાંઈ? એક જરીક લક્ષ્મીરૂપી મળે... ઓલો '**चक्रे**'માં એમ મન થઈ ગયું હતું... ચક્રે.... પણ ભાઈએ ચેતનજીએ કહ્યું કે ક્રુરતાથી છે. ચક્રે ચડી જાય છે માળા આ બધાય લક્ષ્મી રળવામાં. આપણે તો ઓલો ભાવ (લેવો). **चक्रे** હૈ ન, પંડિતજી! **चक्रे.** (નિયમસાર) નવવેં કલશમેં હૈ ન? પંડિતજી! ક્યા **चक्रे** કહા? ક્યા પણ? અર્થ ક્યા? ક્રિયા. બરાબર છે. ક્રિયા છે એનો અર્થ. પંડિત હૈ ન. એ તો 'કરે છે' શબ્દ છેને. **ધનરક્ષાની બુદ્ધિ કરે છે**... 'કરે છે' એમ લખ્યું છે. ચક્રેનો અર્થ 'કરે છે' એમ લખ્યું છે. 'કરે છે' એ તો ક્રિયા થઈ.

કહે છે કે **આ રીતે**... મુક્તિરૂપી ફળ... આ માર્ગનું ફળ એક જ છે. એનું (ફળ) વળી બંધ ને સ્વર્ગ મળે એવું છે નહીં. કહે છે કે માર્ગ એક અને એનું ફળ મોક્ષ એક. વળી માર્ગ બે—એક આ ને એક આ એમ પણ નહીં. બે હોય તો બે ફળ એના હોવા જોઈએ. આવ્યું છેને. એક શુદ્ધરત્નત્રય એનું ફળ મોક્ષ, તો વ્યવહારરત્નત્રય એનું ફળ શું? મોક્ષ બે પ્રકારનો હશે? (શ્રોતાઃ એક સાચો મોક્ષ ને એક નામ મોક્ષ.) પણ શું? નામ મોક્ષ હતો કે દિ' પણ? વ્યવહાર તો બંધનું કારણ છે. નામેય એને–સંસારને અપાય નહીં કે નામ મોક્ષ છે.

અહીં કહે છે.... બીજી ગાથા ચાલે છે. માર્ગ તો શુદ્ધરત્નત્રય એક જ છે ત્રણ કાળ, ત્રણ લોકમાં. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ..' પરમાર્થના પંથ બે હોઈ શકે નહીં. આહાહા! અહીં કહે છે, મોક્ષમાર્ગ બે માને એ ભ્રમમાં છે. ઓલો કહે છે કે બે ન માને એ ભ્રમમાં છે. ભાઈ! એ તો ...ની કથની એવી જ હોયને. કુદૃષ્ટાંત, કુયુક્તિ, કુનય એમાંથી નીકળવું.., આવ્યું હતુંને આપણે, નહીં? સંસારની અટવીમાંથી નીકળવું દુસ્તર છે. **આ રીતે ખરેખર (માર્ગ અને માર્ગફળ એમ) બે પ્રકારનું...** આમ બે પ્રકાર ખરો. માર્ગ બે પ્રકારનો એમ નહીં. આ પ્રકાર બે ખરો. એક માર્ગ અને એક માર્ગનું ફળ એવી રીતે લીધું છે, જુઓ! મોક્ષનો માર્ગ બે અને એના ફળ બે એમ નથી લીધું. આહાહા! એને અંતરનો આશ્રય કરતાં લાભ થાય એ વાત અંદર બેસતી નથી. આ શું.. આ શું કહે છે? બહારમાં આ કરવું, ભટક.. ભટક્યાભટક.

ભગવાન બિરાજે અંદર પૂર્ણાનંદનો નાથ., સમજાય છે કાંઈ? આહાહા! એને શરણે જાવું અથવા એનો આશ્રય લેવો એ તો બહુ દુર્લભ લાગે છેને. એ થઈ શકતું ન હોય માટે બીજું કરીએ, એમ કહે છે. આહાહા! બીજું શું કરે પણ? ભાઈ! તારી જાતમાં ઠરવું એ જ કરી શક અને એ જ તારું કર્તવ્ય છે. આગળ કહેશે ત્રીજી ગાથામાં. નિયમથી કર્તવ્ય હોય તો તે જ છે, બીજું કોઈ કર્તવ્ય છે નહીં. ભગવાન અનંત આનંદના સાગરે બિરાજમાન પ્રભુ આત્મા છે. જેનો સ્વભાવ–જેનું શક્તિનું સત્ત્વ બેહદ આનંદ, બેહદ–અપરિમિત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અનંત પ્રભુતા, અનંત સ્વચ્છતા—એવી અનંતતા જેમાં ભરી છે એવો જે ભગવાન એનો

આશ્રય એ એક જ મોક્ષનો માર્ગ છે. બીજો માર્ગ-માર્ગ છે નહીં. એ બે પ્રકારનું આ છે. માર્ગ ને માર્ગફળ બે પ્રકારે છે. માર્ગ બે પ્રકારે છે અને એનો મોક્ષ એક પ્રકારે છે એમ છે નહીં. એમ નથી. એક જ માર્ગ ને એક જ ફળ.

**ચતુર્થજ્ઞાનધારી (મનઃપર્યયજ્ઞાનના ધરનારા) પૂર્વાચાર્યોએ...** ગણધરોએ અને પૂર્વાચાર્ય બીજા બધાય **પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં કથન કર્યું છે. ચતુર્થજ્ઞાનધારી પૂર્વાચાર્યોએ** (અર્થાત્) અનંત ગણધરોએ **પરમવીતરાગ સર્વજ્ઞના શાસનમાં...** પરમ વીતરાગ-પૂર્ણ રાગરહિત થઈ ગયા એવા પરમાત્મા, જેનું સર્વજ્ઞપણું પૂર્ણ થઈ ગયું જ્ઞાનપણે, એના કહેલા શાસનમાં આવા ગણધરોએ-ચાર જ્ઞાનના ધરનારાઓએ કથન કર્યું છે. આહાહા! શ્રુતકેવળી. **નિજ પરમાત્મતત્ત્વનાં...** હવે વ્યાખ્યા એની-રત્નત્રયની. શુદ્ધરત્નત્રય નામ આપ્યા હતા, પણ રત્નત્રય કોને કહેવું, કેમ પ્રગટે? **નિજ પરમાત્મતત્ત્વ...** દેખો! ખુલાસો. આ મારો ભગવાન નિજ પરમાત્મા. ભગવાન પરમાત્મા બિરાજે છે એ તો એના પરમાત્મા છે. આહાહા!

હમણાં ઓલાનો પત્ર આવ્યો હતો બરવાળા દરબારનો, નહીં? .... છે ત્યાં લીંબડી વ્યાખ્યાન સાંભળ્યું. ગયા હશે. પરલક્ષ કરવાની વાતું કરે છે. પરમેશ્વર આ છે અને એને... પણ તમે કહો છો કે સ્વલક્ષે થાય એ વાત ક્યાંય નથી આવતી. કાગળ આવ્યો હતો. આ તો હમણા આવ્યો બે દિ' પહેલા. કાલે આવ્યો કે પરમ દિ'. આ ભગવાનને ભજો ને આ કરો ને આ કરો. એ તો બધું પરલક્ષી થયું. તારામાં કાંઈ છે કે નહીં? આહાહા! તારા લક્ષે પ્રાપ્ત થાય, બીજાના લક્ષે પ્રાપ્ત થતો નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? ગરાસિયાએ પણ એટલું જરી ઉતારવા માંડ્યું છે. એ વાત બધી પરલક્ષીની કરે છે, ભગવાનને ભજવા, ભગવાન... તમારી વાત તો સંતો ... સ્વની છે, એમ કહે છે. સ્વના લક્ષે થાય, પરના લક્ષે નહીં. પરને લક્ષે તો વિકલ્પ થાય, સ્વને લક્ષે નિર્વિકલ્પતા ઉત્પન્ન થાય. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**નિજ પરમાત્મતત્ત્વના...** દેખો! અહીં નવ તત્ત્વની શ્રદ્ધા ને એ બધું કાંઈ અહીં ન રાખ્યું આમાં. નહીંતર તો ... નવ તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. તત્ત્વાર્થસૂત્રમાં પણ છે. પણ એનો સરવાળો આ છે. છતાં એ નવમાં પણ આ જીવને જાણે ત્યારે આઠને જાણે. ખરેખર તો એમ છે. ભૂતાર્થ.. (સમયસાર) તેરમી ગાથામાં આવશે. **भूयत्थेणाभिगदा:** એક જીવને જાણતાં બધો પર્યાય આદિના પ્રકારો, જે એમાં નથી એના પ્રકારો એમાં જણાઈ જાય છે. એને ભૂતાર્થને-આત્માને જાણવો. પોતે ત્રિકાળ જ્ઞાયકભાવ છે એને જાણવો.

એવા **નિજ પરમાત્મતત્ત્વના સમ્યકશ્રદ્ધાન...** હવે શ્રદ્ધાનથી ઉપાડ્યું છે ત્યાં. પાઠમાં એમ જ છેને. ટીકામાં લખેલું છે. પાઠમાં ત્રણ બોલ જ્ઞાન-દર્શન-ચરિત આવશે, એમ. ઓલામાં એકલી શૈલી લીધી. **નિજ પરમાત્મતત્ત્વના સમ્યકશ્રદ્ધાન...** દેખો! સમ્યગ્દર્શન. ભગવાન

પરિપૂર્ણ પોતે આત્મા સ્વભાવનો સાગર એની પ્રતીત, એની સન્મુખ થઈને અભેદની પ્રતીત એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ સમ્યક્-શ્રદ્ધાન, એનું નામ સમકિતની પર્યાય. આમાં પર્યાયનું નામ ન લેવું એવું આમાં નથી આવતું. ચેતનજી! અહીં તો મુખ્યમાં કહે છે.... એ તો દ્રવ્યને મુખ્ય કરીને (પર્યાયને) ગૌણ કરી. અહીં તો પર્યાયની વાત છે ત્યાં તો મુખ્ય-ગૌણ કાંઈ નહીં.

શ્રોતા : પ્રરૂપણામાં મુખ્ય હોય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ તો મોક્ષમાર્ગ. ઓલું તો દ્રવ્યને મુખ્ય કરી પર્યાયને ગૌણ કરી છે, એમ. અહીં તો પર્યાયની પોતાની વાત છે એમ કહેવું છે. ઉપદેશ આ જ હોય. જુઓને! આ જ ઉપદેશ કર્યો છેને. ઉપદેશ શેમાં હોય? ઉપદેશમાંય પ્રગટ કરવાની પર્યાય છેને. મોક્ષમાર્ગ છે એ પર્યાય છે, એ પ્રગટ કરવાનું છે.

શ્રોતાઃ આખરે તો ગૌણ કરવી છે તો પહેલેથી ગૌણ કરીએ તો શું નુકશાન છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આખરે એટલે ક્યારે વળી?

શ્રોતા : જ્યારે આત્માનો આશ્રય લેવો હોય ત્યારે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એને પ્રગટ કરવા માટે દ્રવ્યની મુખ્યતા બતાવીને, પર્યાયને ગૌણ કરીને પ્રગટ કરવા માટે વાત કરી છે, પણ પ્રગટ થયેલી જે પર્યાય છે એ નિજ આત્માના આશ્રયે થાય છે. સીધી વાત છે એમાં. વળી મુખ્ય ને ગૌણની વાત.... એય!

નિજપરમાત્મા... સીધી વાત લીધી છે. આમાં મુખ્ય-ગૌણનો પ્રશ્ન જ ક્યાંય નથી. એ તો આશ્રય કરાવવામાં મુખ્ય-ગૌણની વાત કરી છે. અહીં તો સીધી વાત છે એકદમ. નિજપરમાત્મા સિદ્ધ જ છે, વસ્તુ જ છે, એમ. એનું **સમ્યક્-શ્રદ્ધાન**, એનું **જ્ઞાન** અને એનું **અનુષ્ઠાનરૂપ**. છે? ત્રણેયનું એમ. પરમતત્ત્વના પરમાત્મતત્ત્વના સમ્યક્-શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-અનુષ્ઠાનરૂપ આહા! **શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ...** દેખો! શુદ્ધરત્નત્રયસ્વરૂપ માર્ગ. કહો, સમજાણું કાંઈ? આમાં 'શુદ્ધરત્નત્રય' શબ્દ હતો એ અહીં લાવ્યા. શુદ્ધરત્નત્રયસ્વરૂપ, એમ પાછું. શુદ્ધરત્નત્રયસ્વરૂપ માર્ગ. ભગવાન આત્મા પરમાત્મતત્ત્વ પોતે જ નિજસ્વરૂપે પરમાત્મા છે. પરમતત્ત્વ કહો, પરમાત્મા કહો, પરમસ્વરૂપ કહો. પોતાના પરમસ્વરૂપરૂપ તત્ત્વ એની સન્મુખની શ્રદ્ધા, સમજાણું કાંઈ? એની સન્મુખનું સમ્યગ્જ્ઞાન, એનામાં સમ્યક્-અનુષ્ઠાન. અનુષ્ઠાન શબ્દ વાપર્યો છે.

કોઈ એમ કહે કે અનુષ્ઠાન કરો, અનુષ્ઠાન કરો. અનુષ્ઠાન કોઈ ક્રિયા હશે, ચારિત્ર કોઈ બીજું હશે. અનુષ્ઠાન કરવાનુ કાંઈ બીજું હશે, ચારિત્ર કંઈ બીજું હશે. આ અનુષ્ઠાન એ જ ચારિત્ર છે. એ ઓલા...... આવે છેને. એ વળી વાતું. એમાંને એમાં જેઠાભાઈ સૂકાઈ ગયાને ઘણા વખતથી જુઓને! અનુષ્ઠાન.. અનુષ્ઠાન આવે છેને. તદ્દહેતુ. અમૃત તદ્દહેતુ અનુષ્ઠાન.

અન્યોન્ય અનુષ્ઠાન, સર્વજ્ઞ અનુષ્ઠાન, ... અનુષ્ઠાન—એવા પાંચ બોલ આવે છે. તદ્‌હેતુ અનુષ્ઠાન. આત્માને પામવાની પર્યાય માટે આ અનુષ્ઠાન કરવું. શું અનુષ્ઠાન? રાગની ક્રિયા. વાત એની શૈલી જ આખી જુદી છે. અહીં તો પોતાનો આત્મા પરિપૂર્ણ પ્રભુ... પણ વસ્તુ છેને, આત્મા અસ્તિ છેને, અસ્તિ તે સત્તા છેને. એ નિર્વિકલ્પ સ્વસહાયં–પોતાથી પોતે છે. અને પોતે છે એ પરિપૂર્ણ જ છે. વસ્તુમાં અપૂર્ણતા હોય? એમ વસ્તુની ત્રિકાળી શક્તિમાં અપૂર્ણતા હોય?

શ્રોતા : અનંતગુણમાં એક ગુણ હોય તો શું વાંધો છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એકેય ગુણ ન હોય તો દ્રવ્ય સિદ્ધ થશે નહીં, એ દ્રવ્ય જ નહીં રહે.

શ્રોતા : અનંત જ જોઈએ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અરે! એક પર્યાયનો એક અંશ કાઢી નાખે તો દ્રવ્ય સિદ્ધ નહીં થાય. એક અંશ કાઢી નાખતાં ગુણ આખો સિદ્ધ નહીં થાય અને ગુણ આખો સિદ્ધ નહીં થતા અનંતા ગુણનું એક દ્રવ્ય સિદ્ધ નહીં થાય. સમજાણું કાંઈ? એવી વાત છે. કારણ કે અનંતી પર્યાયનો પિંડ તે ગુણ અને અનંત ગુણનો પિંડ તે દ્રવ્ય. અનંત ગુણમાંથી એક પર્યાય કાઢી નાખો તો અનંત ગુણ સિદ્ધ નહીં થાય અને એક ગુણ સિદ્ધ નહીં થાય તો એવા અનંતા ગુણોનું એકરૂપ એ સિદ્ધ નહીં થાય. સમજાય છે કાંઈ?

એવું સમ્યક્-શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્-આચરણરૂપ અનુષ્ઠાન.. અનુષ્ઠાન એ છે. સ્વરૂપ નિજ પરમાત્મતત્ત્વમાં સમ્યક્ પ્રકારે ઠરવું, વિશ્રામ લેવો એ રૂપ શુદ્ધરત્નત્રય, એમ. એ અભેદરૂપ ત્રણ શુદ્ધરત્નત્રય. એવો તે **માર્ગ**... આ વાંધા ઉઠે અહીંથી. **પરમ નિરપેક્ષ હોવાથી...** આહાહા! અહીંથી વાંધા ઉઠ્યા છે. નહીં, એને સાપેક્ષતા જોઈએ, વ્યવહારથી નિશ્ચય થાય, વ્યવહારની સાપેક્ષતા જોઈએ, નિરપેક્ષ તે લંગડું છે. બે ચક્રે રથ ચાલે. એક પૈડે ચાલે? દાખલો કામ ન આવે અહીં, કહે છે. દાખલો ... દાખલો.. એક પગે ચાલે છે એમ જોયું છે ક્યાંય? ત્યાં આપણે મુંબઈમાં નહોતું એક ફેરી ૬૮માં? ૧૯૬૮.

ભાઈ! પ્રદર્શન થયું હતું. માલ લેવા ગયેલા પાલેજથી ૬૮માં. દીક્ષા ૭૦માં થઈને. સાઈઠ વર્ષ થયા. વૈશાખે... થયું. એ પહેલાં આ કાંઈ.... નહોતું. ..... એક ગાડી કરી હતી મોટી, એ એક જ પગે ચાલતી. બનાવી હતી નવી. ....... વાહન... બનાવી ગયા હતા. બેઠા નહોતા. ફક્ત અંદર પ્રવેશ કરવાના જ બાર આના હતા. ૬૮ની વાત છે. પછી તો દરરોજ જુદું-જુદું.. કોઈ વાહનમાં બેસવાના આઠ આના, ઓલામાં બેસવાનું જુદું... એ વખત અમારે આપવાના.... એક ચક્રે ચાલતી હોં. એક જ પગ, શું કહેવાય ઓલું? પૈડું. એક જ પૈડું વચ્ચે. જોયું છે મેં. એકદમ ચાલે. અહીં કહ્યું ભાઈએ, 'એક ચકસો રથ ચલે, રવિકો યહી સ્વભાવ..' એ ઓલાને ન બેઠું. ....છેને. એમાં શું છે? એક પૈડે ચાલે. અહીં કહે છે કે શુદ્ધરત્નત્રય એક માર્ગે જ મોક્ષ ચાલે. બે માર્ગ હોય નહીં. આહાહા! સમજાણું કાંઈ?

શુદ્ધરત્નત્રયસ્વરૂપ **માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી**... આમ તો ચોખ્ખી વાત કરે છે... એકલો નિરપેક્ષ નહીં, પરમ નિરપેક્ષ. આહાહા! જેને રાગ ને વિકલ્પની બિલકુલ અપેક્ષા નથી. દેવ-ગુરુની શાસ્ત્રની શ્રદ્ધા કરે તો સમકિત થાય એવી અપેક્ષા એને છે જ નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! નવ તત્ત્વની ભેદવાળી પહેલી શ્રદ્ધા કરે તો નિશ્ચય થાય એવી અપેક્ષા નિશ્ચયને છે જ નહીં. સમજાણું કાંઈ? ઓહો! પરમ પરમાત્મતત્ત્વ, એનું કહ્યું છેને, એનું સમ્યક્-શ્રદ્ધાન. સીધી એની સમ્યક્-શ્રદ્ધાન. સીધું એનું જ્ઞાન ને સીધું એનું અનુષ્ઠાન. એ પરમ નિરપેક્ષ હોવાથી.. **પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે** એમ કહે છે. ઉપાય જો અપેક્ષિત હોય તો વિકલ્પ થઈ જાય ને એનાથી મોક્ષ હોય નહીં. સમજાણું કાંઈ?

**પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે અને તે શુદ્ધરત્નત્રયનું ફળ**... તે શુદ્ધ રત્નત્રયનું ફળ... પરમાત્મતત્ત્વની... અંતર પોતાનું નિજસ્વરૂપ–પરમાત્મસ્વરૂપ એની શ્રદ્ધા-જ્ઞાન-અનુષ્ઠાન–આચરણ એનાથી, એક જ નિરપેક્ષથી પ્રાપ્ત થતું શુદ્ધરત્નત્રયનું ફળ **સ્વાત્મોપલબ્ધિ છે.** દેખો! પોતાના આત્માની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ એ સ્વાત્મોપલબ્ધિ. એ આત્માની પ્રાપ્તિ. પૂર્ણ પર્યાય થઈ એ આત્માની પ્રાપ્તિ, એમ. સમજાણું કાંઈ? **સ્વાત્મોપલબ્ધિ**... પોતાના આત્માની પ્રાપ્તિ, **નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિ**. પ્રાપ્તિ દ્રવ્યમાં આવી ગઈ હતી, પણ એની પર્યાય પૂર્ણ થઈ ગઈ એ શુદ્ધાત્માની પ્રાપ્તિ છે. સમજાણું કાંઈ? અપૂર્ણ પર્યાય ગઈ, રાગ ગયો અને એકલી પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ એ જ શુદ્ધ આત્માની શુદ્ધ સ્વાત્મોપલબ્ધિ. ભારે પણ ટીકા કરી છેને! લ્યો, માર્ગ ને માર્ગનું ફળ બે કહ્યું. નીચે નોટ. શુદ્ધરત્નત્રયની નોટ.

**શુદ્ધરત્નત્રય અર્થાત્ નિજ પરમાત્મતત્ત્વની સમ્યક્-શ્રદ્ધા**... પોતાનો ભગવાન પૂર્ણ સ્વરૂપ એની અંતર શ્રદ્ધા... અંતર શ્રદ્ધા એટલે આ 'છે' એમ એટલું નહીં, અંતરના જ્ઞાનમાં આવીને શ્રદ્ધા. **તેનું સમ્યગ્જ્ઞાન અને તેનું સમ્યક્-આચરણ**... લ્યો અનુષ્ઠાનનો અર્થ એ થયો. **પરની તેમ જ ભેદોની લેશ પણ અપેક્ષા રહિત**... પરદ્રવ્યની તેમ જ પોતાના પર્યાયભેદોની—વ્યવહાર આદિ ભેદ એનો **લેશ પણ અપેક્ષા રહિત હોવાથી**... સમજાણું કાંઈ? **તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે**... લેશ પણ ભેદની અપેક્ષા રહિત હોવાથી તે... જેને પરને ભેદની અપેક્ષા નથી માટે તે શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? પોતાનો પરમાત્મા નિજસ્વરૂપ એની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એને પરની કાંઈ અપેક્ષા નથી. માટે તે મોક્ષનો ઉપાય છે.

**તે શુદ્ધરત્નત્રયનું ફળ**... મોક્ષના ઉપાયની વ્યાખ્યા કરી. એને પરની અપેક્ષા નથી. **તે શુદ્ધરત્નત્રયનું ફળ શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ**... આત્મોપલબ્ધિ કીધીને. આત્મ-ઉપલબ્ધિ એટલે પૂર્ણ. નહીં તો આત્મા દ્રવ્ય છે તો પ્રાપ્તિ છે જ. **શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ** એટલે એની પર્યાયની પૂર્ણ દશા.. પૂર્ણ દશા.. ભગવાન આત્માની પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા—એવી પૂર્ણ દશાની પ્રાપ્તિ તેને સ્વાત્મોપલબ્ધિ કહે છે. આહાહા! એક-

એક ગાથાએ કેટલું સ્પષ્ટ છે! આને હશે, આને હશે, આને થાય, આને થાય એવું લથડફથડ તત્ત્વ જેવું નથી અહીં કાંઈ. ભઈ! આમ ન પહોંચે તો પાંચ હજારના ચાર હજાર આપ (એમ) વાણીયો કહેને. ન પોગ તો ત્રણ હજાર આપ. એવું અહીં કાંઈ છે નહીં, કહે છે. થોડું મોળું મૂકો થોડું મોળું, એમ કહે છે. વાણીયા મૂકેને થોડું મોળું.... ... થોડું મોળું મૂકો.

એમ અહીં કહે છે ઓલા. ઓલા છેને મુંબઈના શેઠીયા. એય! એને ખબર છેને. થોડું મોળું મૂકે મહારાજ ને અમે થોડું મોળું મૂકીએ તો આપણે ભેગા થઇએ. કહો! આ વાણીયાવાળી છે આવી? મનમાં રાખે કાંઈ કે આની–કણબી પાસે બે હજાર સિવાય વધારે નથી. પણ પાંચ હજારથી એક પાઈ ઓછી લેવી નથી એમ ન્યાંથી માંડે વાણિયો. ઓલો કહે કે પણ એક હજારથી વધારે પાઈ છે નહીં અમારી પાસે, એ ન્યાંથી માંડે. એમ કરતાં-કરતાં ઓલો આવે ચાર ત્રણ ને અઢી અને ત્યારે આ આવે અગિયારસો, બારસો એમ કરતાં-કરતાં ભેગા થઈ જાય બે હજારે. પોપટભાઈ! એવું હશે આ? આહાહા! સોળેસોળ આની લે. પંદર આના ચૂકવે એ કાંઈ શાહુકાર કહેવાય? સમજાય છે કાંઈ? હા, દૂધમાં ધોઈને એમ (સાંભળ્યું) હતું નાની ઉંમરમાં.

મામાએ પૈસા આપેલા હશે. મામા! તમારા દૂધે ધોઈને પૈસા આપશું. એવું સામેથી કીધું. દૂધે ધોઈને આપશું હોં. કાળી રાત્રે અમે આવ્યા હતા ને તમે આપ્યા હતા હોં અમને. તમને દૂધે ધોઈને આપશું. એ ભાષા મીઠી. એ ભાષા સાંભળી છે, બરાબર સાંભળી છે. આ મકાન માટે સાંભળી છે. આ મકાન નવું લીધુંને ખુશાલભાઈએ. એ મકાનમાં રહેતા એક બ્રાહ્મણ. ઘણા વર્ષ–૭૦ વર્ષ પહેલાની વાત છે. પૈસા લીધા હશે, આ મોટા લોકો.... અમારી બા ત્યાંના કહેવાય ખરાને. મામા! આ પૈસા અમે લીધા છે હોં, ધોઈને આપીશું, એમ બોલે. દૂધે ધોઈને મામા! તમને આપીશું. ૭૦-૭૧ વર્ષ પહેલાની વાત છે. બરાબર સાંભળેલા શબ્દો છે. બરાબર એ મકાનની મોઢા આગળ ઊભા હતા ને કીધેલા. આહાહા! સારા માણસ તો કાંઈ એમ બીજું બોલે? આહાહા!

કહે છે કે શુદ્ધરત્નત્રય, ભગવાન આત્માએ રત્ન પ્રગટ કર્યાં. આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ્યારે રત્ન કહ્યા તો એના ફળને–મોક્ષને શું કહેવું! અને એના ફળની–મોક્ષની પર્યાયની પ્રાપ્તિ એવી અનંતી પડી છે જેમાં–ભગવાન આત્મામાં, એને તો મહા રત્નનો સાગર કહેવાય. સમજાણું કાંઈ? આ આવો કેમ બેસે? બીડી વિના ચાલે નહીં. અડદની દાળ સરખી સદડી ન થઈ હોય તો આમ ઢીંચણીયા ઊંચા થાય. સરખું કર્યું નથી. આવડતું નથી? તમારે ઘરે જમાઈ આવ્યો છે, આકરો છે માળો. અડદની દાળ ને પાણી બેય... અડદની સમજતે હો? ઉડદ. છાશ ને એકસરખી ન થાય. એકસરખી એટલે? આમ બરાબર ચડીને આમ એકરસ ન થાય ને છોતા... થઈ હોય. પોપટભાઈ! અને સત્તાપ્રિય માણસ હોય. એનો દીકરીનો સાસરો

આવ્યો હોય ને એ પણ સત્તાપ્રિય હોય ને આમ જ્યાં ભાળે ત્યાં આંખ્યું આમ થઈ જાય. કોણે કરી છે આ? એને કહે કે આત્મા આવો. (શ્રોતાઃ...) ઐસા હોતા હૈ.

ભગવાન! તું ગમે તેમ કર, પણ છે તો આવો હોં. આહાહા! એક સ્ત્રી જેવી કટાક્ષ નાખે ત્યાં ફરી જાય... આહાહા! મને પસંદ કરે છે. અરે પ્રભુ! શું છે તને આ? સમજાય છે કાંઈ? તારા કટાક્ષે ચાર કર્મનો ભૂકો ઉઠે એવો તું છો. આહાહા! સમજાય છે કાંઈ? એવો પ્રભુ પોતે છે એની એને કિંમત નહીં ને બહારમાં જરીક કાંઈક થાય તો એને પ્રસન્નતા–આહલાદ, ઉલ્લસિત વીર્ય થઈ જાય એનું. આહાહા! મને આણે પસંદ કર્યો. અરે ભગવાન! તું પસંદ કરને તારા આત્માને. હવે બહારની ક્યાં માંડી તેં આ? આહાહા! તારા રત્નત્રયની આવી કિંમત કે જેના રત્નત્રયમાં મોક્ષ મળે, એ રત્નત્રયનો આધાર તો તું છો. તારે લઈને રત્નત્રય પ્રગટે છે લ્યો. આવો તું મહારત્નનો સાગર અને કાંકરા વીણવા મંડ્યો. આહાહા! હંસલા અનાજ ન ખાય. એ મોતીના ચારા ચરે. ભૂખ્યા રહે પણ કાંકરા ન ખાય, એમ ભગવાન આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અણમોલા રત્નના અનુભવ કરે. રાગ આદિનો અનુભવ જ્ઞાની–ધર્માત્મા–આત્માના જાણકાર કરતા નથી. એનો કળશ કહેશે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ ૪, મંગળવાર, તા. ૨૧-૧૨-૧૯૭૧**
**શ્લોક - ૯, ગાથા - ૩, પ્રવચન નં. ૪**

આ નિયમસાર, જીવ અધિકાર છે. બીજી ગાથાનો નવમો કળશ છે. મોક્ષમાર્ગ અને એનું ફળ એમ વર્ણન કર્યુંને? ત્યારે એનું ... કહે છે, સંસાર અને સંસારનું ફળ. એ મોક્ષમાર્ગમાંથી ફળ આવ્યું એ ફળશે.

**क्वचिद् व्रजति कामिनीरतिसमुत्थसौख्यं जनः**
**क्वचिद् द्रविणरक्षणे मतिमिमां च चक्रे पुनः ।**
**क्वचिज्जिनवरस्य मार्गमुपलभ्य यः पंडितो**
**निजात्मनि रतो भवेद् व्रजति मुक्तिमेतां हि सः ॥९॥**

**શ્લોકાર્થ : મનુષ્ય ક્યારેક કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ–**ગમન **કરે છે...** અનંતકાળમાં અનંત વાર એ કામિની–સ્ત્રીના ભોગ પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ એના ઉપર ગતિ કરે છે. એનું ફળ સંસાર દુઃખરૂપ છે એમ કહે છે. મોક્ષમાર્ગ ને માર્ગનું ફળ વર્ણવવું છેને અહીંયા. આ કુમાર્ગનું ફળ સંસાર રખડવાનું છે. કહો, સમજાણું કાંઈ? **કામિની પ્રત્યે...** શાસ્ત્રમાં આવે છે બ્રહ્મદત્ત ચક્રવર્તીનું. એને એક સ્ત્રી હતી. ચક્રવર્તીની એક (મુખ્ય) સ્ત્રી હોય છે જેની હજાર દેવ સેવા કરે છે. સ્ત્રીરત્ન કહે છે એને. મુખ્ય હોય એની હજાર દેવ સેવા કરે. એનામાં એટલો તલ્લીન થઈ ગયો મરતાં, કુરૂમતી.. કુરૂમતી.. કરીને દેહ છૂટી ગયો. રાણી પ્રત્યે એનો એટલો પ્રેમ (કે) ૩૩ સાગર નરકમાં ગયો. સાતમી નરકમાં ૩૩ સાગરની સ્થિતિ. સમજાણું કાંઈ? એ એનું ફળ. કામિની પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ (અર્થાત્) માનેલી કલ્પના. આહાહા!

એણે આત્માના સુખની દરકાર કરી નહીં એમ કહે છે. માર્ગનું કહેવું છેને અહીંયા. ભગવાને કહેલો માર્ગ એણે આચર્યો નહીં. આ જ આચરણ કર્યું. નરકમાં ૩૩ સાગરની સ્થિતિ. ગણિતકારે એકવાર ગણિત ગણ્યું હશે. જીવરાજજી પાસે લખ્યું હતું. એના એક શ્વાસમાં.. એક શ્વાસ.. સાતસો વર્ષના શ્વાસ આવેને શ્વાસ ભાઈ! શ્વાસ. એક શ્વાસનું ફળ દુઃખનું ભોગનું, એને અગિયાર લાખ છપ્પન હજાર નવસો પચ્ચીસ પલ્યોપમ (આવ્યું). એક શ્વાસ. સાતસો વર્ષ ભોગવ્યું હતું એણે બ્રહ્મદત્તે. સાતસો વર્ષ. કામિની–સ્ત્રી પ્રત્યે બહુ એને (પ્રેમ). હજાર દેવ સેવા કરે રાણીની. બહુ લીનતા. એના ફળમાં એ ૩૩ સાગર નરકે ગયો. અત્યારે છે હજી ત્યાં. પણ એનો શ્વાસ ગણાય શ્વાસ, (તો) એક શ્વાસના ફળ તરીકે નરકમાં ૧૧ લાખ ૫૬ હજાર ૯૨૫ પલ્યોપમ. એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. આહાહા!

... શું કીધું...? તેં અંદર કીધું હતુંને આ કીધું ત્યારે. એ તો અનંતકાળ..... આ શું ભૂલ કરી? એટલો બધો...... સમજાણું કાંઈ? એક શ્વાસનું સુખ કલ્પનાનું. એ સુખ ક્યાં હતું? એ તો આકુળતા છે. એના ફળ તરીકે ૧૧ લાખ ૫૬ હજાર ૯૨૫ પલ્યોપમ હોં. ઓહો! ગજબ વાત છે આ! એણે અનંતવાર એમ કર્યું છે હોં. પોપટભાઈ! ... સંવર પછી આવશે. આહાહા! અહીં તો કામ, અર્થ અને મોક્ષ ત્રણની વાત લેવી છેને. તેના કામના વિષયોમાં લીન... ત્યારે કહ્યું છેને, એવા સંસારમાં... આહાહા! આત્માના આનંદના સુખને ભૂલી, આ સુખની કલ્પનામાં એટલો લીન થઈ ગયો કે જેના એક શ્વાસનાં ફળમાં... ગજબ વાત છે! આહા! કેટલા પલ્યોપમ! એક શ્વાસ એના ફળમાં આટલા પલ્યોપમનું દુઃખ. આહાહા! સમજાણું કાંઈ? એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. અરેરે! છોટાભાઈ! નહીં તો એમ તો કહેતા હતા કે એક મિનિટમાં ઘણા અસંખ્ય અબજ વર્ષનું દુઃખ. કોઈક પાસે ગણતરી કરી... જીવરાજજી પાસે લખેલું. કોઈકે ગણતરી કરીને આંકડો આપ્યો. એક શ્વાસમાં આટલા પલ્યોપમ થાય. ૩૩ સાગરનું.... કહો! આહાહા!

**મનુષ્ય ક્યારેક**... અરે! અનંતકાળમાં રઝળતો... **કામિની**–સ્ત્રી **પ્રત્યે રતિથી ઉત્પન્ન થતા સુખ તરફ ગતિ કરે છે**... એનું ફળ સંસાર છે એમ કહેવું છેને અહીંયા. માર્ગનું ફળ મુક્તિ, તો આનું ફળ દુઃખ, એમ કહેવું છે. ત્રણ પ્રકાર—બે દુઃખના ને એક સુખનું. **અને વળી ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે.** પૈસા મેળવવા રક્ષા.. રક્ષા.. રક્ષા. સમજાણું કાંઈ? પૈસા.. પૈસા.. 'પૈસા મારો પરમેશ્વર ને હું એનો દાસ' આવે છે કાંઈક. કહે છેને તમારે? 'પૈસા મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ' એમ કાંઈક કહે છે લોકો. વાતું સાંભળીએ. આહાહા! મોહનભાઈ! પૈસાના દાસ થઈને પૈસાની રક્ષામાં (રહેવું) એ મહાપરિગ્રહ છે, એમ કીધું. ઓલો મહાભોગ, આ મહાપરિગ્રહ. એની બુદ્ધિ કરે છે એ પણ આ રીતે નરકમાં જાય છે. આહાહા! અથવા સંસારમાં તિર્યંચાદિના નીચ કુળમાં જાય છે. સમજાણું કાંઈ? આહાહા! વાણિયા હોય તો નફા-ખોટનો વિચાર કરે. પંડિતજી! આહાહા!

**ક્યારેક ધનરક્ષાની બુદ્ધિ કરે છે**. એ પણ સંસારની ગતિમાં દુઃખને જ ભોગવે અસંખ્ય.. અસંખ્ય અબજ વર્ષ સુધી. અરે! આ મહા મમતા તીવ્ર આદિ હોય તો મરીને વળી નિગોદમાં પણ જાય. ત્યાં તો એના દુઃખની શું વાત કરવી? ઓહોહો! ત્યાં તો ૭૦ ક્રોડાકોડી સાગરોપમ લ્યો. આ વળી ૩૩ સાગર કીધું, લ્યોને આ નારકીને. નિગોદમાં જાય તો ૭૦ ક્રોડાક્રોડી સાગર. નિગોદમાં ને નિગોદમાં ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ. એક સાગરમાં ૧૦ ક્રોડાક્રોડી પલ્યોપમ. એવા ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ. જેના શ્વાસમાં પણ અઢાર ભવ.. આહાહા! કહે છે કે એણે આવું કર્યું, પણ તેં જિનવરનો માર્ગ આદર્યો નહીં હોં. સમજાણું કાંઈ? પોપટભાઈ! પૈસાની રક્ષા માટે દોડાદોડ કરી તેં. પણ ભાઈઓમાં મોટા થયાને. પૈસાવાળા મોટા ગણાય. ભાઈઓ એમ કહે

કે આહાહા... પોપટભાઈ પુણ્યશાળી બહુ. ક્યાં વઢવાણ....? કર્મી બહુ. આપણા બાપ પાસે આટલા બધા પૈસા નહોતા. આણે તો કુટુંબમાં મોટા બહુ પચાસ-સાઠ લાખ રૂપિયા ને ઢીકણું.... નાખો મોટી મેડીયું ને. માણસ વાતું કરે કે નહીં? માણસ વાતું કરે એમાં શું ડાળીયા થયા? યાદ રહે. આહાહા! અરે! એવા બધા મૂરખ કીધા છે પહેલા બે. હવે પંડિત. વિષયના સુખમાં ગતિ કરનારા, ધનરક્ષાની વૃદ્ધિ કરનારા મૂરખ મોટા છે.

**જે પંડિત ક્યારેક જિનવરના માર્ગને પામીને...** ઓહો! 'જિનશાસન' આવ્યું હતુંને? **जिणसासणे समक्खादं...** પાઠમાં હતું. **मग्गो मग्गफलं ति य दुविहं जिणसासणे समक्खादं..** વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમણે જે માર્ગ કહ્યો, એવા જિનવરના માર્ગને પામીને... ઓહો! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો જે માર્ગ એને પામીને... આહાહા! **નિજ આત્મામાં રત થાય છે**... ઓલો કામિનીમાં રત હતો, ઓલો ધનની રક્ષાની બુદ્ધિમાં લીન હતો, આ નિજ આત્મામાં રત થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઓહો! મારો ભગવાન પૂર્ણ આનંદનો નાથ હું છું. એમ આનંદસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર કરી નિજ પ્રભુ આત્મામાં જે લીન થાય છે **તે ખરેખર આ મુક્તિને પામે છે**. એના અસંખ્ય સમયનું સાધક મોક્ષમાર્ગ, એનું ફળ અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત સાગરોપમ. આહાહા! ઓલાને તો એટલું (ફળ) ન આવ્યું. સમજાણું કાંઈ?

અનંત સાગરોપમ. અનંત ક્રોડીક્રોડી... સાદિ-અનંત (કાળ છે) પછી પ્રશ્ન ક્યાં છે? આહાહા! જે આવો અસંખ્ય સમય પોતાના સ્વરૂપમાં લીન થયો, એવો અસંખ્ય સમયનો મોક્ષમાર્ગ, એનું ફળ અનંત સમયનું–અનંત કાળનું મુક્તિનું ફળ. ફળ બતાવવું છેને! સમજાણું કાંઈ? ફળ બતાવ્યું—ઓલા બેનું સંસારનું ફળ, એક આ ફળ બતાવ્યું. સમજાણું કાંઈ? એક સમયનો મોક્ષમાર્ગ, એમ અસંખ્ય સમયનો મોક્ષ. કારણ કે મોક્ષમાર્ગમાં અસંખ્ય સમય તો જોઈએ છે મોક્ષને માટે. અસંખ્ય સમયમાં એકેક સમયનું ફળ કેટલું આવ્યું એને? અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત ક્રોડાક્રોડી. આહાહા! અંત જ ન મળે. એવું મુક્તિની ફળ આ માર્ગ... છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! માળે દુનિયાની દરકાર આડે આ પડ્યું રહ્યું. સમજાણું કાંઈ? બેયને લીધા છે અહીં—વિષયવાળાને, પૈસાવાળાને. અને આત્મલક્ષ્મીના પામનારને. ત્રણને લીધા. આહા!

જે આત્માના સુખમાં લીન છે, એમાં જેની બુદ્ધિ ને રુચિ છે, એવા જૈનધર્મ... જૈનધર્મ એટલે આત્માનો સ્વભાવ. આનંદની પ્રાપ્તિ તે જૈનધર્મ. સમજાણું કાંઈ? આવા ધર્મને–માર્ગને જે પ્રાપ્ત છે એ નિજ આત્મામાં રત થાય છે. માર્ગને પામીને.... પામવું એટલે શું કહ્યું? કે નિજ આત્મામાં લીનતા એ નિજમાર્ગ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? રાગમાં ને પુણ્યમાં ને પાપના પરિણામમાં રત એ સંસાર છે. આ તો પોતાનો ભગવાન આત્મા એવો જે માર્ગ હતો

એ પામ્યો એમાં રત છે. એ નિજ આત્મામાં રત છે. આત્મા દ્રવ્ય ત્રિકાળી, એની પર્યાય રત. એ મોક્ષમાર્ગ એટલે લીનતા. સમજાણું કાંઈ? આત્મામાં લીનતા એ મોક્ષનો માર્ગ. એ રત થાય છે... રાગ ને પુણ્ય-પાપના વિકલ્પનું રતપણું જે છોડે છે, તે ભગવાન આત્મા આનંદમૂર્તિમાં રત થાય છે. સુખનો સાગર ભગવાન આત્મા એમાં લીન થાય છે.

એ લીનનું ફળ **ખરેખર આ મુક્તિને પામે છે.** કહો, આ માર્ગ ને માર્ગનું ફળ કહ્યું. આહાહા! એક પણ વાક્ય, એક પણ ભાવ એ બરાબર વિચારે તો એને કાંઈક દેખાય. એમને એમ ચાલ્યો જાય માળો અનંતકાળથી. એ બે ગાથા થઈ. 'ચક્રે'નું આવી ગયું. કરે છે એ. પંડિતજી! ચક્રે એટલે કરે છે. આવી ગયુંને પહેલા? ભાઈએ કર્યુ છેને. 'ક્ર' બે થયું એને 'એ' કરીએ તો થાય 'ચક્રે'. આહાહા! ચક્કરમાં ચડી ગયો. બુદ્ધિ ત્યાં ચડાવી દીધી ચક્રે. આહાહા! એવી વાત છે ભાઈ! આહાહા! ત્રીજી ગાથા.

**णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं ।**
**विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं ॥ ३ ॥**

આહાહા! એકેક પદના વાંધા. એવા ત્રણ પદ છે આ.

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**

સમુચ્ચય ઉપદેશ આપવો હતોને એટલે એ નાખ્યું. ત્રણ નામ ન આપ્યા. સમુચ્ચય છે.

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
**વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.**

**અન્વયાર્થ : નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય તે.** દેખો! પર્યાય નક્કી કરવાયોગ્ય છે. આહાહા! નિયમ એટલે? નિયમ એટલે નિયમથી એટલે નક્કી. **यत् कार्यं...** જે કરવાયોગ્ય કાર્ય. **यत् कार्यं** એમ છેને? જે કરવાયોગ્ય હોય તે. આહાહા! **यत्**—જે કરવાયોગ્ય હોય તે. શું કરવાયોગ્ય છે? જ્ઞાન-દર્શન ને ચારિત્ર. પર્યાય કરવાયોગ્ય છે ને તેમાં જ્ઞાન તેને લઈને જ્ઞાન-દર્શન-ચારિત્ર. બીજું પદ એમાં વાંધા. પહેલામાં, પર્યાય કરવાયોગ્ય છે એમ કીધું. કઈ? જ્ઞાન-દર્શન ને ચારિત્રની. સમજાણું કાંઈ? આહાહા! દરેકનો અર્થ પણ ક્રમસર લેશે ટીકામાં. નિયમથી જે કરવાયોગ્ય છે.. આહાહા! એનો અર્થ કે પર્યાય જ્ઞાન-દર્શન-ચારિત્ર તે નિશ્ચયથી કરવાયોગ્ય છે, એ કર્તવ્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

વ્યવહાર સમ્યગ્દર્શન એ પણ કર્તવ્ય નથી એમ કહે છે આમાં. પરનું કર્તવ્ય તો છે જ નહીં. આહા! કરી શકતો નથી, એ તો માને છે. આ રળવું, ફલાણું કરવું, આ કરવું ને આ કરવું, લાદી ફેરવવી. લાદી ફેરવવી પડેને. બાંધે ને... લાદી કરતા હતા, એક ઠેકાણે ગયા હતા, નહીં? ઓલો પોરબંદર. ભાઈને છેને કોઠારીને છે. નવનીતભાઈને, નહીં? અમે લાદી જરી જોવા ગયા

તો બતાવતા હતા. આમ લાદી કરે તરત કરે આમ ફટ. ફટ.. ફટ લાદી બનાવે એકદમ. પહેલો મસાલો નાખે, થોડીવાર... એકદમ ભીંસ કરે ત્યાં લાદી થઈને બહાર નીકળે. કોઠારી. .... એક કોર ખજૂરનો ધંધો ચાલે, એકકોર આવા ધંધા ચાલે. ધનના ઢગલા કરવા છે. કરોડપતિ તો થયા છે.

એકવાર જંગલ ત્યારે મનસુખભાઈ સાથે હતા. એક દિ' એ નહોતા. ગયા ત્યારે રસ્તામાં...... મહારાજ! અહીં ઉતરો. જગ્યા છે ઘણી. શું કરવું હશે આનું? કારખાનું કાઢવું છે. કારખાનું કહે? શું કહે? .... લીલોતરી છે ભાઈ! નજરે જોઈએ લ્યો. હેઠે ન ઉતરાય. લીલોતરી પર વગર કારણે (પગ ન મૂકાય). અહીં અમારે કરવું છે આ. કેમ? ખજૂરનો વેપાર બે ચાર વર્ષ ઓછો હતો. ૧૫-૧૫ લાખની પેદાશ વર્ષની. ધૂળમાંય...... કહે છે કે અહીં હવે છોકરા સચવાય એમ બોલ્યા હતા કાલ. છોકરા માટે કરે છે..... છોકરા માટે. એય હિંમતભાઈ! તમારે આવ્યું છેને માથે મોટું. છોકરા માટે કરવું છે અમારે. પાછળથી આ ખજૂરનો ધંધો ઓછો થઈ જાય તો. .... ખોટું બોલે છે. એ તો એનો ખજૂરનો વેપાર સદાય રહેવાનો છે. ....એમ ચાલે. આ સંસાર છે. એય! ૨૦-૨૦ લાખની પેદાશ એક વર્ષની. અહીં તો....... આહાહા!

બાપુ! નિશ્ચયથી તો એ કાંઈ કરી શકતો નથી, પણ વ્યવહાર રત્નત્રય પણ ખરેખર કરવાલાયક નથી એમ કહે છે. અશુભભાવ તો કરવાલાયક નથી, પરનું તો કરી શકતો નથી, અશુભભાવ કરવાલાયક નથી, પણ શુભભાવેય કરવાલાયક નથી એમ કહે છે અહીં. આહાહા! સમજાણું કાંઈ? નિયમથી જ્ઞાન-દર્શન-ચારિત્ર કરવાલાયક છે. કરવા જેવું હોય તો આ છે. આહાહા! શેને આશ્રયે થાય એ પછી પ્રશ્ન. પણ કરવાયોગ્ય આ છે. એ દ્રવ્યને આશ્રયે થાય છે. કંઈ પર્યાયને આશ્રયે થતો નથી. એ તો કરવાયોગ્ય છે. પણ કોને આશ્રયે? કે દ્રવ્યને આશ્રયે. એ ખુલાસો લેશે. સમજાણું કાંઈ? આહાહા! ભારે પણ આ!

એક તો વિષયભોગ, સ્ત્રી સુંદર આદિ હોય એની એક તો મૂર્છા અને એમાં એક પૈસા પાંચ-પાંચ-દસ કરોડ મળે ધૂળ લ્યો. આહાહા! એય મલૂકચંદભાઈ! એના છોકરા પાસે બે-ત્રણ પાંચ કરોડ. બે છોકરા પાસે પાંચ કરોડ. નવરો થાતો નથી ન્યાં મમતાથી. એનો બાપ ઘણું કહે પણ માનતો નથી. એમ છે? ન્યાં સ્વીત્ઝરલેન્ડ... માળે પૈસા છે ને છોકરો એકેય નથી. છોકરી એક હતી એ પરણાવી દીધી. શું કરે છે આ રૂપિયાથી? લોક.... જેવું લાગે. આહાહા! અરેરે! ભાઈ! એ તો ...ના કર્તવ્ય થયા. અકર્તવ્યને કર્તવ્ય માન્યા તેં, એમ કહે છે. એ અકર્તવ્ય છે તેને કર્તવ્ય માને છે. આહાહા!

ભગવાન આત્મા અંતર્મુહૂર્તમાં પૂર્ણાનંદનો નાથ એનો આશ્રય લેતાં કરવાયોગ્ય તો સમ્યગ્દર્શન-જ્ઞાન છે. એનું જ્ઞાન, એનું દર્શન, એનું ચારિત્ર એ કરવાલાયક છે. સમજાણું કાંઈ? હવે જેને સાંભળવાનો મોખ ન મળે, એને સમજવાનો મોખ તો ક્યાંથી આવે? આહાહા! અરેરે!

સમય સમય ચાલ્યા જાય છે આવી રીતે. મૃત્યુને મુખે પડ્યો છે. સમયે સમયે મૃત્યુની નજીક જાય છે અને આ જાણે કે હું કાંઈ વધું છું, મોટો થાઉં છું. હવે ... ગણતરી શું કરવી? સમજાણું કાંઈ? ઓહો! કરવાયોગ્ય હોય તો આ છે. હવે કહે છે કે ત્યારે 'સાર' શબ્દ મૂક્યો છેને? એ તો નિયમની વ્યાખ્યા કરી. નિયમની કરી. જીવને નિશ્ચયથી કરવાયોગ્ય હોય તો જ્ઞાન, દર્શન ને ચારિત્ર તે કર્તવ્ય ને કરવાલાયક છે. પર્યાય કર્તવ્ય ને કરવાલાયક છે એ ઉપાડ્યું અહીંથી. મોક્ષમાર્ગ પણ પર્યાય છે અને એનું ફળ પણ પર્યાય છે. ... એ પણ પર્યાય છે. તીર્થ ને તીર્થનું ફળ આવશેને, બપોરે આવશે. એનો ઉપાય છે એ પણ પર્યાય છે, એનું ફળ પણ બધું પર્યાય વ્યવહાર છે. પર્યાય છેને. કહો, સમજાણું કાંઈ?

**વિપરીતના પરિહાર અર્થે જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ...** નિશ્ચય સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રથી વિરુદ્ધ **ભાવોના...** વિરુદ્ધ પર્યાયના **ત્યાગ માટે** લ્યો. **ખરેખર...** અહીં વાંધા. પહેલામાં પર્યાય કર્તવ્ય આવ્યું, બીજામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણ નામ આવ્યા. સમકિત પહેલાં જ્ઞાન આવ્યું. ત્રીજામાં વિપરીતનો પરિહાર એ વાંધા. આહાહા! વિપરીત એટલે મિથ્યાદર્શન ને એ. અહીંયા નિશ્ચય છે એનાથી નયનો વિષય બે વિપરીત જ છે, બેનો વિરોધ છે. વિરોધ જ છેને. નયમાં 'વિરોધધ્વંસિની' ન આવ્યું? ઉભય.... એનું સમાધાન અનેકાંતપણું છે. આહાહા! **ખરેખર 'સાર' એવું વચન કહ્યું છે**. 'સાર' શબ્દને માટે ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, નિશ્ચયથી ભગવાન આત્મા ઉપર–દ્રવ્ય ઉપર પર્યાય કર્તવ્ય છે. પ્રવચનસાર (ગાથા ૨૧)માં આવે છેને. 'અસાધારણ જ્ઞાનને ગ્રહીને..' ભાઈ! ઉપર છેલ્લો શબ્દ ત્યાં. .... અંદર તો છે જ. અસાધારણ જ્ઞાનને એકરૂપ કારણને ગ્રહીને કેવળજ્ઞાન આદિ પ્રગટ થાય છે. એ ઉપર છે, એ તો પર્યાયમાં છે. અંદરમાં ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે સત્ય ભગવાન આત્મા એવો સત્‌સ્વરૂપ પરમેશ્વર એનું જ્ઞાન, એની શ્રદ્ધા, એનું ચારિત્ર એ જ કરવાલાયક છે. સમજાણું કાંઈ? 'સાર' કહીને એનાથી વિરુદ્ધ વ્યવહાર એનો પરિહાર કરવા માટે 'સાર' શબ્દ કહેવામાં આવ્યો છે. વ્યવહાર રત્નત્રય એ પરિહાર કરવાલાયક છે એમ કહે છે, છોડવાલાયક છે. આ કરવાલાયક છે. સમજાણું કાંઈ? માર્ગ આકરો લાગે, ઝીણો લાગે, પણ એને કર્યે છૂટકો છે. આ કર્યા વિના એને ક્યાંય શાંતિ નથી. સમજાણું કાંઈ? અરેરે! ચોરાશીના અવતારમાં બહારની પ્રશંસા ને બહારના અધિકપણે દેખાવવા એવા ભાવ કર્યા, આહાહા! પણ મારો ભગવાન રાગથી ભિન્ન ને પર્યાયથી પણ અધિક–ભિન્ન છે. આહાહા! એવો અધિકનો દેખાવ એણે ન કર્યો. સમજાણું કાંઈ? કહે છે કે એ વ્યવહારના પણ દેખાવ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતના પરિણામનો રાગ, શાસ્ત્રના ભણતરનો રાગ—એ રાગને છોડવા માટે 'સાર' શબ્દ યોજેલ છે. વ્યવહાર છોડવાલાયક છે, આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? આહાહા! હવે ટીકા.

**ટીકા : અહીં આ (ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે તેના પ્રતિપાદન દ્વારા**–તેના કથન દ્વારા **સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.** લ્યો, એમણે પોતે જ ખુલાસો કરી નાખ્યો. ઓલો વ્યવહાર એ સ્વભાવરત્નત્રય નથી, વિભાવ છે. આ સ્વભાવ-રત્નત્રય, જેને શુદ્ધરત્નત્રય કહેશે એ સ્વભાવરત્નત્રય છે. સ્વભાવરત્નત્રય એટલે શું એમને એમ થઈ ગયો? અહીં કેવળજ્ઞાનને સ્વભાવ કીધો છેને, એમ કહે છે. વાણીનો સ્વભાવ હતો એ પ્રગટ્યો, એમ આવે છેને. એમ એનો સ્વભાવ કેવળજ્ઞાન હતો એ પ્રગટ્યો, એમ આવે છેને. સાતમા અધ્યાયમાં આવે છે મોક્ષમાર્ગ (પ્રકાશક)માં. પણ એ પ્રગટ્યો એ સદ્‌ગુણ પ્રગટ્યો એમ કહે છે. આહાહા! એમ કે ગુણ પ્રગટ્યો. સ્વભાવ પ્રગટ્યો? સ્વભાવ તો જેવો સ્વભાવ–ગુણ છે એવો જ આ સ્વભાવ છે એમ કહે છે. એમ નથી. આહાહા!

આ સ્વભાવરત્નત્રય તો પર્યાય છે. વ્યવહારશ્રદ્ધાનો વિકલ્પ છે એ વિભાવ છે અને આ સ્વભાવ છે. છે તો બેય પર્યાય. સ્વભાવરત્નત્રય કીધો માટે ગુણ છે, સમ્યગ્દર્શન ગુણ છે, સમ્યગ્જ્ઞાન ગુણ છે, સમ્યક્-ચારિત્ર ગુણ છે.... છે તો પર્યાય, પણ અવગુણ ટળીને પર્યાય થઈ માટે ગુણ કહેવામાં આવે છે, બાકી છે તો પર્યાય. ભારે હજી તો વાંધા. દ્રવ્ય, ગુણ ને પર્યાયના વાંધા. આહાહા! આ શબ્દના અર્થના વાંધા. ભાવ તો ક્યાંય રહી ગયો. આહાહા! **આ ગાથામાં 'નિયમ' શબ્દ**... નિયમસાર છેને ગ્રંથનું નામ. આ બાજુ નિયમસાર છે, આ બાજુ જીવ અધિકાર છે. જુઓને! એ **'નિયમ' શબ્દની સાથે 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે તેના** કથન દ્વારા–**પ્રતિપાદન દ્વારા**–કથન દ્વારા **સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે**. સમજાણું કાંઈ? સ્વભાવરત્નત્રય એટલે નિશ્ચય મોક્ષમાર્ગ. જેમાં વિભાવનો અભાવ છે એવું જે ત્રિકાળી સ્વરૂપ એની શ્રદ્ધા જ્ઞાન ને ચારિત્ર એ પણ સ્વભાવરૂપ છે, એનું આ સ્વરૂપ કહ્યું છે.

**જે સહજ પરમ પારિણામિક ભાવે સ્થિત, સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...** બે બોલ આવ્યા. એક તો એ આવ્યું કે સ્વભાવિક પરમ પારિણામિકભાવે સ્થિત. એમાં એ 'પરિણામિક' શબ્દ આવ્યો. અને સ્વભાવ અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાનચેતના-પરિણામ એ પણ 'પરિણામ' શબ્દ આવ્યો. એની વ્યાખ્યા કરે છે નીચે. **જે સહજ પરમપારિણામિકભાવે સ્થિત... ૧. આ પરમપારિણામિક ભાવમાં...** નીચે નોટ. **'પારિણામિક' શબ્દ હોવા છતાં...** આ ત્રિકાળીભાવમાં 'પારિણામિક' શબ્દ હોવા છતાં, એમ. **તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી.** બદલતું છે એમ બતાવવા માટે નથી. 'પારિણામિક' શબ્દ એ બદલતો છે, પરિણમતો છે, પલટતો છે એમ બતાવવા માટે નથી. પરમ પારિણામિક આ શબ્દ તો કોઈ દિ' સંપ્રદાયમાં સાંભળ્યોય ન હોય.

પંડિતજી! સુના નહીં તુમને પરમપારિણામિકભાવ? પાંચ ભાવ હૈ ન પાંચ. ચાર પર્યાય હૈ, એક ત્રિકાળીભાવ હૈ. પાંચ ભાવમાં ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક અને

પારિણામિકભાવ. ચાર તો પર્યાય છે, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ પર્યાય છે. ક્ષાયિક પણ કેવળજ્ઞાન, સિદ્ધ એ પર્યાય છે. કેવળજ્ઞાન ક્ષાયિકભાવ પર્યાય છે એને ગુણ કેમ કહેવો? વાંધા મોટા. એના લખાણ આવ્યા છે. આહાહા! કહે છે કે આ પરમ પારિણામિકભાવ એટલે ત્રિકાળીભાવ... વર્તમાન પલટતી દશા ઉત્પાદ-વ્યય (એટલે) અવસ્થા ઉપજે ને નાશ થાય. એ નહીં. એને બતાવવા માટે આ નથી. ત્રિકાળી પારિણામિકભાવ સહજભાવ, નહીં પલટતો ભાવ, નહીં બદલતો ભાવ, એકરૂપ રહેતો ભાવ. સમજાણું કાંઈ?

**આ પરમ પારિણામિકભાવમાં** 'પારિણામિક' શબ્દ.. **'પારિણામિક' શબ્દ હોવા છતાં એ ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને**.... ઉત્પાદ-વ્યયને પણ પરિણામ કહેવાય છે અને આને પણ પારિણામિક કહેવાય છે. **છતાં ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી**. આરે! આવું ક્યાં? સમજાણું કાંઈ? પારિણામિક, ખરેખર પારિણામિક તે જ અપરિણામિક છે. સમજાણું કાંઈ? પારિણામિક કેમ કહ્યું? કે સહજભાવ છે માટે પારિણામિક. પણ અપરિણામી કેમ કહ્યું? કે પલટતો નથી માટે અપરિણામી કહ્યો. એકને એકના બે નામ. સમજાણું કાંઈ? ધ્રુવભાવ... આ મોક્ષનો માર્ગ છે એ તો પર્યાયભાવ છે, પર્યાય છે. ઓલો તો ધ્રુવ છે, છતાં એને 'પારિણામિક' શબ્દ કહ્યો એ પલટવાને, ઉત્પાદ-વ્યય બદલે છે એને સૂચવવા માટે નથી. ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી. પર્યાયાર્થિકનયનો વિષય નથી. પારિણામિકભાવ કહ્યો માટે પર્યાયનો વિષય છે એમ નથી, એ તો ત્રિકાળ ધ્રુવ છે. નિત્ય.. નિત્ય.. નિત્ય અનાદિ-અનંત અવિનાશી છે. આહાહા! સમજાણું કાંઈ?

**પર્યાયાર્થિકનયનો વિષય નથી**... કેમકે ઉત્પાદ-વ્યયરૂપ પરિણામ એ નથી. ઉત્પાદ-વ્યય પરિણામ એ નથી માટે ઉત્પાદ-વ્યય પરિણામ એ પર્યાયનો વિષય છે અને આ પર્યાયનો વિષય નથી, આ અવસ્થાનો વિષય નથી. એ અવસ્થા બતાવતો નથી, પરિણમતું એ બતાવતો નથી. **આ પરમપારિણામિકભાવ તો ઉત્પાદ-વ્યય નિરપેક્ષ એકરૂપ છે**... લ્યો, અવસ્થા જે થાય મોક્ષમાર્ગની હોં, ઉત્પાદ-વ્યય.. ઉત્પાદ વ્યય.. એનાથી પણ એ પારિણામિકભાવ નિરપેક્ષ ભિન્ન છે. આહાહા! ઝીણું ઘણું. ભાષા તો સાદી છે. એમાં બહુ સંસ્કૃત ને વ્યાકરણ મોટા-મોટા .. નથી. .....ફકરો આમાં નથી કાંઈ. આહાહા!

વસ્તુ ભગવાન આત્મા એમાં બે અંશો છે. વસ્તુ છેને, પદાર્થ છેને, અસ્તિ છેને, સત્તા છેને, હોવાવાળું છેને. હોવાવાળો ભાવ એવો આત્માના બે અંશો. એક બદલતો અંશ, એક ટકતો અંશ–ત્રિકાળી ટકતો અંશ. હવે સત્યાર્થનયે અહીં પારિણામિક કહ્યો એ ઉત્પાદ-વ્યયના બદલતા ભાવને સૂચવવા માટે નથી. સમજાણું કાંઈ? આ તો વીતરાગ-વિજ્ઞાન છે. આહાહા! **આ પરમપારિણામિકભાવ તો ઉત્પાદ-વ્યય નિરપેક્ષ એકરૂપ છે...** કારણ કે ઉત્પાદ-વ્યય,

ઉત્પાદ-વ્યય કહેતાં ઉત્પાદ-વ્યય પોતે બે થઈ જાય. નવી અવસ્થાઓ ઉપજે ને જૂની—બે થઈ જાય. આ તો એકરૂપ છે. સમજાણું કાંઈ? ઉત્પાદ-વ્યયનિરપેક્ષ એકરૂપ છે.

અવસ્થાની પર્યાય ઉપજે અને વ્યય પામે એવી અપેક્ષા વિનાની એ ચીજ છે. ત્રિકાળ ધ્રુવ.. ધ્રુવ.. નિત્ય.. નિત્ય.. નિત્ય. ભગવાન આત્મા છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. એવું સત્‌નું એકપણું ધ્રુવપણું એને અહીં સૂચવે છે. **અને દ્રવ્યાર્થિકનયનો વિષય છે**. દ્રવ્ય જેનું પ્રયોજન છે—દ્રવ્ય-અર્થિક. દ્રવ્ય એટલે વસ્તુ, અર્થ એટલે પ્રયોજન એ નયનો વિષય છે. જેનું પ્રયોજન વસ્તુ અખંડ છે એ બતાવનારા નયનો વિષય છે. સમજાણું કાંઈ? પર્યાયનય એ વર્તમાન ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય બદલતાને બતાવનાર છે અને દ્રવ્યાર્થિકનય ત્રિકાળી દ્રવ્યને બતાવનાર છે. દ્રવ્યાર્થિકનય ને એના આ વિષય, એ કરતાં છકાયની દયા પાળવી, સેવા કરવી (એ સહેલું લાગે). કોની સેવા કરે? સાંભળને!

દેશની સેવા કરવી જુઓ! એમ લખ્યું છે. દેશ તો મોટો અહીં છે તારો. આ તો દેશ ક્યાંય રહ્યો. અસંખ્યપ્રદેશી અનંત ગુણનો સમાજનો દેશ જેમાં અનંતગુણ વસે છે. અસંખ્ય પ્રદેશી કેટલા? લોક જેટલા. હજી બીજો મોટો કેટલો તારે લાવવો છે? અસંખ્યપ્રદેશી અને અનંત ગુણ, અનંત સમાજ છે અનંત. આવડો મોટો દેશ ને આવડી મોટી સંખ્યા રહેનારની. જેઠાભાઈ! આહાહા! લોકના જેટલા પ્રદેશ છે એવડો આ એક જીવ અસંખ્યપ્રદેશી છે. એ એની પહોળાઈનો દેશ થયો. હવે એમાં રહેનારા માણસો કેટલા? માણસો એટલે ગુણ કેટલા? અનંત ગુણ વસે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, કરણ, કારણ, સંપ્રદાન વીર્યત્વ શક્તિ વિગેરે અનંત-અનંત શક્તિઓ એમાં શક્તિરૂપી.. સમજાય છે? સમાજ, શક્તિરૂપી સમાજનો એમાં વાસ છે. સમજાણું કાંઈ? એવડો તો દેશ કોઈને હોય નહીં. આખા લોકના પ્રદેશ જેટલો દેશ છે. એમાં અનંતા... બીજા અનંતા ક્યાંથી લાવવા? આ માણસો તો સંખ્યાતા છે. ઢોર આદિ પંચેન્દ્રિય લ્યો તો અસંખ્યાતા થાય. પંચેન્દ્રિય હોં. આહાહા!

કહે છે કે એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. દ્રવ્યાર્થિક એટલે દ્રવ્ય જે અખંડ આખી ચીજ એને બતાવનાર જ્ઞાનનો એ વિષય છે, જ્ઞાનનો એ ધ્યેય છે. **(વિશેષ માટે હિન્દી સમયસારમાં ૪૨૩ પાને...** જે આપણે ૩૨૦ ગાથાના વ્યાખ્યાન થઈ ગયા છે. **૩૨૦મી ગાથાની શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકા જુઓ).** અહીંયા વ્યાખ્યાન થઈ ગયા છે, રાજકોટ થઈ ગયા છે. બહુ જુનું છે.... પારિણામિકભાવ ત્રિકાળ છે. શક્તિરૂપે મોક્ષ છે એ પારિણામિકભાવે છે, વ્યક્તરૂપે મોક્ષ છે એ ક્ષાયિકભાવે છે. સમજાણું કાંઈ? કેટલું યાદ રાખવું એક કલાકમાં? અહીં તો બહુ થોડું યાદ રાખવા જેવું છે. આમાં તો કેટલો વેપાર ધંધામાં? ઓહો! હજારો પુસ્તકો, હજારો કાવ્યો, જુદી રીતના ભાવ, જુદી જાતના... કેટલું યાદ રાખે? એમાં જેની રુચિ હોય એને યાદ કેમ ન કરે? જેમાં રુચિ હોય તો બધું યાદ રહે. સમજાણું કાંઈ?

લ્યો, ૪૨૩ પાને અને બૃહદદ્રવ્યસંગ્રહમાં ૩૪-૩૫ પાને... જુઓ! ભવ્ય ને અભવ્યની વાત આવે છેને. અપરિણામી પારિણામિકભાવ અશુદ્ધ છે. પારિણામિકભાવ પણ શુદ્ધ-અશુદ્ધ બેય પ્રકારના આવશે. એ આવશે. ભવ્ય-અભવ્યના ભેદ પડ્યા એ અશુદ્ધ પારિણામિકભાવ છે. દસ પ્રાણ એ અશુદ્ધ પરિણામિક કહેવાય. ભેદ છેને. અનેક કહેવું એ અશુદ્ધ છે, એમ. એકરૂપ તે શુદ્ધ છે ત્યાં. સમજાણું કાંઈ?

**જે સહજ પરમ પારિણામિકભાવે સ્થિત**... સુસ્થિત... આમ આ ભાવમાં સ્થિત. પણ આ ભાવની વ્યાખ્યા કરી પહેલી. હવે સ્થિત શું એમાં? કે શુદ્ધસ્વભાવ અનંતચતુષ્ટયાત્મક... **સ્વભાવ અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાનચેતના પરિણામ તે નિયમ**... એ ત્રિકાળી. પારિણામિકભાવ ત્રિકાળી એમાં સ્થિત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવી જે શુદ્ધજ્ઞાનચેતના એ ત્રિકાળી. પહેલો ત્રિકાળીભાવ કહ્યો પરમપારિણામિક એમાં રહેલાં.. એમાં રહેલાં સ્વભાવ ચતુષ્ટય ગુણ... એ અનંત ચતુષ્ટયસ્વરૂપ... અનંત ચતુષ્ટયસ્વરૂપ શું? અનંત ચતુષ્ટયસ્વરૂપનું એકરૂપ શુદ્ધજ્ઞાનચેતના, એમ લીધું છે. સમજાણું કાંઈ?

આમ તો અંદર અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ ને અનંત વીર્ય એનું એકરૂપ કરીને શુદ્ધજ્ઞાનચેતના કીધી, આ ત્રિકાળી. આહાહા! આ ગુણ, ત્રિકાળી ગુણ. એ અનંત ચતુષ્ટયસ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ... હવે અહીં પરિણામ લીધા એની વ્યાખ્યા. ઓલામાં પારિણામિકભાવ જે ત્રિકાળી લીધા એની વ્યાખ્યા થઈ ગઈ. હવે, એમાં શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ એની વ્યાખ્યા નીચે નોટમાં છે. સમજાણું કાંઈ? અહીં તો ગુણની વાત છે, એ ગુણની વાત છે. એ પર્યાય એક જ છે ત્યાં અધિકાર... અહીં તો ત્રિકાળ ગુણ. કહે છે.... આવો ધર્મનો ઉપદેશ આમાં કાંઈ... પોપટભાઈ! ત્યાં કલકત્તે સાંભળ્યું નહીં હોય. ગુલાબભાઈ ગયા? કહો, સમજાણું આમાં?

પહેલું પારિણામિકભાવ એટલે ત્રિકાળી ધ્રુવભાવ, એમાં સ્થિત–એમાં રહેલ **૨. આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામમાં 'પરિણામ' શબ્દ હોવા છતાં તે ઉત્પાદવ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી.** અવસ્થાને સૂચવવા માટે નથી. ત્રિકાળી પારિણામિકભાવમાં રહેલો ભાવ એને અહીંયા શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ કહેવામાં આવે છે. શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ... ચાર બોલ લીધાને. **સ્વભાવ અનંત ચતુષ્ટયાત્મક**... સ્વભાવિક અંદર અનંત જ્ઞાન-દર્શન (આદિ) ચાર રૂપ શુદ્ધજ્ઞાનચેતના, એમ. એનું એકરૂપ શુદ્ધજ્ઞાનચેતના. હવે એની વ્યાખ્યા નોટમાં છે. 'પરિણામ તે નિયમ છે' એમ વ્યાખ્યા છેને. તે નિયમ છે. બગડો ને ત્રગડો બેયની વ્યાખ્યા કરી છે.

**આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામમાં 'પરિણામ' શબ્દ હોવા છતાં તે ઉત્પાદ-વ્યયરૂપ પરિણામને સૂચવવા માટે નથી...** ઓલામાં પારિણામિક ત્રિકાળીભાવને (પર્યાય) સૂચવવા માટે નથી, એમ કહ્યું. અહીં શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ એ ઉત્પાદ-વ્યયને સૂચવવા માટે નથી. **અને**

**પર્યાયાર્થિકનયનો વિષય નથી...** ત્રિકાળી જે શુદ્ધજ્ઞાનચેતનાભાવ એ પર્યાય–વર્તમાન અવસ્થાનો વિષય નથી. ત્રિકાળી દ્રવ્યાર્થિકનયનો વિષય છે. **આ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તો ઉત્પાદવ્યયનિરપેક્ષ એકરૂપ છે...** બધા શબ્દો એક જ છે... ઓલા પારિણામિકભાવ એની વ્યાખ્યા હતી. પારિણામિકભાવમાં પરિણામ નહીં, આ ઉત્પાદ-વ્યયરૂપ પરિણામ નહીં, એમ. એમાં રહેલા અનંત ચતુષ્ટયસ્વરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ તે પણ એના ધ્રુવપણાને સૂચવે છે. સમજાણું કાંઈ?

કેમકે નિયમ જે પ્રગટ થાય છે મોક્ષનો માર્ગ, એવો કારણરૂપ ધ્રુવરૂપ નિયમ અંદર છે, એમ કહે છે. એ શૈલી છેને. એની શૈલી જ એવી છે. અહીંથી જ ઉપાડ્યું છે. અહીંથી ઉપાડ્યું છે. રાત્રે તો બધા બોલો લીધા. એ નિયમ–કરવાલાયક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા પરિણામ, કહે છે કે એ આવે ક્યાંથી? કોને આશ્રયે આવે? ત્રિકાળી શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ એ પારિણામિકભાવમાં રહેલ છે. ભાવમાં રહેલ છે એ પણ પારિણામિકભાવ જ છે. અનંત જ્ઞાન-દર્શન-આનંદ-વીર્યાદિ એ પારિણામિકભાવે એનું એકરૂપ શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ એ પણ ત્રિકાળી પારિણામિકભાવે છે, ધ્રુવભાવે છે, નિત્યભાવે છે, સદૃશભાવે છે. આહાહા! તે નિયમ. **ઉત્પાદ-વ્યય નિરપેક્ષ એકરૂપ છે અને દ્રવ્યાર્થિક નયનો વિષય છે.** બીજી વાત .... માંડી. સંપ્રદાયમાં આ વાતની ગંધેય નથી.

અંદર વસ્તુ છે વસ્તુ, એ ટકતો અંશ જે ધ્રુવ તે પારિણામિકભાવે છે અને તે શુદ્ધજ્ઞાનચેતનાપરિણામને ધ્રુવ જ છે એમ બતાવવું છે. અને મોક્ષનો માર્ગ જે નિયમથી કરવાલાયક છે, એ આ (કારણ)નિયમ જે ધ્રુવ છે એને આશ્રયે નિયમ થાય છે. માટે ધ્રુવને પણ નિયમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? માવાણી! આવું ઝીણું છે. કોઈ દિ ન્યાં એડનમાં નથી ને કાંઈ ખબર નથી. વાત સાચી. ભાઈ સવળું બોલ્યા એમ કહે છે. આ તો બધા ભાગ્ય હોય તો મળે. વાત તો સાચી છે. આહાહા! આ તો પરમ સત્ય વાત છે. સમજાણું કાંઈ? આહા! ટીકાકારે કાઢ્યું છેને જુઓને! નિયમ બતાવવું છે. **णियमेण य जं कज्जं..** કાર્ય છે તો એનું કારણ પણ નિયમરૂપ ત્રિકાળ છે. કારણ કે પર્યાય એક સમયની પ્રગટી એવું એનું ત્રિકાળીસ્વરૂપ ન હોય તો પ્રગટે ક્યાંથી? જેને આશ્રયે પ્રગટે એ ત્રિકાળી નિયમ છે. આહાહા! સમજાણું કાંઈ? ઓલામાં આવ્યું હતુંને પ્રાયશ્ચિત્તમાં. કોને પ્રાયશ્ચિત્ત કહેવું? આહાહા! વાત તો.....

કહે છે કે શુદ્ધજ્ઞાનચેતનાપરિણામ એવો ત્રિકાળીભાવ તે નિયમ–કારણનિયમ છે. ત્રિકાળી કારણનિયમ વસ્તુ. આ મોક્ષનો માર્ગ છે તે કાર્યનિયમ છે. મોક્ષનો માર્ગ છે એ તો કાર્ય–પર્યાયનો નિયમ છે. આ ત્રિકાળી કારણ નિયમ છે કે જેને આશ્રયે કાર્યનિયમ થાય છે. કહો, સમજાણું કાંઈ? સમજાય એવું છે, ન સમજાય એવું કાંઈ નથી. ન સમજાય એવું અહીં કહેવામાં આવતું જ નથી. ધ્યાન તો રાખવું જોઈએ. એ કારણનિયમની વાત કરી. આ વ્રત ને

પચખાણ એ નિયમ નહીં. એમ આ વ્યવહારરત્નત્રય એ પણ નિયમ નહીં. હવે નિશ્ચયનિયમ જે કરવાલાયક છે એ પણ આ નિયમ નહીં. આ તો કારણનિયમ ત્રિકાળી. સમજાણું કાંઈ? નિયમ લ્યો ભાઈ નિયમ લ્યો, કાંઈક નિયમ લ્યો, વ્રત લ્યો. એ નિયમ નહીં. વ્યવહારરત્નત્રયનો નિયમ એ આ નહીં. એમ નિશ્ચયરત્નત્રયનો નિયમ એ પણ આ નહીં. આહાહા! આ તો વીતરાગ સર્વજ્ઞે કહેલું પદાર્થ વિજ્ઞાન છે ભાઈ! આહાહા!

**આ નિયમ તે કારણનિયમ છે**. હવે વર્તમાન આવ્યું કાર્યનિયમ. પહેલેથી જ ઉપાડ્યું પાધરું પરમપારિણામિક. નિયમ શબ્દે નિશ્ચયથી કરવાલાયક છે એમાંથી આ કાઢ્યું. આ ત્રિકાળ નિયમ છે. આહાહા! કહો, સમજાણું? હવે જે અહીં પાઠમાં છે.. પાઠમાંથી બીજો ભાવ કાઢ્યો. શૈલી છેને અમૃતચંદ્રાચાર્યની. અસ્તિ હોય એમાંથી નાસ્તિ કાઢે, નાસ્તિ (હોય એમાંથી અસ્તિ કાઢે), એમ આમાં પર્યાય છે એમાંથી દ્રવ્ય કાઢ્યું. આહાહા! આવે છેને પ્રવચનસારમાં, નિયમસારમાં બધે. અસ્તિની વાત કરવી હોય તો નાસ્તિની.... અસ્તિની કરવી હોય તો પહેલું નાસ્તિ કરીને અસ્તિ કરે. નાસ્તિની કરવી હોય તો પહેલા અસ્તિની કરી નાસ્તિ કરે. પર્યાયની વાત કરવી છે ત્યાં અસ્તિ લીધો ત્રિકાળી. પર્યાયરૂપ નિયમમાં કારણરૂપે ત્રિકાળીનિયમ છે, એ પરમપારિણામિકભાવે સ્થિત છે. અને આ કાર્યનિયમ એટલે નિશ્ચયથી જે કરવાયોગ્ય... લ્યો પાઠ આવ્યો હવે આ. આ પાઠનો અર્થ આવ્યો. એ શું? વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ ૫, બુધવાર, તા. ૨૨-૧૨-૧૯૭૧**
**ગાથા - ૩, પ્રવચન નં. ૫**

**જે સહજ પરમ પારિણામિક ભાવે સ્થિત** (અર્થાત્) એવા પરમ સ્વભાવમાં રહેલ, ત્રિકાળી પરમસ્વભાવમાં સ્થિત રહેલ **સ્વભાવ-અનંતચતુષ્ટયાત્મક શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ...** અંતરમાં સ્વભાવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળ—એવું જે અનંત ચતુષ્ટસ્વરૂપ શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ (એટલે) શુદ્ધજ્ઞાનચેતનાભાવ ત્રિકાળ (એટલે) એ ધ્રુવમાં રહેલા આવા ધ્રુવભાવ. સમજાણું કાંઈ? **શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ**... એ વાત કાલ આવી ગઈ છે કે ઉત્પાદ-વ્યય આમાં નહીં લેવું. એ તો ત્રિકાળી સ્વભાવભાવ નિત્યાનંદ ધ્રુવ એમાં રહેલા શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ, ધ્રુવમાં રહેલ **તે નિયમ (કારણનિયમ)** કહેવામાં આવે **છે.** કાર્યનિયમની વ્યાખ્યા કરી છે. સમજાણું કાંઈ? નિયમ એટલે મોક્ષનો માર્ગ—જ્ઞાન, દર્શન ને ચારિત્ર. એ કાર્યરૂપ નિયમની વાત છે. હવે કાર્યનું કારણ કોણ એ એમાં સ્પષ્ટીકરણ કરે છે. સમજાણું કાંઈ?

ત્રિકાળી ભગવાન આત્મામાં જે ત્રિકાળી શુદ્ધજ્ઞાન-ચેતનાભાવરૂપ છે એને કારણનિયમ કહેવામાં આવે છે. જે કાર્ય–મોક્ષનો માર્ગ એનું એ કારણ છે. ત્યારે કોઈ કહે કે કારણ છે તો કાર્ય આવવું જોઈએ તરત. એ પ્રશ્ન ઉઠ્યો હતો ભાઈ! પણ કારણનો સ્વીકાર કરે ત્યારે—આ કારણ છે એવો સ્વીકાર કરે ત્યારે—કારણ એને કહેવાયને? શું કીધું આ વળી? પ્રશ્ન એમ ઉઠ્યો કે જ્યારે તમે એને કારણ કહો તો કાર્ય આવે જ તે. કારણ હોય તો કાર્ય આવે જ. એનો અર્થ કે કારણ હોય કાર્ય આવે. પણ ક્યારે? એ કારણ છે એમ સ્વીકાર કરે ત્યારે. સમજાણું કાંઈ? ત્યારે કારણ થાયને. અંદર જ્ઞાનમાં 'આ કારણ છે' એમ આવ્યા વિના એ કારણ કહેવું કોને? સમજાણું કાંઈ? ચોખ્ખું ન થયું? ત્યારે કાર્ય આવે, પણ ત્યારે જ ઓલાને કારણ કહેવાય. કારણ આ અસ્તિ છે આ શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ અનંત ચતુષ્ટયાત્મક પારિણામકભાવમાં રહેલ છે. એવા ભાવનો પર્યાયમાં સ્વીકાર થાય ત્યારે કારણરૂપ છે એમ સિદ્ધ થાયને? સમજાણું કાંઈ?

(શ્રોતા : છઠ્ઠી ગાથા જેવું કર્યું). એ તો મૂળ ચીજ છે અહીં. પ્રશ્ન ઉઠ્યો હતો, તમે કારણ કહો તો કાર્ય આવે જ. કોણે ના પાડી? પણ ક્યારે? કે કારણ છે એમ પ્રતીત ને જ્ઞાનમાં આવે ત્યારે કાર્ય પોતે થયા વિના રહે નહીં. સમજાણું કાંઈ? ન્યાયથી એણે જરી સમજવું પડે. આ તો એકદમ અંતરની વાતું છે. આહા! પાઠમાં તો 'કાર્યનિયમ' લીધો છે. એમાંથી કાઢ્યું કે જ્યારે નિશ્ચયમોક્ષમાર્ગ, આત્માને સુખરૂપ–આત્માને આનંદરૂપ એવો જે મોક્ષનો માર્ગ એ પર્યાય છે, એ તો દશા છે, અવસ્થા છે, એ અવસ્થા એટલે કાર્ય છે. પછી એ કાર્યનું કારણ ત્રિકાળી જ્ઞાયકભાવ, એમાં રહેલ શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ તે નિયમ–ત્રિકાળી નિયમ. ત્રિકાળી

નિયમની અંતર સન્મુખ થઈને પ્રતીત કરે ત્યારે તે ત્રિકાળી નિયમ છે એમ એની શ્રદ્ધામાં આવે, ત્યારે કાર્ય થયા વિના રહે નહીં. સમજાણું કાંઈ?

(શ્રોતાઃ કેટલું કાર્ય?) એ એટલું કાર્ય જોઈએ એટલું. નિયમ સ્વીકાર થયો ત્યાં કાર્ય થયું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની, શાંતિની, આનંદની પર્યાય પરિણમી. અતીન્દ્રિય આનંદનું પરિણમન થયું ત્યારે એ પરિણમનમાં કારણનિયમ છે એમ સ્વીકાર થયો, ત્યારે કારણ છે એની હયાતીની પ્રતીત આવી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આ પ્રશ્ન થયો હતો રસ્તામાં. કોણે કર્યો હતો? કોઈકે કર્યો હતો. ઘણા માણસ સાથે હોયને. ..... પ્રશ્ન કરે. જો આ કારણ છે તો કાર્ય આવવું જોઈએ? એય! લ્યો ત્રિભુવનભાઈ! શેનું હતું તમારું? તમારો પ્રશ્ન હતો. ઘણા હોય તો યાદ રાખવા મુશ્કેલ પડે.

એનો (પ્રશ્ન) હતો. ત્યાં કારણ.... કારણ છે એનું કાર્ય આવે એવી વાત બરાબર છે, પણ ક્યારે? એ કારણ છે એની હયાતીનો સ્વીકાર કરે એને કાર્ય આવ્યા વિના રહે નહીં. સમજાણું કાંઈ? ભાઈ! આ કારણ કહ્યુંને? કારણનિયમ કૌંસમાં. કારણનિયમ. કારણનિયમ છે તો કાર્ય આવે જ. પણ કોણે ના પાડી કોણે? કારણરૂપ છે એ એની શ્રદ્ધામાં તો નથી, એ કારણરૂપ છે એ જ્ઞાનમાં તો એને નથી તો કાર્ય ક્યાંથી આવે? સમજાણું કાંઈ? આહાહા! એ ત્રિકાળી ને કારણનિયમ એ તો ધ્રુવવસ્તુ થઈ, ધ્રુવ. આદિ-અંત વિનાની ચીજ જે ધ્રુવ અંશ છે એને અહીંયા કારણનિયમ કહેવામાં આવે છે.

હવે, **નિયમ (કાર્યનિયમ) એટલે નિશ્ચયથી (નક્કી) જે કરવાયોગ્ય...** કરવાયોગ્ય. એ કારણનિયમ ઉપર પર્યાયનું કરવું–અવસ્થાનું કરવું એ નિશ્ચય કરવાયોગ્ય એટલે કે **પ્રયોજનસ્વરૂપ...** બે અર્થ છે. જુઓ! અંદર પાઠ જ છે. **निश्चयेन यत्कार्यं प्रयोजनस्वरूपं...** આહા! એ એક જ છે, કાર્ય કહો કે પ્રયોજનસ્વરૂપ કહો. કાર્ય એટલે પ્રયોજનસ્વરૂપ, એમ. પ્રયોજન દ્રવ્યનો આશ્રય લેવો એ છે, પણ પ્રગટ પર્યાય તે પ્રયોજનસ્વરૂપ છે. અહીં તો એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા વસ્તુ છે, પદાર્થ છે, અસ્તિ–સત્તા–હોવાવાળો– ભાવવાળો પદાર્થ છે. એવો હોવાવાળો જે ત્રિકાળીભાવ, ધ્રુવભાવ, કાયમી રહેનારો ટકતો ત્રિકાળીભાવ એમાં રહેલ શુદ્ધજ્ઞાન-ચેતનાપરિણામ એ પણ ધ્રુવભાવ ત્રિકાળ છે. સમજાણું કાંઈ?

એવા ત્રિકાળી જ્ઞાયકભાવ, આનંદભાવ એનો જેણે સ્વીકાર કર્યો, સન્મુખ થઈને સ્વીકાર કર્યો એ કાર્ય થયું અને એ પ્રયોજનસ્વરૂપ થયું, પ્રયોજનરૂપ થયું. સમજાણું કાંઈ? ભારે ભાઈ! એ કરવાયોગ્ય એટલે કે પ્રયોજનસ્વરૂપ જ એ છે, એમ. પ્રયોજનસ્વરૂપ હોય તે **જ્ઞાનદર્શનચારિત્ર...** લ્યો, હવે જ્ઞાનથી પહેલું ઉપાડ્યું છે. સમજાણું કાંઈ? કારણ કે આ ચીજ જે છે એમાંથી એનો વેપાર થઈને જ્ઞાન આવે નહીં, ત્યાં સુધી જ્ઞાન કેમ (કહેવાય)? એ જ્ઞાનમાં

ચીજ છે એમ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી આ આત્માનું જ્ઞાન એમ કહેવું કોને? સમજાણું કાંઈ? કાર્યનિયમ એટલે કે, એમ. ઓલો 'કારણનિયમ એટલે કે' એની વ્યાખ્યા આવી ગઈ. હવે કાર્યનિયમ એટલે કે નિશ્ચયથી નક્કી.. નક્કી કરવાયોગ્ય... આહાહા! જીવને નિશ્ચયથી કરવાયોગ્ય, ભગવાન આત્માને પ્રયોજનરૂપ આ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન કે જ્ઞાન, દર્શન ને ચારિત્ર એ પ્રયોજનરૂપ કાર્ય છે. સમજાણું કાંઈ?

આ બધા જગતના કાર્ય કરું એ માન્યતા પાખંડની, અજ્ઞાનની છે. અપ્રયોજનભૂતમાં એનું સાધન ન થતાં વિઘ્ન થાય છે. આહાહા! એમ પુણ્ય ને પાપ... પુણ્ય-પાપના ભાવ એ કાર્ય એ તો અપ્રયોજનભૂત દુઃખદાયક કાર્ય છે. સમજાણું કાંઈ? આ કાર્ય તે સુખદાયક છે. જીવને આનંદ જોઈએ છેને? તો એ આનંદનું પ્રગટવું એ એનું પ્રયોજનભૂત કાર્ય છે. આહાહા! સમજાણું કાંઈ? **તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે...** ઓલામાં–ચોથી ગાથામાં 'ત્રણમાં' એમ કહેશે એ ભેદથી કહેશે. આ ત્રણ માંહ્યલું એનું સ્વરૂપ છે એ કહે છે. ઓલામાં એમ શબ્દ છે 'ત્રણમાં' ચોથી ગાથામાં. **તે ત્રણમાંના**, ત્રણ એટલે જ્ઞાન-દર્શન ને ચારિત્ર એટલે કાર્યસ્વરૂપ એટલે પ્રયોજનરૂપ પર્યાયનું પ્રગટવું. એ પ્રયોજનરૂપ આનંદનું દેનાર, આનંદને દેનારી જે પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, અતીન્દ્રિય આનંદના સ્વાદને આપનારી પર્યાય એ પ્રયોજનરૂપ છે, કેમકે જીવને સુખ જોઈએ છે. સુખરૂપ પરિણમન થવું એ જીવને પ્રયોજનરૂપ છે. સુખરૂપ પરિણમન એ સમ્યગ્દર્શન ને જ્ઞાનરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા!

આ તો 'હરિનો મારગ છે શૂરાનો, કાયરના નહીં કામ જોને..' પાવૈયા ઊભા ન રહે ત્યાં. હીજડા પાછા પડે. આહાહા! વીર તારી વીરતા એ કે પ્રયોજનરૂપ પરિણતિમાં કાર્યને કરે, એમ કહે છે. એ વીરતા. સમજાણું કાંઈ? આહાહા! પહેલે ધડાકે જ આ વાત ઉપાડી લ્યો. ભગવાન! તું પૂરો છો. તારામાં કાર્યનિયમ જે કહેવાય છે એને ઉત્પાદનું સ્થાન–ખેતર–ધામ એ પૂરું ખેતર છે. સમજાણું કાંઈ? જેમાંથી ઉત્પન્ન કરવું છે કાર્ય એ પુરું સ્વરૂપ પડ્યું છે અંદર, એમ કહે છે. ભારે આમાં... ધર્મની! હજી તો સેવા કરવી, બીજાને રાજી કરવા, પૈસા દેવા, આંસુ લૂંછવા વિધવાના, રાંકને કપડા દેવા, અનાજ દેવું લ્યો, ન હોય એને મકાન દેવું, તો ધર્મ થાય લ્યો. કોણ દે ને કોણ લે? સાંભળને! એ તો એક વિકલ્પ હોય ત્યારે એ ક્રિયા બનવાની હોય તો બને અને એ વિકલ્પ પણ દુઃખદાયક છે. રાડ નાખે હોં. સમજાણું કાંઈ? આ પ્રયોજન તો, આનંદ જોઈએ છે તે આનંદનું પ્રયોજન સિદ્ધ થાય એને અહીંયા કાર્યનિયમ કહેવામાં આવે છે. અને કાર્યનિયમને ઉત્પન્નનું ખેતર તો એ કારણનિયમથી ભરેલું છે. આહાહા! સમજાણું કાંઈ? આ રીતે ન હોય તો વસ્તુ–ચીજ સાબિત નહીં થાય. સમજાય છે કાંઈ?

જેમાંથી પ્રવાહ કાર્યનો આવે છે એ કારણથી ભરેલો પૂર્ણ તત્ત્વ છે આત્મા. આહાહા! સમજાણું કાંઈ? **તે ત્રણમાંના દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે**. હવે સમ્યગ્જ્ઞાન. જ્ઞાન છેને

પહેલો શબ્દ? નિયમસારવાળાએ પહેલો શ્રદ્ધાનો અર્થ કર્યો, નિયમસાર આ શીતલપ્રસાદનું. ....એવો અર્થ કર્યો. પણ અહીં તો જ્ઞાન છે, ટીકામાં પણ પહેલો જ્ઞાનનો અર્થ છે. પાઠમાં પહેલું જ્ઞાન છે. હવે, જ્ઞાન કોને કહેવું? પ્રયોજનભૂત જ્ઞાન, આનંદદાયક જ્ઞાન, જે જ્ઞાનમાં સુખનો–આનંદનો અનુભવ થાય, આનંદનું વેદન થાય એવું જ્ઞાન કહેવું કોને? જે જ્ઞાન કાર્ય ને પ્રયોજનસ્વરૂપ છે. સમજાણું કાંઈ? બહુ સાદી ભાષા છે. આમાં કાંઈ બહુ ઓલું... જેઠાભાઈ! ભાષા સાદી છે, આમાં કંઈ બહુ ઓલું સંસ્કૃત ને વ્યાકરણ, ચક્રમ ને ક નો ક થાય એવું આમાં કંઈ નથી.

ભાવેય સરળ છે સીધા. સત્ય તે સરળ જ હોયને. ... જેને ખબર નથી એની વાત શું? અહીં તો ખબરની વાત છે. ખબર કરવી બરાબર. અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ છેને. એની દશા–વર્તમાન પ્રગટ દશા ઉપર જ ખેલ ખેલ્યા છે. અનાદિથી વસ્તુ જે છે આ ભગવાન એની પ્રગટ અવસ્થા–પર્યાય એમાં જ ખેલ ખેલ્યા છે, પણ એ ખેલનો ખેલનારો આખો કોણ છે એ ઉપર એની નજર નથી. સમજાણું કાંઈ? આહાહા! એણે આત્મા ઉપર પર્યાયમાં રમતું માંડી છે. કાં દયાની, દાનની, વ્રતની, ભક્તિની, ફલાણાની, ઢીંકણાની, કાં એક સમયનો છું એની. કેમકે પ્રગટ વસ્તુ તો એક સમયની છે અને આખી ચીજ તો અવ્યક્ત દ્રવ્ય આખી વસ્તુ છે. એમાં તો એણે કોઈ દિ' નજર કરી નથી.

શ્રોતા : કારણસ્વરૂપ છે એવો ... તે મન છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વિકલ્પ.. વિકલ્પ. મનનો પોતાનો વિકલ્પ છે, પણ સ્વરૂપ એવું નથી. નવું ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? એના સ્થાનમાં એ ક્ષેત્ર નથી. કળથી પાકે એવું ખેતર નથી, એ તો ....ના ચોખા પાકે એવું ખેતર છે.

અમારા વખતમાં ફુલ્ફ્રાના ચોખા હતા. એ તો અમે..... ત્યાં અમારે પાલેજમાં ફુલ્ફ્રા હતા ફુલ્ફ્રા. સાંભળ્યું છે? ઝીણા બહુ મોતીના દાણા જેવા પાકતા હતા. અમારે ત્યાં ખોરાક બહુ ઊંચો થાતો રસોડે. હતો મોટો. અમારે વીસ માણસ ભેગા હતાને. બહુ ઊંચી ચીજ હોય બધી. ઘીનો ડબો તો આખો ભરેલો. બે-પાંચ, દસ શેર નહીં. તે દિ' હોં. સાંઈઠ વર્ષ પહેલાની વાત છે. ઘરમાં બધી ચીજો હોય એને... શું કીધું આ? ફુલ્ફ્રાના ચોખા. ઝીણા બહુ પાતળા. પણ એનું ખેતર જુદી જાતનું હોય. આ જીથરીની જમીનમાં ન પાકે. જીથરીની જમીન છેને. શું કહેવાય એ? કળથી.. કળથી પાકે. કળથી જ પાકે. આપણે આ ખેતર છેને આ બધા. આત્માનું તો ખેતર આનંદ પાકે એવું છે. પુણ્ય-પાપના પાક થાય એ આત્માનું ખેતર નહીં. આહાહા! ગજબ વાત છેને!

બાપા! તું મોટો છો, પણ તને તારી વર્તમાન દશાના અંશ સિવાય એક મોટી ચીજ છે ત્રિકાળી એની તને કોઈ દિ' પ્રતીત–વિશ્વાસ આવ્યો નથી. તારો તને વિશ્વાસ આવ્યો નથી.

સમજાણું કાંઈ? બપોરે તો આવ્યું હતુંને, એ જ વસ્તુ છે. એમ નહોતું આવ્યું? એ જ વસ્તુ છે. પર્યાય કહે છે કે આ વસ્તુ છે. આહાહા! સમજાણું કાંઈ? એક સમયની વર્તમાનદશા એ કહે છે કે હું છું.. હું છું એમ જે અનાદિનું હતું. આ વસ્તુ છે, આ વસ્તુ જુઓ આ. ત્રિકાળ ચિદાનંદ ભગવાન ધ્રુવ એવો કારણનિયમ છે જેમાંથી કાર્યનિયમનો પ્રવાહ એનો સ્વીકાર કર્યે (આવે). છે એટલે કારણરૂપ થઈને કાર્ય થાય છે. સમજાણું કાંઈ? 'આવો છે આ' એમ એની શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર થયે, છે એવો કારણ એટલે કાર્ય થયા વિના રહે નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? ચીમનભાઈ!

એમને એમ કારણ છે, કારણ છે—એમ નહીં. કારણ છે, 'છે' એમ એને પ્રતીતમાં આવવું જોઈએને? કારણનો ભરોસો આવવો જોઈએને? અને કારણનો જ્યાં સ્વીકાર થયો તો કાર્ય થયા વિના રહે જ નહીં ત્યાં. એ જ કાર્ય છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો વાતું બીજી જાતની છે. કપૂરભાઈ! આહાહા! કોલસામાં કાંઈ કપૂરની સુગંધ હોય? એ તો કપૂરમાં કપૂરની સુગંધ હોય. એ મોક્ષના માર્ગ કાંઈ રાગમાંથી કે પરમાંથી થાય? એ તો આત્મામાંથી ફાટે ને થાય. આહાહા! સમજાણું કાંઈ? એ આત્મા એટલે શું, કંઈ વાત જ હજી એને બેઠી નથી. આત્મા (એટલે) આ પુણ્ય કરે ને પાપ કરે, આ ઉઘાડ થોડો થાય, આ બીજાના કામ કરે, બીજાથી કાંઈ લે—બસ એ આત્મા. સમજાણું કાંઈ?

અહીંયા તો ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે જોયો, કહ્યો, એવો જે કારણનિયમ પ્રભુ એને આશ્રયે, એનો સ્વીકાર થતાં, એ સ્વીકાર એ જ કાર્યનિયમ છે. કારણના નિયમનો સ્વીકાર એ જ કાર્યનિયમ છે. આહાહા! સમજાણું કાંઈ? આવો હું.. આવો હું.. એવી જે અંદર શ્રદ્ધા–પ્રતીતમાં જ્યાં સ્વીકાર આવ્યો એટલે એ શ્રદ્ધા–પ્રતીત જ કાર્ય થયું. આહાહા! **તે ત્રણમાંના..** 'તે' શબ્દ છેને? **तेषु त्रिषु..** સંસ્કૃતમાં એમ છે. **तेषु**–તેનું, **त्रिषु**–ત્રણમાંથી. દરેકનું સ્વરૂપ કહેવામાં આવે છે. હવે જ્ઞાન કોને કહેવું?

**(૧) પરદ્રવ્યને અવલંબ્યા વિના...** મન ને રાગના અવલંબન વિના, પરદ્રવ્યનો આશ્રય લીધા વિના, **નિઃશેષપણે અંતર્મુખ યોગશક્તિમાંથી ઉપાદેય...** પરનું અવલંબન બિલકુલ નહીં અને પૂર્ણ અંતર્મુખ ઉપયોગ, એમ કહે છે. પરદ્રવ્યનું અવલંબન.. વિકલ્પ, રાગ ને મન એનું જ જ્યાં અવલંબન નથી, પછી દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન પણ એમાં છે નહીં. આહાહા! **પરદ્રવ્યને અવલંબ્યા વિના નિઃશેષપણે** એટલે પૂર્ણ રીતે અંતર્મુખ થઈને. નિઃશેષપણે—પૂર્ણ રીતે. **અંતર્મુખ યોગશક્તિમાંથી**... અંતર્મુખ ઉપયોગના વેપારમાંથી... **ઉપાદેય (ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય)...** ગ્રહણ કરવાયોગ્ય એટલે જાણવાયોગ્ય. **એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન (જાણવું)...** આહાહા! કહે છે કે પરદ્રવ્યના અવલંબનને છોડી દઈ અને ત્રિકાળી દ્રવ્યમાં પૂર્ણ રીતે (એટલે) કાંઈ બાકી રાખ્યા વિના અંતર્મુખ ઉપયોગ કરતા, જે

ગ્રહવાયોગ્ય જે આત્મા, 'આ આત્મા' એમ ગ્રહવાયોગ્ય થયો, તેનું જે જ્ઞાન થયું, તેને **જ્ઞાન** કહેવામાં આવે છે. આ જ્ઞાનની વ્યાખ્યા. આહાહા! કહો, સમજાણું કાંઈ?

એ જ્ઞાન સુખરૂપ છે, બાકીના બધા જ્ઞાન દુઃખરૂપ છે. તમારે લાદીના, પંપના, આ વકીલાતના, આ શું તમારે? હુંડીના. આહાહા! એય! તમારે શું છે ચીમનભાઈને? લોઢાનું? ઘડિયાળનું. આને ઘડીયાળનું છે. એ બધા દુઃખના જ્ઞાન છે, અજ્ઞાન છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન અંદર વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ એના અંતર્મુખમાં, પરનું અવલંબન છોડી... ઉપદેશમાં તો શું આવે? અહીં અવલંબન કરે (તો) ત્યાં અવલંબન છૂટી જાય છે. એમ સમજાવવું છેને? કે પહેલું અવલંબન પરનું અનાદિનું છે, એમ. પરનું, રાગનું, મનનું અવલંબન અનાદિનું છે, એનાથી જે જ્ઞાન થતું એ તો અજ્ઞાન ને દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! શાસ્ત્રનું અવલંબન છોડી દે, એમ કહે છે લ્યો. શાસ્ત્ર. પરદ્રવ્યનું અવલંબન છોડીને તો શું થયું? શાસ્ત્રનું અવલંબન છોડીએ છીએ ને. એય! પણ શાસ્ત્રથી જાણ્યું પોતાની પર્યાયમાં, એ પણ પર છે એનું અવલંબન છોડીને. સમજાણું કાંઈ?

આ તો ભગવાન થવાની કોલેજ છે. સમજાણું કાંઈ? અમારે જુગરાજજી કહે છે. જુગરાજજી આપણે..... અહીં તો ભગવાન થવાનું કારખાનું છે ભાઈ! કારખાનું છે એમ કહે છે. આહાહા! ભાઈ! અહીં તો વાત આ છે બાપુ! બીજુ કાંઈ છે નહીં. આ ભગવાન આત્મા છે.. ત્રિકાળી ભગવાન આત્મા છે (એમ) સ્વીકાર્યે પૂર્ણ દશાની પ્રાપ્તિના કાર્ય ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? **પરદ્રવ્યને અવલંબ્યા વિના...** એટલે ખરેખર તો પરલક્ષી જે જ્ઞાન છે એનું લક્ષ છોડી દઈને. આહાહા! શાસ્ત્ર આમ કહે છે એવું મનને લક્ષે, વિકલ્પને લક્ષે જાણ્યું. એ શાસ્ત્રના શબ્દોથી નહીં, ભલે પોતાની પર્યાયથી. સમજાય છે? એ પણ પરદ્રવ્ય છે.

એનું અવલંબન છોડી નિઃશેષ—(કંઈ) બાકી રાખ્યા વિના પૂર્ણ ઉપયોગને ત્યાં જોડાણ કરવું. જ્યાં ભગવાન છે પોતે ધ્રુવ એમાં અંતર્મુખ વેપાર કરીને, **ઉપયોગને સંપૂર્ણ અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય** એટલે **ઉપાદેય** કરવાયોગ્ય એવો જે નિજ આત્મા... **એવું જે નિજ પરમતત્ત્વનું...** એવું એટલે જ્ઞાન... **એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન**, એમ. આહાહા! સમજાણું કાંઈ? આત્મજ્ઞાનની વ્યાખ્યા ચાલે છે આ. આત્મજ્ઞાન ને? આત્માનું જ્ઞાન ને? કારણનિયમ એવો ભગવાન એનું જ્ઞાન ને? એનું જ્ઞાન ને? એ તો એના અંતર્મુખ થઈને જે પરિણતિ 'આ આત્મા છે' એમ ગ્રહણ થયું અને જે જ્ઞાન થયું, એને અહીંયા સાચું જ્ઞાન, મોક્ષના માર્ગનો અવયવ કહેવામાં આવે છે. આહાહા! અરે! એ તો વસ્તુ આવી છેને. છેને એવી? સમજાણું કાંઈ?

જ્યાં છે ત્યાં ઉપયોગ મૂકવાથી ભેદજ્ઞાન થાય તેને જ્ઞાન કહેવામાં આવે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ કાંઈ બહારમાં નથી. આહાહા! સમજાણું? થોડી પણ સત્ય વાત જાણવી

જોઈએ. થોડું પણ સત્યને ગ્રહણ કરવું જોઈએ. આહાહા! બાકી તો અગિયાર અંગ ને નવ પૂર્વ અનંત વાર ભણ્યો, પણ એ જ્ઞાન નહીં, એમાં સુખ ન આવ્યું. આહાહા! કારણ કે જ્યાં આત્મામાં જ્ઞાન છે ત્યાં આનંદ છે. હવે એમાંથી જ્ઞાન આવે ત્યારે આનંદ ભેગો આવે. સમજાણું કાંઈ? **(ઉપયોગને સંપૂર્ણપણે અંતર્મુખ કરીને ગ્રહણ કરવાયોગ્ય) એવું જે નિજ પરમતત્ત્વનું પરિજ્ઞાન, તે જ્ઞાન છે**. તેને મોક્ષમાર્ગનો જ્ઞાનદર્શનચારિત્રનો એક ભાગ (એવો) જ્ઞાન આને કહેવામાં આવે છે. આહાહા! કહો સમજાણું આમાં? હવે દર્શન. પહેલો જ્ઞાન શબ્દ છે ખરોને એટલે વ્યાખ્યા જ્ઞાનની પહેલી કરી છે.

**(૨) ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને...** છે? ભગવાન પરમાત્મસ્વરૂપ પોતાનું... ભગવાન પરમસ્વરૂપ... પરમાત્મા એનું ત્રિકાળી પરમસ્વરૂપ, એના સુખના અભિલાષી–એના આનંદના અભિલાષી જીવને **શુદ્ધ અંતઃતત્ત્વના 'વિલાસનું જન્મભૂમિસ્થાન'...** એવા સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વનું આનંદનું જન્મભૂમિસ્થાન... એ આત્મા આનંદનું જન્મભૂમિસ્થાન છે. આહાહા! ત્યાં તો આનંદ પાકે (એવું) એ ખેતર છે. અતીન્દ્રિય આનંદ.. અતીન્દ્રિય આનંદ પાકે એવું ભગવાન આત્માનું ખેતર છે. પુણ્ય કરે ને પાપ કરે ને જાણપણા કરે..... શાસ્ત્ર ને આ બધા બહારના—એ આત્મા. સમજાણું કાંઈ? કહે છે કે અહો! **ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વ**નું આનંદ–ક્રીડા–મોજ–વિલાસ–આનંદનું જન્મભૂમિસ્થાન, આનંદની ઉત્પત્તિનું સ્થાન, આનંદને જન્મ દેનારું... આહાહા!

શુદ્ધ અંતઃતત્ત્વના આનંદનું **જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધજીવાસ્તિકાય**... ભાષા વાપરી જુઓ! એકલો જીવ ન લીધો, (પણ) જીવાસ્તિકાય. જૈનદર્શનમાં આત્મા છે એને અસંખ્યપ્રદેશી શુદ્ધ જીવાસ્તિકાય (કહે છે). સમજાણું કાંઈ? નિજ–પોતાનો, શુદ્ધ, જીવ, અસ્તિકાય. પોતાનો–નિજ શુદ્ધ જીવ 'છે' કાય અસંખ્યપ્રદેશી. જન્મભૂમિસ્થાન કીધું ખરુંને. એનું ક્ષેત્ર આ છે. આહાહા! સમજાણું કાંઈ? **જે નિજ શુદ્ધજીવાસ્તિકાય તેનાથી ઊપજતું...** સમજાણું? **જે પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે.** જુઓ! આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા. આ તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્રને માનો, નવ તત્ત્વને માનો. જેણે ભરોસે પચવ્યો... પૂર્ણ પ્રભુ આ 'પૂર્ણ ઇદં' પરમાત્મસ્વરૂપે ભરેલો ભગવાન એવો જેણે અંતર્મુખ થઈને આનંદના **જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધજીવાસ્તિકાય**, એમ છેને? **શુદ્ધ અંતઃતત્ત્વના વિલાસનું જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધજીવાસ્તિકાય**... આહાહા! શુદ્ધ જીવ અસ્તિકાય અસંખ્યપ્રદેશી, જેમાં અનંતગુણો પડ્યા-પાથર્યા પડ્યા છે. સમજાય છે કાંઈ? આરે! આવો તે આત્મા કેવો? અરૂપીની વાતું, ઇન્દ્રિયાતીતની વાતું.

નિજ શુદ્ધજીવાસ્તિકાય... આનંદના જન્મભૂમિનું ઉત્પત્તિસ્થાન જે **જીવાસ્તિકાય તેનાથી ઉપજતું**... આમ વસ્તુ (જાણવામાં) આવી. પહેલું પરિજ્ઞાન કીધુંને? એની શ્રદ્ધા. સમજાણું કાંઈ?

જાણવામાં આવ્યા વિના કોની શ્રદ્ધા પણ? સસલાના શિંગડા છે. નથી ભાળ્યા ને કરો શ્રદ્ધા. શેની? સમજાણું કાંઈ? આહાહા! આ તો અલૌકિક માર્ગ છે બાપા! આહા! પ્રભુપદને પામવાના માર્ગ આવા છે. પ્રભુપદ એટલે તારું મોટું પદ. પોતે જ પ્રભુ છે, એમાંથી પ્રભુની પૂર્ણ પર્યાય પ્રગટ થાય, એનો આ ઉપાય છે. સમજાણું કાંઈ? ટીકાકારને પણ આમ જાણે કેટલો આહ્લાદ છે! આહાહા!

ભગવાન પરમાત્માના આનંદના અભિલાષી જીવને શુદ્ધ અંતઃતત્ત્વના આનંદનું જન્મભૂમિસ્થાન... શુદ્ધ અંતઃતત્ત્વનો જે આનંદ એનું ઉત્પત્તિસ્થાન નિજ શુદ્ધજીવાસ્તિકાય છે. નિજ જીવ અસ્તિકાય–અસંખ્ય પ્રદેશી, અનંત ગુણરૂપ એક એનાથી ઉપજતું... એવા જીવાસ્તિ.. **નિજ શુદ્ધજીવાસ્તિકાય તેનાથી ઉપજતું**... આહાહા! ગજબ છે ને! આ નિયમસાર ફરીને લેવાણું. હાલ નહોતાને એમાં આખું વંચાઈ ગયું. આઠ મહિનાથી ક્યાં હતા અહીં? આ પણ ફાગણ સુદ બીજે શરૂ કર્યું. તમે તો ત્યારે નહોતા. છેલ્લા ત્યાં રાજકોટ આવ્યા હતા ફાગણ સુદ પાંચમે. પણ અહીં ત્યારે ચૈત્ર..... આઠ મહિના થયા. આહાહા!

કહે છે કે એ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું સ્થાન... કહો, **તેનાથી ઉપજતું** એમ કીધુંને? **નિજ શુદ્ધજીવાસ્તિકાય તેનાથી ઉપજતું**... એ પરમ શ્રદ્ધાન, જ્ઞાનની પર્યાયમાં આવો આખો જ્ઞેય શુદ્ધ કારણનિયમ જ્ઞાનમાં આવ્યો એટલે એની પ્રતીત એમાંથી ઉત્પન્ન થઈ. એ જીવાસ્તિકાયથી ઉત્પન્ન થઈ, ઓલું જ્ઞાન પર્યાયથી પણ નહીં, એમ કહે છે. સાથે થાય છેને? જ્ઞાનની પર્યાયની સાથે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે એટલે જ્ઞાનની પર્યાયથી શ્રદ્ધા ઉત્પન્ન થઈ એમ નહીં. એના શુદ્ધ જીવાસ્તિકાયથી શ્રદ્ધા ઉત્પન્ન થઈ. આહાહા! અરે! તારા ગાણા તો સાંભળ એકવાર (કે) કોણ છો તું. આહાહા!

**ઉપજતું પરમ શ્રદ્ધાન**... 'શ્રદ્ધાન' શબ્દ વાપર્યો છે. શ્રદ્ધા નહીં, પણ શ્રદ્ધાન. શ્રદ્ધા ને શ્રદ્ધાનમાં શું ફેર પડે? શ્રદ્ધાન.... ઓલું છેને 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનં.' 'તત્વ શ્રદ્ધા અર્થ દર્શનં' એમ નથી. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં'. 'ન' છે. **તે જ દર્શન**, પાછું એમ. તે એટલે બીજું નહીં. પહેલું જ્ઞાન કીધુંને, **તે જ્ઞાન છે**, બીજું જ્ઞાન નહીં એમ એનો અર્થ છે. વ્યવહારે જે શાસ્ત્રાદિ બીજું (જ્ઞાન છે) એ જ્ઞાન નહીં એમ કહ્યું. આ જ્ઞાન. આહાહા! સમજાણું કાંઈ? અને **પરમ શ્રદ્ધાન તે જ દર્શન છે.** એમ કહીને સમકિત બીજું કોઈ વ્યવહારે છે એ નહીં. આહાહા! બેની વ્યાખ્યા કરી જ્ઞાન ને દર્શનની. હવે કારણપરમાત્માની વ્યાખ્યા કરીને (કહે છે કે) એમાં સ્થિર થા. કારણપરમાત્મા ત્રિકાળી કોણ કેવો છે?

કે **(૩) નિશ્ચયજ્ઞાનદર્શનાત્મક...** ત્યાં જ્ઞાન લીધું. કારણકે જ્ઞાન ઉત્પન્ન કરવું છેને. દર્શન ઉત્પન્ન કરવું છે, પછી ચારિત્ર એ જુદું. જ્ઞાનદર્શનસ્વરૂપ એમાં સ્થિરતા (એટલે) ચારિત્ર, એમ. નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ કોણ? ત્રિકાળી ભગવાન. નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ, આત્મક એટલે

સ્વરૂપ, આત્મક એટલે સ્વરૂપ. નિશ્ચય–સાચું–યથાર્થ ત્રિકાળ જ્ઞાનદર્શનસ્વરૂપ એવો કારણપરમાત્મા. આવા સ્વરૂપે કારણપરમાત્મા, એમ. કારણપરમાત્મા વસ્તુ કીધી, પણ એનો ભાવ આ નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ એ કારણપરમાત્મા પોતે. સમજાણું કાંઈ? આહાહા! અરેરે! આત્માને ક્યાં વેડફી નાખ્યો? જુઓને! એક છાણનો પોદળો લેવા નીકળે ને સરખો પોદળો આવડો નીકળે ને એની કુંડી ભરાય.. આહાહા! ખુશી થઈને જાય મા પાસે. હે મા! એટલો બધો ઉપાડી ન શકે તો પરાણે હાથ બગાડીને ઉપાડીને લઈ લે. અરર! માળો ક્યાં ગયો પણ? આહાહા! પોદળો સમજતે હો? છાણ.. છાણ–ગોબર.. ગોબર. ગોબરકો છાણ કહતે હૈં કાઠિયાવાડમેં. છાણા કરે એનું છાણ. છાણને છાણા ન કહેવાય. છાણા જેમાંથી થાય એ છાણ. કહો, સમજાણું કાંઈ? કાઠિયાવાડી ગુજરાતી ભાષા છેને અહીં તો.

કહે છે કે નિશ્ચય જ્ઞાનદર્શનસ્વરૂપ એવો કારણપરમાત્મા ભગવાન પોતાનો–નિજ શુદ્ધસ્વરૂપ ત્રિકાળ એમાં–**(કારણપરમાત્મામાં) અવિચળ સ્થિતિ (નિશ્ચળપણે લીન રહેવું) તે જ ચારિત્ર છે.** આ દેહની ક્રિયા ને પંચમહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહીં, એમ કહે છે. તેથી દરેકને એમ આપ્યું 'તે ચારિત્ર છે', 'તે જ્ઞાન છે', 'તે દર્શન છે', 'તે ચારિત્ર છે'. સમજાણું કાંઈ? ભગવાન કારણપ્રભુ ત્રિકાળી જે નિશ્ચય જ્ઞાન ને દર્શન સ્વરૂપ જ છે. પંચાસ્તિકાયમાં આવે છે. બે દર્શન, જ્ઞાન લીધું, પછી આત્મા આવો દર્શન-જ્ઞાનસ્વરૂપ છે (એમ) આવે છે. મોક્ષમાર્ગની શરૂઆત થઈ છેને ત્યાં દર્શન, જ્ઞાન લીધું.... આપણે આ તો આની સાથે જરી મેળવવા (કામ આવે). ન્યાં મોક્ષમાર્ગ લીધો છેને ત્યાં આત્મા આવો લીધો છે. નિશ્ચયદર્શનજ્ઞાન-સ્વરૂપ ઘણે ઠેકાણે આવે છે. જ્ઞાન-દર્શન લેવું છે. હા, એમ આવે છે.

વસ્તુ જ્યાં વસ્તુ લીધી છેને આખી ત્યાં તો જ્ઞાનદર્શનસ્વરૂપ જ લીધી છે આમ. જ્ઞાનદર્શનસ્વરૂપ. આ પાછું ઘણે ઠેકાણે આવે છે. 'અપ્રતિહત' ત્યાં આવે છે. ૧૫૯? જીવસ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે લ્યો. જીવસ્વભાવમાં નિયત ચારિત્ર... આની વ્યાખ્યા અહીં છે. ૧૬૧. જીવસ્વભાવમાં નિશ્ચય ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. જીવસ્વભાવ... હવે કોને કહેવો? ખરેખર જ્ઞાનદર્શન છે. અપ્રતિહત છેને? અપ્રતિહત છેને. 'જીવ સામાન્ય અપ્રતિહતદંસણં.. અપ્રતિહતદંસણં એમ છે, એમાં જ છે આખું જુઓ! જીવ સહાવ ણાણં અપરિહત દંસણં એ વયં સંયમ તેષુ નિયતં અચેતમ અણુદિય...........

જીવસ્વભાવ કોને કહેવો? ભગવાન આત્માનો સ્વભાવ કાયમી સ્વભાવ તે જ્ઞાન ને અપ્રતિહત દર્શન અનન્યમય એક સ્વરૂપ એનું બધું. એમાં ચારિત્ર, એમાં રમણતા, એમાં લીનતા એને ચારિત્ર કહીએ. અને એ ચારિત્ર તે મોક્ષનો માર્ગ.... જીવ કહેવાય. ત્રિકાળી વસ્તુને કારણજીવ કહેવાય. સમજાણું કાંઈ? જીવાસ્તિકાય કીધું. આહા! નિશ્ચયજ્ઞાનદર્શનસ્વરૂપ

**કારણપરમાત્મામાં અવિચળ સ્થિતિ–નિશ્ચળપણે લીન રહેવું તે જ ચારિત્ર છે**. હવે આ ચારિત્ર અને આ ક્યાંના ક્યાં લોકો માનીને બેસે.

આ તો આવ્યો હતો અમારી પાસે ૮૦માં. ૮૦-૮૦. ૪૮ વર્ષ થયા. બોટાદ. પૂછ્યું, શું ખાવ છો? કોઈકે પૂછ્યું હતું. બે પુરી ને પાશેર-દોઢ પાશેર દુધ. એટલું... ચાલતું નહોતું વધારે. ..... આવ્યા હતા મારી પાસે. આવે તો ખરાને. પણ માણસને બેસે નહીં આ વાત. અમથા થાકેલા હોય અને હૂંફ હોય, જ્યાં હોય ત્યાં ખુરશી પહેલી પડે અને આખો દિ' નવરો ન હોય. આ સભામાં આવવું પડશે, આ સભામાં આવવું પડશે. પૈસાવાળો કાંઈ પૈસા જે હોય એવો ભાવ હોય..... ખુરશી રાખે. ન્યાં કાંઈ નવરો ન થાય હૂંફ આડે. અરર! અરે! હૂંફ તારી ગઈ અંદરની ને આ હૂંફ ચડી ગઈ માથે વ્યવહારની. એ કહે છે, આવું ખાય છે. બહુ ખોરાક થોડો છે. પણ ખોરાક થોડો છે (કેમ કે) જઠરમાં પચતું નથી. જઠર કામ કરતું નથી નહીંતર મૈસુબ કરાવે.

ત્રણ શેર ઘીનો મૈસુબ થાતો હતોને. એક શેર લોટ હોય ને ચાર શેર ઘી. અમારે દીક્ષામાં એમ હતું. અમારી દીક્ષા થઈ ત્યારે એક શેર લોટ, ચાર શેર ઘી. ઉમરાળાનો મૈસુબ. દીક્ષાને દિ'એ પચાસ મણ કર્યો હતો. તે દિ' પચાસ મણની કિંમત કેટલી? પાંચસો રૂપિયા. દસ રૂપિયાનો મણ. ખુશાલભાઈ અમારા ભાઈ હતાને. ઘરે દીક્ષા હતીને ઘરે. દસ રૂપિયાનો મણ, ચાર આને શેર. અત્યારે તો દસ રૂપિયે મળે નહીં એવો. એક શેર લોટે ચાર શેર ઘી. કંદોઈ બહુ હુશિયાર હતો. કંદોઈ છેને પેંડાવાળો. આ શું? મૈસુબ.. મૈસુબ કહતે હૈં? ક્યા કહતે હૈં? એક શેર ચનેકા... ચનેકા ક્યા કહતે હૈં? આટા, ઉસમેં ચાર શેર ઘી પાય. કણ-કણ જુદો પડી જાય. બનતા હૈ ક્યા. હમારી દીક્ષામેં કિયા થા. પચાસ મણ એક ટંકનું. પચાસ મણની કિંમત પાંચસો રૂપિયા. ૧૦ રૂપિયાનો મણ. અત્યારે તો એ બધી વસ્તુ ક્યાં છે?

આ તો એનાથી ઊંચો પાક છે. આહાહા! આમાં તો અનંતું વીર્ય પાકે અંદરમાં. આહાહા! કહે છે કે એ નિશ્ચય જ્ઞાન-દર્શનસ્વરૂપ ભગવાન મહા પાકસ્વરૂપ પ્રભુતા એમાં અવિચળ સ્થિતિ એ જ ચારિત્ર છે. દેખો! આનું નામ ચારિત્ર છે. અહીં તો બહારની ક્રિયાના પણ ઠેકાણા નહીં ને એને ચારિત્ર. શું થાય? ભાઈ! તને દુઃખ થશે. બહારમાં મનાવે કાંઈ અંદર સુખ થશે નહીં. આહાહા! **આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ નિયમ નિર્વાણનું કારણ છે.** લ્યો, પાછું આ કીધા ત્રણ એ. સમજાણું કાંઈ? **આ જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ નિયમ**... પાઠમાં છેને ત્રણ શબ્દો? એ **નિર્વાણનું કારણ છે**. બગડો એમાં હેઠે છે.

**૧. કારણના જેવું જ કાર્ય થાય છે**... ભાઈએ કર્યું છેને ઓલા સૂત્રકર્તા ટીકાકર્તામાંથી. **કારણના જેવું જ કાર્ય થાય છે તેથી સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ જ...** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ એવો પરમાત્મા છે એમાં સ્થિરતાનો જે અભ્યાસ એ જ **ખરેખર**

**અનંત કાળ સુધી સ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.** આહાહા! એમને એમ સ્થિર.. સ્થિર.. સ્થિર.. સ્થિર.. સ્થિર.. જ્ઞાનદર્શનસ્વરૂપ ભગવાન આત્મામાં સ્થિર થતાં એ અભ્યાસ સ્થિર અનંતકાળ રહેશે એવું એનું કાર્ય છે. આહાહા! એકલું તારે રહેવું છે (તો) અત્યારથી એકલો થા ને! ભાઈએ લખ્યું છે એક ઠેકાણે સોગાનીએ. મોક્ષ જાવું છે એમાં અંતે તો તારે એકલું રહેવું પડશે. હવે અત્યારથી એકલો થા ને. વિકલ્પ ને આ બધું .... હવે તો મૂકી દે ને! બેકલામાં ક્યાંય મજા નથી એમ કહે છે. એકલો.. એકલો... એકલો.. એકાંત એકલો.. એકાંત એકલો.. આહાહા! એવો જે જ્ઞાનદર્શનચારિત્ર નિયમ એ જ નિર્વાણનું કારણ છે.

**તે 'નિયમ' શબ્દને** ...હવે આવ્યું આ. **વિપરીતના પરિહાર અર્થે 'સાર' શબ્દ જોડવામાં આવ્યો છે. ૨. વિપરીત–વિરુદ્ધ. વ્યવહારરત્નત્રયરૂપ વિકલ્પોને—પરાશ્રિત ભાવોને—બાતલ કરીને...** 'બાતલ કરીને' કાઠિયાવાડી ભાષા છે કે ગુજરાતી? 'બાતલ' ભાષા ગુજરાતીમાં છે? **માત્ર નિર્વિકલ્પ જ્ઞાનદર્શનચારિત્રનો જ—શુદ્ધરત્નત્રયનો જ—સ્વીકાર કરવા અર્થે 'નિયમ' સાથે 'સાર' શબ્દ જોડ્યો છે.** આમાંય વાંધા. વ્યવહારે નિશ્ચયનો વિરોધ છે, વ્યવહારનો નહીં, એમ હવે (કહે છે). નિશ્ચય ને વ્યવહાર બે વિરુદ્ધ છે. એ તો પાઠ છે શાસ્ત્રમાં. બે નય છે, બેના વિષય વિરુદ્ધ છે. વ્યવહારના પરિહારને અર્થે 'સાર' શબ્દ કહેવામાં આવ્યો છે. આનું નામ નિયમસાર સિદ્ધ કર્યું. કળશ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ સુદ ૬, ગુરુવાર, તા. ૨૩-૧૨-૧૯૭૧
## શ્લોક - ૧૦-૧૧, ગાથા - ૪, પ્રવચન નં. ૬

એનો દસમો કળશ છે.. કળશ છે.

**इति विपरीतविमुक्तं रत्नत्रयमनुत्तमं प्रपद्याहम् ।**
**अपुनर्भवभामिन्यां समुद्भवमनंगशं यामि ॥१०॥**

મુનિરાજ પોતાની વાત કરે છે અને જગતને સમજાવે છે.

**શ્લોકાર્થ : એ રીતે હું વિપરીત વિનાના (વિકલ્પરહિત) અનુત્તમ રત્નત્રયનો આશ્રય કરીને....** એટલે જગતના જીવોને પણ આ આત્મા જે આનંદસ્વરૂપ ને પૂર્ણ શાંતિસ્વરૂપ છે એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી પ્રાપ્ત કરવાલાયક છે. 'કર્તવ્ય' છેને? માથે આવ્યુંને? કર્તવ્યલાયક છે. પાઠમાં એમ છેને ત્યાં? **नियमेण य जं कज्जं...** પ્રાપ્ત કરવા લાયક, કાર્ય કરવાલાયક. આ કાર્ય કરવાલાયક છે, (જો) સુખના પંથે જાવું હોય તો. બાકી બધા દુઃખના પંથ છે. સમજાણું કાંઈ? પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ એનું કરવું ને થવું—એ બધા દુઃખના રસ્તા છે. દુઃખના ડુંગરે માથા ફોડવા જેવું છે. આહા!

જેને સુખ જોઈતું હોય અને તે પણ સ્થાયી સુખ–કાયમ રહેનારું, તો એણે તો આ વિપરીત વિનાના–વિકલ્પ રહિત અનુત્તમ–એના જેવું કોઈ ઉત્તમ નથી... શબ્દાર્થ પણ કેવો છે? ઉત્તમ નહીં. 'અનુત્તમ' શબ્દ પડા હૈ ન? એ તો ખુલાસો કર્યો છે, પણ શબ્દમાં તો અણ-ઉત્તમ છે. વો આ ગયા હૈ શબ્દ. ઘણી વખત આવે છે. એના જેવું ઉત્તમ નહીં. ઉત્તમ નહીં એમ નહીં, પણ એના જેવું કોઇ ઉત્તમ નહીં. એવો એના જેવો ઉત્તમ નહીં એટલે? આત્મા આનંદ ને જ્ઞાયકસ્વરૂપ શાશ્વત ધ્રુવ એનું સમ્યગ્દર્શન કરવું, એનું જ્ઞાન ને ચારિત્ર–એમાં રમણતા કરવી, એના સિવાય જગતમાં કોઈ ચીજ ઉત્તમ નથી. સમજાણું કાંઈ?

પૈસા-ફૈસા, આબરૂ, ધૂળ એ તો બધી નરક-નિગોદમાં જવાના નિમિત્તો છે. બધાય ધંધા ચાર ગતિમાં રખડવાના ધંધા છે. દુઃખના પંથે દોરી જવું (હોય) જીવને તો આ બધા ધંધા એ છે. મનસુખભાઈ! શું હશે? એમાં મજા પણ કેટલી પડે છે લ્યો! માને છેને જગત. આહાહા! પ્રભુ પોતે આનંદનો સાગર આત્મા, અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જ એનું છે. એને પંથે ન જતાં એના વિરુદ્ધ શુભ-અશુભ વિકલ્પ–રાગ ને વિકાર... અહીં તો વ્યવહાર રત્નત્રય જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ પણ રાગની આકુળતા ને દુઃખ છે. આહાહા! અશુભ પરિણામ દુઃખ એની વાત તો શું કરવી? સમજાણું કાંઈ?

અરે! વિપરીત વિનાના–રાગ વિનાની ચીજ મારી છે એવી ચીજને, હું શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિથી એવા ભાવને પામું છું. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા પરિણામ જે ત્રિકાળી ભગવાનને આશ્રયે પ્રગટ થાય એ પરિણામને હું પ્રાપ્ત કરું છું, એને હું અંગીકાર કરું છું, એ મને ઉપાદેય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? અનુત્તમ એવા રત્નત્રયને પ્રાપ્ત કરીને (અર્થાત્) એવો જે અંતરમાં ભગવાન આત્મા શાંતિ ને આનંદનો સાગર છે પ્રભુ એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય એને પ્રાપ્ત કરીને... એ મુક્તિનો ઉપાય છે. મુક્તિ એટલે પરમ આનંદની પ્રાપ્તિ. પરમાનંદની પ્રાપ્તિનો આ ઉપાય છે. સમજાણું કાંઈ? કહે છે કે એવો મારો પ્રભુ પૂર્ણ પરમાત્મા મારો સ્વભાવ છે એને હું સમ્યગ્દર્શનમાં પચાવું છું, પ્રતીત કરું છું અને એને જ્ઞાન દ્વારા મારા આત્માને હું સ્વસંવેદ્યથી જાણું છું અને તેમાં હું ઠરું છું. એ મને મુક્તિનો ઉપાય છે. સુખને પામવાની આ એક રીત છે. કહો, સમજાણું કાંઈ?

અરે! 'જ્યાં પ્રીતિ જોઈએ ત્યાં પ્રીતિ નહીં' આવે છેને શ્રીમદ્‌માં, નહીં? શું આવે છે? 'અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા, અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા.' બહુ સોળ વર્ષે કહ્યું છે. આહાહા! 'અનંત સુખ..' આત્માનો આશ્રય લઈને અનંત સુખ પ્રગટ થાય છે. 'નામ દુઃખ..' પ્રતિકૂળતા જરી લાગે દુનિયાની બહાર એ નામ દુઃખ (એટલે) છે જ નહીં. સમજાણું કાંઈ? 'અનંત સુખ નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા..' અરે! ત્યાં એનો પ્રેમ ન થયો, એની સાથે એણે મૈત્રી ન બાંધી. 'અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા..' અનંત જેમાં આત્માની શાંતિથી વિરુદ્ધ આકુળતા ને દુઃખ છે, નામ સુખ (એટલે) કલ્પે છે કે અમે સુખી છીએ. મૂઢ છે. સમજાણું કાંઈ? આહાહા! 'અનંત દુઃખ નામ સુખ પ્રેમ ત્યાં વિચિત્રતા..' આહાહા!

'ઉઘાડ ન્યાય નેત્રને નિહાળ રે નિહાળ તું..' આવે છેને એ? 'ઉઘાડ ન્યાય નેત્રને..' આ ન્યાય નેત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ન્યાયનેત્ર છે. આહાહા! 'ઉઘાડ ન્યાય નેત્રને નિહાળ રે નિહાળ તું..' પછી શું આવે છે? 'નિવૃત્તિ શીઘ્રમેવ ધારી આ પ્રવૃત્તિ બાળ તું..' કહો, વસંતીલાલજી! પ્રેમ ભારે મજા.... બે-પાંચ લાખની પેદાશ થાય મહિને, એને દુનિયામાં મોઢા આગળ ખુરશી પડે, શરીર રૂપાળું હોય, લાડવા ચડાવી દે ચૂરમાના ત્રણ-ત્રણ, પતરવેલિયા, ઓડકાર કરીને પાણી ટાઢા પીને સૂવે અને સૂતો હોય તો જાણે સુખી છે એમ માને.

કબીર એકવાર કહેતા. 'સુખીયો સબ સંસાર ખાઈ-પીને સૂવે, એક દુઃખીયો દાસ કબીર જબ જાગે તો રોવે.' અરેરે! ...... મારા હરિભજન વિના... એને હરિભજનનું હતું. મૂળ તો હરિ એટલે આત્મા. એના અંતર ભજન વિના આ સૂવામાં કાળ મફતનો ગયો મારો. ઓલો સૂઈને નિરાંતે આઠ કલાક ઘરડે. શું કહેવાય? ઘોરે.. ઘોરે. અરે! શું છે? બાપુ! એ તો દુઃખના પંથ છે નાથ! તારા પંથ તો અંતર આનંદના ધામને સ્વીકારી અને એમાં રમણતા કરવી એ

સુખના પંથ છે. સમજાણું કાંઈ? આવો મહાપ્રભુ એને સ્વીકારવું એનું નામ શ્રદ્ધા, જ્ઞાન કરવું, એમ એનો અર્થ છે. એના આનંદમાં રમવું, આનંદમાં લીન થવું, વિશ્રામ લેવો એ એક જ મારે માટે સુખનો ઉપાય છે. સમજાણું કાંઈ? એમ કરીને જગતને પણ એમ સમજાવે છે.

અરે! એવા રત્નત્રયને પ્રાપ્ત કરીને (અને) વ્યવહારરત્નત્રયના વિકલ્પને પણ છોડીને... લ્યો, આ ત્યાગ અને આ ગ્રહણ. વિકલ્પનો ત્યાગ અને ભગવાન ત્રિકાળી આનંદ એનું ગ્રહણ એવો જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(રૂપી) માર્ગ એ **મુક્તિરૂપી સ્ત્રીથી ઉદ્દ્ભવતા અનંગ સુખને પ્રાપ્ત કરું છું.** મુક્તિરૂપી પરિણતિ મારી એવી પરિણતિ–દશા સુખની એનાથી ઉદ્દ્ભવતા અનંગ અશરીરી.. **અનંગ (અશરીરી, અતીન્દ્રિય, આત્મિક) સુખને પ્રાપ્ત કરું છું.** અત્યારે કરું છું એમ કહે છે. આહા! સમજાણું કાંઈ? મારો ભગવાન હું છું, મારો પ્રભુ હું છું. એવા પ્રભુના શરણે જઈને મેં જે એનો સ્વીકાર કર્યો એમાં રહું છું, એના ફળ તરીકે મને અશરીરી, અતીન્દ્રિય (પૂર્ણ) આનંદની પ્રાપ્તિ તો થશે, પણ અત્યારે મને પ્રાપ્ત થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

**સુખને પ્રાપ્ત કરું છું.** લ્યો. ઓલું રત્નત્રયને પ્રાપ્ત કરીને અનંગ સુખને પ્રાપ્ત કરું છું. **यामि** ને? આહાહા! સમજાણું કાંઈ? બહુ થોડામાં ઘણું ભર્યું છે. તારે કરવાલાયક હોય તો ભગવાન આત્માની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ કરવાલાયક છે. બાકી બધા કોલસાના વેપાર-ધંધા છે. કાળા હાથ, ગળા ..., શરીર કાળા ને ક્ષય થાય. કપાસિયાના ધંધા એવા હોય. જોયું છે? કપાસ હોયને કપાસિયા, ફોડે એને ક્ષય થઈ જાય. ઓલી ઝીણી ઝીણી ઉડેને, કીટી ઉડે. અમારા ગામમાં પાલેજમાં એક હતો. કપાસ ... હતો તો ક્ષય થઈ ગયો એને. પહેલે..... બિચારા સાધારણ માણસ ગરીબ, પૈસા-બૈસા ન મળે. પાંચ-પચાસ હજાર હોય તો ક્યાંય દુકાન માંડે. કપાસિયા ફોડે. કપાસિયા ફોડેને તો ઝીણી ઝીણી રજ ઉડે, ગળામાં જાય, ક્ષય થઈ ગયો. સમજાણું? એમ વિકારની રજું ઉડીને આત્માની શાંતિનો ક્ષય થાય છે. આહાહા! પુણ્ય-પાપના ધંધા એ વિકારના તોલ કરી-કરીને આત્માને ક્ષય લાગુ પડ્યો છે. આહા!

એક અમારે હતો પાલેજમાં. મોટો કપાસનો ધંધો ખરોને. મોટો ધંધો. પેદાશ થાય, પણ અંતે ઝીર્ણ શરીર થઈ ગયું. બાયડી ને છોડી હતા જુવાન બધા. મરી ગયો. આહાહા! ૬૦-૬૫ વર્ષ પહેલાની વાત છે. એમ આ જગતના ધંધા રાગ ને દ્વેષની રજું ઉડીને આત્માની શાંતિને ક્ષય લાગુ પડ્યો છે. બરાબર હશે? બહારમાં તો બધા પાડા જેવા લાગે. બળદ જેવા શરીર. નવરંગભાઈ! બહારના બધા... આહાહા! એમાં સવારના દૂધના ચાળા.. શું કહેવાય? દૂધ ને ચા-કોફી પીતો હોય, એમાં પાછો બિસ્કીટ કે એવી ચીજ..... દુઃખના.. દુઃખના અમલ ચડી ગયા છે. આહાહા! દુઃખનો અમલ છે એ. સમજાણું કાંઈ? શાંતિભાઈ! અમલ.. અમલ સમજ્યા? અફીણ.... ખુમારી ચડી જાય. દુઃખનો અમલ ચડી ગયો છે. આહાહા!

પ્રભુ! તારો આનંદ તો તારી પાસે છેને! એવા આનંદની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ સ્વીકાર અને એમાં લીનતા કર, એ એક જ કરવા જેવું છે. .... કહ્યું છેને ગાથામાં? **णियमेण य जं कज्जं..** ભગવાન કુંદકુંદાચાર્ય જગતને કહે છે કે પ્રભુ! તારે નિશ્ચયથી કરવાલાયક હોય તો એ આત્માના આનંદના જ્ઞાન, શ્રદ્ધા ને સ્થિરતા કરવા જેવી છે. આહાહા! સમજાણું કાંઈ? ભીખાભાઈ! આ શું કરવું આ...? આ બાયડી-છોકરા પડ્યા... આહાહા! પોપટભાઈ! છ-છ છોકરા, છ-છ વહુરુ–બાર, બે પોતે–૧૪ (અને) છોકરાના છોકરા આમ ઘેરીને બેઠા હોય. આહાહા! કાંઈ ધૂળેય નથી.

એક ફેરી રાણપુરમાં ચોમાસુ હતું. એમાં ભંગી હતો. ભંગી કે હરિજન હશે. એ ખાટલો વણતો હતો. સામે વોરાની શેરી છેને એમાં વણતો હતો. .... પછી એમાં ખાવાનું ટાણું આવ્યું. બાયડી આવી, છોકરો એક આવ્યો, કાળામસ જેવા બધા. એક દોણી હતી છાશની. રોટલો ખાતા હતા. બે-ત્રણ જણા બેઠા હતા. આમ જાણે ચક્રવર્તીના રાજમાં બેઠા હોય. આહાહા! મારી નાખ્યા. દોણી ફૂટલી સાધારણ. ગરીબ માણસ. ખાટલો કાથીએ ભરતો હતો. અપાસરામાંથી દેખાય. સામે શેરી છેને. પછી દસ-સાડા દસનું..... એ તો એવી મીઠાશથી બેઠા હતા ત્રણ-ચાર જણા. ઓહોહો! કીધું, આને કાંઈ સૂઝ પડતી નથી ક્યાંય. આ જ છે બધું.

આત્મા ભગવાન અંદર પડ્યો એની સૂઝ જ પડતી નથી. આ સૂઝ બધી આ. એમ કહે છે કે બાપુ! તારે કરવા જેવો સુખનો રસ્તો તો આત્માનું જ્ઞાન, એનો પૂર્ણાનંદનો આખો સ્વીકાર પ્રતીતમાં અને એમાં રમણતા એ તારે કરવા જેવું છે. આહાહા! અને એ કરીને હું વર્તમાન જ આનંદને પ્રાપ્ત કરું છું અને શરીર રહિત અનંગ પૂર્ણ સુખને પ્રાપ્ત કરીશ જ. આ માર્ગે મારે મોક્ષનું ફળ છે, આ સિવાય કોઈ માર્ગ છે નહીં. અશુભભાવ તો પાપ, પણ શુભભાવેય દુઃખ છે એમ કહે છે અહીં તો. તેથી અર્થે કહ્યુંને. વિપરીતના પરિહાર (અર્થે). વિકલ્પ રહિત. આહાહા! ભારે કામ ભાઈ! ચોથી ગાથા.

**णियमं मोक्खउवाओ तस्स फलं हवदि परमणिव्वाणं ।**
**एदेसिं तिण्हं पि य पत्तेयपरूवणा होइ ॥४॥**
**છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;**
**વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.**

એનો અન્વયાર્થ લઈએ. **અન્વયાર્થ : (રત્નત્રયરૂપ) નિયમ** એ **મોક્ષનો ઉપાય છે; તેનું ફળ પરમ નિર્વાણ છે.** ભગવાન આત્મા પોતાના પૂર્ણ સ્વભાવના સ્વીકારની અંતર્મુખ અનુભવમાં પ્રતીતિ, આહાહા! એનું ભાન થઈને પ્રતીતિ અને એના ભાનમાં વેદન–સ્વસંવેદનનું જ્ઞાન અને એમાં રમણતા એ નિયમ છે. એ જ નિયમ છે અને એ નિયમ મોક્ષનો ઉપાય છે. પૂર્ણ સુખની પ્રાપ્તિનું આ કારણ છે. આહાહા! હમણાં કરીશું, હમણાં કરીશું, પછી કરીશું એમ

કરતાં કરતાં જિંદગી જાય છે. આહાહા! આપણે કરવું છે, કરવું છે, વાત સાચી. પણ પછી કરીશું, વૃદ્ધાવસ્થા થાય, કંઈક બધી બહારની સરખાઈ થાય, પોતાની સરખાઈ થાય (પછી) છોકરાને સરખું થાય, કારખાના-બારખાના સરખા હોય ને પાંચ-દસ હજારની પેદાશ થાય. એ મનસુખભાઈ! નાક ભારે લાંબું વધાર્યું છે. પછી કરીશું, આહાહા!

ઓલો દાખલો આપ્યો છેને સમ્યગ્દજ્ઞાનદીપિકામાં, નહીં? ધોબી હતો ધોબી. બસ્સો લૂગડાં લઈને ગાંસડો બાંધીને ધોવા નીકળ્યો. હવે એમાં ગયો આટલા પાણીમાં. ઓલો પથરો હોયને. એમ કાંઈ કોરે પથરે કેમ ધોવાય? આમ ધોવે, પછાડીને પલાણે. પાણી આટલું હતું એમાં પથરો ઊંચો હતો ત્યાં ધોતો હતો. પણ બાજરાનો રોટલો, લસણનું શાક ખાઈને ગયેલો બરાબર. શિયાળાનું ટાણું, ઉનો ઉનો રોટલો ને લસણનું શાક. એમાં જ્યાં દસ લૂગડાં ધોયા. ઊભો હોયને આટલા સુધી.... આટલો પાણીમાં અંદર.... અમારા ગામ ઉમરાળામાં ભાવસાર બહુ કરતા.

પછી દસ લૂગડાં ધોયા ત્યાં તરસ્યા લાગી. ઘણાં લૂગડાં હજી (ધોવાના બાકી છે). લાવને પાંચ ધોઈ લઉં, લાવને પાંચ ધોઈ લઉં, લાવને પાંચ ધોઈ લઉં. એમ ધોતાં-ધોતાં જ્યાં પચીસ-ત્રીસ-ચાલીસ કાંઈક ધોવાણા, એવી તૃષા લાગી અને ચકરી આવી. આટલા સુધી પાણી હતું, પીધું પાણી. આમ ચકરી આવી ત્યાં મરી ગયો પાણીમાં. હમણાં કરશું, પછી કરીશું, પછી કરીશું. અરેરે! ચકરી આવી ગઈ, પડ્યો પાણીમાં. મરી ગયો. દાખલો આપ્યો છે. એમ હમણાં નહીં પછી.. પછી.. પછી. પછી આવશે નહીં ને પહેલું કોઈ દિ’ થાશે નહીં એને. આ તો કહે, હું... આહાહા! મારા નિયમને અત્યારે હું કરું છું. એના ફળ તરીકે પરમ નિર્વાણ છે.

**વળી (ભેદકથન દ્વારા અભેદ સમજાવવા અર્થે)...** કહે છે કે વ્યવહારરત્નત્રય સમજાવશે એ નિશ્ચય સમજાવવા માટે. સમજાણું કાંઈ? **ભેદકથન દ્વારા અભેદ** એટલે શું? વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર વર્તન એ દ્વારા ત્રિકાળી નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ કેવા છે એને બતાવવા છે. સમજાણું કાંઈ? **(ભેદકથન દ્વારા અભેદ સમજાવવા અર્થે) આ ત્રણનું ભેદ પાડીને...** એટલે વ્યવહાર એનો કરીને... **જુદું જુદું નિરૂપણ હોય છે.** વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન ને વ્યવહાર ચારિત્ર એ બંધનું કારણ છે, પણ હોય છે. એ દ્વારા અભેદને સમજાવવું છે.

**ટીકા : રત્નત્રયના ભેદો પાડવા વિષે અને તેમના લક્ષણ વિષે આ કથન છે.** ભેદ પાડવા અને એનું સ્વરૂપ શું—એ બે પ્રકારનું આમાં કથન છે. હવે પહેલી વાત. પાઠમાં છે ખરુંને, **णियमं मोक्खउवाओ... સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ...** સમસ્ત કર્મના નાશથી એ તો વ્યય થયો, **સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ...** ભગવાન આત્મામાં અનંત આનંદ, મહા આનંદ, અતીન્દ્રિય આનંદ અમૃતનો સાગરનો લાભ **તે**

**મોક્ષ છે.** એનું નામ મોક્ષ. મહા, સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ તે મોક્ષ છે. કેમકે આત્મામાં મુક્તિ થતાં... 'મુક્ત' શબ્દ છેને એટલે કર્મનો નાશ કરીને એમ સમજાવ્યું. આઠ કર્મનો નાશ થતાં મોક્ષનો લાભ એટલે કે મહા આનંદનો લાભ (થયો). અમૃતના સાગર–આકર ભગવાન એમાંથી પૂર્ણ આનંદ અમૃતની પર્યાય પ્રગટ થઈ, તૃપ્ત-તૃપ્ત એનો લાભ એનું નામ મોક્ષ કહેવામાં આવે છે. આહાહા!

આનંદનો લાભ એ મોક્ષ છે. મોક્ષ એટલે શું? ભાષા કરી પાછી કે સમસ્ત કર્મના નાશથી. પણ મળ્યું શું? **સાક્ષાત્ મેળવાતો મહા આનંદનો લાભ**... આનંદ તો છે અંદરમાં. વસ્તુમાં તો અતીન્દ્રિય આનંદ છે. પદાર્થ જ અતીન્દ્રિય આનંદનો ભરપૂર.. ભરપૂર દરિયો છે. વસ્તુ છેને. વસ્તુનો સ્વભાવ જ જ્યાં આનંદ છે એનું માપ શું? આહાહા! લોકોને આ વાતની ખબર નથી એથી કેટલાકને એવું લાગી જાય કે આ સાચું ને બાકી બધાનું ખોટું? કહો, સમજાણું કાંઈ? પણ નક્કી તો કર વિચાર કરીને કે સત્ય શું છે? તો તને ખબર પડશે કે માર્ગ આ એક જ સાચો છે, બાકી બધા ખોટા છે. મોટા થઈને ફરે તોય ખોટા છે. મોટા મહંત ને બાવા ને સાધુ મઠધારી મોટા નામ ધરાવે આવા મોટા. આહાહા!

ભગવાન આત્મા... આ '**સમસ્ત કર્મના નાશથી સાક્ષાત્ મેળવાતો**'નો અર્થ એ કે પર્યાયમાં પ્રાપ્ત થતો આનંદ, એમ. આનંદ તો છે અંદર. આહાહા! પુણ્ય-પાપના વિકલ્પો જે છે એ દુઃખ છે, એ આનંદની ઉલટી અવસ્થા છે. એનાથી ઉલટી ગુલાંટ ખાઓ તો આનંદસ્વરૂપ ભગવાન છે. જ્યારે દુઃખ ઊભું થયું એ તો કૃત્રિમ છે. ત્યારે કૃત્રિમ ઊભું થયું એ દુઃખનું સ્વરૂપ, એનાથી વિરુદ્ધ અંદર શું છે? આ આનાથી (-સ્વભાવથી) વિરુદ્ધ ઉત્પન્ન થયું છે તો એનાથી વિરુદ્ધ શું અંદર છે? એકલો અતીન્દ્રિય આનંદનો નાથ છે આત્મા. આહાહા! સમજાણું કાંઈ?

એ અતીન્દ્રિય આનંદ જે સ્વભાવમાં હતો એને પર્યાયમાં સાક્ષાત્ મળ્યો–પ્રાપ્ત થયો એનું નામ મોક્ષ છે. બીજી રીતે કહીએ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ શક્તિરૂપ મોક્ષ તો છે. અતીન્દ્રિય આનંદરૂપ શક્તિરૂપ–ભાવરૂપ–સ્વભાવરૂપ–ધ્રુવરૂપ મુક્તિ તો છે. મુક્તિ છેને અહીં. મુક્તસ્વરૂપ જ છે, વસ્તુ છે એ મુક્તસ્વરૂપ છે. વસ્તુ બંધસ્વરૂપ હોઈ શકે નહીં. આહાહા! સમજાણું કાંઈ? ભારે..... આમાં ખજૂરના ધંધામાં આવી મહેનત પડતી ન હોય. પછી એ તો પૂર્વના પુણ્ય હોય એ ખરવા માંડે એટલે દેખાય. ઓલા પુણ્ય ખરવા માંડે, બળવા માંડે. લોન આવી હોયને પૂર્વની એ બળવા માંડે, ત્યાં આ ભડકો દેખાય. આ આવ્યું.. આ આવ્યું.. આ આવ્યું એમ દેખાય. એ કહે છે કે દેખાય એને. એમ કહે છે. જે અતીન્દ્રિય આનંદસ્વરૂપ પોતાનો સાક્ષાત્ મોક્ષસ્વરૂપ જ જીવ છે એની મુક્તિ સાક્ષાત્ પર્યાયમાં થાય. સમજાણું કાંઈ? આહા!

એવો **સાક્ષાત્ મેળવાતો**, એમ. શક્તિરૂપ–સ્વભાવરૂપ–ભાવરૂપ તો મુક્તિ છે, આનંદ છે, પણ એમાં પર્યાયમાં–અવસ્થામાં–વર્તમાન હાલતમાં સાક્ષાત્ મેળવાતો–પ્રાપ્ત થતો મહા

આનંદનો લાભ તે મોક્ષ છે. આ મોક્ષની વ્યાખ્યા. આહાહા! **તે મહા આનંદનો ઉપાય...** હવે એનો ઉપાય શું? **તે મહા આનંદનો ઉપાય...** જે મહા આનંદનો લાભ એવી જે મુક્તિ એટલે જીવની પર્યાયમાં પૂર્ણ દશાની આનંદની પ્રાપ્તિ, એનો ઉપાય **પૂર્વોક્ત નિરુપચાર રત્નત્રયરૂપ પરિણતિ છે.** આહાહા! વિકલ્પ વિનાનું ભેદજ્ઞાન કહ્યું હતુંને. એ નિરુપચાર-ઉપચાર વિના, આરોપ કર્યા વિના અણારોપી ચીજ રત્નત્રયરૂપ પરિણતિ... લ્યો, આ પર્યાય લીધી દેખો! આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પરિણતિ-પર્યાય છે. આહાહા!

ઓલા કહે, નહીં, .... સમ્યગ્દર્શન ગુણ છે. એ શ્રદ્ધાગુણ કીધો એની સમ્યક્ પર્યાય કીધી, ત્યારે શ્રદ્ધા ગુણ નહીં, શ્રદ્ધા તો પર્યાય છે. ભેદજ્ઞાનને પર્યાય કીધી ત્યારે કેવળજ્ઞાન તો ગુણ છે. આહા! આ શું કહે છે? આ તો પરિણતિ છે, પર્યાય છે, ત્રણેય પર્યાય છે. સમ્યગ્દર્શન પણ એક પર્યાય-અવસ્થા છે, અવસ્થાયી તો ત્રિકાળી જીવ છે. એનું સમ્યગ્દર્શન-એનો અનુભવ કરીને પ્રતીત, એનો અનુભવ, જ્ઞાન અને સ્થિરતા એ ત્રણેય પર્યાય છે, અવસ્થા છે, હાલત છે, અંશ છે, દશા છે, એને અહીં પરિણતિ કીધી છે. સમજાણું કાંઈ? આહાહા! સાક્ષાત્ મહા આનંદનો લાભ એનું નામ મુક્તિ અને એ મહા આનંદનો ઉપાય નિરુપચાર પૂર્વોક્ત-પૂર્વે કહ્યું હતું... ઉપચાર વિના એટલે અણારોપિત, વાસ્તવિક રત્નત્રયરૂપ પરિણતિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તે મોક્ષનો ઉપાય છે. આમાં તો વ્યવહાર મોક્ષમાર્ગ છે એ વાતેય નથી કરતા. સમજાણું કાંઈ?

**વળી...** લ્યો, આ એક ઉપાય છે. પર્યાયમાં મહા સાક્ષાત્ આનંદની પ્રાપ્તિ મેળવવી એ મુક્તિ, એનો ઉપાય આ રત્નત્રય છે. કહો, સમજાણું કાંઈ? એ રત્નત્રયની વ્યાખ્યા આવી ગઈ છે આપણે. માથે આવી ગઈ છે-ઉપર આવી ગઈ છે. ત્રિકાળ સ્વરૂપનું પરિજ્ઞાન, ત્રિકાળ સ્વરૂપની પ્રતીતિ, ત્રિકાળ સ્વરૂપમાં રમણતા—એ રત્નત્રય. આહાહા! **વળી (નિરુપચાર રત્નત્રયરૂપ અભેદપરિણતિમાં અંતર્ભૂત રહેલાં)...** અપેક્ષાએ સમજાવ્યું છે. એ નિશ્ચયમાં વ્યવહાર સાથે રહ્યો છે, એમ. **આ ત્રણનું—જ્ઞાન, દર્શન અને ચારિત્રનું—જુદું જુદું** એટલે ભેદરૂપ **નિરૂપણ હોય છે.** અંતર્ભૂત રહેલું.... નિશ્ચયમાં ત્રણ રહ્યા છે એ વ્યવહાર (એટલે) સાથે રહેલા છે. આહાહા! વિકલ્પ, ભેદ.. ભેદ, રાગ. વ્યવહાર.. વ્યવહાર.... એ દ્વારા અભેદને સમજાવે છે. નિરુપણ છે, ભેદનું નિરૂપણ છે. આ વ્યવહાર આમ, આ જ્ઞાન આમ.... એ દ્વારા નિશ્ચયને સમજાવે છે.

**કઈ રીતે? આ જ્ઞાન છે, આ દર્શન છે, આ ચારિત્ર છે—એમ ભેદ પાડીને.** ભેદ પાડીને (એટલે) વ્યવહાર કરીને. **આ જ્ઞાન છે, આ દર્શન છે, આ ચારિત્ર છે—એમ ભેદ પાડીને...** એટલે ખરેખર તો આ જ્ઞાન છે એટલે વ્યવહાર બતાવે છે. કઈ રીતે? આ જ્ઞાન, આ દર્શન, આ ચારિત્ર

એમ ભેદ પાડીને. **જે ગાથાસૂત્રો આગળ કહેવાશે, તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રનાં લક્ષણ જણાશે.** વ્યવહારના હોં. નિશ્ચય તો આવી ગયા, આ વ્યવહારના.

**(હવે ચોથી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છે)** :

**मोक्षोपायो भवति यमिनां शुद्धरत्नत्रयात्मा**
**ह्यात्मा ज्ञानं न पुनरपरं दृष्टिरन्याऽपि नैव।**
**शीलं तावन्न भवति परं मोक्षुभिः प्रोक्तमेतद्**
**बुद्ध्वा जन्तुर्न पुनरुदरं याति मातुः स भव्यः॥११॥**

આહાહા! **શ્લોકાર્થ : મુનિઓને મોક્ષનો ઉપાય... यमिनां** શબ્દ છે. **यमिनां** (એટલે) સંયમીઓને, મુનિઓને, એમ. મુખ્યપણે તો એની (મુનિની) વાત છેને. પેટામાં શ્રાવક (આદિ). **મુનિઓને મોક્ષનો ઉપાય શુદ્ધરત્નત્રયાત્મક (શુદ્ધરત્નત્રય-પરિણતિએ પરિણમેલો) આત્મા છે.** એમ કીધું છે અહીં દેખો! શુદ્ધરત્નત્રયસ્વરૂપ આત્મા છે એમ કહેવું છે. શુદ્ધરત્નત્રય મોક્ષનો ઉપાય છે એમ ન કહેતાં અભેદ કરી નાખે છે. અહો! ધર્માત્માને મોક્ષનો, પરમ સાક્ષાત્ આનંદની પ્રાપ્તિનો ઉપાય શુદ્ધ સમ્યગ્દર્શનજ્ઞાનસ્વરૂપ પરિણમેલો આત્મા છે. **શુદ્ધરત્નત્રય પરિણતિએ** થયેલો-**પરિણમેલો** એ આત્મા. ભગવાન પોતે પરિણમ્યો એમ કહે છે. સમ્યગ્દર્શનપણે, સમ્યગ્જ્ઞાનપણે, સમ્યક્-ચારિત્રપણે આત્મા પરિણમ્યો. અહીં તો પર્યાયનું પરિણમન લેવું છેને. સમજાણું કાંઈ?

પર્યાય પરિણમે છે એ એની છેને, એમ. ગુણનો અંશ છેને. ગુણ ત્રિકાળી છે એનો જ અંશ છે પરિણમન. દ્રવ્ય ત્રિકાળી છે એનો જ અંશ પરિણમન છે, એમ. સમજાણું કાંઈ? અહો! મુનિઓ ધર્માત્માને સુખનો ઉપાય, પરમ આનંદની સાક્ષાત્ પ્રાપ્તિ થાય તેનો ઉપાય ભગવાન આત્મા—દર્શન-જ્ઞાન-ચારિત્રે પરિણમેલો આત્મા એ મોક્ષનો ઉપાય છે. આત્મા મોક્ષનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? એમ કેમ કહ્યું? તો કહે છે કે **જ્ઞાન આનાથી કોઇ બીજું નથી**, એમ. એને આત્મા કહ્યું કેમ? કે જ્ઞાન એનાથી કોઈ બીજું નથી. અંતર ભગવાન આત્માનું અંતર્મુખમાં જ્ઞાન થવું, એ જ્ઞાન કાંઈ આત્માથી જુદું નથી. આત્માને જાણતું અભેદ થયેલું જ્ઞાન એ જ્ઞાન છે. જ્ઞાને પરિણમેલો આત્મા જ મોક્ષનો ઉપાય છે.

શ્રોતા : એ તો પર્યાય ને દ્રવ્ય એક થઈ ગયા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યાં દ્રવ્ય ને પર્યાય એક થયા? પરિણમેલો આત્મા. આત્મા તે ધ્રુવ છે, પરિણમેલી પર્યાય છે. ઓલું ત્રણનું એકરૂપ એમ અભેદ કરીને એ આત્મા મોક્ષનો ઉપાય (કહ્યો), એમ. સમજાણું કાંઈ? વાત આવે તો એમ જ આવેને. દ્રવ્ય પોતે દ્રવે છે, એમ આવે છે. દ્રવ્યત્વગુણની વ્યાખ્યા શું? દ્રવ્યત્વગુણ આવે છેને છ (સામાન્ય) ગુણમાં. દ્રવ્યત્વ કોને કહેવું? એય! (શ્રોતાઃ જે ગુણને કારણે દ્રવ્ય પરિણમે....) જે ગુણના નિમિત્તથી દ્રવ્યનું કંઈને કંઈ

પરિણમન હોય એને દ્રવ્યત્વગુણ કહે છે. છોકરાઓને નથી આવ્યું? આવી ગયું. બોલો જોઈ! બદલ્યા કરે, બદલ્યા કરે, બસ. કહો, સમજાણું કાંઈ? એ શક્તિને કારણે પરિણમે, ગુણને કારણે પરિણમે એમ આવ્યું. ભેદપૂર્વક બતાવવું હોય તો શી રીતે કહે? પોતે ગુણ જ જે સામાન્ય છે એ વિશેષપણે થાય છે, એમ કહ્યુંને. કહો, સમજાણું કાંઈ?

**જ્ઞાન આનાથી કોઈ બીજું નથી**... અંદર આત્માનું જે જ્ઞાન, એ આત્માથી કાંઈ જુદી ચીજ નથી. આ જ્ઞાન ને આ આત્મા—એમ નથી. આત્માપણે પરિણમેલું જ્ઞાન એ જ આત્મા છે. **દર્શન પણ આનાથી બીજું નથી જ**... સમ્યગ્દર્શન કાંઈ આત્માથી જુદી ચીજ નથી. આત્મા પૂર્ણાનંદ એની અંતરમાં પકડ કરીને પ્રતીતિ થવી એ આત્મા જ છે. દર્શન કાંઈ આત્માથી જુદી ચીજ નથી. આહાહા! વ્યવહાર રત્નત્રય એ અણાત્મા છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ તો અણાત્મા છે, એ કાંઈ આત્મા નથી. આ આત્મા છે એમ અહીં કહેવું છે. આહાહા! સમજાણું કાંઈ?

**અને શીલ (ચારિત્ર) પણ બીજું નથી.** જોયુંને! ચારિત્રની વ્યાખ્યામાં શીલ કહ્યું. શીલસ્વરૂપ ભગવાન આત્મા એના સ્વભાવમાં તો ચારિત્ર છે, પણ એની રમણતામાં ચારિત્ર થયું એ પણ આત્મા જ છે, એ કાંઈ આત્માથી જુદી ચીજ નથી. આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાનનો, પૂર્ણાનંદનો સાગર પ્રભુ એમાં જે રમણતા એ ચારિત્ર. એ કાંઈ બીજું નથી–આત્માથી કોઈ જુદી ચીજ નથી. એ આત્મા જ છે એમ કહેવું છે. વિકલ્પ ને વ્યવહાર એ તો આત્માથી જુદી ચીજ છે એમ કહે છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત એ તો આત્માથી જુદી ચીજ છે. આ કાંઈ જુદી ચીજ નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા!

આવું સમજવાનું ભારે આકરું પડે એટલે સોંઘુંસટ કરી નાખ્યું લ્યો. કોઈ કહે સેવા કરીએ, કોઈ કહે આમ કરીએ, કોઈ કહે દાન કરવા, કોઈ કહે ફલાણું પાળવું, શીયળ–બ્રહ્મચર્ય શરીરથી પાળવું, શરીરથી હોં. કોઈ કહે શાસ્ત્ર ભણવા. આહાહા! આ તો શીવલાલભાઈ વકીલ કહેતા. મેળ ખાતો નથી. જ્યાં-જ્યાં વખાણ આવે દયાના આવે તો દયાના જ વખાણ, અહિંસાના (આવે તો) અહિંસા, સત્યના (આવે તો) સત્ય આવે. હવે અમારે શું કરવું આમાં? કાંઈ હાથ આવે નહીં. ..... દયા પાળજો, દયા જેવો કોઈ ધર્મ નથી. વળી ત્યાં આવે કે સત્ય બોલવા જેવું છે. હરિશ્ચંદ્ર રાજા આમ સત્ય બોલ્યા માટે સત્ય બોલવા જેવું છે, અચૌર્ય જેવી જગતમાં કોઈ ચીજ નથી, બ્રહ્મચર્ય જેવી જગતમાં કોઈ ઊંચી ચીજ નથી, પરિગ્રહત્યાગ જેવો આત્માનો અપરિગ્રહ નથી. આમાં શું કરવું? આહાહા! ... શીવલાલ હતા વકીલ. ....

અને તપસ્યા.. આહાહા! દેવો જેને વંદન કરે. એ તપસ્યા કરે. ચાલો તપસ્યાથી વ્રત પાળે. પણ વસ્તુ શું એમાં? શું કરવું કાંઈ હાથ આવતું નહોતું. સમજાણું કાંઈ? એકેક બોલમાં ચડી જતાં મૂળ વસ્તુ રહી ગઈ છે. પણ આ આત્મા પોતે અખંડાનંદ પ્રભુ ધ્રુવ ચૈતન્ય છે એમાં એકાગ્ર થવું એ કરવાનું છે. સમજાણું કાંઈ? ઓલા વેપારના ધંધામાં મશગુલ થઈને કેવા બેઠા

હશે? એ શાંતિભાઈ! એ ... જઈને આવે, ઉતારીને લાવે આટલું ખજૂર ને પછી ચારે ભાઈ બેસે ભેગા સરખાઈના. આમ કરવું, તેમ કરવું. આ તો સૌને જેને હોય એ તમારે એ. ચીમનભાઈને લોઢાનું? શું છે એને? ઘડિયાળનું છે ચીમનભાઈને ત્યાં મુંબઈ. ચીમનલાલ હિંમતલાલ. કહો, સમજાણું કાંઈ? આના છોકરાને ઘડિયાળનું. આહાહા! એ ક્યાં કોની ઘડિયાળ ને કોના ધંધા? એ તો બધું એને કારણે આવે-જાય, એને કારણે બદલે. અહીં તો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ આત્મા નહીં. ઓલી ચીજ તો ક્યાંય રહી ગઈ બહારની. આહાહા! સમજાણું કાંઈ?

તારું તો, ભગવાન! તારું જ્ઞાન-દર્શન ને ચારિત્ર એ તું છો. એ તારાથી કોઈ જુદી ચીજ નથી. આહા! એ શીલ નામ ચારિત્ર પણ બીજું નથી. ભગવાન આત્મામાં રમણતા, લીનતા.. સમજાણું કાંઈ? બીજું નથી. **આ, મોક્ષને પામનારાઓએ...** આહાહા! આ વાત કોણે કરી છે? જેને પરમાનંદસ્વરૂપ મોક્ષ મળ્યો છે અરિહંત પદે. અરિહંતપદની વ્યાખ્યા કરી. **મોક્ષ પામનારાઓએ (અર્હંતભગવંતોએ) કહ્યું છે.** અહીં વાણી હોય એણે કહ્યું, એમ કહેવું છેને? એ ભાવમોક્ષ પામેલા છે. અરિહંત પણ ભાવમોક્ષ પામેલા છે, પરમ આનંદને પામેલા છે. ભલે ચાર કર્મ બાકી હો. સમજાણું કાંઈ? એવા અરિહંત ભગવંતોએ કહ્યું છે.

**આ જાણીને જે જીવ માતાના ઉદરમાં ફરીને આવતો નથી, તે ભવ્ય છે.** આહાહા! સમજાણું કાંઈ? આહા! માતા... અમારે ૧૪મું અધ્યયન ઉત્તરાધ્યયનમાં આવતું. ત્યારે તો સભા બોટાદની સભામાં હજારો માણસો. વ્યાખ્યાન ચાલે ત્યારે મોટી સભા. ૧૪મું અધ્યયન આવે છે. એમાં છોકરાઓ બ્રાહ્મણના બે છે. એની મા પાસે રજા લે છે. રજા લે ત્યારે કહે છે કે અજેવ ધમ્મં પરિવજ્જયામિ જહિ પવન્ના ન સુનં ભવામો ..... એ માતા! જગતમાં જગતની કોઈ ચીજ અણપામેલી રહી નથી. અનંત વાર બધી ચીજો મળી છે. માતા! અજેવ ધમ્મં... અમે આજ જ આત્માના જ્ઞાન ને ચારિત્રને અંગીકાર કરીશું. વાયદો નહીં, મા! અજેવ ધમ્મં પરિવજ્જયામિ... પરિવજ્જયામી એટલે અંગીકાર કરશું. જહિ પવન્ના ન સુનં ભવામો... જેને અંગીકાર કરવાથી અમે, માતા! ફરીને માતા કરવાના નથી. માતા! રજા દે, બા! હે મા! જનેતા! રજા દે. એકવાર રોવું હોય તો તું રો, પણ ફરીને બીજી માતા નથી કરવી. આહાહા! સમજાણું કાંઈ?

આ ૭૮-૭૯-૮૦માં સૂત્રમાં વાતું આવતી હતી સંપ્રદાયમાં. ૫૦ વર્ષ પહેલાની વાત છે. લોકો બિચારા થંભી જાય. એ વખતે કંઠેય ઠીક હતો. હવે તો આ કંઠ પણ જરી ફેરફાર થઈ ગયોને. એ ગાથા મોઢે હતું આખું ઉત્તરાધ્યયન. જહિ પવન્ના ન સુનં ભવામો... અંગીકાર કરીશું અમે આત્માના ધર્મને, માતા! કોલકરાર કરીએ છીએ કે ફરીને માતાને કૂંખે હવે નહીં આવીએ. કહે છે કે આ અંગીકાર કર્યે માતાની કૂંખે ફરી નહીં આવે એટલે કે એને અવતાર નહીં હોય. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, આ તમારું માનું આવ્યું. ..... ગુજરી ગયા. હે બા! તારા કૂંખે આવ્યો, હવે હું પાછો નહીં ફરૂં. શિવલાલભાઈના વહુ.... બા! તારે કૂંખે આવીશ....... આહાહા! શિવલાલભાઈ! ધનુભાઈ બોલ્યા હતા એક ફેર. .... આવી હતી. વાત આવી હતી.

વાત આવેને. આહાહા! ડોક્ટર કાપે છે ત્યારે કહે છે કે ડોક્ટર! તારે કાપવું હોય એ કાપ, મારું લક્ષ ત્યાં નથી. એમ કહેતા હતા. ..... અમરેલીવાળા શિવલાલભાઈ. ..... બીજા નંબરનો. આવું બોલ્યા. ડોક્ટરને કહે, કાપી લે મુંઝાયા વિના. છોકરો જોતો હોય. આમાંથી લોહી નીકળે છે.... મારું લક્ષ ત્યાં નથી.

એમ અહીં કહે છે, મારું લક્ષ આત્મા સિવાય બીજે ક્યાંય નથી. આહાહા! અમે આત્મા છીએ, આનંદના ધામ છીએ. અમારા સાક્ષાત્ આનંદ અંદર પડ્યા છે, એને અમે પર્યાયમાં સાક્ષાત્ મેળવવા માટે આ રત્નત્રયને અંગીકાર કર્યા છે. અહીં કહે છે કે આ જાણીને જે જીવ, આહાહા! માતાના ઉદરમાં ફરીને આવતો નથી એને ભવ્ય કહીએ છીએ. આહાહા! તારી લાયકાત, અવતરવું નહીં એ જ તારી લાયકાત છે. આહાહા! સ્વર્ગનો ભવ હોય કે નરકનો— બધા કલંક છે. આહાહા! નિષ્કલંક પ્રભુ આત્માને આવું જ્યાં ભાન થઈને રમણતા પ્રગટ થઈ... આહાહા! કહે છે, **આ જાણીને...** એમ કહ્યુંને? **જે જીવ માતાના પેટમાં ફરીને આવતો નથી, તે ભવ્ય છે**. આહાહા! રજા માગે ને રજા ન આપે તો છોકરા.... રાજકુમાર હોં. આઠ-આઠ, દસ-દસ વર્ષની ઉંમર. કહો, સમજાણું કાંઈ? લ્યો, કેવી વાત કરી!

**पुनरुदरं याति मातुः स भव्यः**.. આહાહા! ફરીને માતાની કૂંખે ન આવે તે લાયક પ્રાણી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવું ભગવંતે કહ્યું છે, એમ. મોક્ષને પામનારાઓએ કહ્યું છે. તારું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તારાથી કાંઈ જુદું નથી, તું જ છો, તું જ પોતે એ સ્વરૂપે પરિણમ્યો છો. આહાહા! સમજાણું કાંઈ? **એ જાણીને**... એનો અર્થ કે એ પ્રમાણે આચરણ કરીને જે જીવ માતાના પેટમાં ફરીને આવે નહીં. અરે! અવતાર... આહાહા! આમાં લખ્યું છેને યોગસારમાં. જન્મ એ કલંક છે. અરેરે! જેમ પાંચ આંગળીમાં છઠ્ઠી લટકતી આંગળી કલંક છે, એને કાપી નાખવી જોઈએ. કાપી નાખે..... એમ આ અવતાર... પ્રભુ ચૈતન્ય ભગવાન નિર્લેપ આનંદનો ધામ એને આ શરીરના લોચા કરવા.. આહાહા! સ્વર્ગનો અવતાર કરવો એ કલંક છે. પેટમાં ફરીને આવવું નહીં, મુક્તિ થવી—એ નિષ્કલંક છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

આ જાણીને **बुद्धवा जन्तुर्न पुनरुदरं**... જે જીવ પુનઃ–ફરીને... પહેલો તો આવ્યો હતો, કહે છે. માતાના ઉદરમાં તો આવ્યો છે. હવે ફરીને ન આવે, આહાહા! તે ભવ્ય છે. **स भव्यः** તેને લાયક કહીએ. ભવ્ય એને કહીએને. મુક્તિને પામવાને લાયક તે ભવ્ય. મુક્તિને પામવાને લાયક એ ભવ્ય. અભવ્ય મુક્તિને પામવાને લાયક નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ચાર થઈ લ્યો. પાંચમી કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ ૭, શુક્રવાર, તા. ૨૪-૧૨-૧૯૭૧**
**ગાથા - ૫-૬, શ્લોક - ૧૨, પ્રવચન નં. ૭**

આ નિયમસાર પરમાગમ, જીવ અધિકાર છે. પાંચમી ગાથા છે, ચાર પૂરી થઈ. વ્યવહાર સમકિતના સ્વરૂપનું કથન છે. નિશ્ચય સમ્યગ્દર્શન–સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાનની એકતા હોય ત્યાં આવું વ્યવહાર સમકિત હોય છે એમ સિદ્ધ કરવું છે.

**अत्तागमतच्चाणं सद्दहणादो हवेइ सम्मत्तं।**
**ववगयअसेसदोसो सयलगुणप्पा हवे अत्तो॥५॥**
**રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;**
**નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.**

**અન્વયાર્થ : આપ્ત...** પરમેશ્વરદેવ, **આગમ...** એની વાણી **અને તત્ત્વોની...** એણે કહેલા પદાર્થ એની **શ્રદ્ધાથી સમ્યક્ત્વ હોય છે...** વ્યવહાર સમકિત એની શ્રદ્ધાથી હોય છે. **જેના અશેષ (સમસ્ત) દોષો દૂર થયા છે...** આપ્તની વ્યાખ્યા કરે છે. દેવ કેવા હોય? જેના અશેષ દોષો દૂર થયા છે **એવો જે સકળગુણમય પુરુષ...** ગુણ શબ્દે અહીં પર્યાય છે. પૂર્ણ ગુણની પર્યાય જેને પૂર્ણ પ્રગટ થયેલી છે એવો પુરુષ **તે આપ્ત છે.** એ પરમેશ્વર છે, એ દેવ છે. પહેલા એવા દેવની શ્રદ્ધા એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે.

**ટીકા : આ, વ્યવહારસમ્યક્ત્વના સ્વરૂપનું કથન છે. આપ્ત એટલે શંકારહિત.** હિતને માટે માનવાલાયક દેવ. એ આપ્ત શંકારહિત હોય છે. આપ્તને શંકા હોતી નથી. **શંકા એટલે સકળ મોહરાગદ્વેષાદિક (દોષો).** મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષભાવ એ બધા દોષોને અહીં શંકા કહેવામાં આવે છે. તે દોષો જેનામાં નથી... આ દેવ પરમેશ્વર સર્વજ્ઞદેવ કેવા હોય એની વ્યાખ્યા છે. **આગમ...** શાસ્ત્ર કોને કહેવા? **આગમ એટલે આપ્તના મુખારવિંદમાંથી નીકળેલી, સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ એવી ચતુર વચનરચના.** આપ્ત નામ સર્વજ્ઞ પરમેશ્વર જે દોષ રહિત કીધા, એ દોષ આના પછી આવશે. એના મુખારવિંદ–મુખરૂપી અરવિંદ–મુખરૂપી કમળમાંથી નીકળેલી... ભાષા તો એવી રીતે છે, આમ બહારથી બોલાય છેને એટલે 'મુખ' લીધું છે. બાકી ભગવાનની વાણી તો ઓમધ્વનિ હોય છે. હોઠમાંથી નીકળે નહીં. હોઠ બંધ હોય. અસંખ્ય પ્રદેશે, કેવળજ્ઞાન થયું છે ત્યાંથી આખી અખંડ ધ્વનિ ઊઠે છે. ૐ એવો ધ્વનિ પૂર્ણ સર્વજ્ઞ પરમાત્મા હોય એને એવી ધ્વનિ હોય છે, પણ વ્યવહારે લોકોની શૈલીમાં એમ આવે કે મુખકમળથી બોલાય છે, એટલે એ શબ્દ મૂક્યો છે.

આપ્તના મુખ-અરવિંદમાંથી નીકળેલી. શું? વાણી, આગમ. **સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ**... કેવી વાણી છે? જગતમાં જે વસ્તુનો સ્વભાવ છે, છ દ્રવ્યો— આત્માઓ, પુદ્ગલો વગેરે... સમસ્ત વસ્તુવિસ્તાર... અનંત-અનંત વસ્તુઓ છે, એના ગુણો ને પર્યાયોનું સ્થાપન કરવામાં સમર્થ. આ ચીજ છે એવી સ્થાપન કરવામાં જેની વાણી સમર્થ છે. **એવી ચતુર વચનરચના**... ચોત્રીસ અતિશય સહિત વાણી હોય છે. ચતુર.... અલૌકિક વાણી હોય. દિવ્યધ્વનિ ઈશ્વરના મુખથી નીકળેલી. પરમેશ્વર કહો કે ઈશ્વર કહો. પરમેશ્વરતા જેને પ્રગટ થઈ ગઈ છે.... પરમેશ્વર, સ્વરૂપ તો પરમેશ્વર જ છે જીવનું. જેને પરમેશ્વરતા પર્યાયમાં– દશામાં–અવસ્થામાં પ્રગટ થઈ છે એની જે દિવ્યધ્વનિ, દિવ્ય નામ પ્રધાન વચનો–એ ચતુર વચનરચના એને આગમ કહેવામાં આવે છે. આ આગમની શ્રદ્ધા છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાનના મુખકમળથી નીકળેલી વાણી એની શ્રદ્ધા... અરિહંત પરમાત્મા ક્યાં, કોણ છે અને એની વાણી ક્યાં છે—એ એણે નક્કી કરવું પડશે કે નહીં? સમજાણું કાંઈ? કલ્પનાથી ભગવાનના નામના શાસ્ત્રો રચ્યા હોય એ ભગવાનની વાણી નથી. **સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન**... આ આમ જ છે એમ કહેવામાં–**સ્થાપન કરવામાં સમર્થ એવી ચતુર વચનરચના**... આપ્તને ઓળખવા પડશે અને આપ્તની વાણી, એ આપ્તની આ વાણી છે એમ પણ ઓળખવી પડશે. સમજાણું કાંઈ? બે વાત થઈ. આપ્ત પરમાત્મા અને એની વાણી–આગમ. હવે તત્ત્વ રહ્યા.

**તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદોવાળાં છે**... એક તો બહિઃતત્ત્વ—અજીવ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ અને અંતઃતત્ત્વ પરમાત્મા પોતે. પોતાનું અંતઃતત્ત્વ પરમાત્મસ્વરૂપ એની સાથે અજીવ, સંવર, નિર્જરા, આસ્રવ, બંધ, મોક્ષ એવું બહિઃતત્ત્વ—એ બેની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે. કહો, સમજાણું કાંઈ? બે આવ્યાને એમાં. એકલો અંતઃતત્ત્વ પરમાત્મા એનો અનુભવ, શ્રદ્ધા એ નિશ્ચય છે. અંતઃતત્ત્વ પરમાત્મા એની સાથે આ સાત પર્યાયની ભેગી શ્રદ્ધા એને વ્યવહાર સમકિત કહે છે. સમજાણું કાંઈ? વ્યવહાર સમકિત એટલે શુભરાગ. સમજાણું કાંઈ? જ્યાં નિશ્ચય આત્મા વસ્તુ છે અંતઃ પરમાત્મસ્વરૂપ, એવા આત્માની જ્યાં અંદર જ્ઞાન થઈ, ભાન થઈ, અનુભૂતિમાં પ્રતીત થાય એવા જીવને વ્યવહાર સમકિતમાં આવા દેવ, ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા હોય એમ કહેવા માંગે છે. સમજાણું કાંઈ?

બહિઃતત્ત્વ એટલે કે અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ, બે પુણ્ય-પાપ અને અંતઃતત્ત્વ પરમાત્મા પોતે અખંડ આનંદસ્વરૂપ—એવા બેની શ્રદ્ધા.., આપ્તની શ્રદ્ધા, વાણીની–આગમની શ્રદ્ધા અને આ બે તત્ત્વો એની શ્રદ્ધા (હોય) એને વ્યવહાર સમકિત

કહેવામાં આવે છે. એ વિકલ્પ છે એ જાતનો. સમજાણું કાંઈ? જ્યાં નિર્વિકલ્પ સમ્યક્ ચૈતન્યમૂર્તિનું પ્રતીત અને અનુભવ છે, ત્યાં આવો જ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હોય છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? **તત્ત્વો બહિઃતત્ત્વ ને અંતઃતત્ત્વ...** આ ટીકાય કેવી છે! તત્ત્વોની શ્રદ્ધા... એ તત્ત્વ કેવા? કે પોતે અને સાત એવા તત્ત્વની શ્રદ્ધા તેને વ્યવહાર સમકિત કહે છે. સમજાણું કાંઈ?

**અથવા...** આ બેની શ્રદ્ધા અથવા સાતની શ્રદ્ધા, એમ. **જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે સાત પ્રકારનાં** તત્ત્વો **છે.** એની શ્રદ્ધા હજી વ્યવહાર સમકિત છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ આસ્રવમાં આવી ગયા. આ જીવ ક્યો લેવો? એક સમયની પર્યાયવાળો. સમજાણું કાંઈ? ભેદ છેને બધા. એ બધો પર્યાય એક સમયનો, અજીવાદિ પર્યાયો—એવા નવ ભેદોને લીધે સાત પ્રકારના છે.

શ્રોતા : સાત હોય, ઉપરના બે ન હોય તો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સાથે હોય જ તે. બીજી રીતે કહીએ તો, અહીં પણ બીજી રીતે કહીએ તો આખો જીવ–આત્મા લઈએ અને અજીવાદિની પર્યાયો લઈએ એમ પણ લેવાય છે. ભેગો ભેગો... આખો જીવ લઈએ અને બીજા લઈએ તોપણ એની શ્રદ્ધા વ્યવહાર સમકિત છે. ઓલામાં એકલું સામાન્ય કહ્યું હતું અંતઃતત્ત્વ ને બહિઃતત્ત્વ. અહીં જરી વિસ્તાર કર્યો છે બહિઃતત્ત્વનો. સમજાણું કાંઈ?

ત્યાં તો ભેદરૂપ શ્રદ્ધાને વ્યવહાર શ્રદ્ધા કહેવી છે. અહીં તો, મોક્ષમાર્ગપ્રકાશકમાં નવતત્ત્વની શ્રદ્ધા તે નિશ્ચય સમકિત છે એ અહીં નથી કહેવું, એકરૂપ અભેદની વાત છે. સમજાણું કાંઈ? શુદ્ધ અધિકારમાં આવે છેને એટલું. અંતઃતત્ત્વ આત્મા ને બહિઃતત્ત્વ એ આ બધા. બધું પર્યાયથી લઈને આખું. એક સમયની પર્યાયથી માંડીને બધા આસ્રવ, પુણ્ય-પાપ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ—એ બધા બહિઃતત્ત્વ છે. પ્રગટ છેને. ઓલું અંદર આખું દ્રવ્યસ્વભાવ છે. ત્રિકાળી આત્મા જ્ઞાયકભાવ પૂર્ણ પરમાત્મસ્વભાવ એ અંતઃતત્ત્વ કહ્યું, પર્યાયો બધા બાહ્યતત્ત્વ કહેવામાં આવે છે. મોક્ષની પર્યાય પણ બહિઃતત્ત્વ છે. પ્રગટરૂપ છેને. એવા ભેદોને લીધે સાત પ્રકારના છે.

**તેમનું (આપ્તનું...** પહેલું આપ્ત કહ્યા એનું, બીજું **આગમનું** કહ્યું વચનરચનાનું **અને તત્ત્વનું) સમ્યક્ શ્રદ્ધાન તે વ્યવહારસમ્યક્ત્વ છે** એટલે શુભભાવનો વિકલ્પ છે. પણ સમકિત કેમ કહ્યું? આત્મા પૂર્ણસ્વરૂપ અખંડ અભેદનું જ્યાં અનુભવમાં શ્રદ્ધા સમ્યક્ છે, એની જોડે આવી શ્રદ્ધા છે તે આનો આરોપ એને આપ્યો. આ નિશ્ચય છે તો એ વ્યવહાર છે એનો આરોપ આપ્યો. બાકી છે તો શુભરાગ. સમજાણું કાંઈ? નિશ્ચય સમકિત હોય ત્યાં વ્યવહાર એની શ્રદ્ધામાં આવો જ હોય. એક જ આત્મા અખંડ છે, બીજું કાંઈ નથી, ફલાણું છે—એવી વ્યવહાર

શ્રદ્ધા એને હોય નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? આ વ્યવહાર સમકિતને પણ બરાબર સમકિત છે, એમ કહે છે કેટલાક. વ્યવહાર સમકિત તો વિકલ્પ છે. નિશ્ચય સમકિત છે એની પાસે ભેદ આવો છે એમ બતાવવું છે. નિમિત્ત એ નૈમિત્તિક જે નિશ્ચય છે એની પ્રસિદ્ધિ કરે છે કે અહીં બીજી ચીજ છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર સમ્યક્ત્વ.

જેના વ્યવહાર સમકિતના ઠેકાણા નથી એને નિશ્ચય સમકિત હોય નહીં એમ સિદ્ધ કરવું છે. અને જ્યાં નિશ્ચય સમકિત હોય ત્યાં આવા જ વ્યવહાર સમકિતની શ્રદ્ધા એને હોય એમ કહેવું છે. સમજાણું કાંઈ? અત્યારે જુઓને મહા ગોટા ઉઠ્યા છેને ચારેકોર. ઓલો રજનીશ કહે કે હું ભગવાન છું, ઓલો સાંઈબાબા કહે કે હું ભગવાન છું, બીજી એક બાઈ નીકળી છે કો'ક. મહારાષ્ટ્રમાં છે. છાપામાં આવ્યું છે. ...... એ તો વાત કરે છે. ભગવાન નથી આ. ત્રણ ભગવાન (છે એમ) છાપામાં આવ્યું છે. ભગવાન તો અનંત છે, પણ પર્યાયમાં ભગવાન ક્યાંથી તું થઈ ગયો? વસ્તુ શું છે, એની દશા શું છે, પદાર્થો શું છે, એને કહેનારા સર્વજ્ઞ પરમેશ્વર કેવા હોય, એની વાણી કેવી હોય—એના ભાન વિના ક્યાંથી તારો ધર્મ થયો? શ્રદ્ધા જ ખોટી છે ત્યાં અજ્ઞાન છે.. અજ્ઞાન છે. ભગવાન નામ ધરાવનારા અજ્ઞાની છે. આહાહા! આવી વાત છે. સમજાણું કાંઈ?

બધા મોટા-મોટા પ્રોફેસરો માને. પણ પ્રોફેસરો છે કોણ? એની કિંમત તો કરો. એ બધા મૂઢ જેવા અજ્ઞાની હોય. સમજાણું? તમને મોટા લાગે કે આ મોટા. (પણ) મોટા એટલે શું થયું? જેની બુદ્ધિના ઠેકાણા ન મળે, એ પ્રોફેસર હોય કે રાજા હોય. વસ્તુસ્થિતિ આ છે, એમાંથી કાંઈપણ ઓછું-અધિક-વિપરીત થાય તો માનનારા મૂઢ છે. સમજાણું કાંઈ? પછી મોટા રાજા હોય, મોટા અગિયાર અંગના ભણનારા હોય. શાસ્ત્રના અગિયાર અંગ હોં. પરના ભણનારામાં છે જ ક્યાં વાત? એક તત્ત્વ પૂર્ણ પ્રભુ આત્મા... આત્મા એટલે એક જ પરમાત્મા અંતઃતત્ત્વ પૂર્ણ સ્વરૂપ અને એમાં અનંત ગુણ ને અનંતી પર્યાયનું એકરૂપ—સર્વજ્ઞ સિવાય આ તત્ત્વની વાત આવી હોય નહીં. સમજાણું કાંઈ?

અને એ તત્ત્વમાં પણ સર્વજ્ઞ એટલે એક સમયની પર્યાય મોક્ષની... બાહ્ય તત્ત્વ કીધુંને મોક્ષને? એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની શક્તિનો વિકાસ છે એવો મોક્ષ પણ બહિઃતત્ત્વ છે. આહાહા! સમજાય છે કાંઈ? અને અંતઃતત્ત્વ એ તો એવી અનંતી.. અનંતી.. અનંતી.. અનંતી પર્યાયનો પિંડ આખો સામાન્ય સદૃશ વસ્તુ છે. એવા અંતઃતત્ત્વની શ્રદ્ધા એની સાથે આવા બહિઃ(તત્ત્વની) શ્રદ્ધા એને બેને તો વ્યવહાર સમકિત કહે છે. સમજાણું કાંઈ? એ પણ જેને નિશ્ચય સમકિત હોય એને. સમજાણું કાંઈ? નિશ્ચય સમકિત એ પોતાનો ભગત છે આત્માનો ભગત. એ તીર્થંકરનો ભગત, અરિહંતનો ભગત વ્યવહારે હોય છે એમ સિદ્ધ કરે છે. જે આત્મભગત છે, આત્મા અખંડ પૂર્ણાનંદસ્વરૂપ વસ્તુ એની ભક્તિ એટલે

નિશ્ચય સમકિત. એની ભક્તિ એટલે નિશ્ચય સમકિત. એવી જ્યાં ભક્તિ છે એને વ્યવહારભક્તિમાં અરિહંત પરમેશ્વર એની જ ભક્તિ આવે. સમજાણું કાંઈ? એનું જ એને બહુમાનનો વિકલ્પ હોય એમ અહીં ... કહેવું છે. સમજાણું કાંઈ?

નિયમ(રૂપ) જેને મોક્ષમાર્ગ પ્રગટ્યો છે, નિશ્ચય સ્વભાવને આશ્રયે–અંતઃતત્ત્વને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, એને આવો વ્યવહાર (છે કે) એ આવા અરિહંતને જ પરમેશ્વર માને છે. કારણ કે એ અરિહંતની પર્યાય એને પૂર્ણ થઈ છે. એવી અનંતી પર્યાયનો પિંડ એવા આત્મતત્ત્વનું ભાન છે. એ અભેદનું જેને ભાન છે એને આવા ભેદવાળાની પણ શ્રદ્ધા સાચી હોય છે. સમજાણું કાંઈ? આહાહા! જુઓને! આસ્રવ, સંવર ને નિર્જરા એ વસ્તુની સ્થિતિ છે. જ્યારે આત્મા વસ્તુ છે, અંદર જીવ છે તો બીજી ચીજ અજીવ પણ છે. જીવ છે માટે અજીવ છે એમ નહીં, પણ બીજી ચીજ છે. અને જ્યારે એને સંસાર છે તો પુણ્ય-પાપના ભાવ પણ છે. પુણ્ય-પાપના ભાવ તે આસ્રવ છે. અને આસ્રવ છે તો આસ્રવનો અભાવ થઈને સંવરદશા થાય છે. શુદ્ધનો અંશ એ સંવર પણ છે અને શુદ્ધિની વૃદ્ધિ થાય છે એ નિર્જરા છે અને શુદ્ધિની પૂર્ણતા થાય છે એ મોક્ષ છે.

અશુદ્ધતા અને શુદ્ધતાના પ્રકાર હોય છે. વસ્તુ હોય છે ત્યારે એના અશુદ્ધતા—પુણ્ય-પાપ ને આસ્રવ-બંધ એ અશુદ્ધતા, સંવર-નિર્જરા-મોક્ષ એ શુદ્ધતા... એ વસ્તુની સ્થિતિ જ આવી છે. સમજાણું કાંઈ? આવા સ્થિતિવાળા તત્ત્વો જે છે એને એ શ્રદ્ધે, માને... આ ભારે ગંભીર વાત છે! વ્યવહાર સમકિતમાં આવી દશા હોય છે એમ કહે છે. સંવરની પર્યાયને સંવરરૂપે જાણે, નિર્જરા–શુદ્ધિની વૃદ્ધિને નિર્જરારૂપે જાણે, પૂર્ણ શુદ્ધિ જેને કેવળજ્ઞાન, કેવળદર્શન ને અનંત આનંદ ને પૂર્ણ દશા એને એ રીતે જાણે. આવો પૂર્ણ ભગવાન જેને પ્રતીતમાં, અનુભવમાં આવ્યો, જેમાંથી એવી પર્યાય પ્રગટી એવો જે દ્રવ્યસ્વભાવ અંતર પ્રતીતમાં આવ્યો, એને આવા પ્રગટેલી પર્યાયની શ્રદ્ધા વ્યવહારે બરાબર હોય છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

અંતઃતત્ત્વ આવો જે ભગવાન પૂર્ણ પ્રભુ નિશ્ચય દેવસ્વરૂપ છે, નિશ્ચય ગુરુસ્વરૂપ છે, નિશ્ચયથી આખો ધર્મસ્વરૂપ જ છે. એવા આત્માનું જેને સ્વાશ્રયથી સમ્યક્ થયું એને એ માંહ્યલા અનંતમાં ભાગની અંશ–આ દશા જે થઈ મોક્ષ, સાધક, સંવર, નિર્જરા એવા તત્ત્વોની શ્રદ્ધા એને બરોબર હોય છે. એટલે એમાં દેવ-ગુરુ બધું આવી ગયું. સમજાણું કાંઈ? પૂર્ણ શ્રદ્ધા મોક્ષાદિ ને દેવ આવ્યા, સંવર-નિર્જરાની શ્રદ્ધા એ ગુરુ આવ્યા અને સંવર-નિર્જરા એ પોતે ધર્મ છે, એ ધર્મ પણ આવ્યો. આહાહા! સમજાણું કાંઈ?

આવું જ્યાં નથી ત્યાં અજ્ઞાન છે, એમ કહે છે. વ્યવહારની શ્રદ્ધામાં પણ જ્યાં, આવા પરમાત્મા, આ તત્ત્વો, વીતરાગની વાણી અને વીતરાગ એવી વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી એને નિશ્ચય હોઈ શકે નહીં. સંદેહ રહે એને કે અંદર કાંઈ નિશ્ચય માર્ગ હશે? વ્યવહારમાં ફેર

છે એમ માનતા નથી, બીજાને માને, આમ ને. વાત જ ખોટી છે. પૂર્ણ સ્વરૂપનું ભાન છે એને એક-એક સમયની પર્યાયની પૂર્ણતાવાળા અને એના સાધક જીવો, સંવર-નિર્જરા અને બાધકભાવ એમાં રહેલો આસ્રવ, પુણ્ય-પાપ એની શ્રદ્ધા બરાબર એને હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**[હવે પાંચમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં શ્લોક કહેવામાં આવે છેઃ]**

**भवभयभेदिनि भगवति भवतः किं भक्तिरत्र न समस्ति।**
**तर्हि भवाम्बुधिमध्यग्राहमुखान्तर्गतो भवसि ॥१२॥**

આ 'ભગવતી' શબ્દ છેને તે એને વાણી લીધી. નિયમસાર વાણી લીધી, ભગવાન લીધા નથી. નહીં તો (અર્થ એમ છે કે) આવી ભગવાનની વાણીની ભક્તિ તું મુખથી નથી કરતો? શીતલપ્રસાદ.... 'ભગવતી' શબ્દ છેને. એ તો ભગવાનને 'ભગવતી' શબ્દ .... છેને. ભગવાન છે. વાણીને ભગવતી નહીં, અહીં નથી. એમ વાણી? ઠીક.

**શ્લોકાર્થ : ભવના ભયને ભેદનારા...** ભાષા જુઓ! ભગવાન, ભવના ભયને ભેદનારા આ ભગવાન. આહા! ચોરાશીના અવતાર માથે ... મોટી એવા ભવનો ભય ટાળનારા–ભેદનારા આ ભગવાન પ્રત્યે... એવા **ભગવાન** સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ દેવાધિદેવ **પ્રત્યે શું તને ભક્તિ નથી?** આની ભક્તિ નથી તો એને આત્માની પણ ભક્તિ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અહીંથી લીધું, ભવના ભયને ભેદનારા. મોક્ષ અધિકાર છેને? મોક્ષ તો.., ભવના ભયને ભેદનારા ભગવાન છે નિમિત્તરૂપે. વ્યવહાર શ્રદ્ધાની વાત કરી. ભગવાનની વાણીમાં ભવના અભાવની જ વાત આવે. સમજાણું કાંઈ? એની વાણીમાં ભવના અભાવની વાત આવે. ભવ વિનાના થઈ ગયા છે તો વાણી પણ સહજ ભવના અભાવની જ આવે. ભવ કરવો અને ભવથી લાભ થાય એ વાત એમાં આવે નહીં. આહાહા!

શ્રોતા : આપ્ત ને આગમ શ્રદ્ધા તો પહેલી.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : લીધી છે. છેને. અહીં, આવાની શ્રદ્ધા તને કેમ નથી? એમ કહે છે. શ્રદ્ધા હોવી જોઈએ એમ કહે છે. આવાની શ્રદ્ધા તને નથી? શ્રદ્ધા હોવી જોઈએ એમ કહે છે. આવા ભગવાનની શ્રદ્ધા તને હોવી જોઈએ. નિશ્ચય શ્રદ્ધા જ્યાં આત્માની છે ને આવા ભગવાનની શ્રદ્ધા હોવી જોઈએ. આવા ભગવાની શ્રદ્ધા નથી તો તને નિશ્ચયની પણ શ્રદ્ધા નથી. કહો, સમજાણું આમાં?

**ભવના ભયને ભેદનારા... भवभयभेदिनि भगवति...** ભગવતી ક્યા હોતા હૈ? ભગવંતકા ભગવતી.... **આ ભગવાન પ્રત્યે...** આહાહા! અનંત આનંદ, જ્ઞાન લક્ષ્મી જે શક્તિમાં પડી હતી અંદર એ જેને પ્રગટ થઈ ગઈ છે એ ભગવાન કહેવાય. સમજાણું કાંઈ? જે તેને ભગવાન મનાવે છેને. અત્યારે કીધુંને, ઓલો ભગવાન, આ ભગવાન. અરે! એ બધા ભગવાન

નથી માળા. એ બધા ભિખારી છે. આહાહા! જેને અંતરમાં સ્વભાવ જેવો છે, વસ્તુ છે એનો સ્વભાવ બેહદ–અનંત–અપાર–અપરિમિત જ્ઞાન ને આનંદનું સત્ત્વ જે તત્ત્વ છે એવા સ્વભાવની જેને પ્રગટ દશા થઈ છે પર્યાયમાં, એ ભગવાનની વાણીમાં અને ભગવાનને પોતાને ભવ છે નહીં. એની વાણી પણ ભવને ભેદનારી વાણી હોય છે. ભવના ભયને ભેદનારી કે છેદનારી કહો. અરે! આ ભગવાન એવા જે પરમાત્મા એના પ્રત્યે શું તને ભક્તિ નથી? એટલે તારે ભક્તિ હોવી જોઈએ.

**તો તું ભવસમુદ્રની મધ્યમાં રહેલા...** આહાહા! ભવસમુદ્રની મધ્યમાં રહેલા **મગરના મુખમાં છે.** આહાહા! મોટો દરિયો, એમાં મગરમચ્છ, એના મુખમાં ટાંગો આવ્યો. અરેરે! ડૂબવાનો છો કહે છે. સમજાણું કાંઈ? મગરના મુખમાં... ગ્રહણનો અર્થ ગ્રાસ. કલકત્તામાં બન્યું નહોતું ઓલું છોકરાનું? છોકરા સાંજે ફરવા નીકળેલા હોડીમાં. કુટુંબ બધા સાત-આઠ માણસ. એમાં એક છોકરો આઠ વર્ષનો હતો એણે પગ બહાર રાખેલો. એમાં મગરમચ્છ અંદરથી આવ્યો. ટાંગો ઝાલ્યો–પગ ઝાલ્યો. હોડીવાળાને ખબર પડી. (કહે), નાખી દે છોકરાને, નાખી દે. એના માબાપને કહે, નહીં તો હું નાખી દઈશ. આ જો ખેંચ્યું તો બધું જાશે. ટાંગો ઝાલેલો મગરમચ્છે. પગ બહાર રાખ્યો. આમ બેઠો અંદર ને પગ બહાર રેખ્યો. પગ પકડ્યો ઓલાએ મગરમચ્છે પાણીમાં. જો આમ ખેંચ્યું તો આખી હોડી જશે. મા-બાપે... એક કોર માએ હાથ ઝાલ્યો અને એક બાપે ... નાખી દીધો. શું કરે? આ બધું જાશે. જુઓ, આ! ચોરાશીના અવતારમાં મગરમચ્છના મુખમાં છો કહે છે. આહાહા!

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા એવો પોતે એની જેને ભક્તિ છે એને આવા ભગવાનની ભક્તિનો વિકલ્પ હોય. એ જણાવે છે કે એને નિશ્ચય સમકિત છે, એમ. ભેદ અભેદને બતાવે છે. અહીં તો છે એની જ વાત છે. એકલું વ્યવહાર હોય એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? **આ ભગવાન પ્રત્યે...** 'આ' પાછું લીધું છે. સાક્ષાત્ પ્રભુ છેને. આહા! અરે! જેને મોક્ષદશા પ્રગટ થઈ છે કેવળજ્ઞાન, કેવળદર્શન. ભાઈ! એ શું ચીજ છે? એવી જેને પર્યાય પ્રગટ થઈ છે, છે એ પર્યાય બહિઃતત્ત્વ, પણ જેને અંતઃતત્ત્વનું ભાન છે એને આવા બહિઃતત્ત્વની શ્રદ્ધા વિકલ્પરૂપ હોય એમ સિદ્ધ કરવું છે. એને બીજો દેવ કે બીજા કર્તા, ફલાણા કે ઢીંકણા-ફીંકણા એવો એને વ્યવહાર હોતો નથી અને બીજો એવો વ્યવહાર હોય તો એને નિશ્ચય છે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

અમે તમને મોક્ષ આપશું, અમે તમને મોક્ષ આપશું. સમજાય છે? અમારું ભજન કરો, તમને મુક્તિ થશે. એ ભગવાન જ નથી. એ ભગવાન તો એમ કહે છે કે હું છું પર્યાયમાં એવું તારું સ્વરૂપ છે અંદર. તારી ભક્તિ તને પ્રગટી હોય તો અમારા પ્રત્યે એમ ભક્તિનો વિકલ્પ તને હોય, બસ એટલું. સમજાણું કાંઈ? બે પ્રકારની ભક્તિ છેને નિશ્ચય ને વ્યવહાર. નિશ્ચય ભક્તિ, ભગવાન આત્મા આનંદસ્વરૂપ પોતાનો સચ્ચિદાનંદ પરમાત્મા સિદ્ધસ્વરૂપ એની અંદર

એકતા, શ્રદ્ધા તેને નિશ્ચયભક્તિ, સમકિત કહે છે. સમજાણું કાંઈ? અને એને બતાવનાર નિમિત્તરૂપે આવા ભગવાનની શ્રદ્ધાનો વિકલ્પ તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા!

નિશ્ચય ને વ્યવહાર. ભાઈએ કહ્યું હતુંને રાત્રે. પરસ્પર સાધ્ય-સાધક. પરસ્પર સાપેક્ષ છે એમ પણ આવે છે. પાછળ જયસેનાચાર્યમાં. પરસ્પર સાપેક્ષ... એમ કે નિશ્ચય આવો હોય તો વ્યવહાર આવો હોય, વ્યવહાર આવો હોય તો નિશ્ચય આવો હોય. એવું જયસેનાચાર્યમાં (આવે છે). પરસ્પર સાપેક્ષ. આ પરસ્પર સાધ્ય-સાધક એમ આવે છે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યની ટીકામાં છે. એની એવી શૈલી છે. એ વાત થઈ હતી પણ બહુ.... કોની સાથે થઈ હતી? સાધ્ય-સાધક... નિશ્ચય જ્યાં આવો હોય ત્યાં આવો વ્યવહાર હોય જ, એમ પરસ્પર સાપેક્ષ સિદ્ધ કરે છે. વ્યવહાર આવો હોય ત્યારે નિશ્ચય આવો હોય.

એ પ્રવચનસારમાં આવ્યું છેલ્લું ચરણાનુયોગમાં. જેને આવો સાચો વ્યવહાર હોય એનાથી અનુમાન કરજે કે ત્યાં અંદર નિશ્ચય છે આવું. આવો નિશ્ચય એને હોય. સમજાણું? ચરણાનુયોગની શરૂઆતની ગાથામાં. ભારે ... વાતું ભાઈ! આવી જેને નિશ્ચય છઠ્ઠી ભૂમિકાની દશા હોય એને વ્યવહાર આવો જ હોય, પંચમહાવ્રતના પરિણામ જોઈએ. ન્યાં આશ્રય કીધો. વ્યવહાર આશ્રય નિશ્ચય, નિશ્ચય આશ્રય વ્યવહાર. આશ્રય શબ્દે એ કે જ્ઞાન કરવું એનું. આવું જેને વ્યવહારનું જ્ઞાન હોય, આવો વ્યવહાર હોય એને નિશ્ચય આવો હોય અને આવો નિશ્ચય હોય એને આવો વ્યવહાર હોય. સમજાણું કાંઈ?

એ અહીં સિદ્ધ કરે છે. જે આત્મા સમ્યગ્દર્શન પામેલ છે, આત્મા મહાપ્રભુ એવી મોક્ષની પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય.... કહે છેને કે પંચપરમેષ્ઠી તારા પેટમાં છે. એમ કીધું છેને? તારા આત્મામાં પંચપરમેષ્ઠી સ્વરૂપ જ તું છો. એવી જેની સંવર-નિર્જરા, મોક્ષદશા એ બધી દશાનો આખો સાગર ભગવાન આત્મા છે. એવાની જેને પ્રતીત, અનુભવ થયો, એને આવા બાહ્યમાં પ્રગટ થયેલી એક-એક સમયની દશાવાળા એની એને શ્રદ્ધા (હોય), એની જ એને શ્રદ્ધા હોય, બીજાની શ્રદ્ધા હોય નહીં. પૂર્ણ આની શ્રદ્ધા છે એને આવી એક સમયની પૂર્ણની પર્યાય કે સંવર-નિર્જરાવાળા એવા તત્ત્વની શ્રદ્ધા હોય છે. સમજાણું કાંઈ? સાધકજીવને આવો સંવર-નિર્જરા હોય, સાધકને આટલો બાધક આસ્રવાદિ હોય—એ બધું નવ તત્ત્વની શ્રદ્ધામાં આવી જાય છે.

ઓહોહો! અરે! **ભવસમુદ્રની મધ્યમાં રહેલા**... પાછો ભવસમુદ્રને કાંઠે પણ નહીં. (કાંઠે હોય) તો તો થઈ રહ્યું. કાંઠે આવ્યો એ તો ક્યાં છે? આ તો મધ્યમાં પડ્યો છે અંદર. આહાહા! પૂર્ણ પરમાત્મા તારું સ્વરૂપ એનું તને ભાન ન હોય તો આવા ભગવાનની પણ તને શ્રદ્ધા ન હોય, તું ભવસમુદ્રના મધ્યમાં છો. આહાહા! ભવસમુદ્રની મધ્યમાં મગરના મુખમાં, પાછો. કદાચિત્ ઉપર–માથે હોય તો મગરમચ્છ પકડીને હેઠે અંદર લઈ જાય ઠેઠ. આહાહા! સમજાણું કાંઈ? ચોરાસીના અવતાર મહા ઊંડા.. ઊંડા.. ઊંડા.. આહા! એવા ભવ જ્યાં મન વિનાના ભવ, મનવાળા સિંહ ને વાઘ ને વરુ ને રીંછના ભવ. આહાહા! કેવા ભવ થાય જુઓને!

લોંકડીના ભવ થાય, લોંકડી એક થાય છે. જોઈ હતી જયપુરમાં. તે દિ'..... દિશાએ જતા તો બહુ આઘે જતા. મોટી ભેખડ હતી એમાંથી લોંકડી નીકળી મોટી લાંબી પાતળી. કીધું, આ શું? આ તો લોંકડી. એ જનાવર થાય છે. ત્યાં જોયું હતું જયપુરમાં ઓલા વખતે. આહાહા! એ બચ્ચા ને એ ન્યાં રહે જંગલ, એમાં બહાર નીકળે અને જો પારધી આવે તો મારી નાખે, બચ્ચા પડ્યા રહે. અંદર ગુફા હતી. એક નોળનું હતું. એ નોળને એવું વાગે તો ઝાડ એની પાસે (જાય). એ નોળને કાંઈ થઈ જાય તો ઝાડને સૂંઘીને પછી આવે. આવે છે એવી વાત. સર્પ સાથે લડેને તો પછી ઝેર ચડી જાય તો જરીક જઈને સૂંઘી આવે. એ ત્યાં ઝાડ હતું આપણે ગુફાની બહાર, નહીં? નોળવેલ... કાંઈક હતું. જોયું હતું. આપણે જાતા હોયને. ભાઈ હતા શેઠ પૂનમચંદજી ગોદીકા.

આહાહા! આવા ભવ જુઓને! ક્યાં ક્યાં.. આહાહા! ઊંડે ઊંડે ... નાખી, માણસપણા મળવા મુશ્કેલ. અરે! એને વિચાર નથી. અરે! હું ક્યાં છું, ક્યાં જવાનો છું? શું થઈ રહ્યું છે, આના ફળ શું આવશે? સમજાય છે કાંઈ? એવા નવ તત્ત્વની શ્રદ્ધાના પણ જેને ઠેકાણા નથી એને આત્માની શ્રદ્ધા હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આવો માર્ગ પણ ભારે ભાઈ! ઓલો તો ઉપર ટપકે કરે તો આમ કરો, આમ કરો, થઈ રહ્યું, જાઓ, ધર્મ થઈ જાય. દાન આપો જરી. આવા ગૃહસ્થ હોય તો આપો બે લાખ દાન. તમારું કલ્યાણ થઈ જશે. ઓલો આપે તો નહીં એટલા બધા, પણ કદાચ ઓલા કહે એવું. ખંખેરતા આવડે તો ઓલા ખંખેરાય નહીં. ઓલાને આવડતું ભાઈને. કોણ? મણિભાઈ.

મણિભાઈ કોઠારી મળ્યા હતા. ખંખેરાવી દઈએ બાઈયુંને. એવા ભાષણ આપીએ કે બાઈયું દાગીના ઉતારે. એવા ભાષણ આપીએ. એલા! પણ તમે રાંધણીયું રસોયાણી છો? તમારો અધિકાર કાંઈ નહીં? આ દાગીના પહેર્યા એ તમારા નહીં? એટલોય નહીં તમારો હક? દાનમાં પૂછવા જાવું પડે ધણીને કે આ હું આપું કે નહીં? આવા તમે નોકર. નોકર હોય એને સ્વતંત્ર બસો રૂપિયાનો પગાર મળે છે. મહિનાના બસોનો પગાર અને બાર મહિનાના એમ કરીને પચાસ વર્ષ એમને ઘરે રહ્યા તો કેટલો આંકડો થયો તમારે? એવી ઝપટ મારેને.

આપણને એવું કાંઈ આવડે નહીં બહુ. પણ એવું સાંભળેલું. આ મારે ઝપટ તો ઓલા દાગીના ઉતારે ફટ ફટ. ભરી નાખ.... સોનાની બંગડીયું... હજી પૂછવા જાવું પડશે? એ કહે તો પૈસા આપીએ. નોકરાણી જેટલી સ્વતંત્ર નથી તમે? નોકરાણી સ્વતંત્ર હોય. એને બસેનો પગાર હોય, સ્વતંત્રતા વાપરવામાં હોય. એય! એમ કહેતા લ્યો. એવું આવતું. એ મણિભાઈ બહુ બોલતા. જોરાવરમાં રહેતા. મણિલાલ કોઠારી ..વાળા. ગુજરી ગયા બિચારા. આવ્યા હતા, વ્યાખ્યાનમાં આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળવા હજારો માણસ તે દિ' તો હોયને. વઢવાણ.... અહીંથી હજારો ને અહીંથી હજારો. ઓહોહો!

ઓલો એક હતો કોઈક જ્યોતિષ જેવો. એને પૂછ્યું હતું, આ મહારાજ દેશની સેવા..... એક આર્યસમાજી હતા ટંકારાના. જ્યોતિષ જેવો હતો મોઢાનો દેખાવ. મોઢાનો અભ્યાસ બહુ

હતો એને. વ્યાખ્યાનમાં બેઠો હોય તો આખો એક કલાક મોઢાનો અભ્યાસ. પછી વાત કરી હતી. દેશની સેવા.... મહારાજ નથી, એ તો આત્માની વાત કરનારા છે. મણિભાઈએ પૂછ્યું હતું. અરે! કોની સેવા કરે બાપા? આહાહા! ત્યાં ગયો ઊંડો તો એમાંથી નીકળવું... આહાહા! એમાં બહારમાં જરી મોટપમાં વખણાઈ ગયો હોય વ્યાખ્યાતામાં, પ્રવચનમાં, માનમાં, આવડતમાં કાંઈક વખણાઈ ગયો હોય, એમાંથી બહાર નીકળવું... આહાહા! બાપુ! એ બધું ખોટું છે ભાઈ! બહારની પ્રશંસા ને બહારની આબરૂ શું ચીજ છે? મરીને જશું ત્યાં કાંઈ ઘરેણે મૂકાય એવું છે? આહાહા!

કહે છે, અરે ભાઈ! ભવના ભેદનારા એવા ભગવાનની તને શ્રદ્ધા નથી? આહાહા! તો આ તારો ભગવાન પૂર્ણાનંદનો નાથ–એવા અનંતા ભગવાનની પર્યાયનો સમુદાય એની તને શ્રદ્ધા છે નહીં. અંશની આવી શ્રદ્ધા નથી તો આખા અંશીની શ્રદ્ધા તેને હોય જ નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! પાંચ ગાથા થઈ, હવે છઠ્ઠી. હવે અહીંયા અઢાર દોષોનું વર્ણન. એ આપ્ત કહ્યા હતાને દેવ દોષરહિત. શંકા કહી હતીને શંકા. આ મોહ ને રાગ-દ્વેષ દોષો રહિત. એ દોષો ક્યા એની વ્યાખ્યા આમાં કરે છે. દેવ ને આપ્ત પરમાત્મા, વાણીવાળા પરમાત્મા હોં. બીજા ...ની અહીં વાત નથી અત્યારે. અહીં તો આગમ કહેનારાની વાત છેને? જેના મુખમાંથી વાણી નીકળે વચનરચના, એવા અરિહંત પરમેશ્વર પરમાત્મા સાક્ષાત્ ભગવાન કેવા હોય એ કહે છે.

**छुहतण्हभीरुरोसो रागो मोहो चिंता जरा रुजा मिच्चू।**
**सेदं खेद मदो रइ विम्हियणिद्दा जणुव्वेगो॥ ६॥**

**ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને**
**રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.**

**ટીકા : આ, અઢાર દોષના સ્વરૂપનું કથન છે.** ભગવાન પરમાત્મા જેની વાણીની રચના આગમરૂપ છે એવા ભગવાન કેવા હોય? **(૧) અશાતાવેદનીય સંબંધી તીવ્ર અથવા મંદ ક્લેશની કરનારી તે ક્ષુધા છે...** અમૃતના સાગર જ્યાં અનુભવાય ત્યાં ક્ષુધા કેવી? એમ કહે છે. આહાહા! ભગવાન પરમાત્મા થયા, જેના અંતરમાં અનંત અમૃતનો સાગર ભર્યો છે, એ જ્યાં ઉછળી ગયો છે પર્યાયમાં આવીને, એવા અમૃતના અનુભવનારને ક્ષુધા કેવી? ભાઈ! આહાહા! એ તો અનંત અમૃતના આનંદનું ભોજન કરી રહ્યા છે. સમજાણું કાંઈ? પરમેશ્વર અરિહંત એને કહીએ, ભગવાન એને કહીએ, દેવ એને કહીએ કે જેને ક્ષુધા ન હોય.

પહેલેથી વાંધા ઉઠાવ્યા છે. આ **छुह** છેને પાઠમાં. એ તો હરિગીતનું મેળવવા કહ્યું છે. મૂળ પાઠમાં **छुह**–ક્ષુધા છે. ભગવાન... આહાહા! અરે! નીચે(ના ગુણસ્થાને) અમૃતના સાગરના અનુભવમાં હોય એને પણ જ્યાં આવી ઇચ્છા નથી, જે પાછો બહાર નીકળશે ત્યારે વૃત્તિ ઉઠશે, તો આ પ્રભુ તો અનંત આનંદના સાગરમાં ડોલી રહ્યા છે, અનંત અમૃત અતીન્દ્રિય આનંદનું

જેને પૂર્ણ વેદન છે. આહાહા! સમય-સમયમાં પરમેશ્વર અરિહંતદેવને અતીન્દ્રિય અનંત આનંદના ભોગવટાનું ભોજન છે, એને આ ક્ષુધા હોય કે આહાર કરે, એ કલંક છે. આહાહા! અમૃતના ભોજીને આહારનો ખોરાક કહેવો એ કલંક છે. એ દેવને ઓળખી શક્યા નથી. કહો, સમજાણું કાંઈ? આવા દેવો એની વાણી તે આગમ કહેવાય અને આવા દોષવાળા વાણી કહે તે આગમ નહીં અને એ દેવ પણ નહીં. આહાહા! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

અશાતાવેદનીય સંબંધી એને તીવ્ર ઉદય હોય જ નહીં. અને **મંદ ક્લેશની કરનારી,** પાછી. **તે ક્ષુધા છે (અર્થાત્ વિશિષ્ટ–ખાસ પ્રકારના–અશાતાવેદનીય કર્મના નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા**–અંદર જઠર **તેના ઉપર લક્ષ જઈને મોહનીય કર્મના નિમિત્તે થતું જે ખાવાની ઇચ્છારૂપ દુઃખ તે ક્ષુધા છે).** એ પરમાત્માને હોય નહીં. આહાહા! સમજાણું કાંઈ? કહે છેને, આ ભગવાનના શરીરમાં રોગ થયો અને આહાર લાવ્યા. ...ના અધિકારમાં તો બહુ એવું છે ભગવતીમાં. દરરોજ સારો-ઉત્તમ આહાર લાવે છે. દિન-દિન પ્રત્યે આહારથી પરિતૃપ્ત છે ભગવાન. આહાર થયો એવો પાઠ છે. ...નો અધિકાર છે. ... વાંચ્યો હતો. ૯૩માં આવ્યા હતા. લઈ ગયા ભગવતી ઘરે. કાંઈ હાથમાં આવે નહીં. ઉપરથી ન્યાય કાઢતા હોય, તમને એમાં શું ખબર પડે? લઈ ગયા ભગવતી.

કોઈ પ્રોફેસર હતાને કેશવલાલ. એ પણ હતા. આ મહારાજ વાંચે છે ભગવતી એ લાવજો મારી પાસે. લઈ ગયા, પાછા બીજે દિ', ત્રીજે દિ' પાછું લાવ્યો. મહારાજ કાઢે છે એવું કાંઈ આમાં નીકળતું નથી. ૮૮ની વાત છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! પરમેશ્વર થયા એને પણ હજી ક્ષુધા. જેના ભક્તો છે દેવો, ઈન્દ્રો (કે જેને) પણ તેત્રીસ સાગરની સ્થિતિમાં તેત્રીસ હજાર વર્ષે ઇચ્છા થાય અને આને દિન-દિન પ્રત્યે આહાર. એવો પાઠ છે... સમજાણું કાંઈ? નિયતભોજી? ના. 'નિત્યભોજી' શબ્દ નથી, નિયતભોજી છે. 'નિયત'નો અર્થ નિત્યભોજી થાય છે. 'નિયતભોજી' આવે છેને આ નમોત્થુણંમાં, નહિ? અહીં તો અમારે પાઠ આવ્યો છે.

પણ આમાં અર્થ નમોત્થુણંમાં નથી આવતો 'નિયતભોજી'? કેવા શું કહેવાય? 'વિઅટ્ટછઉમાણં'. નમોત્થુણંમાં આવે છેને. છદ્મસ્થ જેને વીતી ગયું છે. ત્યાં એવો અર્થ છે. મેં કહ્યું, એનો અર્થ, અહીં તો આવો અર્થ છે અને અહીં નિયતભોજીમાં નિત્ય આહાર ક્યાંથી થશે? આ તો તે દિ'ની વાત છે પચાસ વર્ષ. નમોત્થુણુંમાં આવે છેને 'વિઅટ્ટછઉમાણં'. આમાં તો 'છદ્મસ્થપણું વીતી ગયું છે' એમ છે. 'વિઅટ્ટ'નો અર્થ નકાર છે. અને આ ...ને અધિકારે નિયતભોજીનો 'હંમેશા ભોજન' એવો અર્થ કાઢ્યો ક્યાંથી? એવો અર્થ ચાલ્યો આવે છે. 'નિતભોજી' ટીકાકારે કર્યું છે. હંમેશા .... સુંદર.. સુંદર. અરે! તીર્થંકરના શરીર તો સદાય સુંદર જ હોય. નોકર્મનો આહાર થોડો-થોડો સદાય આવ્યા જ કરે રજકણો શરીરમાં. એને (કવલ)-આહાર હોય નહીં. આવો આહાર માને એ ભગવાનને ઓળખતા નથી. એને પૂર્ણ પરમાત્મા પોતાની શું ચીજ છે એની શ્રદ્ધાની પણ ખબર નથી, એમ કહે છે.

જેની અંશ-દશામાં પૂર્ણતા છે એવાને જ્યાં ક્ષુધા ઠરાવે, તો આખો આત્મા એવા અંશનો ધરનાર પૂર્ણાનંદ એની એને ખબર ને શ્રદ્ધા નથી, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? ભગવાનને રોગ થયો. સિંહ અણગારને મોકલ્યા, જાઓ, લઈ આવો આહાર. સમજ્યાને? ત્યાં નિયતનો અર્થ નિત્ય થાતો હોય તો અહીં નિયતનો અર્થ નિત્ય થાતો નથી, કીધું. ત્યાં નિત્ય કર્યો છે અર્થમાં. એવું નથી. ખોટી વાત છે. વસ્તુ જ ખોટી છે, પણ છતાં શબ્દનો અર્થ પણ ખોટો છે, કીધું. પણ સંપ્રદાયમાં જરીક આકરું પડે. અહીં તો ચોખ્ખી વાત છે. જેની શરીરની અવસ્થામાં જઠરની ક્ષુધા થાય અને એના ઉપર લક્ષ જાય, ત્યારે મોહનીયકર્મના નિમિત્તે થતું ખાવાની ઇચ્છા.., એમ. આવો ખુલાસો કર્યો. દુઃખ તે ક્ષુધા છે. એ ક્ષુધા પરમેશ્વર પરમાત્મા વાણીવાળા, શરીરવાળા હોવા છતાં, શરીરવાળા એટલે આમ નિમિત્ત તરીકે, શરીરનો એને સંબંધ હોવા છતાં એને ક્ષુધા હોઈ શકે નહીં. આહાહા!

અમૃતના દરિયા જ્યાં ઉછળ્યા છે. સમકિતમાં પણ જ્યાં અમૃતનો એક અંશ અનુભવમાં આવે, એને પણ આખા દુનિયાની તૃષ્ણા ઉઠી જાય છે અંદરમાં. રુચિમાં તો આખો સંસાર છૂટી ગયો છે. સમજાણું કાંઈ? એને જ્યાં અમૃત ભગવાન પરમેશ્વર... ધમ્મચક્કવ.. આવે છેને નમોત્થુણુમાં. 'ધમ્મવર-ચાઉરંત-ચક્કવટ્ટિણં'. 'નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં આઈગરાણં તિત્થયરાણં સયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં..' આવે છે. કર્યું હતું મોઢે હીરાભાઈ? કર્યું હતું. નમોત્થુણં. નમોત્થુણં મોટું પદ આવે છે. એના બધા અર્થ કરેલા વ્યાખ્યાનમાં કરેલા. આપણે ઓલી કથા-બથા વાંચતા નથી. જ્યારે ... સજ્ઝાયના બે દિ' હોયને, સજ્ઝાયના બે દિવસ આવેને તે દિ' આવા અર્થ કરીએ નમોત્થુણં કે.... આહાહા! 'તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહગાણં મુત્તાણં મોઅગાણં સવ્વનુણં સવ્વદરસિણં..' હોયને બધાને. એકેએકને સ્થાનકવાસીમાં બધાને. છોકરા આઠ-આઠ વર્ષના. નમોત્થુણં સાથે સામાયિકનો પાઠ. કોઈક એવા હોય........ બાકી જૈનશાળાના પાઠમાં જ શીખવેલા. અમને પાઠશાળામાં ત્યારે શીખવેલા. દસ-દસ વર્ષની ઉંમર. જેને ક્ષુધા હોય એ પરમેશ્વર નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ?

ઓલામાં આવેને, સ્વામીનારાયણમાં બહુ આવે. ભોગ ચડાવે. શું નામ આવે? સાંભળતા ઓલા... જમો થાળ જીવન મોરારિ. એય જયંતિભાઈ! ન્યાં સાંભળ્યું નથી તમે તમારા ગામમાં? રોજ સાંભળતા હતા. 'જમો થાળ જીવન મોરારિ.' ફલાણું કર્યું છે, આ લાપશી છે ને આ ફલાણું છે. આવા ભગવાન. ભગવાન કેવા? આહાહા! 'જમો થાળ જીવન મોરારિ.' એ કરીને પછી ખાય આહાર. અહીં કહે કે ભગવાનને ક્ષુધા હોઈ શકે નહીં. પહેલેથી ત્યાં ઉપાડ્યું છે. આત્માના પૂર્ણ અમૃતના આનંદના સ્વાદિયા ભગવાનને ક્ષુધા હોઈ શકતી નથી, એને ભગવાન કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ સુદ ૯, રવિવાર, તા. ૨૬-૧૨-૧૯૭૧
## ગાથા - ૬, પ્રવચન નં. ૮

નિયમસાર સિદ્ધાંત છે. છઠ્ઠી ગાથા ચાલે છે. શું કહે છે? કે જેને આ આત્માની મોક્ષમાર્ગ પર્યાય પ્રગટ થઈ છે.... આ આત્મા જે વસ્તુ છે પૂર્ણ આનંદ ને જ્ઞાયકના ભાવવાળું–સ્વભાવવાળું તત્ત્વ, એવી પૂર્ણ વસ્તુનો જેને અંતર્મુખ થઈને અનુભવ થયો એટલે કે જે વસ્તુ છે શુદ્ધ આનંદ એને અનુસરીને પરિણતિ–વર્તમાનદશામાં આનંદનું પરિણમન થયું છે, એમાં એને પ્રતીત, જ્ઞાન ને રમણતા છે એને અહીં મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ? કેમકે દ્રવ્ય છે વસ્તુ, ગુણ છે શક્તિ અને પર્યાય છે અવસ્થા અને એ અવસ્થામાં અનાદિથી એક અંશરૂપ દશા અને મોહ ને રાગ-દ્વેષના પરિણામ છે. આ એની હયાતીમાં ત્રણ આ છે. એની હયાતીમાં નથી શરીર, નથી વાણી, નથી બાયડી-છોકરા-કુટુંબ, કાંઈ એનામાં છે નહીં. બરાબર છે?

હવે આત્મામાં હોય તો ત્રણ પ્રકાર—દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે–અવસ્થાપણે. એ ત્રણમાં એ છે. એ સિવાય નથી એ આત્મા કર્મમાં, શરીરમાં. બાયડી-છોકરા-કુટુંબ એ બધી પરચીજ છે એમાં એ નથી અને એ ચીજ અહીં નથી. હવે એનામાં જે રાગ-દ્વેષ, અજ્ઞાન ને મોહ અને એક સમયની અંશદશા છે એ ઉપર એની રુચિ તો અનાદિની છે. કારણ કે એટલું પ્રગટ છે એને એ માને છે. હવે જેને હિત કરવું છે, દુઃખ ટાળવું ને સુખી થવું હોય એને એ પર્યાયમાં રાગ-દ્વેષ અને એક અંશતા જે દેખાય છે એનો આશ્રય ને રુચિ છોડી... પણ એની રુચિમાં છે અને દુઃખી છે એ તો. ઝીણી વાત છે. એણે કોઈ દિ' કરી નથી, સાંભળી નથી. આ બધા હાડકાં, શરીર તો એનામાં જડ જડપણે રહ્યા છે, એ કાંઈ આત્મામાં નથી. તેમ આત્મામાં નથી, આ તો જડમાં જડ છે. એનામાં રહેલી દશામાં એક અંશતા–પ્રગટતા અને રાગ-દ્વેષ-મોહ એ તો દુઃખ છે.

એ દુઃખનો જેને નાશ કરવો હોય, દુઃખી છે અનાદિથી, તો એની પર્યાયમાં અંશતા ને રાગ-દ્વેષની રુચિ છોડી, એટલે કે એ છે છતાં તેને લક્ષમાંથી છોડી દઈ અને આખી ચીજ જે અનંત આનંદનો કંદ છે જે વ્યક્ત નથી છતાં એ છે એમ અંતરમાં પ્રગટપણે વસ્તુ છે. પર્યાયપણે પ્રગટ નથી, પણ વસ્તુપણે પ્રગટ છે અંદર. વસ્તુ છેને. સમજાણું કાંઈ? આ વસ્તુની સ્થિતિ જ આવી છે. એ રીતે તો વાત ચાલે છે. એ ત્રિકાળી વસ્તુ જે છે એના ઉપર દૃષ્ટિ આપતાં જે પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિનું થાય, એને દુઃખથી મુક્ત કરવાનો ઉપાય કહેવામાં આવે છે અને એને સાચો મોક્ષનો માર્ગ પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. એવો જેને નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ્યો હોય એને દેવ-ગુરુ-શાસ્ત્રની કેવી શ્રદ્ધા હોય એ અહીં વર્ણવે છે. પંડિતજી! સમજાણું કાંઈ?

એમાં દેવનું વર્ણન છે. જેને દિવ્યશક્તિ પ્રગટ પર્યાયરૂપે પરિણમી ગઈ છે. પરમાત્મા સંસારની દશાનો નાશ કરી, જે એને પર્યાયબુદ્ધિ હતી એનો અભાવ કરી, સ્વભાવબુદ્ધિ કરી, સ્થિર થઈને, પૂર્ણ અનંત જ્ઞાન-આનંદ એવી દિવ્યતા શક્તિરૂપ હતી એને વર્તમાનદશામાં પ્રગટરૂપ દિવ્યતા જેણે પ્રગટ કરી, એ દેવને આ સમ્યગ્દૃષ્ટિ પહેલાં દેવ તરીકે માને છે. નિશ્ચયદેવ તો પોતે છે. સમજાણું કાંઈ? આવા દેવ સિવાય જ્ઞાની બીજા કોઈ દેવને અંદર માને નહીં. સમજાણું કાંઈ? કેમકે દિવ્ય એવો શક્તિનો ભંડાર ભગવાન જેને અંતરદૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો, એ દિવ્યતા જેને પૂર્ણ પ્રગટી એને વ્યવહાર તરીકે દેવ માને, બીજાને દેવ માને નહીં. સમજાણું કાંઈ?

એ દેવને અઢાર દોષ ન હોય એનું અહીં વર્ણન છે. એવા દેવ પરમાત્માને અઢાર દોષ ન હોય એને દેવ તરીકે, સુખને પંથે અંતર પડેલો સમ્યગ્દૃષ્ટિ–ધર્મી એ આવા પૂર્ણ સુખીને દેવ તરીકે માને છે. સમજાણું કાંઈ? એક દોષની વાત ચાલી છે. ભગવાન પરમાત્મા હોય એને અઢાર દોષ ન હોય. એમાં ક્ષુધા ન હોય એવી પહેલી વાત આવી. અનંત અમૃતના આનંદના રસના સ્વાદિયાને ક્ષુધા કેવી? આહાહા! જેને અનંતકાળમાં અમૃત પૂર્ણ પ્રાપ્તિ નહોતી થઈ, એ અમૃતનો સ્વાદ જ્યાં પૂર્ણ (આવ્યો) એવી પ્રાપ્તિના સ્વરૂપાનંદી.. સ્વરૂપાનંદી પરમાત્મા એને ક્ષુધા ન હોય કે જેથી આહાર લે ને આહાર ખાય. એ ધર્માત્મા નહીં. સમજાણું કાંઈ?

કહે છેને કે ભગવાનને રોગ થયો. રોગ થયો, કોળાપાક આહાર લીધો. એ બધી વાતું તદ્દન કલ્પિત છે. વાસ્તવિક દેવના સ્વરૂપની એને ખબર નથી. એથી એને (જણાવે છે કે) આત્માનો દેવ કેવો છે. પૂર્ણ અમૃતનો સાગર ભગવાન આત્મા છે. એનો એને અનુભવ નથી એટલે આવા દેવને સ્વીકારતો નથી, ઉલટા દેવને સ્વીકારે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! અહીં તો કહે છે કે જેણે પર્યાયબુદ્ધિ પલટાવી દ્રવ્યબુદ્ધિ–વસ્તુબુદ્ધિ કરી છે એવાને આવા દેવ તરીકેની શ્રદ્ધા (હોય) એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. એને ક્ષુધા ન હોય ભગવાનને. કહો, સમજાણું કાંઈ? એક બોલ આવી ગયો છે. ઇચ્છારૂપ દુઃખ તે ક્ષુધા, એ ભગવાનને ન હોય. એને ક્ષુધા કેવી? આહા!

પરમ અમૃતના જ્યાં વેણલા પૂરા થઈ ગયા અંતરમાંથી... પ્રભુ અનંત આનંદમય છે આત્મા. (એવો) દરેકનો છે. એવો અનંત આનંદમય જ્યાં પર્યાયમાં પૂર્ણ પ્રાપ્ત થઈ ગયો, એને ક્ષુધા કેવી? એ આહાર લે, ક્ષુધાનું દુઃખ હોય, તો એને અનંત આનંદને બાધા આવે છે. સમજાણું કાંઈ? આહાહા! અનંત આનંદ એવો મારો પ્રભુ છે એવો જેને અંતર સ્વીકાર ધર્મની દૃષ્ટિએ થયો, એને ધર્મી.., પોતાને પણ પૂર્ણપદ સર્વજ્ઞ પ્રાપ્ત કરવું છેને, એટલે પૂર્ણ પ્રાપ્ત જેને દશા છે એને ક્ષુધા ન હોય એને એ દેવ તરીકે સ્વીકારે છે. સમજાણું કાંઈ?

હવે તૃષા. તૃષા ન હોય એને. ઓહો! આત્મા સમ્યગ્દર્શન... જ્યાં આત્મા આનંદમય છે, એ વસ્તુ જ એવી છે, અતીન્દ્રિય સચ્ચિદાનંદ પ્રભુ છે. એનું જ્યાં ભાન થાય ત્યાં અતીન્દ્રિય આનંદનો નિર્વિકલ્પ રસ પીવે ધર્મી. આહાહા! જેને પરમાત્મદશા થાય એને તો પૂર્ણ નિર્વિકલ્પ આનંદના રસનું પીણું હોય છે, એને આ પાણી પીવું હોતું નથી. પંડિતજી! આહાહા! 'નિર્વિકલ્પરસ પીજીએ' આવે છેને? આ રાગનો રસ ઝેર તો અનાદિથી પીવે છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના ભાવ જે વિકલ્પ–રાગ એ તો ઝેરના પીણા છે. આહાહા! અરે! એને ખબર નથી. ઝેર પીને માને છે કે અમે સુખી છીએ. હિંમતભાઈ! ભગવાન આત્મા... આ દેહ એ તો માટી–ધૂળ જગતની ચીજ છે. આ ક્યાં એની છે? એની થઈને ક્યાં રહી છે? આત્માની થઈને આ રહી શકે? એ તો એની જડની જડપણે થઈને રહી છે. તારાપણે થઈને એ રહી નથી. આહાહા! એની એને ખબરેય નથી. સમજાણું કાંઈ?

એ દેહ વિનાનો ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ આત્મા છે. અરે! જેણે અમૃતના પ્યાલા અંતર દૃષ્ટિ કરીને પીધા, જેને ધર્મદૃષ્ટિ પ્રગટી, એ તૃષા ટાળવા અમૃત પીતા હોય, એ તૃષા જેને ન હોય એવા અનંત પૂર્ણ અમૃતના સ્વાદિયા એવાને દેવ તરીકે માને વ્યવહારે. સમજાણું કાંઈ? આરે, ભારે કામ! આ ઘણા કહે છેને કે ભગવાનને આમ થયું, ભગવાનને આમ થયું. સ્વામિનારાયણમાં દરરોજ અમે સાંભળીએ ગઢડે. સ્વામીના....... દરરોજ સાંભળીએ. 'જમોને થાળ જીવન મોરારિ' અગિયાર વાગેને ત્યારે ભગવાન પાસે ધરે. એ જયંતિભાઈ! ઓલા સૂતા હતા તો રાત્રે ઘરે, દિવસે ત્યાં ઓલા ભોજનશાળા, નહીં? ભોજનશાળા ને? ઓલો ડેલો. તમારી પાછળ ડેલો ત્યાં રહેતાને. આઠ મહિના ગાળ્યા છે દીક્ષા લીધા પહેલાં. એનું ટાણું આવે ને બોલે. 'જમોને થાળ જીવન મોરારિ.' આજ લાપસી કરી છે. .... એવું નામ આપે અંદર. ઘણા....

અરે! ભગવાનને લાપસા કેવા ને આ કેવા માળા? આ તો ભગવાનને, સમજાણું કાંઈ? ક્ષુધાવાળા મનાવ્યા, તૃષાવાળા મનાવ્યા. મોસંબીના પાણી..... ફલાણા-ફલાણા પાણી કર્યા છે, ઠંડક મૂકી છે, આઈસક્રીમ છે. ઓલા દર્શન કરે ત્યારે ભોજનના દર્શન નથી કરતા? શું કહે છે? વિષ્ણુને... ફલાણાના દર્શન. દરરોજ દર્શન હોય. અન્નકૂટના દર્શન. ભગવાનને અન્નકૂટ કરે એનું દર્શન. સવારના .....ના દર્શન હોય, ઢીંકણું દર્શન. કાળા કેર કર્યા છેને. કાવતરા ઊભા કર્યા છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ એને એ ન હોય. એને ઝૂલણા ન હોય, એને તૃષા ન હોય, એને રોગ ન હોય, એને ક્ષુધા ન હોય—એવા પરમાત્માની એને ખબર નથી. આહાહા!

**(૨) અશાતાવેદનીય સંબંધી તીવ્ર** તૃષા, **તીવ્રતર**–વિશેષ–**(વધારે તીવ્ર), મંદ**–ઓછી **અથવા મંદતર**–એથી ઓછી એવી **પીડાથી ઊપજતી તે તૃષા છે. (અર્થાત્ વિશિષ્ટ**–ખાસ **અશાતાવેદનીય કર્મના...** સાધારણ અશાતાનો ઉદય તો કેવળીને હોય, એટલે 'ખાસ' મૂક્યું છે.

સમજાણું કાંઈ? ખાસ અશાતાવેદનીયકર્મના **નિમિત્તે થતી જે વિશિષ્ટ શરીર-અવસ્થા તેના ઉપર લક્ષ જઈને...** તૃષા લાગે, ગળું સુકાઈ જાય. **મોહનીય કર્મના નિમિત્તે થતું...** મોહનીય હોય તો એને **થતું પીવાની ઇચ્છારૂપ દુઃખ તે તૃષા છે**). શરીરમાં રહ્યા છતાં એ પરમાત્મા પરમેશ્વર અરિહંતને હોય નહીં. કેવળજ્ઞાની પરમાત્મા પૂર્ણ દશા જેણે પ્રગટ કરી છે, એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે અને અનંત અમૃતના આનંદને પીવે છે. સ્વરૂપાનંદી પ્રભુ સ્વરૂપની તૃષા એણે, અનાદિની પરની ઇચ્છા હતી એને તોડીને પોતાના સ્વરૂપ તૃપ્ત થયા છે. આહાહા! સમજાણું કાંઈ? એવા સ્વરૂપતૃપ્ત જીવને–ભગવાનને તૃષા હોતી નથી. તૃષા એને માને એ કલંક છે. એ ભગવાનને કલંક કરે છે જે (આળ) આપે છે એ. આહાહા! કહો, સમજાણું કાંઈ?

આ ભગવાનને ભય હોતો નથી. આહાહા! અમૃતના ગઢના અનુભવમાં પડ્યા એને ભય કેવા? સમ્યગ્દૃષ્ટિને ભય નથી. આવે છેને પહેલો બોલ? જ્યાં ધર્મ આત્મા અંતર પૂર્ણાનંદ પ્રભુ વસ્તુ.. વસ્તુ.. વસ્તુ અસ્તિ–સત્તાવાળો પદાર્થ ભગવાન છે અને છે તો એ બધા સ્વભાવથી ભરેલો છે. અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ, એ વસ્તુ છે તો એ સ્વભાવવાન છે. જેનો સ્વભાવ અનંત આનંદ, જ્ઞાનાદિથી ભરેલો એવું જેને અંતર ધર્મની દૃષ્ટિ પ્રગટી, અંતરના ભાન થયા એને પણ ભય હોતો નથી. સમજાણું કાંઈ? દેવ કેવળીને ભય હોય એમ બને નહીં. એને **આ લોકનો ભય** ન હોય. આ લોક જ પોતે આત્મા છે એમાં પૂર્ણ પ્રાપ્તને ભય કોનો હોય? આ લોકમાં લક્ષ્મી જાશે કે નહીં, આ દીકરો છે એ મરી જશે કે નહીં, સમજાણું કાંઈ? એ તો એને છે નહીં.

નિર્ભય ભગવાન. સમકિતી નિર્ભય છે તો કેવળીની શું વાત કરવી? સમ્યગ્દૃષ્ટિનો પહેલો ગુણ નિઃશંક ને નિર્ભય છે. નિઃશંક, નિર્ભય એવો અખંડ આનંદમૂર્તિ છું. વજ્રની મૂર્તિ આનંદની મૂર્તિ એવો છું. હું આત્મા એટલે એ. આત્મા એટલે આ શરીર ને રાગ ને પુણ્ય ને પાપ એ બધો આત્મા-ફાત્મા નથી. એવો ધર્મીને—સુખને પંથે ચડેલા જીવને—દુઃખને પંથનો જેણે નાશ કર્યો છે એને—ભય હોતો નથી. આહાહા! ઉપરથી વજ્ર પડે ઇન્દ્રના કે દેવોના, એ ભય પામતો નથી. નિર્ભય મારી નગરી છે. 'નિર્ભય નગરી સોહામણી, જ્યાં વસે મારો નાથ.' સમજાણું કાંઈ? હું પોતે નાથ છું. આનંદ ને જ્ઞાનનો સાગર, જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા એવું જ્યાં ભાન થયું એને ભય નથી, તો જેને જ્ઞાનદશા કેવળ પૂર્ણ દિવ્યશક્તિ પ્રગટ થઈ ગઈ એને ભય હોતો નથી.

તેથી ઓલા દેવ નામ ધરાવે ને હથિયાર રાખે હાથમાં. ત્રિશુળ, શું કહેવાય? કામઠું. એનો અર્થ એ થયો કે ભયવાળા છે એ તો. દેવ કહેવાય નહીં. કહો, સમજાણું કે નહીં? શું કહેવાય કામઠા નથી મોટા? ડાકુ રાખે. કામઠું હોય છે. ધનુષ.. ધનુષ-બાણ. ધનુષ-બાણ હોય. જાણે કોઈક એનો શત્રુ લાગે છે અને એનો ભય લાગે છે માટે ધનુષ રાખે છે. એ દેવ નહીં,

પરમાત્મા નહીં, એ પરમેશ્વર નહીં. કહો, સમજાણું કાંઈ? લોકોને નથી પડી આત્માની, નથી પડી આત્મા કે પરમાત્મા કોણ એની. આ દુનિયાની વ્યવસ્થા ધૂળની. શરીર ને બાયડી, છોકરા આ ભોગ ને વિષય ને આબરૂ ને કીર્તિ, મકાન ને હજીરા. બસ, આ ધૂળ જે નથી એનામાં એની વ્યવસ્થામાં પડ્યો છે મૂઢ. ઉકરડાને ... છે. સમજાણું કાંઈ?

જે એનામાં નથી એની સંભાળ કરવા મથે છે. જેમાં પોતે છે અનંત ગુણ ને દ્રવ્યમાં પોતે, એની સંભાળ કરવાની દરકાર નથી. એની જેણે સંભાળ કરી એને ભય કેવા? પૂર્ણ પરમાત્મા થયા. આવી નિર્ભય જેણે વસ્તુને માની, જાણી, એના પરમેશ્વર પણ નિર્ભય હોય. એને વ્યવહારે માને, બીજાને માને નહીં. **(૩) આ લોકનો ભય, પરલોકનો ભય...** પરલોક કેવો બીજો? અહીંથી મરીને ક્યાં જાશુ? સમકિતીને ભય નથી પરલોકનો. જાઈશ ક્યાં? હું તો આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છું. જ્યાં જાઉં ત્યાં હું મારામાં છું. નાગરભાઈ! સમજાણું કે નહીં આ? આમાં બાયડી-છોકરામાં ક્યાંય નથી આત્મા, એમ કહે છે. માળે લપ કરી છે મોટી પણ. નથી તેને સંભાળવા પડ્યો, છે તેને સંભાળવાનું ચૂકી ગયો. ચીમનભાઈ!

આ તો હાડકાં-બાડકા સારા હોય જરી અને પૈસા કંઈક હોય પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ હોય અને છોકરા હોય પાંચ-છ મોટા પાંચ-પાંચ હાથના. એક આવ્યું છે હમણાં કાગળ કોઈકનો. મારો બાપ ફલાણો છ હાથ લાંબા છે. છ ફૂટ... બે-ત્રણ... કાગળ એક આવ્યા છે. તમારે ત્યાં... મહારાજ... ૫૮-૬૦ વર્ષની ઉંમર છે, છ ફૂટ લાંબા છે, ફલાણું છે. એ આવ્યો હશે, આપણને કાંઈ ખબર નથી. ત્યાં આવ્યા પછી ખબર...... તમે જાણો છો. તમને તો બહુ જ્ઞાન છે. બહુ સાંભળ્યું છે અમે. હવે અમને એવું જ્ઞાન નથી. ... અમને જણાવજો. એમ લખ્યું છે હોં. એની જન્મતિથિ, નામ, એટલે શું કે એ ઉપરથી તમે જોષ જોઈ દેજો. અહીં અમે નવરા નથી. (શ્રોતાઃ અહીં જોષ છે, પણ જુદી જાતના છે). અહીં તો ભગવાન આત્માના જોષ છે. આહાહા!

તારા જન્મ-જરા-મરણના ફેરા દુઃખના કેમ ટળે અને કેમ અંતરની શાશ્વત શાંતિ મળે એવી એક વાત છે. બાકી બધા હેરાન-હેરાન દુઃખી છે. અબજોપતિ દુઃખી, કરોડોપતિ દુઃખી, રાજા દુઃખી, રંક દુઃખી. એ બધા દુઃખની ઘાણીમાં પીલાય છે. આહાહા! ભગવાન આત્મા વસ્તુ અતીન્દ્રિય આનંદનો નાથ પોતે છે એની જેને ખબરું નથી, એ તો પુણ્ય ને પાપ ને મિથ્યાત્વ રાગ-દ્વેષના લઢણમાં પડ્યા છે, દુખી છે એ. બહારથી ભલે એમ દેખાય કે કંઈ ઠીક છે, પણ અંદર સળગે છે અગ્નિ. ભાન ક્યાં છે એને? સમજાણું કાંઈ? ધર્મી જીવને ભય નથી તો ભગવાનને પરલોકનો ભય ક્યાંથી?

**અરક્ષાભય...** રક્ષા નહીં કરું તો ચાલી જશે એવી કોઈ ચીજ છે નહીં. **અગુપ્તિભય...** ગુપ્ત કરવું. ગઢ આદિ હોય એમાં અંદર સંતાઈ રહે તો ગુપ્તિ (ન) ટળે એવું કાંઈ છે નહીં.

આનંદગઢમાં જ પડ્યા છે એ તો. પરમાત્મા તો અનંત આનંદના ગઢમાં પડ્યા છે. ભય-બય છે નહીં. **મરણભય...** કાર્મણશરીર રહે ને દેહ છૂટે એને મરણ કહેવામાં આવે છે. એ તો કાર્મણદેહ જ નથી એને. એ દેહ છૂટતાં કાર્મણદેહ સાથે છૂટી જાય છે એટલે મરણ છે નહીં. **વેદનાભય...** એ શરીરની વેદના.. વેદના. રોગનો ભય. કેવળીને હોય કે નહીં રોગ? કહે છેને કે છ મહિના રોગ થયો. ગોશાળાએ નાખ્યો તેજોલેશ્યા. પિત્તજ્વર, પિત્તરોગ. વાત-પિત્ત ને કફ ત્રણ રોગ વકરે ત્યારે સનેપાત થાય. ભગવાનને પિત્ત થઈ ગયો હતો. ઓલાએ નાખી લેશ્યા. છ મહિના લોહીખંડ ઝાડો રહ્યો. બધી કલ્પિત વાતું છે. આહાહા! એ જયંતિભાઈ! ગપ્પેગપ્પ. આહાહા!

પરમાત્મા પરમેશ્વર કોને કહીએ એની ખબરું ન મળે. જેને પોતાના પરમેશ્વરની ખબર છે, એને બીજા પરમેશ્વર કેવા હોય એની ખબર હોય જ. એ અહીં વાત કરે છે. સમજાણું કાંઈ? અને જેને એવા પર પરમેશ્વરની ખબર નથી એને પોતાના પરમેશ્વરની પણ ખબર નથી. કહો, સમજાણું કાંઈ? દેવ-દેવલા જ્યાં-ત્યાં માને, માથા ફોડે. આવો દેવાધિદેવ પોતે છે એની એને ખબરું ન મળે. એક જણો વળી એમ કહેતો હતો કે આ ગામોગામ ચોરા છે, એ ધર્મ ખરો હશે અનાદિનો ત્યારે ગામમાં ચોરા હશેને? વળી એક જણે તર્ક કર્યો. ઠાકરદ્વારા. ગામોગામ હોયને. નાનું ગામ હોય તો હોય ઠાકરદ્વારા. હવે અહીં તો..... સમજાણું કાંઈ? ગામોગામ ઠાકરદ્વારા. જૈનધર્મ ક્યાં છે ગામોગામ? ગામડું હોય તો ઠાકરદ્વારા હોય. રામ, લક્ષ્મણ, સીતા..... બે-પાંચ દસ-પચ્ચીસ ઘર હોય. એ ધર્મ ખરો લાગે છે હોં. કહો, જેઠાભાઈ! અત્યારે તો પાકા થઈ ગયા છે. .... આહાહા!

કહે છે, એને.... શું કીધું? મરણભય નહીં, વેદનાભય નહીં. વેદના ભગવાનને હોય નહીં. શરીર પરમૌદારિક થઈ જાય અને જેના શરીરમાં બીજો નજર કરે તો સાત ભવ ભાળે. એવા તો શરીરમાં રહ્યા ભગવાનને સ્વચ્છ શરીરના રજકણ થઈ જાય, એને પરમાત્મા કહેવાય. શરીરમાં રોગ આવે ને દવા લાવે. જાઓ, સિંહ અણગારને કહે કે લઈ આવજો. પછી આહાર લીધો ને .... થઈ ગઈ. માળે ગપેગપ માર્યા છેને. આહાહા! શું પણ દવા....? બીજીવાર લાવવું દવા. આવી વાતું બાપા! વીતરાગ માર્ગ આ તો પરમેશ્વરનો સત્ય માર્ગ છે. સચ્ચિદાનંદ પ્રભુ પોતે જ છે એવું જેને ભાન થયું, એણે તો પૂર્ણાનંદની પ્રાપ્તિ કરી, તેને રોગ છે નહીં. રોગ આવશે બીજો હોં. ભયમાં નાખ્યું છે વેદનાનો ભય.

**અકસ્માતભય...** કંઈક થઈ જશે, નવું કંઈક થઈ જશે એનો ભય. ભીંત પડશે, ફલાણું પડશે, વીજળી પડશે. એવો ભય પરમાત્માને હોતો નથી. સમ્યગ્દ્રષ્ટિને હોતો નથી તો વળી પરમાત્માને કેવો? અકસ્માત એને કેવો? કેવળજ્ઞાનથી ત્રણ કાળ, ત્રણ લોક પ્રત્યક્ષ જાણે છે. પરમાત્મા શરીરમાં રહ્યા છતાં, કેવળજ્ઞાનથી ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે. એને નવું શું,

અકસ્માત શું કે વિસ્મય થાય? અકસ્માત થાય? વિસ્મય જુદું લીધું છે. **એમ ભય સાત પ્રકારે છે.**

**(૪) ક્રોધી પુરુષનો તીવ્ર પરિણામ તે રોષ છે.** રોષ થાય છેને આમ, ક્રોધમાં આવી જાય છે. એ ભગવાનને હોતો નથી. રાક્ષસોને મારવા આમ ધનુષ ચલાવે ને ભગવાન ભૃકુટિ ચડાવે. એ ભગવાન નહીં. સમજાણું કાંઈ? પૂર્ણાનંદ શીતળસ્વભાવમાં પડ્યા છે એને રોષ કેવો? શાંત.. શાંત.. શાંત. **(૫) રાગ પ્રશસ્ત અને અપ્રશસ્ત હોય છે...** હવે રાગના બે પ્રકાર. એ પ્રશસ્ત ને અપ્રશસ્ત, શુભ ને અશુભ ભગવાનને હોતો નથી. જુઓ! હવે અહીંયા આમાં. **દાન, શીલ, ઉપવાસ તથા ગુરુજનોની વૈયાવૃત્ત્ય વગેરેમાં ઉત્પન્ન થતો તે પ્રશસ્ત રાગ છે...** બીજાને દાન આપેને, એમાં શુભરાગ હોય. શીલ પાળે બ્રહ્મચર્ય એમાં શુભરાગ હોય, ઉપવાસ કરે એમાં શુભરાગ હોય. લ્યો, અહીં તો ઉપવાસને શુભરાગ કીધો છે. ઓલા કહે અપવાસ કરીએ એ અમારે તપસ્યા છે અને તપસ્યા છે એ અમારે નિર્જરા છે. કાળ જાય છે તારો મફતનો.

અને **ગુરુજનોની વૈયાવૃત્ત્ય**... દેખો! સંતો ધર્માત્મા પોતાના ગુરુ હોય (એની સેવા આદિમાં) ઉત્પન્ન થતો પ્રશસ્ત રાગ છે, એ ધર્મ નથી. દાન, શીલ, ઉપવાસ, ગુરુસેવા એ શુભરાગ છે. એ સેવા તીર્થંકરને હોતી નથી. કહો, સમજાણું કાંઈ? ગુરુજનોની વૈયાવૃત્ત્ય કરવી... કહો, કેવળી બીજાને વિનય કરે, સ્તુતિ કરે એવો રાગ કેવળીને હોતો નથી. છે આમાં? એ આવ્યું કે નહીં? કેવળી ભગવાન છદ્મસ્થ ગુરુની સ્તુતિ કરે—એમ હોય નહીં, બને નહીં કોઈ દિ'. કેવળીને રાગ હોતો નથી. સમજાણું કાંઈ? ગુરુજનો પોતાથી મોટા હોય એની સેવા. ભગવાનથી મોટા કોણ હોય? એનાથી મોટા કોણ હોય? મોટા છે જ નહીં. એ હમણાં આવશે આમાં. બીજામાં આવશે. કહો, સમજાણું? એ પછી આવશે.

અહીં અત્યારે તો એટલું રાગ... એમાંથી ઉત્પન્ન થતો રાગ, એટલું સિદ્ધ કરવું છે. દાન, શીલ, ઉપવાસ અને ગુરુજનની સેવા એ શુભભાવ છે, એ રાગ છે. એ રાગ કેવળીને પરમાત્માને હોતો નથી. કહો, સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છેને, કેવળી છદ્મસ્થનો વિનય કરે. એ વાત સાચી નથી. ભગવાનનું એ કથન નથી. પહેલું એ જાતનું કથન કહેવાઈ ગયું થોડું, એટલે લોકો પકડીને બેઠા છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત. એ વખતે જરી અસર હતી શ્વેતામ્બરની. દેવ-ગુરુની સેવા, વંદન.... અહીં તો કહેશે હજી બીજું. કેવળીને કેવળી પ્રત્યે પ્રેમ હોતો નથી. કેવળીને છદ્મસ્થ પ્રત્યે પ્રેમ હોય ને વિનય કરે એ હોતું નથી. એવો માર્ગ છે ભાઈ! આહાહા! કહે છે કે પ્રશસ્તરાગ હોતો નથી. એથી એમાં બે વાત થઈ. કોઈ દાન, શીલ, અપવાસ, ગુરુની સેવાને ધર્મ માને એ તો નથી, પણ એને કરનારને શુભરાગ હોય છે. એવો શુભરાગ કેવળીને હોતો નથી. કહો, સમજાણું કાંઈ?

**અને સ્ત્રી સંબંધી...** કથા આદિ સાંભળવાના કુતૂહલરૂપ પરિણામ. સ્ત્રી આવી ને રૂપાળી ને શરીર આવા—એ બધી કથા અશુભરાગ છે, પાપરાગ છે. **રાજા સંબંધી** કથા... રાજા આવા હોય ને રાજા આવા હોય. કહો, સમજાણું કાંઈ? **ચોર સંબંધી** કથા... આમાં એ આવ્યું. ઓલામાં .... સ્ત્રીકથા, ..કથા, દેશકથા, રાજકથા. આમાં રાજમાં નાખ્યું. આવી ગયું એ. કહો, સમજાણું? એવા રાજા સંબંધી કથા એ પાપકથા. ચોર સંબંધી કથા **તથા ભોજન સંબંધી વિકથા...** ખાવાની માંડી હોય. આવા ભજીયા થયા હતા, આવું આમ થયું હતું ને આવો શીખંડ થયો હતો, આવી બરફી હતી, આવો મોહનથાળ હતો, આવો મૈસૂબ હતો ને. શું કહેવાય ઓલા પોરબંદરમાં થાય એ? ઘેવર. પોરબંદરમાં ઘેવર થાય આવડા-આવડા પોચા રૂ..... એવા માંડે. શું છે? પાપકથા છે. ધૂળમાં શું છે તારી...? સમજાણું કાંઈ? એટલે કેટલાક નવરા હોય તો એ જ માંડે. આનું આ છે, આનું આ છે, આનું આ છે. પાપકથા છે.

**કહેવાના ને સાંભળવાના** બેય. સમજાણું કાંઈ? સ્ત્રીકથા, રાજકથા, ચોરકથા, ભોજનકથા કહે ને સાંભળે એવા જે **કૌતૂહલપરિણામ તે** પાપ–(**અપ્રશસ્ત**) **રાગ છે.** એ કેવળી પરમાત્માને હોતા નથી. આહાહા! ધર્મ એવી ચીજ ઝીણી છે બહુ ઝીણી. જગતને હાથ આવી નથી. વાડા બાંધીને બેઠા. અને એને વાડામાં છે એની ક્યાં દરકાર કરી છે? એ તો જેમાં હોય... તો થોડો અડધો કલાક જઈ આવે. જય નારાયણ. આહા! અનંતકાળથી એણે... 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહીં ગુરુ સંતને મૂક્યા નહીં અભિમાન..' માર્ગ....... આહાહા! એ બધા પાંચ-પચાસ લાખ, કરોડ બે કરોડ-પાંચ કરોડ હોય, હવે જ્યાં બ્લડપ્રેસર થાય. આમ આમ થાય. એ મલૂકચંદભાઈ! બન્યું છેને એક ફેરી? આ .... આવ્યો ભાઈ પૂનમચંદ. હવે બે-ત્રણ કરોડ રૂપિયા એની પાસે છે. મલૂકચંદભાઈના દીકરા છેને. .... ધૂળ પૈસા કે દિ' એની પાસે હતા? એ તો જડના છે. આ રોગ પણ જડનો છે. કહે છે કે એવી કથાઓ બધી માંડવી ભોજનની—આહારની એ અપ્રશસ્ત રાગ છે. એ ભગવાનને હોતો નથી. હવે આવ્યું છે જરી.

**(૬) ચાર પ્રકારના શ્રમણસંઘ પ્રત્યે વાત્સલ્ય સંબંધી મોહ તે પ્રશસ્ત છે...** ચાર પ્રકારના સાધુ હોય છે. એ ઋષિ (એટલે) આ જૈનના સાચા મુનિની વાત છે હોં. બીજાને ઋષિ-બુષિ હોય નહીં. જૈનના એટલે આત્મા આનંદસ્વરૂપ છે એવો રાગથી જીતીને જેણે આનંદને ઉગ્રપણે પ્રગટ કર્યો છે એનું નામ સાધુ. જૈન કોઈ સંપ્રદાય નથી, વસ્તુનો સ્વભાવ છે. એવા જે આનંદમાં પડેલા જૈનના સાચા સંત એવા ઋષિ... એમાં ભેદેય છેને પાછા ઘણા. આમાં કાંઈ નથી બહુ. ઋષિના ભેદ નથી આમાં. **શ્રમણના ચાર પ્રકાર આ પ્રમાણે છે : (૧) ઋષિ, (૨) મુનિ, (૩) યતિ અને (૪) અણગાર. ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ છે,** એટલું છે. ઓલા ઋષિના ઘણા ભેદ છે,

ઘણા ભેદ છે. એવા ઋદ્ધિવાળા શ્રમણ તે ઋષિ. એના પ્રત્યેનો પ્રેમ તે રાગ છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો મોહ લીધો છે હોં. એના પ્રત્યેનો મોહ. આહાહા! એ એક જાતનો રાગ છે.

**અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા કેવળજ્ઞાનવાળા શ્રમણ તે મુનિ છે...** લ્યો, આ કેવળી પ્રત્યે, મુનિઓ પ્રત્યે રાગ–પ્રેમ એ મોહ છે. કેવળીને કેવળી પ્રત્યે મોહ હોતો નથી. એમ આવ્યું છેને એમાં. કેવળજ્ઞાનીને કેવળજ્ઞાની પ્રત્યે પ્રેમ હોતો નથી, તો કેવળજ્ઞાનીને છદ્મસ્થ પ્રત્યે પ્રેમ હોય એમ બનતું નથી. કહો, સમજાણું કાંઈ? માર્ગ આ છે ત્રણ કાળ, ત્રણ લોકમાં, વીતરાગનું કહેલું તત્ત્વ. ચાર પ્રકારના સાધુ પ્રત્યેનો પ્રેમ એ મોહ. કેવળજ્ઞાની પ્રત્યે પણ... મુનિ છે એના પ્રત્યે પ્રેમ એ મોહ છે. કેવળીને કેવળી પ્રત્યે ને કેવળીને સાધુ પ્રત્યે હોતો નથી. સાધુને કેવળી પ્રત્યે હોય છે મોહ જે રાગ ભાગ છેને, પણ કેવળીને તો એ હોતો નથી. ચતુઃસંઘને કેમ નભે એવો ભાવ કેવળીને હોતો નથી. ચતુર્વિધસંઘની... ણમો તિત્થસ્સ... ણમો તિત્થસ્સ કહેને. સમવસરણમાં બેસે ત્યારે 'ણમો તિત્થસ્સ' (બોલે). એ પ્રેમ થઈ ગયો. તીર્થ પ્રત્યે પ્રેમ થયો. એ પ્રેમ ભગવાનને હોતો નથી. એ શ્વેતામ્બરમાં બહુ આવે. સમવસરણમાં ભગવાન બેસે ત્યારે ણમો તિત્થસ્સ.. ચાર તીર્થને નમસ્કાર. કહો, હવે ચાર તીર્થ છદ્મસ્થ છે એને નમસ્કાર કેવળી કરે? આહાહા! .... છતાંય બેઠા. ણમો તિત્થસ્સ, એમ. ચાર તીર્થ—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. એ તો છદ્મસ્થ છે નાના. એ તીર્થને વંદન (ન હોય). આહા! એવું આવે છે.

(શ્રોતાઃ ....) એ નહીં, એ મોહ છે. મોહ શબ્દે આમ પરની સાવધાની, એટલું. રાગમાં સાવધાન થયોને. એ સાવધાન નહીં, પર તરફ જાય છે. સાવધાન... આહાહા! કેવળી પ્રત્યેનો પ્રેમ પણ રાગ છે કહે છે. આહાહા! આવી વાત જુઓને એક! દેવ-ગુરુ પ્રત્યેનો પ્રેમ એ ધર્મ નહીં, શુભરાગ છે, પુણ્યબંધનું કારણ છે. આહાહા! આવી વાત તો વીતરાગમાર્ગમાં હોય, બીજે તો બધા... આહા! સમજાણું કાંઈ? એમ મુનિઓને પ્રેમ.. આહાર-પાણી દેવો એ પણ પ્રેમ–રાગ મોહ છે. એ ભગવાનને હોતો નથી. આહાહા! કોને આહાર દે ને કોણ લે? અનંત આનંદ.. અનંત આનંદ.. આહા! અરે! કોને કહેવું? ભાઈ! ભગવાન આત્માના અનંત આનંદમાંથી એક અંશનો પણ સ્વાદ, ધર્મીને ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં જ્યાં સમકિતમાં આવે... એ ગૃહસ્થાશ્રમમાં નથી. એ ભાષા તો શું કહેવી? એ સમકિતી તો પોતાના આનંદમાં જ છે. એ રાગમાંય નથી, પુણ્યમાંય નથી, શરીરમાં નથી, બાયડી-છોકરામાં નથી, રાગમાંય નથી. આહાહા! ભારે!

જેના આનંદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો, કરોડો અપ્સરાઓ જે આહાર વિનાની રહે... અહીં તો એક દિ'-બે દિ' આહાર ન મળે શરીર એં.. એં.. થઈ જાય, કરમાઈ જાય. આ તો ચામડા, ધાનના ઢોકળા છે. ઓલી તો દેવીઓ જેને આહાર નહીં. કંઠે (રસ ઝરે) એ પણ કેટલા વર્ષે. એવી ઇન્દ્રાણીના ભોગ ધર્મીને ઝેર જેવા દેખાય. આહાહા! સમજાણું કાંઈ? એનો એને

પ્રેમ હોતો નથી. ભગવાનને આહાર લેવાનો ભાવ ને આહાર ખાય એટલે તુષ્ટ-તુષ્ટ થઈ જાય, શરીર પુષ્ટ થઈ ગયું એ સંતુષ્ટ થાય. ભાઈ! વસ્તુનું સ્વરૂપ એવું નથી. સમજાય છે કાંઈ? જેમ છે એનાથી વિપરીત માનવું એ તો ભ્રમણા છે. ભગવાન ભ્રમણાએ ચડી ગયો. સમજાણું કાંઈ?

**ઉપશમક અથવા ક્ષપક શ્રેણિમાં આરૂઢ શ્રમણ તે યતિ છે...** ન્યાં જતનામાં ચડ્યા છેને. હવે એની ક્યાં, એના પ્રત્યે પ્રેમ અહીં તો કાંઈ દેખાતો નથી. છતાં એના પ્રત્યે પ્રેમ એ રાગ છે. એ બીજા પ્રત્યે પ્રેમ કરતાં નથી. ક્ષપકશ્રેણીએ ચડ્યા અંદર ધ્યાનમાં, એને બીજા પ્રત્યે પ્રેમ ક્યાં છે? અંતરની સ્થિરતામાં રમે છે. સમજાણું કાંઈ? ... વાતમાં કેટલી વાત કરી છે અંદર! **અને સામાન્ય સાધુ તે અણગાર છે.** ચાર ભેદ છેને. ઋષિ, મુનિ, યતિ ને અણગાર. સામાન્ય સાધુ હોય, સામાન્ય એટલે છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન. ઋદ્ધિ વિનાના, મનઃપર્યયજ્ઞાન ને કેવળજ્ઞાન વિનાના અને ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી વિનાના, એમ. સમજાણું કાંઈ? એ સામાન્ય સાધુ એટલે જૈન સિવાયના બધા સાધુ એમ નહીં. જૈનમાં બધા ભેષ લઈને બેઠા એમ નહીં.

સાધુના પ્રકાર ચાર લીધા. શ્રમણના ચાર લીધાને. ઋષિ પણ શ્રમણ, મુનિ પણ શ્રમણ, યતિ શ્રમણ ને અણગાર શ્રમણ. ઋદ્ધિવાળા શ્રમણ. આ સામાન્ય સાધુને ઋદ્ધિ ન હોય. અવધિ, મનઃપર્યયજ્ઞાનવાળા શ્રમણ. સામાન્ય સાધુને અવધિ-મનઃપર્યય હોય નહીં અને ઉપશમશ્રેણી આદિ ન હોય. નીચલી દશામાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાનમાં બિરાજતા હોય. આઠમેથી માંડીને શ્રેણી. પાંચમે નથી, આઠમે નથી, છઠ્ઠા-સાતમામાં હોય છે એને સામાન્ય સાધુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ પ્રશસ્ત.

**અને તે સિવાયનો મોહ અપ્રશસ્ત જ છે.** લ્યો, આ ચાર સંતોના પ્રેમ સિવાય બાયડી-છોકરા-કુટુંબ, દીકરી-દીકરા, ધંધો-વેપાર, સોનાનો વેપાર, કહો આ વકીલાતનો, આ શું કહેવાય? ઘડિયાળનો, આ પંપનો, આ પથરાનો-લાદી.. લાદી.—એ બધા પ્રેમ ભૂંડાપ્રેમ છે કહે છે. આહાહા! હસમુખનો પ્રેમ એ ભૂંડો પ્રેમ છે એમ કહે છે અહીં. એય! ઓલો અમેરિકાથી આવ્યો તો એનો તો થોડો કાંઈક પ્રેમ આવે કે નહીં? વળી સગપણ કર્યું મોટે ઘરે લ્યો. જુઓ! એના ઘરનું.... ...ક્યાંથી આવું હોય? પચાસ લાખની, કરોડની દીકરી.... તે દિ' નાગનેશમાં કોણ સામે જોતું હતું? આવ્યો હતોને નિરંજન. નારણભાઈએ દીકરી આપી છેને. એની બેન સાથે... ન્યાલભાઈની દીકરી ન્યાં. આ બધા ખુશી થઈ ગયા. આહાહા! નિરંજન દીકરો ને આ. એના બાપ-દાદા છોટાલાલ નારણભાઈને નહોતું આવું. એ મલુકચંદભાઈ! તમારે ચાર છોકરા પરણ્યા એમાં એવું નહોતું. શું એમાં આવ્યું? આવ્યું શું એમાં? એ તો રાગ છે. ભૂંડો રાગ છે.

અહીં તો ચાર સાધુ પ્રત્યે પ્રેમ એ પણ રાગ છે. ભલે થોડો, પણ છે એ રાગ. આહાહા! 'રાગ દાહ દહે...' લ્યો, 'રાગ આગ દાહ દહે...' આહાહા! ગજબ વાતું છે. એ ધર્મ, બાપુ! કોને કહેવો એ લોકોને ખબર નથી. બહારથી માની બેસે. આ ભક્તિ કરી આવ્યા, ભગવાનની પૂજા કરી આવ્યા, થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી, સાંભળને! તારા ભપકા કરને લાખ. એ તો બધો

શુભરાગ છે. સમજાણું કાંઈ? એવો મોહ પ્રશસ્ત-અપ્રશસ્ત એ કેવળીને હોતો નથી. એને ચતુર્વિધ સંઘ પ્રત્યે પ્રેમ હોતો નથી એમ કહે છે. વસંતીલાલજી! ભગવાનને પ્રેમ ન હોય ચતુર્વિધ સંઘ ઉપર? તો ઉપદેશ શું કરવા આપે છે? ઉપદેશ કોણ આપે છે? એ તો વાણી છે. એનામાં ક્યાં છે વાણી? એમાં વાણી નથી. વાણી તો વાણીને કારણે નીકળે છે. આહાહા!

**(૭) ધર્મરૂપ તથા શુક્લરૂપ ચિંતન (ચિંતા, વિચાર) પ્રશસ્ત છે...** ધર્મધ્યાન ને શુક્લધ્યાન એ પ્રશસ્ત છે. એ ભગવાનને નથી. એ ભગવાનને નથી. ત્યારે કહે, કેવળજ્ઞાનીને શુક્લધ્યાન કહ્યું છેને? એ તો ઉપચારથી કહ્યું છે. કર્મ ખરે છે એટલે... કેવળીને શુક્લધ્યાન નથી એમ કહ્યું છે આમાં. ઓહો! કહો! પ્રવચનસારમાં આવ્યું નથી? પણ કેવળી કોનું ધ્યાન કરે? આવ્યું છે? કે આનંદનું ધ્યાન કરે. અતીન્દ્રિય આનંદને અનુભવે. ધ્યાનેય ક્યાં હતું? એકાગ્રતા તો પડી જ છે ન્યાં. નવી ક્યાં કરવી છે? ધારાવાહિક પરિણમે છે આનંદમાં. પરમેશ્વર શરીરમાં રહ્યા છતાં, વાણી નીકળે છતાં, સમવસરણમાં બેઠા દેખાય છતાં, એ બેઠા છે અનંત આનંદમાં. આહાહા! એવા ભગવાનને શુક્લધ્યાન હોતું નથી. ધર્મધ્યાન ને શુક્લધ્યાન હોતું નથી.

પડિકમણામાં આવતું હતુંને. 'ચઉહં જાણીહિ.' એ પ્રશ્ન ઉઠ્યો હતો ઘણા વર્ષ પહેલા સંપ્રદાયમાં. એલા! 'પડિક્કમામિ ચઉહં જાણીહિ' કીધુંને? આ તો, શુક્લધ્યાન, ધર્મધ્યાનથી પાછો વળું છું એમ કહે છે. શ્રમણસૂત્ર. તમે નહીં કર્યું હોય. કર્યું હતું? સ્થાનકવાસીના અપાસરામાં.... તારાચંદભાઈ હતા. કહો, સમજાણું? ચોથા શ્રમણસૂત્રમાં આવે છે. એ ચર્ચા સંપ્રદાયમાં થઈ ગયેલી ઘણી. આમાં 'ચઉહં જાણીહિ... પડિક્કમામિ ચઉહં જાણીહિ.' ધર્મધ્યાન, શુક્લધ્યાનથી પડિકમણું કરું છું એટલે પાછો ફરું છું. ત્યાં તો એમ કહ્યું છે. સમજાણું કાંઈ? પડિકમણું–પાછો ફરું છું, મારા સ્વરૂપમાં જાઉં છું. આહાહા! 'પડિક્કમામિ ચઉહં જાણીહિ..' આવે છેને? ..... કર્યું હતું પડિકમણું? ત્યાં કરતાં આફ્રિકામાં? પહેલા કરતાં. 'પડિક્કમામિ ચઉહં જાણીહિ....' આવે છેને. એકથી માંડીને ૩૩ બોલ આવે છે.

એમ કહે છે કે શુક્લધ્યાન ને ધર્મધ્યાન કેવળીને નથી હવે. પૂર્ણ આનંદનું ધ્યાન કરનાર, આનંદનો અનુભવ (કરનાર) એને ધ્યાન કેવા બીજા? આહાહા! કીધુંને, ઉપચારથી. કીધુંને હમણાં. એ તો વાત થઈ ગઈ. ઉપચારથી કહ્યુંને. (શ્રોતાઃ એ સિદ્ધને માટે બરાબર છે, પણ કેવળીને માટે?) કેવળીને માટેની અહીં વાત છે. હા, પણ એ કહ્યુંને. પહેલું ઉપચારથી કહી દીધું. કર્મ ખરે છે એટલી અપેક્ષાએ ગણીને... ઓલો યોગ સાથે રહ્યો છેને. ઓલો કષાય નીકળી ગયો, યોગ છે. એ અપેક્ષાએ ગણી.... છે યોગ. 'જોગમય' લીધું છે. યોગ નથી..... આહાહા! આર્તધ્યાન, રૌદ્રધ્યાન એ બે માઠાં છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન એ ભગવાનને (હોય નહીં). એ અપ્રશસ્ત છે.

**(૮) તિર્યંચો તથા મનુષ્યોને વયકૃત દેહવિકાર (વયને લીધે થતી શરીરની જીર્ણ અવસ્થા) તે જ જરા છે.** પશુ ને માણસને વયકૃત દેહનો વિકાર—વૃદ્ધાવસ્થા એ ભગવાનને

હોતી નથી. નારકીને અને દેવને તો... ઓલાને–નારકીને વૃદ્ધાવસ્થા સદાય હોય છે. દેવને કદી હોતું નથી એટલે એને અહીં ગણી નથી. આ મનુષ્યને, ઢોરને. વયકૃત દેહ... શરીરમાં લીલવી પડે, ચામડીમાં આ થાય, ધોળા વાળ થાય—એવી જરાવસ્થા ભગવાનને હોય નહીં. કરોડ પૂર્વ સુધી રહે તોય એને જરા ન હોય શરીરમાં. જરા ક્યાંથી હોય? અશાતાનો ઉદય ક્યાં થાય? પૂર્ણ થઈ ગયા શાંતિ.. શાંતિ. શરીર પણ જરા વિનાનું છે. અબજો.. અબજો.. અબજો વર્ષ સુધી કેવળજ્ઞાની રહે, જરા ન થાય એને. અહીં તો જરા સાંઇઠ ને પાંસઠ, સિત્તેર થાય ત્યાં... રોટલા ખાય નહીં ને જરા હોય નહીં. કહો, સમજાણું કાંઈ? 'વયકૃત' કીધુંને. વય વધારે (થાય) તો જરા થાય. લાંબુ આયુષ્ય થાય તો જરા થાય. પણ એને હોતું નથી. એને કેવળીને–તીર્થંકરને આયુષ્ય તો મોટું કરોડ પૂર્વનું છે.... જરા નથી લ્યો.

**(૯) વાત, પિત્ત અને કફની વિષમતાથી ઉત્પન્ન થતી કલેવર (શરીર)...** આ ક્લેવર શરીર **તે સંબંધી પીડા તે જ રોગ છે.** અહીં પિત્તને લઈને ભગવાનને રોગ થયા એમ કહે છે. ગોશાળાએ લેશ્યા નાખી. પિત્ત-પિત્ત.. લોહીખંડ ઝાડો થયો ભગવાનને. છ મહિના સુધી ઝાડામાં લોહી આવ્યું. બધી ખોટી વાત છે. સમજાણું કાંઈ? ભગવાનને એ હોય જ નહીં. અનંત આનંદની નિરોગતા જ્યાં પ્રગટ થઈ એને શરીરમાં રોગ કેવા? પરમ ઔદારિક શરીર હોય છે. પરમ સ્વચ્છ નિર્મળ આમ સ્ફટિકરત્ન જેવું શરીર (હોય). એને રોગ હોઈ શકે નહીં. બહુ આકરું કામ છે. હજી દેવના સ્વરૂપની શ્રદ્ધાની ખબર ન મળે, એને આત્માના સ્વરૂપની ખબર પડે (એમ હોઈ શકે નહીં). નિશ્ચય આવું હોય ત્યારે એને વ્યવહાર આવો જ હોય છે. ભેદ...ની વાત છેને આ. સમકિતના ભેદની વ્યાખ્યા છે. અભેદ હોય ત્યારે ભેદ એની પાસે આવો (હોય). નિશ્ચય જણાય કે તેની પાસે નિશ્ચય આમ હોય છે એટલું. સમજાણું કાંઈ?

**(૧૦) સાદિ-સનિધન...** ઉત્પન્ન થયું ને અંત એવું આ શરીર. **મૂર્ત ઇન્દ્રિયોવાળા, વિજાતીય...** આત્માથી પુદ્‌ગલ વિજાત છે, આ કજાત છે. **નરનારકાદિ...** નર ને મનુષ્યાદિ **વિભાવવ્યંજનપર્યાયનો...** શરીરની પર્યાયનો **જે વિનાશ તેને જ મૃત્યુ કહેવામાં આવ્યું છે.** ભગવાનને એ છે નહીં. કારણકે કાર્મણ શરીર લઈને મરે એને મૃત્યુ કહીએ. ... શરીર તો ઔદારિક શરીર સાથે બધું પુરું કરી લે છે. એને મૃત્યુ-બૃત્યુ છે નહીં. મૃત્યુ એને કહીએ કે પછી જન્મે એને મૃત્યુ કહીએ. આ મૃત્યુ ક્યાં છે? સમજાણું કાંઈ?

**(૧૧) અશુભ કર્મના વિપાકથી જનિત, શારીરિક શ્રમથી ઉત્પન્ન થતો, જે દુર્ગંધના સંબંધને લીધે...** આ પરસેવો.. પરસેવો. પરસેવો પડેને. ગંધ મારે, કેટલાકનો શરીરમાં પરસેવો જ ગંધ મારે. અમુકને હોય. હોય સારું શરીર. ........ સારું શરીર હોય, શ્વાસ ગંધ મારે, પરસેવો ગંધ મારે. એય! ડોક્ટરને તો ખબર હોયને. અહીં તો વગર ડોક્ટરે ખબર પડી જાય. **ખરાબ વાસવાળા જળબિંદુઓનો સમૂહ તે સ્વેદ છે.** એ હોય નહીં, ભગવાનને પરસેવો હોય નહીં. અનંત આનંદ, અનંત બળમાં બિરાજમાન એને પરસેવો કેવા? આહાહા! વિશેષ કહેશે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ ૧૦, સોમવાર, તા. ૨૭-૧૨-૧૯૭૧**
**ગાથા - ૬, પ્રવચન નં. ૯**

છઠ્ઠી (ગાથા) ચાલે છેને? અરિહંતદેવનું સ્વરૂપ વર્ણવે છે. જેને આત્માની શ્રદ્ધા–સમ્યગ્દર્શન હોય એને આવા દેવની માન્યતા વ્યવહારે હોય છે, એમ સિદ્ધ કરવું છે. એ અરિહંત કેવા હોય? કે અઢાર દોષ રહિત હોય. એમાં આપણે અગિયાર બોલ આવ્યા છે. નિશ્ચય સમ્યગ્દર્શન એટલે કે પૂર્ણ આત્માના અંતરમાં એનું જ્ઞાનસ્વરૂપની પ્રતીત થવી એ નિશ્ચય સમ્યગ્દર્શન–સાચું દર્શન અને એ મોક્ષના માર્ગનો અવયવ–એક ભાગ. ત્યારથી ધર્મની શરૂઆત થાય છે, સુખને પંથે ત્યારથી પડે છે. જ્યાં સુધી એની પર્યાયમાં–અવસ્થામાં–વર્તમાન હાલતમાં શુભ-અશુભ રાગાદિભાવ એની ઉપર જ્યાં સુધી દૃષ્ટિ છે, ત્યાં સુધી એ પર્યાયબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ ને દુઃખી છે. સમજાણું કાંઈ?

અને જ્યાં દૃષ્ટિ રાગ ને એક સમયના અંશથી ખસીને... ઓલામાં શબ્દ છે એક. 'સર્વમ્ ત્યજ, એક ભજ.' રાતે કહ્યું હતું. ઓલું વળી આદિપુરાણનું આદિવાળું સાંભળ્યું... 'પરથી ખસ, અંતરમાં વસ, એ ટૂંકું ટચ.' આણે શબ્દ મૂક્યો છે સંપાદકમાં પન્નાલાલે નાખ્યો છે. 'સર્વમ્ ત્યજ, એક ભજ.' એક આત્મા અનંત આનંદસ્વરૂપ એને ભજ. ભજ નામ એકાગ્ર થવું એનું નામ ભજન. 'સર્વ ત્યજ..' બાકી બધું છોડ દૃષ્ટિમાંથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એ 'સર્વ ત્યજ' એટલે કે રાગ, પુણ્ય ને પર્યાય એની ઉપરથી દૃષ્ટિ છોડી દે. મહાપ્રભુ વસ્તુ ચૈતન્ય મહાપ્રભુ આનંદનો સાગર એમાં દૃષ્ટિ દે. કહો, સમજાણું કાંઈ?

ત્યારે આનંદ ઉપર નજર ગઈ. શશિભાઈનો આનંદ છેને ઓલો છોકરો નાનો. એનું નામ આનંદ છે. મોટાનું નામ ચેતન છે, વચલાનું સ્વરૂપ છે. ચેતન, સ્વરૂપ, આનંદ—ત્રણ નામ છે. ..... આહાહા! મોટાનું નામ ચેતન છે, વચલાનું નામ સ્વરૂપ છે, નાનાનું આનંદ છે. આનંદસ્વરૂપ ચેતન છે. એય હરિભાઈ! આ તમારા ભત્રીજા શશિભાઈના છોકરાઓ છેને. એના આ ત્રણ નામ છે. એ તો તમને ખબરેય ન હોય. એને પૂછ્યું, તારા બાપના કાકાને ઓળખે છે? તમે એના છોકરાને ઓળખો એમ પૂછ્યું. છોકરા લાગણીવાળા છે. ઘરના છોકરાને તમે ..... મોટાને તો. નાનો પણ.... એમ કો'ક કહેતું હતું. આહાહા! આ દુનિયાની મીઠાશ જડની. ઝેરની મીઠાશમાં રોકાણો અને ઝેરને પીધા છે એણે. એ અમૃત માનીને પીવે છેને. એમ કાંઈ પીતો હશે એ ઝેર માનીને? એ 'મને ઠીક છે' એમ માનીને પીવે છે. આહાહા! ભગવાન આત્મા... નિયમસાર છેને આ. મોક્ષનો માર્ગ એનું નામ નિયમસાર.

અમૃતસ્વરૂપ ભગવાન આત્મા છે. વસ્તુ હોય તે સુખરૂપ ને આનંદરૂપ જ હોય. એવી ચીજની અંતરમાં દૃષ્ટિ કરીને દિશા ફેરવી નાખે. પર્યાય ને રાગ ઉપર જે દિશા છે એની દશા

મિથ્યાત્વ છે. એ દિશા ફેરવી... આહાહા! એ કાંઈ વાત છે! આખો સંસારનો અભાવ કરવો છે એમાં. સંસાર એટલે ઉદયભાવ. એ જેમાં નથી એવી અંતર ચીજમાં અંતર એકાગ્ર થવું એ સ્વને ભજ, પરને ત્યજ. એ શબ્દે કાંઈ પાર પડે એવું નથી. શબ્દ તો ઘણા ટૂંકા ને સહેલા કહેવામાં આવે છે. ભાઈ! એનો ભાવ તો ઊંચો ઘણો છે. ભગવાન પોતે નિર્મળાનંદ પ્રભુ છે એવી અંતરમાં દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને સ્વરૂપાચરણ ચારિત્ર પણ સાથે હોય છે. એવા જીવને વિકલ્પ ઉઠે તો આવા અરિહંતદેવની વ્યવહારે શ્રદ્ધા આવી હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ અરિહંતને અઢાર દોષ ન હોય એમ કહે છે.

અગિયાર આવ્યા છે. **(૧૨) અનિષ્ટની પ્રાપ્તિ (અર્થાત્ કોઈ વસ્તુ અનિષ્ટ લાગવી) તે ખેદ છે.** પ્રતિકૂળતાની પ્રાપ્તિમાં ખેદ થવો એ અરિહંતને હોતું નથી. અનિષ્ટ જ નથીને. આ અનિષ્ટ માને છેને લોકો. રોગ આવવો, શત્રુ થવા, સર્પ કરડવો, વીંછી કરડે, માથે ભીંત પડે, દબાઈ જાય અનિષ્ટમાં... આહાહા! ખેદ અરિહંતને હોતો નથી. **(૧૩) સર્વ જનતાના (જનસમાજના) કર્ણમાં અમૃત રેડતા** હોય એવી **સહજ ચતુર કવિત્વ** શક્તિ. એવી કવિત્વશક્તિ હોય કે પાંચ-પાંચ લાખ માણસ ડોલાવી દે એકલાએ. સમજાણું કાંઈ? આહાહા! એવી શક્તિનો જેને અહંકાર હોય... સમજાણું કાંઈ? એવો અહંકાર ભગવાન અરિહંતને હોતો નથી. એની વાણી, એની કવિત્વશક્તિ, સર્વ વિદ્યાના પારગામી. આહાહા! સમજાણું કાંઈ? એવી કવિત્વશક્તિનું જે અભિમાન એ ભગવાનને હોતું નથી. મદ.. મદ.

તેમ સ્વભાવિક-**સહજ (સુંદર) શરીરને લીધે...** શરીરના દરેક અવયવો કોમળ અને સુંદર, નમણાઈ.. નમણાઈવાળા (હોય) એનો જેને અહંકાર હોય. આહાહા! મારું શરીર બીજા કરતાં... એક તો એનું શરીર જ નથી, એ તો જડનું છે, માટીનું-ધૂળનું છે. છતાં મારું શરીર સુંદર છે, નમણું છે, વગર દાગીને શોભતું છે. હિંમતભાઈ! આહાહા! એમ કે દાગીના-બાગીના પહેરે સરખા, સોનાના લટકાવા, અહીં ને અહીં... વગર ઓલે શોભતું મારું શરીર સુંદર છે. એના અભિમાન એ ભગવાનને હોતું નથી. એના જેવું—સુંદર શરીર ભગવાનનું હોય એવું—તો ત્રણ કાળમાં બીજાને હોય નહીં. એવું સુંદર શરીર કે જેના જન્મકાળે ઇન્દ્રને બે આંખથી જોતાં સંતોષ થાય નહીં. હજાર આંખ્યું કરે.

લે! સમકિતી છેને! ઇન્દ્ર ને ઇન્દ્રાણી બે સમકિતી છે, એકાવતારી છે. આ શકેન્દ્ર ને. ઇન્દ્ર ને ઇન્દ્રાણી છે પહેલા દેવલોકમાં-સૌધર્મ દેવલોક છે એમાં. જે હજાર નેત્રથી ભગવાનને જોવે એવું એનું સુંદર શરીર... અહંકાર તો પહેલેથી નથી. શરીર મારું છે, હું આ છું—એવું તો જન્મથી નથી. કારણ કે સમ્યગ્દૃષ્ટિ ત્રણ જ્ઞાન લઈને જન્મે છે. બીજાને તો આમ જરીક કાંઈ સુંદર શરીર (હોય તો) આમથી આમ, આમથી આમ કરે. ઓહોહો! સવારના ઉઠીને ચોપડે છેને

ધોળું કાંઈક? પાવડર. શરીર સરખું નમણું હોય તો પછી ચોપડીને પણ સારું દેખાડે. આહાહા! ભારે પણ કર્યા છેને! મડદાને શણગાર્યા છેને. વસંતીલાલ! આવું છે.

આ માંસ ને હાડકાનું મડદું, કોથળો છે. આમાં માંસ, હાડકા, ચરબી, આંતરડાએ ભર્યું છે. આ કાંઈ આત્મા નથી, આ તો માટી જડ છે. એને શણગારવાના ને રૂપાળું લાગે. સવારના અરીસામાં જોઈ ચાંદલા કરેને. આમ જોઈને આમ કરે. એક આમ સેંથીયો પડે, એક આમ સેંથીયો પડે. દાંતિયો-બાંતિયો હોયને સરખો. આહાહા! પુદ્ગલનું શરીર છે આ તો બધું. એને શણગારે અને પછી અહંકાર કરે કે મારા જેવી કોઈ શરીરની સ્થિતિ નથી. બાપા! એ શરીર જડ છે ભાઈ! એવો અહંકાર ભગવાનને (હોતો નથી). સમ્યગ્દૃષ્ટિને હોતો નથી. ધર્મી જીવને આત્માના આનંદનું જ્યાં ભાન થયું, એને આના અહંકાર ને આ મારું એ હોતું નથી, (તો) સર્વજ્ઞને તે શેનું હોય?

વળી **સહજ (ઉત્તમ) કુળને લીધે...** સ્વભાવિક ઉત્તમ કુળમાં જન્મ હોય. એને એમ કે મારા પિતા આવા હતા, દીવાન હતા, રાજા હતા, એના અમે પુત્ર છીએ, શ્રીમંતને ઘરે અમારા અવતાર છે. શ્રીમંત–પૈસાવાળા. શ્રી એટલે લક્ષ્મી, મંત એટલે વાળા. લક્ષ્મીવાળાના ઘરે પાંચ-દસ કરોડના ઘરે અમારા અવતાર છે. એમ કુળના જેને અભિમાન ધૂળના, એ અભિમાન ભગવાનને હોતું નથી. સમ્યગ્દૃષ્ટિને હોતું નથી તો ભગવાનને ક્યાંથી હોય? આહાહા! જુઓને! ... આત્માને કુળ ક્યાં હતું? આહાહા! ભગવાન નિરાળો નિર્લેપ ચિદાનંદપ્રભુ એમાં રાગ નથી ત્યાં વળી આ શરીર ને કુળ ને એવું ક્યાં છે અંદર? એટલે ભગવાનને આ હોતું નથી.

તેમ **સહજ બળને લીધે...** સ્વભાવિક શરીરનું બળ એટલું બધું હોય કે પાંચ-પાંચ માણસને આમ ઊંચા કરે એવું શરીરનું બળ. સમજાણું? ભગવાનનું તો અનંત બળ છે શરીરનું હોં. અભિમાન નથી–મદ નથી. આહાહા! **સહજ ઐશ્વર્યને લીધે**... મોટપ મળી હોય મોટી. ચક્રવર્તીના પદ ને બળદેવના પદ કાં મોટા ઈશ્વરપદ મોટા, લાખો-કરોડો માણસોના શેઠ, પ્રમુખ (કહે). એવી ઈશ્વરતાનું અભિમાન ભગવાનને હોતું નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? કાંઈક કાંઈક કામ એવા કર્યા હોયને પછી ... કરે એ? ફલાણાના, આ સંસ્થાના અધિપતિ છીએ, ફલાણા સંસ્થાના અમે મંત્રી છીએ, ફલાણા સંસ્થાના અમે સેક્રેટરી છીએ. શું કહેવાય તમારે? સેક્રેટરી–મંત્રી. પછી હોય ભલે પચીસ-પચાસ ઘરના માણસ થોડા, પણ એના મંત્રી અમે છીએ, એ મંડળીના અમે આમ છીએ. અરે પ્રભુ! ત્રણ લોકનો જાણનાર છો પછી કોનો પ્રમુખ થવું છે તારે? આહાહા!

એવા **સહજ ઐશ્વર્યને લીધે આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ તે મદ છે.** એ ભગવાનને હોતો નથી. એના જેવું શરીર કોનું હોય? ઇન્દ્રો પણ જેને દેખીને ચકિત થઈ જાય. આહા! ભગવાન તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે. અતીન્દ્રિય આનંદના અનુભવમાં એને આ

શરીર-ફરીર છું એમ છે તો નહીં. પહેલે સમકિતમાંથી જ નથી. ચોદમો બોલ. **(૧૪) મનોજ્ઞ (મનપસંદ) વસ્તુઓમાં પરમ પ્રીતિ તે જ રતિ છે.** ભગવાનને કાંઈ મનોજ્ઞ છે નહીં એટલે રતિ નથી.

**(૧૫) પરમ સમરસીભાવની ભાવના રહિત...** પરમ સમરસીભાવ... ભગવાન આત્મા સમતાનો પિંડ પ્રભુ આત્મા, એકલો અકષાય–વીતરાગી સ્વભાવનો રસકંદ છે. એવા ભાવની ભાવના રહિત જીવને... જે આવો (સમરસ)ભાવ એની ભાવના સહિતને આ વિસ્મયતા હોતી નથી. સમજાણું કાંઈ? **પરમ સમરસીભાવની ભાવના રહિત જીવોને (પરમ સમતાભાવના અનુભવ રહિત જીવોને) ક્યારેક પૂર્વે નહિ જોયેલું જોવાને લીધે થતો ભાવ તે વિસ્મય છે.** આ શું છે! આ શું છે! એવું અજ્ઞાનીને હોય છે, ભગવાનને હોતું નથી.

**(૧૬) કેવળ શુભ કર્મથી દેવપર્યાયમાં જે ઉત્પત્તિ...** જન્મની વ્યાખ્યા કરે છે. ભગવાનને જન્મ હોતો નથી. જન્મવું (હોતું) નથી. શુભકર્મથી–પુણ્યકર્મથી દેવપર્યાયમાં ઉપજે. **કેવળ અશુભ કર્મથી નારકપર્યાયમાં જે ઉત્પત્તિ, માયાથી** ઢોરમાં–**તિર્યંચપર્યાયમાં** ઉપજે. આહાહા! ઘણું સ્થળ તો તિર્યંચનું છે હોં. આહાહા! પંચેન્દ્રિય તિર્યંચ પણ ઝાઝા છે, દેવથી ઝાઝા છે. આહાહા! ઘણા મરીને તો, માણસો, દેવો ને નારકીઓ ને પોતે પશુઓ ઘણા મરીને ન્યાં જાય. સમજાણું કાંઈ? અરે! ચોરાશીના અટવીનું મહા રણ એમાં જન્મ એ ભગવાનને હોતો નથી. આહાહા! નારકપર્યાયમાં અસંખ્ય જીવ છે. **શુભાશુભ મિશ્ર કર્મથી મનુષ્યપર્યાયમાં જે ઉત્પત્તિ તે જન્મ છે.** કંઈક પુણ્ય ને પાપ મિશ્ર એનાથી મનુષ્યરૂપ જન્મ એ ભગવાનને હોતો નથી.

**(૧૭) દર્શનાવરણીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ જાય છે તે જ નિદ્રા છે.** એ નિદ્રા ભગવાનને હોતી નથી. જ્ઞાનજ્યોતિ નિદ્રામાં તો અસ્ત થઈ જાય. એ નિદ્રા ભગવાનને હોતી નથી. **(૧૮) ઇષ્ટના વિયોગમાં વિક્લવભાવ (ગભરાટ)**ભાવ **તે જ ઉદ્વેગ છે.— આ (અઢાર) મહા દોષોથી ત્રણ લોક વ્યાપ્ત છે.** આ અઢાર દોષથી ત્રણ લોક વ્યાપ્ત છે. આહાહા! **વીતરાગ સર્વજ્ઞ આ દોષોથી વિમુક્ત છે.** આવા દેવને દેવ તરીકે સમ્યગ્દૃષ્ટિ માને. એ સિવાય બીજા દેવને માને નહીં. બીજાને માનતો હોય અને એમ માને કે અમે સમકિતી છીએ, (તો) મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે. આ કાંઈ જૈનનો પક્ષ છે માટે આવું છે એમ કાંઈ નથી. વસ્તુ જ એવી છે. જ્યાં પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ પછી આ કોઈ દોષ રહેતો નથી. ખુલાસો જરીક કર્યો છે આ પાને.

**(વીતરાગ સર્વજ્ઞને દ્રવ્ય-ભાવ ઘાતિકર્મોનો અભાવ હોવાથી...** ચાર ઘાતિકર્મ છેને— જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય. દ્રવ્યકર્મ ને ભાવકર્મ એનો અભાવ હોવાથી **તેમને ભય, રોષ, રાગ, મોહ, શુભાશુભ ચિંતા, ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા તથા ઉદ્વેગ ક્યાંથી હોય?)** એ અગિયાર બોલ કહ્યા. જેણે ચાર ઘનઘાતિનો નાશ કર્યો એને આવા અગિયાર

બોલ ક્યાંથી હોય? બે બોલ ક્ષુધા-તૃષા લે છે હવે. એનું જરી લાંબું છે. **વળી તેમને...** ભગવાન અરિહંત પરમાત્મા જેને ત્રિકાળ જ્ઞાન ને અનંત આનંદ પ્રગટ થયો છે, છતાં શરીર છે, એને **સમુદ્ર જેટલા શાતાવેદનીય કર્મોદય મધ્યે...** દરિયા જેટલું શાતાનો ઉદય છે એને તો. શાતાવેદનીયનો ઉદય છે. **બિંદુ જેટલો અશાતાવેદનીય કર્મોદય વર્તે છે.** બહુ જરીક અશાતા હોય અંદર.

**મોહનીયકર્મના તદ્દન અભાવમાં, લેશમાત્ર પણ ક્ષુધા કે તૃષાનું નિમિત્ત ક્યાંથી થાય?** કહો, સમજાણું કાંઈ? આ હિંમતભાઈની સાદી ભાષા. એને ક્યાંથી હોય? એમ કહે છે. **લેશમાત્ર પણ ક્ષુધા કે તૃષાનું નિમિત્ત ક્યાંથી થાય? ન જ થાય.** કહો, સમજાણું કાંઈ? કારણ કે **ગમે તેટલું અશાતાવેદનીય કર્મ હોય પણ મોહનીયકર્મના અભાવમાં દુઃખની લાગણી હોઈ શકે નહિ...** મોહ નથી ત્યાં દુઃખ ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ? ભગવાનને અશાતાવેદનીય છે માટે રોગ થયો, દવા લીધી ને એ બધી વાતું કલ્પિત અને જૂઠી છે. આહાહા! **તો પછી અહીં તો જ્યાં અનંતગુણા શાતાવેદનીયકર્મ મધ્યે અલ્પમાત્ર (અવિધમાન જેવું)...** એમ પાછું. અલ્પમાત્રની વ્યાખ્યા કરી. **અશાતાવેદનીયકર્મ વર્તે છે ત્યાં ક્ષુધા-તૃષાની લાગણી ક્યાંથી હોય? ક્ષુધા-તૃષાના સદ્ભાવમાં અનંત સુખ, અનંત વીર્ય વગેરે ક્યાંથી સંભવે?** ક્ષુધાની ઇચ્છા હોય ત્યાં અનંત બળ ને અનંત જ્ઞાન હોઈ શકે નહીં, અનંત સુખેય ન હોય.

**આમ વીતરાગ સર્વજ્ઞને ક્ષુધા (તથા તૃષા) નહિ હોવાથી તેમને કવલાહાર પણ હોતો નથી.** એ ખાતા નથી આ કોળિયા. કેવળીને કવલાહાર ન હોય. કહો, સમજાણું કાંઈ? યશોવિજયે તો એમ લખ્યું છે, કેવળીને કવલાહાર હોય એમ નક્કી કરવું, ન હોય એમ નહીં. સંપ્રદાયમાં છેને. છે એમાં ખબર છે? ક્યાં બોલ કહેવાય? ૮૪માં. ૮૪ બોલમાં છે. નહીં, ૮૪ બોલમાં નહીં, એ બીજે છે. .... બીજામાં છે. નક્કી કરવું કે કવલાહાર છે. કવલાહાર હશે કે નહીં એમ સંદેહ ન રાખવો. જે સંપ્રદાયના જીવને સંપ્રદાયની વાત એવી બેસી જાય, તો નીકળવી ભારે કઠણ. આહાહા!

શ્રોતા : ... ન્યાયના ગ્રંથોમાં એ સિદ્ધ કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : કર્યું છેને. કરે નહીં? એમાં આવ્યું છેને. ન્યાયના ગ્રંથોમાં ન હોય તો ન્યાય કેવો એ?

ત્રણ લોકના નાથને આનંદના અમૃતના ભોજન (હોય) એને ક્ષુધા-તૃષા કેવી? આહાહા! તે પણ કેટલો આનંદ ભાઈ! એક સમયની દશામાં અનંત.. અનંત.. અનંત.. અનંત આનંદ. આહાહા! અતીન્દ્રિય અનંત આનંદ. આ ધૂળના તારા ઇન્દ્રના સુખ ને આ દુનિયાના શેઠીયાના સુખ એ તો બધા ઝેર છે. એની સાથે આની ઉપમા હોઈ શકે નહીં. એવા જ્યાં આત્માના

આનંદના સ્વાદિયા સ્વરૂપાનંદી ભગવાન... આહાહા! અરે! સમકિતી પણ સ્વરૂપાનંદને લઈને ક્ષુધા-તૃષાની ઇચ્છા એનો એ સ્વામી નથી. સમજાણું કાંઈ?

એને ક્ષુધા-તૃષાની વૃત્તિ ઉઠે એ નબળાઈ છે એટલી, પણ એનો (સ્વામી નથી). વિકારનો સ્વામી, ઝેરનો સ્વામી ધર્મી હોય? ધર્મી તો પોતાના અનંત અમૃત આનંદનો સ્વામી છે. સમજાણું કાંઈ? માર્ગ કોઈ અલૌકિક છે ભગવાન! તું મોટો, તારો પામવાનો માર્ગ પણ મોટો અને એના ફળ પણ મોટા. આહાહા! જુઓને! એક .. સંસારમાં ઘડીકમાં ક્ષય થાય, આહાહા! અરેરે! એ શરીર તો વેદનાની મૂર્તિ છે, ત્યારે પ્રભુ આનંદની મૂર્તિ છે. બેની જેને વહેંચણીની ખબર નથી, બે જુદા છે એનું જેને ભાન નથી, એ આવા ક્ષુધા-તૃષાના રાગથી પીડાતા દેખાય. ભગવાનને એ કાંઈ હોતું નથી. આહાહા! તેમને કવલાહાર હોતો નથી.

**કવલાહાર વિના પણ તેમને (અન્ય મનુષ્યોને અસંભવિત એવાં) સુગંધિત, સુરસવાળાં, સપ્તધાતુરહિત પરમૌદારિક શરીરરૂપ નોકર્માહારને યોગ્ય, સૂક્ષ્મ પુદ્ગલો પ્રતિક્ષણ આવે છે અને તેથી શરીરસ્થિતિ રહે છે.** ત્યારે કહે, આહાર ન હોય ને લાખો-કરોડો વર્ષ સુધી શરીર કેમ ટકે? એવા રજકણો એને આવ્યા જ કરે છે શાતાને ઉદયે. બે બોલ થયા. ત્રણ બોલ બીજા. જરા, રોગ ને પરસેવો હોતા નથી. ભગવાન પરમાત્મા શરીરમાં હોવા છતાં **વળી પવિત્રતાને અને પુણ્યને એવો સંબંધ હોય છે અર્થાત્ ઘાતિકર્મોના અભાવને અને બાકી રહેલાં અઘાતિકર્મોને એવો સહજ સંબંધ હોય છે કે વીતરાગ સર્વજ્ઞને તે બાકી રહેલાં અઘાતિકર્મોના ફળરૂપ પરમૌદારિક શરીરમાં...** પરમૌદારિક શરીર હોય છે. સમજાણું કાંઈ?

હીરા મૂકવાના ડાબલાય જુદી જાતના હોય. એ કાંઈ કોથળામાં ન રહે. સમજાણું કાંઈ? લાખો કરોડો રૂપિયાના હીરા થાય છેને. દસ-દસ લાખ, વીસ-વીસ લાખના હીરા એક-એક. એંસી હજારનો હીરો લાવ્યા હતા એક ફેર. તોય એની દાબડી આવડી હતી. ત્યાં અમારે રાજકોટ બેચરભાઈ લાવ્યા હતા. એક હતો સાંઈઠ હજારનો, એક હતો એંસી હજારનો. સાંઈઠ હજારનો મોટો હતો, એંસી હજારનો નાનો હતો. આઠ રતિભાર. એક રતિના દસ હજાર. હીરા આવે છેને મોટા-મોટા હીરા ચમકતાં. એની પાસે–નાનાલાલ કાળીદાસ પાસે આવ્યા હતા. ચોમાસું હતુંને ત્યારે લાવ્યા હતા બતાવવા બે હીરા. કે આવા હીરા હોય છે. આઠ રતિભારનો એક હતો. એંસી હજાર. એની ડાબલી જુદી જાતની હતી આમ મખમલની ખાડાવાળી. એને તો ક્યાં અંદર ઘસાય...? પણ આમ ખાડો, નીચે મખમલ, માથે મખમલ.

એમ જ્યાં કેવળજ્ઞાન ને પરમાત્મદશા પ્રગટ થાય એનો આ ડાબલો–શરીર પણ જુદી જાતનો થઈ જાય. સમજાણું કાંઈ? આહાહા! ભગવાનને **જરા** નથી, શરીરની જીર્ણતા નહીં, **રોગ નહીં ને પરસેવો નહીં.** લ્યો, ભગવાનને રોગ હોતો નથી. **વળી કેવળી ભગવાનને ભવાંતરમાં ઉત્પત્તિના નિમિત્તભૂત શુભાશુભ ભાવો નહિ હોવાથી...** પુણ્ય ને પાપ હોય તો એને જન્મ-

મરણ (હોય). જન્મવું પડે. આ પુણ્યભાવ તો નાશ થઈ ગયો છે ભગવાનને. એકલો આત્મા નિર્દોષ વીતરાગીમૂર્તિ પ્રગટ થઈ ગયો છે. **તેમને જન્મ હોતો નથી અને જે દેહવિયોગ પછી ભવાંતરપ્રાપ્તિરૂપ જન્મ થતો નથી તે દેહવિયોગને મરણ કહેવાતું નથી.** કારણ કે જ્યાં જન્મ નથી તો પછી આ મરણ કહેવાતું નથી. બે બોલ એ થયા. કહો, સમજાણું? થઈ ગયા અઢાર. **આ રીતે વીતરાગ સર્વજ્ઞ અઢાર દોષ રહિત છે.**

**એ જ રીતે (અન્ય શાસ્ત્રમાં ગાથા દ્વારા) કહ્યું છે કે :–**

**सो धम्मो जत्थ दया सो वि तवो विसयणिग्गहो जत्थ ।**
**दसअट्ठदोसरहिओ सो देवो णत्थि संदेहो ॥**

**ગાથાર્થ : તે ધર્મ છે જ્યાં દયા છે...** ધર્મ એને કહીએ કે જ્યાં રાગની ઉત્પત્તિ નથી. ભગવાન આત્મામાં રાગની–વિકલ્પની ઉત્પત્તિ નથી એવી જે અહિંસા(રૂપ) દયા તેને ધર્મ કહીએ. કહો, સમજાણું કાંઈ? દયા, આ દયા હોં. રાગની ઉત્પત્તિ થાય એ હિંસા. ભગવાન આત્મા વીતરાગમૂર્તિ આત્મા એનો આશ્રય લઈને વીતરાગપણાની ઉત્પત્તિ થાય એ અહિંસા, એ દયા, એ અહિંસા પરમો ધર્મ. અહિંસા પરમો ધર્મ આ. સમજાણું કાંઈ? **તે ધર્મ છે જ્યાં દયા છે...** આહાહા! પોતાની દયા હોં. પરની દયા કોણ પાળતો હતો? આહાહા!

વ્હાલામાં વ્હાલી સ્ત્રી કહેતાં અર્ધાંગના કહે, લાખો રૂપિયા ખરચે, રોગ(ના ઈલાજ) માટે વિલાયત લઈ જાય, લંડન લઈ જાય, ફલાણે લઈ જાય. મરતાં હાય.. હાય.. હવે? જાઓ પરલોકમાં રખડવા. હવે હું એકલો. પચાસ વર્ષે તું મરી ગઈ. પાંચ વર્ષ પહેલાં મરી ગઈ હોત તો બીજી થાત. કહેતો હતોને કે વહાલી છે? મારી અર્ધાંગના છે આ. એનું મરણ થયું એના પહેલા મરત તો ઠીક (થાત), આવી તો તારી ભાવના. એ પોપટભાઈ! એવું છે? પોતાની ઉંમર ૪૫ થઈ ગઈ હોય, ૫૦ વર્ષની ઉંમર. ઓલી મરું-મરું થઈ. હાય.. હાય.. દુઃખ તો બહુ લાગે. પાછો અંદરમાં આમ હોય કે આ પાંચ વર્ષ પહેલાં મરી ગઈ હોત તો બીજી થાત. હવે આ છોકરા જુવાનિયા થવા નહીં દે. શું કહે છે તું આ? પછી બહાર ન બોલે એ. અંદરમાં વિકલ્પ આવે કે અધવચ રહ્યા.

એમ કહે છેને. અધવચ ઘર ભાંગ્યું એમ કહે છે માણસો. વાતું સાંભળી હોય આપણે, કો'ક કહે એ. અધવચ ઘર ભાંગ્યું. ન રહ્યા અહીના, ન રહ્યા પરણેતરના, ન રહ્યા બાયડીવાળા. હાય.. હાય.. જાદવજીભાઈ! આ બધી સંસારની હોળી. (કોઈ) નથી સાંભળને! કોણ તારા છે? આહાહા! એને ઘણી રાખવા માગે. એ ભાવ છે છતાં એ રાખી શકે નહીં. પોતાના આત્માને રાગરહિત રાખી શકે એનું નામ દયા છે. આહાહા! સમજાણું કાંઈ? હવે એની ટીકા થાય છે. પરની દયામાં રાગ થાય એ હિંસા—આવું તો માળા લખે છે. એક જણો એમ કહે. પ્રકાશચંદજી

કોટાવાળા. કોટાવાળા કંઈક છે. કેવા કોટાવાળા? કોટાવાળા નહીં, બુંદીવાળા ગેંડાલાલ. એની ટીકા કરી છે કે આમ કહે છે ગેંડાલાલ.

અરે ભાઈ! સાંભળને! આ પરની દયા પાળવી એવો વિકલ્પ ઉઠે છે, છતાં એ પાળી તો શકતો નથી. પાળે તો વહાલીમાં વહાલી બાયડીને મરવા શું કરવા દેવી? આંખે આંસુ ધારા ચાલી જતી હોય ને ઓલી રોતી હોય બાઈ. અરેરે! હવે તમે શું કરશો? તમારું શું થાશે.? પરણજો હવે તમે પાછળથી. હું કહેતી જાઉં છું. એમ કહે છેને બધા. આ તો બધું સાંભળ્યું છે. નામ-ઠામ બધી અહીં તો ખબર છે અમને. અહીં તો બધું જાણીએ છીએ. સમજાણું કાંઈ? આહાહા! હા, છોકરા-બોકરા નહોતા અને મરવાની તૈયારી... પથારી. તમારા લક્ષણ કેવા છે એ હું જાણું છે અને તમને બીજા નહીં પાલવી શકે. બાયડી પરણજો બીજી, તો તમને સાચવશે. નહીં તો તમારા લક્ષણ ઠેકાણા વિનાના છે. દિયર ને ફલાણા નહીં કોઈ સાચવી શકે. એય!

આહાહા! આ સ્વાર્થના પૂતળા માળા એ સગા થાય. અમારા સગા છે. ધૂળેય નથી, સાંભળને! આહાહા! કહે છે કે પરની દયા રાગ આવે છતાં રાખી શકતો નથી. એ દયા રાગ છે, એ તો ખરેખર હિંસા છે. આહાહા! આત્મા આનંદની મૂર્તિ પ્રભુ એના આનંદના લક્ષણથી જીવનું લક્ષ કરે, આનંદની ઉત્પત્તિ કરે એ દયા છે, એનું નામ અહિંસા છે, ધર્મનું મૂળ એ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**તે તપ છે જ્યાં વિષયોનો નિગ્રહ છે...** એને તપ કહીએ કે પાંચ ઇન્દ્રિયના વલણથી (મન) અટકી ગયેલું હોય. પાંચ ઇન્દ્રિયના વિષયો એટલે પાંચ ઇન્દ્રિયનો વિષય (અને) શુભાશુભ બધો. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! પાંચેય ઇન્દ્રિય તરફનું વલણ શુભભાવ કે અશુભભાવ, સાંભળવું ખોટી (વાત) કે ભગવાનની વાણી—એ બધો પાંચ ઇન્દ્રિયનો વિષય છે. આહાહા! એનો નિગ્રહ કરી–રોકી, અણિન્દ્રિય આત્મામાં એકાકાર થાવું એનું નામ તપ કહેવામાં આવે છે. લ્યો, આ તપ. રોટલા ન ખાય, લાંઘણું કરે, અમને અપવાસ થયા. રાગ મંદ હોય તો પુણ્ય બાંધે મિથ્યાત્વ સહિત. સમજાણું કાંઈ? આહાહા! ગજબ વાત છે બાપા! તારા મારગડા કોઈ જુદા છે ભાઈ! આહાહા!

અરે! પણ અનંત સંસારના દુઃખનો અંત અને અનંત આનંદની ઉત્પત્તિ અનંત કાળ રહે એવો ભાવ એ અલૌકિક જ હોય. સમજાણું કાંઈ? અરેરે! એની એણે દયા કરી નથી હોં. મારું શું થશે? ક્યાં જઈશ? એને કંઈ પડી નથી માળાને. 'હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું.' શું છે આ તે વળગાડ? આહાહા! ક્યાંય પણ મારે ને એને કાંઈ સંબંધ નથી. શેઢે ને સીમાડે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? મારો આત્મા પૂર્ણાનંદસ્વરૂપ છે એનો સ્વાર્થનો સાધનાર હું એક છું, મારું પ્રયોજન સાધનાર હું છે. એમ જે અંદરમાં આત્માને આશ્રયે

નિર્દોષ દશા પ્રગટ કરે એને અહીંયા દયા ને અહિંસા કહેવામાં આવે છે. આહાહા! એને અહીં તપ કહે છે લ્યો. આમ બહારથી અટકી ગયો ને અંદરમાં આવ્યો.

અણિન્દ્રિય ભગવાન આત્મા એ ઇન્દ્રિયોથી જણાય એવો નથી. એવો અતીન્દ્રિય ભગવાન અંતરના જ્ઞાનમાં અતીન્દ્રિયપણે એનો આશ્રય લીધો, એને બહારના વિષયો રોકાઈ ગયા, એ ભાવને 'ઇચ્છાનિરોધ તપ' (કહે છે). પાંચ ઇન્દ્રિય (તરફના) વલણની ઇચ્છા જ્યાં રોકાઈ ગઈ, ત્યાં અણિન્દ્રિયભાવની દશા ઉત્પન્ન થઈ, એને તપ કહેવામાં આવે છે. આહાહા! જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે, જેને અતીન્દ્રિય આનંદનો ભોગવટો આવે છે. આહાહા! એને અહીંયા તપ કહેવામાં આવે છે. ભારે! **તે દેવ છે જે અઢાર દોષ રહિત છે...** વાત તો આ સિદ્ધ કરવી છેને. દેવ તો એને કહીએ કે જ્યાં અઢાર દોષ તેમને હોતા નથી. **આ બાબતમાં સંશય નથી.** આમાં ક્યાંય સંદેહને સ્થાન નથી. હવે આવ્યો શ્લોક.

**વળી શ્રી વિદ્યાનંદસ્વામીએ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–** તત્ત્વાર્થસૂત્રની શ્લોકવાર્તિક ટીકા કરી છે, એના કરનારા વિદ્યાનંદ સ્વામી છે એમણે આ શ્લોક (લખ્યો છે). પોતે પદ્મપ્રભમલધારિદેવ પોતાના આધારમાં આ એક વાત મૂકે છે.

**अभिमतफलसिद्धेरभ्युपायः सुबोधः**
**स च भवति सुशास्त्रात्तस्य चोत्पत्तिराप्तात् ।**
**इति भवति स पूज्यस्तत्प्रसादात्प्रबुद्धैः**
**न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ॥**

**શ્લોકાર્થ : ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે...** ઇષ્ટફળ એટલે મુક્તિ. આહાહા! આત્મા સર્વ દુઃખથી મુક્ત થઈને અને પૂર્ણ આનંદને પામે એનું નામ મુક્તિ, એ ઇષ્ટ. એનું– મોક્ષમાર્ગનું ફળ આ મુક્તિ. ઇષ્ટફળની સિદ્ધિનો ઉપાય–એ મુક્તિનો ઉપાય સુબોધ છે. લ્યો અહીં તો જ્ઞાન કહ્યું ભાઈ. લ્યો દર્શન ક્યાં નાખ્યું? એમાં ભેગું આવી ગયું જ્ઞાનમાં. સમજાણું કાંઈ? હોય છે સાથે, પણ આ જ્ઞાનની પ્રધાનતાથી ભાન થાય. શુદ્ધને અનુસાર આ ચીજ છે એમ ભાન થવું એમાં પ્રતીત થવી. ભારે.... સુબોધને જ મુખ્ય કારણ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ?

સુબોધ **અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે...** આત્માને પરમાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, પરમ સુખની સમૃદ્ધિનું પૂર્ણતાની પ્રાપ્તિ એવી મુક્તિ, એનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્જ્ઞાન વિના મુક્તિ હોતી નથી. **સુબોધ સુશાસ્ત્રથી થાય છે...** એવું જે સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્ર... જોયું! સુશાસ્ત્ર. સુબોધ, સુશાસ્ત્ર. વળી એક બાજુ કહેવું કે શાસ્ત્રથી જ્ઞાન થાય નહીં. એ કઈ અપેક્ષાએ? આ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પ્રસિદ્ધ કરે છે. દેવને માનવા છેને, એ નિમિત્ત છે. એની પ્રસિદ્ધિ સિદ્ધ કરે છે નિમિત્તની. કહે છે કે સુબોધ

સુશાસ્ત્રથી થાય છે. નિમિત્ત એ જ હોય, બીજું હોય નહીં. વાત સિદ્ધ કરવી છે (કે) અરિહંતને સિદ્ધ કરવા છે અને દેવનો ઉપકાર સ્વીકારવો છે, એમાં શું વાત છે? સમજાણું કાંઈ? શ્લોકવાર્તિકનો આ શ્લોક છે. સુશાસ્ત્ર... સમ્યગ્જ્ઞાનથી મુક્તિ થાય અને સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય.

**સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય...** લ્યો, સાચા શાસ્ત્રની ઉત્પત્તિ પરમેશ્વરથી થાય. આપ્તપુરુષ (અર્થાત્) હિતને માટે કબૂલ કરવાલાયક એવા જે આપ્ત પરમાત્મા એનાથી શાસ્ત્રની ઉત્પત્તિ થાય. સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય. શાસ્ત્રની ઉત્પત્તિ ભગવાનથી થાય. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કરવો છેને. સર્વજ્ઞ પરમાત્મામાંથી શાસ્ત્રો ઓમ ધ્વનિ એવો ધ્વનિ નિકળે છે. પૂર્ણ થયેલા પરમાત્માને ધ્વનિ ઉઠે. આમ (મુખથી) ન બોલે. ૐ અવાજ આખા શરીરમાંથી નીકળે. સમજાણું કાંઈ? એવી સુશાસ્ત્રની ઉત્પત્તિ સર્વજ્ઞ પરમાત્માથી થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**માટે તેમના પ્રસાદને લીધે...** ભગવાનની મહેરબાની. કહો! **આપ્ત પુરુષ બુધજનો વડે...** 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુગમકી..' એવું આવે છે શ્રીમદ્‌માં. ભગવાનને કહે છે, જુઓ! આપની કરુણાથી અમે આ પામ્યા છીએ. નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? **તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે**, એમ. મુક્તિ તો એમના પ્રસાદનું ફળ છે એમ કહે છે. **આપ્ત પુરુષ બુધજનો વડે**... એવા અઢાર દોષ રહિત અરિહંત પરમાત્મા સર્વજ્ઞ પ્રભુ એ જ્ઞાનીઓ–બુધજનો વડે **પૂજવાયોગ્ય છે.** મૂઢજનોને એનું ભાન હોતું નથી. સમજાણું કાંઈ? આપ્તપુરુષ–હિતને માટે માનવાલાયક એવા સર્વજ્ઞ પરમેશ્વર, જેને આત્માની સમૃદ્ધિ ઋદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે, એની જે વાણી એનું કારણ એ પુરુષ છે અને વાણીને કારણે જ્ઞાન થાય છે, જ્ઞાનથી મુક્તિ થાય છે. સમજાણું કાંઈ?

છેને. છે એમ સિદ્ધ કરે છે. સાંભળવું છે એ ત્યાં સવિકલ્પ છે. સમજાણું કાંઈ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો છે. પૂજવાયોગ્ય છે. આહાહા! વિદ્યાનંદ સ્વામી બ્રાહ્મણ હતા. એક સંત નગ્ન મુનિ કંઈક શાસ્ત્રનો સ્વાધ્યાય કરતા હતા એમાં એને કાને પડી ગઈ વાત. એને થયું, ઓહો! ગયા અંદર. ઓહો! અલૌકિક વાત છે. સાધુ થઈ ગયા. એક તો બ્રાહ્મણ હતા ને પાછા થયા સાધુ. સંસ્કૃતમાં શ્લોકવાર્તિક બનાવ્યું મોટું. એનો આ કળશ છે લ્યો. પરમ આનંદની પ્રાપ્તિ, આત્માનો જે આનંદસ્વભાવ છે એની વર્તમાન દશામાં–હાલતમાં પૂર્ણની પ્રાપ્તિ એવી જે મુક્તિ–ઇષ્ટફળ એ એનું ફળ છે. સમજાણું કાંઈ? ઇષ્ટફળ એ છે. અને એ મુક્તિ સમ્યગ્જ્ઞાનથી થાય છે. સમ્યગ્જ્ઞાનમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી ગયા. સમજાણું કાંઈ?

આ ચીજ શું છે એના જ્ઞાન વિના મુક્તિ કોને થાય? આત્મા શું ચીજ છે, અનંતગુણ શું છે, પર્યાય શું છે, આ વસ્તુ શું છે—એના જ્ઞાન વિના મુક્તિ ક્યાંથી થાય? વસ્તુ પોતે છે એ

જ્ઞાન છે, જ્ઞાન પોતે મુક્તસ્વરૂપ છે. એવું જ્ઞાન થાય તે જ્ઞાન મુક્તિનું કારણ છે. લ્યો, અહીં તો એકલું જ્ઞાન મુક્તિનું કારણ કીધું. ઓલા વાંધા કાઢે. દર્શન ને ચારિત્ર ને તપ ક્યાં ગયા? હવે સાંભળને, એમાં એ બધું આવી ગયું. આહા! પોતાનો સ્વભાવ એનું જ્ઞાન, એ જ્ઞાનમાં દર્શન, ચારિત્ર, ઇચ્છાનિરોધ તપ બધું જ્ઞાનમાં આવી ગયુ. એ બધી જ્ઞાનની દશા હોય છે. કોઈ રાગની દશા નથી. એ સુબોધ–સમ્યગ્જ્ઞાન તો ભગવાનની વાણીથી થાય. લ્યો, સુશાસ્ત્રની ઉત્પત્તિ ભગવાનથી થાય.

**માટે તેમના પ્રસાદને લીધે આપ્ત પુરુષ બુધજનો વડે પૂજવા યોગ્ય છે. મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી**... લ્યો. આ તો પોતે સમ્યગ્દર્શન પામે છે, સમ્યગ્જ્ઞાન પામે એમાં નિમિત્ત કોણ? શાસ્ત્ર. એ શાસ્ત્રમાં નિમિત્ત કોણ? સર્વજ્ઞ. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા! વાણી હોય તો ભગવાનની જ હોય. એનાથી જ્ઞાન ઉત્પન્ન થાય, એમ. વાણી પણ ભગવાનથી ઉત્પન્ન થાય. નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વાત છેને. વાણી તો વાણીને કારણે છે. ભગવાન છે માટે વાણી છે? વાણીની પર્યાય વાણીથી છે. પણ એના નિમિત્તમાં સર્વજ્ઞદેવ જ હોય. એવી વાણીમાં સર્વજ્ઞદેવ (નિમિત્ત) હોય. એ વાણી (-ભાવશ્રુત) પામનારને આવી વાણી નિમિત્ત હોય. સમજાણું કાંઈ?

સંવરના અધિકારમાં નથી આવતું? કે તો જ કામ થાય, પછી અટકે, સંવર ન કરે એને કર્મ બંધાય, કર્મ બંધાય એટલે શરીર થાય, શરીરથી ઇન્દ્રિયો થાય, ઇન્દ્રિયોથી વિષય થાય, ન્યાં એને સંસાર થાય. આવે છે કે નહીં? આવે જ ને. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિધ્ધ કરવો છે તો શું થાય? ઓહોહો! આવે છે કે નહીં? એમાં એ આવે, લ્યો. કર્મને લઈને ..., કર્મને લઈને અવતાર થાય, શરીર મળે, ઇન્દ્રિયો મળે. ..... નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કરવો છે એ કેવી રીતે બતાવવો? એને ઊંધામાં એમ, તો સવળામાં આ. આહા!

**મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે**... સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે... આહાહા! ધર્મી વડે પૂજનીય છે. જેને ભાન થયા છે એ એને પૂજવાલાયક માને છે. વ્યવહારની વાત છેને. સમજાણું કાંઈ? હવે ઓલામાં–દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં એવું આવે. ભગવાનની વાણી સાંભળવાનું વ્યસન થઈ ગયું છે. કેટલાકને ઇન્જેક્શન લેવાનું વ્યસન થઈ ગયું છે, કેટલાકને અમારું સાંભળવાનું વ્યસન થઈ ગયું છે. આવે છે. એય! આપણે બીજી બાજુ લેવી જોઈએને સાથે. દ્રવ્યદૃષ્ટિપ્રકાશ બીજો ભાગ છેને. આપ્યો છેને તમને વાંચવા. બીજો ભાગ...... એમાં એવું આવે છે. સાંભળવું એ નુકશાન છે. કારણ કે વિકલ્પ છે. વિકલ્પ છે એમાં પરલક્ષી જ્ઞાન થાય છે, એ આત્માને હિતનું કારણ નથી. એ નિશ્ચયની વાત છે, આ વ્યવહારની વાત છે. સમજાણું કાંઈ?

(શ્રોતા :...) એ વળી જુદી. વિચાર એટલે એકાગ્રતા. વિચાર-એકાગ્રતા. એકાંતમાં બેસવું, એકાંત એટલે રાગથી ખસીને અંદરમાં બેસવું, એમ. એકાંત એ છેને. બીજું એકાંત કેવું? એય હરગોવિંદભાઈ! આ તો દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. ભાઈ હતા તે દિ'. નવનાતભાઈ અહીં બેઠા હતા. રાત્રે વાંચતા હતા. હિંમતભાઈ કહે, ભારે કાઢ્યું છે. આ પંડિતો વિરોધ કરે છે. કઈ અપેક્ષાએ કથન કરે એ લોકો ન જાણે, એટલે પછી... એમ ન થાય બાપા! જ્યાં જેમ છે તેમ તેને... 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં સમજવુ તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એહ.' આહાહા!

શરીરમાં શૂળ ચડે, તાપ આવે, ધમણ ચાલે, એમાં આત્મામાં રહેવું. એ કાંઈ સહેલી વાત છે? સમજાણું કાંઈ? મરતાં આમ આંતરડા કાંઈ ખેંચાય, ગમે એવા પૈસા-બૈસા હોય બધા .... હોય. હાય રે! કહેને, પૈસાના ઢગલા કર તારી સામે. માગણી કર કે તારા માટે વરસ ગાળ્યા, અરે! તું તો શરણ દે હવે. આહાહા! ભાવસિંહજી હતાને દરબાર. ભાવનગર દરબાર. એની વહુ-રાણી પહેલાં મરી ગઈ. છોકરાઓ નાના. દરબાર હતો, કરોડનો તાલુકો. તે દિ' થોડા હતા, હવે વધી ગયા. ભાવસિંહ વખતે થોડા હતા. .... પોતે મરવાની તૈયારી ને બળખો.... એ ડોક્ટર! આ બળખો કાઢ. ડોક્ટર સમજાવે છે, આ કાઢીશ ત્યાં બીજો આવશે. કાઢતા આને દુઃખ થાશે.

આપણે મોટા ડોક્ટરને બોલાવીએ. શું કરે પણ? એમ કરીને કહે કે આપણે મોટા ડોક્ટરને બોલાવીએ. એમાં જાણે.... એ ડોક્ટર! આ છોકરાઓ રાજકુમારો મા વિનાના થઈ ગયા. આ બાપ વિનાના થાશે હવે. નાના-નાના હતા બધા આ કૃષ્ણકુમાર ને. એ દરબાર પણ મરી ગયા. આહાહા! લ્યો, .... એમને એમ દેહ છૂટી ગયો. આહાહા! (મારા) હતા જ ક્યાં? માન્યા છેને. એ માન્યું છેને. અરર! આ છોકરાઓ મા વિનાના થઈ ગયા. નાના હજી કુંવારા છે. મોટા કોણ કરશે? કોણ મોટા કરશે? ક્યાં ગાદીએ બેસાડશે? મારા ઘરે ઉછરેલા.

માળે ભારે ભાઈ! મોહની જંજાળ. 'કરોળિયું' નહોતું કીધું? કરોળિયાનું કીધુંને. માણસ બે-પગા હોય-માણસને બે પગ હોય. બાયડી થાય ત્યારે ચારપગો થયો-ઢોર થયો. ગાયું, ભેંસુને ચાર પગ હોયને. બે પગવાળો હતો, બાયડી થઈ તો ચાર પગવાળો થયો. ચૌપગા-પશુ. એને છોકરો થયો તો છ પગવાળો થયો ભમરો. ભૂંક્યા કરે જ્યાં-ત્યાં. મારે છોકરો છેને, છોકરો છે ને મારે આવો છે. પોપટભાઈ! આહાહા! અને એ છોકરો જ્યાં પંદર વર્ષમાં સગપણ કરે, આઠ પગ થાય-કરોળિયો થાય. આઠ પગે કરોળિયો. પછી મોઢાથી લાળ કાઢી, ગૂંચાઈને મરે એમાં. વર્ણીજીએ નાખ્યું છેને, બતાવ્યું હતુંને. આહાહા! આ બાયડીનું કરવું છે, છોકરાનું કરવું છે, વહુનું કરવું છે, એના છોકરાનું કરવું છે, એની વહુનું કરવું છે. ચાલ્યું લાંબુ લપસીંદર મોટું. આહા! સમજાણું કાંઈ? અરે! તારું કરવું છે એ તો જો હવે. મરી ગયો બહારનું માનીને. માનીને, કરે છે કે દિ'? આહાહા!

અરે! સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે શાસ્ત્રની ઉત્પત્તિ કરી, એનાથી જ્ઞાન થાય, એનાથી મુક્તિ થાય. એ તો સર્વજ્ઞની કૃપાનું ફળ છે. કુંદકુંદાચાર્યે કહ્યુંને, અમારા ગુરુએ મહેરબાની કરી... શું કીધું? શાસ્ત્રમાં શું ભાષા છે? અનુગ્રહ. અનુગ્રહથી. અનુગ્રહ–મહેરબાની કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો ભાઈ! તું શુદ્ધ છો, રાગરહિત છો, ...વિનાનો પ્રભુ છો. અમારા ગુરુએ કૃપા કરીને અમારી નિધાન ચીજને અમને બતાવી. આહાહા! એ બધું વ્યવહારથી કહ્યું. એમાંથી અમારો વૈભવ પ્રગટ્યો, એમ કીધુંને. આહાહા! દ્રવ્યને આશ્રયે પ્રગટ્યો છેને પ્રભુ? ભાઈ! અત્યારે નિમિત્તથી કથન છે, એ વાત છે એમાં શું થાય? આવા નિમિત્તો હોય એમ સિદ્ધ કરવા એ વાત કહેવામાં આવે છે.

ગુરુ અમારા અંતર્મુખ–લીન હતા–અંતર્નિમગ્ન હતા. અમારા ગુરુ છદ્મસ્થ, પણ અંતરમાં નિર્મગ્ન હતા. એ ગુરુએ મહેરબાની કરીને અમારો આત્મા નિર્મળ શુદ્ધાત્માનો ઉપદેશ અમને આપ્યો. બસ, આ બધું આપ્યું. કહ્યું શું? એ બધો સાર આ છે. શુદ્ધાત્મા તું છો, એને પકડ ને અનુભવ કર. આહાહા! સમજાણું કાંઈ? આ છે વાત. અરે! **મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી**... લ્યો ઠીક. ભગવાનની કૃપા, વીતરાગની કૃપા, એનું ફળ મુક્તિ. **સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે, કેમ કે કરેલા ઉપકારને સાધુ પુરુષો (સજ્જનો) ભૂલતા નથી.** દેખો! ઉપકારની વાત આવી. આવે છેને. સજ્જન પુરુષો, પરમાત્મા–જેનાથી ઉપકાર થયો છે એનો ઉપકાર ભૂલતા નથી. આહાહા! સમજાણું કાંઈ? એમ કરીને દેવનું બહુમાન કર્યું છે. સર્વજ્ઞદેવ આવા જ હોય, અમારે જ્ઞાનમાં એની વાણી નિમિત્ત (હોય). એ વાણી જ જ્ઞાનમાં નિમિત્ત હોય. અજ્ઞાનીની વાણી નિમિત્ત હોય નહી. એમ વાણીને સિદ્ધ કર્યું.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ સુદ ૧૧, મંગળવાર, તા. ૨૮-૧૨-૧૯૭૧
## શ્લોક - ૧૩, ગાથા - ૭, પ્રવચન નં. ૧૦

આ નિયમસાર, જીવ અધિકાર ચાલે છે. તેરમો કળશ. દેવ.. દેવ. આ આત્માને હિતને માટે માનવાલાયક સાચા દેવ કેવા હોય એનું આ વર્ણન છે. ધર્મી જીવ આવા દેવને વ્યવહારદેવ તરીકે માને. સમજાણું કાંઈ? જેના વચનથી જ્ઞાન થાય, જ્ઞાનથી મુક્તિ મળે—એવા પુરુષોને દેવ તરીકે સ્વીકારીને વંદન ને પૂજા કરે છે. પોતે મુનિ (બાળ)બ્રહ્મચારી છે એટલે તીર્થંકરમાં નેમિનાથ ભગવાનને યાદ કરીને વંદન કરે છે.

**शतमखशतपूज्यः प्राज्यसद्बोधराज्यः**
**स्मरतिरसुरनाथः प्रास्तदुष्टाघयूथ:।**
**पदनतवनमाली भव्यपद्मांशुमाली**
**दिशतु शमनिशं नो नेमिरानन्दभूमिः॥१३॥**

ત્રણમાં ... આવ્યું, ચોથામાં ન આવ્યું. ચોથામાં નહીં આવતું હોય. ..માં ન આવ્યું. પૂજ્ય, રાજ્ય, નાથ, યુથ, માલી, માલી. **दिशतु शमनिशं** એમાં ન આવ્યું. એ શૈલી હશે. કહે છે કે બાવીસમા નેમિનાથ ભગવાન ચોવીસ તીર્થંકરની અંદર થયા એ બાળબ્રહ્મચારી હતા. એને અહીંયા યાદ કરે છે કે પ્રભુ! **શ્લોકાર્થ : જે સો ઇન્દ્રોથી પૂજ્ય છે...** ઇન્દ્રો મનુષ્યના, ઢોરના... ઢોરનો ઇન્દ્ર સિંહ, મનુષ્યના ઇન્દ્ર વાસુદેવ, બળદેવ, ચક્રવર્તી, દેવના ઇન્દ્રો–અસુરના અને સુરેન્દ્ર વૈમાનિક—એમ કરીને સો ઇન્દ્રો છે. એમાં નેમિનાથ ભગવાન પૂજ્ય છે.

**જેમનું સદ્બોધરૂપી (સમ્યગ્જ્ઞાનરૂપી) રાજ્ય વિશાળ છે...** એ ભગવાનનું સમ્યગ્જ્ઞાનરૂપી રાજ્ય વિશાળ છે, લોકાલોક જાણે છે. કહો, સમજાણું કાંઈ? આવા દેવ પરમાત્મા અરિહંત અઢાર દોષરહિત કીધાને. એની પ્રતીતમાં, જેને આત્મા આનંદસ્વરૂપ પૂર્ણ પ્રભુ એવું જ્યાં અંતરમાં ભાન થઈને વેદનમાં ભગવાન આત્મા આવ્યો છે, એને આવા અઢાર દોષરહિત દેવ તરીકે વ્યવહાર માન્ય હોય છે. બીજા દેવ તરીકે એને માન્ય હોતા નથી. કારણકે બીજા દેવ નથી, દેવાભાસ છે, દેવ તરીકે અભિમાન કરનારા. કહો, સમજાણું કાંઈ? **જેમનું સદ્બોધરૂપી રાજ્ય વિશાળ...** ચક્રવર્તીના રાજ્ય તો છ ખંડ આદિ હોય. આમના જ્ઞાનમાં રાજ્ય ત્રણ કાળ ત્રણ લોક જાણે છે અંદર. અમથો પણ રાજ્ય કરનારો શું કરે છે? રાગ કરે કે આ મારું છે. ખરેખર તો એ રાગને પણ જાણે છે. અહીં રાગ નથી ને જાણવામાં લોકાલોક આવે છે. એવા દેવને દેવ તરીકે, પરમાત્મા તરીકે પૂજવાલાયક છે.

**કામવિજયી (લૌકાંતિક) દેવોના જે નાથ છે... સ્મરતિ** છેને અંદર? સ્મર એટલે કામ, ભોગ એના વિજયી લૌકાંતિક દેવ છે. ... છેને, સૌધર્મ ને ઇશાન, સનતકુમાર ને .... એના દેવો બધા બ્રહ્મચારી હોય છે. આઠ સાગરની એને સ્થિતિ હોય છે. આઠ સાગરોપમ. એક સાગરમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય અને એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવી આઠ સાગરની સ્થિતિ છે. પાંચમું દેવલોક છે ઉપર. ચંદ્ર, સૂર્ય જ્યોતિષ છે, એના ઉપર છે. એ બધા કામવિજયી છે. દેવ હોવા છતાં એ બ્રહ્મચારી છે. એને ઇન્દ્રાણીઓ હોતી નથી. એવા કામના વિજયી–જિતનારા લૌકાંતિક દેવ... ભગવાનની જ્યારે દીક્ષા લેવાની તૈયારી હોય ત્યારે એને યોગ છે કે આવીને ભગવાનને સંબોધે. પ્રભુ! દીક્ષિત થાઓ, આપ પધારો. જગતને ધર્મની જરૂર છે. એમ સંબોધે છે. એ તો તૈયાર છે પોતાના આશ્રયે, પણ એવો વિકલ્પ વ્યવહાર છે.

જુઓ! આ કામવિજયી લૌકાંતિક દેવો... લૌકાંતિક એટલે જે લોકને અંત પામ્યા છે હવે. એક જ ભવ કરવાના છે એ. સમજાણું કાંઈ? (પાંચમું) સ્વર્ગ છે લૌકાંતિક અને એમાં અસંખ્ય દેવો છે, જેને આઠ સાગરની સ્થિતિ છે. નાની (સ્થિતિ) આઠ, મોટી (સ્થિતિ) પણ આઠ. સમજાણું કાંઈ? એવા લોકાંતિક જેને એક જ ભવ કરવાનો છે. સ્વર્ગમાંથી નીકળી, મનુષ્ય થઈને મોક્ષ જવાના. પંડિતજી! ભગવાન એના પણ નાથ છે એમ કહે છે. એક ભવ કરીને મોક્ષ જનારા, વર્તમાન દેવપણે છતાં બ્રહ્મચારી, એના પણ નેમિનાથ ભગવાન નાથ છે. એમાં બ્રહ્મચારીને બ્રહ્મચારીએ યાદ કર્યા છેને. આહાહા! હા, એનેય યાદ કર્યા છે. નેમિનાથ ભગવાન બ્રહ્મચારી, પોતે ટીકા કરનાર મુનિ બ્રહ્મચારી હતા, બ્રહ્મચારી દેવોથી પૂજ્ય છે નેમિનાથ ભગવાન એ દેવોને પણ યાદ કર્યા. સમજાણું કાંઈ?

**દુષ્ટ પાપોના સમૂહનો જેમણે નાશ કર્યો છે...** શ્રીકૃષ્ણના ભાઈ હતા. શ્રીકૃષ્ણ વાસુદેવ એમના કાકાના દીકરા હતા નેમિનાથ. કહે છે કે જેણે આઠ કર્મનો નાશ કર્યો છે. **પદનતવનમાલી...** શ્રીકૃષ્ણને વનમાળી કહે છે. એવા **શ્રી કૃષ્ણ જેમનાં ચરણોમાં નમ્યા છે...** કહો, સમજાણું કાંઈ? જેના ચરણમાં... **પદનત** એમ છેને? **પદનત**–પદમાં જેના નમ્યા છે. વનમાળી શ્રીકૃષ્ણ જેને નમ્યા છે. **ભવ્યકમળના જે સૂર્ય છે... ભવ્યપદ્માંશુમાલી... આંશુમાલી** (એટલે) સૂર્ય? કિરણ.. કિરણમાળા છેને. હજાર કિરણો સૂર્યના હોય છેને આમ. એ ભવ્યકમળના સૂર્ય છે. ભવ્યરૂપી કમળ એને વિકસાવવામાં નેમિનાથ ભગવાન નિમિત્ત છે. જેનો આત્મા કેવળજ્ઞાનમય છે, (એવા જ) આત્મા બધાના છે. એ કેવળજ્ઞાનરૂપી કમળને ખીલવવામાં ભગવાન નેમિનાથ નિમિત્ત છે. એ સૂર્ય સમાન એવા... **નો** છેને? **નો**–અમને. **નો** એટલે અમને. આનંદભૂમિ નેમિનાથ **નેમિરાનન્દભૂમિઃ** એમ શબ્દ છે. નેમિઃ 'ર' નો વિસર્ગ

થયો. નેમિ-આનંદભૂમિ. નેમિનાથ ભગવાન આનંદના સ્થાન છે, આનંદની ભૂમિ છે. એમાં એકલો અતીન્દ્રિય આનંદ પાકે એવું એનું ક્ષેત્ર છે. આહાહા!

એવા **તે આનંદભૂમિ નેમિનાથ (આનંદના સ્થાનરૂપ નેમિનાથ ભગવાન) અમને શાશ્વત સુખ આપો.** લ્યો, **शमनिशं... निशं नो...** વિનયના શબ્દો તો એવા જ હોય છેને. સમજાણું કાંઈ? પોતાના શાશ્વત સુખને પામવામાં ઉપાદાન પોતે, પણ નિમિત્ત ભગવાન છે. ત્યાં ભક્તિમાં શું કહેવાય? તમારાથી મને કાંઈ નહીં થાય હોં એમ ભક્તિમાં કહે? આહાહા! ત્રણ લોકના નાથ પરમાત્મા જ્યારે સમવસરણમાં બિરાજતા હતા એ વખતની વાત છે હોં આ. જુઓને! શ્રીકૃષ્ણ ચરણોમાં નમ્યા. અત્યારે તો મોક્ષ પધાર્યા છે. જ્યારે લખે છે આ મુનિ ત્યારે તો મોક્ષ પધાર્યા છે. પણ જ્યારે અહીં સમવસરણમાં હતા... સો ઇન્દ્રથી પૂજ્ય એમ કહ્યું છેને? સમવસરણમાં હતા ત્યારે 'નેમનાથ ભગવાન છે એને વંદન કરું છું' એ રીતે ગયા કાળને વર્તમાનકાળ બનાવી દીધો. ભગવાન જ્યારે બિરાજે છે આવા નેમિનાથ પ્રભુ, જેનું સમ્યગ્જ્ઞાનરૂપી રાજ્ય વિશાળ છે, એવું રાજ્ય કોઈનું હોતું નથી. એવા નેમિનાથ ભગવાન અમને શાશ્વત સુખ આપો, અમને આનંદ આપો. અમારો..... અમારા અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિમાં આપ નિમિત્ત થાઓ, એમ. સમજાણું કાંઈ? આહાહા! એ છ ગાથા પૂરી થઈ. સાતમી ગાથા.

**णिस्सेसदोसरहिओ केवलणाणाइपरमविभवजुदो ।**
**सो परमप्पा उच्चइ तव्विवरीओ ण परमप्पा ॥७॥**

**સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદગાદિ વૈભવયુક્ત જે...** આ વૈભવ. આ તમારા ધૂળના વૈભવ, બંગલા ને હજીરા એ ધૂળના વૈભવ છે. માન્યા છેને આ બંગલા. એમાં મરે. આહાહા! જ્યોર્જ હતો એ બંગલામાં રાત્રે મરી ગયો હતા. પોતે એડવર્ડ, નહીં? આપણને જ્યોર્જ એવું કાંઈ આવડતું નથી. રાત્રે સૂતો હતો, સવારના જગાડવા જાય તો મરી ગયેલો. સાડા ત્રણ કરોડનો બંગલો તે દિ' હોં. અત્યારે તો મોંઘવારી થઈ ગઈ છે. શું બંગલા કરે? સાડા ત્રણ કરોડનો બંગલો. અત્યારે સાડી ત્રીસ કરોડ છે. અત્યારે તો સોળગણા ભાવ વધી ગયા. પચાસ કરોડનો. આહાહા!

સવારે જોયું તો મડદું. મોટા ડોક્ટરો જેને આમ નાડ ઝાલીને ઊભા હોય. પગાર દસ-દસ હજારના જેને. આહાહા! દિવસના મોટા પગાર હોં, એવા મોટા ડોક્ટરો. ઓહો! કોઈને ખબર ન પડી. એને પણ ખબર ન પડી કે ક્યારે હું મરીશ. ઓલાને ખબર ન પડી. અને પાછા જાવાના હોય હેઠે. નરકમાં જાવાના હોય. ન્યાં બીજું શું હોય? આહા! કાળા કેર છે. પડદા પડ્યા, માણસનું (આયુષ્ય) પૂરું થઈ ગયું. અહીં તો કહે છે કે અમને... અહીં વૈભવની વાત છે.

**સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદગાદિ વૈભવયુક્ત જે,**
**પરમાત્મ તે કહેવાય, તદ્વિપરીત નહિ પરમાત્મ છે. ૭.**

**ટીકા : આ, તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે.** ટીકા છેને. **આત્માના ગુણોનો ઘાત કરનારાં...** લ્યો, ઠીક! તમે કહો કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહીં. એ પંડિતજી! (શ્રોતા : પર્યાયનો ઘાત નહીં, ગુણોનો ઘાત..) એ તો ગુણનો અર્થ જ અહીં પર્યાય છે. આત્માની ગુણદશાની પર્યાય એનો ઘાત કરનાર. એ નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? કઈ નયનું કથન છે એમ એનો અર્થ સમજવો જોઈએ. આત્માના અનંત ગુણ જ્ઞાન, દર્શન, આનંદાદિ એની જે વર્તમાન પ્રગટ પર્યાય–દશા થવી જોઈએ... પોતાનો અપરાધ–અશુદ્ધ પરિણમન એમાં એ કર્મો નિમિત્ત છે.

એથી એ ઘાત કરનારા **ઘાતિકર્મો–જ્ઞાનાવરણીયકર્મ...** જ્ઞાનના આવરણમાં નિમિત્તરૂપ છે. **દર્શનાવરણીયકર્મ...** એ દર્શનને, **અંતરાયકર્મ...** અનંત વીર્યના આવરણને નિમિત્ત છે **અને મોહનીયકર્મ—છે; તેમનો નિરવશેષપણે પ્રધ્વંસ કર્યો હોવાથી (કાંઈ બાકી રાખ્યા વિના નાશ કર્યો હોવાથી)...** લ્યો, કર્મનો નાશ કર્યો એમ અહીં આવ્યું. 'ણમો અરિહંતાણં' એમ આવ્યું લ્યો. નિઃશેષ દોષ રહ્યો જેને. સમજાણું? જેણે ચાર ઘાતિકર્મ અવશેષ.. નિઃઅવશેષ–કાંઈપણ બાકી રાખ્યા વિના જેનો નાશ કર્યો હોવાથી **જે 'નિઃશેષદોષરહિત' છે.** એક વાત એ કહી. **અથવા પૂર્વ સૂત્રમાં (છઠ્ઠી ગાથામાં) કહેલા અઢાર મહાદોષોને નિર્મૂળ કર્યા હોવાથી...** અઢાર દોષ કહ્યા હતાને પહેલે? એને નિર્મૂળ–મૂળમાંથી ઉખેડીને નાશ કરી નાખ્યા છે.

**જે 'નિઃશેષદોષરહિત' કહેવામાં આવ્યા છે અને જે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન,** કેવળદૃષ્ટિ એટલે **કેવળદર્શન...** ટીકામાં દૃષ્ટિ છે. કેવળજ્ઞાન ને કેવળદર્શન. ભગવાનને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની આંખ્યું–જ્ઞાનચક્ષુ ખુલી ગઈ છે. દૃષ્ટિ ખુલી ગઈ એટલે દર્શન ખુલી ગયું છે. **પરમવીતરાગાત્મક આનંદ...** ભગવાનને પરમ નિર્દોષ વીતરાગીસ્વરૂપે આનંદ છે. વીતરાગી આનંદ. અજ્ઞાનીઓ આ બહારમાં આનંદ માને છેને, એ તો દુઃખને આનંદ માને છે. રાગવાળા આનંદને આનંદ માને છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે. સચ્ચિદાનંદસ્વરૂપ જ નિજસ્વરૂપ છે. એવા આનંદને જે પામ્યા છે. વીતરાગ, પરમ વીતરાગ–પરમ નિર્દોષસ્વરૂપ એવો આનંદ છે. આવે છેને શ્રીમદ્‌માં? 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે..'

**ઇત્યાદિ અનેક વૈભવથી સમૃદ્ધ છે...** તીર્થંકરદેવ આવા વૈભવથી સમૃદ્ધિવાળા છે. કહો, સમજાણું કાંઈ? દુનિયામાં કહેવાયને, આ ફલાણા કેવા? હામ, દામ ને ઠામ—એમ ત્રણવાળા કહેવાયને. હિંમત ઘણી–હામ, દામ–પૈસા ઘણા, ઠામ–ઠેકાણા મકાનના. મકાન.. મકાનના. મકાન ઘણા, જમીન ઘણી. હામ, દામ ને ઠામ. અહીં ભગવાનને હામ, દામ ને ઠામ બધું આત્માનું હતું. હામ–પુરુષાર્થ અનંત, દામમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદાદિ લક્ષ્મી (અને) ઠેકાણામાં અસંખ્ય પ્રદેશ પોતાના. કહો, સમજાણું કાંઈ? દુનિયામાં એમ કહે, બધા વાતું કરે.

આવા તો હામ, દામ ને ઠામ છે. એમ નથી કહેતા? છતી ઋદ્ધિએ છોડે છે, જ્યારે દીક્ષા લ્યે ત્યારે એમ કહે. હામ, દામ ને ઠામ બધું છે ને બધું છોડે છે, એમ વાતું કરે બધા. એ પરમ વીતરાગસ્વરૂપ, આત્મક એટલે સ્વરૂપ, પરમ વીતરાગ એટલે નિર્દોષસ્વરૂપ આનંદ છે. જેને આત્માનો અનંત આનંદ પ્રગટ થઈ ગયો છે.

**ઇત્યાદિ અનેક વૈભવથી સમૃદ્ધ છે...** બહારના સમૂહ ધનાદિનો વૈભવ, અંદરનો આ વૈભવ. **એવા જે પરમાત્મા...** હવે વ્યાખ્યા. ટીકાકારની વ્યાખ્યાય જુદી જાતની છે. એમાં નાખ્યું. **એવા જે પરમાત્મા...** એટલે એ પરમાત્મા કેમ થયા? એ આત્મા હતા એમાંથી પરમાત્મા થયા. બહિરાત્મા હતા, પછી અંતરાત્મા થઈને પરમાત્મા થયા. કઈ રીતે પરમાત્મા થયા અને બીજાને પણ કઈ રીતે પરમાત્મા થવાય એ વાત લે છે. કહે છે કે **ત્રિકાળનિરાવરણ, નિત્યાનંદ-એકસ્વરૂપ નિજ કારણપરમાત્માની ભાવનાથી ઉત્પન્ન કાર્યપરમાત્મા...** લ્યો, શું કહે છે? નીચે ખુલાસો કર્યો છે. **૧. નિત્યાનંદ-એકસ્વરૂપ = નિત્ય આનંદ જ જેનું એક સ્વરૂપ છે એવા.** આ આત્માનું નિત્ય આનંદ જેનું એક નિત્ય સ્વરૂપ છે. એની પર્યાયમાં દુઃખ રાગાદિ છે એ કાંઈ ત્રિકાળી ચીજ નથી. આ તો નિત્ય-આનંદ એકસ્વરૂપ...

આત્મા ત્રિકાળી જેનું સ્વરૂપ છે, જેને અહીંયા કારણપરમાત્મા કહીએ કે જેમાંથી કાર્યપરમાત્મા પ્રગટ થાય, એમાંથી કાર્યપરમાત્મા કેવળજ્ઞાની તીર્થંકર આદિ પદને પામે. એવો નિત્યાનંદ સ્વભાવ... હવે અહીં દુઃખી થઈને હેરાન થાય, એને કહે કે તું નિત્યાનંદ છો. સમજાણું કાંઈ? બધા આત્મા એવા જ છે. પુણ્ય ને પાપ વિકાર ને દુઃખ છે, એ તો વર્તમાન કૃત્રિમ છે. હવે એનો સવળો આમ લાભ થાય. અહીં આનંદની ઉલટી દશા એ વિકૃત અવસ્થા પર્યાયમાં છે. એ દુઃખ જ એમ સૂચવે છે કે એનાથી સુલટી ત્રિકાળી આનંદશક્તિ આત્મામાં છે. સમજાણું કાંઈ? **નિત્યાનંદ એકસ્વરૂપ**, પાછું. **નિત્ય આનંદ જ જેનું એક સ્વરૂપ છે**. એકરૂપ આનંદ ત્રિકાળ છે એમ કહે છે. કોને? દરેક આત્માનો ભાવ આવો ત્રિકાળ છે અંદર.

**(કારણપરમાત્મા ત્રણે કાળે આવરણ રહિત છે અને નિત્ય આનંદ જ તેનું એક સ્વરૂપ છે.** દરેક આત્મા શક્તિ અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય છે. માપના કાટલા ખોટા હોય તો માપ કરતા આવડે નહીં. આ ક્યે માપે માપવું આવો આત્મા? દરેકનો આત્મા નિત્યાનંદ નિરાવરણ આનંદમય છે. પહેલું અનુમાન કરે તો ખબર પડે. જેણે પરમાત્મપદ પ્રગટ કર્યું એ આવ્યું ક્યાંથી? ત્રિકાળમાં આનંદપદમાંથી આવ્યું છે. સમજાણું? વર્તમાનમાં દુઃખ લાગતું હોય અણગમો, એ વિકૃતદશા કોની છે? એ ત્રિકાળી આનંદની વિકૃત ઉલટી અવસ્થા છે. સમજાણું કાંઈ? આહાહા! આ પૈસા-બૈસામાં સુખ નહીં હોય? તારો બાપ ત્યાં રોકાય છેને કલકત્તામાં.

શ્રોતા : ભાવ કરે છે. તમે તો કહે છે ઝેરને અમૃત માન્યું છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ? આહાહા! આનંદનો માવો પ્રભુ છે, કહે છે. એ પુણ્ય-પાપના રાગ...

સવારના એક યાદ આવ્યું રસ્તામાં. લોકો વાતું કરેને! આ બાયડીયું નવરી હોય ત્યારે વાતું કરે. વનમાં એકલું ઝાડેય ન રાખશો ભાઈ! એમ વાતું કરે. સાંભળ્યું છે? શું કીધું? વનમાં એકલું ઝાડેય ન રાખશો. એ ભીખાભાઈ! આ બધું.... સાંભળ્યું હોય ઘણું ક્યાંકથી. વનમાં એકલું ઝાડેય ન રાખશો ભાઈ! ધણી મરી જાય તો એકલી બાઈ રહેને, કોઈ ન રાખે તો. ત્યાં જઈને આવી વાતું કરે. વનમાં એકલું ઝાડેય ન રાખશો હોં. અહીં ભગવાન કહે છે કે ત્રણે કાળે એકલો છો. પરદ્રવ્ય વિનાનો એકલો છો. અને એમાંથી રાગ છે એ કાઢી નાખ તો એકલો આનંદ જ છે તારામાં, લ્યો. એ આનંદથી જ એકલો છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

બહુ તો તેં કર્યું છે શું? કે પરને તું માન એકપણે, પણ એ પર કાંઈ તારા થતા નથી. એક રાગને માન તો એ પ્રમાણે માન્યતામાં રાગ છું એમ એને થાય છે. એ એકનો બે, એકનો ફીટીને બે થયો. આનંદમૂર્તિ ભગવાન ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ એ પુણ્ય-પાપના વિકલ્પની એકતામાં એક ફીટીને બે બગડ્યો. બગડે બે. આહાહા! કેમ બેસે? આહાહા! સિગારેટ સવારમાં બે પીવે ત્યારે દસ્ત ઉતરે. પાયખાનામાં સિગારેટ પીવે ત્યારે સરખો આવે. આવા તે વ્યસન. ...ભાઈ! છેને એવું. સવારમાં ચા-બા પ્યાલા બે પીવે સરખાઈના ત્યારે માંડ સ્ફૂર્તિ આવે, ઉભો થાય ખાટલામાંથી. હવે આને એમ માનવો કે હું આનંદમૂર્તિ એકરૂપે ત્રિકાળ છું, સમજાણું કાંઈ? એ તો અનંતો પુરુષાર્થ છે. આહાહા!

શક્તિએ, દરેક આત્મા શક્તિ અપેક્ષાએ–સામર્થ્યરૂપે–સ્વભાવની શક્તિરૂપે–એના સત્ત્વરૂપે... જેમ લીંડીપીપરમાં એની શક્તિરૂપે ચોસઠ પહોરી (તીખાશ) ભરેલી છે. લીંડીપીપર થાતી નથી? આ લીંડીપીપર કાળી. છોટીપીપર, આવડી હોય. ચોસઠ પહોરે ઘસે તો પ્રગટે એ ક્યાંથી પ્રગટે? બહારથી પ્રગટે છે? પત્થરમાંથી પ્રગટે છે? પથરાથી (પ્રગટતી હોય તે) કોલસાને ઘસે નહીં? ચોસઠ પહોરી તીખાશ એક રૂપિયે, ચોસઠ એટલે રૂપિયો, સોળ આના. રૂપિયો-રૂપિયે એમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે અને લીલો રંગ ભર્યો છે અંદર પૂરો. એ ઘસવાનું નિમિત્ત ને પોતાના કારણે તે પ્રગટ થાય છે. એમ ભગવાન આત્મા... એ આવડી લીંડીપીપર ચોસઠ પહોરી તાકાત રાખે છે. કદે નાની, રંગે કાળી માટે નાની છે એમ છે નહીં. ત્યારે એ તો વળી ઘણા રજકણોના દળ છે. સમજાણું? લીંડીપીપર એક દ્રવ્ય નથી, ઘણા–અનંત પરમાણુની પર્યાયની એવી યોગ્યતા એને પર્યાયમાં થઈ છે હોં. સમજાણું કાંઈ?

એ તો અનંત રજકણ ભેગા થયા એવી પર્યાયની યોગ્યતાવાળા કે જેમાંથી ૬૪ પહોરી શક્તિ પર્યાયમાં બહાર આવે છે. આ (આત્મા) તો એક દ્રવ્ય છે. અખંડ દ્રવ્ય, અભેદ દ્રવ્ય, વસ્તુ પોતે છે. એનામાં તો નિત્ય આનંદરૂપ જ સ્વભાવ છે. દરેક ભગવાન આત્મા કીડીનો,

કુંજરનો, બટાટાનો જીવ... કહો, સમજાણું કાંઈ? બટાટાની એક કટકીમાં અનંત જીવ છે. બટાટાની એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે. એક શરીરમાં અનંત જીવ છે. એક જીવની શક્તિ પૂર્ણ આનંદવાળી છે. આહાહા! સમજાણું કાંઈ? **તેથી દરેક આત્મા કારણપરમાત્મા છે**. લ્યો, દરેક આત્મા આનંદની કાર્યદશાના કારણરૂપે પરમાત્મા પોતે છે. ત્યારે કોઈ પ્રશ્ન કરતો હતો. કીધુંને ભાઈ? કારણ હોય તો કાર્ય આવવું જોઈએ. પણ તું બનાવ ત્યારેને. કારણ તો છે, પણ દૃષ્ટિમાં એને (ઉપાદેય) બનાવ ત્યારે કાર્ય થાય. કહો, સમજાણું કાંઈ? એનો સ્વીકાર કરે કે આ કારણપરમાત્મા છે પૂર્ણ.

એમ કે કારણપરમાત્મા છે તો કાર્ય આવવું જોઈએ એને તરત. કોણે ના પાડી? સાંભળને! પંડિતજી! પૂર્ણ સ્વરૂપ છું, કારણશક્તિ મારી પૂર્ણ છે—એમ જેણે પ્રતીત કરી ત્યારે કારણપરમાત્મા કારણરૂપે એને પ્રતીતમાં આવ્યો, ત્યારે પર્યાયમાં કાર્ય આનંદનું આવ્યું એને. સમજાણું કાંઈ? આહા! એની સત્તાનો સ્વીકાર જ જ્યાં નથી ત્યાં કારણ ક્યાં માંડ્યું એણે? કહે છે, દરેક આત્મા કારણપરમાત્મા છે. એટલે શું કહ્યું? **જે કારણપરમાત્માને ભાવે છે**... એ વસ્તુ જે ત્રિકાળી આનંદસ્વરૂપ... આમાં આવ્યુંને? **નિજ કારણપરમાત્માની ભાવનાથી ઉત્પન્ન**... મૂળ પાઠમાં છે. ભાવના એ પર્યાય છે. ત્રિકાળી ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એ ત્રિકાળી ભાવસ્વરૂપ છે. એની એકાગ્રતા એ ભાવના છે. પીપરને ઘૂંટે.. ચોસઠ (પહોરી) તો છે, પણ ઘૂંટવાની પર્યાય એ એની ભાવના કહેવાય. એને જડને શું છે ત્યાં તો? સમજાણું કાંઈ?

એવી **ભાવનાથી ઉત્પન્ન કાર્યપરમાત્મા, તે જ ભગવાન અર્હત્ પરમેશ્વર છે**. એમ કહેવું છેને. એ અહીં કહે છે. **જે કારણપરમાત્માને ભાવે છે...** ભાવે છે એટલે ત્રિકાળ નિત્યાનંદ નિરાવરણસ્વરૂપ હું છું એવી જેની ભાવના નામ એમાં એકાગ્રતા છે, એને સ્વીકારીને એમાં લીન થાય છે તે કાર્યપરમાત્મા થાય છે. જેને દેવ તરીકે કીધા એવા એ થાય છે. સમજાણું કાંઈ? **ભાવે છે–તેનો જ આશ્રય કરે છે...** આ તો એકલાનો આશ્રય કરવાની વાત છે. એકલો થાવું હોય તો. સમજાણું કાંઈ? ભગવાન ત્રિકાળ નિત્યાનંદ નિરાવરણસ્વરૂપ જ છે. એનો જે આશ્રય લે છે... **भूदत्थमस्सिदो खलु**... આવ્યુંને અગિયારમી ગાથા. **भूदत्थ**... ભૂતાર્થ ત્રિકાળ ભગવાન એનો જે અંતર આશ્રય લે છે, **તે વ્યક્તિ-અપેક્ષાએ નિરાવરણ અને આનંદમય થાય છે.** લ્યો. એ પ્રગટ (થયો). ચોસઠ પહોરી તીખાશ જેમ અંદર ભરી હતી, આટલીમાં ચોસઠ પહોરી ભરી હતી.... ચોસઠ પૈસા એટલે રૂપિયો, સોળ આના. એમ આ શરીર દીઠ–શરીરપ્રમાણે આત્મા ક્ષેત્રથી દેખાય છે એ અંદરમાં એનો પૂર્ણ આનંદ ને જ્ઞાનથી ભરેલું તત્ત્વ છે. પીપરને માને માળો, આને નહીં. સમજાણું કાંઈ?

મારો આનંદ આવડો પૂરો મારામાં છે. મારા આનંદને માટે કોઈ પદાર્થની જરૂર નથી. જેને વિકલ્પની જરૂર નથી. આહાહા! શુભવિકલ્પની જરૂર નથી આનંદને મેળવવા માટે. ત્રિકાળી

આનંદ છે એની કબૂલાત થતાં જ એને આનંદ આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત! કહે છે કે જે શક્તિરૂપે–સામર્થ્યરૂપે અંદર કારણપરમાત્મા આનંદમય છે એની એકાગ્રતા કરતાં, એનો આશ્રય કરતાં, એની ભાવના કરતાં, તે તરફ દિશામાં ઝુકતાં, આહા! એ વ્યક્તિ અપેક્ષાએ નિરાવરણ થાય છે. આ એનો ઉપાય છે કહે છે. વચ્ચે દયા-દાન કરવા, ભક્તિ કરવા એ ઉપાય નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

અનંત ક્રોડાક્રોડ ગુણની શક્તિનો પિંડ છે. પણ એવડો મોટો કેમ બેસે? અડદની દાળ સદડી સરખી ન થઈ હોય... આમ સહેજ અડદની દાળ.. આમ છાશ ને દાળ બે ભેગા થયા ને સરખા ચડીને સદડી, આંખ્યું આમ થાય. અડદની દાળ... ચૂરમાના લાડવા કર્યા હોય ને અડદની દાળ કરી હોય અને દીકરીનો સસરો આવ્યો હોય કડક કોઈ સત્તાપ્રિય. અત્યારે બીજું હશે, પહેલું એવું હતું હોં. ચુરમાના લાડવા, અડદની દાળ હોં. હવે તો બધું ફરી ગયું. ફરફરા, ઢીંકણા. પહેલા મહેમાન આવે તો સારામાં સારા ચુરમાના લાડવા, અડદની દાળ અને પાપડ. આપે. દરરોજ શાક ન હોય. અને કેરીનું અથાણું. આ જૂની રીત ભાઈ આ. ગરીબ ઘેર પણ આ હોં. મહેમાન આવેને તો. જાદવજીભાઈ! જોયું છેને બધું અમે તો. આહાહા! વાના ફરી ગયા છે, ભાઈ કહે છે. હવે બીજું થઈ ગયું. વાનગી જુદી જાતની. પણ એ બધી ધૂળની હશે.

આ તો આત્મા.. આહાહા! એને ઘરે જતાં એને વાનગીઓ મળે—અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત આનંદ, અનંત કર્તા-કર્મશક્તિની વ્યક્તતા એવી અનંતી વાનગીઓ જેમાંથી મળે. આહાહા! એ શક્તિમાં છે એવી વ્યક્તમાં આવે. એની સામું જોઈને સ્વીકાર ને એકાગ્રતા કરે તો. આહાહા! કહો, સમજાણું કાંઈ? હા, પણ અત્યારે ઘણે ઠેકાણે મસાલા મોટું આવું રાખવાનું, ચટણી હોય ને ઢીંકણું હોય ને ફીંકણું હોય, બધું........ આવું બહુ થઈ ગયું. ઓલામાં તો રોટલો ને અડદની દાળ, ઘી સારું ચોપડે. મહેમાન પણ હોય એવા કેટલાક.

એક બાઈ હતી, ગરીબ બાઈ. એના ભાઈ પૈસાવાળા, ગૃહસ્થ માણસ. બાઈ બધું ... જુવારના રોટલા ખાય દરરોજ. કહે, લાવને આજ ભાઈને ત્યાં જાઉં, ઘણો વખત થયો. આજ ચુરમું મળે ત્યાં. એ વખતે ચુરમું કરતાને. ન્યાં જાય તો જુવાર નવી આવેલી એને ઘેરે. એટલે જુવારનો રોટલો આવ્યો પાછો. જય નારાયણ. જય માતા. મોઢા આગળ તું આવી. ઓલા ગૃહસ્થ લોકો લાખોપતિ. એ વખતે લાખોપતિ ઘણા કહેવાતાને. તમારા બધા કરોડપતિ ને અબજપતિ આંકડા ભર્યા છે. એવા સંતોષી હતા એવા સંતોષી.... એ બાઈ બિચારી જાણે કે આજ આપણને ચુરમું આવશે. ત્યાં ભાઈને નવી જુવાર આવી હતી સારી ખેતરમાંથી. આજ જુવારના રોટલા બનાવો આપણે. એ રોટલો જ્યાં આવ્યો ભાણામાં. માતા! મોઢા આગળ પોગી ગઈ તું હો. નસીબમાં રોટલો છે. આહાહા!

અહીં તો મોઢા આગળ પોગે ત્યાં અનંત કેવળજ્ઞાન ને અનંત આનંદ. આહાહા! ભગવાન પાસે જા તો તને વાનગી મળશે આવી આનંદ ને જ્ઞાનની. સમજાણું કાંઈ? આહાહા! અરે! પણ કેમ વિશ્વાસ આવે? પોતે આવડો હોય એનો વિશ્વાસ નહીં ને બીજો મોટો હોય એને કહે. એથી આ બધાએ સોંપી દીધુંને. ઈશ્વર એક હતા ને ઈશ્વર મોટા. પણ ઈશ્વર તું પોતે છો, સાંભળને! ઈશ્વર તો એના ઈશ્વર. તારા ક્યાંથી આવ્યા? સમજાણું કાંઈ? ઈશ્વર કર્તા અને ઈશ્વર આપણને આપે, રખડાવે, મારી નાખે એ અને મોક્ષ આપે એ. તારા હાથમાં કાંઈ રહ્યું નહીં કાંઈ. આવી ભ્રમણા અજ્ઞાનીઓની. પોપટભાઈ!

તું પોતે ઈશ્વર પૂર્ણાનંદ પરમેશ્વર છો. પરમેશ્વર કરીને સ્થાપ. આવે છેને ભાઈ? અનુભવપ્રકાશમાં આવે છે. દિપચંદજી. તું પરમેશ્વર કરીને સ્થાપ પહેલાં. હું પરમેશ્વર છું. પહેલેથી (સ્થાપ કે) હું પરમેશ્વર. એવી પરમેશ્વરની પૂર્ણ શક્તિ મારામાં છે. હું પોતે પ્રભુ છું. મારે માથે કોઈ પ્રભુ નથી. હું બીજાનો પ્રભુ નથી. આહાહા! બધા પ્રભુ છે એનો પ્રભુ કોણ હોય? કહે છે કે તે ભગવાન આત્મા શક્તિરૂપે–સામર્થ્યરૂપે–સ્વભાવરૂપે–સત્ત્વરૂપે, એ સતનું સત્ત્વ જે છે એ શક્તિ અપેક્ષાએ કારણપરમાત્મા છે. એને જે ભાવે છે, એનો જ આશ્રય (લે છે), એનો જ. એટલે વ્યવહારનો ને વિકલ્પનો નહીં. સમજાણું કાંઈ? **આશ્રય કરે છે તે વ્યક્તિ અપેક્ષાએ**–પ્રગટ દશામાં **નિરાવરણ અને આનંદમય થાય છે અર્થાત્ કાર્યપરમાત્મા થાય છે.** આહાહા! કરવાનું આ છે, સુખનો રસ્તો કરવો હોય તો.

**શક્તિમાંથી વ્યક્તિ થાય છે,** લ્યો. શક્તિરૂપે છે, ભગવાન પરમાત્મા શક્તિરૂપે પરમાત્મા જ છે, પણ કારણપરમાત્મા છે. આવો જ છું એવું જે સ્વીકાર શ્રદ્ધા-જ્ઞાનમાં (આવે). આવડો હું છું, મોટો આવો છું—એની શ્રદ્ધા-જ્ઞાનની કિંમત કેટલી? આવડા મને કબૂલે, સમજાણું કાંઈ? અને એમાં વિશેષ એકાગ્રતા થાય, પર્યાયમાં પ્રગટ કેવળજ્ઞાન થઈ જાય, પરમાત્મા થઈ જાય. સમજાણું કાંઈ? **માટે શક્તિ કારણ છે અને વ્યક્તિ કાર્ય છે.** દ્રવ્યસ્વભાવ તે કારણ છે, વર્તમાન પ્રગટ પર્યાય તે કાર્ય છે. **આમ હોવાથી શક્તિરૂપ પરમાત્માને કારણપરમાત્મા કહેવાય છે...** આહાહા! **અને વ્યક્ત પરમાત્માને કાર્યપરમાત્મા કહેવાય છે).** બહુ સરસ વાત છે. એ અહીં કીધું જુઓ!

**પરમાત્મા—એટલે કે...** આપણે ટીકા. ત્રિકાળ નિરાવરણ–ત્રણે કાળે આવરણ વિનાનો હું. વસ્તુને આવરણ હોય? વસ્તુને આવરણ હોય તો વસ્તુ અવસ્તુ થઈ જાય. સમજાય છે કાંઈ? **નિત્યાનંદ...** વસ્તુ નિત્ય છે તો એનો સ્વભાવ નિત્યાનંદ છે. **એકસ્વરૂપ નિજ કારણપરમાત્માની ભાવનાથી...** એનાથી **ઉત્પન્ન કાર્યપરમાત્મા** છે. લ્યો આ મોક્ષનો માર્ગ. નિયમસાર છેને આ. ત્રિકાળી ભગવાનની શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા એ મોક્ષનો માર્ગ, એનાથી ઉત્પન્ન થતું કાર્યપરમાત્મા... આહાહા!

મારાથી બધું થશે એ બેસતું નથી. કાંઈક, કાંઈક ટેકો જોઈએ છે. પાંગળો માન્યો છેને? કાંઈક રાગની મદદ જોઈએ, કાંઈક દેવ-ગુરુની મદદ જોઈએ, કાંઈક શાસ્ત્રની મદદ જોઈએ. એય! મદદ છેને તારી. તું ક્યાં મદદ વિનાનો છો? ભરપૂર છેને. તને તારા માટે બીજાની ક્યાં જરૂર છે? એ હું પરમાત્મા... **તે જ ભગવાન અર્હત્ પરમેશ્વર છે.** આને અરિહંત પરમેશ્વર કહીએ. આ 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં' ગોખ્યે જાય. ભાન મળે નહીં કે કોને કહેવા અરિહંત. કોને કહેવા અરિહંત. કોઈ રાજા થઈ ગયો હશે, એમ કહે. આવું છેને. એ લોકોય કહે છે અન્યમતમાં. એનામાં એક અરિહંત નામનો રાજા થઈ ગયો. અરે! અરિહંતનો... અરિહંત એટલે જેણે રાગ-દ્વેષ ને અજ્ઞાનને હણી નાખ્યા છે અને કાર્યપરમાત્મા પૂર્ણ દશા પ્રગટ કરી એને અરિહંત કહેવાય છે. અરિહંત કોઈ પક્ષની ચીજ નથી કે આ જૈનની છે ને આ બીજાની છે. એ વસ્તુની સ્થિતિ આવી છે. સમજાણું કાંઈ?

વસ્તુ જે કાયમની ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એવો જેનો કારણસ્વભાવ એની ભાવના કરતાં, એમાં લીન થતાં કાર્યપરમાત્મા શક્તિમાંથી વ્યક્તતા થાય છે. કહો, સમજાણું કાંઈ? કારણપરમાત્માને સિદ્ધ કર્યો, એની એકાગ્રતા મોક્ષમાર્ગને સિદ્ધ કર્યો, એના ફળ તરીકે કાર્યપરમાત્મા થાય એ દેવને સિદ્ધ કર્યાં. આહાહા! બધું આવી ગયું આમાં. સમજાણું કાંઈ? આ વાતે વડા થાય એવું નથી. વડા થવામાં તેલ જોઈએ, લોટ જોઈએ, તાવડો જોઈએ. બધું જોઈએ કે નહીં? એમ આવું આ વાત કર્યે મળે એવું નથી. અંદર ભગવાન પૂર્ણાનંદનો જ્યાં સ્વીકાર, એટલી દૃષ્ટિનું જોર ને તેટલી દિશાનો ફેર છે. કહે છે કે આવાને પરમેશ્વર દેવ કહેવાય.

**આ ભગવાન પરમેશ્વરના ગુણોથી વિપરીત ગુણોવાળા...** લ્યો, આ સીધા એનાથી ઉલટા ગુણોવાળા **બધા (દેવાભાસો)...** દેવનો દેખાવ કરે છે. ઓલું શાહુકારનો .... આવે છેને? આમ બેબાક... આવ્યો હતો એક ટાઈમ. એક માણસ આવ્યો હતો. કપડા ઉપર, શું કહેવાય? બોસ્કી. બોસ્કીનું કપડું.... મુંબઈનો છું, કહે. ફલાણે... મુંબઈનો ફલાણા વસંત જેટલીનો દીકરો છું. હતો મોટા કોઈકનો. એ બધા હતા આ બધા, આ રામજીભાઈ હતા, આ હરગોવિંદભાઈ હતા. લ્યો, હુશિયારમાં હુશિયાર મગનભાઈ. એ હું કહેવાનો હતો ત્યાં. કાંપવાળા મગનભાઈ મગન તલકશી હુશિયારમાં હુશિયાર.

એ ત્યાં બેઠો હતો. .... આવ્યો કે હું ફલાણો જેટલીનો દીકરો છું. મને એની સાથે શું વાદ? એટલે કહે, આ અમારી બહેન છે. આ તો મારી મા ગુજરી ગયા છે. રૂપાનો સામાન પૂજાનો છે ત્રણેક હજારનો એ અહીં આપવાનો છે. લખોને આંકડો. પછી બધાને એમ થયું કે આટલું આપે છે ત્યારે એકાદ સમયસાર આપો લ્યો. એને એ સમયસાર આપ્યું એ ગયું. શાહુકારનો લિબાસ. સમયસાર એને આપ્યું. પછી ભાવનગરમાં પકડાઈ ગયો. ..... આહાહા! દેખાવ એવો કરતા માળે લ્યો. આ મારી બેન છે. હતી બાયડી. એનું સગપણ કરવા નીકળ્યો

છું. એમ દેવ નહીં ને દેવના આભાસ જેવા આવા લૂંટારા. સમજાણું કાંઈ? આહાહા! અમે ઈશ્વર છીએ, અમે જગતના કર્તા છીએ. એ બધા દેવાભાસ, દેવના અભિમાનીઓ છો. ખબર વસ્તુની છે નહીં. કહે છે કે **ભલે દેવપણાના અભિમાનથી દગ્ધ હોય**—દેવપણાના અભિમાનથી બળી રહ્યા હોય **તોપણ, સંસારી છે.** આહાહા! **આમ (આ ગાથાનો) અર્થ છે.** લ્યો.

**એવી જ રીતે (ભગવાન) શ્રી કુંદકુંદાચાર્યદેવે (પ્રવચનસારની ગાથામાં) કહ્યું છે કે :** લ્યો આધાર આપે છે.

**तेजो दिट्ठी णाणं इड्ढी सोक्खं तहेव ईसरियं।**
**तिहुवणपहाणदइयं माहप्पं जस्स सो अरिहो ॥३॥**

ભગવાન અરિહંતના શરીરમાં **ભામંડળ** હોય છે. જ્યાં પૂર્ણ કેવળજ્ઞાન ને દર્શન અંદર પ્રગટ થાય, એના શરીરના તેજ... ભા એટલે તેજ. ........ ઓલામાં. ભા એટલે પ્રકાશ. આખા શરીરની આસપાસ પ્રકાશનું ચક્કર જેવું દેખાય. સમજાણું કાંઈ? જેને પૂર્ણ કેવળજ્ઞાન, આનંદ, પરમાત્મદશા પ્રગટી હોય, એને શરીરમાં ભામંડળ–પ્રકાશનું મંડળ થાય. કહો, સમજાણું કાંઈ? એ પુણ્યપ્રકૃતિ વર્ણવી. **દર્શન (કેવળદર્શન)** હોય લ્યો. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને દેખે એવી જેને શક્તિની વ્યક્તતા પ્રગટ થઈ હોય. **જ્ઞાન (કેવળજ્ઞાન), ઋદ્ધિ (સમવસરણાદિ વિભૂતિ)...** ઇન્દ્રો આવીને મોટી સમવસરણ સભા રચે છે. તમારા ભગવાન એકલા હતા ત્યારે તો ધ્યાનમાં રહેતા. કહે, હવે કેવળી થયા ત્યારે આવી મોટી સભામાં બેસે. એય પંડિતજી! જ્યારે એકલા હતા ત્યારે કોઈ સામું જોતા નહીં, એકલા જંગલમાં પડ્યા રહેતાં. હવે હું થયો પરમેશ્વર, કહે છે, ત્યારે આ મોટી સભા. મણિરત્નની સભા ને એમાં બેસે. એ વાત આવી. સુયગડાંગમાં આવે છે શ્વેતાંબરમાં. સમજાણું કાંઈ?

અરે! મૂઢ ઓળખતો નથી. એને ક્યાં હતી? એ તો પુણ્યને કારણે બહારની ચીજ છે. એ તો પોતે કેવળજ્ઞાન, આનંદમાં છે. એને ક્યાં ખબર છે કાંઈ? મોટી સભાઓ, મણિરતનના ગઢ, ઇન્દ્રો ચામર ઢાળે. પહેલા તો કંઈ કોઈ કામ કરવા આવે તો ના પાડતા. હવે અમે મોટા થયા. ઇન્દ્રો ચામર ઢાળે તો ના પાડતા નથી લ્યો. પંડિતજી! આહાહા! અરેરે! તને ખબર નથી બાપુ! એ તો વીતરાગમૂર્તિ આનંદમાં જ છે. પણ ભક્તો અને એનો ભાવ અને એમના પૂર્વના પુણ્ય એને કારણે એ બધી સામગ્રીઓ રચાય છે. એથી એના વીતરાગ ને કેવળજ્ઞાનને કાંઈ બાધા નથી. શું થાય? માપ કરતા આવડે નહીં, એના ગજ જ ખોટા હોય બધા.

કહે છે કે **(સમવસરણાદિ વિભૂતિ), સૌખ્ય (અનંત અતીન્દ્રિય સુખ)** હોય એને. અતીન્દ્રિય આનંદ.. આનંદ.. આનંદ. આહાહા! જેના અતીન્દ્રિય આનંદના એક અંશના સમકિતમાં પણ જ્યાં આનંદનો મીણો ચડતાં જેને ઇન્દ્રના ઇન્દ્રાસનના સુખ પણ ઝેર જેવા દેખાય. સમજાણું કાંઈ? એ ચક્રવર્તી સમકિતી હોય ને ૯૬ હજાર સ્ત્રી હોય, પણ એના ભોગ

એને કાળા નાગ જેવા, ઝેર જેવા દેખાય. અતીન્દ્રિય આનંદપ્રભુ એનું જેને ભાન થઈને સ્વાદ આવ્યો છે, અંશે હોં, એના સુખની પણ જ્યાં બીજા સાથે મેળવણી થઈ શકતી નથી. તો આ તો પૂર્ણ પરમાત્મા. આવા હોં, આ કીધા એ. પૂર્ણ અતીન્દ્રિય સુખ.

**(ઇન્દ્રાદિક પણ દાસપણે વર્તે એવું) ઐશ્વર્ય...** પરમેશ્વર પાસે ઇન્દ્રો પણ દાસપણે વર્તે છે. અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઇશાનેન્દ્ર એ પણ કુતરીનું બચ્ચું ગલુડીયું હોય (એવી રીતે બેસે) એવી તો જેની ઈશ્વરતા છે. કહો, સમજાણું કાંઈ? **અને (ત્રણ લોકના અધિપતિઓના વલ્લભ હોવારૂપ)...** જેટલા ત્રણ લોકમાં ઊંચા ઊંચા પુરુષો છે દેવ, ઇન્દ્રો, મનુષ્ય—એના વલ્લભ એવું **ત્રિભુવન-પ્રધાનવલ્લભપણું...** ત્રિભુવન પ્રધાનવલ્લભપણું... છેને અંદર પાઠ છે. **तिहुवणपहाणदइयं... આવું જેમનું માહાત્મ્ય છે, તે અર્હંત છે.** આ અરિહંત પરમેશ્વર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ત્રણ લોકના અધિપતિઓના વલ્લભ હોવાથી ત્રિભુવન પ્રધાન-વલ્લભપણું છે. આવું જેને અંતર ને બાહ્ય—પવિત્રતામાં પૂરા ને પુણ્યમાં પણ પૂરા (હોય) એને અહીંયા અરિહંત કહેવામાં આવે છે, એને દેવ માનવામાં આવે છે. એ સિવાય કોઈ દેવ ને અરિહંત સાચા હોઈ શકે નહીં. એની અરિહંતની પણ ખબર ન મળે. અરિહંતને રોગ થાય ને અરિહંત આહાર કરે, ક્ષુધા લાગે ને તૃષા લાગે. સમજાણું કાંઈ? ઇન્દ્રોને રોગ ન થાય. એ ચોથે ગુણસ્થાને ને આનો દાસ એને રોગ ન હોય અને આ ભગવાનને રોગ થાય. કંઈ વાતનો ક્યાંય મેળ છે? આહાહા! ત્રણ લોકના અધિપતિઓના વલ્લભ છે–એને પ્રિય છે. આહાહા! પ્રભુ ઇષ્ટ છે. ત્રણ લોકના અધિપતિઓના ઇષ્ટ છે. ઇષ્ટદેવ છેને. આહાહા! સમજાણું કાંઈ? એને પરમેશ્વરને દેવ કહેવાય છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ સુદ ૧૩, બુધવાર, તા. ૨૯-૧૨-૧૯૭૧
## શ્લોક - ૧૪, ગાથા - ૮, પ્રવચન નં. ૧૧

નિયમસાર, જીવ અધિકાર છે. ગાથા સાતમી ચાલે છે એનો કળશ છે. ૧૯ પાને છે. આત્મખ્યાતિનો આધાર આપ્યો છે. શું અધિકાર છે આ? જે આ આત્મામાં આનંદ છે, આત્મા છે એમાં અતીન્દ્રિય આનંદ છે. વસ્તુ છેને. તો એનો સ્વભાવ અનાદિથી સુખ ને જ્ઞાન સ્વરૂપ એનું છે. એવું જેણે અંતરમાં ભાન કર્યું, ધર્મદૃષ્ટિ જેણે પ્રગટ કરી છે... ધર્મદૃષ્ટિ એટલે સુખની દૃષ્ટિ. આત્મા સુખ ને આનંદનો પિંડ છે એની અંતર દૃષ્ટિ ધર્મની જેણે પ્રગટ કરી છે, એ જીવને નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. જેને પોતાને પૂર્ણ પ્રાપ્ત થયું નથી, પણ પૂર્ણ જેને પ્રાપ્ત થયું છે આત્માનો આનંદ ને જ્ઞાનાદિ, એ અરિહંત દેવ કેવા હોય એવું એને શ્રદ્ધામાં હોય છે. કહો, સમજાણું કાંઈ?

શું હતું? બધાની નજર ખેંચાવી કે ત્યાં છે કાંઈક. એમાં નવું શું છે? વહેલા આવવું જોઇએ. પાછળથી ન આવવું. પાછળથી આવ્યા હો તો પાછળ બેસી જાવું. આમ બધાની–સભાની ખેંચાણી નજર ન્યાં. સાંભળવું એકકોર રહી ગયું. સમજાણું કાંઈ? આવી વાત તો આપણે સાંભળી છે ઘણીવાર, એમાં શું છે? સાંભળી જ નથી એણે. સાંભળી તો ક્યારે કહેવાય? કે આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ એની અંતરની દૃષ્ટિ થઈને પરિણમે ત્યારે એણે સાંભળ્યું કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહાહા!

વસ્તુ છેને આત્મા, પદાર્થ છેને, અસ્તિ છેને, સત્તા છેને, હોવાપણે આત્મા છે વસ્તુ. આ (શરીર) જેમ હોવાપણે માટી, જડ છે, એમ એ પણ હોવાપણાની ચીજ છે. હોવાપણામાં એના ભાવો ક્યા રૂપે હોવાપણે છે? એ તો વસ્તુ થઈ હોવાપણે અસ્તિ–સત્. પહેલું સત્, એનો ભાવ–એની શક્તિ એ જ્ઞાન, દર્શન આનંદ એ એની ભાવ ને શક્તિ છે. સમજાણું કાંઈ? એ શક્તિનું જેણે શરણ લીધું, અંતરમાં જેણે ભગવાન આત્માનો આશ્રય લીધો... આ શરીર, વાણી, મન તો માટી જડ છે. પુણ્ય-પાપના ભાવ થાય, આ રળવા-કમાવવાના એ તો પાપભાવ છે, દયા-દાન-વ્રતાદિના ભાવ થાય એ પુણ્યભાવ છે. બેય વિપરીત ને વિકારભાવ છે. એનો ત્રિકાળીભાવ એ નથી. આહાહા!

ત્રિકાળીભાવ તો અનંત જ્ઞાન છે. કેમ કે જેનો સ્વભાવ હોય એને હદ ને મર્યાદા ન હોય. એવું અનંત–બેહદ જ્ઞાન, બેહદ–અપરિમિત આનંદ, અપરિમિત શાંતિ–અકષાયભાવ (સહિત) એવો જે ભગવાન આત્મા એનો જેને સ્વીકાર થઈને સમ્યક્-દૃષ્ટિ પ્રગટી છે, એવા ધર્મીજીવ–નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ એટલે સાચા સત્યને સ્વીકારીને તેનો આનંદનો અનુભવ લેનારા એને સમ્યગ્દૃષ્ટિ, એને ધર્મી કહેવાય છે. સમજાણું કાંઈ? એ જીવને અરિહંતની શ્રદ્ધા હોય છે

એમ કહે છે. પૂર્ણ પામેલા કેવા હોય? આત્માની શક્તિમાંથી પ્રગટ કરીને પૂર્ણતાને પ્રાપ્ત થયેલા કેવા હોય? એવા અરિહંતની એને વ્યવહારે શ્રદ્ધા હોય છે. આહાહા! ભારે! સમજાણું કાંઈ? એ અરિહંતની વ્યાખ્યા છે. એની તો બહારની વ્યાખ્યા આ ચાલે છે. છે શ્લોક?

**कान्त्यैव स्नपयन्ति ये दशदिशो धाम्ना निरुन्धन्ति ये**
**धामोद्दाममहस्विनां जनमनो मुष्णन्ति रूपेण ये।**
**दिव्येन ध्वनिना सुखं श्रवणयोः साक्षात्क्षरन्तोऽमृतं**
**वन्द्यास्तेऽष्टसहस्रलक्षणधरास्तीर्थेश्वराः सूरयः॥**

હવે એનો અર્થ. અરિહંત... પહેલા વ્યાખ્યા આવી ગઈ છે કે એને કેવળજ્ઞાન હોય, કેવળદર્શન હોય, અનંત આનંદ હોય, પૂર્ણ જેને આનંદ છે. આત્મા જે ચીજ છે એની જેને પૂર્ણપણે પ્રાપ્તિ પર્યાયમાં–હાલતમાં–દશામાં થઈ, એને પૂર્ણ અનંત જ્ઞાન ને અનંત આનંદ હોય. એ તો એના ગુણના પર્યાયનું વર્ણન થયું. પણ કહે છે કે એના શરીર કેવા હોય ને એની વાણી કેવી હોય? એ ડાબલો કે જેમાં હીરો મૂકે એ ડાબલો કેવો હોય? એમ કહે છે. ઝવેરાતને કોથળે ન મૂકાય. સમજાણું કાંઈ? એ પરમાત્મા અંતર થયેલા, અનંત આનંદ ને જ્ઞાન, દર્શનને પામેલા એનું શરીર પણ કેવું હોય? એ કહે છે. કેમકે જેને પરમાત્મદશા પ્રગટી એના પુણ્ય પણ ઘણા વધી ગયેલા હોય છે. સમજાણું કાંઈ?

**શ્લોકાર્થ : જેઓ કાંતિથી દશે દિશાઓને ધુએ છે...** આહાહા! આત્મામાં તો જ્ઞાન છે ત્રણ કાળ, ત્રણ લોકનું. કેમકે એનો સ્વભાવ જ સર્વજ્ઞ હતો એવો પર્યાયમાં પ્રગટ થયો. પણ એનું શરીર એવું છે કે દશે દિશાને નિર્મળ કરે–પ્રકાશ કરે. આહા! કહો, સમજાણું કાંઈ? **નિર્મળ કરે છે, જેઓ તેજ વડે અત્યંત તેજસ્વી સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે...** ચંદ્ર ને સૂર્યના તેજ જેના શરીરના તેજ આગળ (ફીક્કા પડે). જુદી જાતનું એ તેજ હોય. સૂર્યાદિના તેજને ઢાંકી દે એવી તો એના શરીરની કાંતિ હોય છે. જેનો આત્મા પૂર્ણ અનંત જ્ઞાન ને આનંદની કાંતિવાળો પ્રગટ થઈ ગયો, એનું શરીર પણ આવી કાંતિવાળું હોય છે. **જેઓ રૂપથી જનોનાં મન હરી લે છે...** એટલી નમણાઈ ને સુંદરતા પરમાત્માના શરીરની છે એમ કહેવામાં આવે છે. શરીર આત્માનું નથી, શરીર તો જડનું છે, પણ એની જોડે રહેલું છે એવા શરીરનું રૂપ જનોના મનને હરી લે છે. ઇન્દ્રો પણ જેને જોવા માટે હજાર નેત્ર કરે, જન્મતાં એ તો પહેલા. આ તો અરિહંતની વ્યાખ્યા છે. એ શરીરની વ્યાખ્યા કરી. હવે એની વાણી.

**જેઓ દિવ્યધ્વનિ વડે (ભવ્યોના) કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય...** એટલી દિવ્યધ્વનિ–અવાજ–ગર્જના... આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણ પ્રગટ થયો એની વાણીની દિવ્યધ્વનિની ગર્જના પણ જુદી જાતની હોય છે. સમજાણું કાંઈ? આમ આપણી જેવી વાણી ભાષા એમ ન હોય એને. ઓમ ધ્વનિ એવો અંદરથી દિવ્ય નામ પ્રધાન, ધ્વનિ નામ અવાજ.

સમજાણું કાંઈ? **દિવ્યધ્વનિ વડે ભવ્યોના કાનોમાં**–લાયક પ્રાણીના કાનમાં **જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય**... ભગવાન જાણે અમૃત નાખતા હોય. આત્માનો અમૃતસ્વભાવ પ્રાપ્ત થવામાં એ નિમિત્ત છેને. એ વાણી અમૃતસ્વરૂપ વરસાવે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે સીમંધર પરમાત્મા. મહાવિદેહક્ષેત્રમાં અત્યારે બિરાજે છે કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષની ઊંચાઈનો દેહ છે, બે હજાર હાથ ઊંચા. વર્તમાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યપણે. સમજાણું કાંઈ? આમ આંગળી કરી એટલે કે જુઓ! ન્યાં હશે હમણાં. આમ છે, પણ નજર પોગે એને ખબર પડે. કહો, સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે ભગવાનની વાણી, દિવ્ય નામ પ્રધાન–ઉત્કૃષ્ટ, ધ્વનિ નામ અવાજ–ગર્જના, દિવ્યધ્વનિ નીકળી આખા શરીરમાંથી. જગતના કાનને... જગત એટલે ભવ્ય જીવ. **સાક્ષાત્ અમૃત વરસાવતા હોય એવું સુખ ઉત્પન્ન કરે છે** કહો, સમજાણું કાંઈ?

એ વાણીમાં આવતું હોય કે પ્રભુ! તું તો આનંદનો નાથ છોને! એ વાણીમાં એમ આવે કે તું શુદ્ધ ને સચ્ચિદાનંદ પ્રભુ છો. તારી ઈશ્વરતા તારામાં પૂરી પડી છે. તું પરિપૂર્ણ આનંદ ને જ્ઞાનનો ધણી છો. સમજાણું કાંઈ? આહાહા! એવી દિવ્યધ્વનિનો અવાજ ભગવાનની વાણીમાં આવે. જાણે કે અમૃત વરસાવ્યું એવું સુખ ઉપજે. **અને જેઓ એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરે છે,** લ્યો. શરીરમાં એવા લક્ષણ હોય છે એક હજાર ને આઠ. **તે તીર્થંકરસૂરિઓ વંદ્ય છે.** આવા અરિહંત તરીકે, પરમેશ્વર તરીકે વંદ્ય નામ વાંદવાલાયક છે. સમજાણું કાંઈ? હવે પોતે ટીકાકાર કહે છે. તીર્થંકરની સ્તુતિ પોતે કરે છે ટીકાકાર.

**जगदिदमजगच्च ज्ञाननीरेरुहान्त-**
**र्भ्रमरवदवभाति प्रस्फुटं यस्य नित्यम् ।**
**तमपि किल यजेऽहं नेमितीर्थंकरेशं**
**जलनिधिमपि दोर्भ्यामुत्तराम्यूर्ध्ववीचिम् ॥ १४॥**

**શ્લોકાર્થ : જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે...** કમળ મોટું હોય ને નાનો ભમરો અંદર સમાઈ જાય. ધ્યાન રાખજો. શું કહે છે? **જેમ કમળની અંદર ભ્રમર સમાઈ જાય છે તેમ જેમના જ્ઞાનકમળમાં...** ભગવાન જ્ઞાન–સર્વજ્ઞસ્વરૂપ હતા શક્તિએ, એ અંતરના ધ્યાન દ્વારા જેણે પ્રગટ કર્યું છે. શક્તિમાંથી વ્યક્તિ (અર્થાત્) છે એમાંથી–સામર્થ્યમાંથી પ્રગટ કર્યું છે. એવું જે જ્ઞાન–એ જ્ઞાનકમળમાં... જ્ઞાનરૂપી કમળ જે ખીલ્યું છે ભગવાનને. બધાના અર્થ એવા જ છે. કેમ બેસે...? સરખાઈનું અપમાન જરી થાય ત્યાં ઊંઘ આવે નહીં એને. એ અપમાન. મારા પ્રમાણમાં મને બેવડે નામે ન બોલાવ્યો. કાંઈક કારણ હશે. એ વાંધા. એકડે નામે બોલાવ્યો. એલા! લક્ષ્મીચંદ. લક્ષ્મીચંદભાઈ ન કહ્યું. કાંઈક એને ખટક થઈ હશે, મારો દોષ

દેખ્યો હશે, મને કંઈ હીણો ભાળ્યો હશે? આવા એક પ્રતિકૂળ શબ્દોની અંદરમાં જ્યાં ખવાઈ જાય, ઘવાઈ જાય, એને આવો આત્મા કેમ બેસે? આહાહા!

જ્ઞાનકમળમાં.... કહે છે કે જેમ કમળમાં ભમરો સમાય, એમ જેના જ્ઞાનકમળમાં આખું જગત ને અજગત–લોક ને અલોક (સમાઈ જાય). જ્યાં શક્તિરૂપ પ્રગટતા થઈ, જ્ઞાન કોને ન જાણે? અગ્નિ કોને ન બાળે? એમ જ્ઞાન પ્રગટ થયું એ કોને ન જાણે? ત્રણ કાળ, ત્રણ લોક–ક્ષેત્ર ને કાળને સહજપણે પોતાની પર્યાયની પરિણતિને જાણતા જાણે. કહો, સમજાણું કાંઈ? **સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે**. જોયું! એ જ્ઞાનમાં લોકાલોક સ્પષ્ટ પ્રત્યક્ષપણે સમાઈ જાય છે એમ કહે છે. આહાહા! આવા આત્માની પર્યાયની પ્રગટતા પૂર્ણ જેને થઈ, એને પરમાત્મા ને અરિહંત કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આ 'ણમો અરિહંતાણં' બોલ્યે જાય, ગોખ્યે જાય. 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.' શું પણ ણમો અરિહંતાણં? એ તો ભાષા થઈ. એનો ભાવ–વાચ્ય શું? એ તો વાચક શબ્દ થયા. 'ણમો અરિહંતાણં' એ તો અક્ષર થયા. એનું વાચ્ય શું? એ ચીજ શું બતાવે છે? સમજાણું કાંઈ?

જેને એક સમયમાં એવી જ્ઞાનની કળા ખીલી ગઈ છે, સમજાય છે? લોક ને અલોક **સદા**... જ્યારથી કેવળજ્ઞાન પ્રગટ્યું ત્યારથી **સ્પષ્ટપણે**... પ્રત્યક્ષ લોકાલોક સમાઈ જાય છે–જણાઈ જાય છે. એવો જ તું છો એમ કહે છે. એને કેમ બેસે? ભાઈ! આ તમે છોકરાને જોયો. સંસ્કારી છે. અત્યારથી એને તાલાવેલી લાગી ગઈ છે, થનગનાટ છે. જોયુંને કે આ કોણ છે. સંસ્કારી છે. ચૌદ વર્ષની ઉંમર છે ને (લાગે કે) અગિયાર વર્ષ થયા હશે. એના બાપના બાપ બેઠા છે. કલકત્તા. મોટા ગૃહસ્થ છે, ઘણા લાખોપતિ, મોટા ધંધા છે. પણ આને સંસ્કાર છે. જાણે અગિયાર વર્ષની (ઉંમર હોય). અમારા વજુભાઈ કહે છે કે આપણો મુમુક્ષુ મરીને આવ્યો છે કે શું આ? એટલો હોંશ... તત્ત્વની રુચિ... એ જાતની. એટલે એ થનગનાટ કરે છે અંદરથી. ગમે એવી ઊંચી વાત આવે તો આહાહા.. આ શું કહે છે! જાદવજીભાઈ! એને ખબર છેને. એનો પૌત્ર છેને. આહાહા!

અરે! આત્મા છેને! એ શરીર બાયડીનું હોય, છોકરાનું હોય. એ આત્મા ક્યાં બાયડી ને છોકરો થઈ ગયો છે? એ તો જડ છે, માટી-ધૂળ છે. ધૂળના ટીલા એમાં ચૈતન્ય ભગવાન બિરાજે છે. સચ્ચિદાનંદ (અર્થાત્) સત્–શાશ્વત, ચિદ્–(જ્ઞાન) ને આનંદનો ધરનાર એવો ભગવાન પોતે પરિપૂર્ણ આત્મા પરમેશ્વર જ છે શક્તિએ. એ વ્યક્તિએ જેને પર્યાયમાં પ્રગટ થયું એ સાક્ષાત્ પરમાત્મા કહેવાય છે. આહાહા! કહે છે કે જેના જ્ઞાનમાં **સદા સ્પષ્ટપણે સમાઈ જાય છે**–જણાઈ જાય છે. **તે નેમિનાથ...** કેમ એને સંભાર્યા? કે પદ્મપ્રભમલધારિદેવ પોતે મુનિ છે એ (બાળ)બ્રહ્મચારી છે, એટલે બ્રહ્મચારી તીર્થંકરને યાદ કર્યા. ચોવીસ તીર્થંકરમાં નેમિનાથ છેલ્લા

છેને. વધારે મુખ્ય બહાર પ્રસિદ્ધ એ છેને. આમ તો મહાવીર પણ બ્રહ્મચારી હતા. પાર્શ્વનાથ પણ બ્રહ્મચારી હતા. સમજાણું કાંઈ?

**નેમિનાથ તીર્થંકરભગવાનને હું ખરેખર પૂજું છું કે જેથી...** ઓહો! જેની શક્તિની પૂર્ણ દશા જેણે પ્રગટ કરી છે. એ (જેણે) પ્રગટ કરી એવા પરમાત્માને હું વંદન કરું છું, આદર કરું છું, આદર કરું છું. એ સિવાય બીજી ચીજનો હું આદર કરતો નથી. એથી હું **ઊંચા તરંગોવાળા સમુદ્રને પણ (દુસ્તર સંસારસમુદ્રને પણ)...** ઓહો! ચોરાસીના અવતાર... આગબોટ મધદરિયે જાય ને જ્યાં ઉછાળા મારતા હોય પાણીના. જોયા છે? એ હિલોળા મારતા હોય. આગબોટને જાણે બૂડી દેશે હમણાં. લોઢ ઉઠતા હોય લોઢ. એમ સંસારસમુદ્રમાં ભવના લોઢ ઉઠે છે. કીડા, કાગડા, કૂતરા, ઢોર, મનુષ્ય, નારકી એ બધા હિલોળા ઉઠે છે ચાર ગતિના રખડવાના. સમજાણું કાંઈ?

કહે છે કે અરે! જેથી **ઊંચા તરંગોવાળા સમુદ્રને પણ,** એમ. આવો સમુદ્ર છે (છતાં) પણ.. આહાહા! **બે ભુજાઓથી તરી જાઉં.** હું સમ્યગ્દર્શન ને ચારિત્ર દ્વારા તરી જવાનો છું. સમજાણું કાંઈ? મેં મારા આત્માને માન્યો છે, એમ હું ભગવાનને માનું છું. સમજાણું કાંઈ? પૂર્ણાનંદ મારું સ્વરૂપ છે એવું મેં અનુભવ્યું છે, જાણ્યું છે એ દ્વારા હું તરીશ ને વ્યવહારે ભગવાન મારી શ્રદ્ધામાં છે એ દ્વારા પણ તરીશ. એમ જ કહેવાયને. નિશ્ચય-વ્યવહાર મોક્ષના બે કારણ. કહો, સમજાણું કાંઈ? **બે ભુજાઓથી તરી જાઉં**. દરિયામાં હાથ મારે છેને આમ. એમ આત્મા... ચોરાસીના અવતારનું કારણ એવો જે મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષભાવ એને મેં ટાળ્યો છે. મારામાં નથી, હવે સ્થિરતા દ્વારા હું તરી જઈશ. સમજાણું કાંઈ? લ્યો અહીં તો કહે છે, 'ચોક્કસ' તરી જઈશ લ્યો. ભગવાનને પૂછવું પડતું હશે? એય પોપટભાઈ!

**બે ભુજાઓથી તરી જાઉં. તરી જાઉં,** એમ. મારો ભગવાન રાગ-દ્વેષના વિકલ્પથી પાર–ભિન્ન છે, શરીરથી ભિન્ન છે ને પુણ્ય-પાપના વિકલ્પની વાસનાથી ભિન્ન છે.—એવું મારું સ્વરૂપ મારા અનુભવમાં આવ્યું છે. એવા અનુભવ દ્વારા હું સંસારને તરી જઈશ. સમજાણું કાંઈ? આહાહા! આ ચોરાશીના અવતાર ગોથા ખાય માળા લ્યો. એમાં કાંઈ પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ થાય. પોપટભાઈ! હું પહોળો અને શેરી સાંકડી. ધૂળેય નથી, સાંભળને હવે! એમાં વળી દસ-દસ હજાર ને વીસ-વીસ હજારનો પગાર ખાય મહિને એટલે જાણે આપણે મોટા થઈ ગયા. શેમાં? રખડવામાં. પોપટભાઈ! આહાહા! બાપુ! એ તો પરવસ્તુ છેને પ્રભુ! એ તો જડ છેને. સંયોગે આવી છે ને વિયોગે ચાલી જશે. એ કાંઈ તારામાં નથી, તારી નથી. તું તેમાં રહ્યો નથી. સમજાણું કાંઈ? શરીર-વાણી-લક્ષ્મી આદિ તારામાં નથી, તું એ નથી, તું ત્યાં નથી. આહાહા! ભારે આકરું કામ છે. આ મારા છે, આ મારા છે, હું એનો છું, આ મારા છે, એમ. ક્યાંથી થઈ ગયો તું એનો? ભ્રમણામાં થઈ ગયો એનો. સમજાણું કાંઈ?

મારો આત્મા, એમ કહે છે. મુનિ પોતે કહે છે જુઓ! છદ્મસ્થ પંચમકાળના મુનિ છે. હું બે ભુજા વડે તરી જઈશ. સમજાણું કાંઈ? દર્શન, જ્ઞાન ને ચારિત્ર, એમાં દર્શન ને ચારિત્ર તરવાનો ઉપાય કહ્યોને અને જાણવું-જ્ઞાન તો પ્રકાશ છે. સમજાણું કાંઈ? આહાહા! મારો પ્રભુ, જેવો અરિહંત પરમાત્માને પ્રગટ થયો છે દશામાં, એવો જ મારો શક્તિરૂપે પ્રભુ છે એવું મેં અનુભવ્યું છે. સમજાણું કાંઈ? મારા દૃષ્ટિમાં, મારા ખ્યાલમાં એની ખબરું મને પડી છે. આહાહા! હવે તરવાને સ્થિરતા મારે જોઈએ એ તરી જશું. સંસાર તરીને પાર પામીને મુક્તિ મહેલમાં પેસી જશું. આહાહા!

આ હોળી ચાર ગતિના અવતાર કલંક.. કલંક.. કલંક છે. અમૃતના સાગરને આ અવતાર. સમજાણું કાંઈ? કલંકને હું તરી જઈશ, કહે છે. કલંક રહેશે નહીં. આહાહા! એ સાત ગાથા થઈ. આઠમી ગાથા. ... થઈ ગઈ. દેવ, હવે આગમ. દેવની વ્યાખ્યા પૂરી થઈ. દેવ, આગમ ને તત્ત્વ—ત્રણ બોલ છેને. એમાં દેવની વ્યાખ્યા પૂરી થઈ. આવા દેવ તે દેવ કહેવાય ને એવા દેવને જ્ઞાની માને. હવે આગમ કેવા હોય, વીતરાગની વાણી કેવી હોય? **तस्स** શબ્દ છે ત્યાં. આવા તીર્થંકરો..

**तस्स मुहुग्गद्रवयणं पुव्वावरदोसविरहियं सुद्धं।**<br>
**आगममिदि परिकहियं तेण दु कहिया हवंति तच्चत्था॥८॥**

નીચે છે હરિગીત.

**પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,**<br>
**તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.**

ભગવાનની વાણી ને વાણીએ કહેલા તત્ત્વાર્થ.—આ ત્રણની સંધી કરી નાખી. આહાહા! 'આવા ભગવાન' શબ્દ છેને પહેલો. જે આ ભગવાન કહ્યા અરિહંત સર્વજ્ઞ આવી દશાવાળા, એણે જે મુખકમળમાંથી... **मुहुग्गद्रवयणं**... ભાષા તો એ જ આવેને. આહાહા! 'વાણી' શબ્દ આવ્યો અહીંયા હરિગીતમાં. ઓલો મૂળ શબ્દ ન આવે. ક્યાંથી આવે? હરિગીતમાં ક્યાંથી આવે? ઓલી કોર ટીકા.

**ટીકા : આ, પરમાગમના સ્વરૂપનું કથન છે.** પરમાગમ-સિદ્ધાંતશાસ્ત્ર કોને કહેવા? દેવ કોને કહેવા એની વ્યાખ્યા થઈ ગઈ. હવે શાસ્ત્ર ને આગમ કોને કહેવા? 'પરમાગમ' શબ્દ વાપર્યો છે. આપણે અહીં પરમાગમ થવાનું છે. પરમાગમ.. શું કહેવાય? મંદિર, પરમાગમમંદિર લ્યો. કહો, સમજાણું કાંઈ? **તે (પૂર્વોક્ત) પરમેશ્વરના...** જુઓ! '**તે**' આવ્યુંને? **तस्स** હતુંને પહેલું? તે આવા સર્વજ્ઞ અરિહંતદેવ જેની દિવ્યશક્તિ પર્યાયમાં પ્રગટ થઈ ગઈ છે. દિવ્યશક્તિવાળા દેવ તો બધા આત્મા છે, પણ અંદરના અંતરના ધ્યાન દ્વારા જેણે શક્તિમાંથી વ્યક્તતા પૂર્ણ પ્રાપ્ત કરી એવા દેવ, એ **પરમેશ્વરના મુખકમળમાંથી નીકળેલ...** 'મુખ' કહીને

સમજાવ્યું છે. લોકો સમજે છેને એ રીતે, બાકી ભગવાનની વાણી એવી હોય છે કે હોઠ બંધ હોય છે, કંઠ ધ્રુજે નહીં, આખા શરીરમાંથી ૐ ધ્વનિ નીકળે. સમજાણું કાંઈ? આમ (માણસ) ભાષા બોલે એમ ન હોય. હોઠ હલે નહીં, કંઠ ધ્રુજે નહીં. ૐ એવો ધ્વનિ ઉઠે. એને અહીંયા મુખકમળથી નીકળ્યું એમ કહેવામાં આવે છે. લોકો એમ જાણે છે ખરાને એ અપેક્ષાએ. સમજાણું કાંઈ?

**પરમેશ્વરના મુખકમળમાંથી**... તે પરમેશ્વરના, એમ. આવા પરમેશ્વર હોય એના મુખકમળમાંથી વાણી નીકળે એને આગમ કહીએ. અજ્ઞાનીઓએ પોતાની કલ્પનાથી આગમના નામ આપીને રચે એને આગમ કહેવાય નહીં. કહો, સમજાણું કાંઈ? **પૂર્વોક્ત**–પૂર્વે કહેલા એવા **પરમેશ્વરના મુખકમળથી નીકળેલ ચતુર વચનરચનાનો...** ચતુર નામ ડહાપણવાળા વચનની રચના જેની છે. **વિસ્તાર...** વિસ્તાર છે જેનો. **કે જે 'પૂર્વાપર દોષ રહિત' છે...** પહેલાં કાંઈક કહ્યું ને પછી કાંઈક કહે એવા દોષો ભગવાનની વાણીમાં હોતા નથી. પહેલા ને પછી મેળવાળા બધા વચનો ભગવાનના વચનોમાં હોય છે. સમજાણું કાંઈ? પૂર્વ ને અપર—પહેલાં ને પછી દોષ રહિત વાણી ભગવાનની હોય છે.

**અને તે ભગવાનને રાગનો અભાવ હોવાથી પાપસૂત્રની માફક હિંસાદિ પાપક્રિયાશૂન્ય હોવાથી...** આમ શાસ્ત્રોના નામે લડાઈ કરવાના, મારવાના આદિ છેને, એ તો બધા પાપસૂત્ર છે. એવી ક્રિયાથી **શૂન્ય**... કેમ? કે રાગનો અભાવ હોવાથી. **પાપક્રિયાશૂન્ય હોવાથી 'શુદ્ધ' છે.** કહો, સમજાણું કાંઈ? એ વચનો શુદ્ધ છે એમ કહે છે. આહાહા! આગમ શુદ્ધ છે. જુઓને! શુદ્ધતાને બતાવનારા અને શુદ્ધતામાંથી નીકળેલા... નિમિત્તરૂપે છેને શુદ્ધતા તો. વાણી તો વાણીને કારણે નીકળે છે. શુદ્ધતા નિમિત્ત હતુંને. પૂર્ણ શુદ્ધ પરમાત્મદશા એમાંથી ઓમધ્વનિ નીકળે, તેથી એને–આગમને શુદ્ધ કહે છે. **તે–પરમાગમ કહેવામાં આવેલ છે.** શુદ્ધ છે વાણી જેની, એને પરમાગમ કહેવામાં આવે છે. પહેલાં-પછીના દોષવાળા એને આગમ કહેવામાં આવતા નથી. આગમની ઓળખાણ કરવી પડશેને એને? જેમ અરિહંતની ઓળખાણ (કરી) એમ એણે કહેલા વચનો ક્યાં છે, કોણ છે, કેમ છે—એને જાણવું જોઈશે. તે પરમાગમ.

**તે પરમાગમે—કે જે (પરમાગમ) ભવ્યોએ કર્ણરૂપી અંજલિથી (ખોબાથી) પીવાયોગ્ય અમૃત છે...** આહાહા! આજ ગજબ તરસ લાગી છે. એમ સંસારની તૃષા ટાળવી હોય... બળતરા સળગે છે, સળગી ઉઠયો છે આ ચાર ગતિમાં. પોપટભાઈ! સાચી હશે? આ બધા પૈસાવાળા દુઃખી હશો? પૈસાવાળા લોકો એમ કહે કે ઓહોહો.. પૈસાવાળા (એટલે) 'વાળો' થયો, પૈસા (નામનો) વાળો નીકળ્યો એક એને. એક વાળો નીકળ્યો હોય તો રાડ નાખે. આ તો પૈસાવાળો, છોકરાવાળો, બાયડીવાળો, આબરૂવાળો, મકાનવાળો. ઓહોહો! કેટલા વાળા પણ

તને વળગ્યા! એનો અર્થ થયો કે એ નહોતા એના અને એ 'વાળા' મારા છે એમ માને છે. આહાહા!

કહે છે કે એવા ભગવાને કહેલા પરમાગમ એ ભવ્યોએ.. આહાહા! કર્ણરૂપી અંજલિથી... આ બે કાન.. ખોબામાં આમ (ખાડો) હોયને એ બે કાન થયા. ખોબાથી પીવાયોગ્ય અમૃત છે. વાણીને–આગમને અમૃત કીધી. આગમ અમૃત... શ્રીમદ્‌માં આવે છેને શ્રીમદ્‌માં. 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' વીર્યના હીણા એને વીતરાગની વાણી પ્રતિકૂળ પડે, હીજડાઓને એ ન બેસે, કહે છે. સમજાણું કાંઈ? કાયરને પ્રતિકૂળ વીતરાગની વાણી છે. કારણ કે વીરની વાણી વીરતાને જગાડનારી છે. જાગ રે જાગ ચૈતન્ય! તું આનંદનો નાથ છો. ક્યાં ગોતવા ગયો હતો, શું....? સમજાણું કાંઈ? એવી વીતરાગની વાણી ભવ્યજીવોએ **કર્ણરૂપી અંજલીથી પીવાયોગ્ય અમૃત છે**... લ્યો, વળી એકકોર એમ આવે કે ભગવાનની વાણી સાંભળવામાં રાગ થાય છે, દુઃખ છે. એય! લ્યો! ..... આવે છેને ભૈયા?

સોગાની. સોગાની છેને આ છોકરો છે એમનો. કલકત્તામાં .... છે. આત્મધ્યાન પામ્યા છે અહીં. બે દિ'... ઘણા લાખોપતિ.... એ તો એવું લખે ઝીણું કે લોકોને ધ્રુજ ઉઠી જાય એવું. મોટા ગૃહસ્થ છે ઘણા લાખોપતિ. દુકાન છે. .... વીતરાગની વાણી ને ગુરુની વાણી સાંભળવી એ રાગ છે અને રાગ તે દુઃખ છે ને દોષનું કારણ છે એમ કહે છે. બેય વાત બરાબર છે, (પણ) કઈ અપેક્ષાએ? કારણકે એના તરફ લક્ષ છે ત્યાં સુધી વિકલ્પ છે એ અપેક્ષાએ. બાકી અહીં શું કહેવા માગે છે એમ સમજવાની કૃપાના લક્ષે દરકાર હોય, સમજાણું કાંઈ? તો એ સુખરૂપ છે. રાગને ગૌણ કરી, વાણીને ગૌણ કરી પોતાના લક્ષે સાંભળે છે તેને અમૃત જેવું ફળ આવે છે, કહે છે. સમજાણું કાંઈ? આરે ભારે! બહુ ધર્મ..... મુંઝવી નાખે, એકકોર આ ને એકકોર આ.

કહે છે કે ભવ્યના કાનરૂપી અંજલી વડે પીવાયોગ્ય અમૃત.. પીવાયોગ્ય અમૃત છે. ભગવાનની વાણી સાંભળવા માટે અમૃત જેવી છે એમ કહે છે. આહાહા! એના ચોપડા તપાસવામાં નવરો ન થાય રાતના બાર વાગ્યા સુધી. આનું આમ છે ને આનું આમ છે. સમજાણું કાંઈ? આ સાંભળવું હોય તો કહે, અમને વખત નથી. મરવાનો પણ મારે મોખ નથી. બહુ સારી વાત છે. મરીશ ત્યારે મોખ સરખો થઈ જશે. સાંભળને હવે! ટાંગો નહીં આવે તારો. હમણાં તો એટલા વ્યવસાયમાં ગૂંચાઈ ગયા છીએ કે મરવાને પણ નવરાશ નથી. એને જાણે એમ કે કેવા મોટા થઈ ગયા! એમ બોલે માળા પાછા ફાટેલા, ઝેરના ફાટેલા એવા બોલે. અમને વ્યવસાય કેટલો છે બાપુ! તમને ખબર નથી. ઠીક ભાઈ! સમજાણું કાંઈ? સાંભળો.. સાંભળો. મરવા નવરા નથી (તો) અમે સાંભળવા ક્યાંથી રહીએ નવરા? ઝેરને સાંભળવા નવરા થાય. આહાહા!

અરે! અમૃતના સાગર ભગવાને ડોલાવ્યા છે એને સાંભળવા નવરો ન થાય. જેને સાંભળવા ઇન્દ્રો ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી પણ ભગવાન પાસે આવે છે. શક્રેન્દ્ર છેને, સુધર્મ દેવલોકના ઇન્દ્ર, જેને ઘરે ૩૨ લાખ તો વિમાન છે, કેટલાક વિમાનમાં એક-એકમાં અસંખ્ય તો દેવ છે. એકાવતારી છે એ અને એની પટરાણી બેય. એક ભવે મોક્ષ જનારા છે, ન્યાંથી નીકળી મનુષ્ય થઈ મોક્ષ જનારા છે. સુધર્મ દેવલોક છે. સમજાણું કાંઈ? બધું કાંઈ સિદ્ધ ન થાય અત્યારે. લોજીકથી એકે-એક સિદ્ધ થાય એવી વાત છે. એમને એમ માનવું એ વાત નથી. સમજાણું કાંઈ? એક વાતમાં બધી સિદ્ધ કરવા જાય તો વાત ચાલે જ નહીં. એ સ્વર્ગના ઇન્દ્ર જેને ત્રણ જ્ઞાન ને એકાવતારીપણું છે એ પણ ભગવાનની વાણી (સાંભળવા આવે). મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા બિરાજે છે, મોજૂદ છે. ત્રિકાળજ્ઞાની મોજૂદ છે–પ્રત્યક્ષ છે, એને સાંભળવા ત્યાં જાય છે. અમૃતને સાંભળવા કોણ ન જાય? કહે છે. કહો, સમજાણું કાંઈ?

નામું કરવા માટે રાત્રના દસ વાગે, અગિયાર વાગે, બાર વાગે. લ્યો. એય ભીખાભાઈ! અમારે પાલેજમાં એમ હતું. સાધુ ગામમાં આવે તો દુકાન પાછળ સામું જોવે નહીં. દુકાન ચાલતી હોય મોટી ધમાધમ. રાતે આઠ વાગ્યે દુકાન બંધ કરી, ચોપડા-બોપડા લખીને પછી જાય. સાધુ બિચારા આખા દિ'ના આવ્યા હોય તો મોઢુંય ન દેખ્યું હોય એનું. એણે એનું ન દેખ્યું હોય. ઓલા કહે, રાતડિયા શ્રાવક આવ્યા. એમ બોલે બિચારા. મારા સિવાય હોં. હું તો ભગત કહેવાતો. સાધુ આવે તો દુકાન-બુકાન છોડી દઈ હું તો જાતો નવરાશ.... દુકાનની કાંઈ દરકાર નહીં. ધંધો જ નહીં તે દિ. આ લોકો રાત્રે આવે તો એ બોલે કે ઓહો.. રાતડિયા આવ્યા. ફાનસ લઈને જાય, ફાનસ લઈને. આહાર વહોરવા નવરા ન હોય. દુકાને બેઠા હોય ધંધામાં મશગુલ. આહાહા!

એ લોકો સાધુ એમ કહેતા કે રાતડિયા–રાતે આવનારા શ્રાવક છે આ. આહાહા! રાતે જાવું પડતું બધું બંધ કરીને. નામું-બામું લખી લે, ..... નહીંતર તો દસ વાગ્યે નવરા થાય. આહાહા! મોટા મજૂર છે. રાતા મજૂર! બબ્બે લાખની પેદાશ હોય બાર મહિને. બે-બે લાખ નગદ.... ગાંડા થઈ જાયને પછી માણસ. આહાહા! ધૂળેય નથી, સાંભળને! એ બધા સોજા છે. એ સોજા સમાઈ જાશે (તો) રાડ નાખીશ. બહારની અનુકૂળતા આવી ગઈ એટલે એ નીરોગતા નથી. ભગવાનની વાણી સાંભળવા માટે નવરો ન થાય. આહાહા! સમજાણું કાંઈ? આ અમૃત જેવી ભગવાનની વાણી પીવા જેવી છે કહે છે. આહાહા! જુઓ! તે મુનિરાજ.... ઓલો આવ્યું હતુંને 'અમૃત વરસાવે છે'. એવું આવ્યું હતું.

**જે મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે (અર્થાત્ જે પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે)...** પહેલું આવ્યું હતું 'અમૃત વરસાવે છે.' માથે આવ્યું હતું 'આત્મખ્યાતિ'માં, 'કાનમાં અમૃત વરસાવે છે'. **મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે (અર્થાત જે પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે**

**છે**)... મોક્ષ તારી દશા આવી હોય એમ ભગવાન બતાવે છે. આહાહા! આ તારી સંસારદશા, મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષ એવો સંસાર એમાં ઝેરમાં ગૂંચી ગયો છો તું. અમૃતનો સાગર પૂર્ણ પ્રગટ થયો એવા મોક્ષને ભગવાન બતાવે છે. આહાહા! **મુક્તિસુંદરીના મુખનું દર્પણ છે (અર્થાત્ જે પરમાગમ મુક્તિનું સ્વરૂપ દર્શાવે છે**)... શું કહ્યું ભાઈ આમાં? આગમ તો મુક્તપણાની વાત બતાવે છે, એમ. બંધપણાની વાત બતાવે એ તો જાણવા માટે, પણ એ તો છૂટું કેમ થાય, મુક્તિ કેમ થાય ને મુક્તિ કેવી—એને બતાવે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ તરીકે વીતરાગસ્વભાવે પડ્યો છે, છતાં એની પર્યાયમાં–અવસ્થામાં રાગના વિકલ્પની એકતામાં પડ્યો એ સંસાર ને દુઃખ ને બંધ છે. ભગવાન એનાથી (છૂટવા) મુક્તિ બતાવે છે. એનાથી છૂટું થવું કેમ અને છૂટા થયેલાની દશા કેવી હોય—એને બતાવે છે. સમજાણું કાંઈ? એ કાંઈ રાગ કરવો અને રાગના ફળમાં સ્વર્ગ મળે એવું કાંઈ નથી બતાવતા, એમ કહે છે. આ વીતરાગતા પ્રગટ કર અને એના ફળમાં મુક્તિ થાય, એમ બતાવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**જે સંસારસમુદ્રના મહા વમળમાં નિમગ્ન સમસ્ત ભવ્યજનોને હસ્તાવલંબન (હાથનો ટેકો) આપે છે...** સંસારસમુદ્ર મહાવમળ (એટલે) ચોરાસીના અવતાર. આહાહા! અનાદિનો ભગવાન આત્મા આવા અનંત વમળ સંસારમાં પડ્યો છે. ક્યાં ભવ કીડી, કાગડા, કૂતરા, નિગોદ.. આહાહા! થોર નહોતું બતાવ્યું સવારમાં? થોરનું આખું મોટું ડીંડલું તોડી નાખ્યું. પડ્યું હતું તે સુકાય છે. આહા! એક-એક કટકીમાં અનંતા જીવ છે. માથે ગાડા ને ઘોડા આવે. કાપી નાખ્યું મોટું ડાળ. આહાહા! કોણ માને આને? આવડા અનંત આત્માઓ અને એને એકેકને બબ્બે શરીર અને એ અનંતકાળથી રખડે એવો લાંબો કાળ, એ જેના જ્ઞાનમાં આવે એનું જ્ઞાન કેવડું મોટું? સમજાણું કાંઈ? જેની જ્ઞાનની પર્યાયમાં–અવસ્થામાં આનંદ છે જેવો અને અનંત ભવ કર્યાં એણે અને અનંતપણાના વર્તમાન દુઃખમાં જ ડૂબ્યા છે. આહાહા! એવું જેની જ્ઞાનની દશામાં આવે છે એટલું, એ જ્ઞાનની દશા કેવડી મોટી છે? એવી-એવી અનંતી દશાઓ આત્મામાં પડી છે. આહાહા! સમજાણું કાંઈ?

**સંસારસમુદ્રના મહાવમળ**... દરિયામાં ભમરી થાયને ભમર.. ભમર. ઘણા પાણી હોય ત્યાં ભમર થાય. વહાણ એટલામાં ને એટલામાં સલવાઈ જાય. વમળ છૂટે તો બહાર નીકળે, નહીં તો આમ ચકરાવામાં ચડી જાય. એમ ચોરાશીના અવતારનું વમળ છે આ સંસાર. રાજા મરીને ભૂંડ થાય, ભૂંડ મરીને નારકી થાય, નારકી મરીને રાજા થાય, કીડી મરીને હાથી થાય, હાથી મરીને નરકે જાય. આવા અવતાર અનંત કર્યા છે. સમજાણું કાંઈ? એવા **મહા વમળમાં નિમગ્ન**... જોયું! એમાં મગ્ન છે મિથ્યાત્વમાં, અજ્ઞાનમાં. **સમસ્ત ભવ્યજનોને**... સમસ્ત

ભવ્યજીવને વીતરાગના પરમાગમ **હસ્તાવલંબ (હાથનો ટેકો) આપે છે**... ચાલે તો એ, પણ ટેકો આપનાર નિમિત્ત છે. આહાહા! જુઓ! આ આગમ. ઓલા હતા દેવ.

**જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે...** આહાહા! શું કહે છે? જુઓ! પરમાગમ... શિખામણિનો અર્થ છે નીચે. **શિખામણિ = ટોચ ઉપરનું રત્ન; ચૂડામણિ; કલગીનું રત્ન.** આ રાજા પહેરે, આપણા વર પહેરે ત્યારે નથી આ નાખતા કંઈ લાંબું કરીને? કલગી પહેરે છેને. ઓલું બાંધ્યું હોય મુગટ, એમાં વળી મોઢા આગળ ફુલફી હોય, એમાં કલગી નાખી હોય. આહાહા! એ તો ઉપમા થઈ. કહે છે, **શિખામણિ–ટોચ ઉપરનું રતન, ચૂડામણિ, કલગીનું રત્ન. પરમાગમ સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે...** પહેલાં એમ કહ્યું હતું કે મુક્તિને બતાવનાર છે. હવે આ વૈરાગ્ય... બહારથી પાછો વાળવા માટે બતાવે છે. આહાહા! સમજાણું કાંઈ? અરે ભગવાન! તું ક્યાં છો અને ક્યાં ગયો છો? રાગ ને દ્વેષ, પુણ્ય-પાપથી પાછો ફરને પ્રભુ! એ તો દુઃખના દાવાનળમાં સળગી રહ્યો છો તું. સમજાણું કાંઈ?

આ દસ-દસ હજારના પગાર ને પંદર-પંદર હજારના પગારવાળા પણ દુઃખી હશે? અમેરિકામાં સાધારણ માણસને પંદર હજારના પગાર મળે. એ કહેતો હતો. નિરંજનને પૂછતા. તમારો આવ્યો હતોને. નિરંજનને કહ્યું, કેટલા? હજી સાધારણ હતો દસ હજારનો પગાર. એમાંય સાધારણ. દસ હજારનો પગાર હતો, કહે. સારાને ૧૫-૧૫, ૨૦-૨૦ હજારનો પગાર. હોળી મોટી સળગતી હોય એને. ખર્ચેય મોટો. શું માથે કંઈ હશેને? ઇન્કમટેક્સ. એવું કાંઈક હશે કે નહીં? એય! આ તમારો નિરંજન કહેતો હતો. એ અમેરિકાથી આવ્યોને. દસ હજારનો પગાર. આહાહા! એ તો એના પ્રમાણમાં બધા હોય. પાણી જેમ અમાસના હોયને. મોટા પણ મોટામાં ..... એના પ્રમાણમાં બધો ખર્ચ ને વ્યવસ્થા એવી બધી હોયને ઉપાધિ. ધૂળમાંય નથી કાંઈ. આહાહા!

કહે છે કે **સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે**... પરમાગમ તો સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખામણિ સમાન છે. ભગવાનની વાણી એમ બતાવે છે કે પાછો વળ બધેથી. સંયોગોથી, રાગથી, પર્યાયમાંથી ખસીને આવ અંદરમાં. આહાહા! કહો, પોપટભાઈ! ભાઈ! તારામાં ઘણા નિધાન પડ્યા છે. ઘણા નિધાન છે તારામાં. ન્યાં આવી જાને. આ ક્યાં રખડવામાં રહ્યો? ભગવાનની વાણી એવી છે. પરથી વૈરાગ્ય કરાવે છે, પરમાં રાખે નહીં. **કારણ કે પરમાગમનું તાત્પર્ય સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા છે**. આહાહા! એ તો પરથી એકદમ પાછો વાળીને સ્વભાવ સન્મુખ કરાવે છે, એવી વાણી વીતરાગની છે. આહાહા! સમજાણું કાંઈ? એને પરમાગમ કહીએ કે જે ચાર ગતિના વેગમાં જાય છે એને પાછો વાળે છે. બાપા! રહેવા દે, ત્યાં દુઃખ છે. આહાહા! સમજાણું કાંઈ?

સ્વભાવિક વૈરાગ્ય... આ સ્મશાન વૈરાગ્ય નથી કહેતા? એ નહીં, એમ કહે છે. ૨૦ વર્ષનો છોકરો મરી ગયો હોય બે વર્ષના લગ્ને, દીકરી-દીકરો કાંઈ ન થયા હોય, પોતાની ઉંમર ૭૦ હોય, હવે દીકરા થવાની આશા ન હોય. એ જ્યારે મરે ને પછી રોવે, એને સ્મશાન વૈરાગ્ય કહે. તરીકે આહાહા.. આવું? પણ એ તો સંસારનો વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? આ તો સહજ... શું કહે છે એ? પરમાગમ ભગવાનની વાણી એમ બતાવે છે કે રાગ, નિમિત્ત ને એક સમયની પર્યાયથી પાછો વળી જા. આહાહા! વીતરાગની વાણી આવી છે. સ્વભાવિક વૈરાગ્ય. આહાહા! સમજાણું કાંઈ?

રાજકુમારો ૨૦-૨૦ વર્ષના જુવાન. આ ગજસુકુમારને લ્યો. એના શ્રીકૃષ્ણ ભાઈ હતા. ભગવાનની વાણી જ્યાં સાંભળી, એકદમ ઉદાસ.. ઉદાસ. માતા! મને આજ રજા આપ. આવે છેને આપણે પ્રવચનસારમાં? આજ્ઞા. માતા! મને રજા આપ હવે. આનંદ(સ્વરૂપ) મારો નાથ મારી પાસે મને જાણવામાં આવ્યો છે. હું ત્યાં જવા માગું છું મા! આહા! 'માડી મોરી રે હવે રે નહીં રાચું આ સંસારમાં..' માતા રાગ ને રાગના ફળમાં હવે હું રાચીશ નહીં. મારો આત્મા પરથી ભિન્ન, રાગથી ભિન્ન, શરીરથી ભિન્ન, સંયોગીભાવથી ભિન્ન ને સંયોગથી ભિન્ન છે. એવી ચીજને હું પ્રાપ્ત કરવા જાઉં છું માતા! સમજાણું કાંઈ? ઉદાસ.. ઉદાસ.

શ્રોતા : આજે તો માતાની રજા નથી લેતા. માતા તો રજા આપે જ નહીં. બાયડીની રજા લેવી પડે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ બધી વાત સાચી. એ આવે છેને. એ બેય આવે છે. પ્રવચસારમાં બેય આવે છે. એકેક વાત આમાં આવે છે. માની આજ્ઞા, બાપની આજ્ઞા, બાયડીની આજ્ઞા, પુત્રની આજ્ઞા—બધી વાત આવે છે. એકેક પ્રવચનસારમાં પાઠ છે. અહીં તો શાસ્ત્રમાં શું નથી? એક રખડવું થાય એવો ભાવ એમાં નથી, બાકી બધું છે એમાં. સમજાણું કાંઈ?

લખ્યું છે એમાં. જુઓ! બાયડી માટે જોવું છે તમારે? બધા નામ છે. **અહો! આ પુરુષના શરીરની રમણીના આત્મા!** પાઠ સંસ્કૃત છે બધું. પાંચે-પાંચ શાસ્ત્રમાં ભર્યા છે. અહો! આ પુરુષના શરીરની રમણી. શરીરની રમણી તું છો. મને રમાડી શક? હું તો આત્મા છું. **આ પુરુષના શરીરની રમણીના આત્મા!** એમ કહે છે. **આ પુરુષના આત્માને તું રમાડતો નથી**... આ આત્મા છે એને રમાડી ન શક. એ તો આનંદમાં રમે એવો આત્મા છે. આ શરીરનું આ ધૂળમાં રમવું રતિ પાસે. આત્માને તું છોડ. **આ પુરુષના આત્માને તું રમાડતો નથી એમ નિશ્ચયથી તું જાણ. તેથી આત્માને તું છોડ. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે**... માતા! સ્ત્રી! મારો આત્મા પ્રગટ થયો છે મને. હું આત્મા જ્ઞાનનો, આનંદનો ઘન છું એવી જ્યોતિ મને પ્રગટ થઈ. જુઓ!

**એવો આ આત્મા આજે સ્વાનુભૂતિરૂપી જે પોતાની અનાદિ રમણી**... તું નહીં હવે, આ નહીં. આહાહા! સ્વાનુભૂતિ—મારા આનંદનો અનુભવ એ મારી રમણી **એની પાસે હું જાઉં છું**.

શાસ્ત્રમાં તો બધું છે કે નહીં? માતાની આજ્ઞા છે, પિતાની આજ્ઞા છે. બંધુવર્ગની પહેલી લીધી છે હોં. **આ રીતે બંધુવર્ગની વિદાય લે છે : અહો! આ પુરુષના શરીરના બંધુવર્ગમાં વર્તતા આત્માઓ!** માંહોમાંહે લે છે ત્રણમાં... આ તો બંધુની પહેલી વાત છે. સંસ્કૃત છે... **આ પુરુષનો આત્મા જરાપણ તમારો નથી એમ નિશ્ચયથી તમે જાણો. તેથી હું તમારી વિદાય લઉં છું. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે**... હું તો ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી ભગવાન છું. મારામાં રાગ ને શરીર-ફરીર નથી. હું તો આનંદઘન છું. **એવો આત્મા આજે આત્મારૂપી પોતાનો અનાદિ બંધુ**... તું નહીં. આત્મા મારો અનાદિ બંધુ છે એની પાસે હું જવા માંગુ છું. એમ કરીને માતાનું છે લ્યો.

**આ પુરુષના શરીરના જનકના આત્મા!** જનક–ઉત્પન્ન કરનારા પિતા. **અહો આ પુરુષના શરીરની જનનીના આત્મા!** એ માતા. **આ પુરુષનો આત્મા તમારાથી જનિત નથી**... માતા! જનની! તેં આત્માને જન્મ આપ્યો નથી. તું શરીરને જન્મ આપનારી છો. **એમ નિશ્ચયથી તમે જાણો. તેથી આ આત્માને તમે છોડો. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિ જનક તેની પાસે જાય છે**. કહો, સમજાણું? એ બધાનું કહે છે. શાસ્ત્રમાં તો બધું હોયને. પ્રવચનસાર કીધું વળી એ કાઢ્યું. કહો, સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે સહજ વૈરાગ્યના... સહજ વૈરાગ્યની ઉત્કૃષ્ટતતા બતાવે છે. પરમાગમનો ધોધ, એ પરથી ઉદાસ કરીને સ્વભાવમાં સમાવવા માગે છે. આહાહા! **જે કદી નહિ જોયેલા (અજાણ્યા, અનનુભૂત, જેના ઉપર પોતે પૂર્વે કદી ગયેલો નથી એવા) મોક્ષ-મહેલનું પ્રથમ પગથિયું છે** આગમ. મોક્ષના મહેલનું પહેલું પગથિયું. આ આગમ છે શું કહે છે? પરમાત્મા શું કહે છે? **અને જે કામભોગથી ઉત્પન્ન થતા અપ્રશસ્ત રાગરૂપ અંગારાઓ વડે શેકાતા...** આહાહા! કહે છે, વિષયની વાસનાનો રાગ એમાં સળગી ઉઠ્યા છે, અંગારામાં બળી રહ્યા છે બિચારા પ્રાણીઓ. સમજાણું કાંઈ? છે? સામે પડ્યું છે પુસ્તક. સામે છે કે નહીં? જુઓ!

**કામભોગથી ઉત્પન્ન થતા અપ્રશસ્ત રાગ**–ભૂંડો રાગ **અંગારાઓ વડે**... ભૂંડા રાગના અગ્નિમાં શેકાતા... શેકાય છે. જેમ શક્કરીયું શેકે અગ્નિમાં, એમ અજ્ઞાનીઓ રાગના અગ્નિમાં શેકાય છે. વિકલ્પ ઉઠાવી પ્રશસ્ત ને અપ્રશસ્ત... આ તો ભૂંડાની વાત કરી. પ્રશસ્ત રાગ એ પણ અંગારા છે. આહાહા! સમજાણું કાંઈ? **સમસ્ત દીન જનોના મહાક્લેશનો નાશ કરવામાં સમર્થ** છે. આવા શેકાતા દીનજનો એના મહાક્લેશનો નાશ કરવામાં સમર્થ **સજળ મેઘ (પાણી ભરેલું વાદળું) છે**, એમ. અમથા વાદળા હોય એ નહીં. વાદળા, પાછા પાણી ભરેલું વાદળું. આહાહા! **તેણે—ખરેખર સાત તત્ત્વો તથા નવ પદાર્થો કહ્યાં છે.** એવા આગમે સાત (તત્ત્વ) ને નવ પદાર્થો કહ્યાં છે. પછી પદાર્થ શું એ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ ૧૪, ગુરુવાર, તા. ૩૦-૧૨-૧૯૭૧**
**શ્લોક - ૧૫, ગાથા - ૮-૯, પ્રવચન નં. ૧૨**

નિયમસાર, આઠમી ગાથા ચાલે છે. આગમની વાત ચાલે છે. ભગવાનના આગમ એણે જાણવા જોઈએ. તીર્થંકર પરમાત્મા એના મુખકમળથી નીકળેલી વાણી એને આગમ કહેવામાં આવે છે. એને આગમની ઓળખાણ, શ્રદ્ધા હોવી જોઈએ. પહેલી દેવની કીધી, (હવે) આગમની. કેવા હોય છે એ આગમની શ્રદ્ધાવાળા?

**એવી જ રીતે (આચાર્યદેવ) શ્રી સમંતભદ્રસ્વામીએ (રત્નકરંડશ્રાવકાચારમાં ૪૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ**

**अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात् ।**
**निःसन्देहं वेद यदाहुस्तज्ज्ञानमागमिनः ॥**

કહે છે કે ભગવાને જે કહ્યું છે એનાથી **ન્યૂન** ન માનવું જોઈએ. એનાથી ઓછું જાણે તો એ જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ એણે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા એની–અરિહંતની પહેલા શ્રદ્ધા તો કરી. એમની વાણી પણ કેવી હોય... અને એ વાણીનો જ્ઞાન કરનારો (એનાથી) ઓછું માને નહીં. ભગવાને કહ્યું એનાથી કાંઈ ઓછું માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. **અધિક**... અધિક પણ નહીં. એથી આગળ વધી જાય ને અધિક કહે એમેય નહીં. અને **વિપરીતતા વિના...** પણ જેને આ ગરજ જ નથી આગમ શું, ભગવાનની વાણી શું, એને તો આ કંઈ જરૂર નથી. આ ચાર ગતિમાં રખડે છેને ચોરાશીના અવતારમાં. આહાહા! જન્મ-જરા-મરણની પરિપાટી અનંતકાળથી કરી રહ્યો છે. જેને જન્મ-મરણના દુઃખો લાગ્યા હોય ને દુઃખી છું એમ થયું હોય, એને આ સમજવાની વાત છે. સમજાણું કાંઈ?

અરે! મારો આનંદ મને નથી. હું આનંદસ્વરૂપ છું. આનંદ નથી તો એના સ્થાનમાં દુઃખ છે તો શું છે આ? ક્યાંય શાંતિ જણાય નહીં, આનંદ જણાય નહીં, તો તો એ બધો દુઃખી છે. સમજાણું? દુઃખીની વ્યાખ્યા એવી નથી કે પ્રતિકૂળ સંયોગ હોય તો દુઃખી છે. એવી વ્યાખ્યા નથી. આત્માના સ્વભાવથી વિપરીત માન્યતા મિથ્યાત્વ એ મહા દુઃખ ને મહા ઝેર છે. આહાહા! ભગવાને કહેલું તત્ત્વ એનાથી વિપરીત માને, ઓછું-અધિક જાણે, એ મિથ્યાત્વરૂપી ઝેર છે, દુઃખના કીડા પડ્યા છે એમાં. નથી એને લાગતું બહારવાળાને. બરાબર હશે આ? છબીલભાઈ! પણ તમને કોણ... પૈસાવાળા માણસ રહ્યા. એય! શરીર સારું, પૈસા ઘણા. એમાં વળી પાછી કાંઈ ઉપાધિ ન મળે છોકરાઓની એટલે પછી સુખી ન કહેવાય? આહાહા!

અરે ભાઈ! તને સુખ શું, દુઃખ શું એની ખબર નથી. પરમાનંદનો નાથ પ્રભુ આત્મા એ આનંદસ્વરૂપની દશામાંથી ઉલટી દશા—રાગ, પુણ્ય-પાપના ભાવ એ મને સુખરૂપ છે, મને ઠીક છે, પુણ્ય કરશું, એના ફળમાં સ્વર્ગમાં જાશું, ત્યાં સુખ ભોગવશું. આહાહા! દૃષ્ટિ તારી પાપની છે. સમજાણું કાંઈ? દુઃખદૃષ્ટિ છે. વિપરીત માન્યતા એ દૃષ્ટિ દુઃખદૃષ્ટિ છે. દુઃખમાં સરી ગયો છે, એને ખબર નથી. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાનના મુખમાંથી નીકળેલી વાણી... એને નક્કી કરવું પડશેને કે આ વાણી પરમાગમ છે ને આ વાણી કલ્પિત છે? સમજાણું કાંઈ? એ વાણીથી ન્યૂન નહીં–ઓછું નહીં, અધિક નહીં ને વિપરીત નહીં.

દસ મિથ્યાત્વ આવે છે. મિથ્યાત્વ, નહીં? દસ આવે છે. નથી આવતા? આવે.. આવે.. એમાં આવે છે. શ્વેતાંબરમાં પણ આવે છે. ધર્મને અધર્મ માને તો મિથ્યાત્વ, અધર્મને ધર્મ માને તો મિથ્યાત્વ. ......એ બધું તો આવે છે. વિપરીત માને તો મિથ્યાત્વ, ઓછું માને તો મિથ્યાત્વ, અધિક માને તો મિથ્યાત્વ. ૨૫ મિથ્યાત્વ આવે છે. મૂળ એની વાતમાં પડી રહ્યા છે. બહારમાં આચરણ કરવા, આ પાળવા, આ કરવા, આ કરવા. ધૂળધાણી ને હેરાન-પાણી. આ વસ્તુ એ છે. દસ મિથ્યાત્વ આવે છે ઠાણંગમાં દસમે ઠાણે. ધર્મને અધર્મ માને તો મિથ્યાત્વ, અધર્મને ધર્મ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ. સમજાણું કાંઈ? ૨૫ આવે છે એમાં દસ આવે છે આ. દસમે ઠાણે દસ બોલ છે. સમજાણું કાંઈ?

મિથ્યાત્વના પાપની દશાની કેટલી ક્રૂરતા છે એ લોકોને ખબર નથી. રાગ-દ્વેષ, સાધારણ હિંસા, ભોગ આદિ છે એ તો રાગનું પાપ છે એકલું, ચારિત્રદોષ છે. પણ આ મિથ્યાશ્રદ્ધાનો દોષ મહા અનંતો છે, જેનામાં નરક ને નિગોદ કરવાની તાકાત મિથ્યાત્વમાં છે. ભાઈ! સમજાણું કાંઈ? ભગવાને કહેલા આગમ... ભગવાનના મુખમાંથી આવેલા આગમ એને આગમ કહીએ. કલ્પિત બનાવ્યા હોય એને આગમ કહેવાય નહીં. સમજાણું કાંઈ? ક્યાં ગયા તમારો..? ..... એવું છે સંસાર. માંડ કોઈક દિ' આવે ત્યાં આમ. સંસાર તો આવો રખડપટ્ટીનો છે. આહાહા! કહે છે કે ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવું આત્માનું સ્વરૂપ, ધર્મનું સ્વરૂપ, અધર્મનું સ્વરૂપ, દેવ, ગુરુ ને શાસ્ત્રનું સ્વરૂપ ભગવાને કહ્યું, તો એ કોણે કહ્યું અને કઈ વાણી ભગવાનની—એનો એણે નિર્ણય કરવો પડશેને? સમજાણું કાંઈ?

કહે છે કે **વિપરીતતા વિના યથાતથ વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે છે.** છ દ્રવ્ય છે ભગવાને જોયેલા. તીર્થંકરપ્રભુએ જોયેલા જાતિએ છ દ્રવ્ય છે, સંખ્યાએ અનંત છે. તો એનું દરેકનું સ્વરૂપ દ્રવ્યનું શું, ગુણનું શું, એની પર્યાય–હાલતનું શું—એને એણે જાણવું તો જોશે. આહાહા! સમજાણું કાંઈ? એ વસ્તુસ્વરૂપને યથાતથ નિઃસંદેહપણે જાણે છે. **તેને આગમીઓ જ્ઞાન (સમ્યગ્જ્ઞાન) કહે છે.** આગમના જાણનાર સંતો, મુનિઓ તેને સમ્યગ્જ્ઞાન કહે છે, કે જે

સમ્યગ્જ્ઞાન આત્માના ઉદ્ધારનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? આ તમારા ભણતરના બધા ગણતર એ બધા કુજ્ઞાન છે. કુવિદ્યા લે! પણ વીસ-વીસ, પચ્ચીસ હજારનો મહિનો લેતા હોય એ કુવિદ્યા?

શ્રોતા : એ કુવિદ્યા જ છેને. અનંતવાર એવું મળ્યું, પાછું ગયું એને શું કહેવું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અનંતવાર એવું મળ્યું. ભણતર તો અનંતવાર કર્યા એવા ધૂળના. આહાહા! કહો, સમજાણું? વસ્તુ ભગવાને જે દ્રવ્ય કહ્યા જેટલા, ગુણ કહ્યા જેટલા, એની અવસ્થા કહી નિર્મળ-મલિન. જે રીતે સ્વરૂપ આગમમાં કહ્યું એને એ રીતે—ઓછું-અધિક-વિપરીત રહિત માને. કેવી રીતે? નિઃસંદેહપણે જાણે. સંદેહ નહીં કે આમ હશે કે આમ હશે, સાચું હશે કે આમ સાચું હશે. તેને આગમના જાણનારાઓ–એને સિદ્ધાંતના જાણનારાઓ સમ્યગ્જ્ઞાન કહે છે.

**[હવે આઠમી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક દ્વારા જિનવાણીને—જિનાગમને વંદન કરે છેઃ]** ૧૫મો શ્લોક.

**ललितललितं शुद्धं निर्वाणकारणकारणं**
**निखिलभविनामेतत्कर्णामृतं जिनसद्वचः।**
**भवपरिभवारण्यज्वालित्विषां प्रशमे जलं**
**प्रतिदिनमहं वन्दे वन्द्यं सदा जिनयोगिभिः ॥१५॥**

**શ્લોકાર્થ** : વીતરાગના વચનો **લલિતમાં લલિત છે**... અત્યંત પ્રસન્નતા ઉપજાવે, વીતરાગતા બતાવે છે એ તો. આહાહા! સમજાણું કાંઈ? ચારેબાજુથી રાગથી, પરસંયોગથી ભિન્ન બતાવે છે વાણી. પોતાનો જે સ્વભાવ–આત્માનો આનંદ સ્વભાવ આદિ એનાથી એકપણે છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? જિનવાણી એને કહીએ કે જે રાગથી ભિન્ન પડાવે અને સ્વભાવમાં એકતા કરાવે, એને જિનવાણી કહીએ. રાગ કરવા જેવો છે અને રાગથી લાભ થાય એ જિનવાણી નહીં. જિન છેને. જિન એટલે વીતરાગ. આહાહા! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ પણ રાગ-પુણ્ય છે. એનાથી લાભ થાય એમ (કહે) એ જિનવાણી નહીં. એ જિનવાણી જ નહીં. સમજાણું કાંઈ? એના વચનો તો પ્રસન્નતા ઉપજાવે, એમ કહે છે. જોયું! **અત્યંત**.

'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ..' કષાયની અગ્નિથી બળી રહ્યો છે એ. અનાદિથી રાજા હો, દેવ હો, શેઠિયા કહેવાતા હો... ક્યાં ગયા પોપટભાઇ? પાલિતાણા. કહો, સમજાણું કાંઈ? વીતરાગના વચનો એ વાણીની પરીક્ષા (શું)? કે જે આત્માની શાંતિ ઉપજાવે અને અશાંતિ ટાળે એ વીતરાગની વાણી કહેવાય. સમજાણું કાંઈ? ભગવાન આત્માનું સ્વરૂપ શાંત, ત્રિકાળી આનંદ, અવિકારીસ્વભાવ એનો છે. એમાં ઠરવાનું કહે અને રાગથી ખસવાનું

કહે એ વીતરાગની વાણી. 'સર્વં તજ્યં સ્વ ભજ્યં' એ શબ્દ હતોને ઓલામાં ૧૩૦માં. એ વળી બીજું કહે છે આદિસાગર. 'પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ટચ.' ટૂંકું ટૂંકું. 'પરથી ખસ, સ્વમાં વસ, એ ટૂંકામાં ટૂંકું ટચ.' ટૂંકું ટચ. બીજો 'ટૂંકો' શબ્દ હમણાં એમાં આવ્યો. 'સર્વં તજ્ય સ્વ ભજ્ય.'

એ ભગવાનની વાણી આવી હોય. નિમિત્તને છોડાવે, રાગની ક્રિયાના પરિણામને પણ છોડાવે અને આત્મા વીતરાગમૂર્તિ છે એમાં એને શ્રદ્ધા, જ્ઞાન કરીને ઠરાવે એ વીતરાગની વાણી. વીતરાગના નામે બીજી રીતે કહે એ વીતરાગની વાણીનો લોપ કરે છે. સમજાણું કાંઈ? આહા! લલિત... આ લલિત કરે તો કર, નહીં તો કરે શું એમાં લલિત? કહો, સમજાણું કાંઈ? લલિત આવ્યુંને જુઓ! નામ તો આવ્યું. ભગવાન આત્મા નિર્વિકારી શુદ્ધ ચિદાનંદમૂર્તિ આત્મા છે. એમાં જે એની શ્રદ્ધા, એનું જ્ઞાન ને એમાં રમણતા બતાવે છે અને પુણ્ય દયા, દાનના વ્રતથી ખસવાનું બતાવે છે એ જિનવાણી. રાગમાં રહેવાનું બતાવે એ જિનવાણી નહીં. જિન છેને. જિન એટલે વીતરાગ. આહાહા! કોને પડી છે...?

ચક્રવૃદ્ધિના વ્યાજ કાઢવા હોય તો વાણિયા કાઢે. ચક્રવૃદ્ધિના વ્યાજ સમજાય છે? એમાં ભૂલ ન થાય. કરોડ રૂપિયા હોય અને છ આના તરીકે (વ્યાજે) આપ્યા હોય. હવે કંઈ વધારે હશે. આ તો પહેલાની વાત છે. બેંકમાં ત્રણ આના આપતા પહેલાં. કરોડ રૂપિયા મૂક્યા હોય ત્રણ આના, ચાર આના તરીકે તો તપાસે... પણ એનું વ્યાજ એક દિ'નું ચડે અને એ પાછા કરોડ (ઉપર) એક દિ'નું વ્યાજ એમાં (જોડીને) બીજો દિ' ચડાવે. પાછા બીજા દિ'નું વ્યાજ ને ઓલા રૂપિયા ભેળવીને ત્રીજે દિવસે એનું પાછું (વ્યાજ). એ એમાં કરે છે. એમાં આ ચડાવ એમ કહે છે. એમાં આવડત બધી કરે છે માળા વાણિયા રખડવાની. આહાહા!

વસ્તુ.. વસ્તુ.. જુઓને! વસ્તુ કીધુંને ઓલામાં? વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે. ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ એ વસ્તુસ્વરૂપ છે. એમાં અંદર શ્રદ્ધા કરે, એનું જ્ઞાન કરે, એમાં સ્થિરતા કરે એ ચક્રવૃદ્ધિનું વ્યાજ છે લ્યો. આહાહા! બાકી બધા દુઃખના દાળિયા છે. આહાહા! સમજાણું કાંઈ? 'નવિ સુહી દેવતા દેવલોએ' એવું આવતું આમાં. આહા! દેવના દેવો સુખી નથી. 'નવિ સુહી દેવતા દેવલોએ, નવિ સુહી....' પૃથ્વીના પતિઓ જડ એ સુખી નથી, દુઃખી છે. એવું આવતું પહેલાં. પ્રાણભાઈ! સાંભળ્યું હતું કે નહીં પ્રાણભાઈએ? 'નવિ સુહી દેવતા દેવલોએ..' ભુલી ગયા છે એ તો. 'નવિ સુહી સેઠ સેનાપતિ..' શેઠ ને સેનાપતિ બધા દુઃખી છે. મિથ્યાત્વમાં પડ્યા છે ઊંડા ઊંડા. આહાહા!

એ રાગનો એક કણ પણ સારો છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ મહા મિથ્યાત્વના કાદવમાં ખૂંચી ગયા છે, દુઃખી છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા. એય મલૂકચંદભાઈ! બરાબર હશે આ? આહા! તે દિ' કહેતા કે મોટા ગૃહસ્થો હોય અને આપણે સગા હોઈએ તો

પછી એને મળવાનો બે મિનિટ-પાંચ મિનિટનો વખત ન હોય. મફતનું શું કરવા જવું? એનો બાપ જાય તો વખત મળે નહીં ઓલાને. ખરું કે નહીં? બાપા! બેસો નવરા, રાતે બેસીશું. હોળી સળગે છે. કામ શેના? આહા! રાગ ને દ્વેષ વિકલ્પની જાળ સળગી ઉઠે છે. આહાહા! જાળ.. જાળ ન કીધું? એ કીધુંને ભમરાની ...નું સાંભળ્યું છે? સાંભળ્યું છે કે નહીં? ન્યાલભાઈ આવવાના છેને. પરમ દિ'? પરમ દિ' પહેલી તારીખ છે. તારીખ પાકી નથી. આહાહા!

એ માણસનો દાખલો આપ્યો નહોતો પરમ દિવસે? કે માણસને બે પગ હોય, બાયડી થાય તો ચાર પગ થાય. એ ઢોર થયો. ચારપગો ઢોર હોયને બળદ ને ગાય. એમાં થયું છોકરું એટલે છ પગ થયા એટલે થયો ભમરો. ભમરાને છ પગ હોય. ભૂંક્યા કરે જ્યાં-ત્યાં પછી. આ મારે આમ છે, મારે આમ છે, મારે આમ છે. અને એમાં વળી છોકરાનું સગપણ કર્યું એટલે આઠ પગ થયા. આઠ પગ હોય કરોળિયાને. સમજાણું કાંઈ? એ કરોળિયો થયો પછી મોઢામાંથી લાળ કાઢીને, વીંટીને મરી જાય એમાં. આહાહા! કહો, સમજાણું આમાં? અરે! એકલો છે, બેકલો ક્યાંથી થયો તું આ? આહાહા! વીતરાગની વાણી તો...

અહીં તો એકત્વ-વિભક્ત બતાવ્યું કાલ. સમજાણું કાંઈ? વીતરાગ એકત્વ-વિભક્ત બતાવે છે. આહાહા! ભાઈ! તું એકલો છો હોં. પરમાર્થમાં રાગ પણ તારી ચીજ નથી. દયા-દાનના વિકલ્પ ઉઠે એ પણ તારી ચીજ નથી ભાઈ! વિભાવ છે. એને કેમ બેસે? આહાહા! કહે છે, જિનવચન અત્યંત પ્રસન્નતા ઉપજાવે છે. એ ઉપરથી ઓલાએ બેસાડ્યું. આનંદ ઉપજાવે એનું નામ જિનવાણી. ક્યો આનંદ? આ ધૂળનો નહીં. એ તો મહાદુઃખી છે બિચારા. પૈસાવાળા નવરા ક્યાં થાય છે? જુઓને! હજી નક્કી નથી કહે છે. કહો, સમજાણું કાંઈ? ન્યાલભાઈ આવ્યા હતાને. મુંબઈ આવ્યા હતા. છોકરા કંઈ છે નહીં. એક છોડી હતી એ પરણાવી દીધી આઠ લાખ ખરચીને. બે કરોડ રૂપિયા છે એના દીકરાને. દુઃખી.. દુઃખી.. દુઃખી.. એય! ..ભાઈ! સાચી વાત હશે? આ તમારો ભાઈ નાનો છે એમાં તો કાંઈ મજા આવતી હશે કે નહીં? અમેરિકામાં... દુઃખના દાળિયા સળગી ઉઠ્યા દાવાનળ. આહાહા!

વીતરાગની વાણી એને શાંતિ ઉપજાવે, પ્રસન્નતા ઉપજાવે, એને રાગનો અભાવ કરવાનું બતાવે અને સ્વભાવની એકતા કરવાનું બતાવે. આ વીતરાગની વાણી. વસ્તુ કીધી એ બે વસ્તુ એ છે. એકથી ખસવું ને એકમાં આવવું. એ વસ્તુ ભગવાનની વાણીમાં છે. આહાહા! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એનાથી ખસ, પાછો વળ એમ વીતરાગ કહે. એમાં રહે ને તને લાભ થાય (એમ કહે) એ વીતરાગની વાણી નહીં. એ અજ્ઞાનીઓની ને પાખંડીની વાણી છે. સમજાણું કાંઈ? એ પ્રાણભાઈ! આહાહા!

**જે શુદ્ધ છે**... જુઓ! વાણી શુદ્ધ છે લ્યો. વાણીમાં, રાગથી આમ લાભ થાય એ વાણીમાં આવતું નથી, એથી વાણી પોતે શુદ્ધ છે. શુદ્ધને બતાવનારી વાણી શુદ્ધ છે. આહાહા! સમજાણું

કાંઈ? વાણીને અહીં શુદ્ધ કીધી. એ પોતે શુદ્ધભાવને બતાવે છે (તેથી) વાણી પણ શુદ્ધ છે આ રીતથી. આહાહા! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' શ્રીમદ્માં આવ્યું છે, શ્રીમદ્. 'શુદ્ધ બુદ્ધ..' શુદ્ધ છો, બુદ્ધ છો–જ્ઞાનનો પિંડ છો પ્રભુ! શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન છો, અસંખ્યપ્રદેશી છો. સ્વયં જ્યોતિ છો. 'સ્વયં જ્યોતિ..' તારા પ્રકાશને માટે કોઈ પરની અપેક્ષા નથી. 'સ્વયં જ્યોતિ સુખધામ..' આનંદનું ધામ છો તું. આહાહા! એ વીતરાગની વાણીમાં આવું આવે છે. સમજાણું કાંઈ? વીતરાગ પોતે છે એટલે વીતરાગભાવને પ્રગટ કરવાની જ વાત કરે. રાગના નાશની ને વીતરાગતાની ઉત્પત્તિ. સમજાણું કાંઈ? સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા કીધું છેને, એનો અર્થ એ છે. પરથી ખસ ને અંદર આવી જા, એમ વીતરાગતા બતાવે છે. આહાહા!

**જે નિર્વાણના કારણનું કારણ છે...** વીતરાગ પરમાત્માએ કહેલી જિનવાણી એ, નિર્વાણ–મોક્ષ–અનંત સુખનું સ્વરૂપ મોક્ષ, એનું કારણ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનું નિમિત્તકારણ એ વાણી છે. આહાહા! આમાં કાંઈ હોંશું તૂટી જાય છે માણસને, વળી એક જણો એમ કહેતો હતો. આ મહારાજનું સાંભળવા જઈએ તો આપણને ધંધાનો રસ જ ન રહે. હવે તારી ધંધાની હોંશ કોણ કરતો હતો? સાંભળને હવે! હોંશ એ રાગ છે. એનાથી ધંધો ચાલે છે? આહાહા! કેમ હશે અજીતભાઈ? મહારાજનું આવું સાંભળે તો પરનું કાંઈ કરી શકાય નહીં, જડનું કાંઈ કરી શકાય નહીં, થઈ રહ્યું. આપણે સાવ અપંગ થઈ જઈએ. કરાય છે કે દિ'? આ આંગળી હલાવવી એ તારા અધિકારની વાત નથી. તને ખબર ક્યાં છે માર્ગની? આ આંગળી હલે છે એ જડને કારણે હલે છે, આત્માને કારણે નહીં. વસ્તુનું સ્વરૂપ એવું વીતરાગ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

ઓલો ચુંબનનો અર્થ જોયો હતો જરીક. ચુંબન.... ચુંબનનો અર્થ. દરેક પદાર્થ પોતામાં રહેલા ધર્મો નામ સ્વભાવ એને ચુંબે છે, સ્પર્શે છે, અડે છે, પણ પરદ્રવ્યના કોઈ દ્રવ્ય-ગુણ-પર્યાયને કોઈ દ્રવ્ય સ્પર્શતું નથી, અડતું નથી. કહો, સમજાણું કાંઈ? ત્રીજી ગાથા. બસ, આ જ વાત છે એકત્વ-નિશ્ચયગતમાં. આહાહા! પ્રત્યેક વસ્તુ—આત્મા અને એક-એક પરમાણુ એ એમાં રહેલી શક્તિઓ ને પર્યાય એને એ અડે, ચુંબે. એના સિવાય બીજા દ્રવ્યની પર્યાય કે અવસ્થાને અડે એ ત્રણ કાળમાં બનતું નથી. કેમકે ભિન્ન-ભિન્ન ચીજ તે ભિન્ન-ભિન્નપણે ટકીને બદલી રહી છે. સમજાણું કાંઈ? આહાહા! **નિર્વાણના કારણનું કારણ છે...** લ્યો, અહીં નાખ્યું છે. ઠીક! એ જિનવાણી–આગમ–પરમાત્માએ કહેલી વાણી.. આ સમયસાર, પ્રવચનસાર બધી ભગવાન, સંતોની વાણી છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞે કહેલી વાણીમાંથી પરંપરાએ આવ્યું છે બધું. આહાહા!

જે નિર્વાણ એટલે આત્માની શાંતિ, પૂર્ણ શાંતિ. કષાયની અગ્નિ ઓલાઈને પૂર્ણ શાંતિ, આનંદ પ્રગટે એને અહીં નિર્વાણ નામ મુક્તિ કહેવામાં આવે છે. એ મુક્તિનું કારણ તો મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન–આત્માના અનુભવમાં એની પ્રતીતિ, એનું જ્ઞાન આત્માનું અને એમાં રમણતા એ મોક્ષનો માર્ગ છે. એ મોક્ષમાર્ગનું નિમિત્ત કારણ આગમ છે. દેખો! સમજાણું કાંઈ? સાચા આગમ એ મોક્ષમાર્ગનું કારણ છે. મોક્ષમાર્ગ મોક્ષનું કારણ છે. લ્યો, આવ્યું આમાં કારણ. નિમિત્તની વાત છેને. નિમિત્ત હોય તો એ જ હોય, એમ. નિમિત્ત હોય (તો) સર્વજ્ઞ પરમેશ્વરના કહેલા આગમો એ નિમિત્ત હોય. અજ્ઞાનીએ કહેલા શાસ્ત્રો એને નિમિત્ત હોય નહીં. સત્યની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ પ્રગટ કરી એમાં સત્યના વચનો જ નિમિત્ત હોય. સમજાણું કાંઈ?

**જે સર્વ જીવોના કર્ણોને અમૃત છે...** વીતરાગની વાણી એ કષાયના દાવાનળને ઓલવવાને અમૃત છે. આહાહા! 'ભવ્યોના' કહ્યું છેને. ન્યાં 'જીવોના' લેવું. સર્વ જીવોના કર્ણોને–કાનમાં ભગવાનની વાણી અમૃત છે. ભવિ... **भविना** હતું. પાઠમાં **भवि** છેને? **भविना.. निखिलभविना... भविना**નો અર્થ ભવિ એટલે જીવ. ભવ્ય એમ નહીં. સમજાણું કાંઈ? સર્વ જીવોને–એના કર્ણને અમૃત છે. આહાહા! અહીં તો અમૃત પ્રગટે એને વાણી અમૃત છે એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**જે ભવભવરૂપી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે...** મોટું વન–અરણ્ય સળગતું હોય અને એમાં વરસાદ આવે ત્યારે એ શાંત થઈ જાય. એમ ભવફળ... આહાહા! એકેન્દ્રિયના ભવ, નિગોદના ભવ, ઢોરના ભવ, આલુના ભવ, એક-એક શરીરમાં અનંતા જીવના ભવ. આહા! એવા ભવભવરૂપી અરણ્ય મોટું... ચોર્યાસી લાખનું વન મોટું રખડવાનું, એનો ઉગ્ર દાવાનળ.. એનો ઉગ્ર દાવાનળ સળગ્યો છે. આહાહા! મિથ્યાશ્રદ્ધા ને રાગ-દ્વેષ એ ઉગ્ર દાવાનળ છે. એને શમાવવામાં જળ છે. વીતરાગની વાણી એને ઠારવામાં જળ સમાન છે. કષાય છોડી દે, પુણ્યનો ભાવ પણ છોડી દે, એમ કહે ભગવાન. આહાહા! એ પુણ્યભાવ પણ અગ્નિ ભઠ્ઠી છે, દાવાનળ છે આહાહા! એ વીતરાગ કહે છે હોં. અજ્ઞાનીઓના ગજા નથી. સમજાણું કાંઈ?

દયા, દાન વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ રાગ છે અને ભઠ્ઠી છે, દાવાનળ છે. એને ઓલવવાને વાણી એ જળ સમાન છે. ઝાળ.. છોડ એને અને અંતર ચીજમાં આવી ગયા. એ વિના શાંતિ મળે એવું નથી. ઓહોહો! ઉગ્ર પાછો દાવાનળ હોં. ભવભવરૂપી અરણ્ય–ભવભવરૂપી વન. આહાહા! વનમાં ચડી ગયો હોય, એમાં એકલું વન હોય બાવળના કાંટાનું અને જૂનું હોય એટલે હેઠે કાંટા પડ્યા હોય, ઉપરથી પડતા હોય (તો) કેડી પણ સૂઝે નહીં. ક્યાં જાવું? અહીંથી ક્યાં નીકળવું? ઓહોહો! ઊંચે આભ, નીચે ધરતી. આમ વચલા રસ્તામાં કાંઈ ભાન ન રહે. એ મુંઝાય કે નહીં ત્યારે? એમ આ કહે છે કે ભવભવરૂપી... આગ છે એ બધી. આહાહા! એ બાયડી-છોકરાના પ્રેમ એ બધી આગ છે, એ પૈસા રળવાનો રાગ એ આગ છે.

સળગતી આગ છે મોટી. ઓલાતી નહીં, સળગતી. સમજાણું કાંઈ? અરેરે! આ વાત પણ ભારે આકરું પડે માણસને.

ભવભવરૂપી અરણ્ય, એનો ઉગ્ર જે દાવાનળ.. ઉગ્ર દાવાનળ સળગતો હોય. આહાહા! દ્વારિકા જ્યારે સળગી. શ્રીકૃષ્ણની દ્વારિકા છ મહિના સુધી ભઠ્ઠી ચાલી. દ્વારિકા. નવ જોજન લાંબી, બાર જોજન પહોળી. સોનાના ગઢ ને મણિરતનના કાંગરા. એ સળગી... દેવ કોપ્યો. સોનું હતું એ. ભડ.. ભડ.. ભડ. કહે છે કે અંદર ઘી, તેલ, ગોળ, ચોખા બધું કેટલું ભર્યું હોય. મોટું શહેર હતું એ. છ મહિના સુધી સળગી, પછી ઓલાણી. આહાહા! આ અનંતકાળથી એની નગરી સળગે છે અંદર. ચીમનભાઈ! અહીં તો આવું છે. પૈસાવાળો સુખી છે એમ કોણ કહે છે? હા પાડે તો બહાર ક્યાં હતું ધૂળમાં? એના જેવા પાગલ હોય એ કહે એને સુખી. આહાહા!

અરે! ભવભવ એનું જે અરણ્ય, એનો જે ઉગ્ર સળગતો દાવાનળ કષાયનો-મિથ્યાત્વનો, એને શમાવવામાં ભગવાનની વાણી જળ છે. ઠાર.. ઠાર એને. મિથ્યાત્વ છોડ, પુણ્ય-પાપ છોડ, આત્મામાંથી વીતરાગતા પ્રગટ થશે. એ વીતરાગની વાણી એમ બતાવે છે. આહાહા! વીતરાગ એમ બતાવે કે અમારી સામું જોવે, અમને માને, પણ તને રાગ થાશે. એ તો વીતરાગ કહે હોં. અજ્ઞાનીના ગજા નહીં બધા. કારણ કે અમે પરદ્રવ્ય છીએ. અમારી સામે જોઈશ તો વિકલ્પ–રાગ થાશે. ભલે છે શુભ, પણ છે અગ્નિ, કષાયભઠ્ઠી છે. આહાહા! માર્ગ આ છે. હીરાભાઈમાં ને બંગડીમાં ક્યાંય ધૂળમાં નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા! વસ્તુ છેને પ્રભુ આત્મા ચૈતન્યનો ગંજ, વીતરાગ અમૃતથી ભરેલો. આહાહા! એ કેમ બેસે? રાંકને, આવા રતન એને દેખવા મળે તો જોવે નહીં તો રાખે ક્યાંથી? એય!

ન્યાં કહ્યું છેને આગમ... જુઓ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ઓલા કોઢીયાને અમૃત મળે અને ન લે આમ કોઢને ધોવા માટે. સમજાણું? બીજું શું? બે બોલ છેને. દરિદ્રને ચિંતામણિ રત્ન મળે. દરિદ્ર હોય એને ચિંતામણિ રત્ન મળે. એ ન જોવે એ ભાગ્યહીન છે. એમ આવા આગમ વીતરાગના કહેલા એ સાંભળે નહીં અને પ્રેમથી વિચારે નહીં, એના અભાગ્યનું શું કહેવું? એના અભાગ્યનું શું કહેવું? આહાહા! આમ ભલે અબજોપતિ હોય બહારમાં, પણ અભાગિયો છે કહે છે. એ કાંતિભાઈ! એમ જ છે. આહાહા! આમ તો અબજો રૂપિયાની પેદાશ થતી હોય, અબજો રૂપિયા હોય.. કહે છે કે અરે! વીતરાગના આગમો જેને સાંભળવા મળે ને સાંભળે નહીં, જોવા મળે ને જોવે નહીં ચિંતામણિ રત્નની પેઠે. જો તો ખરો એલા! શું છે આ? આહાહા! જેમાં વીતરાગસ્વભાવ જ પીરસ્યો છે અને રાગના કાંકરા કાઢી નાખવાની વાત કરી છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! વીતરાગની વાણી અરણ્યના ઉગ્ર દાવાનળને શમાવવામાં જળ છે.

**અને જે જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે...** જુઓ! જેણે એને–વીતરાગતાને જાણ્યું છે અને વીતરાગતા પ્રગટ કરી છે અંદરથી, એને આ વીતરાગની વાણી વંદ્ય છે. રાગના અર્થીઓને આ વંદ્ય હોઈ શકે નહીં એમ કહે છે. આહાહા! ભારે ભાઈ આવો ધર્મ! ઓલો તો આમ બહારથી આમ થાય, આમ થાય. અન્નકૂટના દર્શન કરો, ફલાણાના..... આવે છે કે નહીં? આ

ઉંદરડાના દર્શન કરો. હોળી છે. આમાં ક્યાં છે ઉંદરડો? ભગવાન અંદર બિરાજે એના દર્શન કરો. હજી અહીં તો એ ચાલે છે. અનાકુળ વીતરાગની મૂર્તિ આત્મા છે. સમજાણું કાંઈ? રાતે ઉઠી એકદમ દોડે દેરાસર. એલા! અહીં જાને અંદર. દેરાસર તો પરવસ્તુ છે. એ તો શુભભાવ હોય તો ત્યાં લક્ષ જાય. શુભભાવ એ ધર્મ નથી, આહાહા! ભારે આકરું.

ભગવાનની વીતરાગવાણી એમ કહે છે કે વિકલ્પથી ખસી જા અને સ્વભાવમાં આવી જા પ્રભુ! તું પરમેશ્વર છો, મારી જાતનો તું છો. હું પરમેશ્વર થયો અને તું પણ પરમેશ્વર થવાને લાયક છો. સંસારમાં રખડવાને લાયક નથી. આહાહા! '**જૈન યોગીઓ વડે સદા વંદ્ય છે**' એમ કેમ કહ્યું? કે જેને વીતરાગતા ભગવાને બતાવી અને જેને અંદર આશ્રય (થઈને) રાગની વૃત્તિ રહિત વીતરાગતા થઈ એને એ વંદ્ય છે. ઓહો! વીતરાગવાણી તે પૂજ્ય છે. સમજાણું કાંઈ? **જૈન યોગીઓ વડે**... જેને અંશે વીતરાગતા પ્રગટી છે, કહે છે, એવા જૈન સંતોને આ વીતરાગતા બતાવનારી જિનવાણી એને આદરણીય છે. આહાહા!

**તે આ જિનભગવાનનાં સદ્વચનને...** તે આ વીતરાગ ભગવાનની વાણીને.. અહો! સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, સર્વાર્થસિદ્ધિ, તત્ત્વાર્થસૂત્ર વિગેરે જિનવાણી છે બધી. ભગવાને કહેલો માર્ગ પરંપરાએ ચાલ્યો આવ્યો એ આ વાણી છે. સમજાણું કાંઈ? શ્વેતામ્બરમાં એ વાણી રહી જ નથી. એણે તો નવા કલ્પિત શાસ્ત્ર બનાવ્યા. આમ છે, એ ગોઠે-ન ગોઠે તમારી મરજી. સિદ્ધ થઈ ગયેલી વસ્તુ આ રીતે છે. સમજાણું કાંઈ? તેથી આગમનું અહીં જોર આપે છે. સાચા આગમને ઓળખો ને સાચા આગમે કહ્યું છે તેમ ઓછું-અધિક-વિપરીતતા રહિત વસ્તુના સ્વરૂપને જાણો. સમજાણું કાંઈ? **આ જિનભગવાનનાં સદ્વચન...** ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવ એની વાણી આવી હોય એવા **(સમ્યક્ જિનાગમને) હું પ્રતિદિન વંદું છું.** દરેકમાં 'પ્રતિદિન' નાખે. કહો, સમજાણું કાંઈ? આપણે તો અહીં સમયસાર સ્થાપ્યું છે. પૂજ્ય છે, સર્વજ્ઞ અનુસારી વાણી પૂજ્ય છે. લ્યો, આ આઠ ગાથા થઈ.

(ગાથા) નવ. હવે તત્ત્વોની વાત કરે છે. પહેલા દેવની વાત કરી. અરિહંત દેવ કેવા હોય અને એ દેવ તરીકે યથાર્થ છે. આમ અરિહંત, અરિહંત માને એમ નહીં, (પણ) એનું સ્વરૂપ જાણે. એના સ્વરૂપની સ્થિતિને જાણે કે એ અરિહંત આવા હોય. એવી શ્રદ્ધા, ધર્મી જીવને નિશ્ચય આત્માની સમકિત–શ્રદ્ધામાં આવો એક શ્રદ્ધાનો ભાવ આવ્યા વિના રહે નહીં. આગમની આ શ્રદ્ધા કરે. આગમ આવા હોય. હવે આગમ કહેલા તત્ત્વો–પદાર્થો... ભગવાનની વાણીમાં આવ્યા તે પદાર્થ.

**जीवा पोग्गलकाया धम्माधम्मा य काल आयासं।**
**तच्चत्था इदि भणिदा णाणागुणपज्जएहिं संजुत्ता॥९॥**

નીચે હરિગીત.

**જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ–એ**
**ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.**

શું કહ્યું? એ છ દ્રવ્યને તત્ત્વાર્થ પણ કહ્યા ને દ્રવ્ય પણ કહ્યા. આહાહા! સમજાણું કાંઈ? કેટલાક કહે છે કે તત્ત્વાર્થને દ્રવ્ય ન કહેવાય, દ્રવ્યને તત્ત્વાર્થ ન કહેવાય. એની સામે આ દલીલ છે આચાર્યની. એ તત્ત્વાર્થ કહો કે દ્રવ્ય કહો—એક જ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહાહા!

**ટીકા : અહીં (આ ગાથામાં), છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યાં છે.** છ દ્રવ્ય છે ભગવાને જોયેલા. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ—એવા છ દ્રવ્ય ભગવાનના જ્ઞાનમાં આવ્યા. એ વાણી દ્વારા કહેવામાં આવ્યા. એને એણે માનવા જોઈએ. સમજાણું કાંઈ? (શ્રોતાઃ માનવાનો બોજો ઘણો....) બોજો નથી, એ તો વસ્તુનું સ્વરૂપ જ છે. જ્ઞાનની એક સમયની પર્યાય છ દ્રવ્યને જાણે એ તો એનો પર્યાયધર્મ છે. 'યત્નથી' જાણો એમ કહ્યું ઓલામાં. જુઓ! પાઠ યોગસારમાં છે. 'જાણો' કહ્યું છે. નિશ્ચયથી વાત લીધી છે, છતાં (કહે છે), પ્રયત્નથી જાણો છ દ્રવ્યને. વ્યવહાર છેને. વ્યવહાર એ પ્રયત્નથી જાણો, એમને એમ નહીં, એમ કહે છે. યોગસાર, યોગીન્દ્રદેવ. આહાહા!

જીવની વ્યાખ્યા કરે છે. **સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન, વચન, કાય, આયુ અને શ્વાસોચ્છ્વાસ નામના દશ પ્રાણોથી (સંસારદશામાં) જે જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો તે 'જીવ' છે.** વ્યવહારજીવ સિદ્ધ કર્યો પહેલો. પાંચ ઇન્દ્રિયો, ત્રણ—મન, વચન ને કાયા, શ્વાસ ને આયુષ્ય એનાથી જીવે, જીવશે ને જીવતો હતો એને જીવ કહ્યો. **આ સંગ્રહનય કહ્યો.** સંગ્રહ એટલે બધાને એકરૂપ વર્ણવ્યો. સમજાણું કાંઈ? **નિશ્ચયથી ભાવપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે.** ખરેખર તો આનંદ ને જ્ઞાન ને શાંતિના ભાવપ્રાણને ધારણ કરનાર એને જીવ કહેવામાં આવે. સમજાણું કાંઈ? **ભાવપ્રાણ ધારણ કરવાને**... એમાં અશુદ્ધભાવપ્રાણ પણ લેવાય અને શુદ્ધભાવપ્રાણ પણ—બેય. અશુદ્ધભાવપ્રાણ એટલે? કે જે આ પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા જડ છે એના નિમિત્તમાં એની યોગ્યતાપણે જે દશ પ્રાણ છે એ અશુદ્ધ(ભાવપ્રાણ). એ પ્રમાણે જીવે છે એ અશુદ્ધનયથી જીવ (કહ્યો). શું કહ્યું સમજાણું આમાં?

આ જડપ્રાણથી જીવે એ તો અસદ્ભૂત વ્યવહારનય હોં. એ સંગ્રહનયથી કથન છે. પોતે પોતાની યોગ્યતાથી—પાંચ ઇન્દ્રિયની યોગ્યતા, મન-વચન-કાયાનું વીર્ય અને શ્વાસ ને આયુષ્યના પ્રમાણમાં રહેવાની યોગ્યતા એ અશુદ્ધભાવપ્રાણ છે. એનાથી જીવે તેને જીવ કહીએ. રોટલા ખાય ને જીવે એમ નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? અને શુદ્ધ ભાવપ્રાણ અંદરના લઈએ તો, જ્ઞાન, દર્શન, આનંદ, સત્તા એવા ભાવપ્રાણને ધારણ કરનાર એનાથી જીવે તેને જીવ કહીએ. **વ્યવહારથી દ્રવ્યપ્રાણ ધારણ કરવાને લીધે 'જીવ' છે.** દ્રવ્યપ્રાણ છેને આ પાંચ ઇન્દ્રિયો.

**શુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનો આધાર હોવાને લીધે 'કાર્યશુદ્ધ જીવ' છે.** એ ઝીણું આવ્યું હવે. કહે છે કે આત્માની શક્તિ અંદર છે એ તો કેવળજ્ઞાનમય શક્તિ

છે. હવે એમાંથી જેણે આત્માનો અનુભવ કરી અને કાર્યદશા કેવળજ્ઞાનની પ્રગટ કરી એને કાર્યશુદ્ધ કહે છે. એ કાર્યશુદ્ધ (અર્થાત્) એનું કાર્ય શુદ્ધ થયું. કહે છે કે **શુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી**... આહા! કેવળજ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત શાંતિ એવી પર્યાય પ્રગટ થઈ, એ શુદ્ધ સદ્ભૂત. છે શુદ્ધ, પણ છે એની પર્યાય એટલે સદ્ભૂત અને ભેદ પડ્યો માટે વ્યવહાર. આહાહા! કેવળજ્ઞાની પરમાત્મા પોતાના કેવળજ્ઞાન, આનંદાદિના પ્રાણથી જીવે છે. સમજાણું કાંઈ? પણ એ શુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર છે.

એક સમયની પર્યાય છેને. અનંત જ્ઞાનાદિ પણ એક સમયની દશા છે. છે શુદ્ધ, છે એનો ભેદ. એનાથી જીવે એ જીવ કહેવામાં આવે છે. ઝીણું આ. મૂળ મુદ્દાની વાત જ અત્યારે ગુપ્ત થઈ ગઈ છે. અને બહારની વાતુંના ઓલા રહી ગયા એકલા. જીંદગીયું ચાલી જાય ને કાંઈ આત્માને ફળ મળે નહીં. ફળ મળે નહીં એમ કહ્યું (એનો અર્થ), સાચું ફળ મળે નહીં. ખોટા ફળ તો મળે. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો કહે છે, જીવ એટલે આત્મા. એની કેવળજ્ઞાન, કેવળદર્શન, અરિહંતપદની પ્રાપ્તિ થાય એ વ્યવહાર છે, કેમકે એ પર્યાય છે. ભેદ છે માટે વ્યવહાર છે. સમજાણું કાંઈ? એનામાં છે માટે સદ્ભૂત છે અને નિર્મળ છે માટે શુદ્ધ છે. છે શબ્દ જુઓ? **શુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર** આ ત્રણ શબ્દ પડ્યા છે.

પરમાત્મા કેવળજ્ઞાની એને કાર્યજીવ કહ્યો. કેમકે પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થઈ ગઈ છે. પર્યાય એટલે અવસ્થા આનંદની, જ્ઞાનની પૂર્ણ પ્રગટી એને કાર્યજીવ કહે છે. ત્રિકાળીજીવને કારણજીવ કહે છે. આ વળી કારણ ને કાર્ય—એક જીવમાં બે ભેદ પડ્યા. અરે! એ કોઈ દિ' વીતરાગમાર્ગને પડખે ક્યાં આવ્યો છે? આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે કાર્યશુદ્ધજીવ કોણ? '**કેવળજ્ઞાનાદિ શુદ્ધ ગુણો**' શબ્દ વાપર્યા છે જુઓ! .... પણ એ તો પર્યાય છે એને ગુણ કીધા છે. કેવળજ્ઞાનાદિ પર્યાય છે, અવસ્થા છે. ગુણ તો જ્ઞાન ત્રિકાળી છે. એ તો પરિણામિકભાવે છે, આ તો ક્ષાયિકભાવે છે. સમજાણું કાંઈ? પારિણામિકભાવે, ક્ષાયિકભાવે એમાં શું વાત...? ગ્રીક-લેટિન જેવું લાગે. આ બધા બહારથી આવ્યા અમેરિકાથી... ઉતર્યા હોય જંગલમાં. કહો, સમજાણું આમાં?

આત્મા વસ્તુ છે એ આખી ચીજ છે, અનંત ગુણનું એકરૂપ છે એને કારણજીવ કહીએ. અને એની કબૂલાત કરીને સ્થિરતા થાય અને દશા પૂર્ણ પ્રગટે તેને કાર્યજીવ કહીએ. આવો શબ્દેય સાંભળ્યો ન હોય ત્યાં મુંબઈમાં. એ તો અજાણી છે માટે નવી વાત છે. અનાદિની આ છે. ભગવાન અનંત કાળથી આમ કહેતા આવે છે. હવે, કાર્યશુદ્ધ કોને કહીએ? પરના કાર્ય નહીં, રાગનાય નહીં. અપૂર્ણ પર્યાયના નહીં. પૂર્ણ શુદ્ધપર્યાય પ્રગટ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ એને અહીંયા... કેવળજ્ઞાનાદિ એટલે અનંત આનંદ આદિ, શુદ્ધ ગુણો એટલે પર્યાય. એનો આધાર હોવાથી... એનો આધાર હોવાથી કાર્યજીવ કહેવામાં આવે છે.

લ્યો. કાર્યજીવ જે છે એ આવા પર્યાયનો આધાર છે એમ કહે છે. પણ શુદ્ધ છેને નિર્મળ પર્યાય કેવળજ્ઞાનની. સદ્ભૂત (કીધું કેમકે) વ્યવહારભેદથી એની પોતાની છે. એવાનો આધાર

હોવાને લીધે શુદ્ધ કાર્યજીવ કહેવાય લ્યો. આહાહા! **અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહારથી મતિજ્ઞાનાદિ વિભાવગુણોનો આધાર હોવાને લીધે 'અશુદ્ધ જીવ' છે.** આ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન એ પર્યાય છે, પણ અપૂર્ણ છે માટે અશુદ્ધ છે, પણ એની છે માટે સદ્ભૂત છે, ભેદ છે માટે વ્યવહાર છે. ઘણા શબ્દો યાદ રાખવાના આમાં. સમજાણું કાંઈ? પૂર્ણ કેવળજ્ઞાનને પ્રાપ્ત તે કાર્યશુદ્ધજીવ છે અને આ ચાર જ્ઞાનને પ્રાપ્ત આદિ જીવ એ અશુદ્ધજીવ છે. લ્યો, મતિજ્ઞાનાદિ વિભાવગુણો... વિભાવ પર્યાય છેને, કર્મનું નિમિત્ત છેને આમાં. સમજાણું કાંઈ?

આ તો ઇચ્છામિ પડિકમણું ઇરિયાવહિયં... જીવા વિરાહિયા.. તસ્સ મિચ્છામી દુક્કડં. થઈ ગયું એનું સામાયિક. ધૂળેય નથી તારી સામાયિક, સાંભળને! ગડિયા હાંક્યે રાખ્યા. આ વસ્તુ સમજ્યા વિના... એની અંદર ચીજ શું છે, પૂર્ણ પર્યાયને શું કહે છે, અપૂર્ણ પર્યાયને શું કહે છે, ત્રિકાળને શું કહે છે—એને જાણ્યા વિના એનું જ્ઞાન સાચું થાય નહીં. આહાહા! અમારે તો બાયડી-છોકરા સાચવવા કે આવામાં રહેવું? અમારે શું કરવું? વળી એમ કહે છે. કોને સાચવે? ભાઈ! અભિમાન છે તારું. એ તો જગતના જીવ એના કારણે ટકી રહ્યા ને બદલ્યા છે. તારે કારણે–તું રોટલા આપ માટે નભે છે એમ છે? રોટલા કોણ આપે? રોટલા તારા છે? જડના છે. જડને તું આપ બીજાને? જડનો સ્વામી જડ છે. તું સ્વામી થા તો તુંય જડ છો. કીધા છેને? કહો, સમજાણું આમાં? આહાહા! અજ્ઞાનીના મીણા ઉતરી જાય એવું છે. અમલદાર મોટા હોયને અમલદાર, અમલ ચડ્યું હોય એને. હાથમાં લાકડી ને જાઓ, આ પોલીસથાણું છે. એને શું હશે આમાં? મોટો થઈ ગયો જાણે. પાપમાં મોટો થઈ ગયો પાપી. તને ખબર નથી ભગવાન! તું કોણ છો? હુકમ કરવી વાણી એ પણ તારી નથી.. આહાહા!

કહે છે કે આ અશુદ્ધ જીવ કહેવાય. મતિજ્ઞાન (આદિ) ચાર જ્ઞાન વડે જીવે એને વિભાવિક અશુદ્ધજીવ કહેવાય. અપૂર્ણતા છેને. **શુદ્ધ નિશ્ચયથી સહજજ્ઞાનાદિ...** ત્રિકાળ સ્વભાવિક જ્ઞાન, અનંત આનંદ આદિ **પરમસ્વભાવગુણોનો આધાર...** એ તો સ્વભાવ ગુણોનો આધાર છે, એ તો ગુણો જ છે. **પરમ સ્વભાવગુણોનો આધાર હોવાને લીધે 'કારણશુદ્ધ જીવ' છે.** ત્રિકાળી ભગવાન આત્મા અંતરના અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણો જે ત્રિકાળી હોં, એવા ગુણનો આધાર... લ્યો દ્રવ્ય છે આધેય (અને) એને આધારે આ છે. પરમ સ્વભાવગુણોનો આધાર એ છે. ઠીક! કારણજીવ, એને કારણજીવ કહેવામાં આવે છે. કારણજીવ? એકેન્દ્રિય જીવ, બે-ઇન્દ્રિય જીવ, ત્રણ-ઇન્દ્રિય જીવ તો સાંભળ્યા હતા, પણ કારણજીવ ને કાર્યજીવ આ ક્યાંથી કાઢ્યું? અરે ભાઈ! તેં સાંભળ્યું નથી. સાંભળને! એકેન્દ્રિય-બેન્દ્રિય જીવ એ જીવ જ નથી. જીવ તો અંદર જ્ઞાનમૂર્તિ તે જીવ છે સમજાણું કાંઈ? અહીં તો આત્મા ત્રિકાળ જે જ્ઞાન, આનંદાદિનો આધાર એવી જે ચીજ પોતે ધ્રુવ, એને કારણજીવ કહેવામાં આવે છે. એનો આશ્રય લઈને કેવળજ્ઞાન પ્રગટ થાય એને કાર્યજીવ કહેવાય. આ જીવમાં બે ભેદ—કારણજીવ ને કાર્યજીવ. સમજાણું કાંઈ? આ જીવની વ્યાખ્યા કરીને એનું સ્પષ્ટીકરણ કર્યું છે. આને જેમ છે તેમ એને બરાબર જાણવું જોઈએ. વિશેષ કહેશે. (પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ ૧, શનિવાર, તા. ૧-૧-૧૯૭૨
## ગાથા - ૯, પ્રવચન નં. ૧૩

જીવની વ્યાખ્યા (છે કે) જીવ કોને કહેવો ને કેવી રીતે છે. અહીં સુધી આવ્યું હતું આપણે. '**કારણશુદ્ધ જીવ છે**' ત્યાં સુધી આવ્યું છે. છેને? એટલે શું કહે છે? કે આ જીવ છેને જીવ અંદર, એનો ત્રિકાળી શક્તિરૂપ જે સ્વભાવ એને કારણજીવ કહે છે. વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ નિત્ય એકરૂપ અભેદ સ્વભાવ એને અહીં કારણશુદ્ધજીવ કહે છે. એની વ્યાખ્યા છે. જુઓ! આમાં નીચે. ૨૩ પાને નીચે. અહીં ૨૨થી શરૂ થાય છે.

**દરેક જીવ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ છે...** શું કહે છે? આ ભગવાન આત્મા (તેમ) દરેકનો–પ્રત્યેકનો (આત્મા) શક્તિ નામ સ્વભાવના સામર્થ્યની અપેક્ષાએ શુદ્ધ છે. **અર્થાત્ સહજજ્ઞાનાદિક સહિત છે...** એ તો ત્રિકાળ જ્ઞાન-દર્શન-આનંદ એવા જે ગુણો સહિત કારણજીવ છે. સમજાણું કાંઈ? આ સહજજ્ઞાનાદિ એ પણ શક્તિરૂપ ગુણ છે એને લીધા છે. જે આવા ગુણ સહજ છે... આ જરી એક જાણવા... જેવું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા.... અહીં કારણજીવ ને કાર્યજીવની વ્યાખ્યા કરવી છે. સાતમી ગાથામાં કારણપરમાત્મા ને કાર્યપરમાત્માની વ્યાખ્યા હતી. કારણ કે સાતમી ગાથામાં કેવળજ્ઞાનને પ્રાપ્ત એવા અરિહંત પરમાત્મા એને કાર્યપરમાત્મા કહ્યા, એથી એનું કારણરૂપ ત્રિકાળી એને કારણપરમાત્મા કહ્યા હતા. આહાહા! જયંતિભાઈ! આવું સાંભળ્યું ન હોય ક્યાંય. આહાહા!

સાતમી ગાથામાં તો એમ આવ્યું હતું કે દોષ રહિત, અનંત ગુણ સહિત એવા કેવળજ્ઞાનાદિના ધરનારા એને પરમાત્મા કહેવાય. એનાથી વિપરીતને પરમાત્મા કહેવાય નહીં. સમજાણું કાંઈ? પરમાત્માની ઓળખાણ આપી. કોઈ ઈશ્વર કર્તા આ જગતનો છે એ પરમાત્મા—એમ છે નહીં. સમજાણું કાંઈ? પરમાત્મા એને કહીએ કે જેને અનંતજ્ઞાન, અનંતદર્શન, આનંદાદિ પ્રગટ થયા છે, એવી પૂર્ણ દશાપ્રાપ્તને પરમાત્મા, પરમસ્વરૂપની પૂર્ણ દશા થઈ એને અહીં પરમાત્મા કહેવાય છે. એને કાર્યપરમાત્મા કહેવાય છે. કેમ કે ત્રિકાળી જે કારણપરમાત્મા છે એમાંથી કાર્યપરમાત્મા થાય છે. સમજાણું કાંઈ? આરે! જીવની દયા પાળવી ને આ કરવું એ ક્યાં રહ્યું? આમાં એ વાત તો આવતી નથી. એ પ્રાણભાઈ! આ દયા છે એની પોતાની. આવડો ત્રિકાળી જ્ઞાયક આનંદકંદ છું એમ જે માનવો એ જીવની દયા છે. સમજાણું કાંઈ? પોપટભાઈ!

ભગવાન આત્મા પૂર્ણ પર્યાયને–દશાને પ્રાપ્ત થયા, શક્તિમાં બધા ગુણો હતાં એની પર્યાયમાં–અવસ્થામાં–હાલતમાં.... લ્યો, તમારો પાઠ આવ્યો. જયંતિભાઈએ કીધુંને, હાલત. દશા–વર્તમાનદશામાં પ્રાપ્ત થયા પૂર્ણ દશાને, એને પરમાત્મા–કાર્યપરમાત્મા કહે છે. અને એ

થયા ક્યાંથી? કે ત્રિકાળમાં કારણવસ્તુ હતી, વસ્તુ તરીકે અંદર અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણ(રૂપ) શક્તિનો ધરનાર કારણપરમાત્મા હતો. આહાહા! સમજાણું કાંઈ? તે કારણપરમાત્માને જેણે સ્વીકાર્યો શ્રદ્ધા-જ્ઞાનમાં, ત્યારે તેનું કાર્ય કેવળજ્ઞાનાદિ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

ત્યાં કારણપરમાત્મા ને કાર્યપરમાત્માની વ્યાખ્યા આપી. અહીં કારણજીવ ને કાર્યજીવની વ્યાખ્યા છે. વસ્તુ તો એની એ છે, પણ જીવમાં ઉતારવું છેને અહીંયા. સમજાણું કાંઈ? અહીં કીધું જુઓ! નીચે. **દરેક જીવ શક્તિ અપેક્ષાએ...** અંતરનું એનું સામર્થ્ય જે છે તે અનંતજ્ઞાનાદિ શક્તિ-ગુણ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવી અંતર શક્તિ છે એનામાં. જેમ પીપરના દાણામાં ચોસઠ પહોરી તીખાશની શક્તિ છે, એમ આત્મામાં અનંત જ્ઞાન-દર્શન આદિની શક્તિ છે. કહો, સમજાણું કાંઈ? આવો શક્તિવાળો એ આત્મા છે એમ કહે છે. એ પ્રાણભાઈ! એ પામર નથી એમ કહે છે. એ માને છે મફતનો, મૂરખ છે માટે. મૂર્ખાઈમાં, પરમાત્મા છે એને પામર માને છે. આહાહા!

કહે છે કે શક્તિ અપેક્ષાએ જીવ શુદ્ધ છે અર્થાત્ સ્વભાવિક ત્રિકાળી જ્ઞાન, સ્વભાવિક ત્રિકાળી આનંદ, સ્વભાવિક ત્રિકાળી વીર્ય, સ્વભાવિક ત્રિકાળી દર્શન એવી શક્તિ સહિત છે. એવી શક્તિરૂપ ત્રિકાળી ગુણ કહ્યા. એવા ગુણની શક્તિ સહિત એને કારણજીવ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? **તેથી દરેક જીવ 'કારણશુદ્ધ જીવ' છે...** અનંત આત્માઓ, નિગોદથી માંડીને બધા–દરેક જીવ કારણશુદ્ધ જીવ છે, ત્રિકાળ શુદ્ધ કારણ છે. સમજાણું કાંઈ? **દરેક જીવ 'કારણશુદ્ધ જીવ' છે, જે કારણશુદ્ધ જીવને ભાવે છે...** જે ત્રિકાળી અનંત આનંદ, જ્ઞાનાદિ ગુણનો ધરનાર કારણપ્રભુ પોતે કારણજીવ એની ભાવના કરે છે, એના તરફની એકાગ્રતા કરે છે.... એ ભાવે છે એટલે કારણજીવને ભાવે છે એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર દ્વારા સ્વભાવમાં એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ?

**તેનો જ આશ્રય કરે છે...** ભગવાન ધ્રુવ વસ્તુ અંદર સામાન્ય શક્તિરૂપ ગુણના–સ્વભાવના સામર્થ્યવાળું તત્ત્વ એ કારણજીવ છે માટે એનો સ્વીકાર કરનાર એમાં એકાગ્ર થાય છે શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા દ્વારા, કારણત્રિકાળીશક્તિમાં જે લીનતાની ભાવના–એકાગ્રતા (દ્વારા) મોક્ષમાર્ગનો પર્યાય પ્રગટ કરે છે... **તેનો જ આશ્રય કરે છે...** ત્રિકાળી શક્તિરૂપ જીવ એનો જે આશ્રય કરે છે **તે વ્યક્તિ-અપેક્ષાએ—**તેને પ્રગટદશામાં **શુદ્ધ (કેવળજ્ઞાનાદિ સહિત) થાય છે.** કહો, આ તો સમજાય છે કે નહીં? આ તો સાદી ભાષા છે. ભાષા એવી (કઠણ) નથી. વસ્તુ છે વસ્તુ... જેમ ચોસઠ પહોરી શક્તિવાળી લીંડીપીપર છે... લીંડીપીપર હૈ ન? શક્તિવાળી છેને? તો એને કારણશક્તિવંત લીંડીપીપર કહીએ. એને ઘૂંટતા જે પૂર્ણ ચોસઠ પહોરી વર્તમાન પ્રગટ થાય એને કાર્યશુદ્ધ.. કાર્યશુદ્ધ લીંડીપીપર કહીએ. કહો, સમજાણું કાંઈ?

આ તો દૃષ્ટાંત થયો લીંડીપીપરનો. લીંડીપીપરનું અહીં શું કામ છે? કે જેમ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ... ચોસઠ એટલે રૂપિયો–પૂરેપૂરો... ચોસઠ પૈસાનો રૂપિયો હતોને. હવે સો (પૈસા)નો થયો, પહેલા ચોસઠ પૈસાનો હતો. એ પીપર આટલી હોવા છતાં ચોસઠ પહોરી–રૂપિયે રૂપિયો તીખો રસ ને લીલો રંગ આદિ શક્તિ પડી છે. એ કારણલીંડીપીપર કહીએ. અને એને ઘસતાં, છે એવું પ્રગટ થાય–ચોસઠ પહોરી પ્રગટ થાય એને કાર્યલીંડીપીપર કહીએ. લીંડીપીપર સમજતે હો ન? છોટી પપીર આતી હૈ. કાલી ઐસી હૈ ન? આહાહા!

એના ઘરની વાતની એને ખબર ન મળે લ્યો. 'ઘરના છોકરા ઘંટી ચાટે ને પાડોશીને આટા.' પારકી માંડી બધી એણે. આની આ અને આની આ, શેરબજારની, વકીલાતની.. તમારે શું છે? દવા. આહાહા! એમાં બધી હોશિયારી, પણ પોતે શું છે અને કેમ છે—એની કાંઈ એને ખબર નથી. 'દીવા હેઠે અંધારું.' દીવો હોય એની હેઠે તો અંધારું હોયને. આમ પ્રકાશ કરે આમ, પણ હેઠે અંધારું. એમ આત્મા શું ચીજ છે? અહીં તો જીવથી વ્યાખ્યા ઉપાડી છેને. તત્ત્વો, ભગવાને આવા તત્ત્વો કહ્યા. ભગવાન પરમાત્માએ આગમ દ્વારા... એને આગમ કહ્યું... પહેલા દેવ કહ્યા, પછી આગમ કહ્યા. અને આગમમાં આવા તત્ત્વો કહ્યા છે. ભગવાનના સિદ્ધાંતમાં જીવતત્ત્વનું આ રીતે વર્ણન કર્યું છે. જે અંદર આત્મા વસ્તુ છે, પરથી તદ્દન ભિન્ન છે, પણ અંદર શક્તિથી અભિન્ન છે. પોતાનું જ્ઞાન-દર્શન, આનંદાદિ શક્તિ જે ગુણ એનાથી અભિન્ન એવી જીવશક્તિ એને અહીંયા કારણજીવ કહેવામાં આવે છે. એની એકાગ્રતા કરતાં, એને સ્વીકારીને એમાં લીન થતાં, જે કેવળજ્ઞાન-કેવળ(દર્શન) કાર્યદશા પ્રગટ થાય, જેને અહીંયા કાર્યપરમાત્મા કહ્યા હતા, એને અહીં કાર્યજીવ કહેવામાં આવે છે. કાર્યશુદ્ધજીવ.. કાર્યશુદ્ધજીવ. સમજાણું કાંઈ?

**એ વ્યક્તિ અપેક્ષાએ શુદ્ધ કેવળજ્ઞાનાદિ સહિત થાય છે અર્થાત્ 'કાર્યશુદ્ધ જીવ' થાય છે.** એનું કાર્ય સફળ થઈ ગયું છે કહે છે આહાહા! કાર્ય તો કોના કરવા હતા? પરના કરવાના છે કે રાગના? એ રાગને કરે ને પરનું કરે (એમ) માને એ જીવ જ નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? એ જીવ નહીં. અંતરમાં ભગવાન આત્મામાં અનંત જ્ઞાન-દર્શન-ગુણ શક્તિરૂપ છે એનો સ્વીકાર કરીને એમાં એકાગ્ર થાય, સ્વીકાર શ્રદ્ધા ને જ્ઞાનમાં અને લીનતા–ચારિત્ર, એને કાર્યશુદ્ધતા, એની પર્યાયમાં કાર્યતા એટલે શુદ્ધ પૂર્ણ પર્યાય પ્રગટ થાય એને અહીં કાર્યપરમાત્મા કહ્યું હતું, અહીં એને કાર્યશુદ્ધજીવ કહે છે, એને ને એને. સમજાણું કાંઈ? હવે જીવમાંય કારણજીવ ને કાર્યજીવ, લ્યો. આ ખુબી! જેઠાભાઈ! કારણજીવ નહોતો અંદર? શક્તિ જે ત્રિકાળી વસ્તુ છે, પદાર્થ છે, અસ્તિ છે. અસ્તિ છે–સત્તા છે–હોવાપણું છે તો એના ગુણો અનંત જ્ઞાન, આનંદ એ પણ હોવાપણે ત્રિકાળી છે. એવી શક્તિરૂપ જે કારણપરમાત્મા અથવા

કારણજીવ એને.... અહીં નિયમસાર છેને? મોક્ષનો માર્ગ જેને પ્રગટ કરવો હોય એણે આ કારણજીવમાં એકાગ્ર થાવું. આહાહા! સમજાણું કાંઈ?

અને એ કારણજીવ પરમાત્મા પોતે, એમાં એકાગ્ર થતાં પૂર્ણ દશા પ્રાપ્ત થાય એને કાર્યજીવ (કહે છે). જીવની પૂર્ણદશા, કાર્ય એટલે પૂર્ણદશા પ્રાપ્ત થઈ. સમજાણું કાંઈ? લ્યો આવી વ્યાખ્યા તો ક્યાંય નથી બીજે. કારણજીવ ને કાર્યજીવ શ્વેતામ્બરમાં, બીજે ક્યાંય છે નહીં. આહાહા! **શક્તિમાંથી વ્યક્તિ થાય છે...** છેને? જેમાં હોય–પ્રાપ્તની પ્રાપ્તિ હોય. હોય એમાંથી આવે. કૂવામાં પાણી હોય તો અવેડામાં પાણી આવે. કાંઈ પેસાબ આવે એમાંથી? એમ શક્તિમાં ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદરૂપી શક્તિનો કૂપ–મોટો કૂવો છે. એની એકાગ્રતા થતાં એની પર્યાયમાં વ્યક્તિ અપેક્ષાએ, કહો, શક્તિમાંથી વ્યક્તિ થાય. શક્તિમાં છે એમાંથી પ્રગટતા થાય. સમજાણું કાંઈ? આહાહા! માળે પણ ઘરના તળિયા જોયા નહીં ને પારકી માંડી મોટી લાંબી. આહાહા!

જેને જીવ વીતરાગે કહ્યો આગમમાં, એ જીવના બે પ્રકાર અહીં વર્ણવ્યા. આમ તો દ્રવ્યપ્રાણ બધું વર્ણવ્યું હતું સાધારણ રીતે. અહીં તો ખાસ એક શક્તિરૂપ ત્રિકાળી વસ્તુ અને એની શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ થાય એ કાર્ય—એ કારણજીવ ને કાર્યજીવ (એમ) બે ભેદ પાડ્યા. અર્થાત્ કાર્યજીવ નામ અનંત કેવળજ્ઞાનાદિ પર્યાય પ્રગટ થવામાં કારણ, તે ત્રિકાળીજીવ છે શક્તિરૂપ એ કારણ થાય છે. આહાહા! વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કાર્યજીવ થવામાં કે કાર્યપરમાત્મા થવામાં બિલકુલ એની જરૂર નથી. આહાહા! અથવા મોક્ષનો માર્ગ કીધો જે ત્રિકાળી કારણજીવની શક્તિમાં એકાગ્ર થવું, એ પણ ખરેખર કાર્યજીવનું એ કારણ નથી. પૂર્ણકાર્યનું કારણ પૂર્ણકારણજીવ છે. સમજાણું કાંઈ?

માળો પણ પામર થઈને પડ્યોને એટલે આને આ વાત બેસવી ભારે આકરી પડે. ભિખારી છું, હું તો રાંક છું, મારામાં કાંઈ શક્તિ નથી. અરે ભગવાન! તારામાં તો અનંત શક્તિ છે અને અનંત શક્તિ નથી એમ કેમ કહે છે? મારામાં તો કાંઈ છે નહીં, હું તો દીન છું.. દીન છું, પામર છું.. પામર છું. સમજાણું? કીધું હતુંને, ૭૦માં કંદોઈનો છોકરો હતો ત્યાં જેતપુરમાં. જ્યારે ૭૦માં દીક્ષા થઈને, ત્યારે દીક્ષા લઈને ગયા ત્યાં જેતપુર. ૭૦ની સાલની વાત છે. ૫૮ વર્ષ થયા. માગશર મહિનો હતો. માગશર સુદ નોમે દીક્ષા થઈ હતી. માગશર સુદ નોમ એટલે ૫૮ વર્ષ ને ઉપર મહિનો થયો. ત્યાં દીક્ષા લઈને ગયા.

એક કંદોઈનો દીકરો આવતો પગે લાગવા. મહારાજ! ભગુ પશુ છે. એનું નામ ભગવાન હતું. નવનીતભાઈ! એનું નામ ભગવાન હતું. પણ ભોળો. ગાંડો નહીં, ભોળો બહુ ભોળો, કાંઈ ન મળે. એના ઘરમાં માબાપ કહે, એની બા ઓલી–મોટા છોકરાની વહુને કહે કે ભગુ પશુ છે, એનું ધ્યાન રાખવું. એમ કહેને એના માબાપ. એ તો બિચારો પશુ જેવો છે. અહીં અપાસરે

આવીને પગે લાગે. જેતપુરનો અપાસરો છેને. મહારાજ! ભગુ પશુ છે. કીધું, આ શું બોલે છે ગાંડાની જેમ? ત્યારે કોઈએ કહ્યું, એનું નામ ભગવાન છે અને ઘરના માણસો પશુ જેવો કહે–બોલે એ તમારે ત્યાં વાત કરે છે.

એમ આ ભગવાન પણ પશુ થઈને બોલે કે હું પશુ છું. માળો કહે. (શ્રોતાઃ દાખલો બરાબર લાગુ પડી ગયો). હું માણસ છું હે, હું એક ઢોર છું હોં, હું એક સનાથ પૈસાવાળો છું હોં, હું એક નિર્ધન છું. પણ આ બધું ભગવાનને ન હોય, સાંભળને! આહાહા! એમ જ બોલે. માણસને બુદ્ધિ બહુ જાડી. ગાંડો નહીં હોં, ભોળો બહુ ભોળો. મહારાજ! ભગુ પશુ છે હોં. કીધું, આ શું કહે છે? ઓલા ઘરના માણસો કહેને. એમ આ માળો પશુ છું એમ માની બેઠો છો. હું માણસ છું, કીડો છું, કાગડો છું, તવંગર છું ને રૂપાળો છું ને કાળો છું. પશુની જેમ એણે માન્યું છે. એ એવો છે નહીં. સમજાણું કાંઈ? માવાણી! આ ૫૮ વર્ષ પહેલાની વાત હતી, લ્યો. (સંવત) ૧૯૭૦નો માગશર મહિનો. કીધું, અરે! આ કેમ બોલે છે? એ કહે, ઘરમાં એનું ભગવાન નામ છે.

એમ આ ભગવાન છે, એનું સ્વરૂપ–શક્તિ કારણપરમાત્મા, કારણજીવ, કારણભગવાન છે. (એમ) દરેક જીવ છે. આહાહા! પણ એની પર્યાયમાં માની બેઠો કે હું તો અલ્પજ્ઞાનવાળો છું, અલ્પ મારી બુદ્ધિ છે, હું રાગવાળો છું, શરીરવાળો છું, મૂડીવાળો છું, ગરીબ છું—એમ માની બેઠો. સમજાણું કાંઈ? એ તો સાક્ષાત્ ભગવાન છે. આહાહા! કારણભગવાન છે એમાંથી એન્લાર્જ થઈને પર્યાયમાં કાર્યભગવાન પ્રગટ થાય છે. આહાહા! પણ જેને બેસે એને ને, એમ કહે છે. 'આવો છું' એવી જેને પ્રતીત થઈ, 'આવો છું' એવું જેને જ્ઞાન થયું અને તેથી તે 'આવો છું' એમાં સ્થિર થઈને એવો પ્રગટ કરવા માગે એને કાર્યજીવ પ્રગટ થાય. સમજાણું કાંઈ? આહાહા! અરે! ઘરમાંથી બહાર કાઢવું છે કહે છે. બહારથી કાંઈ લાવવું નથી. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન! તું તો અનંત લક્ષ્મીનો ભંડાર છોને! આહાહા! કેમ બેસે?

એને કારણજીવ કહે છે, એમ કહે છે. જો જીવ તરીકે તને સ્વીકારવો હોય તો આવો જીવ તરીકે સ્વીકારવો પડશે. કહો, સમજાણું કાંઈ? 'જીવ છું' એમ જો તારે સત્તાનો સ્વીકાર કરવો હોય તો એ જીવ આવો છે એમ સ્વીકાર કરવો પડશે. સમજાણું કાંઈ? પરની દયા પાળનારો જીવ છું, પરને મારનારો હું જીવ છું, લક્ષ્મી રળનારો હું જીવ છું, લક્ષ્મીને વેડફી નાખનારો હું જીવ છું, લક્ષ્મીને દાનમાં આપનારો જીવ છું—એ બિલકુલ નથી, કહે છે. સમજાણું કાંઈ? આરે! ભારે વાત ભાઈ! આ ઉપાધિ.... હતી જ ક્યાં એમાં? મફતનો માની બેઠો છે. આહાહા!

કહે છે કે **શક્તિમાંથી વ્યક્તિ થાય છે**... શક્તિ હોય એમાંથી પ્રગટ થાય, પ્રાપ્તની પ્રાપ્તિ છે, હોય એમાંથી આવે, છે એમાંથી પ્રગટ થાય. ન હોય એમાંથી આવે? શૂન્યમાંથી

એકડો થાય? સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મામાં–ત્રિકાળી ધ્રુવમાં અનંત જ્ઞાન, દર્શન શક્તિરૂપે છે, કારણપરમાત્મા પોતે જ છે. આહાહા! એમાંથી વ્યક્ત થાય છે. એમાંથી વ્યક્તિ થાય છે. વ્યક્તિ એટલે પ્રગટતા.

**માટે શક્તિ કારણ છે...** લ્યો ઠીક. ત્રિકાળી આનંદાદિ શક્તિનો ધરનાર કારણજીવ એ કારણ છે **અને વ્યક્તિ કાર્ય છે.** લ્યો, આ એના કાર્ય ને કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? બાપ મૂકી ગયો હોય પુંજી તો કૂંચી આપતાવેંત તરત તપાસે માળો કે કેટલા મૂકી ગયો હશે. મરવા સુધી કૂંચી રાખી હોય એણે. મરવા ટાણે (કહે), બાપા! હવે મૂકી દો કૂંચી. હવે જાવું છે તમારે. ઓલો મરે ત્યાં તરત સંભાળવા માંડે કે શું મૂકી ગયા છે. એમ આ બાપ ત્રિલોકના નાથ એમ કહે છે કે તારી પૂંજી આવી છે, જો! આહાહા! આગમ ને ભગવાનની વાણીમાં, જ્ઞાનમાં એમ આવ્યું કે અંદર તારા આત્માના ખજાનામાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ પડ્યા તેને અમે જીવ કહીએ છીએ. આહાહા! કહો, સમજાણું કાંઈ? જીવવું, એના ત્રિકાળી સ્વભાવમાં જીવવું, એ રીતે રહેવું, એ રીતે ટકવું... એવું તારું અનંત જ્ઞાન, દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવા સ્વભાવથી જીવવું, રહેવું એવો તું કારણજીવ છો. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, જો તને તારા જીવની ખબર પાડવી હોય તો તારું જીવવું–જીવનું જીવવું–જીવનું ટકવું–જીવનું જીવપણે રહેવું એ ત્રિકાળી અનંત જ્ઞાનાદિથી રહેલો છે એને અહીં કારણજીવ કહેવામાં આવે છે. આહાહા! કારણથી જીવ્યો છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? આવું તો સાંભળવા મળે નહીં. લ્યો, .... આ વાત છે નહીં. બધી ફેરફાર.. ફેરફાર છે. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથના જ્ઞાનમાં આવ્યું અને એ વાણીમાં આવ્યું, એને જીવતત્ત્વ કહેવામાં આવે છે. એમ ત્રણ સિદ્ધ કર્યા. આહાહા! (શ્રોતાઃ નવના ડંકા વાગ્યા, કોઈ દિ' ફરે નહીં.) ફરે નહીં. અહીં નવમી ગાથા છેને. ગાથાય નવમી છે. આહાહા! કહે છે કે ભગવાનને જીવ તરીકે જેણે જોયો અને આગમમાં જેને જીવ તરીકે વર્ણવ્યો, એ જીવને જેણે જાણવો હોય તો આવો જીવ જાણવો પડશે. કહો, પોપટભાઈ! આહાહા! ભારે પણ! લાદી-પાષાણ અને એમાં કરીને કરીને જિંદગી ગાળી મફતની. આહાહા!

એક ફેરી કહ્યું હતું કે છે તો અનંત જ્ઞાનનો ધણી હોં તું. મોટી સભા હતી હોં. ૯૦ની સાલની વાત છે. વઢવાણ, દરિયાપરીના અપાસરાની સામે, નહીં? દરિયાપરીનો અપાસરો છેને? આમ ધર્મશાળામાં વ્યાખ્યાનમાં માણસ ત્રણ-ત્રણ હજાર. નેવુંની સાલ. બહુ આવતું. માય નહીં એટલું માણસ. પાટ મૂકવી પડી મોઢા આગળ. ત્રણ હજાર માણસ. જુઓ ભાઈ! આ આત્માનો જ્ઞાનસ્વભાવ ત્રણ કાળને જાણવાનો છે. પણ જાણવાનો છે એવું એને બેસતું નથી એથી જ્યાં જ્યાં જન્મે.. જન્મે.. જન્મી.. જન્મીને ત્યાં અવતાર કરીને જ્ઞાનની અવસ્થા પૂરી કરે

છે. બધાને તે-તે ક્ષણે જાણવું, તે-તે ક્ષણે જાણવું એમ કરીને પૂરી કરે છે, પણ એક ક્ષણમાં બધાને જાણવું એવી શક્તિ પ્રગટ કરતો નથી. સમજાણું કાંઈ?

એક ભાઈ હતા શિવજી. શિવજી દેવશી હતા. તે દિ' તો વઢવાણમાં હાલમડોલ.... સંપ્રદાયની વાત છે, મુહપત્તિમાં હતા ત્યારે. લોકોને પ્રેમ તો બહુ હતોને. તો આ મુહપત્તિ ફરી ત્યાં હાય.. હાય.. હવે અમારા રહ્યા નહીં. જુઓ ભાઈ! કીધું, આત્મામાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની શક્તિ છે. એ શક્તિ પ્રગટ કરતો નથી તેથી તે જ્યાં-જ્યાં એક-એક ભવ ને તે-તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણતો, બીજે ક્ષણે બીજાના અથવા બીજા ભવે બીજાના—એમ જાણતા અનંતા ભવ કર્યા છે. એ બધાનું જ્ઞાન એકઠું કરો તો અનંત થાય છે. સંપ્રદાયમાં. હતા ત્યારે તમે? નહીં હોય, ૯૦ની સાલની વાત છે. ચૈત્ર મહિનો હશે. આહાહા! આડત્રીસ વર્ષ થયા. બાપુ! જીવ તો આવો છે.

કહે છે કે **આમ હોવાથી...** શું? શક્તિ તે કારણ છે, વ્યક્તિ તે કાર્ય છે—આમ હોવાથી **શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ જીવ કહેવાય છે.** આહાહા! માખણ છે એકલું. **આમ હોવાથી** એટલે કે આ કારણે **શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને...** જીવોમાં ત્રિકાળી શક્તિ જે જ્ઞાન-આનંદાદિ, એ તો ગુણ હોં અહીંયા, એ ગુણરૂપ શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ કહેવાય છે.. કારણશુદ્ધ કહેવાય છે. **અને વ્યક્ત શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે.** જેની જે અંદર પર્યાય પ્રગટ થઈ ગઈ... જેવો સ્વભાવ હતો... ચોસઠ પહોરી પીપરમાં ચોસઠ પહોરો તીખો રસ હતો એવો પ્રગટ થઈ ગયો એને કાર્યલીંડીપીપર કહીએ ને શક્તિરૂપે તેને કારણલીંડીપીપર કહીએ. એમ આત્મામાં કારણ જે જ્ઞાન, દર્શન, અનંત આનંદરૂપી એકરૂપ વસ્તુ એને કારણજીવ કહીએ અને તેમાંથી કાર્ય કેવળજ્ઞાનાદિ પ્રગટ થાય એને કાર્યશુદ્ધજીવ કહીએ. કહો, સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે બીજાની જરૂર નથી.—એમ કહે છે. તારા કેવળજ્ઞાનના કાર્યરૂપે થવામાં બીજાની જરૂર નથી. તું પૂરો પડ્યો છો ત્યાં જો તો બધું તને પ્રગટ થઈ જશે. આહાહા! સમજાણું કાંઈ? કે સંહનન આવું હોય, મનુષ્યદેહ આવો હોય, ફલાણું આવું હોય, ઢીકણું આવું હોય, દાનના વિકલ્પો હોય, પુણ્યના પૈસાના સાધન હોય તો આવો ધર્મ થાય—એમ કાંઈ છે નહીં. આહાહા! આવો શક્તિરૂપ શુદ્ધતાવાળા જીવને કારણશુદ્ધ કહેવાય છે ને વ્યક્તરૂપ શુદ્ધતાવાળા જીવને કાર્યશુદ્ધ જીવ કહેવાય છે. કૌંસ છે. **(કારણશુદ્ધ એટલે કારણ-અપેક્ષાએ શુદ્ધ..** એમ. કારણ-અપેક્ષાએ શુદ્ધ. પ્રગટ અપેક્ષાએ નહીં. સ્વભાવના કારણ-અપેક્ષાએ શુદ્ધ. **અર્થાત્ શક્તિ-અપેક્ષાએ શુદ્ધ.** જુઓ એ શક્તિ કહો કે સામર્થ્ય કહો. **કાર્યશુદ્ધ એટલે કાર્ય-અપેક્ષાએ શુદ્ધ અર્થાત્ વ્યક્તિ-અપેક્ષાએ શુદ્ધ.)** કહો, સમજાય છે આમાં? હજી આવો જીવ છે એમ તારે જાણવું પડશે, એમ કહે છે. જીવને માનવો હોય તો આ જીવ છે.

એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા..., પંચિદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા... કર્યું હતું તમે? ઇચ્છામિ પડિક્કમિઉ. એવું આવે સાત પાઠ આવે છે ખરાને. ણમો અરિહંતાણં, પછી તિક્ખુત્તો, તસ્સઉત્તરિ, લોગસ્સ ને નમોત્થુણં, કરેમિ ભંતે સામાયિકં... સાત પાઠ આવે છે. એ તો પહેલેથી કર્યા હશે. મેં તો નાની ઉંમરમાં કર્યા હતા બધા. કહો, સમજાણું કાંઈ? આ દસ-અગિયાર વર્ષની ઉંમરથી કરેલા છે બધા. પાઠશાળા હતીને જૈનશાળા. એ જીવ નહીં, આ જીવ કહેવાય ભાઈ! એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચૌઇંદિંયા, પંચિદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા—એ નહીં.

આવો કારણશુદ્ધ ભગવાન જીવ છે (એવો) તેં ન માન્યો હોય તો તેં તારા જીવને માર્યો છે. સમજાણું કાંઈ? આવા જીવનથી જીવનારું તત્ત્વ એવો જીવ છે એમ એણે ન માન્યો અને એણે રાગનો કરનાર ને દયાનો પાળનાર.. સમજાણું કાંઈ? એવો માન્યો એણે આવા જીવનો ઘાત કર્યો છે. એવો હું નહીં, એવો હું નહીં, એનું નામ હિંસા છે. આહાહા! એ પામરતા હિંસા છે. મરી ગયો. મનુષ્ય કે દિ' હતો? વાણિયોય નથી, મનુષ્યેય નથી, લક્ષ્મીવાળોય નથી. એય! એણે મારી નાખ્યો જીવને. આહાહા! હું પર્યાપ્તવાળો ને હું અપર્યાપ્તવાળો.. આહાહા! અરે! એ તો નહીં, પણ હું અલ્પજ્ઞાનવાળો.. ક્ષયોપશમના અંશવાળો એણે પણ જીવને મારી નાખ્યો છે. સમજાણું કાંઈ? વસંતીલાલજી!

હું દયાનો પાળનાર, વ્રતનો પાળનાર, હું ભક્તિનો–ભગવાનની ભક્તિનો કરનાર, માણસ છું, હું બાયડી છું, હું આદમી છું, હું ક્ષત્રિય છું, હું વાણિયો છું. ભગવાન! તેં તારા ત્રિકાળી કારણજીવનો અનાદર કર્યો છે. અનાદર કર્યો એ જ હિંસા છે. જયંતિભાઈ! અહીં તો આવી જાતની વાત છે. છે એનો નકાર કર્યો એનું નામ હિંસા. બીજું શું છે? આહાહા! દુનિયાને પોતે કોણ, ક્યાં છે, કેવડો છે એની ખબર નહીં. 'ખબર નહીં'નો અર્થ કે આવો છું એનું એને ભાન જ નથી. એટલે ક્યાંક (હુંપણું) માનવું તો પડશે. વસ્તુ તો છે, પણ છે એ ખ્યાલમાં ન આવે તો ક્યાંક માનવું તો પડે. પછી હું વાણિયો છું, ક્ષત્રિય છું, ગરીબ છું, પૈસાવાળો છું, દેવ છું, માણસ છું, નારકી છું. આહાહા! હું મૂરખ છું ને પંડિત છું, લ્યોને. આમ માનનારા બેય આત્માના હણનારા છે. સમજાણું કાંઈ?

ખરેખર તો હું શ્રાવક છું, સમકિતી છું (એમ) પર્યાય જેટલો માને, તેણે કારણજીવને માન્યો નથી. હું મુનિ છું એ હું છું. ક્યાં મુનિ છે? મુનિની પર્યાય તો એક સમયની અવસ્થા છે. આ તો પોતે ત્રિકાળી ભગવાન કારણજીવ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! હું આટલા છોકરાનો બાપ છું એમ, લ્યો. આટલી મારે દીકરીયું છે, ગ્રેજ્યુએટ થયેલી છે, ફલાણી છે. અમારે સાકરચંદભાઈ હતા એ વખાણ કરતા. રામજીભાઈના મિત્ર હતા. વખાણ કરે કે મારી એક દીકરી તો આમ ભણી છે. પણ શું છે? કેટલું માનવું છે તમારે? ખૂબ ભણી હતી કાંઈ.... આવી

મારી દીકરી, આમ બોલે પાછું. 'મારી દીકરી' આમ બોલવામાં જાણે મીઠાશ એકલી. દીકરા છે તો શું છે? નહીં તો આમ થયેલી છે. વહોરવા ગયા હતા ઘરે. ઓલા ..ના પરામાં રહેતાને. મારી દીકરી આમ ભણી છે. મારી નાખ્યા જગતને. કહો, હવે એ ભણી ને આને પોરો. કોઈકનું દ્રવ્ય, કોઈકની ચીજ ને કોઈકની દશા. ન્યાલભાઈને પૈસા મળે તો મલૂકચંદભાઈ ખુશી થઈ જાય. અમારા દીકરા પૈસાવાળા થયા. પણ દીકરો જ નથી એને, (તો) પૈસાવાળો ક્યાંથી લાવ્યા? આહાહા!

આવો છો તું કારણજીવ, જેમાં પૂર્ણતા–ગુણની પૂર્ણતા પડી છે. પૂર્ણતા છે એમાંથી પરિણતિ નામ પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થાય છે. પૂર્ણતા પ્રગટ થઈ તેને (કાર્ય)પરમાત્મા અથવા કાર્યજીવ (કહે). જીવનું કાર્ય પૂરું થયું ત્યાં. કહો, સમજાણું કાંઈ? એવા ત્રિકાળી ભગવાન કારણજીવને શક્તિ અપેક્ષાએ કહીએ અને પ્રગટ થયું તેને વ્યક્તિ–પ્રગટ અપેક્ષાએ કહીએ. લ્યો આ જીવની મુદ્દાની વાત. આહાહા! હવે આ બાજુ આપણે નીચે આવ્યુંને. કારણશુદ્ધજીવ છે એનો આ અર્થ કર્યો નીચે. **આ (જીવ) ચેતન છે...** ભગવાન ચેતન છે જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર ચૈતન્યસૂર્ય છે. ઝળહળતી જ્યોત ચૈતન્યની છે. જ્ઞાનની જ્યોતથી ઝળહળી રહ્યો છે એ. **ચેતન છે, આના (જીવના) ચેતનગુણો છે.** એના ગુણો ચેતન હોય. એના ગુણો અચેતન ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? બધા ગુણોને ચેતન કહેવામાં આવે છે. આહાહા!

**આ અમૂર્ત છે...** ભગવાન અમૂર્ત છે–અરૂપી છે. મૂર્ત નામ રંગ, ગંધ, સ્પર્શ. એ વિનાની ચીજ છે અરૂપી ચીજ–વસ્તુ. **એના ગુણો અમૂર્ત છે.** એના ગુણો પણ અમૂર્ત ને અરૂપી છે. કહો, સમજાણું કાંઈ? આ ચેતનની ઓળખાણ આપે છે બધા પ્રકારે. આહાહા! **આ શુદ્ધ છે; આના શુદ્ધ ગુણો છે.** એ કાર્ય જે શુદ્ધ કહ્યું હતુંને એ વાત છે આમાં. આ શુદ્ધ છે... કાર્યશુદ્ધ કહ્યું છે એમ કહ્યું હતુંને. એ શુદ્ધ છે ને આના શુદ્ધ ગુણો છે. એ પર્યાયને ગુણ તરીકે અહીં વર્ણવ્યા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ છે, એની કેવળજ્ઞાન આદિ પર્યાયો એને અહીં 'ગુણ શુદ્ધ છે' એમ કહેવામાં આવે છે.

**આ અશુદ્ધ છે...** જીવપર્યાય. તે શું? **આના અશુદ્ધ ગુણો છે.** મતિ, શ્રુતજ્ઞાનાદિ અશુદ્ધગુણો એને કહેવામાં આવે છે. છે પર્યાય, પણ એને ગુણ કહ્યા. સમજાણું કાંઈ? કારણશુદ્ધ ત્રિકાળી જીવ છે એનું કાર્ય આવ્યું એ કાર્યશુદ્ધ છે. એ કાર્યશુદ્ધજીવને અહીંયા શુદ્ધ ગુણો તરીકે વર્ણવીને 'આ શુદ્ધ છે ને આના શુદ્ધગુણો' એમ કહ્યું છે. સમજાણું કાંઈ? એને શુદ્ધ(કારણ) છે અને શુદ્ધ કાર્યપરમાત્મા એને અહીં શુદ્ધગુણ તરીકે કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? **આ અશુદ્ધ છે, આના અશુદ્ધગુણો છે**. કેટલાક એમ કહે છે કે આત્મામાં રાગ-દ્વેષ છેને, માટે દ્રવ્ય ને ગુણ પણ બધું અશુદ્ધ થઈ ગયું. એમ નથી. અહીં તો પર્યાયમાં અપૂર્ણતાના મતિ-શ્રુતજ્ઞાનાદિ

ભાવ છે, તેથી તેને પર્યાયની અપૂર્ણતાની અપેક્ષાએ અશુદ્ધ કહ્યો છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી શુદ્ધ જ છે. સમજાણું કાંઈ?

રાગને લઈને પર્યાય અશુદ્ધ છે તેથી દ્રવ્ય-ગુણ અશુદ્ધ છે એની તો અહીં વાત કરી નથી. અહીં તો ફક્ત મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન—ચાર જ્ઞાનની અપૂર્ણ પર્યાય એને વિભાવ કહીને અશુદ્ધ ગુણો કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? એટલે કે સાધકજીવની ચાર જ્ઞાનની પર્યાયને અશુદ્ધગુણ કહીને એને ઓળખાવ્યા છે. સમજાણું કાંઈ? **આ અશુદ્ધ છે**... જોયું! એ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય અશુદ્ધ છે તેથી જીવને પણ અશુદ્ધ કહેવામાં (આવ્યો), ઓલી પર્યાયની અપેક્ષાએ હોં. શુદ્ધ તો દ્રવ્યને કારણ-કાર્યની અપેક્ષાએ જોયું. આ પર્યાયની અપેક્ષાની વાત છે. **આ અશુદ્ધ છે, આના અશુદ્ધગુણો છે**. એ મતિ-જ્ઞાનાદિ. **પર્યાય પણ એ પ્રમાણે છે.** વ્યંજનપર્યાયની વાત છે અહીં તો. સમજાણું કાંઈ?

વ્યંજનપર્યાય નારકી, મનુષ્ય, દેવાદિને હોય છેને એ અશુદ્ધપર્યાય છે. સિદ્ધને શુદ્ધ(વ્યંજન)પર્યાય છે. વ્યંજનની અપેક્ષાએ વાત છે હોં. એક જીવની વ્યાખ્યા થઈ. આ જીવનું સ્વરૂપ વર્ણવ્યું આવું. અરિહંત પરમાત્મા.. તીર્થંકરદેવ એ પરમાત્મા છે. એ સિવાય વિપરીત રીતે પરમાત્માને... એમ આવ્યું હતુંને. ..વિવરીયં.. એમણે કહ્યા આગમો, એમાં કહેલા તત્ત્વો, એમાં કહેલો આ જીવતત્ત્વ, એ જીવતત્ત્વ કહો કે જીવદ્રવ્ય કહો—બેય આવી ગયું. **तच्चत्था** છેને? સમજાણું કાંઈ? આહાહા! હવે પુદ્ગલની વાત કરે છે. પુદ્ગલ દ્રવ્ય છેને દ્રવ્ય.

**વળી, જે ગલન-પૂરણસ્વભાવ સહિત છે (અર્થાત્ છૂટા પડવાના અને ભેગા થવાના સ્વભાવવાળું છે) તે પુદ્ગલ છે.** ઘણા પરમાણુ ભેગા થાય, વળી છૂટા પડી જાય. લક્ષ્મીના ઢગલા આવે ને લક્ષ્મી ચાલી જાય એ બધો પુદ્ગલનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! લાડવો આમ વળે અને કટકા થાય ભૂકો, એ પુદ્ગલનો સ્વભાવ છે. જીવ કરે તો ભૂકો થાય ને જીવ કરે તો લાડવો વળે એમ નથી, એમ કહે છે. (શ્રોતાઃ અમે લાડવા નથી વાળતા). પુદ્ગલનો સ્વભાવ છે. દ્રવ્ય વસ્તુ છેને. આવે છે એવી વાત ક્યાંય? કહો, સમજાણું આમાં? પૂરણ-ગલન સ્વભાવ છે. આ શરીરને પુદ્ગલ કહીએ. એટલે કે એને દાળ-ભાતથી પુષ્ટ કરીએ માટે ખોરાક આમ થાય છે કે આણે પછી બરાબર ખાધું નહીં માટે ગળી જાય છે એમ (નથી). એનો સ્વભાવ જ એવો છે. પુદ્ગલ ભળે તે પુષ્ટ થાય, છૂટે તો થાય તો જીર્ણ થાય. એ એનો પુદ્ગલનો સહજ સ્વભાવ છે, શરીરનો સ્વભાવ છે.

એને જીવ કરી શકતો નથી. કારણકે જીવતત્ત્વ એમાં નથી, એના તત્ત્વમાં જીવ નથી ને જીવતત્ત્વમાં પુદ્ગલતત્ત્વ નથી. સમજાણું કાંઈ? તો શરીરને કેમ રાખવું એ જીવના હાથની વાત નથી. (શ્રોતાઃ ..ની ચોપડીઓ કેટલી છપાણી). ઘણી છપાણી. ગપ માર્યા હોયને. ડોક્ટરો એવા હોયને બધાય. તમારે દવા(ને ધંધો) છેને. એ ધંધો ચાલશે. ..... એ વિના તો પૈસા કોણ આપે?

આ તો મટી જાય આમ ફડાક દઈને. આમ કરે તો આમ થાય, આમ કરે તો... અમારે કલ્યાણજી કહેતા. છરી મારે, આમ કરે તો અંજાઈ જાય, આમ કરે તો અંજાઈ જાય. .....કાંઈ ન આવ્યું. આહાહા! કેટલા વરસ .... બિચારા જીવતા. ....... આમ કરે તો આમ થાય. ...... ધૂળેય થાય નહીં. એ તો પુદ્ગલનો સ્વભાવ જેમ થવાનો હોય એ થાય. તારાથી થાય ને તારાથી રખાય ને તારાથી નાશ થાય—એ છે નહીં. આહાહા!

આવો પુદ્ગલનો સ્વભાવ છે એને ઠેકાણે જીવ જો એનો સ્વામી થાય (તો) જડ છે, મૂઢ છે એ. લ્યો આ ડોક્ટર રહ્યા. આપણે નવરંગભાઈ ડોક્ટર છેને. ... (શ્રોતાઃ ઇન્જેક્શન આપીને મહારાજને સાજા કરી દીધા તોય નહીં?) કહો, લક્ષ્મીચંદભાઈ! આ ...ને ઇન્જેક્શન આપ્યું તો ઓલો થઈ ગયો લ્યો. આ નવરંગભાઈ ઇન્જેક્શન આપે છે. અરે! એ તો પુદ્ગલનું થવું એમ થાય. કોઈ આપી શકે નહીં ને કોઈ લઈ શકે નહીં.

શ્રોતા : પણ ...... ઉપકાર છે એ જ્ઞાનીપુરુષો ભૂલતા નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ કોની વાત છે? પુદ્ગલની આવે છે? એ તો કેવળજ્ઞાની પરમાત્માએ તત્ત્વો કહ્યા ને સાંભળ્યા અને જે સમજ્યા, એ ઉપકાર ઓળવતો નથી ઓલા જ્ઞાનીના જ્ઞાનમાં, એમ કહે છે. બહારનું ક્યાં ધૂળમાં હતું? સમજાણું કાંઈ? આમાં જ ગયું છે આપણે.

**ગલન-પૂરણ સ્વભાવ સહિત**... આહાહા! આંખના તેજ દેખાય, ઘડીમાં જ્યાં ઝામરો-બામરો... કાંઈ દુઃખ ન હોય કાંઈ. દેખતાને થઈ જાયને. ઝામરો થાયને ટાઢો ઝામરો, એ કાંઈ ન થાય... આમ કરે તો, અરે! હું કાંઈ દેખતો નથી. પર્યાયનો સ્વભાવ હતો એમ થવાનો. આહાહા! આંખ્યું આમ આમ થઈ ગઈ. અરે! પુદ્ગલના નાટક, એ પોતાના માન્યા એણે. ચીમનભાઈ ડોક્ટર છે કે શું? ચીમનભાઈ! તમારે શું ધંધો હતો ન્યાં? કહો, સમજાણું આમાં? આહાહા! એના આંખના તેજ ગયા. આ શું થયું? એક ફેરી ભગવાનનો દર્શન કરતો હતો ત્યાં આંખનું તેજ ગયું. હવે ભગવાનના કરો દર્શન સરખા. પછી આંખનું તેજ આવી ગયું વળી. એનાથી આવતા હશે? આવાને આવા. સમજાણું?

આ તો મારી પાસે ક્ષુલ્લક કહેતો હતો, કોઈ સાધુ કહેતો હતો. એના આંખમાં આમ થઈ ગયું... અરે! એ તો પુદ્ગલનો પ્રભુ! સ્વભાવ છે. તને ખબર નથી. તારી પ્રભુતા તારા ગુણમાં ને પર્યાયમાં ચાલે છે. પરમાં પ્રભુતા ચાલે તારી? કેમ પ્રાણભાઈ? થઈ ગયો હતોને પક્ષઘાતમાં અસાધ્ય? એ તો જડનો સ્વભાવ એ ટાણે એ જ થવાનો હતો. પુદ્ગલનો સ્વભાવ છે. તને ક્યાં અડે છે? માળો પણ... તદ્દન ભિન્ન છે, તદ્દન ભિન્ન છે. આહા! શેઢે ને સીમાડે તારે કાંઈ.... ભઈ, આ ખેતર છે એમાં શેઢામાં થોડું આનું ને આનું ખેતર એમ છે? શેઢે-સીમાડેય મેળ નથી. આહાહા! તારી સત્તાના સીમાડામાં તું પડ્યો છે. એની સત્તાના સીમાડામાં

એ પુદ્ગલ પડ્યા છે. ભારે પણ જગતને કઠણ એવું પડેને. આહાહા! અભ્યાસ નહીં. ઊંધે રવાડે ચડી ગયા એને પાછા વાળવા એને પોતાને કઠણ પડે. અભ્યાસ ઓલો કર્યોને ખોટો. આહાહા!

**ગલન-પૂરણસ્વભાવ સહિત** છે. એમ કહે છે કે આ ક્રમમાં પુદ્ગલો આવે, બંધાય ને કર્મ છૂટે—એ પુદ્ગલનો સ્વભાવ છે. કાંઈ તારે કારણે છે નહીં. આહાહા! તેં ધર્મની દશા પ્રગટ કરી માટે કર્મને ખરવું પડ્યું એમ નથી. સમજાણું કાંઈ? એ તો પૂરણ-ગલન એનો સ્વભાવ છે. આહાહા! એક પરમાણુમાં પણ એવો સ્વભાવ છે. અનંતગુણા રસની પર્યાય પરિણમે અને એક ગુણવાળી થઈ જાય. આહાહા! એ તો એનું સ્વરૂપ છે. એ પુદ્ગલનો સ્વભાવ શક્તિરૂપ છે એની વ્યક્તમાં થવાની લાયકાત પ્રમાણે એ થાય છે. આહાહા! છૂટા પડવાના ને ભેગા થવાના સ્વભાવવાળું એ પુદ્ગલ... **આ (પુદ્ગલ) શ્વેતાદિ વર્ણોના આધારભૂત...** અહીં જુઓ! શ્વેતાદિ પર્યાય છે છતાં એને ગુણ લીધો છે. એ શૈલી છે એમની. સમજાણું કાંઈ?

પુદ્ગલમાં ધોળું ને લીલું એ તો પર્યાય કહેવાય અને વર્ણ, રસ, ગંધ, સ્પર્શ ત્રિકાળી એને ગુણ કહેવાય. પણ અહીં એને–પર્યાયને ગુણ તરીકે કીધો છે. શ્વેત એટલે ધોળું, લીલું, પીળું આદિ વર્ણોના આધારભૂત... એવી પર્યાયનો આધારભૂત **મૂર્ત છે** પરમાણુ પુદ્ગલો. પુદ્ગલ મૂર્ત છે. **આના મૂર્તગુણો છે.** એના બધા મૂર્તગુણો છે. **આ અચેતન છે; આના અચેતનગુણો છે.** લ્યો, એ તો અચેતન (એટલે) ચેતન વિનાની ચીજ છે આ પરમાણુ, શરીર. આ લાકડા, આંગળીયું બધી અચેતન છે, આ માટી છે. એના અચેતનગુણ છે. ચૈતન્યના ગુણો એમાં નથી ને આના ગુણો ચૈતન્યમાં નથી. એમ પુદ્ગલને સ્વતંત્ર આ રીતે સ્વીકારવું, એ યથાર્થ જ્ઞાનનો વિષય આ છે. પુદ્ગલમાં કાંઈ ફેરફાર થાય તો મેં કર્યો એ વિપરીત જ્ઞાન છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ ૨, રવિવાર, તા. ૨-૧-૧૯૭૨**
**ગાથા - ૯, ૩૮, પ્રવચન નં. ૧૪ (હિન્દી)**

...ઉસમેં મોક્ષમાર્ગકા અધિકાર હૈ. આત્મામેં સુખ હૈ ઉસ સુખકી પ્રાપ્તિ કરનેકા ક્યા ઉપાય હૈ વહ બાત હૈ ઉસમેં. સંસારમેં ચૌરાસી લાખ અવતારમેં તો એકાંત દુઃખ હૈ. ચાહે તો દેવકા ભવ હો, મનુષ્યકા હો, યે દુનિયા શેઠ કહતી હૈ ઐસા ભવ હો, સબ દુઃખી હૈ. અપના આત્મા આનંદસ્વરૂપ ત્રિકાલી શુદ્ધ આનંદકંદ હૈ ઉસકા જિસકો આશ્રય નહીં ઔર પરકા આશ્રય હૈ વે પ્રાણી સબ દુઃખી હૈં, ચાર ગતિમેં રુલનેવાલે હૈં. સમજમેં આયા? આજ અધિકાર તો દૂસરા થા, પર સૂક્ષ્મ હૈ ... આવશ્યક લિયા. ૩૮ ગાથા લી હૈ. (બહારથી) માણસ આવ્યા છેને. શુદ્ધભાવ અધિકાર હૈ. ઉસમેં લિખા હૈ ન 'શુદ્ધભાવ'. થોડા સૂક્ષ્મ હૈ. આહાહા! અનંતકાલસે અંતરકી ચીજ... એક સેકંડકે અસંખ્યવેં ભાગમેં આત્મા ત્રિકાલી પરમસ્વભાવભાવ, ધ્રુવભાવ, કારણપરમાત્માભાવ, કારણજીવભાવ—સબ એક હી અર્થમેં હૈ. ઇસ ચીજકા પતા અનંત કાલમેં લિયા નહીં. સમજમેં આયા?

એક સમયમેં અનંત આનંદાદિ ધ્રુવપરમભાવ ધ્રુવસ્વભાવ ઉસકો ધ્યેય બનાયા નહીં ઔર ધ્યેયકા ફલ આના ચાહિયે વહ આયા નહીં. અનંતબૈર ક્રિયાકાંડ કિયા—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ, વહ તો પુણ્યકા ભાવ હૈ ઔર ઉસમેં અપનાપના માનના વહ તો મિથ્યાત્વભાવ હૈ. મિથ્યાત્વ નામ મહાપાપ હૈ. યે પાપસે બચનેકા ઉપાય ક્યા હૈ વહ બાત યહાં હૈ. ૩૮ ગાથા. હૈ શુદ્ધભાવ અધિકાર. પહલી ગાથા. **अथेदानीं शुद्धभावाधिकार उच्यते.**

**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ॥३८॥**
**હૈ હેય સબ બહિતત્ત્વ યે જીવાદિ, આત્મા ગ્રાહ્ય હૈ,**
**અરુ કર્મસે ઉત્પન્ન ગુણપર્યાયસે વહ બાહ્ય હૈ. ૩૮.**

**ટીકા : યહ, હેય ઔર ઉપાદેય તત્ત્વકે સ્વરૂપકા કથન હૈ.** છોડનેકી ચીજ ક્યા હૈ ઔર આદરનેકી ક્યા હૈ ઉસકા કથન હૈ. કહતે હૈં, **જીવાદિ સાત તત્ત્વોંકા સમૂહ પરદ્રવ્ય હોનેકે કારણ વાસ્તવમેં ઉપાદેય નહીં હૈ.** યે સૂક્ષ્મ આયા. ભગવાન આત્મા અપના ત્રિકાલી આનંદકંદ શુદ્ધ સચ્ચિદાનંદ ઐસી ચીજકો છોડકર એક સમયકી આત્માકી દશા–અવસ્થા–હાલત ઔર પુણ્ય-પાપકા ભાવ ઔર પુણ્ય-પાપ દોનોં મિલકર આસ્રવ દુઃખદાયકભાવ ઔર ઉસમેં રુકના વહ બંધભાવ ઔર સંવર, નિર્જરા, મોક્ષ... શુદ્ધતાકા અંશ પ્રગટ કરના વહ સંવર, શુદ્ધતાકી વૃદ્ધિ

કરના વહ નિર્જરા, શુદ્ધતાકી પૂર્ણતા કરના વહ મોક્ષ, પર વહ સાતોં પર્યાય હેય હૈ ઐસા કહના હૈ યહાં. આહાહા!

કૌન હેય હૈ? (શ્રોતાઃ સાતોં પર્યાય). પર્યાય છે. ઝીણી વાત છે ભગવાન! યે વીતરાગમાર્ગ કોઈ સૂક્ષ્મ હૈ. એક આત્મામેં એક સમયકી જો અવસ્થા હૈ પર્યાય–હાલત, ઉસકો ભી જીવતત્ત્વ કહકર.... વ્યવહારજીવ હૈ વહ. નિશ્ચયજીવ તો ત્રિકાલી જ્ઞાયકભાવ આનંદકંદ વહ ઉપાદેય હૈ. વહ આદરણીય હોનેસે ઉસકો સમ્યગ્દર્શન હોતા હૈ ને સુખકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા? ભારે ઝીણું. જીવાદિ શબ્દ પડા હૈ ન પહલા? તો જીવ કિસકો યહાં કહતે હૈં? જો ત્રિકાલી જ્ઞાયક ધ્રુવ અવિનાશી તત્ત્વસે ભિન્ન એક સમયકી પર્યાય–હાલત હૈ, ગંગવાલજી! સૂક્ષ્મ હૈ ભૈયા! ઉસકો યહાં જીવ કહતે હૈં. વહ એક સમયકી પર્યાય–હાલત વહ ભી છોડનેલાયક હૈ. આહાહા! સમજમેં આયા? ભગવાન આત્મામેં દો અંશ—એક ત્રિકાલી ધ્રુવ અંશ–અવિનાશી ભાગ ઔર એક સમયકી અવસ્થાકા એક ભાગ પર્યાય–હાલત. એક સમયકી જો પર્યાય હૈ ઉસકો યહાં જીવતત્ત્વ, વ્યવહારતત્ત્વ કહનેમેં આયા હૈ. કહો, સમજાણું કાંઈ?

જીવ આદિ... એક સમયકી પર્યાય–અવસ્થા હૈ ઉસકો યહાં વ્યવહારજીવ કહકર છુડાયા હૈ. છોડ દે દૃષ્ટિ ઉસકી, તુજે કલ્યાણ કરના હો તો, સુખકે પંથ પર જાના હો તો, દુઃખકે પંથકા નાશ કરના હો તો. સમજમેં આયા? **જીવાદિ**... પહલે જીવકી વ્યાખ્યા હોતી હૈ. 'આદિ' પીછે. જીવકી એક સમયકી અવસ્થા હૈ હાલત–દશા યે અંશ હૈ, વહ નિશ્ચય–ખરેખર આત્મા નહીં. યે પર્યાયકા અંશ હૈ વહ ભેદ હૈ–ભંગ હૈ, ઉસકો ભી યહાં પરદ્રવ્ય કહનેમેં આયા હૈ. બાયડી-છોકરા પરદ્રવ્ય, શરીર પરદ્રવ્ય, કર્મ પરદ્રવ્ય, પુણ્ય-પાપકા ભાવ પરદ્રવ્ય. યે તો અપની એક સમયકી જીવકી નિર્મલ પર્યાય વહ ભી પરદ્રવ્ય. સમજમેં આયા? વહ ત્રિકાલી ચીજ નહીં ઇસલિયે પરદ્રવ્ય (કહા). ત્રિકાલી ચીજ જો આત્મા હૈ વહ સ્વદ્રવ્ય. ત્રિકાલી ભગવાન આત્મા હૈ.. હૈ.. હૈ.. ઐસા અનાદિ-અનંત ઐસી એકરૂપ ચીજ હૈ વહ સ્વદ્રવ્ય, સ્વ-આત્મા ઔર એક સમયકી પર્યાય વહ પરદ્રવ્ય, પરપર્યાય, વ્યવહાર આત્મા. સમજમેં આયા?

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર ઉનકે જ્ઞાનમેં યહ ચીજ આયી, વહ વાણી દ્વારા કહનેમેં આયા તો આગમ યે હૈ. આગમમેં ઐસે કહનેમેં આયા હૈ. ભારે. જગતને અભ્યાસ ન મળે. આહાહા! કહતે હૈં, પ્રભુ! યહાં તો પ્રભુ કહકર હી બુલાતે હૈં આત્માકો. 'ભગવાન આત્મા' ઐસે કહતે હૈં. તેરી ચીજ તો પ્રભુ પરમેશ્વરકા પિંડ હી હૈ. આહાહા! જિસમેં પરમ ઈશ્વરતા ભરી હૈ. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત વીરતા, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા—ઐસી અનંત શક્તિકા એકરૂપ ત્રિકાલ ઉસકો યહાં સ્વ-આત્મા, ખરેખર આત્મા, યથાર્થ આત્મા (કહા). ઉસકી દૃષ્ટિ કરનેસે ધર્મ હોતા હૈ. સમજમેં આયા?

શોભાલાલજી! ભારે ઝીણું ભાઈ! દયા પાળીએ, વ્રત પાળીએ, અપવાસ કરીએ, કહે છે, એ તો તારો રાગભાવ છે. એ કાંઈ ધર્મ નથી ને ધર્મનું કારણેય નથી. સમજમેં આયા?

અનંત કાલસે ચાર ગતિમેં રુલતા હૈ વહ મિથ્યાબુદ્ધિસે રુલતા હૈ. ઉસકા મૂલ કારણ મિથ્યાબુદ્ધિ હૈ. અર્થાત્ પુણ્ય-પાપકે પરિણામસે મુજે ધર્મ હોગા, દયા, દાન, વ્રત ભક્તિ, પૂજાકે પરિણામસે મુજે ધર્મ હોગા—વહ મિથ્યાબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિ હૈ. વહ તો અજ્ઞાનબુદ્ધિ હૈ હી, પણ એક સમયકી વર્તમાન અવસ્થા યે મૈં આત્મા હૂં ઐસી માન્યતા ભી મિથ્યાબુદ્ધિ ને અજ્ઞાન હૈ. સમજમેં આયા? કહો, વસંતીલાલજી! આવું સૂક્ષ્મ તત્ત્વ કોણ સાંભળવા નવરો થાય? બહારની હો-હા.. આહાહા! અનંત-અનંત કાળથી... શ્રીમદ્ કહતે હૈં ન, ‘અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહીં ગુરુ સંતને મૂક્યા નહીં અભિમાન.’

ક્યા ચીજ હૈ આત્મા અંતરમેં? એક સેકંડકે અસંખ્યવેં ભાગમેં પૂર્ણાનંદ ધ્રુવ ચૈતન્યઘન જ્ઞાયકભાવ ઉસ ચીજકો યહાં આત્મા કહતે હૈં ઔર વહ આત્મા આદરણીય હૈ. આદરણીય નામ ઉસકી દૃષ્ટિ કરનેલાયક હૈ. ઉસકે સિવા એક સમયકી પર્યાય હૈ, પુણ્ય-પાપ હૈ, પુણ્ય-પાપ દો (મિલકર) આસ્રવ હૈ, વહ રુકા ઉસકો બંધ કહતે હૈં ઔર સંવર-નિર્જરા-મોક્ષકી પર્યાય–અવસ્થા જો હૈ ઉસકો ભી યહાં તો હેય કહા હૈ. ધર્મકી પર્યાયકો ભી હેય કહા હૈ યહાં. આહાહા! સમજમેં આયા? સૂક્ષ્મ હૈ ભાઈ! યે તો અંતર માર્ગ સર્વજ્ઞને કહા. પરમાત્મા, ત્રિલોકનાથ તીર્થંકરદેવ જિસને એક સમયમેં તીન કાલ, તીન લોક જાના, ઉસને મૂલ તત્ત્વકી ચીજ યે હૈ ઐસે જાની ઔર કહનેમેં આયી હૈ.

ભગવાન! તેરેમેં દો તત્ત્વ હૈં—એક ત્રિકાલી તત્ત્વ ઔર એક સમયકા તત્ત્વ. તો એક સમયકી જો પર્યાય, તેરી અવસ્થા તેરેમેં હોં, વહ ભી હેય હૈ. ક્યોંકિ પર્યાયમેંસે નયી પર્યાય આતી નહીં. નયી પર્યાય તો ત્રિકાલી દ્રવ્ય જ્ઞાયકભાવકા અંતર અનુભવ કરનેસે આતી હૈ. પંડિતજી! ભારે આવું ભાઈ આ! સાધારણ સમાજને આ સમજાશે? આ માર્ગ છે, સમજે, ન સમજે, યે માર્ગ હી દુઃખસે મુક્ત કરનેકા ઉપાય હૈ. તીન કાલ, તીન લોકમેં દૂસરા કોઈ ઉપાય કહે તો વહ સચ્ચા હૈ નહીં. સમજમેં આયા? જીવ આદિ એટલે જીવ એક હુઆ, એક અજીવ, આસ્રવ, ઉસમેં પુણ્ય-પાપ આ ગયા. પુણ્ય-પાપકા ભાવ આસ્રવ, બંધ (અર્થાત્) રુકા ઇતના ઔર સંવર, નિર્જરા ને મોક્ષ—વહ સાતોં તત્ત્વોંકો યહાં બહિઃતત્ત્વ કહનેમેં આયા હૈ. આહાહા! ભારે વાત ભાઈ!

**સાતોં તત્ત્વોંકા સમૂહ પરદ્રવ્ય હોનેકે કારણ**... યે પરવસ્તુ હોનેકે કારણ... યે પરવસ્તુ હૈ, અપની ત્રિકાલી ચીજ નહીં. સમજમેં આયા? સમ્યગ્દર્શન વહ ધર્મકી પહલી સીઢી હૈ. સમ્યગ્દર્શનકા વિષય ત્રિકાલી ભગવાન આત્મા, ઉસકો ઉપાદેય યહાં કહનેમેં આયા હૈ. સમજમેં આયા? કોઈ દિ’ સાંભળ્યું ન હોય, વાંચ્યું ન હોય, ઘરના ચોપડા ફેરવ્યા હોય પાપના.

એમાં આ શું કહે છે એ સમજમાં આવે નહીં. શેઠ! આહાહા! ભગવાન! તેરે ઘરકી ચીજ ક્યા હૈ, ખબર નહીં. સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત.. સત્–શાશ્વત, જ્ઞાન, આનંદકા ધામ વસ્તુ ત્રિકાલી ચીજ ઉસકો યહાં આત્મા કહનેમેં આયા હૈ. વહી આત્મા ઉપાદેય નામ નજર કરનેલાયક હૈ. વહાં નજર ડાલનેલાયક હૈ, વહાં દૃષ્ટિ દેનેલાયક હૈ, ઉસકો જ્ઞેય બનાનેલાયક હૈ—એમ કહતે હૈં. આહાહા!

ચીજ ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ ઉસકો તેરી જ્ઞાનકી દશામેં જ્ઞેય બનાનેલાયક હૈ, ધ્યેય બનાનેલાયક હૈ. ધ્યેય બનાનેલાયક હૈ. આ તો જરી આકરી વાત છે. ધ્યેય બનાનેલાયક દ્રવ્ય હૈ. સમજમેં આયા? ઔર વહી ઉપાદેય હૈ. ઉપાદેય અર્થાત્ વહાં નજર કરકે ઉસમેં લીન હોનેલાયક હૈ, તો ઉસકો ધર્મ હોગા. નહીં તો કોઈ દૂસરેસે ધર્મ હોવે ઐસી ચીજ તીન કાલમેં હૈ નહીં. સમજમેં આયા? **જીવાદિ સાત તત્ત્વોંકા સમૂહ પરદ્રવ્ય હોનેકે કારણ...** પરદ્રવ્ય હોનેકે કારણ... આહાહા! સમજમેં આયા? **વાસ્તવમેં ઉપાદેય નહીં હૈ**. વાસ્તવમેં યે આદરણીય નહીં, આશ્રય કરનેલાયક નહીં, અપના માનનેલાયક નહીં. આહાહા! સમજમેં આયા?

શરીર ને વાણી ને લક્ષ્મી, કર્મ ને બાયડી-છોકરા, સ્ત્રી યે તો પર હૈં અને પર હોકર રહે હૈં. કર્મ કર્મ હોકર રહા હૈ, શરીર શરીર જડ હોકર રહા હૈ, કોઈ આત્મા હોકર રહા નહીં. યે તો જડ માટી–ધૂલ હૈ. પણ યહાં તો અપની પર્યાય હોકર રહી હૈ જો દશા, ઉસે ભી પરદ્રવ્ય ગિનનેમેં આતા હૈ. ત્રિકાલી સ્વદ્રવ્ય, તો ઉસકે સામને એક અંશ પરદ્રવ્ય, યૂં. પોપટભાઈ! સમજમેં આયા? સુનનેસે વિચાર કરનેકા અવસર તો મિલતા હૈ. યે તો અપૂર્વ બાત હૈ. અનંત કાલમેં કભી સુની નહીં. સમજમેં આયા? બાકી (સબ) બાત બહોત બાર સુનનેમેં આયી હૈ. કુંદકુંદાચાર્ય કહતે હૈં ચૌથી ગાથામેં કિ કભી સુના નહીં. પરસે વિભક્ત, સ્વસે એકત્વ યહ બાત તુને કભી સુની નહીં. કહો, યે પર્યાયસે ભી વિભક્ત! આહાહા! પુણ્ય-પાપકા વિકલ્પ ઔર દયા-દાન, વ્રત, પૂજા ઉસસે ભિન્ન યે ચીજ હૈ. (ક્યોંકિ) વહ તો રાગ હૈ. સમજમેં આયા?

પુણ્ય-પાપકા ભાવ તો દોનોં અધર્મ હૈં, વહ કોઈ ધર્મ નહીં. પણ વહ અધર્મકા નાશ હોકર સ્વદ્રવ્યકે આશ્રયસે ધર્મકી પર્યાય–શુદ્ધિ ઉત્પન્ન હો, ઉસે ભી યહાં પરદ્રવ્ય ગિનકર હેય કહા હૈ. સમજમેં આયા? આહાહા! સમય-સમયકી પર્યાય જો ઉસમેં હોતી હૈ, ચાહે તો પુણ્ય-પાપ—દયા-દાન કિ હિંસા, જૂઠું, ચોરી આદિકા ભાવ કિ સંવર, નિર્જરા, મોક્ષકા ભાવ, અરે! કેવલજ્ઞાનકા ભાવ... સમજમેં આયા? કેવલજ્ઞાન ભી એક સમયકી પર્યાય હૈ, વહ પર્યાય ત્રિકાલી દ્રવ્યકી અપક્ષાસે પરદ્રવ્ય હૈ. આહાહા! સમજમેં આયા? આયા ન સાતમેં? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. કેવલજ્ઞાન ભી આયા મોક્ષમેં. પર્યાય (હૈ), સિદ્ધ પર્યાય, કેવલજ્ઞાન પર્યાય. આહાહા! ત્રિકાલી પ્રભુ જિસમેં અનંત આનંદકી ખાન પડી હૈ, જિસમેં અનંત શાંતિકા સાગર પડા હૈ—ઐસી ત્રિકાલી ચીજકી અપેક્ષાસે વર્તમાન મોક્ષકી

પર્યાયકો ભી યહાં, પૂરી ચીજકો જબ સ્વદ્રવ્ય કહા તો એક સમયકી અવસ્થાકો પરદ્રવ્ય કહા. આહાહા! સમજમેં આયા?

અરેરે! ઉસકી ચીજ ક્યા હૈ, ટિકાઉ ચીજ ક્યા હૈ ને બદલતી ક્યા હૈ—ઉસમેં વિવેક કભી કિયા નહીં. અભી તો પરસે પૃથક્ હૈ (એસા) માનનેમેં પસીના ઉતરતા હૈ. શરીરસે પર હૈ, શરીરકી ક્રિયા આત્મા કર સકતા નહીં. શરીર જડ હૈ, માટી હૈ, ધૂલી હૈ, ઉસકી ક્રિયા આત્મા કર સકતા નહીં. યે ચલના-ફિરના ઐસા હોતા હૈ વહ જડસે હોતા હૈ. આત્માસે કભી તીન કાલમેં નહીં હોતા. યે ભી માનનેમેં પસીના ઉતરે ઉસકો. લક્ષ કિયા હી નહીં. આ ધૂળધાણીના વેપાર-ધંધા.. પાપમેં ઇતના મશગૂલ ઔર જ્યાદા (હુઆ) તો પુણ્યક્રિયામેં મશગૂલ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા.—યે સબ રાગકી ક્રિયામેં મશગૂલ હૈ. સમજમેં આયા? આહાહા! ઉસસે પૃથક્ હૈ. ઔર સંવર, નિર્જરા ને મોક્ષ અપની નિર્મલ પર્યાય (જો) શુદ્ધમેંસે આયી... યે શુદ્ધભાવકા અધિકાર હૈ ન. શુદ્ધમેંસે આયી વહ પર્યાય ભી પરદ્રવ્ય ગિનનેમેં આયી. યે શુદ્ધભાવ નહીં. આહાહા!

અંતર્મુખ ચીજ મહાપ્રભુ ઉસ પર અંતર દૃષ્ટિ ડાલનેસે ઉપાદેય હોતા હૈ. તબ ઉસકો સમ્યદર્શન–ધર્મકી પહેલી સીઢી ઉત્પન્ન હોતી હૈ. આહાહા! સમજમેં આયા? ‘સમકિત સાવન આયો..’ ગાતે હૈં ન તુમ્હારે બહોત? પિતાજી બહોત ગાતે હૈં. ‘સમકિત સાવન આયા...’ પણ કિસકો કહના? સમજમેં આયા? ભગવાન! યે સમ્યગ્દર્શનકી પર્યાય કિસકો ઉત્પન્ન હોતી હૈ, કૈસે હોતી હૈ ઔર ઉસકા ક્યા સ્વરૂપ હૈ—(યહ બાત) બહોત સૂક્ષ્મ હૈ ભગવાન! ત્રિકાલી ભગવાન પરમાનંદકી ખાણ ધ્રુવ નિત્ય... એક સમયકી પર્યાયકો ગૌણ કરકે, ત્રિકાલી દ્રવ્યકા આશ્રય કરકે અનુભવમેં ‘યે આત્મા શુદ્ધ હૈ’ ઐસા આયા, તબ ઉસકો સમકિત કહનેમેં આતા હૈ. તબ ઉસકી ધર્મકી શુરૂઆતકા પહેલા અંક ગિનનેમેં આયા, નહીંતર શૂન્ય હૈ સારા. સમજમેં આયા? કિતના સંક્ષેપ કર દિયા હૈ ઓહોહો! જીવાદિ સાત તત્ત્વ હૈં સહી, તત્ત્વ હૈ. એક સમયકી પર્યાય ભી તત્ત્વ હૈ, સંવર, નિર્જરા, મોક્ષ ભી તત્ત્વ હૈ ઔર પુણ્ય-પાપકા આસ્રવ, બંધકી પર્યાય ભી તત્ત્વ હૈ. હૈ ઉસકો યહાં સિદ્ધ કરના હૈ. ઉસ તત્ત્વકે પીછે એક મહાપ્રભુ રહા હૈ અંદર આત્મા, ઉસકો યહાં સ્વદ્રવ્ય ને સ્વતત્ત્વ કહનેમેં આયા હૈ. ઉસકા આશ્રય કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા?

**જીવાદિ તત્ત્વોકા સમૂહ પરદ્રવ્ય હોનેકે કારણ**... એમ. કિસ કારણસે ઉપાદેય નહીં? આદરણીય ક્યોં નહીં? આશ્રય કરનેલાયક ક્યોં નહીં? પૂર્ણ અપના માનનેલાયક ક્યોં નહીં? વહ વાસ્તવમેં ઉપાદેય નહીં, ક્યોંકિ પરદ્રવ્ય હોનેકે કારણ. આહાહા! સમજમેં આયા? યે તો ધર્મકી પહલી સીઢીકી બાત હૈ. ઓહોહો! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર એક સમયમેં–સેકંડકે અસંખ્યવેં ભાગમેં... એક સમયમેં જિસે તીન કાલ, તીન લોક જાનનેમેં

આયે... જ્ઞાન દ્વારા તીન લોક જાના ઔર ઇચ્છા બિના વાણી નિકલી ઉસકો આગમ કહતે હૈં. ઉસ આગમમેં યે તત્ત્વકા વર્ણન હૈ. આવું કહ્યું છે. આહાહા! સમજમેં આયા? ઔર સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સિવા દૂસરે સ્થાનમેં યહ ચીજ હૈ નહીં. સમજમેં આયા?

કહતે હૈં, ભગવાન! તેરી એક સમયકી અવસ્થા... અવસ્થા ક્યા હોતી હૈ, પર્યાય ક્યા હૈ? શેઠ! .... પર્યાયકા ક્યા સ્વરૂપ હૈ. પીછે લગા હૈ. તુમ્હારા ભોપાલવાલા દેરીયાજી. (કહે), પર્યાય તો સિદ્ધમેં ભી લગી હૈ. વહાં ભી પીછા નહીં છોડા. ખબર ન મળે કાંઈ માર્ગની ને મોટા પ્રોફેસર ને બોલનારા થઈ જાય. સિદ્ધમેં ભી પર્યાયને પીછા નહીં છોડા? પણ પર્યાય તો ઉસકી અવસ્થા હૈ, વહ તો (સદા) હોતી હૈ. પર્યાય ન હો તો દ્રવ્ય કૈસા? અરેરે! પર્યાય ક્યા, દ્રવ્ય ક્યા, ગુણ ક્યા, ભગવાન જાને. ભગવાન તો જાનતે હી હૈં ન. તેરેકો જનાતે હૈ ભાઈ! તું જાન ભાઈ! ઐસે ચૌરાસીકે અવતારમેં રખડતે રખડતે-રુલતે મનુષ્યભવ મિલા તુજે, ઉસમેં ઐસી ચીજકા પતા લિયા નહીં.

એક સમયમેં પૂર્ણાનંદ પ્રભુ... એક સમયકી અવસ્થાકો છોડકર, સંવર, નિર્જરા, મોક્ષકી પર્યાયકો ભી લક્ષમેંસે છોડકર ઔર દયા-દાનકે વિકલ્પકા લક્ષ છોડકર, ત્રિકાલી ભગવાનકા લક્ષ, દૃષ્ટિ કી નહીં (તો) ઉસને કુછ કિયા નહીં. ઉસકા મનુષ્યપના નિરર્થક.. નિર્થક.. નિરર્થક હૈ. સમજમેં આયા? સમ્યગ્દર્શન બિના, ભગવાન તો ઐસે કહતે હૈં કિ સબ ચલતે મડદા હૈં સબ મુર્દા.. મુર્દા.. સમજમેં આયા? પરમપ્રભુ ચૈતન્યમૂર્તિ ઉસકો જિસને ઉપાદેય ન કિયા, આશ્રય નહીં કિયા, આદર નહીં કિયા ઔર એક સમયકી પર્યાય, પુણ્ય-પાપકા આદર કિયા વહ મુર્દા હૈ. મિથ્યાદૃષ્ટિ ચૈતન્ય મહાપ્રભુકા વહ અનાદર કરતા હૈ. સમજમેં આયા? ભારે વાતું ભાઈ! આવો જૈનધર્મ હશે? જૈનપણું એટલે વસ્તુનો સ્વભાવ. આ જૈનધર્મ કાંઈ પક્ષ નથી, વાડો નથી. વહ તો વસ્તુકા સ્વભાવ હૈ. એક સમયકી પૂર્ણ વસ્તુ ઉસકો, પર્યાયકી દૃષ્ટિ છોડકર દ્રવ્યદૃષ્ટિ કરના વહ જૈનધર્મ અને વહ જૈન હૈ, વહ તો વસ્તુકી સ્વરૂપસ્થિતિ હૈ. સમજમેં આયા?

તો કહતે હૈં, **જીવાદિ સાત તત્ત્વોંકા સમૂહ પરદ્રવ્ય હોનેકે કારણ વાસ્તવમેં ઉપાદેય નહીં**. આદરણીય નહીં. **સહજ વૈરાગ્યરૂપી મહલકે શિખરકા જો શિખામણિ હૈ...** કહતે હૈં કિ ધર્માત્મા વૈરાગી હોતા હૈ. આહાહા! ક્યા? પરસે વૈરાગ્ય—રાગસે, નિમિત્તસે ને એક સમયકી પર્યાયસે. **સહજ વૈરાગ્યરૂપી મહલ...** મહેલ એટલે આ બંગલા. ઉસકે શિખરકા શિખામણિ. **પરદ્રવ્યસે જો પરાઙ્મુખ હૈ...** દેખો! યે જો સાત તત્ત્વ કહે વહ પરદ્રવ્ય હૈં ઔર ઉસસે જો પરાઙ્મુખ હૈ (અર્થાત્) ઉસકી દૃષ્ટિ ઉસસે છૂટ જાતી હૈ ઐસા ધર્માત્મા **પાંચ ઇન્દ્રિયોંકે ફૈલાવ રહિત દેહમાત્ર જિસે પરિગ્રહ હૈ...** મુનિકી મુખ્યતાસે બાત કી હૈ. શરીર ભી જિસકો નહીં આત્મામેં. **જો પરમ જિનયોગીશ્વર હૈ, સ્વદ્રવ્યમેં જિસકી તીક્ષ્ણ બુદ્ધિ હૈ...** યોગી નામ ત્રિકાલી

સ્વરૂપમેં જિસને અપની પર્યાય જોડ દી હૈ ઉસકો યહાં યોગી કહતે હૈં. અપના ત્રિકાલી ભગવાન સ્વભાવ ઉસમેં અપની એક સમયકી પર્યાયકો જોડ દી હૈ ઉસકો યોગી કહનેમેં આતા હૈ. બાવા જોગી ફિરતે હૈં ઉસકો યહાં યોગી નહીં કહતે. સમજમેં આયા?

અપના સ્વરૂપ પૂર્ણ આનંદઘન ઉસમેં જિસકી વર્તમાનદશાને એકત્વ કિયા.. એકત્વ કિયા ઔર પરદ્રવ્યસે વિભક્ત કિયા, ઉસકો યહાં યોગી (કહતે હૈં). સમકિતીકો ભી યોગી કહનેમેં આતા હૈ. આહાહા! કહતે હૈં કિ **સ્વદ્રવ્યમેં જિસકી તીક્ષ્ણબુદ્ધિ હૈ**... આહાહા! વર્તમાન પર્યાયમેં પાંચ પ્રકાર જો હૈ વહ પર્યાયબુદ્ધિ હૈ. પર્યાયબુદ્ધિ નામ અંશબુદ્ધિ હૈ. યે અંશબુદ્ધિકો છોડકર ત્રિકાલી ભગવાન પૂર્ણાનંદ અંતરસ્વરૂપ ઉસમેં જિસકી તીક્ષ્ણબુદ્ધિ હૈ, સ્વદ્રવ્યમેં તીક્ષ્ણબુદ્ધિ હૈ (ઐસા) યહાં કહતે હૈ. સાત તત્ત્વ(રૂપ) પરદ્રવ્યસે પરાङ્મુખ હૈ ઔર સ્વદ્રવ્યમેં સન્મુખ હૈ. ભાષા ટૂંકી, ભાવ મોટા. સમજમેં આયા? કહ્યુંને, પરદ્રવ્યસે પરાङ્મુખ હૈ. સાત પ્રકારકી પર્યાયસે લક્ષ છોડ દિયા હૈ ઔર સ્વદ્રવ્યમેં જિસકી તીક્ષ્ણબુદ્ધિ હૈ. ભગવાન આત્મા પૂર્ણ અમૃતકા સાગર ઉસમેં જિસકી બુદ્ધિ–તીક્ષ્ણ બુદ્ધિ હૈ. આહાહા! વર્તમાન બુદ્ધિ કહો, વર્તમાન જ્ઞાનકી પર્યાય કહો—ઇસકો યહાં બહિઃતત્ત્વ કહનેમેં આયા હૈ. સમજમેં આયા? આહાહા!

ઐસી બુદ્ધિકો... સ્વદ્રવ્યમેં જિસકી તીક્ષ્ણબુદ્ધિ હૈ... સ્વદ્રવ્ય વહ ત્રિકાલી, ઉસમેં તીક્ષ્ણબુદ્ધિ હૈ વહ પર્યાય હૈ. આહાહા! એક ઓર પરાङ્મુખ કહા, પણ ન્યાંથી પરાङ્મુખ થયો ત્યારે અહીં ગઈ બુદ્ધિ, એ બુદ્ધિને અહીંયા તીક્ષ્ણબુદ્ધિ કહેવામાં આવી છે. ફરીને. યહાં તો સાત તત્ત્વસે પરાङ્મુખ કહા. અપની (જ્ઞાન)પર્યાય–બુદ્ધિ મતિજ્ઞાનાદિ ઉઘાડ હૈ ઉસકો પરદ્રવ્ય કહા. સમજમેં આયા? યે પર ઉસસે પરાङ્મુખ હોકર, જો પર્યાય–જ્ઞાનકી બુદ્ધિ તીક્ષ્ણ સ્વદ્રવ્યમેં લગી ઉસકો તીક્ષ્ણબુદ્ધિ કહનેમેં આતી હૈ. આ દુનિયાના તીક્ષ્ણ ને મોટા ડાહ્યા કહેવાય આ વકીલો ને ડોક્ટરો, દસ-દસ, વીસ-વીસ, પચાસ લાખ રળનારાઓ ને હુશિયાર—એ બુદ્ધિને મૂર્ખબુદ્ધિ કીધી છે. પાખંડબુદ્ધિ કીધી છે એને. અહીં તો એને હેય (કહ્યું). સમજમેં આયા?

ઇતના કમાતા હૈ, ઇતના પૈસા હોતા હૈ (તો) હમારા ડહાપણ (-હુશિયારી) હૈ. મૂરખ હૈ, સુન ન! જિસમેં શાંતિ ન મિલે વહ બુદ્ધિ કૈસી? જિસ બુદ્ધિમેં દુઃખ મિલે એસી તેરી બુદ્ધિ કૈસી? સમજમેં આયા? કેમ હશે મલૂકચંદભાઈ? આ હુશિયારીથી પૈસા મળ્યા હશે કે નહીં? આ પૈસાવાળા હોય તો સામું જુએ. પૈસા ન હોય તો કોઈ સામું જુએ? ગરીબ માણસની સામું જુએ કોઈ? સભામાં પૈસાવાળા હોય તો બોલાવે, આવો.. આવો. ગરીબ માણસને કોણ બોલાવે? અરે! ધૂળેય નથી, સાંભળને! તેરા પૈસા ક્યા હૈ? બુલાયે ઉસમેં તુજે ક્યા હુઆ? સમજમેં આયા? પૈસા હમારી હુશિયારીસે હમ પૈદા કરતે હૈં, વ્યવસ્થિત વ્યવસ્થા કરનેમેં

હમારી બુદ્ધિ તીક્ષ્ણ હૈ, તો હમેં દો-પાંચ-દસ લાખ મહિનેમેં પૈદા (હોતે હૈં). મૂરખ હૈ. સમજમેં આયા? આહાહા! યહાં તો યે વાત હૈ ભૈયા! શેઠ!

યહાં તો તીક્ષ્ણબુદ્ધિ ઉસકો કહતે હૈં કિ જિસને વર્તમાન પર્યાયકે અંશકી બુદ્ધિ છોડકર ત્રિકાલીદ્રવ્યમેં બુદ્ધિ લગાઈ ઉસ બુદ્ધિકો તીક્ષ્ણબુદ્ધિ કહતે હૈં. સમજમેં આયા? દુનિયાકા વિશેષ જ્ઞાન ભી ન હો, શાસ્ત્રકા જ્ઞાન વિશેષ ન હો, ઉસકે સાથ સંબંધ નહીં. પણ જિસને અપની વર્તમાન તીક્ષ્ણ.. તીક્ષ્ણ ક્ષયોપશમબુદ્ધિ મહાસત્તા ત્રિકાલી શાશ્વત ધ્રુવ ઐસા નિજ આત્મામેં લગાયી, વહ ધર્માત્મા હૈ. આહાહા! સમજમેં આયા? દુનિયા સાથે મેળ ખાવું મુશ્કેલ છે. વિરુદ્ધ વાત છે. આહાહા! **સ્વદ્રવ્યમેં જિસકી તીક્ષ્ણબુદ્ધિ હૈ ઐસે આત્માકો**... જુઓ! ભાષા કેવી લીધી છે? **સ્વદ્રવ્યમેં જિસકી તીક્ષ્ણબુદ્ધિ હૈ ઐસે આત્માકો...** લિયા હૈ લક્ષમેં ઐસે આત્માકો. અંતરની વાતું છે. કભી સુની નહીં–સાંભળી નહીં. બહારની વાતું સુની–સાંભળી. ખુશી હો ગયા કિ હમ ધર્મ કરતે હૈં. આહાહા! ધર્મકા અભિમાન કિયા, પણ ધર્મ કિયા નહીં. ધર્મ કરે તો ઉસકે જન્મ-મરણકા અંત આયે બિના રહે નહીં. સમજમેં આયા?

ઐસી ક્રિયાકાંડ તો અનંતબૈર કી હૈ. પૂજા, ભક્તિ, દાન, દયા, વ્રત, મુનિપના, ત્યાગ. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ.' છઢાળામેં આતા હૈ. 'મુનિવ્રત ધાર..' નગ્નપના અનંતબૈર લિયા, પંચ મહાવ્રતકા વિકલ્પ ભી અનંતબૈર લિયા, ઉસમેં હુઆ ક્યા? આત્મા કહાં વહાં હૈ? સમજમેં આયા? ભગવાન આત્મા તો વિકલ્પસે પાર ઔર એક સમયકી પર્યાયસે ભી પાર હૈ. આહાહા! સમજમેં આયા? આહાહા! કહતે હૈં... યહાં ક્યા કહના હૈ? સ્વદ્રવ્યમેં જિસકી તીક્ષ્ણબુદ્ધિ હૈ ઐસા આત્મા, એમ. એવા આત્માને આ આત્મા ઉપાદેય છે. આમને આમ આત્મા ઉપાદેય.. આત્મા ઉપાદેય એમ નહીં. સમજમેં આયા? કે આત્મા વસ્તુ ઉપાદેય–આદરણીય હૈ ઔર સાત તત્ત્વ હેય હૈ. કૈસે? કિ જિસકી તીક્ષ્ણબુદ્ધિ સ્વદ્રવ્યમેં લગી હૈ ઉસકો આત્મા ઉપાદેય હૈ. ઉપાદેયકા અર્થ ક્યા ગોખના હૈ કિ યે ઉપાદેય ને યે હેય હૈ?

અંતર વસ્તુ ત્રિકાલી ચિદાનંદ પ્રભુ નિત્ય મહા ભગવાન ઉસમેં ઉસકી તીક્ષ્ણબુદ્ધિ લગી **ઐસે આત્માકો...** 'ઐસે આત્માકો' ઐસે લિયા હૈ ન? **ઐસે આત્માકો**... ઓહોહો! ટીકા પણ ભારે ભાઈ ટીકા! ગજબ વાત. દિગંબર સંતોને અલૌકિક.. અલૌકિક કામ કિયા હૈ! ઐસી બાત... આ આચાર્યોની કથન શૈલી તો જુઓ! દિગંબર મુનિ આત્મજ્ઞાની ધ્યાની, આત્મામેં મસ્ત. આહાહા! વિકલ્પ આયા તો શાસ્ત્ર રચ ગયા શાસ્ત્રસે. શાસ્ત્રકે રચનેવાલે ભી વે હૈં નહીં. આહાહા! કહતે હૈં.... ધીમે-ધીમે સમજનેકી ચીજ હૈ ભાઇ! યે કોઈ વાર્તા-કથા નહીં બહારકી. ઓહો! ભગવાન! તેરી ચીજ જો ત્રિકાલી હૈ વહ સ્વદ્રવ્ય હૈ અને એક સમયકી પર્યાય આદિ સાત ભાવ હૈં વહ પરદ્રવ્ય હૈ. પણ સ્વદ્રવ્ય ઉપાદેય હૈ, પરદ્રવ્ય હેય હૈ.... હેય તો પહલે કહા.

અબ સ્વદ્રવ્ય ઉપાદેય વહ કિસકો ઉપાદેય હુઆ? કિ જિસને અપની તીક્ષ્ણબુદ્ધિ સ્વદ્રવ્યમેં લગાઈ હૈ ઉસ લગાનેવાલેકો આત્મા આદરણીય હૈ. કહો, સમજમેં આતા હૈ? ઐસી ભગવાનકી બાત હૈ. ઓહો!

(શ્રોતાઃ ઐસી બાત સીમંધર ભગવાનકે સમવસરણમેં આપને ...... પહુંચાયા હૈ). સમજમેં આયા? ધર્મરત્ન ભગવાન આત્મા પૂર્ણાનંદ... એક સમયકી પર્યાય–અવસ્થા જિસમેં કાર્ય હોતા હૈ ઉસ કાર્યકા ભી લક્ષ છોડ દે, કહતે હૈં. સમજાણું કાંઈ? લક્ષ છોડકર, ત્રિકાલી ભગવાન આનંદકંદ ધ્રુવ કારણપરમાત્મા, કારણજીવ, શુદ્ધ પરમસ્વભાવભાવ ત્રિકાલી એકરૂપ પ્રભુ ઉસમેં જિસકી તીક્ષ્ણબુદ્ધિ લગી હૈ ઐસે સમકિતીકો વહ આત્મા ઉપાદેય હૈ. આહાહા! કાંતિભાઈ! આવો માર્ગ છે ભગવાન! કઠણ લાગે, સમજવામાં ન આવે તો પણ માર્ગ તો આ છે. કોઈ એમ કહે કે કંઈ સરળ માર્ગ કરી દોને. સરળ, પણ જે હોય એ આવે કે ન હોય એ આવે? કંઈક આમ બહારની ક્રિયા કરીએ, ઉસમેંસે ધર્મ આ જાય—યે તો વિપરીત માર્ગ હૈ. સરલ કહાં આયા? સમજમેં આયા? જયંતિભાઈ! આવી ચીજ છે. તમારા દવા-બવામાં આવી દવા આવતી હશે ન્યાં?

અરે ભગવાન! મહાપ્રભુ બિરાજે છેને તું અનાદિ-અનંત ધ્રુવ જ્ઞાયકભાવ. એક પર્યાયથી પણ વેગળો. વેગળા ક્યા? દૂર. સાત તત્ત્વ હેય કહા, યે આત્મા ઉપાદેય કહા. તો ઉપાદેય કહનેમેં ભી યે (બાત) લાયે કિ જિસકી બુદ્ધિ વર્તમાનમેં વહાં ગઈ હૈ ઐસે આત્માકો યે (ત્રિકાલી) આત્મા ઉપાદેય હૈ. આહાહા! જુઓને! અમૃતચંદ્રાચાર્યે ટીકા સાથે સંધિ કરી છેને બધી! સંતો–દિગંબર મુનિઓએ તો ગજબ કામ કર્યા છે! આહાહા! એક ટીકા, એક ગાથા, એક શબ્દ એનો. સંતો આત્મધ્યાની જ્ઞાની દિગંબર હોં. એકલા લૂગડાં છોડી દિગંબર થાય એ દિગંબર નહીં. એય! અંદરની વિકલ્પની લાગણી ને એક સમયની પર્યાય—ઉસકો છોડકર અંતર ધ્રુવમેં લગા હો ઉસકો સમ્યગ્દૃષ્ટિ દિગંબર કહતે હૈં. પીછે સ્વરૂપમેં લીન હોકર આનંદકા પ્રચૂર સંવેદન જિસકો પ્રગટ હુઆ હો ઉસકો જૈનદર્શનમેં–સત્યદર્શનમેં મુનિ કહનેમેં આતા હૈ. સમજમેં આયા? આહાહા!

**સ્વદ્રવ્યમેં જિસકી તીક્ષ્ણ બુદ્ધિ**... જોયું! સ્વ-વસ્તુ જો ત્રિકાલી આનંદકંદ પ્રભુ એક સમયકી પર્યાયસે દૂર, રાગસે તો દૂર, પુણ્યસે, શરીરસે, કર્મસે તો દૂર, (પણ) વર્તમાન ચલતી અવસ્થાસે ભી દૂર ઐસી ચીજમેં જિસકી તીક્ષ્ણ બુદ્ધિ (લગી હૈ). ઉસે તીક્ષ્ણ બુદ્ધિ કહતે હૈં (ક્યોંકિ) ભેદ પાડ દિયા ન. આહાહા! સાત તત્ત્વોંકો હેય કરકે ઉસકો ઉપાદેય કર દિયા, ઉસકો તીક્ષ્ણબુદ્ધિ કહનેમેં આતી હૈ. આહાહા! સમજમેં આયા? આહાહા! આ તો ઓલું જરી ઝીણું હતું ને આ બધું ઝાઝા માણસમાં... આ ઝીણું થયું. ઓલું ધર્માસ્તિ, અધર્માસ્તિ વાત... પછી કોઈક દિ' અહીંયા આવ્યા હોય, ન્યાં ધર્માસ્તિનું ને ધર્મ ન સમજે તો પછી.... ...લાલજી અહીં આવી ગયા છે. ..લાલજી આવી ગયા છે અહીં. યહાં આ ગયે હૈં. પહલે આયે થે, એક-દો દિન રહે થે.

આહાહા! ભગવાન! તેરી ચીજ તો ઐસી હૈ અંતરમેં. કભી ઉસને માહાત્મ્ય કિયા નહીં, કભી ઉસકો સુના નહીં, કભી મહિમા લાયા નહીં. એક સમયકી પર્યાયકી મહિમા યા દયા, દાનકે વિકલ્પકી મહિમા. સમજમેં આયા? ઉસ મહિમાકે આગે તેરે ભગવાનકી મહિમા છૂટ ગઈ તુજે. કહો, સમજમેં આયા? પ્રભુ આત્મા પૂર્ણાનંદસ્વરૂપ... ઓહોહો! પર્યાયબુદ્ધિ બાહરસે હટકર, પર્યાયવાલે સાત (તત્ત્વ) ઉસસે હટકર, જિસકી બુદ્ધિ... કાર્ય તો પર્યાયમેં હોતા હૈ ન. આહાહા! ભારે વાત ભાઈ! એક બાજુ કહા કિ ઉસ સાતોં પર્યાયકો છોડકર.. પણ 'છોડકર' વહ તો પર્યાયમેં છોડના હોતા હૈ ન કિ યે છોડના? પીછે વહ પર્યાય દ્રવ્યમેં લગી તો 'છૂટ ગયા' ઐસા કહનેમેં આયા. ફરીને.

'સાત પર્યાયકો–સાત ભાવકો છોડકર' કહા. છોડકર ને ઉપાદેય (કરના)—દોમેં સમયભેદ હૈ કોઈ? (શ્રોતાઃ એનો મેળ કેવી રીતે?) પણ વહ તો સમજાનેમેં આયા કિ યહાંસે લક્ષ છોડા. લક્ષ છોડ્યું–લક્ષ છોડા, વહ તો પર્યાયને પરકા લક્ષ છોડા હૈ ઔર યે પર્યાય તીક્ષ્ણ (હોકર) યહાં આતી હૈ. આહાહા! ભારે ઝીણું ભાઈ! આવો ધર્મ ઝીણો પડે, માટે પછી કરી નાખો બીજો. આ નહીં તો આમ થાય, આનું આ થાય. આડે રસ્તે ચડી ગયો, પ્રભુ! તને ખબર નથી ભાઈ! આહાહા! અરે! આવો મનુષ્યભવ અનંતકાળે નિગોદમાંથી નીકળીને માંડ આવ્યો. એમાં જો ભવના અભાવની આવી વાતને આશ્રય ન કરી, તો એ તો બીજા ભવ કુતરાના ને કાગડાના ભવ જેવો ભવ છે ભૈયા! એ પાંચ પચાસ લાખ કે બે-પાંચ કરોડ ભેગા થઈ ગયા, આબરૂ વધી ગઈ, તેથી તું ઊંચો આવ્યો? બિલકુલ નહીં. નીચે ઉતરે છે. સમજમેં આયા?

કહતે હૈં, **સ્વદ્રવ્યમેં જિસકી તીક્ષ્ણ બુદ્ધિ**... જિસકી વર્તમાન પર્યાયમેં પર્યાયકા લક્ષ છોડકર સ્વદ્રવ્યમેં બુદ્ધિ હૈ... કહતે હૈં.... ઝીણું પડે એવું છે. (શ્રોતાઃ ખબર પડેને કે એમના ગામમાં શું થાય છે? ગામમાં તો અમારા ભાગ્ય છે અહીં. મહારાજજી એક દિ' કહેતા હતા કે... મેં કીધું, અહીં માણસ એકેય દુઃખી નથી તો આ તમારી છાયામાં ક્યો દુઃખી છે? અહીંયા મોટા કરોડ-લાખ કે મોટા કરોડપતિ પાર્ટીઓ આવે છે એનો અમને લાભ છે). ક્યા કહતે હૈં? કહતે હૈં કિ ભગવાન આત્મા એક સેકંડકે અસંખ્યવેં ભાગમેં પૂર્ણાનંદ પ્રભુ આત્મા હૈ. વિષય થોડા સૂક્ષ્મ હૈ. યે દેહ તો જડ હૈ, માટી–ધૂલ હૈ. યે તો કોઈ આત્મા હૈ નહીં. ઔર અંદરમેં જડકર્મ હૈ વહ ભી પરચીજ હૈ. અંદર ભગવાન આત્મા ધ્રુવ અનાદિ- અનંત શાશ્વત વસ્તુ અવિનાશી હૈ. ઐસા જે આત્મા ધ્રુવ ત્રિકાલી ભગવાન ઔર ઉસકી દશામેં–હાલતમેં પર્યાય–અવસ્થા હોતી હૈ, પર્યાય–કાર્ય, એ પર્યાયકા લક્ષ છોડકર... આહાહા! યહાં તો, ધર્મ કૈસે હો વહ બાત હૈ, ભૈયા! યહાં દૂસરી બાત હૈ નહીં. કૈસે પૈસા લેના, કૈસે દેના યે યહાં હૈ નહીં. યહાં તો આત્મા... દરબાર! અહીં તો આત્માની વાત છે ભગવાન. આહાહા!

કહતે હૈં, દેખો! સ્વદ્રવ્યમેં... અપની સમયકી અવસ્થા ચલતી હૈ જ્ઞાન આદિકી ઔર પુણ્ય-પાપકા પરિણામ ઉન સબકી દૃષ્ટિ છોડ દે, તુજે કલ્યાણ કરના હો તો. ઔર તેરી દૃષ્ટિકો સ્વદ્રવ્ય ત્રિકાલી આનંદકંદ ધ્રુવ અવિનાશી ભગવાન અપના નિજસ્વરૂપમેં બુદ્ધિ લગા દે, તો

તેરા કલ્યાણ હોગા, નહીં તો કલ્યાણ હોગા નહીં. ન્યાય સમજતે હો? ન્યાયકા અર્થ હૈ, 'નિ' ધાતુ હૈ ન (અર્થાત્) સત્યકી (ઓર) લે જાના. જૈસા ઉસકા સ્વરૂપ હૈ વહાં જ્ઞાનકો લે જાના ઉસકા નામ ન્યાય. તુમ્હારા ન્યાય દૂસરી જાતકા હૈ, અહીં તો આ ન્યાય છે. કહો, સમજમેં આયા? ક્યા કહતે હૈં? ઓહો! જિસને અપની વર્તમાનદશાકા ભી લક્ષ છોડ દિયા ઔર પુણ્ય-પાપકે ભાવકા ભી લક્ષ છોડ દિયા. છોડ દિયા કબ કહનેમેં આતા હૈ? કિ જબ ભગવાન આત્મા ત્રિકાલી આનંદધામ એકરૂપ દ્રવ્ય વસ્તુસ્વભાવમેં જિસકી તીક્ષ્ણ બુદ્ધિ લગ ગઈ, ઉસકો આત્મા આનંદકંદ હૈ ઐસા ઉપાદેય કહનેમેં આયા હૈ. સૂક્ષ્મ વિષય હૈ.... આહાહા! અંતરકી આત્માકી બાત તો કભી સુની હી નહીં ઔર આત્મા સિવાકી બાત કરતે હૈં વહ સબ થોથેથોથા હૈ.

કહતે હૈં, અરે ભગવાન! તેરી કાયમકી અસલી ચીજ જો નિજ ધ્રુવતત્ત્વ હૈ, અનાદિ-અનંત અવિનાશી તુમ હો—ઐસી ચીજ ઉપર કબ દૃષ્ટિ જાતી હૈ? કિ વર્તમાન અવસ્થા–પર્યાય, પુણ્ય-પાપ ઉસસે દૃષ્ટિ હટકર, ઉસમેંસે હટકર ત્રિકાલી અંશી દ્રવ્યમેં જબ તીક્ષ્ણ બુદ્ધિ લગતી હૈ તબ ઉસકો 'યે આત્મા હૈ' ઐસા પતા લગતા હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ, ભગવાન! બાત ઐસી સૂક્ષ્મ હૈ. અનંતકાળથી રખડે છે. ઐસા મનુષ્યભવ ભી અનંતબૈર મિલા હૈ, પણ વહ ધર્મ ક્યા ચીજ હૈ (ઉસકી) ખબર નહીં. માને ભલે કે અમે ધર્મ કરીએ છીએ, પણ ક્યા ચીજ હૈ ભાઈ! આહાહા! કહતે હૈં કિ સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અનંત આનંદકા ધામ ઐસી અવિનાશી ચીજ ઉસમેં જિસકી બુદ્ધિ તીક્ષ્ણ લગી, વહાં બુદ્ધિકો જોડ દિયા, **ઐસે આત્માકો 'આત્મા' વાસ્તવમેં ઉપાદેય હૈ**. આહાહા!

ઉપાદેય નામ ઉસને–અંતર્બુદ્ધિને અપને આત્માકો અંગીકાર કિયા, અપને ત્રિકાલીકો સ્વીકાર કિયા તો ઉસ આત્માકો આત્મા ઉપાદેય હૈ અને ઐસે ઉપાદેય કરનેસે સમ્યગ્દર્શન ને ધર્મ હોતા હૈ. આહાહા! પકડાવું કઠણ. સમજમેં આયા? **ઐસે આત્માકો**... આહાહા! ગજબ વાત છે. ભાઈ! અહીં તો પાતાળકૂવામાંથી પાણી નીકળે તો પાણી નીકળ્યા એમ કહેવાય, એમ કહે છે. ભગવાન ઊંડા પાતાળકૂવા છે અંદર. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિકા ભંડાર હૈ. ઉસ ધ્રુવમેં જિસકી... અધ્રુવ અનિત્ય પર્યાયકા લક્ષ છોડકર, આહાહા! જિસને અપની બુદ્ધિ–તીક્ષ્ણ બુદ્ધિ ધ્રુવમેં લગાયી હૈ ઉસકો તીક્ષ્ણ બુદ્ધિવાલા કહનેમેં આતા હૈ, બાકી બધા ડહાપણ-ફાપણ દુનિયામાં કહેવાય એ બધા મૂર્ખાઈ છે. આહાહા! સમજમેં આયા? **ઐસે આત્માકો...** આહાહા! ભગવાન! કહે છે કે તેરી ચીજ મહાપ્રભુ બિરાજતા હૈ અંદર. ઐસે આત્માકો ઉપાદેય કૈસે (બનાવે)? કિ જિસકી બુદ્ધિ વર્તમાન અવસ્થાસે હટ ગઈ ઔર જિસકી બુદ્ધિ ઐસે આત્મામેં લગ ગઈ, ઐસે આત્માને યે આત્મા અંગીકાર કિયા તો ઉપાદેય હૈ ઐસા કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? એટલું હવે. તમારે વખત થઈ ગયો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ ૩, સોમવાર, તા. ૩-૧-૧૯૭૨**
**ગાથા - ૯-૧૦, શ્લોક - ૧૬, પ્રવચન નં. ૧૫**

કાલ તો અમથું લીધું હતુંને થોડું વચ્ચે. શરૂઆત અહીંથી આપણે છે. જુઓ! પાનું ૨૩. ભગવાનના જ્ઞાનમાં–સર્વજ્ઞપણામાં છ દ્રવ્યો જાણવામાં આવ્યા. એનું શું સ્વરૂપ છે એ મોક્ષના માર્ગની અંદર એ ભાવજ્ઞાનમાં છ દ્રવ્યનું સ્વરૂપ જાણવામાં હોય છે. કેમકે જે જ્ઞાનની એક સમયની પર્યાય–અવસ્થા છે એમાં તાકાત છ દ્રવ્યને જાણવાની છે. એથી એક સમયની પર્યાયમાં એટલું જાણવાની તાકાત (છે તો) એવી અનંતી-અનંતી પર્યાયનો પિંડ એકેક જ્ઞાનગુણ આદિ છે. તો કહે છે કે આ ષટ્દ્રવ્ય ભગવાને કહ્યા એનું શું સ્વરૂપ છે એને વર્ણવતાં જીવ-પુદ્ગલ બેનું આવી ગયું છે. આમાં એક ધર્માસ્તિની વ્યાખ્યા છે. જરી ઝીણી છે થોડીક.

જીવમાં અધિકાર આવી ગયો, કારણજીવ અને કાર્યજીવ એ અધિકાર આવી ગયો. અને પુદ્ગલમાં ગલન-પૂરણ સ્વભાવ—ગળવું ને પૂરવું.. પરમાણુઓ અને પુદ્ગલો આવે-જાય, ભેગા થાય, છૂટા પડે એવો એ સ્વતંત્ર પુદ્ગલનો આ સ્વભાવ છે (એમ) કહ્યું હતું. આ શરીર જે બંધાણું છે એ પુદ્ગલના કારણે રહ્યું છે. કેમકે આત્મતત્ત્વ આનાથી તદ્દન જુદું છે. એટલે સંગ્રહ તરીકે આમ આંગળી રચાણી છે, આ નાક રચાણું છે આ બધું—એ પુદ્ગલો જડ રજકણોની શક્તિથી એ રીતે પુષ્ટ થયું છે અને ગળે તોપણ એ પુદ્ગલનો સ્વભાવ છે. આત્માને ને એને કાંઈ સંબંધ છે નહીં. સમજાણું કાંઈ?

શ્રોતા : ..... આત્માને ને એને કાંઈ સંબંધ નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આત્માને શું છે? આત્મા જાણે છે એટલું. એટલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ કે પૃથક્ છે બધું. સમજાણું કાંઈ? આ શરીરના રજકણો આવે, અંદર લાડવો આવે, રોટલી આવે, દાળ-ભાત આવે, એ પચે–જીર્ણ થાય કે અજીર્ણ થાય—વગેરે પુદ્ગલના સ્વભાવને લઈને છે. આત્માને લઈને કાંઈ એમાં થતું નથી. સમજાણું કાંઈ? (શ્રોતાઃ પેટમાં તો દાંત નથી કાંઈ?) પરમાણુ છે. રજકણ છે કે નહીં? એની પર્યાય થાય છે સમયે-સમયે. જુઓને! આ અવસ્થા કઈ છે? આ રજકણની અવસ્થા છે. આત્માની અવસ્થા છે આ? દૃષ્ટ છે, રૂપી છે, મૂર્ત છે, રંગ-ગંધ-સ્પર્શની દશા છે. એના રજકણો જે છે મૂર્ત છે એ કાયમ છે, એના ગુણો જે રંગ-ગંધ (આદિ) એ કાયમ છે. અહીં શ્વેતાદિ પર્યાયને ગુણ કહ્યો છે. આવ્યુંને છેલ્લું? **શ્વેતાદિ વર્ણોના આધારભૂત**... આ પર્યાય જે છે ધોળી (આદિ), એનો આધાર એ પરમાણુ છે. એનો આધાર આત્મા નથી. આત્મા તો ભિન્ન ચીજ છે. કહો, સમજાણું કાંઈ?

એમ આ પૈસા આવે-જાય, એ પુદ્ગલના સ્વભાવને લઈને આવે-જાય. આ ડાહ્યો હુશિયાર માણસ છે માટે રળે છે માટે પુદ્ગલ આવે ને જાય છે—એમ નથી. (શ્રોતાઃ એમ તો નથી, પણ પુણ્યના ઉદયને લઇને થાયને?) પુણ્ય એનું ક્યાં છે? પુણ્ય તો જડ છે, પર છે. લાવે કોણ? એ તો રજકણ એને કારણે આવે છે. પુણ્યના પરમાણુઓ પણ રજકણ છે. એ પણ પૂરણ-ગલનવાળી ચીજ છે, એ ઉદય આવીને ખરી જાય છે. એ તો એનો સ્વભાવ છે. આત્મા ને એને કાંઈ સંબંધ છે નહીં. આહાહા! કહો, શેઠ! શું આ બધા પૈસા-બૈસા ભેગા કર્યા છે એમ ના પાડે છે, એમ કહે છે.

શ્રોતા : એ ભલેને ના પાડે, અમે તો કર્યા છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય કર્યા નથી. અભિમાન કર્યું છે. કહો, સમજાય છે કાંઈ? આહા! દાળ-ભાત ખાય, લાડવો ખાય, ભૂકો થાય—એ બધું સ્વતંત્ર પુદ્ગલની વર્તમાન પર્યાયનો સ્વભાવ ગલન-પૂરણને લઈને થાય છે. આત્માનો કાંઈ એમાં અધિકાર નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? એવું પુદ્ગલનું વાસ્તવિક સ્વરૂપ છે એવું આત્મા જાણે.. જાણે. એમાં ઘાલમેલ કાંઈ કરે એવું છે નહીં. કહો ભગવાનજીભાઈ! આ બધા પૈસા-બૈસા ભેગા કરી રાખી શકે કે નહીં? આહાહા! એ માથે કહ્યું જુઓ! શ્વેતાદિ (વર્ણોના) આધારભૂત છે અને પૂરણ-ગલન સ્વભાવ છે. એ જીવ અને પુદ્ગલ બેની વ્યાખ્યા થઈ. હવે ત્રીજું દ્રવ્ય છે ધર્માસ્તિ નામનું કે જે સર્વજ્ઞ સિવાય ક્યાંય એ હોય નહીં. એ ચૌદ બ્રહ્માંડ પ્રમાણે–આ ચૌદ રાજુ પ્રમાણે જડ ને જીવ ગતિ કરે એમાં નિમિત્તરૂપે ધર્માસ્તિ નામનું તત્ત્વ છે એની વ્યાખ્યા છે.

**સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને સ્વભાવ-ગતિનું અને વિભાવગતિનું નિમિત્ત તે ધર્મ છે.** આમાં જ છેને. મોક્ષમાર્ગ છેને એટલે પર્યાયનું વર્ણન આમાં જ સ્પષ્ટ વધારે છે. મોક્ષમાર્ગ જ પર્યાય છે. પર્યાયના વર્ણનમાં, આ કારણપર્યાય ને બધું વર્ણન આમાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ? **સ્વભાવગતિ ક્રિયારૂપે**... એની વ્યાખ્યા નીચે. એકડો છેને. આત્માનું ભાન થઈને કેવળજ્ઞાન થાય, ત્યારે છેલ્લી દશા ચૌદમું ગુણસ્થાન... પર્યાયની નિર્મળતાની છેલ્લી અવસ્થા ચૌદમા ગુણસ્થાને (હોય છે). **૧. (ચૌદમા ગુણસ્થાનના) અંતે જીવ ઊર્ધ્વગમનસ્વભાવથી...** એ જ્યારે છૂટો પડે છે અહીંથી (ત્યારે) આમ પોતાના કારણે ઉર્ધ્વ જાય છે લોકાંતે. સિદ્ધ ભગવાન શરીર-રહિત થઈને ત્યાં રહે છે. એ ઉર્ધ્વગમન સ્વભાવે **લોકાંતે જાય તે જીવની સ્વભાવગતિક્રિયા છે**... અહીં જ આત્મા પૂર્ણસ્વરૂપ અયોગી પૂર્ણદશા પ્રાપ્ત કરે છે અંતરમાં. ત્યારે છેલ્લી દશા પૂર્ણ થઈ દેહ છૂટી જાય છે ને ઉર્ધ્વ(ગતિ કરે). જેમ ધુમાડો હવામાં ઊંચો જાય, એમ આત્મા ઊંચો આમ ગતિ કરીને સ્વભાવિક ગતિ... એ સ્વભાવિક ગતિ છે. ગતિ છે માટે વિભાવ છે એમ નહીં. સમજાણું કાંઈ?

**સ્વભાવગતિ ક્રિયા છે અને સંસારાવસ્થામાં કર્મના નિમિત્તે ગમન કરે...** કર્મ તો નિમિત્ત છે, પણ પોતાની યોગ્યતા **તે જીવની વિભાવગતિક્રિયા છે.** કહો, આ શરીર ચાલે છેને આમ અત્યારે (અને) આત્મા પણ એની સાથે (ચાલે છે). આત્માના પ્રદેશ એ પણ આમ ગતિ કરે છે એ વિભાવગતિક્રિયા છે. સિદ્ધની સ્વભાવિકગતિક્રિયા છે. ઘણી ઝીણી વાત છે આ તો. વસ્તુનું સ્વરૂપ આવું છે. એ સર્વજ્ઞ સિવાય કોઈ જાણી શકે નહીં. એ સર્વજ્ઞે જાણીને આ કહ્યું છે અને અનુભવમાં એ આવવાલાયક છે. કહો, સમજાણું કાંઈ? સંસારદશામાં કર્મનિમિત્તે એક ગતિમાંથી બીજી ગતિ જાય છે અથવા ચાલે છે આમ. એ જીવની પોતાની વિભાવગતિ છે. એમાં કર્મનું નિમિત્ત છે, એમ આ ધર્માસ્તિનું નિમિત્ત છે, એમ. જીવની વિભાવગતિક્રિયા છે.

**એક છૂટો પરમાણુ ગતિ કરે...** આ રજકણ–પોઈન્ટ. આ તો ઘણા રજકણનું દળ છે. પણ એનો છેલ્લો રજકણ કટકો થતાં.. થતાં.. થતાં પોઈન્ટ છેલ્લો રહે, એ એક રજકણ–પરમ-અણુ (એટલે કે) છેલ્લામાં છેલ્લો નાનો ભાગ એને પરમાણુ કહેવામાં આવે છે. આ તો ઘણા રજકણનું દળ છે, આ કંઈ એક નથી. કટકા કરે તો થઈ શકે છે આમ ઝીણા.. ઝીણા.. ઝીણા.. સમજાણું કાંઈ? એમ દરેકમાં છેલ્લો રજકણ, ઝીણો, નાનો એ પરમાણુ કહેવામાં આવે છે. એક છૂટો પરમાણુ–એક રજકણ ગતિ કરે આમ, **તે પુદ્ગલની સ્વભાવગતિક્રિયા છે.** એમાં વિભાવ નથી. બીજા કર્માદિનો સંબંધ અથવા બીજા પરમાણુ આદિનો એમાં સંબંધ નથી. એથી એને સ્વભાવગતિક્રિયા કહે છે. સ્વતંત્ર પરમાણુ સ્વભાવગતિક્રિયા કરે. આહાહા! સમજાણું કાંઈ?

એક ક્ષેત્રથી બીજે ક્ષેત્ર આ પોઈન્ટ–રજકણ–એનો ટુકડો એની મેળાએ જાય એવો એનો સ્વભાવ છે. સ્વભાવગતિ પરિણમન–ક્રિયા એનો સ્વભાવ છે. જુઓ! માથે કહ્યું હતુંને કે **સ્વભાવગતિક્રિયારૂપે અને વિભાવગતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્ગલોને...** પોતાનું પરિણમવું (છે એવા) જીવ-પુદ્ગલોને સ્વભાવગતિ ને વિભાવગતિનું નિમિત્ત ધર્મ(દ્રવ્ય) છે. **અને પુદ્ગલસ્કંધ ગમન કરે...** આ શરીર, આમ વાણીની ધ્વનિ ઉઠે **તે પુદ્ગલની (સ્કંધમાંના દરેક પરમાણુની) વિભાવગતિક્રિયા છે.** આ શરીર છેને વિભાવ, એ ઘણા રજકણનો દળ છે આખો એટલે આ વિભાવિક વસ્તુ છે, એટલે આમ ગતિ કરે એ વિભાવગતિક્રિયા કહેવાય. જ્યારે આખું દળ ગતિ કરે છે તો એમાંનો એક પરમાણુ? કે એ પરમાણુની વિભાવગતિ છે એની. કેમકે બીજા સ્કંધના સંબંધમાં રહેલો એક પરમાણુ–પોઈન્ટ છે, એથી ગતિ કરતાં એને બીજા સ્કંધનો સંબંધ છે માટે એ પરમાણુને વિભાવગતિક્રિયા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો વીતરાગી વિજ્ઞાન છે. શું કહ્યું એ?

આ વસ્તુ છેને જુઓ! આ. એમાં આ અનંત રજકણનો પિંડ છે. આ કટકા કરતાં કરતાં પોઈન્ટ છેલ્લો (રહે). કહે છે કે આમ ગતિ કરે એ વિભાવગતિ છે. હવે એ વિભાવગતિ તો આખા દળની થઈ. તો એમાં પોઈન્ટ–છેલ્લો ભાગ અંદર પડ્યો છે એને શું કહેવું એ વખતે? કે

એ પણ વિભાવગતિવાળું જ છે. આહાહા! સમજાણું કાંઈ? એમ આ શરીરનું, એમ કર્મનું. સમજાણું કાંઈ? આહાહા! એક પરમાણુ કે જીવની ઉર્ધ્વગતિ થાય એ સ્વભાવગતિ. એક પોઈન્ટ–પરમાણુ એકલો ગતિ કરે એ પુદ્‌ગલની સ્વભાવગતિ. અને જીવ કર્મના સંબંધવાળો એક ગતિથી બીજી ગતિએ જાય અથવા આમ ચાલે છેને, જુઓ! શરીર આમ થયુંને, તો એના આત્માના પ્રદેશે પણ ગતિ કરીને અંદર, એને અહીં વિભાવગતિક્રિયા કહેવાય છે. (શ્રોતા : સ્કંધની સાથે ગમન છે). સ્કંધની સાથે છે, પણ એમાં કર્મનું નિમિત્ત છે એટલે વિભાવ કહ્યું. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે. આ તો હવે આવ્યું એટલે પછી આવવું તો જોઈને બધું. આહાહા!

આ મુનિ કહે છે કે અહો! જિનપતિના માર્ગ(રૂપી) સમુદ્રના મધ્યમાં રહેલું આ છ દ્રવ્યનું સ્વરૂપ અંબારથી–તેજથી ભરેલું છે એમ કહે છે. અનંત ગુણો ને પર્યાયના તેજથી ભરેલો પદાર્થ છે એમ કહે છે. આહાહા! કહે છે કે એક પરમાણુ સ્કંધ(રૂપે) પણ ગતિ કરે... છૂટો એકલો ગતિ કરે એ સ્વભાવિકગતિક્રિયા કહેવાય. પણ આમાં (-સ્કંધમાં) પરમાણુ રહેલો છે એ પણ આમ ભેગો ચાલે તો એને પણ વિભાવગતિક્રિયા કહેવાય. આમાં પરમાણુ એકલો છે માટે સ્વભાવગતિક્રિયા એમ નહીં. અહીં પુદ્‌ગલનો સ્કંધ સંબંધ છે. સમજાણું કાંઈ? **આ સ્વભાવિક તેમજ વૈભાવિક ગતિની ક્રિયામાં ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.** એ ધર્માસ્તિ નામનું ચૌદ રાજુ પ્રમાણે... ઓલા કાંઈક કહે છેને, શું કહે છે? ઇથર. એ તો અમથું અનુમાન કરીને કહે છે. ક્યાં જાણ્યું છે એણે? સમજાણું કાંઈ? આ તો પ્રત્યક્ષ ચૌદ રાજુ પ્રમાણે ધર્માસ્તિ નામનું દ્રવ્ય છે. એ જીવ સ્વભાવિકગતિક્રિયા કરે કે વિભાવિકગતિક્રિયા કરે, પુદ્‌ગલ વિભાવિકગતિક્રિયા કરે કે પરમાણુ સ્વભાવિકગતિક્રિયા કરે—એમાં ધર્માસ્તિ નિમિત્ત છે. હવે બીજું. એ ધર્માસ્તિદ્રવ્યને સિદ્ધ કર્યું. હવે અધર્માસ્તિ નામનું બીજું દ્રવ્ય છે કે જે સ્થિતિમાં નિમિત્ત છે.

**સ્વભાવસ્થિતિક્રિયારૂપે અને વિભાવસ્થિતિક્રિયારૂપે પરિણત જીવ-પુદ્‌ગલોને સ્થિતિનું (સ્વભાવસ્થિતિનું અને વિભાવસ્થિતિનું) નિમિત્ત તે અધર્મ છે.** એ અધર્મ નામનું દ્રવ્ય છે ચૌદ રાજુ પ્રમાણે. નીચે (નોટ) છે જુઓ. **૨. સિદ્ધદશામાં જીવ સ્થિર રહે...** આત્મા પરમાત્મા થાય શરીરરહિત ત્યારે સિદ્ધદશામાં સ્થિર છે, એને ગતિ હોય નહીં. **તે જીવની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે...** સ્વભાવિક સ્થિતિએ રહેવું એ સ્વભાવિકક્રિયા છે. **અને સંસારદશામાં સ્થિર રહે...** અહીં જીવ હોય એ ભલે સ્થિર રહે **તે જીવની વૈભાવિક સ્થિતિક્રિયા છે. એકલો પરમાણુ સ્થિર રહે તે પુદ્‌ગલની સ્વાભાવિક સ્થિતિક્રિયા છે...** એમાં જે પોઈન્ટ–છૂટો એકલો રજકણ અહીં રહે એ સ્વભાવિક સ્થિતિ છે–સ્થિર. કારણ કે સ્કંધનો અને બીજાનો સંબંધ નથી. એથી એને સ્વભાવિક સ્થિતિક્રિયા કહેવામાં આવે છે.

**અને સ્કંધ સ્થિર રહે તે પુદ્ગલની (સ્કંધમાંના દરેક પરમાણુની) વૈભાવિક સ્થિતિક્રિયા છે.** આમ સ્થિર રહ્યું, જુઓ! આમ સ્થિર રહ્યું, આંગળી આમ સ્થિર રહી, આ પુસ્તક સ્થિર રહ્યું. એ સ્કંધ છે આ બધા. આ અનંત રજકણનો સ્કંધ છે. એ વૈભાવિક, કહે છે કે પુદ્ગલની વૈભાવિક સ્થિતિક્રિયા છે. આ સ્કંધ સ્થિર રહ્યો એ. એમાં રહેલો એક-એક પરમાણુ એને પણ વૈભાવિક સ્થિતિક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વૈભાવિક સ્થિતિક્રિયા. **આ જીવ-પુદ્ગલની સ્વભાવિક તેમ જ વૈભાવિક સ્થિતિક્રિયામાં...** અધર્મ નામનો એક પદાર્થ છે અરૂપી. **અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે.** ઓલી કોર.

**(બાકીનાં) પાંચ દ્રવ્યોને...** એટલે પોતા સિવાય આકાશ નામનો પદાર્થ છેને સર્વવ્યાપક. અરૂપી સર્વવ્યાપક આકાશ નામનો એક પદાર્થ છે. પાંચ બાકીના એટલે પોતા સિવાયના પાંચ દ્રવ્યોને **અવકાશદાન (અવકાશ દેવો તે) જેનું લક્ષણ છે તે આકાશ** નામનો પદાર્થ **છે.** સમજાણું કાંઈ? **(બાકીનાં) પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત તે કાળ છે.** પોતા સિવાય, એમ. પાંચ દ્રવ્યોને વર્તનાનું નિમિત્ત એ કાળ નામના અસંખ્ય અણુઓ છે. ચૌદ રાજુ લોકમાં અરૂપી કાળ અણુઓ છે કે જે દરેક પદાર્થ બદલતા પોતાને કારણે બદલે એમાં એ નિમિત્ત છે. સમજાણું કાંઈ? **(જીવ સિવાયનાં) ચાર અમૂર્ત દ્રવ્યોના શુદ્ધ ગુણો છે...** જીવ સિવાયના ચાર અમૂર્ત ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ એના અમૂર્ત ગુણો છે. અમૂર્ત શુદ્ધગુણો છે. **તેમના પર્યાયો પણ તેવા (શુદ્ધ જ) છે.** ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળના ગુણો પણ શુદ્ધ છે અને એની અવસ્થા–પર્યાય–હાલત પણ શુદ્ધ છે. એને વિભાવ છે નહીં.

**હવે નવમી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર શ્લોક દ્વારા છ દ્રવ્યની શ્રદ્ધાનું ફળ વર્ણવે છે.** છ દ્રવ્યની શ્રદ્ધા. આવું સ્વરૂપ જે શ્રદ્ધામાં લે, જેને અંતર આત્માની શ્રદ્ધા હોય એને ભેગી આ શ્રદ્ધા હોય, એને આ મુક્તિનું કારણ છે એમ બતાવે છે. શ્લોક છે ઉપર સોળ.

**इति जिनपतिमार्गाम्भोधिमध्यस्थरत्नं**
**द्युतिपटलजटालं तद्धि षड्द्रव्यजातम् ।**
**हृदि सुनिशितबुद्धिर्भूषणार्थं विधत्ते**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥१६॥**

આ તો વીતરાગી વિજ્ઞાન છે, સર્વજ્ઞથી સિદ્ધ થયેલું તત્ત્વ છે. આહાહા! **શ્લોકાર્થ : એ રીતે...** ષટ્દ્રવ્યની વ્યાખ્યા કરી બધી. **તે ષટ્દ્રવ્યસમૂહરૂપી રત્નને કે જે (રત્ન) તેજના અંબારને લીધે કિરણોવાળું છે...** કહે છે કે એકેક દ્રવ્ય એટલે વસ્તુ અનંત ગુણ ને અનંતી પર્યાયના તેજથી ભરેલું છે. સમજાણું કાંઈ? ગુણની વ્યાખ્યા આવશેને હવે. આ તો દ્રવ્યની વ્યાખ્યા છે. હવે ગુણની વ્યાખ્યા આવશે. ષટ્દ્રવ્ય–છ દ્રવ્ય સમૂહ એનું જે રત્ન કે જે રત્ન તેજના અંબારને લીધે અનંતા-અનંતા ગુણોના કિરણોના પર્યાય જેમાં છે એવું એ રત્ન છે. **અને જે જિનપતિના**

**માર્ગરૂપી સમુદ્રના મધ્યમાં રહેલું છે.** વીતરાગ પરમેશ્વર એણે કહેલો જે માર્ગ, એ માર્ગ... અહીં મોક્ષમાર્ગ છેને આ. એના સમુદ્રના મધ્યમાં છે એ. માર્ગના જ્ઞાનમાં એ બધું રહેલું છે.

**તેને જે તીક્ષ્ણ બુદ્ધિવાળો પુરુષ...** કાલ આવ્યું હતું ત્યાં. આત્મામાં તીક્ષ્ણ, જેની તીક્ષ્ણબુદ્ધિ છે. સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે.. સમજાય છે? સ્વવસ્તુમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે એવો આત્મા આ (ત્રિકાળી) આત્માને ઉપાદેય માને છે. ત્યાં ચોખ્ખુ લીધું છે. વસ્તુ ભગવાન ચૈતન્યચમત્કાર અનંત ગુણનો પિંડ એવું જે સ્વદ્રવ્ય એમાં તીક્ષ્ણબુદ્ધિ જેની છે.. એકલું 'તીક્ષ્ણ બુદ્ધિવાળો' એમ નથી લીધું. જેની તીક્ષ્ણબુદ્ધિ છે એવો જે આત્મા એ આવા આત્માને ઉપાદેય (માનીને) અંગીકાર કરે છે. ઉપાદેય માને છે. આટલું બધું! શબ્દો જુદા, ભાવ જુદા, દુનિયાથી વાત જુદી બધી. આહાહા! એમ અહીંયા કહે છે કે ષટ્દ્રવ્યનું સ્વરૂપ મોક્ષમાર્ગના જ્ઞાનના મધ્યમાં, આ વસ્તુ છે એ એના મધ્યમાં પડી છે કહે છે. સમજાય છે કાંઈ? જે તીક્ષ્ણબુદ્ધિવાળો... જેની તીક્ષ્ણ.. તીક્ષ્ણ–ઝીણી બુદ્ધિ છે એને આ ષટ્દ્રવ્યોનું જ્ઞાન યથાર્થ અંદર હોય છે.

**એ પુરુષ હૃદયમાં ભૂષણાર્થે...** દેખો! અંદર જ્ઞાનમાં **(શોભા માટે) ધારણ કરે છે...** તે જ્ઞાનનો શણગાર છે કહે છે. જે પુરુષ ધારણ કરે છે **તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો...** પરમશ્રી એટલે મોક્ષરૂપી લક્ષ્મી, આત્માની અનંત જ્ઞાન, દર્શન ને આનંદરૂપી દશાની લક્ષ્મી–એ રૂપી કાર્ય એટલે પરિણતિ (એટલે) એની સ્ત્રી એનો **વલ્લભ થાય છે.** એટલે પૂર્ણાનંદની પરિણતિ કદી તેને છોડતી નથી. આહાહા! આરે! ભારે આવું ઝીણું. બીજાને તો એવું લાગે કે આ શું? સમજાણું કાંઈ? જેના અંતર જ્ઞાનમાં, આવા ષટ્દ્રવ્યોના અનંત ગુણો ને પર્યાયોનું આવું સ્વરૂપ છે એવું જેને અંતર જ્ઞાન થયું છે, એ જિનમાર્ગ પરમાત્માનો જે મોક્ષમાર્ગ એણે જે ધારણ કર્યો છે, એના જ્ઞાનમાં ષટ્દ્રવ્યનું આવું સ્વરૂપ હોય છે. એ શોભા છે જ્ઞાનની.

એ **પરમશ્રીરૂપી...** આહા! આ ચામડાં, માંસ ને હાડકાંની સ્ત્રીને પરણે છે. પરણે છે ક્યાં? માને છે. કોને પરણે? ધૂળને? સમજાણું કાંઈ? પણ વહાલી સ્ત્રી એને જેમ ન છોડે, એમ આવું તત્ત્વ જેને અંદર અનુભવમાં, જ્ઞાનમાં આવ્યું, એને પરમશ્રીરૂપી લક્ષ્મી નામ મુક્તિ એનો એ વલ્લભ (થાય છે અર્થાત્) એની પરિણતિની પૂર્ણ શુદ્ધતાથી એક સમય પણ દૂર રહેતો નથી એમ કહે છે. અરે! શું કહે છે આ? સમજાણું કાંઈ? અનાદિથી તો એની પૂર્ણ આનંદની શુદ્ધ દશાથી દૂર છે. આવું જેના જ્ઞાનમાં... ષટ્દ્રવ્યમાં આત્મા પણ આવ્યોને? કારણ-કાર્ય આવ્યાને? કારણજીવ ત્રિકાળી, કાર્યજીવ વર્તમાનદશા પૂર્ણ થાય એ, પુદ્ગલ ગલનનો સ્વભાવ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળનું આવું સ્વરૂપ—બધું આવી ગયું. આહાહા! એ બધું જ્ઞાનમાં–જીવના જ્ઞાનસ્વભાવમાં જણાવાયોગ્ય તે જાણી જાય છે, એને અંતરમાં સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રમાં આ ષટ્દ્રવ્યનું જ્ઞાન તે શોભા દે છે અને એના ફળ તરીકે પૂર્ણ આનંદ ને પૂર્ણ શાંતિ, સ્વચ્છતા,

પ્રભુતા એવી એની પૂર્ણ દશા એનો એ વલ્લભ થાય છે એટલે એ દશાથી તે ચ્યુત–છૂટો રહેશે નહીં. સમજાણું કાંઈ? આવી વાતું છે.

**(અર્થાત્ જે પુરુષ અંતરંગમાં છ દ્રવ્યની યથાર્થ શ્રદ્ધા કરે છે, તે મુક્તિલક્ષ્મીને વરે છે).** પૂર્ણાનંદસ્વરૂપ આત્માની પૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ (આદિ) પૂર્ણ શક્તિરૂપે હતો, 'પૂર્ણ ઇદં'—આને જે ધારણ કરશે તે વર્તમાનદશારૂપે પૂર્ણ થઈ જશે. કહો, પ્રાણભાઈ! સમજાય છે કે નહીં આમાં? આમાં મગજ મૂકે તો સમજાય એવું છે. મગજ એમાં રાખે તો સમજાય એવું છે એમ કીધું. બીજે ભટકતું હોય તો આ સમજાય નહીં, એમ. હવે દસમી ગાથા. હવે ગુણથી વ્યાખ્યા આવી. જીવનું વર્ણન કર્યું દ્રવ્યનું. કારણદ્રવ્ય, કાર્યદ્રવ્ય, કાર્યપર્યાયનું દ્રવ્ય. હવે એ જીવનો ગુણ શું, શક્તિ શું? ઉપયોગ એનો ગુણ છે, જાણવું-દેખવું એનો એક ગુણ છે. સમજાણું કાંઈ? દસમી ગાથા.

**जीवो उवओगमओ उवओगो णाणदंसणो होइ ।**
**णाणुवओगो दुविहो सहावणाणं विहावणाणं ति ॥१०॥**

નીચે હરિગીત.

**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.**

એની **ટીકા : અહીં (આ ગાથામાં)...** ભગવાન આત્મા એનો જે જ્ઞાન-દર્શન **ઉપયોગનું લક્ષણ કહ્યું છે.** હવે એની વ્યાખ્યા. **આત્માનો ચૈતન્ય-અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે.** ગ્રીક-લેટિન જેવું લાગે નવા માણસને. આત્મા જે છે... જેમ સૂરજ છે તેનો પ્રકાશગુણ છે, એમ આ આત્મા વસ્તુ છે એનો જ્ઞાન-દર્શન—જાણવું-દેખવું એ એનો ઉપયોગ પ્રકાશ છે. સમજાણું કાંઈ? ઓલો તો દ્રવ્ય કહ્યો હતો વસ્તુ, હવે એનો ગુણ શું? એ ગુણ તે ઉપયોગ છે. ઉપયોગ એટલે શું? ઉપયોગ એટલે શું? કે આત્માનો—વસ્તુ ભગવાન આત્મા એનો—ચૈતન્ય અનુવર્તી એટલે જાણવા-દેખવાનો જે ત્રિકાળીભાવ એને અનુસરીને વર્તનારો વર્તમાન પર્યાય–પરિણામ તે ઉપયોગ છે. ઉપયોગ પર્યાય છેને આ. સમજાણું કાંઈ? પછી કાઢશે અંદરથી ઘણા પ્રકાર. આ તો પર્યાયની વ્યાખ્યા કરી. શું કહે છે?

ભગવાન આત્મા અંદર... જેમ આ તમારે શું કહેવાય? સર્ચલાઈટ કહેવાય? સર્ચલાઈટ હોયને. આપણે હતુંને બાહુબલી. હજાર-હજારના બે હતા મોટા ઓલા. હજાર-હજારના હશે કે ઝાઝા હશે, આપણને બહુ ખબર નહીં. બાહુબલી છેને ૫૭ ફૂટ. ૫૭ ફૂટ આ પ્રતિમા. આમ પત્થરમાંથી (કોતરેલી). દેખા હૈ કિ નહીં? સાથમેં થે? ૫૭ ફૂટ. બે વાર ગયા છીએ નહીં. પહેલી (વખતે) તો એક હજાર માણસ સાથે હતું. ૭૦ મોટરું. ૫૭ ફૂટ આખા... બીજા દેશના માણસોને (આશ્ચર્ય) લાગે, એ પણ જોવા આવે એવી ચીજ છે આ હિંદુસ્તાનમાં. ઋષભદેવ

ભગવાનના બીજા નંબરના પુત્ર. પહેલા નંબરના ભરત પાંચસો ધનુષ ઊંચા હતા. આ (બાહુબલી) સવા પાંચસો ધનુષ ઊંચા હતા. શરીર જુઓ તો અલમસ્ત આમ. એકવાર જવાહરલાલ ગયા હતા ત્યાં ઇન્દિરાને લઈને. આહાહા! આ પ્રતિમા! ૫૭ ફૂટ છે ... ખાલી ખુલ્લી. આહાહા! એમાં ... વીતરાગતા ઝલકે છે. નગ્ન મૂર્તિ.. નગ્ન મૂર્તિ. અહીં તો એટલું હતું.... એવું જે સ્વરૂપ છે મૂર્તિનું એમ... સમજાણું કાંઈ? એમાં ઓલી બે બાજુ બે સર્ચલાઈટ હતી. રાત્રે જતાંને રાત્રે જતાં. નવરા એટલે રાત્રે ગયા હતા. બે સર્ચલાઈટ હજાર-હજારની એના ઉપર હોં. ઓલી રાત્રે નહોતી?

એમ આ આત્મા વસ્તુ છે એમાં જ્ઞાન-દર્શનરૂપી સર્ચલાઈટમાંથી અનંત-અનંત ઉપયોગના કિરણો ફાટે છે અંદરથી. આહાહા! એની ખબર નથી એને. ચૈતન્યસૂર્ય પ્રભુ. આ તો જડ પરમાણુ છે. એ (જડ)પ્રકાશને પણ પ્રકાશક ચૈતન્ય ઉપયોગ છે જીવનો. આ પ્રકાશ છે એની હયાતીનો સ્વીકાર, જાણે કોણ? ચૈતન્યના ઉપયોગના પ્રકાશમાં જણાય છે કે આ પ્રકાશ છે. સમજાણું કાંઈ? એ ચૈતન્યના તેજ અંદર અંબાર, પ્રકાશનો તેજ ઉપયોગ છે આહાહા! એ ઉપયોગ આત્માનો... આત્મા એ વસ્તુ થઈ, ચૈતન્ય એ એનો ગુણ થયો. જાણવું-દેખવું એ શક્તિરૂપે એનો ગુણ ત્રિકાળ અને એની અનુવર્તી—એને અનુસરીને થતી વર્તમાનદશા–વર્તમાન હાલત એને પરિણામ કહીએ, એને ઉપયોગ કહીએ. બીડી આગળ આ ઘરે વાંચવાને નવરાશ નથી લીધી કોઈ દિ'.

આ નિયમસાર કેટલી મહેનત કરીને આચાર્યે બનાવ્યું છે! હિંમતભાઈએ તરજુમો કર્યો. હા, હા, ગુજરાતીનું આવું થયા વિના આવા નિષ્પક્ષ ખુલાસા થાય નહીં. પહેલા છ વસ્તુ છે એને સિદ્ધ કરી કે જે જ્ઞાનનો વિષય છે. હવે એ આત્માનો જ્ઞાન-દર્શન, જે દેખવું-જાણવું એવો જે ત્રિકાળી ભાવ... વસ્તુ આત્મા એ તો વસ્તુ થઈ, પણ એનો ભાવ? જેમ કાયમી ચીજ છે એનો ભાવ એ ચૈતન્ય—જાણવા-દેખવાના સ્વભાવરૂપ–શક્તિરૂપ ત્રિકાળ તે એનો ગુણ છે. સમજાણું કાંઈ? અને તે ગુણને અનુસરીને... આ ઇન્દ્રિયોને અનુસરીને એમ નહીં સમજાણું કાંઈ? આ પુસ્તકને અનુસરીને કે વાંચીને અનુસરીને એના પરિણામ થાય છે એમ નહીં. (શ્રોતા : જ્ઞાનાવરણીયના ક્ષયોપશમને અનુસરીને થયું?) એને અનુસરીને એ વાતેય ક્યાં છે? અહીં તો સામું આ પડ્યું છે, ... છે ને આ ઇન્દ્રિયો છે, માટે આ જાણવાના પરિણામ થાય છે. બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ?

ચૈતન્યના ઉપયોગનું સ્વતઃસિદ્ધસ્વરૂપ... ત્રિકાળી ભગવાન આત્મા એ તો ત્રિકાળી.. ત્રિકાળી વસ્તુ થઈ. જેમ સાકર છે એ તો વસ્તુ થઈ, પણ સાકરનું ગળપણ છે એ એનો ત્રિકાળી સ્વભાવ થયો, કાયમનો સ્વભાવ થયો. અને એની પછી વર્તમાનમાં પાણી ઓછું-વધારે, ગળપણની મીઠાશ ઓછીવત્તી થાય એ એની પર્યાય છે, એ એની હાલત છે. એમ આ સાકરરૂપે

ભગવાન આત્મા ત્રિકાળી અને એનો જ્ઞાન-દર્શનરૂપી સ્વભાવ જે ગળપણ આદિ ત્રિકાળી છે. એવા જ્ઞાન ને દર્શન ચૈતન્યને અનુસરીને... અનુ એટલે એને અનુસરીને, એનો આશ્રય લઈને જે વર્તમાનમાં પર્યાય–પરિણામ જાણવા-દેખવાના થાય તેને અહીંયા ઉપયોગ કહે છે. આ ઉપયોગની વ્યાખ્યા. (શ્રોતાઃ **चैतन्यानुविधायी परिणाम उपयोगः**) (પંચાસ્તિકાય ગાથા ૪૦). અનુવિધાયી પરિણામ. 'અનુવિધાયી' શબ્દમેં યહાં ઐસા લિયા હૈ **चैतन्यानुवर्ती परिणाम** (એટલે) અનુસરીને એમ. આહાહા! આવે છેને. **चैतन्यानुविधायी परिणाम उपयोगः**. શું કહે છે અહીંયા?

ભગવાન! તારી મૂડી શું, પૂંજી શું એ કહે છે. તારામાં પૂંજી, મૂડી તારામાં શું છે? પરનું તો પરમાં છે, એમાં કાંઈ તારે ને એને સંબંધ નથી. સમજાણું કાંઈ? કહે છે, આત્મામાં વર્તમાનમાં જે જાણવા-દેખવાના ભાવ છેને જાણવા-દેખવાના ભાવ, અસ્તિ છેને પરિણામ, એ જાણવા-દેખવાના પરિણામ એ જાણવા-દેખવાની (જ્ઞેય) ચીજ છે માટે એને લઈને અહીં થાય છે એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંદર ત્રિકાળી વસ્તુ પોતે પ્રભુ, એની ત્રિકાળી ચૈતન્ય-જ્ઞાન-દર્શન એવી શક્તિ, આત્મા શક્તિવાન અને જ્ઞાન-દર્શન એની શક્તિ, આત્મા દ્રવ્ય એટલે વસ્તુ, જ્ઞાન-દર્શન એનો ગુણ અને એ ગુણને અનુસરીને વર્તમાન થતા પરિણામ–પર્યાય તેને ઉપયોગ કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

એના દ્રવ્ય, ગુણ ને પર્યાયની સ્વતંત્રતા આ રીતે છે એમ કહે છે. એનો ગુણ પણ એના દ્રવ્યને આશ્રયે છે અને એનું પરિણમન પણ ગુણને આશ્રયે છે. જાણવા-દેખવાનો જે પ્રકાશ, ગુણ કાયમી હોં, એ કાયમી ગુણનો પ્રકાશ એ દ્રવ્યને આશ્રયે છે–વસ્તુને આધારે છે અને એ પ્રકાશ જે છે એને આશ્રયે, આ વર્તમાન જાણવા-દેખવાના ભાવ થાય છે એ એને અનુસરીને થાય છે. ઇન્દ્રિય ને જ્ઞેયને અનુસરીને થતા નથી. આહાહા! ભારે વાતું. સમજાણું કાંઈ? આત્મા તો એક દ્રવ્ય થયું, વસ્તુ–પદાર્થ. ચૈતન્ય એનો ગુણ થયો, શક્તિ–ભાવ–સ્વભાવ. સ્વભાવવાન વસ્તુ, તો એનો સ્વભાવ જાણવું-દેખવું એ એનો સ્વભાવ છે. કાયમી અવિનાશી ધ્રુવ એને અનુવર્તી–એને અનુસરીને થતી વર્તમાનદશા–વર્તમાન હાલત–વર્તમાન અંશ–વર્તમાન પરિણામ–વર્તમાન અવસ્થા એને ઉપયોગ કહેવામાં આવે છે. આહાહા!

આવું છે એને જણાવે છે. આમ છે એને જણાવે છે. આહાહા! તને ભ્રાંતિ હોય કે ભઈ! અહીં (સામે જ્ઞેય) છે તેથી અંદર જાણવાની પર્યાય થાય છે, એ ભ્રમ છે તને. આ પુસ્તક છે તો અંદર જાણવાની પર્યાય–વર્તમાન હાલત થાય છે, ભ્રમ છે તને, એ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? ચેતન.. ચેતન.. ચેતન એ દ્રવ્ય આત્મા. ચેતન એ આત્મા, ચૈતન્ય એનો ગુણ. ભગવાન આત્મા એ ચેતન અને ચેતનનો ગુણ ચૈતન્ય. જાણવું-દેખવું એનો ગુણ ત્રિકાળી. ચેતન.. ચેતન એ ત્રિકાળી, એમ એનો ચૈતન્ય જે ગુણ એ ત્રિકાળી. હવે એનું વર્તમાન શું? સમજાણું કાંઈ? આહા!

આ તો વીતરાગી વિજ્ઞાન બાપુ! બહુ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? એને માટે જરી જ્ઞાન ઉપયોગ, અંદરનો પ્રયત્ન, એની ગરજ, એની રુચિ, એનો રસ આવવો જોઈએ. એવી વાત છે. સમજાણું કાંઈ? આ કાંઈ એકલી વાતું નથી. આહાહા!

જુઓને! ત્યાં તો એમ કહ્યું છે કે કેવળજ્ઞાન કેમ થાય? લ્યો. મોક્ષમાર્ગ કરે માટે કેવળજ્ઞાન થાય? કે ના. ત્યારે? કે જે આત્મા વસ્તુ છે અસ્તિ.. અસ્તિ.. એનો જે ચૈતન્ય જાણવા-દેખવાની શક્તિ એટલે ગુણ છે એને અનુસરીને કેવળજ્ઞાન થાય છે. કેવળજ્ઞાન એ પરિણામ છે, કેવળજ્ઞાન એ પર્યાય છે, કેવળજ્ઞાન પણ પરિણામરૂપી ઉપયોગ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? આહાહા! ... કઈ રીતે પ્રસિદ્ધ કરે છે! એકલું અંદર તત્ત્વને સ્વતંત્ર સિદ્ધ કરે છે. આહાહા! ભાઈ! તારામાં ગુણ તો અનંત છે, એની મુખ્યતા અહીં નથી. અહીં તો જાણવું-દેખવું મુખ્ય લક્ષણ એ એનો ઉપયોગ છે અને એ જાણવું-દેખવું એ જ આત્મા છે. તો જાણવા-દેખવાનો જે ત્રિકાળીભાવ અને એ ભાવનો ધરનાર આત્મા અને એનું લક્ષ કરીને એને અંતર અનુસર્યે જે કાંઈ વર્તમાનદશામાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ આદિ કે કેવળજ્ઞાન કે અજ્ઞાનાદિ વગેરે (થાય).. સમજાણું કાંઈ? એ પરિણામ જે વર્તમાનમાં વર્તે છે, પર્યાયમાં વર્તમાનમાં થાય છે એ ગુણને અનુસરીને થયેલા પરિણામ છે. નિમિત્તને અનુસરીને થયેલા એ પરિણામ નથી. સમજાણું કાંઈ? આહાહા!

હવે આ તો જેને અંદર... સત્.. સત્ આવું છે સચ્ચિદાનંદ પ્રભુ. સત્ વસ્તુ, એનો જે જ્ઞાન-દર્શન સ્વભાવ એ પણ સત્ ત્રિકાળ. હવે એની વર્તમાનદશામાં જે જાણવું-દેખવું થાય છે, એ જાણવા-દેખવાની જે દશા–હાલત–પરિણામ–ઉપયોગ એ ચૈતન્યને અંતર અનુસરીને થાય છે. નિમિત્તને અનુસરીને કે ઇન્દ્રિયને અનુસરીને થતા નથી. આહાહા! સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો પણ? આ તો ધ્યાન કરવું, આમ કરવું, જાપ કરવો એવું હોય તો કાંઈ સમજાય પણ ખરું. શું સમજાય ધૂળ એમાં? વસ્તુ શું છે એને (જાણ્યા વિના) ધ્યાન શેના આવ્યા? પદાર્થ શું છે, એની શક્તિ શું છે અને એની વર્તમાન દશા કોને અનુસરીને સ્વતઃસિદ્ધ થાય છે, એવા સત્‌ની સ્થિતિ જ આવી છે એવું જેને હજી જ્ઞાન નથી એ કોનામાં એકાગ્ર થાય?

ધ્યાન કરો.. ધ્યાન કરો. શેના ધ્યાન કરે પણ? શેઠ! હા, પણ ધ્યેય શું ચીજ છે એનું પહેલું જ્ઞાન હોય એ એનું ધ્યાન કરેને? ધ્યાન તો એક પર્યાય છે, ધ્યાન તો એક વર્તમાનદશા છે. તો એ દશા કોને લઈને થાય? કે ત્રિકાળી વસ્તુ અને ત્રિકાળી ગુણ અભેદ એના ઉપર દૃષ્ટિ આપતાં ધ્યાન થાય. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, આ તો કોઈ બીજી જાત છે હોં. સાધારણ માણસને કાંઈ મળે એવું નથી. દુનિયા બધી જોઈ છેને, બધી દુનિયા જોઈ છે આખી. આ જુદી જાત છે. આહાહા! આ તો વસ્તુની સ્થિતિનું સ્વરૂપ જ આવું છે, એની મર્યાદા જ આવી છે. આહાહા!

કહે છે... આ લોકો એમ નથી કહેતા? બહુ દેશ-દેશાંતર કરીએ, પર્યટન કરીએ.. શું કહેવાય? ભાઈ આગબોટ, રેલમાં જાય છ-છ હજાર રૂપિયા ખર્ચીને. મુસાફરી, દેશાટન. જુદા જુદા માણસો, જુદી જુદી સ્ત્રીઓ, જુદી-જુદી ભાષા હોય તો જ્ઞાન વધે. કારણ કે દેશદેશાંતરના પાણી, દેશ-દેશના આહાર, દેશ-દેશની ભાષા, દેશ-દેશના કપડાની ભિન્ન-ભિન્નતા, કપડાય ભિન્ન હોયને સૌના પાછા, કોઈકની આવી પાઘડી, કોઈકની આવી, ફલાણું ને આવું ને બાયડીના લૂગડાંમાં ફેર. બહુ દેશાટન કરે તો બહુ જ્ઞાન વધે. કહે છે કે મૂરખ છો. આ ઊંધું (જ્ઞાન) પણ પોતાથી થાય છે એમ કહેવું છે અહીં તો. પણ અજ્ઞાન કહેવા છેને પાછા. કહેવા છે કે નહીં? એય! ભાઈ! તને વસ્તુની સ્વચ્છતા ને સત્યતા શું છે એની તને ખબર નથી. સમજાય છે કાંઈ? જેવી રીતે એ વસ્તુની હદ ને મર્યાદા છે એ મર્યાદાની તને ખબર નથી. એ વિપરીત વાતને તું માનીને બેઠો છો. કહો, સમજાણું કાંઈ? આહાહા!

નથી તમારે હીરા-માણેકના ધંધા ને કોણ.... હીરા-માણેકના ધંધામાં બેસાડે, પહેલો એને પાવરધો કરે થોડો, પછી વેપારમાં ચાલે. એ વિના ચાલતો હશે? (શ્રોતાઃ પહેલા તો પાણીના કળશા ભરાવે). પાણીના કળશા ભરાવે પહેલા, જાઓ પાણી લઈ આવો. જોતો જજે હોં આ પાણી લાવીને. જુઓ! અમે એમ કર્યું ને આમ થયું. માથે કેળું, લીંબુ, કપડાં રાખે, રાતે એની ચળક બતાવે, આમ છે ને તેમ છે. ત્યારે હીરાના પારખી થાય. એ વાત કહે છે કે આ પ્રમાણે કર્યું માટે પારખીની પર્યાય થઈ એ ખોટી વાત છે એમ કહે છે. શેઠ! તમારે બીડીયુંમાં તમાકુ કેવી ભિન્ન-ભિન્ન જાતની (હોય). અહીં બહુ તમાકુ ભિન્ન ગંધાય. સુંઘીને આવે છેને અહીં કંઈક. ...ગંધ બહુ મારે છે. તમે તો મોટા શેઠીયા એટલે વળી તમાકુ પણ ઊંચી જાતની હોય. આહાહા! એની છીંકણી એવી આવે. તમારે રાણપરની છીંકણી આવે છેને. એ અંદર પત્તી નાખી હોય બહુ સુગંધી. રાણપરમાં આવે છે. દુકાને મૂકી હોયને. દુકાને આવી મળે. આહાહા!

અહીં તો કહે છે કે ભગવાન! તારા અસ્તિત્વથી તારામાં શું થાય છે? પરના અસ્તિત્વને લઈને નહીં એમ સિદ્ધ કરવું છે. આહાહા! એક જ લીટીમાં એટલું ભર્યું છે. પછી એનો વિસ્તાર થશે. આત્મા ભગવાન વસ્તુ છેને. ભગ.. ભગ એટલે શું? ભગવાન. ભગ એટલે જ્ઞાન ને આનંદની જેનામાં લક્ષ્મી છે એને ભગ કહીએ. અને ભગવાન.. એના વાળો તેને ભગવાન કહીએ. આત્મા ભગવાન છે. એનામાં તો જાણવા-દેખવાની લક્ષ્મીનો એ ભંડાર છે. સમજાણું કાંઈ? આ તમારી બીડીયું ને પૈસાનો ભંડાર નથી. એ તો જડ છે, ધૂળ છે. પણ અહીં તો કહે છે કે જડ ને ધૂળના આવવા-જવાના કાળે આત્મા જાણવાની દશા કરે છે. એ કોને લઈને કરે છે? કહે છે. આહાહા! કામ કરતો નથી, પણ એને જાણવા-દેખવાનો ભાવ પણ કોને લઈને છે? એ ચીજને લઈને છે? એમ કહે છે. સમજાણું કાંઈ?

જાદવજીભાઈ! તમારે બહુ ઓલા હુંડીમાં ધીરધારમાં ધ્યાન બહુ રાખવું પડે. નથી ખબર.... હજી આવ્યો નથીને. હજી બે નંબર થયા છે, ત્રીજો નંબર બાકી છે. તારો દાદો પહેલા

નંબરમાં આવી ગયો, તારો બાપ બીજે નંબરે આવે, હવે તારો કાકો કરે છે. પણ એ બધું પૈસા આવે-જાય, એના ધ્યાન રાખવાની પર્યાય બરાબર જાણે ત્યારે આવે-જાય ને? અહીં તો એમ કહે છે ભગવાન કે સાંભળને પ્રભુ! તારું અસ્તિત્વ શું છે? તારું અસ્તિત્વ–સત્તા શું છે? તારામાં શું થાય છે? કે તું પોતે આત્મા અનાદિ-અનંત અને તારામાં જ્ઞાન ને દર્શનની શક્તિ–ગુણ એ અનાદિ-અનંત. હવે ક્ષણે-ક્ષણે જે અનેક પ્રકારના સંયોગોમાં તને જે જ્ઞાન ને જાણવા-દેખવાની દશા થાય છે એ તારા અંતરના ગુણને અનુસરીને થાય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

આ બાયડી હુશિયાર હોયને, જેના હાથ હળવા હોય એનું રાંધણું સારું થાય, એમ માણસ વાતું કરે. હળવો હાથ છે તેની લાપસી સારી રીતે થાય. ઓલું શું? સેવ.. સેવ. લાકડે વણે છેને આમ આમ. સેવ પણ સારી થાય, સુંવાળી થાય, ઢીકણું એમ વાતું કરે. મૂર્ખાઈ છે બધી, કહે છે. વસંતીલાલજી! આ તમારો આપટો. બીડીમાં આપટો હોયને આપટો. શેઠ! આપટાના પાંદડા. આપટા... આપટાના પાંદડાના થાયને. ન્યાં બધું જોયું છેને. આપટો, ઓલો ચીમરું. ચીમરુંની એક પાંદડાની બીડી હોય, આપટાની બે-ત્રણ પાંદડાની બીડી હોય. કેમ ઓલું મોટું પાંદડું હોયને? ચીમરુંના પાન આવે છે મોટા. એ તો બીડીયું વાળનારને જોયા છે, બધું કર્યું છે. અમારે દુકાનમાં મોટો વેપાર, અમારે કુંવરજીભાઈને બીડીનો મોટો વેપાર હતો. પછી તો... આગળ વધી ગયા, બીડીનું છોડી દીધું.

અહીં તો કહે છે.. આહાહા! તું જ્યાં જે ઠેકાણે છો, ત્યાં તારૂં આત્માનું અસ્તિત્વ તો ત્રિકાળી છે. એનો જ્ઞાન ને દર્શનનો સ્વભાવ–શક્તિ–ગુણ તો ત્રિકાળી છે. હવે જ્યાં-જ્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના સંયોગોમાં તું ઊભો છો, એ સંયોગોમાં તું નથી અને સંયોગને લઈને તારી વર્તમાન જાણવાની દશા થાય એમેય નથી. આહાહા! કાંતિભાઈ! આ વકીલાત છે કે નહીં કાંઈ આ જાતની? આહાહા! ગજબ વાત કરી છે હોં! અસ્તિને, વર્તમાન જાણવા-દેખવાના ભાવે જે પર્યાય–પરિણામ વર્તે છે તેનું અસ્તિત્વ અંતરના ગુણને અનુસરીને આવ્યું છે. એ પરને અનુસરીને આવ્યું છે એમ છે નહીં. આહાહા!

મોટી પરીક્ષા નથી આવતી? શું કહેવાય ભાઈ? (શ્રોતાઃ આઈ.સી.એસ.). આઈ.સી.એસ. આ શિવલાલ પાસ થયો હતોને આઈ.સી.એસ મોટો. શિવલાલ પાનાચંદ શાહ. અમારી પાસે આવ્યા હતા. મરી ગયો બિચારો નાની ઉંમરમાં. સાડા ત્રણ હજારનો માસિક પગાર હતો જેતપુરમાં. આ તો ૭૭માં પહેલા આવ્યો હતો અમારી પાસે. પછી તો કલેક્ટર થયો હતો. નાની ઉંમરમાં મરી ગયો બિચારો ૪૮ વર્ષમાં. વિશાશ્રીમાળી હતા તમારા ગામ નાગ્નેશના. એવી મોટી પરીક્ષા.... સાંભળ્યું હતું કે જ્યોર્જ હતો એની સાથે બે પરીક્ષા દીધી. પહેલો નંબરે એ હતો આખા હિંદુસ્તાન–આખા દેશમાં. બીજે નંબરે જ્યોર્જ આવતો હતો.

હિંદુસ્તાનના જીવને પહેલો નંબર ન આપે એટલે પહેલો નંબર આપ્યો જ્યોર્જને અને બીજો આપ્યો આને શિવલાલ પાનાચંદને. ૪૮ વર્ષે ગુજરી ગયો નાની ઉંમરમાં. એ આવ્યો હતો અમારી પાસે ૭૭માં. ..... મેં પૂછ્યું, શિવલાલભાઈ! આ આત્મા છે એનો કાંઈ (નિર્ણય કર્યો છે)? વાંચ્યું છે ખરું. બુદ્ધિ બહુ. આખા કબાટના કબાટ વાંચે તો યાદ (રહે એટલી બુદ્ધિ). આત્મા વાંચ્યું છે, પણ આત્મા છે કે નહીં એ મેં નિર્ણય નથી કર્યો. શેના ભણીને આવ્યા મોટા?

હજી છે એનો નિર્ણય (નથી). કેવો ને કેમ એ તો એકકોર રહ્યું એને. આહાહા! આ તો 'છે' પછીના (તબક્કામાં). 'છે'માં છે શું? આત્મા છે એ ત્રિકાળી ચીજ છે. સત્ છે એની ઉત્પત્તિ ન હોય, ઉત્પત્તિ ન હોય એનો નાશ ન હોય. 'છે' એની શક્તિ–ત્રિકાળી શક્તિ શું? એ તો શક્તિવાન વસ્તુ થઈ. એની મૂળ શક્તિ શું? જાણવું-દેખવું એ એની શક્તિ, ચૈતન્ય એની શક્તિ. એ ચૈતન્યશક્તિને વર્તમાનદશા શું? કેમ થઈ, કેમ થાય? એ ત્રિકાળી શક્તિને અનુસરીને થાય છે. નિમિત્તને અનુસરીને થાય, આ કાન છે તો જાણવાનું થાય છે—એ વાત ખોટી છે એમ કહે છે. પંડિતજી! ભાઈ! આમ આંખ છે અને આમ અક્ષર દેખાય છે, એથી દેખવાની પર્યાય આમથી થાય છે એમ નથી. કારણ કે જેનામાં એ દેખવું અસ્તિત્વ પડ્યું છે એને અનુસરીને જાણવા-દેખવાની પર્યાય થાય છે. આવું એનું સત્ સ્વરૂપ છે. આહાહા! કહો, દિલીપ! આહાહા! અલૌકિક છે લ્યો.

આત્માનો... આત્માનો શું કહેવું હતું? ઓલું પરિણામ. આત્માનો શું કહેવું છે? ઓલો પરિણામ. એટલે 'નો' શબ્દ વાપર્યો છે. આત્માનો ચૈતન્ય એ ગુણ, એને અનુસરીને–અનુવર્તી.. અનુવર્તી–અનુસરીને વર્તનારો પરિણામ તે ઉપયોગ છે. **એ ઉપયોગ તે ધર્મ છે ને જીવ તે ધર્મી છે.** લ્યો. આહાહા! ઉપયોગ એનો સ્વભાવ છે અને જીવ એનો સ્વભાવવાન ધર્મી છે. **દીપક ને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.** દીપક–દીવો ને પ્રકાશ એવો જેમનો સંબંધ છે. દીવો દ્રવ્ય છે, પ્રકાશ એનો ગુણ છે. દીવો એ ધર્મી છે, પ્રકાશ એનો ધર્મ છે. એમ જીવ એ ધર્મી છે અને પ્રકાશ ઉપયોગ એનો ધર્મ છે, પોતાનો સ્વભાવ છે. એ પરને લઈને છે નહીં. એટલે વર્તમાન ઉપયોગ પર્યાય પણ પરને લઈને નથી (એમ) સિદ્ધ કરવા આ વાત લેશું. વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ ૪, મંગળવાર, તા. ૪-૧-૧૯૭૨**
**ગાથા - ૧૦, પ્રવચન નં. ૧૬**

આ નિયમસાર, મોક્ષમાર્ગનો અધિકાર છે. જીવના ઉપયોગની વ્યાખ્યા ચાલે છે.

**ટીકા : અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.** ઉપયોગ કોને કહેવો? આત્માનો.. જુઓ! આ જાણવા-દેખવાના પરિણામ થાય છેને, વર્તમાન જાણવા-દેખવાની દશા–હાલત એ શું ચીજ છે? કે એક આત્મા ત્રિકાળી ચીજ છે, એનો એક ચૈતન્યગુણ—દર્શન-જ્ઞાન પણ ત્રિકાળી છે. એને અનુસરીને... એ આમાં છેને દ્રવ્યસંગ્રહમાં? 'ચૈતન્ય અનુવિધાયી'. અહીં 'અનુવર્તી' કહ્યું છે. જુઓ! આમાં શું સિદ્ધ કરે છે? કે આત્માના જાણવા-દેખવાના જે ભાવ થાય છે... આ ઇન્દ્રિયો છે તો આ ભાવ થાય છે એમ નથી, તેમ જ્ઞેયો જાણવામાં આવે, જ્ઞેયને કારણે ત્યાં જ્ઞાન પરિણામ થાય છે એમ નથી. એનું સત્ સ્વરૂપ ત્રિકાળી આત્મા, એનો ચૈતન્ય–જ્ઞાન-દર્શન એવો સ્વભાવ–ગુણ એને અનુસરીને... આ ઉપયોગના બાર પ્રકાર કહેશે. કારણ-ઉપયોગ કહેશે. એ બધા પોતાના સામાન્ય જે ત્રિકાળી જ્ઞાન-દર્શનભાવ એને અનુસરીને વર્તમાન પરિણામ થાય છે. સમજાણું કાંઈ?

આ આંખ આમ દેખે, એથી અંદર જાણવાના પરિણામ થાય છે એમ નથી. એ આંખ બંધ કરે, પણ જાણપણું તો ત્યાં છેને? આંખ બંધ છે એમ જાણપણાના પરિણામ તો ત્યાં છે. શેઠ! (શ્રોતાઃ વસ્તુ તો ન દેખાય...) વસ્તુ ન દેખાય, (પણ) જાણપણાના પરિણામ છેને. ખરેખર તો એ વસ્તુ ક્યાં દેખાય છે? એ વસ્તુ સંબંધીના પોતાના જ્ઞાનના પરિણામ પોતાના ગુણને અનુસરીને થાય તે જણાય છે ખરેખર તો. સમજાણું કાંઈ? સત્ છેને અસ્તિત્વ આત્મા. વસ્તુ અસ્તિત્વ જેમ સત્ છે ત્રિકાળ, એમ એના જ્ઞાન-દર્શનનો ભાવ પણ ત્રિકાળ સત્ છે, એમ એને અનુસરીને થતાં જાણવા-દેખવાના પરિણામ પણ તેની પર્યાયમાં તેને કારણે સત્ છે. પરને કારણે સત્ છે એમ છે નહીં. ભારે વાતું ભાઈ આ! કહો, શેઠ!

કહે છે કે આત્માનો... ભગવાન આત્મા, એનો ચૈતન્ય જે ગુણ... ચેતન.. ચેતન એ વસ્તુ અને ચૈતન્ય એવી શક્તિ–એનો ગુણ અને એની અનુવર્તી–એને **અનુસરીને વર્તનારો...** જુઓ! એને અનુસરીને વર્તનારો વર્તે તે, તેને પરિણામ, વર્તનારો તે પરિણામ **તે ઉપયોગ છે.** સમજાણું કાંઈ? હવે આમાં તો કેવળજ્ઞાનને પણ પરિણામ કહ્યા. કેવળજ્ઞાન છેને ત્રિકાળ(જ્ઞાન), એ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે, એ પણ એક સમયનો પરિણામ છે, ગુણ નથી. મોટા વાંધા ઉઠ્યા છે અત્યારે હમણાં આ કાંઈ સમજ્યા વિના. કેવળજ્ઞાન પણ ગુણ છે એમ કહે છે. મોટી ચર્ચા ચાલી છે હમણાં. એ મોટી એટલે સંખ્યાએ ઘણામાં એ મોટી, એમ. ખોટી ભલે હોય, પણ મોટી, એમ. ઘણામાં છંછેડાણી છે.

મોટા પંડિત ૬૦-૬૦, ૭૦ વર્ષના પંડિત, કાશીના ભણેલા. નામ નથી લેતા. નામ ન લેવું. આવ્યા હતાને. વહી બાત ચલતી હૈ. એક લડકા હૈ ન વહાં? ક્યાં? નાગપુર? ક્યાં? શિવની. શિવનીમાં એક ઉત્તમચંદ છે, છોકરો નાની ઉંમરનો છે, પણ બહુ મગજવાળો છે. અહીં આવે છે. શીખવતો હશે બીજાને, એમાં આ મખ્ખનલાલજી નીકળ્યા. ક્યા હૈ? કેવળજ્ઞાન શું છે? પહેલો પ્રશ્ન તો બીજો હતો. છોકરાએ એને પૂછ્યું. પહેલું બીજું કાંઈક હતું. નિશ્ચય ને વ્યવહાર. નિશ્ચય-વ્યવહારનું ચાલતું હતું. ઉત્તમચંદ છે. કહે, નિશ્ચય-વ્યવહારમાં પહેલું શું? એમ પ્રશ્ન કર્યો. ત્યારે ઉત્તમચંદ કહે, પહેલું નહીં, નિશ્ચય હોય તો વ્યવહાર હોય. દૃષ્ટાંત આપ્યો એણે.

વિવાહનું–લગનનું નક્કી થયું હોય તો પછી જાન જોડાય. પણ વિવાહનું નક્કી કર્યા વિના જાન જોડી દેવી? આની સાથે લગન કરવા એમ નક્કી કર્યા વિના જાન જોડી દેવી? એમ ઉત્તર આપ્યો છોકરાએ. નક્કી કર્યા વિના, કે આ ગામમાં આ કન્યાના લગન કરવા માટે જાવું છે એમ નક્કી કર્યા વિના જાન જોડી દેવી ગાડાં? એ શેઠ! એમ જવાબ આપ્યો. ઉત્તમચંદ છોકરો જુવાન છે, અહીંયા આવે છે, બહુ મગજે હુશિયાર છે. એમ નિશ્ચય વસ્તુ હોય તો વ્યવહાર કહેવામાં આવે. એ એને.... બીજો દાખલો આપ્યો, આ ઘીનો ઘડો. પહેલો ઘડો હોય જો માટીનો, માટીનો ઘડો હોય તો પહેલો નિશ્ચય–યથાર્થ, તો પછી એને ઘીનો ઘડો, ગોળનો ઘડો, પાણીનો ઘડો એવો વ્યવહાર આરોપ (માટીનો ઘડો) હોય તો અપાય. પણ વસ્તુ નથી અને ઘીના ઘડાનો કોને આરોપ દેવાય? શેઠ! નવનીતભાઈ! છોકરા હવે તમારા તૈયાર થઈ ગયા છે ઘણા. એટલું તો સ્વીકારવું પડ્યું ઓલાને–પંડિતજીને કે નિશ્ચયનું જ્ઞાન તો પહેલું જોઈએ, એટલું. એટલું તો એટલું જાઓ.

પછી પ્રશ્ન કર્યો પોતે છોકરાએ એને. પંડિતજી! કેવળજ્ઞાન પર્યાય હૈ કિ ગુણ? કે ગુણ. ગુણ તો ત્રિકાળી હોય અને આ કેવળજ્ઞાન તો પર્યાય–પરિણામ છે. એ વાંધા બધા. એ આ વાંધા. આહાહા! વસ્તુ ભગવાન આત્મા ત્રિકાળી ચીજ છે એમાં ત્રિકાળી જ્ઞાન-દર્શનની શક્તિ–ગુણ સ્વભાવરૂપ ત્રિકાળ છે. એના વર્તમાન વર્તતા પરિણામ, ચાલતાં પરિણામ, એ ત્રિકાળી ગુણને અનુસરીને વર્તમાન થતી દશા એને અહીંયા પરિણામ કહે છે અને એ પરિણામને અહીં ઉપયોગ કહે છે. ઝીણું છે આ જયંતીભાઈ! દરકાર કરી નથી એણે આત્માની અંદર. આહાહા! ઓલા પંડિત છે ૬૦ વર્ષના. ગુજરી ગયા બિચારા હમણાં. ગુજરી ગયાને? છે. ઓલા માણિકચંદ. એ મોટો પંડિત હતો. મોટો પંડિત, બહુ જ મોટો. આ તત્ત્વ જુદી વાત છે, પણ ભણતર ઘણું હતું

કહે છે કે આ ઇન્દ્રિયો છેને આ, એટલે અહીંયા જાણવામાં ઇન્દ્રિયો છે તો (જ્ઞાન) થાય છે એમ નથી એમ કહે છે. કારણ કે જાણવાની દશાનું અસ્તિત્વ એ ઇન્દ્રિયના અસ્તિત્વને લઈને

છે એમ નથી. આ તો જડનું અસ્તિત્વ છે, આ તો માટી અજીવ છે. જીવ જે આત્મા, એના જે જ્ઞાન-દર્શન ગુણ એનું ત્રિકાળી હોવાપણું, એને અનુસરીને વર્તમાન પરિણામનું હોવું છે. જાણવા-દેખવાના પરિણામ એને અનુસરીને થાય છે. ઇન્દ્રિયને અનુસરીને કે જાણવાયોગ્ય પદાર્થને અનુસરીને એ પરિણામ, એમાં નથી માટે એનાથી થાતા નથી. (શ્રોતાઃ ક્ષયોપશમ હોય તો થાયને?) ક્ષયોપશમ કોનો? આનો? આ કર્મને શું છે અહીં? કર્મ એને ઘરે રહ્યા. અહીં પોતાના અંદર જેટલા જ્ઞાન-દર્શનને અનુસરીને ભાવ થાય એ પોતાનું પરિણામનું સત્ છે, એ પોતાના ત્રિકાળી સત્‌ના આશ્રયથી થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

જયધવલામાં લીધું છેને? જો ઇન્દ્રિયથી જ્ઞાન થતું હોય, થાય તો પછી સામાન્યજ્ઞાન વિશેષપણે થયું કે નહીં? એ વિશેષપણે જ્ઞાન થયું છે કે વિશેષપણે ઇન્દ્રિયો થઈ છે કે ઇન્દ્રિયોને લઈને અહીં વિશેષ થયું છે? સમજાણું કાંઈ? આ આત્માનું હોવાપણું—દ્રવ્યે, ગુણે ને પર્યાયે—કેમ અસ્તિત્વ છે એમ સિદ્ધ કરે છે. આહાહા! સમજાણું કાંઈ? કોને પડી છે આવો આત્મા ને આવો આત્મા? આહાહા! જીવ અધિકાર છેને આ. તો જીવ એટલે આત્મા. એ આત્મામાં શક્તિરૂપ–સ્વભાવરૂપ–ગુણરૂપ, ગુણ એટલે એનો ભાવ, એવો જ્ઞાન ને દર્શન એનો ત્રિકાળીભાવ એ ભાવનો કરનારો ભાવવાન આત્મા. એ ભાવને અનુસરીને—ત્રિકાળી જ્ઞાન ને દર્શનનો ભાવ એને અનુસરીને—વર્તમાન થતાં પરિણામ–પર્યાય તેને ઉપયોગ કહેવામાં આવે છે. આહાહા! ભગવાનજીભાઈ! આવું ઝીણું ભારે ભાઈ! આહાહા! તારું હોવાપણું દ્રવ્ય-ગુણ-પર્યાય તારામાં તારે લઈને છે એમ સિદ્ધ કરવું છે. પરની સત્તા–હોવાપણાને લઈને તારું વર્તમાનદશાનું હોવાપણું છે એમ નથી. સમજાણું કાંઈ?

**ઉપયોગ ધર્મ છે...** જીવનો ત્રિકાળી ને વર્તમાન. **જીવ ધર્મી છે**–ઉપયોગનો ધરનારો છે. **દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે.** દીપક તે ધર્મી છે ને પ્રકાશ તે ધર્મ છે—એવો એનો સંબંધ છે. આત્મા તે ધર્મી છે ને જાણવા-દેખવાના પરિણામ તે ધર્મ છે. ધર્મ (એટલે) એનો ધારેલો ભાવ, ધર્મ એટલે એણે ધારી રાખેલો ભાવ. સમજાણું કાંઈ? ભારે આ બધું! કહો, પ્રાણભાઈ! શેરબજારમાં બુદ્ધિ ઉઘડે છે કે નહીં? કહે છે કે એ શેરબજારના અભ્યાસને લઈને નહીં, એમ કહે છે. અંદરના ઉઘાડને અનુસરીને પરિણામ થાય છે, ભલે અજ્ઞાનના હો. આહાહા! આ સંસારના ભણતર, વકીલાતના ભણતર, આ ડોક્ટરના ભણતર, આ કીધાને બધા ભણતર કુજ્ઞાન છે, પણ છતાં કુજ્ઞાન પોતાને અનુસરીને થાય છે, પરને લઈને નહીં. (શ્રોતા : એમ બધુંય હશે?) એમ બધુંય છે.

કહો, આ બધા હુશિયાર કહેવાય છેને. કાલ કહ્યું હતું, નહીં? દેશાટન કરે તો બુદ્ધિ ખીલે. .... અભ્યાસમાં બહુ આવે તો બુદ્ધિ ખીલે. એ વાત તદ્દન ખોટી છે. એ અંદરને અનુસરીને બહાર આવે. આહાહા! સમજાણું કાંઈ? આ પરદેશમાં ભણેને લોકો? બહુ પરદેશ

જાય તો આમ બુદ્ધિ, એમ કે કેટલા કેટલા દેશાવરો જોવાય, દરિયા, નદીયું, પહેરવેશ, ભાષા, વિગેરે વિગેરે વિચિત્રતાથી જ્ઞાન ઉઘડે, હુશિયાર થાય. ભલે કુબુદ્ધિનો વિકાસ છે, પણ એ જોવા ગયો હતો માટે નહીં એમ કહે છે. અનેક પ્રકારના માણસો, છોકરાઓ બધે ફરે છે, એટલી બુદ્ધિ ઘણી હોય છે. એ એને અંતરના ગુણને અનુસરીને થવાની, થનારી છે. ભલે અજ્ઞાન હોય તો પણ એ જ્ઞાનમાંથી—અંદર યોગ્યતા છે એમાંથી—પરિણતિ આવે છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત ભગવાન! આહાહા!

આ શાસ્ત્રના શબ્દો છેને સામે, માટે અહીં જાણવાના પરિણામ થાય છે એમ નહીં, એમ કહે છે. વાંચે છે કોણ? કોઈ વાંચતું નથી. એવી વાત છે. એના ગુણની શક્તિ છે અંદર, શક્તિ–સત્ત્વ.. સત્ એ આત્મા, એનું સત્ત્વ એટલે ગુણ જ્ઞાન-દર્શન, જ્ઞાન ને દેખવું ત્રિકાળ. એને અનુસરીને વર્તમાન પરિણામ થાય. આ સાંભળતા જે પરિણામ થાય છે એ સાંભળવાને અનુસરીને નહીં એમ કહે છે. એય! એ તો એની પર્યાયનો ઉઘાડ જેટલો અંદરથી આવશે એ પ્રમાણે થયા કરશે, એ પરને લઈને નહીં. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**જ્ઞાન અને દર્શનના ભેદથી...** હવે ઉપયોગના પ્રકાર પાડે છે. **આ ઉપયોગ બે પ્રકારનો છે (અર્થાત્ ઉપયોગના બે પ્રકાર છે : જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ).** જાણવાનો વેપાર અને દેખવાનો વેપાર—એ બે પ્રકારના ઉપયોગ છે. જરી ઝીણું આવશે. **આમાં જ્ઞાનોપયોગ પણ...** જાણવું.. જાણવું થાય છેને આત્મામાં, એ જાણવાનો ઉપયોગ પણ **સ્વભાવ અને વિભાવના ભેદને લીધે બે પ્રકારનો છે (અર્થાત્ જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છેઃ સ્વભાવજ્ઞાનોપયોગ અને વિભાવજ્ઞાનોપયોગ).** એનો ખુલાસો આવશે હોં. જ્ઞાનોપયોગ–જાણવાના પરિણામના પણ બે પ્રકાર અથવા જાણવાના વેપારના પણ બે પ્રકાર—એક સ્વભાવજ્ઞાન ઉપયોગ, વિભાવજ્ઞાન ઉપયોગ. **તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય, અવિનાશી છે**. સ્વભાવિક જ્ઞાન એના ગુણનું અને એની પર્યાયનું... સમજાણું કાંઈ?

આ આત્મા વસ્તુ, એનો જે ગુણ ત્રિકાળ જ્ઞાન-દર્શન એ પણ સ્વભાવિકજ્ઞાન અને નિર્મળ અવસ્થા થાય કેવળજ્ઞાન એ પણ સ્વભાવિકજ્ઞાન. હવે સ્વભાવિકજ્ઞાન **તે પણ કાર્ય ને કારણરૂપે બે પ્રકારનું છે**. **(સ્વભાવજ્ઞાનના બે પ્રકાર છે : કાર્યસ્વભાવજ્ઞાન ને કારણસ્વભાવ-જ્ઞાન)**. કાર્ય નામ વર્તમાન પર્યાયરૂપી સ્વભાવજ્ઞાન અને ત્રિકાળી ગુણરૂપે કારણસ્વભાવજ્ઞાન. સમજાણું કાંઈ? કેટલા ભેદો આમાં સમજવા એની મેળે? આમાં યાદ શું રાખવું હતું? આત્મા વસ્તુ છે, એનો જ્ઞાન ને દર્શન ગુણ છે, એને અનુસરીને થતા બાર પ્રકારના પરિણામ છે. ઉપયોગ બાર પ્રકારનો. હવે એ ઉપયોગના પહેલા બે ભેદ સાધારણ કહ્યા, કે જ્ઞાન ને દર્શન. પછી જ્ઞાનના બે ભેદ કહ્યા—સ્વભાવિક જ્ઞાન, વિભાવિક જ્ઞાન. સ્વભાવિકજ્ઞાનના બે ભેદ કહ્યા—કારણસ્વભાવજ્ઞાન ને કાર્યસ્વભાવજ્ઞાન.

હવે અહીંયા જુઓ! કાર્યસ્વભાવજ્ઞાન ને કારણસ્વભાવજ્ઞાન. હવે **કાર્ય તો સકળવિમળ (સર્વથાનિર્મળ) કેવળજ્ઞાન છે**. આહાહા! આત્મામાં એક સમય-સેકંડના અસંખ્યમા ભાગમાં જે કેવળજ્ઞાન થાય એ ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. એવા જે કેવળજ્ઞાનરૂપી પરિણામ એ ગુણને-અંતર ગુણને અનુસરીને થતાં પરિણામ તેને કાર્યસ્વભાવજ્ઞાન કહેવામાં આવે છે. એમ કે પર્યાય-અવસ્થા થઈ તેને કાર્યસ્વભાવજ્ઞાન કહેવામાં આવે છે. હળવે હળવે લઈશું હોં, ધીમેથી. આહાહા! અરે! એની અંતર ચીજના અભ્યાસમાં કોઈ દિ' આવ્યો નથી. બહારના માર્યે થોથા કર્યાં. આ નામા-ફામા ને ફલાણા, શું કહેવાય તમારું? ઓડિટર ને. સમજાણું કાંઈ?

અહીંયા, વસ્તુ છે અસ્તિ તરીકે-સત્તા તરીકે અને તેની શક્તિરૂપ કાયમ.. જ્ઞાન ને દર્શન એ પણ શક્તિરૂપે કાયમ અને તેને અનુસરીને થતાં પરિણામ વર્તમાન વર્તતા, વર્તમાન વર્તતા-પ્રગટ છે. હવે કહે છે કે એને જ્ઞાન ને દર્શન બે પ્રકારે ઉપયોગ છે. જાણવું ને દેખવું એવા બે પ્રકાર છે. હવે, જાણવું ને દેખવું એવું જે જ્ઞાન એના બે પ્રકાર છે—સ્વભાવિકજ્ઞાન ને વિભાવિકજ્ઞાન. સ્વભાવિકજ્ઞાનના બે પ્રકાર છે. એક, વર્તમાન કેવળજ્ઞાનરૂપી પરિણામ પ્રગટ થવા એ સ્વભાવિક કાર્યજ્ઞાનોપયોગ કહેવામાં આવે છે. સ્વભાવિક-કાર્યજ્ઞાનોપયોગરૂપી પરિણામ કહેવામાં આવે છે. કહો, શેઠ! નિયમસાર-બિયમસાર વાંચ્યું નહીં હોય કોઈ દિ'? પડ્યું હશે, ત્યાં ઘરે પડ્યું હોય. કહો, સમજાણું આમાં?

**કાર્ય તો સકળવિમળ**... એક સમય-સેકંડના અસંખ્યમા ભાગમાં... ભગવાન આત્મા પોતાનો જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળી ગુણ-સ્વભાવ-શક્તિ એને અનુસરીને થતાં એક સમયમાં-સેકંડના અસંખ્યમા ભાગમાં કાર્ય એટલે પર્યાય-અવસ્થા-હાલત એવો જે કાર્યસ્વભાવજ્ઞાનનો વેપાર એને અહીંયા સ્વભાવિકજ્ઞાનકાર્યના પરિણામ કહે છે. લ્યો, આ તો પરિણામ આવ્યા અહીં તો. કેવળજ્ઞાન પણ પરિણામ છે, ગુણ નહીં, પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ? આત્માને સ્વીકારવો હોય તો ત્રણ પ્રકારે સ્વીકારાશે. એક દ્રવ્યરૂપે ત્રિકાળી છે, એના ગુણરૂપે ત્રિકાળી છે અને વર્તતા પરિણામ તરીકે વર્તનારા પર્યાય છે. એટલામાં એની સીમા છે. બાકી બધી સીમા પર જડમાં જાય છે. સમજાણું કાંઈ? અહીં તો કીધું, કેવળજ્ઞાન, અને તે પણ ચૈતન્યને અનુસરીને થતા પરિણામ કહ્યા. કાર્યસ્વભાવજ્ઞાન એ પરિણામ છે. પરિણામ એટલે પર્યાય છે, પર્યાય એટલે હાલત છે, હાલત એટલે વર્તમાન કાર્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

**અને તેનું કારણ પરમ પારિણામિકભાવે રહેલું ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન છે.** આ સ્વભાવજ્ઞાનના બે ભેદ પાડ્યા—સ્વભાવિકજ્ઞાન એક પર્યાયરૂપ પૂર્ણ અને એક ગુણરૂપ પૂર્ણ, અંદર શક્તિરૂપ. પહેલું પર્યાયરૂપ પૂર્ણ એને કેવળજ્ઞાન, કાર્યજ્ઞાન કહ્યું અને અંદર શક્તિરૂપ જે ધ્રુવ છે જેમાંથી જ્ઞાનપર્યાય આવે છે... સમજાણું કાંઈ? **કારણ પરમ પારિણામિકભાવે રહેલું**... તેનું કારણ હોં. કોનું કારણ? કેવળજ્ઞાનનું કારણ. કેવળજ્ઞાનનું કારણ, કેવળજ્ઞાન થવાનું કારણ

મોક્ષમાર્ગ એ વાત અહીં નથી. નહીંતર કેવળજ્ઞાન મોક્ષ છે, એનું કારણ મોક્ષમાર્ગ છે. એ અહીં નથી. અહીં તો કેવળજ્ઞાનરૂપી કાર્ય ત્રિકાળી કારણજ્ઞાનમાંથી આવે છે. કૂવામાં હોય એ અવેડામાં આવે. ન હોય એ આવે? એમ અંદર પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનની શક્તિના ઉપયોગરૂપ એને ઉપયોગ કીધો હોં. આહા! ત્રિકાળી જ્ઞાનભાવને પણ અહીંયા ઉપયોગ કહ્યો.

એકલો ચૈતન્યનો ગોળો ભગવાન છે આત્મા, જાણવા-દેખવાનો ગોળો. હવે કહે છે કે એમાં જાણવા-દેખવાના ભાવ એ ઉપયોગના બે પ્રકાર કહ્યા. છતાં પાછા જાણવાના બે પ્રકાર—સ્વભાવિક જાણવાનો ઉપયોગ અને વિભાવિક જાણવાનો ઉપયોગ. હવે સ્વભાવિક જાણવાના ઉપયોગના બે પ્રકાર—એક વર્તમાન કેવળજ્ઞાનના પરિણામ પ્રગટ થાય એ કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ અને એનું કારણ ત્રિકાળી જ્ઞાનગુણ એ કારણસ્વભાવિકજ્ઞાનોપયોગ. **તેનું કારણ પરમ પારિણામિકભાવે રહેલું...** ભગવાન આત્મામાં સહજ સ્વભાવે રહેલું, સહજાનંદ પ્રભુ આત્મા એના ભાવમાં રહેલું ત્રિકાળ... જુઓ! પોતે ત્રિકાળી છે એવું જ ત્રિકાળમાં રહેલું પરમ પારિણામિકભાવ... પારિણામિક એટલે સહજભાવ. **ત્રિકાળ નિરુપાધિરૂપ** (એટલે) ત્રણે કાળે જેમાં ઉપાધિ નથી. એવું જે કારણજ્ઞાન ત્રિકાળ સહજજ્ઞાન એને કારણ.. કારણસ્વભાવજ્ઞાન કહેવામાં આવે છે. આ ફેરી તો બધામાં ઠીક આવ્યો છે આમાં. બધું ઝીણું આવે છે સવાર-બપોર. આહાહા! આવું અસ્તિત્વ છે, આ રીતે છે, આ પ્રકારે છે એમ બતાવે છે. સમજાણું કાંઈ?

અરે! આ ઉપયોગ તો પર્યાય છે. ચેતનજી! પણ પર્યાય છે એનું શું કામ છે અહીં? પર્યાય છેને? જાણવા માટે પર્યાય નથી? કેવળજ્ઞાન એ પર્યાય છે જુઓ! આહાહા! પરમાત્મદશા થવાના કાળમાં આત્માને જે કેવળજ્ઞાન (થાય)—એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવા ભાવ–પર્યાય—એ છે, એના અસ્તિત્વનો એ ભાવ છે. આહાહા! એ કાર્યસ્વભાવજ્ઞાન, કારણ કે બહાર આવ્યુંને, પ્રગટ થયું એટલે કાર્યસ્વભાવજ્ઞાન કહ્યું અને અંતર એનું કારણ જે ત્રિકાળી એને કારણસ્વભાવજ્ઞાન ઉપયોગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, શેઠ! આ રાત્રે પૂછે તો આવડશે કે નહીં? નહીં, એ નહીં. બીડીયુંનું પૂછો, પૈસા કેટલા છે એ પૂછો તો આવડશે. ઘૂંટી ઘૂંટીને તો કહેવાય છે અહીં હળવે-હળવે. કહો, સમજાણું કાંઈ આમાં?

પ્રભુ! તારામાં મૂડી આવી છે એમ કહે છે. એ કેવળજ્ઞાન આત્મામાં (થાય) જે એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે, એવી દશારૂપી કાર્ય એ તારી પર્યાયમાં–અસ્તિત્વમાં છે, થાય ત્યારે. પણ છે તારા અસ્તિત્વમાં, પર્યાયના અસ્તિત્વમાં છે. એને કાર્યસ્વભાવજ્ઞાન, પ્રગટરૂપે એટલે કાર્યસ્વભાવજ્ઞાન કહ્યું. અને એનું કારણ ત્રિકાળ અંદર ત્રિકાળજ્ઞાનની શક્તિ પડી છે એ પિંડમાંથી કાર્ય આવે છે અંદરથી, એને અનુસરીને કાર્ય આવે છે. આહાહા! દ્રવ્યમાં

ભરેલો જ્ઞાનસ્વભાવ, એનું સ્વરૂપ જાણવું પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ. એ ત્રિકાળ પ્રજ્ઞાસ્વભાવ એને અનુસરીને કેવળજ્ઞાન થાય છે.

મજબૂત સંહનનને લઈને, મનુષ્યપણાને લઈને, પર્યાપ્તપણાને લઈને, કર્મનો અભાવ થાય એને લઈને... તમારે તો એ છે ન્યાં. જ્ઞાનાવરણીયનો ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય. ઓલો એમ કહે છેને ભાઈ રતનચંદજી. એમ કહો. રતનચંદને દિગંબરનો ઘણો અભ્યાસ છે. અભ્યાસ ઘણો પણ બધો ચિતરવેલ જેવો. એ કહે કે એમ ન કહો કે પોતાને કારણે પર્યાય થાય ત્યારે કર્મ ખરે. એમ ન કહો. કર્મ ખરે ત્યારે અહીં થાય એમ કહો. ઊંધેથી લ્યો. ઊંધે ઘડે માંડો. એમ નથી. ભગવાન આત્મા પોતાના જ્ઞાનની શક્તિરૂપ સામર્થ્ય–ગુણ ત્રિકાળ છે, એને અનુસરીને વર્તમાન કેવળજ્ઞાનના પરિણામ થાય ત્યારે કર્મનો ક્ષય કર્મને કારણે થાય. અહીં તો પોતાના પરિણામ પોતાથી થાય છે. આહાહા! ભારે!

આવરણરૂપ નિમિત્ત હતું એ અકર્મરૂપે પરિણમ્યું એ પણ એને કારણે પરિણમે છે. અકર્મરૂપે પરિણમ્યું માટે અહીં કેવળજ્ઞાનના પરિણામ થયા છે એમ નથી. ભારે આવી વાતું ભાઈ! પરમાત્મદશા વખતે જે કેવળજ્ઞાન પ્રગટ થાય છે આત્મામાંથી, એ કાર્યજ્ઞાન... કાર્ય થયુંને, પર્યાય થઈને. કાર્ય એટલે પરિણામ, પરિણામ એટલે કાર્ય. એ સ્વભાવિક કાર્ય થયું બીજા કોઈની અપેક્ષા રાખ્યા વિના. એ કાર્યજ્ઞાનનું કારણ ત્રિકાળી ભગવાન આત્મામાં જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન શક્તિ પડી છે–ગુણ પડ્યો છે, એને અનુસરીને થાય છે. એ ત્રિકાળીજ્ઞાનને કારણ પરમપારિણામિકભાવે રહેલું કારણસહજજ્ઞાન કહીએ અને પ્રગટ દશાને કાર્યસ્વભાવિકસહજજ્ઞાન કહીએ. શેઠ! આવી વાતું છે. બહુ ઝીણી છે. આહાહા!

એમ સિદ્ધ કરવું છે કે તારી જ્ઞાનની દશા જે વર્તે છે એ પૂરી થશે એ કોઈ પરને લઈને નહીં. તારા કારણે વર્તે ને તારે કારણે પૂર્ણ થાશે. આહાહા! સમજાણું કાંઈ? **તેનું કારણ પરમ પારિણામિકભાવે રહેલું ત્રિકાળ...** જે ત્રિકાળનિરુપાધિરૂપ સહજજ્ઞાન ભર્યું છે એને કારણસહજજ્ઞાન-ઉપયોગ કહેવામાં આવે છે. ભારે! ધર્મને સમજવા માટે ભારે આ તો. નહીંતર પરની સેવા કરવી, દેશસેવા કરવી, વિધવાના આંસુ લૂંછવા એટલે પૈસા દેવા, મદદ કરવી... અરે! કૃપા મળી જાય, આશીર્વાદ મળી જાય તો ધર્મ થઈ જાય. એમ નથી? ગુરુકૃપાથી, આશીર્વાદથી ધર્મ, કેવળજ્ઞાન થઈ જાય. એ તો નિમિત્તના કથન છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! તારી કૃપામાં જે અંદર ગુણ પડ્યો છે એની કૃપા થતાં એને અનુસરીને કેવળજ્ઞાન થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : ... પર્યાય દેવ-ગુરૂ-શાસ્ત્ર....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો વ્યવહાર વિકલ્પ છે. પરદ્રવ્યસે માન્યતા કરના વહ તો વિકલ્પ હૈ, રાગ હૈ. રાગકો અનુસરતા હો તો પુણ્યબંધ હોતા હૈ. સૂક્ષ્મ છે ભાઈ! ગુરુથી જ્ઞાન

થાય એ નિમિત્તનું કથન છે. ગુરુ વિના જ્ઞાન નહીં. અહીં તો કહે છે કે ત્રિકાળી કારણસ્વભાવ વિના કાર્ય નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એ જ્ઞાન ને દર્શનના બે ભેદ પાડ્યા. એ માંહ્યલું જ્ઞાનના સ્વભાવિકજ્ઞાન ને વિભાવિકજ્ઞાનના ભેદ પાડ્યા. એમાં સ્વભાવિકજ્ઞાનના બે ભેદ પાડ્યા એ વાત પૂરી કરી. કાર્યસ્વભાવિકજ્ઞાન ને કારણસ્વભાવિકજ્ઞાન. કાર્ય નામ વર્તમાન પરિણતિ કાર્ય-પર્યાયરૂપે અને કારણ ત્રિકાળશક્તિરૂપે. આહાહા! પ્રવીણભાઈ! આ બધું ધ્યાન રાખે તો બધા વિકલ્પ ઓછા થઈ જાય. આ ઇન્જેક્શન છે પાવરફૂલ. મગજ સારું થાય એમ કહો.... આહાહા! મગજ અંદર જ્ઞાનસ્વરૂપ ભરેલું જ છે. સારું શું કરવું હતું? આહાહા!

આ રજકણોનું અસ્તિત્વ, આ તો અસ્તિત્વ જડનું છે. એનો અંદર જાણનારો જે છે જાણનારો, એમાં જાણવાનું અસ્તિત્વ શક્તિરૂપે પૂર્ણ પડ્યું છે. આહાહા! વાત એ છે કે એણે વિશ્વાસમાં વાત લીધી નથી. આ એક ચીજ છે અસ્તિ, વસ્તુ-તત્ત્વ છે તો એ તત્ત્વમાં જ્ઞાન ને દર્શનની શક્તિરૂપ સ્વભાવ (હોય). કારણ કે એ તો વસ્તુ થઈ તો એ વસ્તુનો સ્વભાવ શું- શક્તિ શું? સત્‌નું સત્ત્વ શું? ભાવવાનનું ભાવપણું શું? જ્ઞાન ને દર્શન અત્યારે લેવું છેને. જાણવા-દેખવાનો જે ત્રિકાળી સત્‌નું સત્ત્વ-શક્તિ-સ્વભાવ-ગુણ એને કારણસ્વભાવજ્ઞાન કહે છે અને એને અનુસરીને વર્તમાનદશા પૂર્ણ સ્વભાવિક, પરની અપેક્ષા રાખ્યા વિના (થાય)... દેખો! અહીં તો એ અર્થ છે. સમજાણું કાંઈ? એના અંતરમાંથી પાવર ફાટતાં કાર્યરૂપ કેવળ થાય એનું કારણ તો ત્રિકાળી ગુણ છે-શક્તિ છે જ્ઞાન. એનું કારણ કોઈ વ્યવહાર ને ઇન્દ્રિયો ને સંહનન ને મનુષ્યદેહ નથી. ગુરુ ને દેવ ને શાસ્ત્રથી થાય છે એમ નહીં.

આવું છે ભાઈ! શું થાય? માણસને અંતર આત્માનો અભ્યાસ જ ઘટી ગયો. જે હિંદુસ્તાનની આત્મવિદ્યા છે. આ બહારના કડાકૂટા, એમ.એ.ના ને એલ.એલ.બી.ના પૂંછડા મોટા. એય! આ એલ.એલ.બી. વકીલ થયા છે. પણ હવે શેઠીયા માણસ છે એટલે વકીલાત નથી કરતા, ધંધો કરે છે. પૂંછડુ કેવું વળગ્યું છે? એલ.એલ.બી., નહીં? કહો, સમજાણું કાંઈ? પણ એમ.એ.માં એમ આ કોણ છે આ? માસ્તર થયા. આ ડોક્ટર-બોક્ટર શું થયું? ડોક્ટર એટલે શું? આ બધું કળામાં કુશળ એ ને? આ તો એક વાત થઈ. કળામાં કુશળ એટલે ડોક્ટર કહેવાય. આ ડોક્ટર દવાવાળા નહીં. કળાના કુશળ ડોક્ટર. અહીં તો કહે છે કે કળાનો કુશળ આત્મા જ્ઞાનસ્વભાવ છે. એને અનુસરીને થતાં પરિણામ તેને અહીં કેવળજ્ઞાનનો કાર્યસ્વભાવ કહે છે. આહાહા! જે કાર્ય થતાં એને કેવળજ્ઞાનની સાથે અનંત આનંદ આવે. એ પણ ત્રિકાળી આનંદને અનુસરીને આનંદ આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : જો આ વાત સમજમાં આવે તો દીનતાનો અભાવ થઈ જાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : દીનતા હૈ હી નહીં. દીન કેવો પ્રભુ? પોતે દીન કેવો? દિનેશ છે એ તો. એનો તો એ ઈશ્વર છે. સમજાણું કાંઈ? આ દિનેશ કહેવાય છેને, સૂર્યને દિનેશ કહેવાય છે. દિનનો ઈશ એ સૂર્ય. દિન એટલે દિવસ, એનો ઈશ એટલે સૂર્ય. એમ ચૈતન્ય જ્ઞાન-દર્શનનો ઈશ એવો સૂર્ય. સમજાણું કાંઈ? ....આવા માહાત્મ્ય એને. ગજ ટૂંકા તે માપ કરતા આવડતું નથી. સમજાણું કાંઈ? એ બે બોલ થયા સ્વભાવિકજ્ઞાનના. એક કારણસ્વભાવજ્ઞાન ત્રિકાળ અને વર્તમાન પર્યાય ત્રિકાળને અનુસરીને વર્તનારી... એ આવ્યુંને એમાં? અનુ-વર્તનારા એ પરિણામ. કેવળજ્ઞાન પણ વર્તનારા પરિણામ છે. શક્તિરૂપ નહીં, વર્તનારા વર્તમાન પરિણામ છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રોતા : .......

પૂજ્ય ગુરૂદેવશ્રી : બધાને–બેયને બધું.... અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય, અવિનાશી ત્રિકાળી.... પણ વર્તમાન એ અમૂર્ત, અવિનાશી કેવળજ્ઞાન.... હવે ઓલા બે ભેદ પાડ્યા હતાને. એક જાણવાના ઉપયોગના બે ભેદ—સ્વભાવિક ને વિભાવિક. સ્વભાવિકના બે ભાગ પાડ્યા. હવે વિભાવિકની વાત કરે છે. દર્શન ઉપયોગની પછી કરશે.

**કેવળ વિભાવરૂપ જ્ઞાનો ત્રણ છે...** એકલા વિભાવરૂપ જ્ઞાન તો ત્રણ. **કુમતિ, કુશ્રુત અને વિભંગ.** કહો, સમજાણું કાંઈ? **કુમતિ...** આ બધી મતિઓ થાય છેને આ બધા સંચા શીખવા, ફલાણું શીખવું, આ મોટા મોટા ઉપર લઈ જાય છે રોકેટ—એ બુદ્ધિયું બધી કુજ્ઞાન છે. (શ્રોતા : કેટલી નવી-નવી શોધ થાય છે). ધૂળેય શોધ નથી. એ તો અંદરમાં હતી એને અનુસરીને કુજ્ઞાનની પર્યાય થાય છે. દૃષ્ટિ ભ્રમ–મિથ્યાત્વ છે એને કુજ્ઞાન કીધું. કુજ્ઞાન થાય છે એ તો પોતાના જ્ઞાનને અનુસરીને થાય છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : ..... કાઢી નાખવા માગે છે....) કાઢી નાખ્યું. કાઢે છે ક્યાં માળો? એ તો જાણે મોટા હુશિયાર ને ડાહ્યો. વીસ હજારનો પગાર. જયંતિભાઈ! એના ભાઈને વીસ હજારનો પગાર છે મહિને. હમણાં આવ્યા હતાને? એ ચાળીસ કીધા, પણ ભાઈ ના પાડે છે. ભાઈ એના ખરાને. કેમકે એવું નથી કરતા, એમ. શું નથી કરતા? કાળાબજાર નથી. ભાઈ ભાઈનું એમ ન બોલેને. કહો, સમજાણું કાંઈ?

આ ત્રણ ભાઈઓ છે. એ નાના ભાઈ હમણા આવ્યા હતા. મહિનાનો વીસ હજારનો પગાર. અમેરિકા છે. અમેરિકા ને? ૨૪૦૦ ડોલર મહિનાના. સાડા સાત રૂપિયાનો એક ડોલર. કાળાબજારમાં સીધો પંદર રૂપિયાનો. એ હીસાબે એના ચાલીસ હજાર થાય. એમાં કાંઈ ધૂળ-ધાણી... હમણા આવ્યા હતા, ત્રણે જણા આવ્યા હતા. આ પણ બધા પાંચ-સાત, વીસ હજારના પગારદાર. (શ્રોતા : ...) ધૂળમાંય નથી... આ તો છે એવું વર્ણન કરી નાખ્યું. જાણવામાં શું લલચાઈ જતો હતો એમાં? જાણવામાં આવે એમાં શું છે? આવું હોય છે, આવું હોય છે જગતમાં. શું છે? સમજાણું? એ તો પૂર્વના પુણ્યને લઈને એવું આવે છે. એ જ્ઞાનને અનુસરીને, આવું જ્ઞાન થયું માટે પૈસા આવે છે એમ છે નહીં. ભાઈ કહેતો હતો તમારો મનોજ. કાંઈક મોટો

પગાર છેને એટલે આ દુનિયામાં બધા ..... કરવું પડે. .... આપણને યાદ ન રહ્યું. કહો, સમજાણું કાંઈ? આહાહા! ધૂળ-ધાણી વા-પાણી છે. આહાહા!

**કેવળ વિભાવરૂપજ્ઞાન**... કેવળ એટલે શું? બીજા ચાર જ્ઞાન પણ વિભાવ (-અપૂર્ણ) છે સમ્યગ્જ્ઞાન(રૂપ). પણ કેવળ વિભાવરૂપજ્ઞાન ઉપયોગ ત્રણ છે એમ કહેવું છે. એકલા કુમતિ. આ કુમતિ જે જ્ઞાનમાં અવળાઈ છે, આત્માનું જ્ઞાન નથી, આત્માનો સમ્યક્ આશ્રય નથી, ફક્ત પરના લક્ષથી જે બુદ્ધિ ઉઘડી છે પોતાની, એ પોતામાં પોતાથી કુમતિ છે. આ બધા બુદ્ધિવાળા કહેવાય છેને. સમજાણું કાંઈ? ૫૦-૫૦ હજારના પગાર, લાખ-લાખના પગાર, પાંચ-પાંચ લાખ પેદા કરે મહિને—એ બધાય એમ માને કે અમારી બુદ્ધિ છે. હા, બુદ્ધિ ખરી, પણ કુબુદ્ધિ છે. એ કુબુદ્ધિ પણ તારા જ્ઞાનને અનુસરીને અજ્ઞાનપણે થઈ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? એમ કે આ વાંચન કર્યું, બહુ અભ્યાસ કર્યો હજારો પુસ્તકનો, માટે ત્યાં એ જ્ઞાન પ્રગટ્યું કુમતિનું, એમ નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

એ શિવલાલ પાનાચંદ હતાને. કીધુંને. આખા કબાટના પુસ્તકો (યાદ રહી જાય) એવી બુદ્ધિ હતી. લઈને આવેલો, પણ બધું કુ(જ્ઞાન)–અજ્ઞાન. કબાટના કબાટ વાંચે તો આ પુસ્તકમાં ફલાણું હતું એમ કહે. મરી ગયા બિચારા નાની ઉંમરમાં. વિસાશ્રીમાળી વાણિયા. સાડા ત્રણ હજારનો પગાર હતો મહિનાનો. જેતપુર દીવાન હતા. એ કંઈક હતું ખરું, આપણને બહુ ખબર નહીં. થોડી થોડી વાત સાંભળી હોય. ..... પણ એવો રોગ થઈ ગયો કે દેહ છૂટી ગયો. નાની ઉંમર અડતાલીસ વર્ષમાં. એ બધું કુમતિ. કહ્યુંને, આવ્યો હતો અહીંયા. વ્યાખ્યા પુરું થયું. ૭૭ની સાલની વાત છે. ૨૩ ને ૨૮ = એકાવન વર્ષ થયા. ૭૭માં વ્યાખ્યાન બોટાદમાં સભા બહુ મોટી હતીને. પહેલેથી પ્રતિષ્ઠા મોટી હતીને સંપ્રદાયમાં તો. સભા મોટી હજાર-પંદરસે માણસ હતું. વ્યાખ્યાન પુરું થયું ને આવ્યા તમારા નાગરભાઈ. નહીં, આ તો નાગરભાઈ તમારા બાપ. નાગરભાઈ ને શિવલાલભાઈ બેય આવ્યા, એમ કહું છું.

વ્યાખ્યાન પૂરું થયું. નાગરભાઈ સાથે હતા. શિવલાલભાઈનું મોસાળ ગામમાં છે. નાગરભાઈ સાથે આવેલા. બરાબર વ્યાખ્યાન પુરું થયું ને બેય જણા આવ્યા નાગરભાઈ ને. મેં એટલું પૂછ્યું, કેમ ભાઈ શિવલાલભાઈ! આત્માની કાંઈ વાત સાંભળી છે? કે હા, આત્મા છે એવું વાંચ્યું છે શાસ્ત્રમાં, (પણ) છે કે નહીં નિર્ણય કર્યો નથી. લ્યો, આ બધા ભણ્યા. બધું જાણીએ હોં. એવી બુદ્ધિ તેજ લાગે. મોટો દીવાન જેવો લાગે. કોટ આમ પહેરતો લાંબો. નાગરભાઈ સાથે હતા તમારા બાપ. આહાહા! આ ૭૭ની વાત છે. ૫૧ વર્ષ થયા. પણ આ આત્માની... એ કહે, એ છે કે નહીં એનો આપણે નિર્ણય કર્યો નથી. આહાહા! કાળા કેર છેને. અને નિર્ણય કર્યા જગતના એ બધું કુજ્ઞાન છે. સમજાણું કાંઈ? આહાહા! યાદશક્તિ બહુ હતી માળાની.

એ કુમતિ કહેવાય. અને કુશ્રુત એ શાસ્ત્રનું કુશ્રુતજ્ઞાન. જેમાં ઊંધું બધું જ્ઞાન હોય તર્કનું. કુમતિ એ સાધારણ કુમતિ, ઓલું તર્કજ્ઞાન વિશેષ શાસ્ત્રનું. એ કુશાસ્ત્ર. એ સત્‌શાસ્ત્ર

નહીં. એવાને કુશ્રુત (કહે). એ કુશ્રુતનું જ્ઞાન એ અંદરના જ્ઞાનને અનુસરીને થનારું છે. બહારના ચોપડા-બોપડા ભણ્યા માટે (જ્ઞાન) થયા એમ છે નહીં. આ એલ.એલ.બી. થયા, એમ.એ. થયા, ફલાણા થયા. શું બીજી પદવી કહેવાય? આઈ.સી.એસ.. જે હોય એ. પૂંછડાં છે બધા. એ બધી પર્યાય જ્ઞાનની ઉઘડે છે એ અંદરને કારણે ઉઘડે છે. છે ભલે અજ્ઞાન. સમજાણું કાંઈ? આહાહા!

આ તમારા શેરબજારના ધંધા. હવે થાકી ગયા છે કરીને. વર્ષ ઘણા થઈ ગયાને. પણ એ બધા કુશ્રુત ને કુતર્ક ઉઠેને તર્ક. આ ટોન એમ હોય, આ ટોન એમ હોય. ઝપટ બોલાવે ઝપટ. આ .... જોયું છેને. એક ફેરી મુંબઈ ગયો હતો દુકાનનો માલ લેવા. ત્યાં કોલાબા જોવા ગયો. કોલાબા છેને ઓલી કોર ખુણે. એક દિ' જોવા ગયા હતા. એ સાલ હશે સંવત ૬૬-૬૭. એક મારવાડી હતો આમ... લીધી-દીધી, લીધી-લીધી કર્યા કરે, રાડ પાડે. ગાંડા લાગે છે, કીધું. તે દિ' લાગતો હતો. આમ મૂર્ખા જેવા. શું લીધું-દીધું? ક્યાં પણ શું છે? ન્યાં ઓલા કોલાબા સીધો આવેને તાર, લંડનથી સમાચાર આવતા ન્યાં. દરિયો નજીક ખરોને. એ લોકો સટ્ટો કરતાં. બહુ.... ઝપટ મારે હોં માળા. એ તો જાણે અમે મોટા પાવરદાર. હું તો ફક્ત જોવા ગયેલો હોં. માલ લેવા ગયા હતા તો ચાલો જોવા જાઈએ. એક મારવાડી જોયેલો. ઢીંચકો હતો, આમ કછોટો મારેલો. આમ આમ કરે.

કહે છે કે એ બધા તર્કના જ્ઞાન કુશ્રુતજ્ઞાન છે. ટોન જોઈએ, આવો ભાવ હોય તો આમ થાય, આવું હોય તો આમ થાય, એનું વાતાવરણ કેવું છે, હવા કેવી છે, વરસાદ કેવો છે, ભાવના મોંઘા... એ બધું તર્ક કરે, એમ માણસો વાતું કરે. કહે, આપણે માનીએ કે આનો આમ ભાવ થાશે, આનો આમ ભાવ થાશે, રૂનો આવો ભાવ થાશે, કપાસનો આવો થાશે. એ બધું કુશ્રુતજ્ઞાન છે. કુતર્ક ... છેને ભાઈ આ જ્ઞાન પછીનો તર્ક, એ કુશ્રુત છે. સમજાણું કાંઈ? આહાહા! એ છે તારી પર્યાયમાં તારા અનુસરીને, પરને લઈને નહીં. આહાહા!

વિભંગજ્ઞાન થાય છે. એક એવું જ્ઞાન થાય અંદરમાંથી કે દ્વીપ-સમુદ્ર ભળાય. અજ્ઞાનીને એક વિભંગજ્ઞાન થાય, વિકાસ કે જેમાં દ્વીપ-સમુદ્ર, સાત દ્વીપ-સમુદ્ર અંદર દેખાય. એવું પણ એક વિભંગ કુજ્ઞાન થાય છે. આહાહા! સમજાણું કાંઈ? એ વિભંગજ્ઞાન પણ તારા જ્ઞાનને અનુસરીને થાય છે. અનુવર્તી જ્ઞાન છે, પરને લઈને નહીં. જુઓ! કેટલાક મિથ્યાદૃષ્ટિ હોય છે, પણ છતાં અંદર રાગની મંદતા ને એ જાતના ક્ષયોપશમ હોય છે કે જેથી અંદરમાં સાત દ્વીપ ને સાત સમુદ્ર ભાળે. જંબૂદ્વીપ, લવણ, ઘાતકી—એમ સાત દ્વીપ, સાત સમુદ્ર અંદર જણાય. છે કુજ્ઞાન, એમાં સમ્યગ્જ્ઞાન નથી. એવી કુજ્ઞાનમાં પણ એટલી તાકાત છે. એ અંતરના અનુસરીને થનારી છે. બહારના કોઈ ભણતરથી કે કર્મનો ક્ષયોપશમ થયો માટે વિભંગ થયું, એને અનુસરીને થયું એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? **આ ઉપયોગના ભેદરૂપ જ્ઞાનના ભેદો, હવે કહેવામાં આવતાં બે સૂત્રો દ્વારા (૧૧ ને ૧૨મી ગાથા દ્વારા) જાણવા.** આગળ કહેશે હવે.

**ભાવાર્થ : ચૈતન્ય અનુવિધાયી પરિણામ...** જુઓ! અહીં આ શબ્દ નાખ્યો. ચૈતન્યને અનુવિધાયી–અનુસરીને થનારા પરિણામ **તે ઉપયોગ છે.** આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન છે. ઓલા

વિજ્ઞાન માટે તો કેટલા મરે છે બિચારા. ઓહોહો! ઓલું સોવેનિયર, શું કહેવાય? આવે છેને પુસ્તક તમારે. છાપું કાલેય આવ્યું હતું. સોવિયત. એ છાપુ મોકલે છે. અમારું નામ બહાર મોટું છેને. મફત મોકલે છે. કાલ આવ્યું હતું. ઘણા આવે છે નવનીતભાઈને ન્યાં. સોવિયત સંઘ છે મોટો. અહીં મોકલે છે ગુજરાતી. એ..ય મોટા ટોપા ને ઓલા આમ કરતા હોય, આ આમ કરતા હોય. બધા ફોટા આવે છે. (શ્રોતાઃ યે વિજ્ઞાનકા જમાના હૈ). ધૂળનોય જમાનો નથી. આત્માનો જમાનો છે અત્યારે તો. આ કીધુંને, આ વિજ્ઞાનનું વિજ્ઞાન છે. એ શું છે એ જાણવાનું આ જ્ઞાન છે. આહાહા! એ ચૈતન્યને અનુવિધાયી... એમાં 'અનુવર્તી' હતું સંસ્કૃતમાં. 'અનુવિધાયી' દ્રવ્યસંગ્રહમાં એ આવે છે.

**ઉપયોગ બે પ્રકારનો છે :** એક જાણવાનો ઉપયોગ, એક દેખવાનો ઉપયોગ. જાણવામાં ભિન્ન-ભિન્ન રીતે જાણવું એનું નામ **જ્ઞાનોપયોગ.** અને દર્શનમાં ભિન્નતા ન જણાય, સામાન્યપણે અભિન્નપણે દેખવું એને દર્શન કહે છે. ભિન્ન-ભિન્નપણે જાણવું તેને જ્ઞાન કહે છે, એ જ્ઞાનોપયોગ. એ **જ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે : (૧) સ્વભાવજ્ઞાનોપયોગ અને (૨) વિભાવજ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છે : (૧) કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ,** આપણે આવી ગયું બધું. **(અર્થાત્ કેવળજ્ઞાનોપયોગ) અને (૨) કારણસ્વભાવ-જ્ઞાનોપયોગ (અર્થાત્ સહજજ્ઞાનોપયોગ).** એની નીચે વ્યાખ્યા નોટમાં.

**સહજજ્ઞાનોપયોગ પરમ પારિણામિકભાવે સ્થિત છે...** ત્રિકાળીભાવમાં રહેલ છે. **તેમ જ ત્રણેકાળે ઉપાધિ રહિત છે. તેમાંથી સર્વને જાણનારો કેવળજ્ઞાનોપયોગ પ્રગટે છે. માટે સહજજ્ઞાનોપયોગ કારણ છે અને કેવળજ્ઞાનોપયોગ કાર્ય છે.** કારણ-કાર્યની વ્યાખ્યા. ઓલીકોર આવ્યું હતુંને ઓલી બાજુ. **આમ હોવાથી સહજજ્ઞાનોપયોગને કારણસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે અને કેવળજ્ઞાન**–પ્રગટ **ઉપયોગને કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ કહેવાય છે.** કહો, સમજાણું કાંઈ? **વિભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારનો છેઃ (૧) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગ અને (૨) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ (અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગ).** એ કેવળ વિભાવ. આમાં આવી ગયું એ. આ ત્રણનો ખુલાસો કર્યો. **સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગના ચાર ભેદો** છે. એ પછી આવશે. **(સુમતિજ્ઞાનોપયોગ, સુશ્રુત-જ્ઞાનોપયોગ, સુઅવધિજ્ઞાનોપયોગ અને મનઃપર્યયજ્ઞાનોપયોગ).** એ પણ વિભાવ છે કારણ કે કર્મનું નિમિત્ત જરીક છેને એટલી અપેક્ષા છે, અપૂર્ણ છેને, અધુરું એટલે વિભાવ, વિકલ્પ. **હવેની બે ગાથાઓમાં કહેશે. મિથ્યા વિભાવજ્ઞાનોપયોગના અર્થાત્ કેવળ વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદો છે...** એ અહીં આવી ગયા. **(૧) કુમતિજ્ઞાનોપયોગ, (૨) કુશ્રુતજ્ઞાનોપપોગ અને (૩) વિભંગજ્ઞાનોપયોગ અર્થાત્ કુઅવધિજ્ઞાનોપયોગ.** લ્યો, એનો હવે કળશ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ ૫, બુધવાર, તા. ૫-૧-૧૯૭૨**
**શ્લોક - ૧૭, ગાથા - ૧૧-૧૨, પ્રવચન નં. ૧૭**

નિયમસાર, દસમી ગાથાનો કળશ છે. સત્તરમો કળશ છેને.

**अथ सकलसजिनोक्तज्ञानभेदं प्रबुद्धवा**
**परिहृतपरभावः स्वस्वरूपे स्थितो यः।**
**सपदि विशति यत्तच्चिच्चमत्कारमात्रं**
**स भवति परमश्रीकामिनीकामरूपः॥१७॥**

**શ્લોકાર્થ : જિનેંદ્રકથિત...** વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવે જે કહ્યા **સમસ્ત જ્ઞાનના ભેદો...** જોયું! ભગવાને કહ્યા છે આ બધા, એમ કહે છે. ત્રિકાળીકારણસ્વભાવ-ઉપયોગ ને કાર્યસ્વભાવ-ઉપયોગ વિગેરે ભગવાને કહેલા છે બધા. **જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી...** જાણીને કરવું છે શું? કહે છે. એ પરભાવ, વિકારભાવ એને છોડીને **નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો...** પોતાનું જે જ્ઞાન-આનંદાદિ ત્રિકાળી સ્વરૂપ છે, એ નિજસ્વરૂપમાં સ્થિત રહ્યો થકો **શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે...** ત્રિકાળી આનંદકંદ પ્રભુ ધ્રુવ એમાં જે પેસી જાય છે એટલે એકાગ્ર થાય છે. **શીઘ્ર ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વ,** એમ. ચૈતન્યચમત્કારમાત્ર એવું તત્ત્વ એમાં જે શીઘ્ર અંતર એકાગ્ર થાય છે એ કેવળજ્ઞાનરૂપ મુક્તિ પામે છે એમ કહે છે.

નિયમસાર છેને! મોક્ષમાર્ગ છે એટલે છેલ્લો સરવાળો છે એ બતાવેને. મોક્ષમાર્ગ... બેય સાથે આવ્યું. જિનેન્દ્ર ભગવાને કહેલા જ્ઞાનના ભેદો છે. પોતે કહી ગયા છે મુનિ પહેલેથી કે આની ટીકા તો ગણધરોથી, પરંપરા આચાર્યોથી ચાલી આવી છે. અમે મંદબુદ્ધિ તે શું કરનારા? એમ ચાલી ગયું છે. આ બધા ભેદો જ્ઞાનના વર્ણવ્યા એ પરમાત્માએ વર્ણવેલા છે. એને જાણીને, પરભાવને છોડી, પુણ્ય ને પાપાદિના ભાવને છોડી–લક્ષ છોડી, અંતર ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન એમાં શીઘ્રપણે (અર્થાત્) એકદમ અંદરમાં ઉતરી જાય છે, એમ કહે છે. આહાહા!

શ્રોતા : કોઈ જાણ્યા વિના ઉતરી જાય તો શું વાંધો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : જાણ્યા વિના શું ઉતરે? શું વસ્તુ દ્રવ્ય શું છે, પર્યાય શું છે, પેસે છે તો શેમાં પેસવું—એના ભાન વિના શેમાં પેસે? આંધળી દોડમાં ક્યાં જાય એ? વસ્તુ અંદર જ્ઞાન ત્રિકાળ સ્વભાવ કારણજ્ઞાનોપયોગ, એની પૂર્ણ દશા કાર્યજ્ઞાનોપયોગ, અપૂર્ણ દશા–

વિભાવ ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન ને ચાર દર્શન—એમાં એક દર્શનસ્વભાવ ને ત્રણ વિભાવ. એવું એને જ્ઞાન થયા વિના ક્યાંથી વળવું ને ક્યાં જવું—એનો વિવેક એને સુઝે નહીં.

ચૈતન્યચમત્કારમાત્ર જે કારણ ત્રિકાળી ભગવાન એવું જે તત્ત્વ, પોતાનું ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં જે પેસી જાય છે એટલે કે **અંદર ઊંડો ઉતરે છે.** ઊંડો એટલે પર્યાયમાં ઉપર ન રહેતા અંદર ધ્રુવમાં જાય છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? તે પણ શીઘ્ર. સ્વભાવ શુદ્ધ ધ્રુવ ચૈતન્યદળ એમાં જે શીઘ્રપણે પુરુષાર્થથી અંતરમાં ઊંડો જઈને રહે છે, પેસે છે અને ઊંડો ઉતરી જાય છે. **તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો વલ્લભ થાય છે (અર્થાત્ મુક્તિસુંદરીનો પતિ થાય છે).** પરમશ્રી (એટલે) કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી... લ્યો, આ લક્ષ્મી છે. અંતરમાં એકાગ્ર થતાં એને પરમશ્રી લક્ષ્મી જ્ઞાન-આનંદ સ્વરૂપની એવી જે પોતાની પૂર્ણ દશા(રૂપ) પરિણતિ એ એને છોડશે નહીં. એનો વલ્લભ થાય છે. કહો, સમજાણું કાંઈ? એ ગાથા પૂરી થઈ. હવે, અગિયાર-બાર.

**केवलमिंदियरहियं असहायं तं सहावणाणं ति।**
**सण्णाणिदरवियप्पे विहावणाणं हवे दुविहं॥ ११॥**
**सण्णाणं चउभेयं मदिसुदओही तहेव मणपज्जं।**
**अण्णाणं तिवियप्पं मदियाई भेददो चेव॥ १२॥**

**અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન—એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**
**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય—ભેદ છે સુજ્ઞાનના;**
**કુમતિ, કુઅવધિ, કુશ્રુત—એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.**

**ટીકા : અહીં (આ ગાથાઓમાં)...** ગાથાઓ છેને બે. **જ્ઞાનના ભેદ કહ્યા છે. જે ઉપાધિ વિનાના સ્વરૂપવાળું હોવાથી કેવળ છે...** કેવળજ્ઞાનની વાત છે. કેવળજ્ઞાન—આત્માના ત્રિકાળી જ્ઞાનના અવલંબે, જ્ઞાનને અનુસરીને થતું કેવળજ્ઞાન. ભગવાન પરમાત્મદશા પામે છે એમાં કેવળજ્ઞાન થાય છે, જે એક સમયમાં પૂર્ણ શક્તિની વ્યક્તિ નામ પ્રગટતા છે, એ કેવળજ્ઞાન ત્રિકાળીજ્ઞાનને અનુસરીને થાય છે. કહો, સમજાણું કાંઈ? ત્રિકાળજ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યચમત્કાર એને અનુવર્તીને કેવળજ્ઞાન થાય છે. એ કેવળજ્ઞાન ઉપાધિ વિનાનું સ્વરૂપવાળું **કેવળ = એકલું, નિર્ભેદ ને શુદ્ધ** છે.

**આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી...** એ જ્ઞાનનું કાર્યસ્વરૂપ આવરણ વિનાનું હોવાથી... **ક્રમ ને ઇન્દ્રિય...** ક્રમે-ક્રમે જાણવું એને હોતું નથી, ઇન્દ્રિયનું એને સાધન નથી. આહાહા! **દેશ-કાળાદિ વ્યવધાન વિનાનું છે.** કહો. **આડ, પડદો, અંતર, આંતરું, વિઘ્ન.** કોઈ દેશ-

કાળનું ત્યાં અંતર છે નહીં. આ પોતાની કેવળજ્ઞાનલક્ષ્મી છે. લ્યો, આ લક્ષ્મી છે. અંદરમાં ભરી છે. શક્તિરૂપે કારણ કેવળ–એકલું જ્ઞાન શક્તિરૂપ, એમાં એકાગ્ર થતાં એને અનુસરીને કેવળજ્ઞાન થાય છે. કહો, સમજાણું કાંઈ? પૂર્વની જ્ઞાનપર્યાય પ્રગટી અને એના કાર્યરૂપે કેવળજ્ઞાન એમ પણ નથી, અહીં કહે છે. સમજાણું કાંઈ? ચાર જ્ઞાન હોય અને એના કાર્યરૂપ કેવળજ્ઞાન થાય એમેય નહીં. ત્રિકાળી કારણ વિનાની સ્વભાવરૂપ સત્તા એમાં એકાગ્ર થઈને, એને અનુસરીને કેવળજ્ઞાન પ્રત્યક્ષ, ક્રમ ને ઇન્દ્રિય ને દેશકાળના વિઘ્ન વિનાનું એવું કેવળજ્ઞાન થાય છે. એ આત્માની સંપદા ને એ આત્માની લક્ષ્મી છે.

**એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી...** એકને જાણે પછી બીજાને જાણે એમ છે નહીં. એક સાથે જ્ઞાનનો પર્યાય–કાર્યરૂપ દશા કેવળજ્ઞાન **(સમસ્ત વસ્તુઓમાં** એક સાથે **વ્યાપતું હોવાથી) અસહાય છે...** એ અસહાયની વ્યાખ્યા કરી. ક્રમ ને ઇન્દ્રિય નહીં, દેશ-કાળનું વિઘ્ન નહીં અને એકને જાણે પછી બીજાને જાણે એવું નહીં, માટે તે અસહાય છે. લ્યો, આ અરિહંતનું કેવળજ્ઞાન. સમજાણું કાંઈ? **તે કાર્યસ્વભાવજ્ઞાન છે.** પર્યાય થઈને પ્રગટ. પ્રગટ થઈ એટલે કાર્યસ્વભાવજ્ઞાન છે. આહાહા! **કારણજ્ઞાન પણ તેવું જ છે.** એ કાર્યનું કારણ જે અંદર ત્રિકાળીજ્ઞાન એવું જ અસહાય છે એમ કહે છે.

**શાથી? નિજ પરમાત્મામાં રહેલાં...** આત્મા નિજ પરમાત્મસ્વરૂપ–પોતાનો પરમાત્મ પરમસ્વરૂપ ત્રિકાળી એવું નિજ પરમાત્મામાં રહેલાં... વસ્તુ પોતે આત્મા એમાં રહેલાં. સ્વભાવિક–**સહજદર્શન** ત્રિકાળી, સ્વભાવિક–**સહજચારિત્ર** ત્રિકાળી, **સહજસુખ** ત્રિકાળી અને **સહજપરમચિત્‌શક્તિરૂપ** વીર્ય, સ્વભાવિક પરમચિત્–જ્ઞાનશક્તિરૂપ વીર્ય–એવું **નિજ કારણ-સમયસારના સ્વરૂપોને...** એવું નિજ કારણસમયસારના સ્વરૂપોને... ત્રિકાળી જ્ઞાન-દર્શન-આનંદ ને સુખ એવો જે ત્રિકાળીસ્વરૂપ, વસ્તુનો અંદર ચૈતન્યમૂર્તિ સ્વભાવ, એના સ્વરૂપને **યુગપદ્ જાણવાને સમર્થ હોવાથી...** એ અંદરનું જ્ઞાન પણ બધાને એકસાથે જાણવાની તાકાતવાળું છે. શક્તિની વાત છે આ. સમજાણું કાંઈ?

આત્મામાં રહેલા સ્વભાવિક દર્શન, સ્વભાવિક આનંદ, સ્વભાવિક ચારિત્ર અને સ્વભાવિક વીર્યચિત્‌શક્તિ એના સ્વરૂપને—અંદરમાં ત્રિકાળી છે એને—જાણવાને કારણજ્ઞાન સમર્થ છે. સમજાણું કાંઈ? છે ધ્રુવ, પણ એની તાકાત અંતર સ્વરૂપને જાણવાની તાકાતવાળું છે. સમજાણું કાંઈ? ઉત્પાદ વિનાનું આ સ્વરૂપ છે, ઉત્પાદ-વ્યય વિનાનું છે. સહજદર્શન ઉત્પાદ-વ્યય વિનાનું, સહજચારિત્ર, સહજસુખ ને વીર્ય ઉત્પાદ-વ્યય વિનાની ત્રિકાળી આ ચાર શક્તિઓ એવું પૂર્ણ રૂપ, એને–પૂર્ણને જાણવાને જ્ઞાન અંતર સમર્થ છે. આહાહા! કહો, સમજાણું આમાં? આ નિજવૈભવ. આવો નિજવૈભવ છે આત્માનો. એમ કહીને એમ પણ કહે છે કે એ

નિજસ્વરૂપમાં જે દર્શન, ચારિત્ર, વીર્ય ને આનંદ એવી પરિપૂર્ણ શક્તિરૂપની સાથે રહેલું પૂર્ણ જ્ઞાન તેને જાણવા સમર્થ છે, એવા જ્ઞાનને અનુસરીને કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

યુગપદ જાણવાને હોવાથી **તેવું જ છે. આમ શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ કહ્યું.** કેવળજ્ઞાન કાર્યરૂપશુદ્ધજ્ઞાન અને અંતર જ્ઞાન કારણરૂપશુદ્ધજ્ઞાન—બેનું વર્ણન કર્યું. કહો, સમજાણું આમાં? શૈલી જ જુદી જાતની આમાં. 'કારણસ્વભાવજ્ઞાન ત્રિકાળી' એવી વાત ક્યાંય શ્વેતામ્બરમાં નથી. કારણપરમાત્મા ને કારણજીવ. આહા! વસ્તુ પોતે પદાર્થ છેને સત્ત્વ. આત્મા પદાર્થ છે, અસ્તિ છે, સત્તા છે, હોવાવાળું છે. એનામાં રહેલું અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય અને ચારિત્ર-વીતરાગતા. ત્રિકાળી વીતરાગતા હોં ત્રિકાળી. એ ત્રિકાળીમાં રહેલું જે જ્ઞાન એ ત્રિકાળીને જાણવાને સમર્થ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આમ શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું. બેય શુદ્ધ—કાર્યરૂપ વર્તમાન પ્રગટરૂપ કેવળજ્ઞાન પણ શુદ્ધ અને ત્રિકાળીજ્ઞાન ત્રણ કાળની શક્તિને જાણનારું એ પણ શુદ્ધ.

**હવે આ નીચે પ્રમાણે, શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને ભેદ કહેવામાં આવે છે.** હવે મતિજ્ઞાનની વ્યાખ્યા પહેલી. **ઉપલબ્ધિ...** નીચે નોટ. **૧. મતિજ્ઞાન ત્રણ પ્રકારનું છે : ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ.** પંચાસ્તિકાયમાં છેને. પંચાસ્તિકાયમાં સંસ્કૃત ટીકામાં છે. ઉપલબ્ધિ, ભાવના અને ઉપયોગ. મતિજ્ઞાન જે અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા સ્વરૂપ છે એ મતિજ્ઞાનના ત્રણ પ્રકાર, પ્રગટના હોં. મતિજ્ઞાન તો પ્રગટ છેને, પર્યાય છે. ઉપલબ્ધિની વ્યાખ્યા. **મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ જેમાં નિમિત્ત છે એવી અર્થગ્રહણશક્તિ (પદાર્થને જાણવાની શક્તિ)...** બીજા પદાર્થોને જાણવાની તાકાત-શક્તિ **તે ઉપલબ્ધિ છે....** ઉપલબ્ધિ કહો કે લબ્ધિ કહો, પ્રગટ થયેલી દશા કહો.

એ થાય છે અંદર જ્ઞાનને અનુસરીને. મતિજ્ઞાનની પર્યાય એ અંતર જ્ઞાનને અનુસરીને થાય છે. આ સાંભળીને કે વાંચીને ન થાય. હવે સાંભળીને, વાંચીને ન થાય અને સાંભળવું ને વાંચવું. સાંભળીને-વાંચીને થતું નથી એમ કહે છે. મતિજ્ઞાન—અંદર ત્રિકાળી જ્ઞાનની શક્તિ છે એને અનુસરીને એ મતિજ્ઞાનનો અંશ પ્રગટ થાય છે કે જે જ્ઞાનનો એક ભાગ-મતિનો પદાર્થને જાણવાની તાકાતવાળું છે. એવી દશા જે પ્રગટ થાય એ અંતરના જ્ઞાનને અનુસરીને થાય છે. સમજાણું કાંઈ? આહાહા!

હવે ભાવના. **જાણેલા પદાર્થ પ્રત્યે ફરીફરીને ચિંતન તે ભાવના છે...** એ પણ મતિજ્ઞાનની વર્તમાન પ્રગટ દશાનો એક ભાગ છે. સમજાણું કાંઈ? પર્યાયના ભાગની વાત છે. એક લબ્ધરૂપ અને વારંવાર ચિંતવનારૂપ એને ભાવના કહે છે. અને ઉપયોગ. **'આ કાળું છે', 'આ પીળું છે' ઇત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર (પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે.** આહાહા! આવા ત્રણ પ્રકાર એમાં-શ્વેતામ્બરમાં ક્યાંય નથી ભાઈ! ઉપલબ્ધિ, ભાવના ને

ઉપયોગ. લબ્ધિ ને ઉપયોગ બે જ છે સાધારણ. આહાહા! બહારનું જ કામ છે એમાં, અંતરની આખી વાત જ પડી રહી. પુદ્ગલનો આખો ગ્રંથ છે. ભગવતીમાં મોટા શતકો ભર્યા છે. અહીં તો કહે છે કે ભગવાન આત્મા વસ્તુ, એનો જ્ઞાનસ્વભાવ શક્તિ–ગુણ, એને અનુસરીને વર્તમાન મતિજ્ઞાનનો પ્રકાર—જે લબ્ધરૂપ–અર્થગ્રહણને જાણવારૂપ, એક ભાવનારૂપ અને એક ઉપયોગરૂપ. એ ત્રણે પ્રકાર મતિના એ ત્રિકાળીજ્ઞાનને અનુસરીને થાય છે. સમજાણું કાંઈ?

**તથા અવગ્રહાદિ.... ૨. મતિજ્ઞાન ચાર ભેદવાળું છે : અવગ્રહ...** એટલે શું? જ્ઞાનમાં આ શું ચીજ છે એમ પહેલી જાણવામાં આવે એને અવગ્રહ કહે છે. પણ એ જ્ઞાનમાં જાણવામાં આવે કે આ શું છે એ જાણવાનો પર્યાય અંતરને અનુસરીને થયો છે. જ્ઞેયને જાણીને થયો છે એમ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? મતિજ્ઞાનનો અવગ્રહનો એક ભાગ. અવ–નિશ્ચયથી, (ગ્રહ)– જાણવું. અંદરમાં વસ્તુ શું છે બીજી એને જાણવું. એ વસ્તુ શું છે એવું જાણવાનો અવગ્રહ ભાગ એ મતિજ્ઞાનનો એક પ્રકાર છે અને તે પણ અંદર જ્ઞાનને અનુસરીને થાય છે. જ્ઞેયને અનુસરીને નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? ભારે વાત.

અસ્તિ સિદ્ધ કર્યું છેને. દ્રવ્ય–વસ્તુ, એમાં ગુણ અસ્તિ–સત્તા, દ્રવ્ય સત્તા, તો એનો પર્યાયરૂપ સત્ પણ તેને અનુસરીને થયેલો છે. ખરેખર તો એમાં એ જ અંશ આવવાની લાયકાતથી તેને આવ્યો છે. આહાહા! ઝીણી વાતું. સમજાણું કાંઈ? એ અવગ્રહ—અવ+(ગ્રહ)– જાણવું, નિશ્ચયથી જાણવું. પણ એ પર્યાય છે એનો ભેદ અંતર અનુસરીને થાય છે. બહારમાં એમ કહેવાય કે આ થાંભલો શું છે, શબ્દ શું છે, ભગવાન શું છે—એને પહેલું જાણ્યું એને અવગ્રહ કહેવાય. એને પહેલું જાણ્યું એ એને લઈને જાણ્યું એમ નથી. પોતાના જ્ઞાનની પર્યાયમાં અંદર અનુસરીને જાણ્યું છે. કહો, સમજાણું કાંઈ?

**ઈહા (વિચારણા)...** વિચાર ચાલે મતિનો. એ વિચારણા પણ પરપદાર્થનું લક્ષ લઈને થઈ છે એમ નહીં. એ વિચારણા પણ અંતર જ્ઞાનને અનુસરીને ચાલે છે. આહાહા! આ તો સમ્યગ્જ્ઞાનની વાત છે, પણ અજ્ઞાનમાં પણ એમ છે બધે. આહાહા! એની સત્તાની સીમા, ભગવાનના જ્ઞાનગુણની સત્તાની સીમા એટલે મર્યાદા, ગુણની મર્યાદા ત્રિકાળ અને એને અનુસરીને વર્તમાન પર્યાયની મર્યાદા એ બધું પોતાને કારણે થાય છે એમ કહે છે. કહો, સમજાણું આમાં? ભાષા આવે ત્યારે આમ કહેવાય એમ કે જે આ... આવે છેને ધવલમાં? કે આ ભવિ છે કે અભવિ? સમજાણું કાંઈ? ત્યાં એમ લીધું છે, ઓલામાં (સર્વાર્થસિદ્ધ ટીકામાં) દક્ષિણનું લીધું છે. આ દક્ષિણી છે કે કાઠિયાવાડી, એમ. એ જાતનો પહેલો પકડ થયો એ અવગ્રહ, એમાં આ ભવિ છે કે અભવિ એવી વિચારધારા આવી એ પણ ખરેખર તો અંદર જ્ઞાનને અનુસરીને આવી છે. ઓલો જીવાદિ છે ભવિ-અભવિ એને અનુસરીને નહીં. સમજાણું કાંઈ? આહાહા!

વસ્તુનું અસ્તિત્વ સ્વયંસિદ્ધ તે સમયનું તેના ત્રિકાળીને અનુસરીને થયેલું, એમાં આ નિમિત્તાદિ ભલે લક્ષમાં હોય, પણ એ કાંઈ નિમિત્તથી થયું છે? એવું નિશ્ચય સિદ્ધ કરે છે. વ્યવહાર ગ્રંથોમાં એમ આવે કે એક કાર્યના બે કારણ. એ તો બીજી ચીજનું જ્ઞાન કરાવવા (કહ્યું). વસ્તુ તો આ છે. અંતર જે વિચારણા ચાલે, એ કોઈ પર ને ઇન્દ્રિય ને મનને કારણે વિચાર ચાલે છે કે લક્ષમાં કોઈ પદાર્થ આવ્યો એને કારણે વિચાર ચાલે છે—એમ નથી. આહાહા! અંતર ભગવાન જ્ઞાનગુણની ખાણ છે એને અનુસરીને એ વિચારણા ચાલે છે. વિચારણા એક મતિજ્ઞાનની પર્યાય છે, એક ભાગ છે. સમજાણું કાંઈ?

**અવાય (-નિર્ણય)** થવો. આ ભવિ જ છે. સમજાણું કાંઈ? કેમકે એનામાં દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ દેખાય છે. એવો નિર્ણય થાય એ પોતાને (લઈને). પરને લઈને નહીં. આહાહા! આ ભવિ છે. કેમ? કે એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વર્તે છે એને લઈને એ જણાય છે કે આ ભવિ છે. એવો નિર્ણય પરવસ્તુને અનુસરીને થયો નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! લ્યો, કેટલી તાકાત! મતિજ્ઞાનના નિર્ણય પર્યાયની આટલી તાકાત કે સામો પ્રાણી સમ્યગ્દૃષ્ટિ–જ્ઞાની છે માટે ભવિ છે એવો નિર્ણય એને લઈને નહીં, એને અવલંબીને નહીં અને એ છે તો આ નિર્ણય થયો છે એમ નહીં. અંદર જ્ઞાન છે તો એને અનુસરીને નિર્ણય થયો છે. સમજાણું કાંઈ?

આ ભગવાન આત્માના જ્ઞાનવૈભવની વાત ચાલે છે. કહો, શેઠ! આ તમારા બંગલા ને બંગલાનો વૈભવ ઠરાવે છેને. એમાં પાછા આમ મૂકે. અંદર શોભા માટે મૂકે છેને કાંઈ આ હરણીયાના શીંગડાં ને ફલાણું ને ઢીંકણું. કહે, એ બધી શોભા ઓભા જડની છે. આ ભગવાનની શોભા તો આ છે. આહા! અને તે પણ પરપદાર્થના નિર્ણયના કાળમાં એ નિર્ણય પરપદાર્થનો નથી. અને તે નિર્ણય પોતાને અનુસરીને થયો છે, નિમિત્તને અનુસરીને થયો નથી. આ તે કાંઈ વાત છે! આહા! સમજાણું કાંઈ? એ અવગ્રહ, ઈહા ને નિર્ણય, ધારણાનું પ્રથમ જ્ઞાન... અવ–નિશ્ચય જાણવાની દશા, પછી વિચારણા, પછી નિર્ણય—એ બધો પર્યાય અંતર ત્રિકાળી જ્ઞાનગુણને અનુસરીને પ્રવાહ આવે છે. કહો, સમજાણું કાંઈ? એ ખાણમાંથી પ્રવાહ આવે છે કહે છે, એમ કહે છે. આહાહા! અહીં કહે, આપણે ગોખીએ ને સામસામા વાંચીએ શાસ્ત્રો તો એમાંથી આ બધું આવે. આહાહા! એમાં ક્યાં હતું કે આવે? જેમાં છે એમાંથી આવે છે. દ્રવ્યસત્તા, ગુણસત્તામાંથી પર્યાયસત્તાનું હોવાપણું એમાંથી પ્રવાહ વહે છે, કહે છે. સમજાણું કાંઈ?

**અને ધારણા...** ધારણા થાય, નિર્ણય કરીને ધારણા. એ ધારણામાંથી આ સ્મૃતિ આવે છેને. જાતિસ્મરણાદિ જે થાય છે એ ધારણા હોયને એમાંથી સ્મૃતિ આવે છે ભવની. આ જગ્યાએ હતા, આ ઠેકાણે હતા વગેરે વગેરે. સમજાણું? પૂર્વે જે ધારણા કરી હોય એ મતિજ્ઞાનનો એક ભેદ છે. એ ધારણા પણ પોતાના જ્ઞાનને અનુસરીને થયેલી છે. એ ચીજોને

અનુસરીને નહીં. આહાહા! સમજાણું કાંઈ? અને એ ધારણામાંથી આમ સ્મૃતિ પૂર્વની આવે છેને જાતિસ્મરણની, એ એમાંથી આવે છે. સમજાણું કાંઈ? એનો સ્વભાવ એમાં... આહાહા! **વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.**

અહીં તો કહેવું છે કે જ્ઞાન જે ત્રિકાળી ગુણ છે અસ્તિરૂપે એને અનુસરીને મતિજ્ઞાનનો અંશ પર્યાયરૂપે થાય છે, એમાં આ બધા ભેદો એ પણ અંતરને અનુસરીને થાય છે. સમજાણું કાંઈ? આ જ્ઞેય સામે છે માટે આ જ્ઞાન થાય છે એમ નથી. સમજાણું કાંઈ? પણ જ્ઞાન ત્રિકાળી છે માટે એમાંથી જ્ઞાનની પર્યાય થાય છે. આહાહા! એ ચાર ભેદવાળું કહ્યું. પહેલા ત્રણ ભેદ કીધા—ઉપલબ્ધિ, ભાવના ને ઉપયોગ. પછી ચાર ભેદ કીધા મતિજ્ઞાનના—અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા. હવે બીજા વિશેષ ભેદ કહે છે.

**બહુ, બહુવિધ વગેરે ભેદથી મતિજ્ઞાન અનેક ભેદવાળું છે.** લ્યો. **૩. મતિજ્ઞાન બાર ભેદવાળું છે...** નીચે છે. ઘણાને જાણે. **બહુ** એટલે ઘણાને. **એક**ને જાણે, બધા પ્રકારને જાણે એ **બહુવિધ.** એ પણ પોતાની પર્યાય છે કહે છે. ઝાઝા અમે દ્રવ્ય છીએ માટે ઝાઝા જણાણા એમ નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? **એકવિધ**—એક પ્રકારનું જ્ઞાન થાય. બહુ પ્રકારનું અને એક પ્રકારનું થાય એ પણ પોતાની પર્યાય છે મતિની. **ક્ષિપ્ર**—એકદમ થાય, **અક્ષિપ્ર**—હળવે હળવે થાય, **અનિઃસૃત, નિઃસૃત,** પૂર્ણ થાય, અધુરું થાય, **અનુક્ત**—કહ્યા વિનાનું થાય, **ઉક્ત**—કહ્યું ને થાય, **ધ્રુવ**—ટકે, થયેલું ટકે, **અને અધ્રુવ**—ન ટકે. એવા બધા મતિજ્ઞાનના બાર ભેદ એ પણ પોતાની પર્યાયનો ભેદ છે, એ ગુણને અનુસરીને થાય છે. આહાહા! સમજાણું કાંઈ? એમાં એમ કહ્યું, **વિશેષ માટે મોક્ષશાસ્ત્ર (ટીકા સહિત) જુઓ.** એ મતિજ્ઞાનના પ્રકાર થયા.

હવે શ્રુતજ્ઞાન. બીજું શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન એટલે આ શાસ્ત્ર(જ્ઞાન) નહીં, અંતરનું ભાવશ્રુતજ્ઞાન. મતિજ્ઞાનપૂર્વક એક શ્રુતજ્ઞાન થાય. અંદર અરૂપી આત્માની જ્ઞાનની પર્યાય ઉત્તરતર્કણા. મતિજ્ઞાન પછી તર્ક વિશેષ ઉઠે એવું જે અંદર શ્રુતજ્ઞાન એ **લબ્ધિ અને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.** ઉઘાડરૂપ અને ભાવના એમ કહ્યુંને? ઓલામાં લબ્ધિભાવનો ઉપયોગ હતો. એથી અહીં જુદું કહેશે. પછી નાખશે, આમાં હજી પછી નાખશે. એમાં નથી કહ્યું, પણ પછી છે. ઓલામાં છે. ઉપયોગમાં નાખ્યોને, નય ને ઉપયોગ ને એમ નાખ્યું છે, પંચાસ્તિકાયમાં ઉપયોગ. આ લબ્ધિ ને ભાવના એ સિવાય પ્રમાણ ને નય એમ નાખ્યું છે ન્યાં શ્રુતજ્ઞાનમાં. સમજાણું કાંઈ? કેટલું ધારવું આમાં? ધારવું શું, એ ધારણા તો તારો સ્વભાવ મતિજ્ઞાનને અનુસરીને થવું છે એમ કહે છે. એટલા લીધા શ્રુતમાં. એ તો ઓલામાં ભેદ પાડ્યો છે. ભેદ છેને. નય ને પ્રમાણ લેવું છેને. નય ને પ્રમાણ નાખ્યું છે.

(પંચાસ્તિકાય, ગાથા ૪૩ની જયસેનાચાર્યદેવની ટીકા). લબ્ધિ-ભાવના **उवओगणयवियप्पं...** બે નાખ્યા—ઉપયોગરૂપ ને નયરૂપ. શ્રુતજ્ઞાનના બે ભેદ પાડ્યા.

**सुदणाणं पुण णाणि भणंति लब्धि य भावणा चेव, उवओगणयवियप्पं...** નયજ્ઞાન એ પણ શ્રુતજ્ઞાનો એક ભાગ છે. પ્રમાણજ્ઞાન આખું એ પણ શ્રુતજ્ઞાનનો ભાગ છે. આહાહા! **उपयोगविकल्पं नयविकल्पं... उपयोगशब्देनात्र वस्तुग्राहकं प्रमाणं भण्यते नयशब्देन तु वस्त्वेकदेशग्राहको ज्ञातुरभिप्रायो विकल्पः... नयोज्ञातुरभिप्रायः** અહીં તો વાત એ છે કે શ્રુતજ્ઞાનમાં પણ જે પ્રમાણજ્ઞાન આખું થાય એ પણ અંદર જ્ઞાનગુણને અનુસરીને થાય છે. અને નયજ્ઞાન—શુદ્ધનય, વ્યવહારનય, સમજાણું? એવું જે જ્ઞાન એ પણ શ્રુતજ્ઞાનનો એક ભેદ છે, શ્રુતજ્ઞાનનો એક ભાગ છે અને એ જ્ઞાન પણ અંદર જ્ઞાનને અનુસરીને વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? આવું છે ભગવાનજીભાઈ! આહાહા! આફ્રિકામાં તો આ બધું કાંઈ (ન મળે). આહાહા!

પૈસા ને આ કરો ને આ કરો. ધૂળના મોટા ઉકરડા. પણ કહે છે કે એ તરફનું જે જ્ઞાન થયું એ તારામાંથી થયેલું છે હોં. એ લક્ષ્મીને લઈને ને બહારને લઈને નહીં. આહાહા! અહીં તો એ વાત પહેલી સિદ્ધ કરવી છે કે સમય-સમયમાં જે આ પ્રકારનું પરિણમન છે, સમજાણું? એ અંદર ગુણને અનુસરીને તે-તે પ્રકારનું ત્યાં પરિણમન છે. ભારે વાત કરે છે! સમજાણું કાંઈ? પર્યાયમાં જે આ શ્રુતજ્ઞાનનો ભાગ, ઉપયોગરૂપ પ્રમાણ હો કે નયરૂપ એકદેશનું જ્ઞાન હો—એ છે તો શ્રુતજ્ઞાનનો ભાગ અને શ્રુતજ્ઞાનનો પર્યાય જ્ઞાનગુણને અનુસરીને થાય છે, એ તો પહેલેથી કહી ગયા છીએ. **चैतन्यानुवर्ती परिणाम उपयोगः** આ નય પણ ઉપયોગજ્ઞાન છે. શું કીધું? નિશ્ચયનયાદિ એ ઉપયોગજ્ઞાન છે, લબ્ધરૂપ નહીં. સમજાણું કાંઈ? ભાઈ! વાત તો આવે ત્યારે બધી આવેને ઝીણી. એ નયજ્ઞાન ને પ્રમાણજ્ઞાન—બેય ઉપયોગ છે. એ ઉપયોગનું જ્ઞાન એ શ્રુતજ્ઞાન છે અને શ્રુતજ્ઞાનનો પર્યાય એ ત્રિકાળી જ્ઞાનશક્તિના ભંડારને અનુસરીને આવે છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એમાં એ છે. આમાં આ નથી નાખ્યું. આમાં એ શ્રુતજ્ઞાનનો લઈ લીધો.

**લબ્ધિ ને ભાવનાના ભેદથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે**. અને એમાં વિશેષ ઉપયોગ ને નયથી બે પ્રકારનું પાછું બીજું લીધું. હવે અવધિ.. અવધિજ્ઞાન. ત્રીજું અવધિ છેને. એ બાજુ છે ઓલીકોર ઓલે પાને ન્યાં. **દેશ, સર્વ અને પરમના ભેદથી...** અવધિજ્ઞાનના ત્રણ ભેદ છે. જે રૂપી પદાર્થ જણાય મનના અવલંબન વિના, રૂપી પદાર્થના અવલંબન વિના... અંદરમાં અવધિજ્ઞાન થતાં એ જ્ઞાનનો પર્યાય પણ અંતર જ્ઞાનગુણને અનુસરીને થયેલો છે. **(અર્થાત્ દેશાવધિ, સર્વાવધિ અને પરમાવધિ એવા ત્રણ ભેદોને લીધે) અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે.** દેશાવધિ (એટલે) થોડું, સર્વાવધિ (એટલે) પૂરું અને પરમાવધિ એ ઉત્કૃષ્ટ વિશેષ. સર્વ એટલે આ બાજુનું. એમ ત્રણ ભેદોને લીધે અવધિજ્ઞાન ત્રણ પ્રકારનું છે. લ્યો, ભગવાન આત્મામાં જ્ઞાનની લબ્ધિ પ્રગટે પર્યાય એ અંદર ગુણને અનુસરીને વર્તે છે. આહાહા!

હવે મનઃપર્યયજ્ઞાન જે કોઈ મુનિને હોય છે. **ઋજુમતિ અને વિપુલમતિના ભેદને લીધે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે.** સામાના મનમાં રહેલા ભાવને, પદાર્થને જાણે. આહાહા! એવો એક આત્મામાં જ્ઞાનની પર્યાયનો એક ભેદ છે. આ બધી પર્યાયના ભેદ છે. ઋજુમતિ ને વિપુલમતિ એ વિશેષ સ્પષ્ટ છે. એ ભેદે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે. એ મનઃપર્યયજ્ઞાનનો પર્યાય પણ અંદર ગુણને અનુસરીને થાય છે. આહાહા! સમજાણું કાંઈ? આમ ચિહ્નો આવે છેને ચિહ્નો. શરીરમાં ચિહ્નો હોય અવધિના, મનઃપર્યયના, એ ચિહ્નોથી જણાય. એ બધી વાતું વ્યવહારની છે. આહા! મોટા ચિહ્ન.. ચિહ્ન હોય છેને. પોતાથી જ જણાય છે. એ બધી વાતું વ્યવહારની છે. જ્ઞાનથી જાણે છે. જ્ઞાનને ઇન્દ્રિયો આદિની પણ જરૂર નથી. સમજાણું કાંઈ? તારા ગુણની વર્તમાન પર્યાયમાં પર્યાય સ્વતંત્ર પોતાથી કામ લે છે એમ કહે છે. એવું એ સ્વતંત્ર તત્ત્વ છે. પરના અવલંબન ને આશ્રયની જરૂર નથી. આહાહા!

**પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે.** શું કહે છે? લાવ્યા પાછા. એ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, સમ્યક્-અવધિ ને મનઃપર્યય એ પરમભાવમાં સ્થિત... પોતાનો પરમભાવ જ્ઞાનાનંદ ત્રિકાળ. સમજાણું કાંઈ? પરમસ્વભાવ ધ્રુવસ્વભાવ એમાં સ્થિત એવા સમ્યગ્દૃષ્ટિને, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એમાં જે પરમસ્વભાવમાં સ્થિત છે, પરમભાવને પકડ્યો છે જેણે, એમાં જે સ્થિત છે એવા સમ્યગ્દૃષ્ટિને... જુઓ! આ વ્યાખ્યા કરી. પરમભાવમાં સ્થિત છે તેને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આ ચાર સમ્યગ્જ્ઞાનો હોય છે. એને આ ચાર સમ્યગ્જ્ઞાન મતિ, શ્રુત, અવધિ ને મનઃપર્યય (હોય છે). નીચે ખુલાસો છે થોડો.

**સુમતિજ્ઞાન ને સુશ્રુતજ્ઞાન સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે.** સુમતિ સમ્યગ્જ્ઞાન, સુશ્રુત સમ્યગ્જ્ઞાન સર્વ સમ્યગ્દૃષ્ટિને હોય છે. **સુ-અવધિજ્ઞાન કોઈ કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે.** સમ્યક્અવધિજ્ઞાન. અને **મનઃપર્યયજ્ઞાન કોઈ કોઈ મુનિવરોને—વિશિષ્ટસંયમધરોને—હોય છે.** સંયમીઓ એમાં પણ કોઈક ખાસ સંયમધરોને હોય છે. કહો, આવા ભેદોય નથી એમાં ક્યાંય હોં. આહાહા! જૈનદર્શનનું આવું સ્વરૂપ. **મિથ્યાદર્શન હોય ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન 'કુમતિજ્ઞાન', 'કુશ્રુતજ્ઞાન' અને 'વિભંગજ્ઞાન'—એવાં નામાંતરોને (અન્ય નામોને) પામે છે.** જ્યાં મિથ્યાશ્રદ્ધા છે... રાગ તે મારો, રાગમાં સુખ છે, પરમાં સુખ છે, પર્યાયના અંશ જેટલો હું છું એવી જ્યાં મિથ્યાશ્રદ્ધા—મિથ્યામાન્યતા—વિપરીત માન્યતા છે, ત્યાં જે મતિ હોય એ કુમતિ છે. કુમતિ છે આ શેરબજારનું જ્ઞાન ને આ વકીલાતનું જ્ઞાન, એમ કહે છે. આમ તમાકુનું જ્ઞાન શેઠીયાને લ્યો. શેઠ!

કહે છે કે મિથ્યાશ્રદ્ધા હોય ત્યાં એ જ્ઞાન કુમતિ છે. આહાહા! છતાં એ કુમતિની પર્યાય થઈ છે જ્ઞાનને અનુસરીને. શ્રદ્ધામાં ફેર છે, પણ થઈ છે અંદરના જ્ઞાનને (લઈને). સમજાણું કાંઈ? ગુણ જે ત્રિકાળી એના પ્રવાહનો એ સમય એમાંથી થઈ. ગજબ વાત છે. પર્યાયમાળા.

અને જે મિથ્યાદૃષ્ટિનું શ્રુતજ્ઞાન તે કુશ્રુતજ્ઞાન છે. અગિયાર અંગ ભણ્યો હોય, આહાહા! પણ એ કુશ્રુતજ્ઞાન છે. નવ પૂર્વ ભણ્યો હોય, પણ ભગવાન હાથ આવ્યો નથી, એના તળના તળિયા તપાસ્યા નથી, એણે એકલા રાગને, પર્યાયને તપાસી છે. આહાહા! એને કુશ્રુતજ્ઞાન કહીએ. અને અજ્ઞાનીના અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહીએ. મિથ્યાદૃષ્ટિ હોય, અભવિ હોય એને વિભંગજ્ઞાન થાય છે. સાત દ્વીપ, સાત સમુદ્ર જણાય અંદરમાં, પણ એ બધું વિપરીતજ્ઞાન, વિભંગજ્ઞાન છે.

**અહીં (ઉપર કહેલાં જ્ઞાનોને વિષે)...** હવે સરવાળો લાવે છે. **સહજજ્ઞાન** ત્રિકાળી **શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ પરમતત્ત્વમાં વ્યાપક હોવાથી...** વસ્તુ જે આત્મા ત્રિકાળી એનું સ્વભાવિકજ્ઞાન ત્રિકાળી શુદ્ધ અંતઃતત્ત્વમાં પરમતત્ત્વમાં વ્યાપેલું છે. શુદ્ધ અંતઃતત્ત્વ જે કાયમી સ્વભાવ એમાં–પરમતત્ત્વમાં વ્યાપેલું હોવાથી **સ્વરૂપપ્રત્યક્ષ છે.** આ ત્રિકાળી. સમજાણું કાંઈ? **સ્વરૂપપ્રત્યક્ષ.** નીચે લખ્યું છે. **સ્વરૂપે પ્રત્યક્ષ...** આ ધ્રુવ ત્રિકાળીની વાત છે હોં, ઉત્પાદ-વ્યયવાળું નહીં. સ્વરૂપે પ્રત્યક્ષ અંદર. સહજજ્ઞાન અંતઃતત્ત્વ પરમતત્ત્વમાં ત્રિકાળી આમ વ્યાપેલું અંદર એવું સ્વરૂપપ્રત્યક્ષ છે. કહો, આ વ્યાખ્યા આમાં જ આવી છે. આટલા બધા શાસ્ત્રોમાં એ સ્વરૂપપ્રત્યક્ષનું સ્વરૂપ અહીંથી લીધું છે. પર્યાયનો વિષય છેને મોક્ષમાર્ગ, તો પર્યાયનું કારણ અંદર છે એ અહીં સિદ્ધ કરે છે. મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એ પર્યાય છે. એ પર્યાય આવી ક્યાંથી? અંદરના ત્રિકાળી ગુણમાંથી આવે છે કહે છે. શ્રદ્ધાગુણમાંથી સમ્યગ્દર્શન, જ્ઞાનગુણમાંથી સમ્યગ્જ્ઞાન, ચારિત્રગુણમાંથી વીતરાગતા. કહો, સમજાણું કાંઈ?

**સ્વરૂપે પ્રત્યક્ષ, સ્વરૂપ-અપેક્ષાએ પ્રત્યક્ષ, સ્વભાવે પ્રત્યક્ષ.** સ્વભાવે પ્રત્યક્ષ હોં. આમ પ્રગટ પર્યાય નહીં. સ્વભાવે પ્રત્યક્ષ અંદર ગુણ પડ્યો છે. સ્વભાવિક ત્રિકાળીજ્ઞાન સ્વભાવે પ્રત્યક્ષ છે. આ કેવળજ્ઞાન (આદિ) એનાથી ભિન્ન ચીજ છે. કેવળજ્ઞાનાદિ તો પર્યાય છે, આ તો ત્રિકાળી શક્તિ છે. સ્વરૂપનું પ્રત્યક્ષજ્ઞાન એ સ્વરૂપે પ્રત્યક્ષ છે. **કેવળજ્ઞાન સકલપ્રત્યક્ષ (સંપૂર્ણપ્રત્યક્ષ) છે.** વર્તમાન એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની પર્યાય... વ્યવહારથી વાતું ચાલે છે અહીં. ત્રણ કાળ ને ત્રણ લોકને જાણે. પણ શું થાય? કેવળજ્ઞાન સકળ (સંપૂર્ણપ્રત્યક્ષ) છે. કહો, ત્રિકાળીજ્ઞાનના ભાવને સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું, વર્તમાન પ્રગટ કેવળજ્ઞાનને સકળપ્રત્યક્ષ કહ્યું. ઓલું સ્વરૂપપ્રત્યક્ષ છે, આ સકળપ્રત્યક્ષ છે. આહાહા! પર્યાય છેને. સકળપ્રત્યક્ષ—આખું ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવું કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે. એવો આ ભગવાન આત્માનો કાર્યરૂપ કેવળજ્ઞાન પર્યાયનો સ્વભાવ છે.

**रूपिष्ववधेः (અવધિજ્ઞાનનો વિષય-સંબંધ રૂપી દ્રવ્યોમાં છે)...** વિષય-સંબંધ રૂપી દ્રવ્યમાં છે એમ. રૂપી હોયને પરમાણુ–પુદ્‌ગલ એમાં એવો વિષય છે. અરૂપીનો વિષય એમાં નથી. **એવું (આગમનું) વચન હોવાથી અવધિજ્ઞાન વિકલપ્રત્યક્ષ (એકદેશપ્રત્યક્ષ) છે.** વિકળ.

**તેના અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક (જાણનારું) હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે.** મનઃપર્યય પણ વિકલપ્રત્યક્ષ છે. પણ અવધિથી અનંતમા ભાગે જાણે એવા વસ્તુના અંશનું ગ્રાહક.. અનંતમા ભાગે વસ્તુના અંશનું ગ્રાહક એવું પ્રત્યક્ષ મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ (છે કેમકે) અધુરું છેને. વિકલેન્દ્રિય (એટલે) જેમ ઇન્દ્રિય ઓછી છે, એમ આ વિકલપ્રત્યક્ષ છે–પૂરું નથી.

**મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.** આમ જણાય છેને, એમ કહે છે વ્યવહારથી. આમ વ્યવહારથી પ્રત્યક્ષ.... સંબંધ છે. અંદર પ્રત્યક્ષ છે. પરમાર્થથી પરોક્ષ છે ને વ્યવહારથી પ્રત્યક્ષ છે. ઓલું નિશ્ચય સ્વસંવેદન એ વળી જુદું. **વળી વિશેષ એ કે ઉક્ત (ઉપર કહેલાં) જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ...** આ બધા ભેદોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ **નિજપરમતત્ત્વમાં સ્થિત એવું એક સહજજ્ઞાન જ છે...** ત્રિકાળીજ્ઞાન એ જ મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? આ બધા ભેદોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ કારણ નિજ પરમતત્ત્વ ભગવાન આત્મા, એમાં સ્થિત એવો એક સહજજ્ઞાન જ છે. જેને અહીં સ્વરૂપપ્રત્યક્ષ કહ્યું હતું. સમજાણું કાંઈ? આવા ધર્મની વાતું ભારે આવે છે. લુખ્ખીલસ જેવી લાગે. વીતરાગની વાતું છેને આ તો. કહે છે કે બધા જ્ઞાનોના ભેદો અથવા મોક્ષનું કારણ... મોક્ષનું મૂળ અંદરમાં નિજ પરમતત્ત્વ ભગવાન જ્ઞાનસ્વભાવ છે એ બધુ મોક્ષનું મૂળ છે. એ મૂળમાંથી મોક્ષ પાકે છે, ત્યાંથી આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

**તેમ જ સહજજ્ઞાન (તેના) પારિણામિક-ભાવરૂપ સ્વભાવને લીધે...** સ્વભાવિક ત્રિકાળીજ્ઞાન તેના પારિણામિકભાવ સ્વભાવને લીધે **ભવ્યનો પરમસ્વભાવ હોવાથી...** લાયક જીવનો એ ત્રિકાળીજ્ઞાનનો સ્વભાવ મોક્ષના કારણરૂપ ભાવ છે. તેના પારિણામિકભાવરૂપ સ્વભાવ... પારિણામિક એટલે સહજભાવ.. સહજભાવ. ત્રિકાળી સહજભાવ એવા સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી, ભવ્યાત્માનો પરમસ્વભાવ (હોવાને) કારણે **સહજજ્ઞાન સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી.** આહાહા! ધર્મીને–મોક્ષના માર્ગીને એક ત્રિકાળી જ્ઞાનસ્વભાવ સિવાય કોઈ ઉપાદેય છે નહીં. આહાહા! વર્તમાન પ્રગટ પર્યાય પણ ઉપાદેય નહીં. માર્ગ તો આ છે. એમાં સત્નું–વસ્તુનું સ્વરૂપ પણ આવું છે. પરમપારિણામિકસ્વભાવમાં રહેલું જે જ્ઞાન એ જ ભવ્યજીવને ઉપાદેય છે, અંગીકાર કરવાલાયક છે, એમાં દૃષ્ટિ દેવાલાયક છે, બાકી એ સિવાય કાંઈપણ ઉપાદેય છે નહીં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ ૬, ગુરુવાર, તા. ૬-૧-૧૯૭૨
## ગાથા - ૧૧-૧૨, શ્લોક - ૧૮-૨૧, પ્રવચન નં. ૧૮

નિયમસાર, જીવ અધિકાર, એની ટીકા ચાલે છે. ૨૯ પાને, છેલ્લો પેરેગ્રાફ. જ્ઞાનના ભેદ વર્ણવ્યા હવે એનો સાર કાઢે છે સાર. એ જાણીને કરવું શું? કારણસ્વભાવજ્ઞાન ત્રિકાળ છે, કાર્યસ્વભાવ કેવળજ્ઞાન છે, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયના પ્રકાર વર્ણવ્યા. પણ તેને કરવું શું? જેનાથી આત્માને મુક્તિ અથવા આનંદ થાય એનો ઉપાય એમાં શું? કહે છે કે **આ સહજચિદ્વિલાસરૂપે...** આ આત્મા છે એ સ્વભાવિકજ્ઞાનના વિલાસરૂપે ત્રિકાળ રહેલો છે. 'આ' પ્રત્યક્ષ બતાવે છે આમ. આ આત્મા સ્વભાવિક, ચિદ્ નામ જ્ઞાનમાં વિલાસરૂપે આત્મા છે, એમાં જ્ઞાનનો ત્રિકાળ વિલાસ છે.

**(૧) સદા સહજ પરમ વીતરાગ સુખામૃત** છે. કેવો છે ભગવાન આત્મા? સહજ ચિદ્વિલાસરૂપે સદા સ્વભાવિક પરમ વીતરાગસ્વરૂપ અમૃતસ્વરૂપ છે. આત્માનો અંતર ત્રિકાળી સ્વભાવ સ્વભાવિક સદા પરમ વીતરાગ આનંદમૂર્તિ છે. વીતરાગ સુખ- અમૃતસ્વરૂપ છે. ત્યાં નજર નાખ, બીજે રહેવા દે, એમ કહે છે. સહજ પરમ વીતરાગ સુખામૃતથી ભરેલો સદાય છે અંદર ધ્રુવ, નિત્ય ધ્રુવ.

**(૨) અપ્રતિહત નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ** છે એ. જેનું ચિત્શક્તિસ્વરૂપ કોઈ દિ' પાછું પડે નહીં, હીણું થાય નહીં એવું નિરાવરણ પરમ ચિત્શક્તિનું રૂપ અંદર છે ધ્રુવ.. ધ્રુવ.. નિત્યાનંદ ભગવાન. આહાહા! સમજાણું કાંઈ? અપ્રતિહત જે ચિત્શક્તિસ્વભાવ વીર્ય છે એ પાછું ફરે નહીં. એ વીર્યનું દળ છે આત્મા. ચિત્શક્તિરૂપ સ્વભાવ છે એનો.

**(૩) સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર** છે એ તો. સ્વભાવિક જ્ઞાનવિલાસમાં પરમ અમૃત સુખ છે અને ચિત્શક્તિનું એનું રૂપ છે. અને સદા અંતર્મુખ સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ ત્રિકાળ પરમચારિત્ર છે. અંતર ભગવાન સ્વભાવમાં અવિચળ ચારિત્રરૂપી જેની શક્તિ–સ્વભાવ ત્રિકાળ છે. વર્તમાન પ્રગટ કરવી ચારિત્રની દશા એ આ નથી. એનું સ્વરૂપ જ વીતરાગસ્વરૂપ–ચારિત્રસ્વરૂપ છે ત્રિકાળ. કહો, શેઠ! આહાહા!

**અને (૪) ત્રણે કાળે અવિચ્છિન્ન (અતૂટક)...** ત્રણે કાળે તૂટે નહીં એવું **હોવાથી સદા નિકટ એવી પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા** એ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ત્રણે કાળ અતૂટક એવાથી સદા નિકટ એવી–નજીકની અંદરમાં પરમ ચૈતન્યરૂપી શ્રદ્ધા.. પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા.. પરમ ચૈતન્ય સહજ વિલાસરૂપે રહેલો એની શ્રદ્ધા એ પણ એમાં ત્રિકાળ છે. સમજાણું કાંઈ? આ આત્મા આવો છે એમ વર્ણવે છે. એક સમયની વર્તમાન પર્યાયને બાદ કરીએ તો આવું આત્માનું સ્વરૂપ છે. આહાહા! આત્મા આવો છે એમ એણે સાંભળ્યો નહીં કોઈ દિ', લક્ષમાં

લીધો નહીં. પામર તરીકે કેળવ્યો અને પામર તરીકે રહ્યો. કહે છે, ભગવાન આત્મા અંદર સ્વભાવિકજ્ઞાનના વિલાસરૂપે રહેલો અને મહા-પરમ વીતરાગ અમૃત સુખનું પૂર અને ચિત્‌શક્તિનું રૂપ અને અવિચળ ચારિત્રમય અને પરમ ચૈતન્યરૂપ સ્વભાવ એની શ્રદ્ધા સહિત ત્રિકાળ હોં. સમજાણું કાંઈ?

સદા નિકટ પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધા.. નવી શ્રદ્ધા કરવી એ પર્યાય છે, એ નહીં. આ તો અંદર પરમ ચૈતન્યરૂપની શ્રદ્ધાથી ભરેલો જ એ છે. સમજાણું કાંઈ? માળો આવો આત્મા! કહે, આત્મા તો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, આનું આ કરે, આનું કરી દે, બીજાને સુખ આપે ને દુઃખ આપે. એ આત્મા જ નહીં. અહીં તો કહે છે, આત્મા આવો છે. આહાહા! સમજાણું કાંઈ? **એ સ્વભાવ અનંતચતુષ્ટયથી જે સનાથ (સહિત) છે...** અંદર ભગવાન આત્મા અંતર્મુખની ધ્રુવ ચીજ નિત્યાનંદ પ્રભુ આવા સ્વભાવિક અનંત ચતુષ્ટય—અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્ય—એવા ચારથી જે સનાથ છે, સહિત છે. એનું સ્વરૂપ જ સનાથ-અનાદિથી આવા ચાર સ્વભાવથી સહિત છે. કહો, પંડિતજી! ઐસા આત્મા સુના હૈ કભી? (શ્રોતાઃ નહીં સુના). નહીં સુના. આહાહા!

આ શરીર, વાણી, મન એ તો જડ છે, એની અહીં વાત નથી. પુણ્ય-પાપના વિકલ્પ એ આસ્રવ છે, એની અહીં વાત નથી. એક સમયની વર્તમાનદશા પ્રગટ એની અહીં વાત નથી. એ વિનાનો ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ અનંત ચતુષ્ટયથી સનાથ છે. એ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ ને અનંત વીર્ય એનાથી પ્રભુ આત્માનો અંતર સ્વભાવ સહિત છે, સનાથ છે, રક્ષક છે. સમજાણું કાંઈ? આવો આત્મા કહે છે. **એવા આત્માને...** આવો જે આત્મા અંદર ધ્રુવસ્વરૂપ, નિત્યસ્વરૂપ, અવિચળસ્વભાવ-સ્વરૂપ એને **અનાથ મુક્તિસુંદરીના નાથ...** અનાથ છે, એને માથે કોઈ નાથ નથી. એવો ભગવાન આત્મા એને માથે કોઈ ધણી નથી. પોતે જ પોતાનો નાથ છે. **અનાથ મુક્તિસુંદરીના નાથને**... મુક્તિસુંદરી-સુંદર શુદ્ધસ્વરૂપની પરિણતિ એનો એ નાથ (છે એને) **ભાવવો**. આહાહા! **અર્થાત્ સહજજ્ઞાનવિલાસરૂપે સ્વભાવ અનંતચતુષ્ટયયુક્ત આત્માને ભાવવો.** લ્યો, આ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. આહાહા!

આવો જે આત્મા અંદર વસ્તુસ્વરૂપ છે એની અંદર એકાગ્રતા કરવી, એની ભાવના કરવી, એનો ભાવ શક્તિમાં પૂર્ણ છે એને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો, એનું નામ મોક્ષનો માર્ગ ને ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? ત્રણ શબ્દ નાખ્યા છે. સનાથ, અનાથ ને નાથ. આહાહા! ભગવાન આત્મા અંતરના અવિચળ ત્રિકાળી ધ્રુવસ્વભાવ એ આવા અનંત જ્ઞાન સહિત એ સનાથ છે, એનો કોઈ નાથ નથી, પણ પોતે મુક્તિસુંદરીનો નાથ છે. સમજાણું કાંઈ? એવો આત્મા જાણીને અંતરમાં એકાગ્ર થવું, એને અનુભવવો, એને અનુસરીને નિર્મળદશા પ્રગટ

કરવી એનું નામ ધર્મ, એનું નામ મોક્ષનો માર્ગ અને એના ફળ તરીકે મુક્તિ એનો તે નાથ જ છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! ભગવાનજીભાઈ! આવો આત્મા છે, કહે છે.

પૈસાવાળો છે, શરીરવાળો છે, બાયડી છે ને છોકરા છે, મકાન છે—એ વાળો આત્મા નથી, કહે છે. તેમ એ રાગવાળો છે ને પુણ્યવાળો છે ને વિકારભાવવાળો એવોય આત્મા નથી, તેમ એક સમયની પર્યાયવાળો ત્રિકાળ છે એવોય નથી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પરવાળો તો નથી, પણ એક સમયની પર્યાયવાળો એ ત્રિકાળી નથી. એ ત્રિકાળી સ્વભાવમાં તો અનંત જ્ઞાન, અનંત સુખ–આનંદ–સુખામૃત ને એની ચિત્‌શક્તિ અને એની શ્રદ્ધા એનાથી એ ત્રિકાળ ભરેલો છે. આહાહા! એને **ભાવવો**... એની અંતર એકાગ્રતા કરવી. લ્યો, ભાવવો એટલે વિકલ્પ કરવો, એમ નથી કાંઈ. એવો ભગવાન છે એમ પ્રથમ શ્રદ્ધામાં લઈને, એને જ્ઞેય બનાવીને એમાં લીન થવું. લ્યો, આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમજાણું કાંઈ? **(અર્થાત્) અનુભવવો**.

**આમ સંસારરૂપી લતાનું...** આમ સંસારરૂપી વેલડી, ચોરાશીના અવતાર જેમાં ફળે, અવતાર–જન્મ-જરા-મરણ અવતાર એવી સંસારરૂપી (વેલડી), સ્વરૂપમાંથી ખસીને–આવા સ્વરૂપમાંથી ખસીને વિકારના પરિણામરૂપી સંસારરૂપી લતા–વેલડી એનું **મૂળ છેદવાને...** એ લતાનું–વેલડીનું મૂળ છેદવાને **દાંતરડારૂપ...** દાંતરડા સમજતે હો? ખુરપા. દાંતરડા ઐસા હોતા હૈ ન આડા. **આ ઉપન્યાસથી બ્રહ્મોપદેશ કર્યો.** આ **કથન, સૂચન, લખાણ, પ્રારંભિક કથન, પ્રસ્તાવના.** એનો શરૂઆતમાં બ્રહ્મોપદેશ કર્યો. બ્રહ્મ ભગવાન આત્મા એની એકાગ્રતા કરવી એવો બ્રહ્મોપદેશ કર્યો. કહો, શેઠ! આહાહા!

સરવાળો (એ કે) જ્ઞાનના ભેદો કરીને મૂળ તો ત્રિકાળી જ્ઞાન (આદિ) આવી શક્તિઓ સહિત છે એમ કહેવું છે. એવા ધ્રુવ ભગવાન એને માથે કોઈ નાથ નથી, કોઈ ધણી નથી, એનો કોઈ કર્તા નથી, એનો કોઇ માલિક નથી. પોતે પોતાના પરમ પવિત્ર પરિણતિનો નાથ એવો આત્મા અંતરમાં એકાગ્ર કરીને ભાવવો. આહા! લ્યો, આ મુક્તિનો ઉપાય, આ મોક્ષનો માર્ગ છે. કહો, પોપટભાઈ! લાંબુ-લાંબુ છોડીને પછી ટૂંકામાં નાખ્યું. બાર ગાથા થઈ ખરીને એટલે જરી... જેમ ઓલી (સમયસારમાં) બાર ગાથામાં પીઠિકા હતી, એમ આમાં બાર ગાથામાં આમ કહ્યું કે જુઓ! આમાં સાર આ કહીએ છીએ.

સંસારરૂપી વેલડી... મૂળ તો એ છે કે ચોરાશીના અવતાર મિથ્યાત્વભાવથી... અરે! ક્યાં રાંકમાંથી રાજા, રાજામાંથી નારકી, નારકીમાંથી પશુ, પશુમાંથી દેવ, દેવમાંથી ઢોર—આવા અવતાર અનંત વાર કર્યા. એવી સંસારરૂપી વેલડી જે ફાલી છે એને છેદવાનો આ ઉપાય છે. સમજાણું કાંઈ? જુઓને! ... આવ્યો છે સંસાર. વાત તો એ છે કે ભવભ્રમણમાં અનંતકાળ ગાળ્યો ભાઇ! અને જેનાથી ભવભ્રમણ થાય એવો મિથ્યાત્વભાવ એ સંસારની વેલડી છે. એ

અનેક ભવનું મૂળ છે. આહાહા! ભગવાન આત્મા મુક્તિનું મૂળિયું છે. મિથ્યાત્વભાવ સંસારની લતાનું ફળ ફાલે એવી એ મોટી લતા છે. એને છેદવાનો ઉપાય, અંતરમાં ત્રિકાળી આનંદ–સુખ, શાંતિ, જ્ઞાન, વીર્ય, શ્રદ્ધા, ચૈતન્ય ત્રિકાળી પૂર્ણસ્વરૂપ છે એની શ્રદ્ધા—એવા ચૈતન્ય ચિદ્‌વિલાસરૂપે પ્રભુ બિરાજે છે એની ભાવના કર, એના સામું જો, એની સામું જો, એમાં એકાગ્ર થા. આ કરવા જેવું છે. આહાહા! માળે ભારે પણ! ઇર્યાવ્રત પાળવા કે કંદમૂળ ન ખાવું ને ચૌવિહાર કરવો એ બધું આમાં ક્યાં આવ્યું? એ બધું અંદરમાં આવ્યું. એ રાગ-બાગ છૂટી ગયો એને બધું કાંઈ રહેશે નહીં, એમ કહે છે. આહાહા!

**હવે આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોકો કહે છેઃ** ૧૮મો શ્લોક.

**इति निगदितभेदज्ञानमासाद्य भव्यः**
**परिहरतु समस्तं घोरसंसारमूलम् ।**
**सुकृतमसुकृतं वा दुःखमुच्चैः सुखं वा**
**तत उपरि समग्रं शाश्वतं शं प्रयाति ॥ १८॥**

આહાહા! અમૃતના વહેણલા વાયા છે. બાઈયું નથી ગાતી આ કંઇક લગન-બગન હોય તો? 'વહેણલા ભલે વાયા' નથી કહેતા? એ વહેણલા તો બધા પાપના છે. આ છોકરાના લગ્ન હોયને ગાય છેને સવારમાં. પ્રાણભાઈ! આ લગ્ન હોય ત્યારે સવારમાં ગાય છેને બાઈયું. વહેણલા ભલે વાયા રે. આહા! તમારે વખતે તો બહુ ગાયા હશે. કારણ કે તમારા પિતાજી પૈસાવાળા માણસ હતા. 'વહેણલા ભલે વાયા' એવું ગાય. અમારે ... છેને. ખબર નથી આપણને. બધે એક જ હોયને, ચૂલામાં રાખ જ હોયને બધે. ગાય છે. જૂના માણસ છે જૂના. એના લગ્ન વખતે જુઓને, ૩૦ હજારનો ખર્ચ તે દિ' હોં પચાસ વર્ષ પહેલાં. પ્રાણભાઈ! તમારા લગ્નની વાત છે. પહેલા લગ્ન ૩૦ હજારનો ખર્ચ. ૫૦ વર્ષ પહેલાં હોં. એ વખતે (સંવત) ૭૬. ૨૪ ને ૨૮ = ૫૨ વર્ષ થયા. પૈસાવાળા હતાને. એના બાપ મૂકી ગયેલા પૈસા. લગ્ન મોટી ધામધૂમ. ત્રણ હજારનો માંડવો ને ૩૦ હજારનો ખર્ચ. ધમાધમ. આહાહા! ધૂળધાણી. આહાહા! નક્કી થયું કે કાંઈક છે. આહાહા! આ મંડપ નાખવાની વાત છે. મોક્ષના મંડપ, જેમાં મોક્ષરૂપી વેલડી ફાલે. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન આત્મા... અરે! એને દૃષ્ટિમાં તો લે. અરે! આત્માની એવી કિંમતું તો કરે. જગતની કિંમતુ આંકી, પણ એણે પોતાની કિંમત આંકી નહીં. આહાહા! અમૂલ્ય ચીજ એના મૂલ્ય કર્યા અને મૂલ્ય વિનાની ચીજને મહામોંઘી માની કે ઓહોહો! આ આબરૂ, આ પૈસા ને આહાહા! અમૂલ્ય ચીજ આત્મા જેનું મૂલ્યાંકન છે નહીં. એવો ભગવાન સત્તાના સ્વભાવમાં બિરાજમાન અનંત જ્ઞાનાનંદમાં બિરાજિત પ્રભુ છે. એની સન્મુખ થઈને એકાગ્ર થા. એનાથી

તને શાંતિ ને મુક્તિ થશે. આહાહા! કહો, શેઠ! બાકી ધૂળ છે એમ કહે છે. આહાહા! (શ્લોક) અઢાર.

**શ્લોકાર્થ : એ રીતે કહેવામાં આવેલા ભેદોના જ્ઞાનને પામીને...** એવા જ્ઞાનના ભેદને સમજીને અથવા પરથી ભિન્ન પામીને **ભવ્ય જીવ ઘોર સંસારના મૂળરૂપ સમસ્ત સુકૃત કે દુષ્કૃત...** ઓહોહો! દેખો! કહે છે કે ભાઈ! એ શુભભાવ ને અશુભભાવ... હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ પાપભાવ દુષ્કૃત અને દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિનો વિકલ્પ એ સુકૃત—બેય ઘોર સંસારનું મૂળ છે. ભગવાનજીભાઈ! આ પુણ્યને ઘોર સંસારનું (મૂળ) કીધું. પરભાવ છે. શેઠ! ક્યા કહા? દેખો! આવા ભેદજ્ઞાનને પામીને **ભવ્ય જીવ ઘોર સંસાર**... આહાહા! એનું મૂળ સમસ્ત સુકૃત કે દુષ્કૃત—શુભ કે અશુભ. **સુખ કે દુઃખ...** કલ્પનામાં પૈસામાં સુખ છે અને ઇન્દ્રોમાં દુઃખ છે કે નારકીમાં દુઃખ છે એવી કલ્પના. **અત્યંત પરિહરો.** આહાહા! કર્તા ને ભોક્તા બેય પરિહર્યા એમ કહેવું છે. શુભ-અશુભભાવનું કર્તાપણું છોડ અને એનું ભોગવવાપણું સુખ-દુઃખ એને છોડ. આહાહા! સમજાણું કાંઈ?

આવા ખુલાસા આવે એમાં આકરું લાગે હોં. આ બધું કહેશે. આ મુનિ(પણું) તે કેવું હોય? એકલું આચાર્યનું કથન જોઈએ, આ મુનિનું કથન છે એમ કરીને કાઢી નાખે છે. ભાઈ! પ્રભુ! કહે કે સુકૃત છે એ ઘોર સંસારનું મૂળ? પુણ્ય તો પવિત્ર કરનાર છે એવો પાઠ છે પુણ્યનો અર્થ શું છે? પવિત્રતા લ્યો. અર્થ કર્યો છે. છેને એક ઠેકાણે આવે છે. આહાહા! એમ કર્યો હતો એક ફેરી. 'પુણ્ય પવિત્ર...' એમાં આવે છે. બધા નાખેને હવે એવું નાખે. પવિત્ર એટલે પાપને ઓછું કરે એ અપેક્ષાએ વ્યવહાર કહ્યો છે. નિશ્ચયપુણ્યનો અર્થ, આત્માની પવિત્રતા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એ પુણ્ય છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદની મૂર્તિ પ્રભુ પોતે, એમાં શુભ ને અશુભના વિકલ્પો ઝેર છે, અમૃતથી ઊલટા ભાવ ઝેરના પીણા છે એ. આહાહા!

અહીં તો મુનિને કહેવું છે કે શુભભાવ-અશુભભાવનું કર્તવ્ય છોડ અને એમાં હરખ-શોક, સુખ-દુઃખની ભોક્તાની કલ્પના છોડ. આહાહા! **અત્યંત પરિહરો**. આહાહા! પાછો એમાં અંશે–થોડો શુભભાવમાં કાંઈક લાભ છે માટે.... (અહીં કહે છે કે) બેયને અત્યંત પરિહરો. આહાહા! કહો, પંડિતજી! હૈ ઉસમેં શુભભાવ? (શ્રોતાઃ પુણ્ય સંસારભાવ મૂલ હૈ.) શેઠ! દાનના પૈસામાં રાગ ઘટાડે, પુણ્ય થાય, તો કહે કે સંસારનું મૂળ છે એમ કહ્યું. વિકલ્પ હૈ ન, રાગ હૈ. રાગ આગ હૈ વહ. 'રાગ આગ દહે સદા, તાતૈં સમામૃત સેઈયે.' (ઢાળ ૬, પદ ૧૫). ભાઈ! આવે છેને છેલ્લે છ ઢાળા. ભાઈને મોઢે છે આ. આહાહા!

કહે છે કે આ જ્ઞાનના પ્રકારો જાણીને અને આવો જ્ઞાનસ્વભાવરૂપ છું એમ પરથી ભેદજ્ઞાન પામીને, આને છોડ–શુભભાવ ને અશુભભાવને. આહાહા! માણસને એવું લાગે. આ ક્યાં અટક્યા છે માણસ? શુભભાવ કે અશુભભાવ બેય ઘોર સંસારનું મૂળ છે. આ પરની દયા ને દાનનો ભાવ, ભગવાનની પૂજાનો ભાવ, કહે છે કે શુભરાગ એ સંસારનું મૂળિયું છે. એમાં તો પુણ્ય બંધાય ને એમાંથી સંસાર, ભવ મળે. આહાહા! (શ્રોતાઃ ઇસીલિયે પુણ્યકી.... મહિમા

આતી હૈ). એ કહેવું છેને. અહીં તો કહે છે કે આ ઘોર સંસારનું મૂળ છે. લ્યો. હૈ કિ નહીં ઉસમેં? દેખો! મૂળ શ્લોકમેં હૈ. **परिहरतु समस्तं घोरसंसारमूलम्..** બીજી લીટી છે. આહાહા!

ભગવાન! તને ભવ મળે એ ભાવ સારો કહેવાય? ભવ તો સંસાર, દુઃખરૂપ છે. આહાહા! ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અશુભ ટળવા માટે કદાચિત હો, પણ છે તો એ સંસારનું મૂળ. આહાહા! આ બહુ આકરું લાગે માણસને. બીજે તો મહિમા ગાય છે, એમ શેઠ કહે છે. વાત સાચી છે. આહાહા! પાપના ભાવથી બચવા માટે એવો ભાવ હોય છે, પણ છે એ સંસારના ફળનું કારણ. એનાથી કોઈ જન્મ-મરણનો અંત આવે એ એનામાં નથી. જન્મ-મરણ વધારે એનાથી જન્મ-મરણનો અંત ક્યાંથી આવે? પ્રાણભાઈ! સમજાણું કાંઈ? આહાહા! ઓલા કહે, આટલા પૈસા પાંચ કરોડ જો આપણને હોતને તો એક કરોડ-બે કરોડ દાનમાં આપી દેત, તો આપણો ઉદ્ધાર થઈ જાત. એટલા બધા તો આપે નહીં. આ તો દાખલો. આ તો કોઈને એમ થઈ જાય. અરે ભગવાન! એ તો એક વૃત્તિનું ઉત્થાન છે. આમ દઉં ને લઉં એવો એક વિકલ્પનો ઉત્થાન રાગ છે. ભાઈ! તને ખબર નથી. એ રાગ એ સંસારને ફાલ આપે એવો એ રાગ છે. સંસાર ફળે, એમાં આત્માને કાંઈ શાંતિ મળે એ એમાં છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એ સમસ્ત સુકૃત... પાછી ભાષા એવી વાપરી છે. **સંસારનું મૂળ સમસ્ત સુકૃત-દુષ્કૃત..** એક વાત. અને **અત્યંત પરિહરો**. આમ જોર આપ્યું છે. આહાહા! ભગવાન આત્મા... એ કર્મચેતના ને કર્મફળચેતના છે એમ કહે છે. શુભાશુભભાવ રાગ એ કર્મચેતના છે અને સુખ-દુઃખની કલ્પના એ કર્મફળચેતના છે. એ બેય સંસારનું મૂળ છે. આહાહા! એ જ્ઞાનચેતના સંસારને છેદનારી છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! ચોરાશીના અવતારમાં ઊંડો ઉતર્યો. પ્રભુ! તારા કોઈ આરા ન આવે અને એમાં ને એમાં રખડે. એવી ચીજ છે. કહે છે, ભાઈ! તારો આત્મા મહાપ્રભુ છેને અંદર. પુણ્ય-પાપ ને હરખ-શોકના ભિન્નથી તારા પરિણામ ઉત્પન્ન થાય એવી ચીજ તારી છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ ને એના ફળરૂપે ભાવ થાય એનાથી ભિન્ન તારી નિર્મળ પર્યાય એને ઉત્પન્ન થવાનું સ્થાન એ તું છો. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપથી નિર્મળ પર્યાય થાય નહીં, તે સંસારને છેદી શકે નહીં. આહાહા!

માળું પણ આ ઘણા માણસને તો એવું લાગે કે લુખ્ખુંલસ જેવું આવ્યું. કંઈક આમ થાય ને આમ મળે ને દેવલોક મળે, પછી ચક્રવર્તી થાય. (એનો અર્થ કે) પછી હેરાન થાય આ બધા સંયોગમાં, એમ. ૯૬ હજાર સ્ત્રીઓ આવે. આહાહા! ઇન્દ્ર આવે તો ૮૪ હજાર અંગરક્ષક દેવ જેની તેનાતમાં–સેવામાં ઊભા હોય હાજર. એવી વાત તો કાંઈ લાવે નહીં ને આ કહે, એને છેદવાનો ઉપાય કર. એ બધા ઝેરના ફળ છે. ૧૪૮ પ્રકૃતિને ઝેર કીધી છેને ભાઈ! સમયસારમાં. ૧૪૮ કર્મની પ્રકૃતિ ઝેર. તીર્થંકરની પ્રકૃતિને ઝેર કીધું છે ત્યાં તો. આહાહા! ગજબ વાત છેને! ૧૪૮ પ્રકૃતિ છે એ બધા વિષવૃક્ષના ફળ છે કહે છે. આહાહા! એમાં ફાલે.

આહાહા! વીતરાગનું સ્વરૂપ દિગંબર સંતોએ જે પ્રસિદ્ધ કર્યું, કેવળીના પેટ ખોલ્યા છે એમણે તો. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્માના પરથી ભિન્ન એવા જ્ઞાનને પામીને અથવા જ્ઞાનોના પ્રકાર કહ્યા એને જાણીને અંતરમાં વળવા શુભ-અશુભભાવ ને હર્ષ-શોકના સમસ્ત ભાવને અત્યંત છોડી દે. એક પણ અંશને રાખ નહીં. આહાહા! **તેનાથી ઉપર (અર્થાત્ તેને ઓળંગી જતાં)...** શુભ ને અશુભના રાગને ઓળંગી જતાં... આહાહા! **જીવ સમગ્ર (પરિપૂર્ણ) શાશ્વત સુખને પામે છે.** ઓળંગી જતાં જીવ–ભગવાન આત્મા પરિપૂર્ણ શાશ્વત આનંદના સુખને પામે છે. તારા આ સુખની કલ્પના પાંચ-પચ્ચીસ કરોડ કે અબજ-બે અબજ રહ્યા, થોડા પાંચ પચ્ચીસ... જ્યાં મરે ત્યાં ફૂ.. જાઓ. સમજાણું કાંઈ? આહાહા!

ઓલામાં આવે છે કે 'સગા રે સગા તને સૌ કહો, સગા વળાવીને વળશે, સગા વનના લાકડાં, શરીર સાથે બળશે.' તું તો વયો ગયો ન્યાંથી. સગા કહતે હૈ ન? સગા. હમારી બાયડી હૈ, હમારા છોકરા હૈ. 'સગા રે સગા તને સૌ કહો, સગા વળાવીને વળશે જી..' મડદું બાંધ્યું, થોડીવાર હાય.. હાય.. કૂટશે..... 'સગા રે વનના લાકડા, તારી સાથે એ બળશે જી.. એક રે દિવસ એવો આવશે.' આવશે કે નહીં એવો એક દિ'? 'એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યો જ નહોતો જી, કાઢો રે કાઢો એને સૌ કહે..' કાઢો.. કાઢો.. ગયો ઓલો આત્મા, હવે મડદાને કાઢો. આહાહા!

આ જુઓને! દુનિયા. એની ગંધ મારશે, વધારે રાખશો તો હવા બગાડશે. પહેલા એ હતો ત્યારે ઘર સુધરતું હતું એમ તમે કહેતા હતા. એની સાથે આને ક્યાં સંબંધ છે? સંબંધ તો આની (-શરીરની) સાથે હતો એને. આત્મા સાથે ક્યાં હતો? એને આત્મા સાથે સંબંધ હતો? શરીર સાથે હતો. આ મારો ધણી, આ મારો બાપ, આ મારો દીકરો. આહાહા! **શાશ્વત સુખને પામે છે**. સંસારની લતાને છેદી, સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની રમણતાથી ભગવાન આત્માને જે આનંદ પ્રગટ થાય તે શાશ્વત સાદિ-અનંત રહેશે, એવા સુખને પામશે. આહાહા! સમજાણું કાંઈ? ઓગણીસ કળશ.

**परिग्रहाग्रहं मुक्त्वा कृत्वोपेक्षां च विग्रहे।**
**निर्व्यग्रप्रायचिन्मात्रविग्रहं भावयेद् बुधः ॥१९॥**

**आग्रहं** ને **विग्रहे** જોયુંને! શબ્દો બધા. ઓલો '**प्राय**' શબ્દ છેને ભાઈ! એ '**प्राय**'નું પૂછ્યું હતું. 'ભરેલો' હશે. કીધું, '**प्राय**'નો અર્થ ભરેલો ક્યાંથી..? એ પંડિતજી! '**प्राय**'નો અર્થ ભરેલા હૈ. પરિપૂર્ણ હોતા હૈ? હોતા હૈ. સંસ્કૃત...

**શ્લોકાર્થ : પરિગ્રહનું ગ્રહણ છોડીને...** આહાહા! તારા ધૂળના દાગીના, મકાન ને પૈસા એને છોડી દે. છોડ મમતા છોડ હોળી, કહે છે. **પરિગ્રહનું ગ્રહણ છોડીને... आग्रहं**નો અર્થ 'પકડવું' એમ થયુંને? પકડવું. આહાહા! એ સોનાના લાટા ને બધા હીરા-માણેકના મોટા પટારા

અને મોટા બંગલા દસ-દસ લાખના એ છોડ.. છોડ બાપુ! તારા નહીં, એ તું નહીં, તારામાં નહીં. છોડ, એની દૃષ્ટિ છોડી દે કે અમે પરિગ્રહવાળા છીએ ને પૈસાવાળા છીએ. તું તો આનંદ-જ્ઞાનવાળો છો. આહાહા! ભારે!

પરિગ્રહનું ગ્રહણ છોડીને **તેમ જ શરીર પ્રત્યે ઉપેક્ષા કરીને...** લ્યો. **विग्रहे च कृत्वोपेक्षां...** વિગ્રહ એટલે શરીર. એની ઉપેક્ષા થોડી કરી દે. એ કાંઈ તારી ચીજ નથી. આહાહા! સ્વામીપણું છોડી દે, એ જડ માટીના પિંડલા પ્રત્યે ધણીપણું છોડી દે, એમ કહે છે. આહાહા! બહારના પૈસા, આબરૂ, કીર્તિનો પરિગ્રહ તો છોડ દૃષ્ટિમાંથી. આહાહા! ત્યારે કોઈ એમ કહે કે આ બાયડી- છોકરા છોડીને સાધુ થયા, લ્યો અમે છોડ્યો કે નહીં પરિગ્રહ? એમ નહીં. એ પરિગ્રહ મારો છે એવી મમતા, શ્રદ્ધા છોડ. એ તો છૂટેલું જ પડ્યું છે. એ ક્યાં ગરી ગયું હતું તારામાં? સમજાણું કાંઈ? તને એમ થઈ ગયું છે કે આ મને શરીર છે, મારા પૈસા છે, મકાન છે, મારે બાયડી છે, છોકરા છે. અરે ભગવાન! એ બધા પ્રત્યે થાતો તારો ભાવ એ સંસારલતા–વેલડીને વધારનારો છે. કહો, પોપટભાઈ! આહાહા!

પરિગ્રહ અને શરીર વિગ્રહ બે લીધા. પરિગ્રહ–વિગ્રહ. **परिग्रहाग्रहं...** પૈસા, મકાન-ફકાન ને.. કહો, ભગવાનજીભાઈ! (શ્રોતાઃ ભૂલ્યો છે). ભૂલ્યો છે? આહાહા! ભગવાન! જ્યાં તું છો ત્યાં આ ચીજ નથી, એ ચીજ છે ત્યાં તું નથી. આહાહા! અરે! તારે જાવું છેને ભાઈ! અહીંથી એકલા. આવો આત્મા છે એ વાતેય જગતમાં ચાલતી નથી. આ તો આ કરો ને આ કરો ને આ કરો. કરવું એ મરવું છે. ભાઈ કહે છેને સોગાની. માર્ગ તો આવો છેને ભાઈ! આહાહા! શુભભાવ કરના, રાગ કરના, મરના હૈ. આહાહા! આકરું ભારે લાગે હોં માણસને. ઓલું એવું લાગે સભાને સારું-સારું. આહાહા! સમાજ સુધારો, આમ કરો. આહા! ઝેરના પીણા સારા લાગે જગતને. આકરું પડે આ.

**પરિગ્રહનું ગ્રહણ છોડી...** એનાથી કાંઈ લાભ નથી. પૈસા હશે તો દાન દેવાશે, કાંઈ ધર્મ રખાશે. અહીં ના પાડે છે. દાન દે તો પણ એ તારી ક્રિયા નથી, એ તો જડની છે. આહાહા! સમજાણું કાંઈ? એમાં થતો ભાવ પુણ્ય ને દુઃખનું કારણ છે. **બુધ પુરુષે...** આહાહા! હિત કરવાના કામી પુરુષે પરિગ્રહ ને શરીર પ્રત્યેની ઉપેક્ષા કરીને... શરીર આદિની ક્રિયા મારી નહીં, પરિગ્રહના સંગ્રહ એ મારી ચીજ નહીં—એમ શ્રદ્ધાને ગુલાંટ માર. પરની વસ્તુ મારી નહીં અને મારી ચીજ મારામાં ભરેલી પૂર્ણ છે. **બુધ પુરુષે અવ્યગ્રતાથી (નિરાકુળતાથી) ભરેલું...** આહાહા! નિરાકુળ આનંદથી ભરેલો ભગવાન આત્મા છે અંદર. સમજાણું કાંઈ? ઓલો તો પરિગ્રહ શરીર ને આકુળતા.. આકુળતા.. આકુળતા.. આ પેદા કર્યા ને આમ કર્યું, એમાં નોકર ખાઈ ગયો ને પૂછ્યા વિના લઈ ગયો. હોળી સળગે છે એકલી. ભગવાનજીભાઈ!

અત્યારે તો આ બધું કાળાબજાર બહુ ચાલે છે. ખાનગી રીતે કરતો હશે, ખાનગી રીતે મોકલ્યો તો ઓલો ખાનગી ખાઈ જાય. હવે ફરિયાદેય થાય નહીં ને કહેવાય નહીં કોઈને. ભાઈ નહોતા કહેતા? વજુભાઈ. ૮૪ હજારનું ઝવેરાત લઈને મૂક્યું હતું, માણસ મારો વિશ્વાસુ હતો.

૮૪ હજારનું ઝવેરાત ઉપાડી ગયો. પાનાચંદભાઈ છે કે નહીં? આહાહા! વજુભાઈ કહેતા હતા. મારો વિશ્વાસુ માણસ સાથે રહે ને ૮૪ હજારની ઝવેરાત લઈને મુંબઈ જેવામાં વચમાંથી ઉપાડીને લઈ ગયો. હવે કોને કહેવું? આહાહા! એવી આકુળતા પછી થાય. હોય તો આકુળતા, ગયું તો આકુળતા, વાપરવામાં આકુળતા. આહાહા!

કહે છે કે તું નિરાકુળ છો. એની સામે નાખ્યુંને. 'અવ્યગ્રતાથી ભરેલું' એ શબ્દ છે. **निर्व्यग्रप्राय... निर्व्यग्र** એટલે અનાકુળ. **प्राय** એટલે સહિત, પૂર્ણ ભરેલું. એવો **ચૈતન્ય માત્ર જેનું શરીર છે...** જ્ઞાનસ્વરૂપે ભગવાન છે એનું શરીર એ છે. આ ધૂળ તો માટીના પિંડલા છે. ચૈતન્ય-સ્વરૂપ જ્ઞાનનો પુંજ, જ્ઞાનની મૂર્તિ એ તારું શરીર છે. **તેને (આત્માને) ભાવવો.** એવી અંતર વસ્તુમાં એકાગ્ર થા એ કલ્યાણનું કારણ છે. આહાહા! અરે! આત્મા મૂકીને બધી વાતું રખડવાની છે. સમજાણું કાંઈ? ઓલા પૈસાવાળા મોટા હોયને મોટા પાંચ-પાંચ કરોડ, દસ કરોડ, વીસ કરોડ, આંખ્યું ફરી જાય. એમાં ગાંડો થઈ જાય પાગલ. આહા!

પૈસા વિના કાંઈ ધર્મની પ્રભાવના થાય? ગમે એવી વાતું તમે કરો, વળી એમ બોલે. પૈસાવાળાથી ધર્મશાળા થાય, મંદિરો થાય, વરઘોડા ચડે, હાથી લાવે. લ્યો પૈસાવાળો હોય તો હાથી લાવે. બીજો ક્યાંથી લાવે? કહો. જયપુરમાં દેખા કિ નહીં? એકવીસ હાથી. ગત સાલમેં. એકવીસ હાથીનો વરઘોડો. માણસ.. માણસ.. માણસ તે કાંઈ. સાઠ હજાર કહેતા હતા, પણ હશે વીસ-પચ્ચીસ હજાર. આમ માય નહીં વરઘોડે. તે દિ' વરઘોડો અઢાર લાખનો હતો. ચાર વર્ષ પહેલાં ઉદ્ઘાટન હુઆ. ત્યારે આવ્યા હતા તમે? નહીં આવ્યા હોય.

અરે! એ તો બધી બહારની ચીજ છે પ્રભુ! એ કાંઈ તારા કર્યા થતા નથી. આહાહા! તારા કર્યા તો વિકાર થાય ને તારા કર્યા ધર્મ થાય—બે વાત છે. એ સિવાય ત્રીજું કાંઈ તારું કર્યું થાતું નથી. કહે છે કે વિકાર તો અનંત વાર કર્યો, હવે એકવાર તો ચૈતન્યશરીરને તો ભાળ. ભગવાન ચૈતન્યમૂર્તિ છે, જ્ઞાનનો ગાંગડો, જ્ઞાનનો પુંજ પ્રભુ છે. એનો કોઈ નાથ નથી એવો સનાથ છે. એનું શરણ લેને! આહાહા! એની ભાવના કર. તેને ભાવવો. આવા ભગવાન આત્માની એકાગ્રતા કરવી એનું નામ કલ્યાણનો પંથ છે. કહો, સમજાણું કાંઈ? વીસ કળશ.

**शस्ताशस्तसमस्तरागविलयान्मोहस्य निर्मूलनाद्**
**द्वेषाम्भःपरिपूर्णमानसघटप्रध्वंसनात्-पावनम्।**
**ज्ञानज्योतिरनुत्तमं निरुपधि प्रव्यक्ति नित्योदितं**
**भेदज्ञानमहीजसत्फलमिदं वन्द्यं जगन्मंगलम् ॥२०॥**

**શ્લોકાર્થ : મોહને નિર્મૂળ કરવાથી, પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી...** એક તો પરમાં પોતાની માન્યતા એવા મિથ્યાત્વને નિર્મૂળ કરવો. સમજાય છે? અને રાગનો કણ પણ મારો એ મિથ્યાત્વભાવ છે. આહાહા! શુભભાવ મારો એ પણ મિથ્યાત્વભાવ છે, કેમકે શુભભાવ એ આસ્રવતત્ત્વ છે. ભગવાન જ્ઞાયકતત્ત્વ છે એને આસ્રવતત્ત્વવાળો માનવો એ

મિથ્યાત્વભાવ છે. આહાહા! **મોહને નિર્મૂળ કરવાથી...** એટલે કે પોતાના સ્વભાવ સિવાય પરમાં સાવધાનીનો ભાવ એ મોહભાવ, એ મિથ્યાત્વભાવ. આહાહા! એને નિર્મૂળ કરવાથી, એનો નાશ કરવાથી, **પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત રાગનો વિલય કરવાથી...** અને ચારિત્રના દોષે શુભ-અશુભરાગ એનો પણ વિલય નાશ કરવાથી...

**દ્વેષરૂપી જળથી ભરેલા મનરૂપી ઘડાનો નાશ કરવાથી...** અંદર અણગમો લાગે મનમાં એવા જળથી ભરેલો મનરૂપી ઘડો. ઓલું રાગનું કહ્યું, આ દ્વેષનું કહ્યું. પ્રતિકૂળતામાં અણગમો લાગે એ દ્વેષ છે. દ્વેષથી ભરેલો મનરૂપી ઘડો ફોડ. આહાહા! રોગ આવે, શરીરને વીંછી કરડે, અણગમો થાય, શ્વાસ સરખો ચાલે નહીં. શેઠ! મુંઝવણ આવે. બોલાવો ડોક્ટરને. શું થયું છે આ? એવો મનમાં જે અણગમો લાગે છે એ દ્વેષથી ભરેલું મન છે, કહે છે. ભગવાન ભરેલો નથી એમાં. આહાહા! એવા મનમાં દ્વેષ છે એને છોડ.. છોડ, કહે છે. આહાહા! **પવિત્ર...** ભગવાન આત્મા... આહાહા! એને નાશ કરવાથી **પવિત્ર, અનુત્તમ**–ઉત્કૃષ્ટ... **જેનાથી બીજું કાંઈ ઉત્તમ નથી એવી, સર્વશ્રેષ્ઠ** ચીજ આત્મા–એની પર્યાય.

**નિરુપધિ**–ઉપધિ વિનાની પર્યાય **અને નિત્ય-ઉદિત (સદા પ્રકાશમાન) એવી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે.** ભગવાન ચૈતન્ય ઝળહળ જ્યોતિ પરિગ્રહની મમતા છોડી, આહાહા! શુભાશુભભાવને છોડી, દ્વેષના જળથી ભરેલા મન(રૂપી ઘડો) ફોડી... આહાહા! માળે વાતું ભારે. **પવિત્ર, અનુત્તમ, નિરુપધિ અને નિત્ય ઉદિત (સદા પ્રકાશમાન)** ભગવાન નિત્યાનંદ પ્રભુ ચૈતન્યજ્યોતથી ભરેલો ઝળહળ જ્યોતિ એવો જે ભગવાન એની જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? મિથ્યાત્વ ને રાગ-દ્વેષનો નાશ કરવાથી અને પવિત્ર, અનુત્તમ, નિરુપધિ અને નિત્ય ઉદિત (સદા પ્રકાશમાન) પર્યાય પ્રગટ થાય છે. ઉત્પાદ, એમ. ઓલાનો (-મોહનો) વ્યય થાય, આ પ્રગટ થાય, ધ્રુવપણું છે એને આશ્રયે પ્રગટ થાય છે.

**ભેદ-જ્ઞાનરૂપી વૃક્ષનું આ સત્‌ફળ વંદ્ય છે...** આહાહા! રાગથી ને વિકલ્પથી પ્રભુ આત્મા જુદો છે એવું જે ભેદજ્ઞાન... આહાહા! ભારે માણસને! કરવાનું આ છે, બાકી બધી વાફળ વાતું છે. રાગનો વિકલ્પ છે શુભ કે અશુભ એનાથી ભિન્ન પડીને, શ્રદ્ધા તો કરે, સમજણમાં તો લે કે આ ચીજ આવી હોય તો લાભ થાય. આહાહા! **ભેદજ્ઞાનરૂપી વૃક્ષ...** આહાહા! કહે છે કે અનાદિનું મમતારૂપી વૃક્ષ વાવ્યું હોય, એના ફળ ચોરાશીના અવતાર હોય. સમજાણું કાંઈ? આવું જેણે ભેદજ્ઞાનરૂપી બીજ વાવ્યું વૃક્ષ એનું આ સત્‌ફળ વંદ્ય છે. **સુંદર ફળ; સારું ફળ; ઉત્તમ ફળ; સાચું ફળ** આનંદ ને શાંતિ. વૃક્ષનું આ ફળ વંદ્ય છે, એ ફળ વંદનીક છે. સમજાણું કાંઈ? માણસને (એવું લાગે કે) પણ આવી મોટી વાતું સાધારણને? સાધારણ નથી પ્રભુ! તું તો મહાપ્રભુ ચૈતન્ય છો. તારા સ્વભાવથી પ્રત્યક્ષ થઈ શકે એવો તું સાક્ષાત્ આત્મા છો. તને કોઈ રાગ કે પરની જરૂર નથી. આહાહા! કેમ બેસે પણ? પાંગળો થઈને રહ્યો એને લાકડી વિના ચાલે નહીં. પણ કાંઈ નથી, કોઈ તારો નાથ નથી અને કોઈની તને જરૂર નથી.

એવો ભગવાન આત્મા.. અહો! **જગતને મંગળરૂપ છે**. આ મિથ્યાત્વનો નાશ, રાગ-દ્વેષનો નાશ કરી અને સ્વરૂપમાં સ્થિર થતાં એની પ્રકાશજ્યોતિ પ્રગટ થાય છે, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ. એવું જે ભેદજ્ઞાનનું ફળ જગતને મંગળરૂપ છે. આ મંગળિક છે. છોકરાના લગ્ન કરે ને કરો મંગળિક, પાંચ-પચીસ લાખ રૂપિયા પેદા થાય ને કરો મંગળિક, લાપસીના આંધણ. હોળીના આંધણ છે ન્યાં. આહાહા! તારા મંગળના પવિત્ર પગલાં તો આ છે. અંતર સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન કરીને એનું ફળ પરમ પવિત્ર પ્રગટ થાય, એ જગતમાં મંગળરૂપ છે. કહો, સમજાણું કાંઈ? ઓલા નાશ કહ્યો હતોને. પાપનો નાશ કરે તે મંગળિક. એમાં નાખી દીધું. પવિત્રતાને પ્રગટ કરે ને પાપનો નાશ કરે—એ રીતે નાખ્યું છે એમાં 'મંગળ' શબ્દનો અર્થ. એ શબ્દ વાપર્યા છેને જુઓને! ઓલાનો નાશ કરે, પવિત્રતા પ્રગટ થાય. એવું મંગળ... મંગ નામ પવિત્રતા, (લ નામ) પ્રાપ્તિ કરે અથવા મમ્ નામ પાપ ને ગલ નામ ગાળે એવી દશાને મંગળિક કહેવામાં આવે છે. આહાહા! એ વીસ થયો. સમજાણું કાંઈ? વીસ શ્લોક થયા. એકવીસમો.

**मोक्षे मोक्षे जयति सहजज्ञानमानन्दतानं**
**निर्व्याबाधं स्फुटितसहजावस्थमन्तर्मुखं च।**
**लीनं स्वस्मिन्सहजविलसच्चिचमत्कारमात्रे**
**स्वस्य ज्योतिःप्रतिहततमोवृत्ति नित्याभिरामम् ॥२१॥**

શબ્દોય... આહાહા! **શ્લોકાર્થ : આનંદમાં જેનો ફેલાવ છે...** આહાહા! ભગવાન આત્મા તો આનંદનો જેનો ફેલાવ છે. પ્રગટ દશા થઈ એ આનંદની પ્રગટ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધ આનંદકંદ પ્રભુ એની એકાગ્રતાથી મુક્તિરૂપી જે પર્યાય પ્રગટ થાય એ આનંદનો વિસ્તાર થયો છે, ત્યાં તો આનંદ ફળ્યો છે. આહાહા! એકલો અતીન્દ્રિય આનંદનો ફેલાવ–વિસ્તાર છે ત્યાં. સમજાણું કાંઈ? સંસારની દશામાં એકલા દુઃખનો વિસ્તાર છે, કહે છે. પુણ્ય-પાપના ફળ એમાં તો દુઃખનો વિસ્તાર છે. એનો અભાવ અને સ્વભાવની એકાગ્રતા એનું ફળ આનંદનો વિસ્તાર. અતીન્દ્રિય આનંદ ફળ્યો હોય એ મુક્તિનું ફળ છે. આ મુક્તિની પર્યાયની વાત કરે છે. સમજાણું? વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ ૭, શુક્રવાર, તા. ૭-૧-૧૯૭૨**
**શ્લોક - ૨૧-૨૨, ગાથા - ૧૩, પ્રવચન નં. ૧૯**

આ નિયમસાર સિદ્ધાંત છે. જીવ અધિકાર, એમાં એકવીસમો કળશ ચાલે છે. અહીં તો અધિકાર એ આવ્યો છે અંદર મૂળ કે ત્રિકાળી આત્માનો જ્ઞાનસ્વભાવ જે ધ્રુવ છે, એનું એકાગ્રતા કરીને ધ્યાન કરવાથી આત્માને મુક્તિ મળે છે. આત્મા વસ્તુ છે, એનો ત્રિકાળી જ્ઞાન-સ્વભાવ છે ધ્રુવ, જેને અહીંયા કારણસ્વભાવ-ઉપયોગ કહેવામાં આવે છે. એ ત્રિકાળી કારણસ્વભાવ-ઉપયોગ એમાં એકાગ્રતા કરવાથી, એને ધ્યાનમાં લેવાથી, એને ધ્યેય બનાવતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ મોક્ષનો માર્ગ છે અને એનું ફળ મોક્ષ થાય. એ મોક્ષ કેવો છે એનું વર્ણન છે. એકવીસમો શ્લોક છે. આહાહા! શ્લોક તો બોલાઈ ગયો છે.

કહે છે, ભગવાન આત્મા અંતર એનો સ્વભાવ અનંત-અનંત બેહદ–અપરિમિત આનંદથી ભરેલો સ્વભાવ છે. આહાહા! એવા આનંદમાં એકાગ્ર થવાથી... અનંતકાળમાં એણે એ વાતને સાંભળી નથી, કરી નથી એણે. એથી એને, દુર્લભ અને અલભ્ય જાણે હોય એમ લાગે છે, પણ છે એના ઘરની ચીજ. એક સમયની દશા જે છે એનાથી પણ ભિન્ન છે. ત્રિકાળ જ્ઞાનમૂર્તિ પ્રભુ જેનું સર્વસ્વ એ જ્ઞાનસ્વભાવ છે. એની અંદર એકાગ્રતા કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન ને શાંતિની પ્રાપ્તિ થાય એને અહીંયા મોક્ષનો માર્ગ કહે છે. આહાહા! એ મોક્ષના માર્ગથી મોક્ષ થાય છે. સમજાણું કાંઈ? એ મોક્ષની વ્યાખ્યા છે આ.

**શ્લોકાર્થ : આનંદમાં જેનો ફેલાવ છે...** આહા! જ્યાં સિદ્ધપદ–આત્માની મુક્તિ થાય એમાં આનંદનો વિસ્તાર છે, કહે છે, એકલો અતીન્દ્રિય આનંદ ફેલાય છે. આત્માની દશામાં અતીન્દ્રિય આનંદ ફેલાય છે. આહાહા! સંસારદશામાં અજ્ઞાનમાં અત્યંત દુઃખ ફેલાય છે. આહાહા! સમજાય છે કાંઈ? કેમકે જે ચીજમાં એ ચીજ નથી શરીર, વાણી, મન, પરપદાર્થ, અરે! રાગ ને દ્વેષના વિકલ્પો એ પણ કાંઈ સ્વરૂપમાં નથી. એને માનીને જે કંઈ અનંત દુઃખનો વિસ્તાર, એની દશામાં આકુળતા સંસારપર્યાયમાં થાય છે એ દુઃખમય છે. ત્યારે મોક્ષ આનંદનો ફેલાવ છે. અતીન્દ્રિય આનંદ જે છે અંદરમાં એ ખીલી નીકળે છે. જેમ ગુલાબનું ફૂલ કળીરૂપે સંકોચરૂપે હોય, એ જ્યારે ખીલે.. લાખ પાંખડીના ગુલાબ ફૂલ થાય છે. ગુલાબના ફૂલ લાખ પાંખડીના (થાય છે). એ સંકોચમાં હોય ત્યારે કળીરૂપે દેખાય બહારમાં. વિકાસ થાય (ત્યારે) ખીલી નીકળે.

એમ ભગવાન આત્મા અંતરના સ્વભાવમાં અતીન્દ્રિય આનંદમય છે. એણે અનાદિથી એની માન્યતામાં સ્વીકાર નહીં કરીને, પુણ્ય ને પાપ, શરીર, વાણી ને મન એ હું—એવી માન્યતામાં એ આનંદનો ભાવ સંકોચાઈ ગયો છે પર્યાયમાં. સમજાણું કાંઈ? આહાહા! શું છે

આ? એની દશામાં એ આનંદ સંકોચાઈ ગયો છે. અને દુઃખરૂપ દશા એની છે. ચાહે તો ચક્રવર્તી રાજા હો કે રંક હો, દેવ હો—એ બધા અંતરની દશામાં દુઃખના દરિયામાં ડૂબેલા છે. પોપટભાઈ! સાચું હશે આ? આહાહા! ત્યારે મોક્ષ આનંદથી ફેલાયેલો છે એમ કહે છે. અંતરમાં અતીન્દ્રિય આનંદથી તો ભરેલો પૂર્ણ સ્વભાવ ભગવાન આત્માનો છે. એનો સ્વીકાર શ્રદ્ધા-જ્ઞાનમાં કરીને એકાગ્ર થતાં, એને મુક્તિની દશા–આનંદનો વિસ્તાર પામે એવી દશા પ્રાપ્ત થાય છે. આહાહા! સમજાણું કાંઈ? **જે અવ્યાબાધ (બાધા રહિત) છે...** સંસારમાં તો ક્ષણે ને પળે વિઘ્ન જ છે. પુણ્ય-પાપના ભાવો ઉત્પન્ન કરે એ વિઘ્ન છે, આત્માની શાંતિને બાધા કરનાર છે. સમજાણું કાંઈ? ત્યારે ભગવાન આત્મા મુક્તિની દશાને પામે, એ દશામાં કોઈ વિઘ્ન ને વિરોધ છે નહીં. એવી દશાને મુક્તિ અને મોક્ષ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

ભોગની વાસના છેને એ દુઃખ છે. પણ એના કરતાં એ ભોગની વાસના 'મને સુખરૂપ છે' એ માન્યતા મહામિથ્યાત્વ, અનંત પાપનું મૂળિયું છે. શું કહ્યું એ? વાસના રાગની, વિષયની, ભોગની, માનની ઉઠે એ છે તો પાપ, પણ એના કરતાં એમાં 'મને ઠીક પડે છે, મજા પડે છે' એવી જે માન્યતાએ અનંત મિથ્યાત્વના પાપને ઘેરી લીધું છે. આ તો ફેલાવ સામે આ (ફેલાવ). આરે ભગવાન! શું છે? ખબરૂં નથી એને એની. આહાહા! કહો, શેઠ! ભગવાન આત્મા આનંદના સ્વભાવથી કિલ્લોલ કરતો ખીલી નીકળે છે, ત્યાં આગળ ફેલાવ આનંદનો અને વિઘ્ન વિનાનો છે. સંસારમાં એકલું દુઃખ છે. અહીં તો ઓલા આનંદની સામે જરી દુઃખ તીવ્ર લેવું છે. પાછું તીવ્ર દુઃખ. મારા, એ હું, હું એનો અને પુણ્ય-પાપના ભાવ વિકારી એ મારા અને હું એનો, ભોગની વાસના, આબરૂની વાસનાની કલ્પના એમાં મને ઠીક પડે છે—એ ભાવ તદ્દન મિથ્યાત્વનો દુઃખથી ફેલાયેલો ભાવ છે. આહાહા! સમજાય છે કાંઈ? ત્યારે તે મિથ્યાત્વભાવમાં ક્ષણે ને ક્ષણે વિઘ્ન છે. આત્માના મોક્ષદશામાં કોઈ વિઘ્ન ને વિરોધ છે નહીં.

**જેની સહજ અવસ્થા ખીલી નીકળી છે...** ત્રીજો બોલ. જ્યાં મુક્તદશામાં–સિદ્ધપદમાં... જેણે આત્માનું આરાધન કરીને, સ્વભાવનું આરાધન–સેવન કરીને મુક્તિને પ્રાપ્ત કરી, એમાં આનંદ આદિ અનંતદશાઓ સહજ ખીલી નીકળી છે. સમજાણું કાંઈ? આહાહા! નિગોદમાં રહ્યો ત્યાં બધી અવસ્થા સંકોચાઈ ગઈ છે. આહાહા! અરે! એની ખબર નથી. એ નિગોદ બટાટા, શક્કરકંદની એક કટકીમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ ભગવાનની સંખ્યા થઈ એથી અનંતગુણા જીવ છે. શેઠ! એકેક જીવની જ્ઞાન ને આનંદની દશા ઘણી સંકોચાઈ ગઈ છે. આહાહા! આ તો નિગોદની સામે સિદ્ધ, સિદ્ધની સામે નિગોદ. એમાં અનંતવાર રહ્યો છે. અને જ્યાં સુધી હજી મિથ્યાત્વભાવ.. એ શરીર મારા, બાયડી મારી, કુટુંબ મારું, દેશ મારા, પુણ્ય-પાપના ભાવ મારા અને એમાં મને ઠીક પડે છે એવો મિથ્યાત્વભાવ છે

ત્યાં સુધી નરક ને નિગોદના ભવ કરવાની એમાં તાકાત પડી છે. કહો, સમજાણું કાંઈ? ભીખાભાઈ! ભારે વાતું ભાઈ! આહાહા!

ત્યારે મુક્તિમાં તો સહજદશા, જે સ્વરૂપ હતું આનંદ અંતર... સમજાય છે કાંઈ? જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશનો રસ અંદર ભર્યો છે તો ઘૂંટતા સહજદશા બહાર વ્યક્તપણે પ્રગટ થાય છે. ચોસઠ પહોરી લીંડીપીપર કદે નાની અને રંગે કાળી છતાં એની અંતર શક્તિમાં ચોસઠપહોરી તીખાશનો રસ પડ્યો છે. તીખાશ સમજતે હો? ચરપરાઈ એ તમારી ભાષા હિન્દી. એ ચોસઠપહોરી અંદર પડી છે એ ઘૂંટતા દશામાં પ્રગટ થાય છે. એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ અંદર પૂર્ણ પડ્યો છે, એની એકાગ્રતા દ્વારા તે અવસ્થા ખીલી નીકળે છે. સમજાણું કાંઈ? વાતેય આ. કઈ જાતનો ધર્મ, આ ધર્મ કેમ થાય છે—એ ભારે આકરી વાત આ તો. આહાહા! જે એની વાત, ભાઈ! તારી મૂળ ચીજ શું છે એની વાત સાંભળી નથી. 'નથી' એને માન્યું છે, 'છે' એને ઉડાડી દીધું છે. સમજાણું કાંઈ? આહાહા!

**જે અંતર્મુખ છે...** શું કહે છે? મોક્ષદશાની પર્યાય અંતર્મુખ છે. અને સંસારદશાની અવસ્થા વિકારી બહિર્મુખ છે. આહાહા! સમજાણું કાંઈ? **જે પોતામાં—સહજ વિલસતા (ખેલતા, પરિણમતા) ચિત્ચમત્કારમાત્રમાં—લીન છે...** શબ્દો થોડા પડે છે. ભગવાન આત્મા પોતાના સ્વભાવનું આરાધન કરીને જેને સિદ્ધપદ–મોક્ષદશા થઈ, એ પોતામાં સહજ વિલસતા આનંદાદિ અનંતી અવસ્થા પરિણમતા–ખીલતા ચિત્ચમત્કારમાત્રમાં એ દશામાં લીન છે. ચિદ્–જ્ઞાન ચમત્કારમાત્ર ભગવાન એમાં એ દશા લીન છે. એ અવસ્થા છે, મોક્ષ પણ એક અવસ્થા છે, સિદ્ધ પણ એક અવસ્થા છે. કહે છે, એ ચિત્ચમત્કારમાત્ર ભગવાન આત્મા એમાં એ અવસ્થા લીન છે. સમજાણું કાંઈ?

**જેણે નિજ જ્યોતિથી તમોવૃત્તિને (અંધકારદશાને, અજ્ઞાનપરિણતિને) નષ્ટ કરી છે...** ચૈતન્યજ્યોત પ્રભુ જ્ઞાનની જ્યોત ઝળહળ, અપરિમિત સ્વભાવનો સાગર એના ભાન દ્વારા જેણે નિજ જ્યોતિથી અજ્ઞાન અંધકાર... રાગ હું ને રાગમાં મજા, પુણ્ય હું ને પુણ્યમાં મજા, આ સ્ત્રીમાં હું અને સ્ત્રીમાં મને મજા, હું એટલે એનો પતિ એમ. સમજાણું કાંઈ? એ બધો મિથ્યાત્વભાવ, તમોભાવ–અજ્ઞાનભાવ છે. એણે નિજજ્યોતિથી અજ્ઞાનનો નાશ કર્યો છે. સમજાણું કાંઈ? અને સંસારમાં એ રાગાદિ અને પુણ્યાદિના ભાવ અને એના ફળ મારા એવું જે અજ્ઞાનભાવ એણે ત્રિકાળી આનંદકંદનો નાશ કરી દીધો શ્રદ્ધામાં. આહાહા! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ આનંદ ને જ્ઞાનનો પૂર્ણ ઘન એનો સ્વીકાર ન કરતાં, એવું અસ્તિ–સત્તા સ્વભાવનો સ્વીકાર ન કરતાં, અલ્પજ્ઞતા ને રાગ દયા-દાન વિકલ્પાદિ ને એના ફળ આ ધૂળ આદિ એ મારા—એવી જે માન્યતા–મિથ્યાત્વરૂપી અંધકાર એણે ચૈતન્યજ્યોતિનો અનાદર કર્યો છે. સમજાણું કાંઈ? એ મારગડા જુદા પ્રભુ! જગતથી નિરાળા માર્ગ છે આ. આહાહા!

અરેરે! કહે છે કે જેણે અંધકાર–અજ્ઞાન-અંધકાર... શુભ-અશુભભાવ, પુણ્ય-પાપના ભાવ અને એના ફળ એ મારા છે, એનો હું છું, એ હું છું—એવી જે માન્યતા એ તમો નામ અજ્ઞાન અંધકાર છે. એ અજ્ઞાન અંધકારને નિજજ્યોતિથી જેણે નાશ કરી દીધો છે. ભગવાન ચૈતન્યનો નૂર ને પૂર.. આહાહા! એવો અંદર જ્ઞાનાનંદ પ્રવાહ એના ભાન દ્વારા અજ્ઞાનરૂપી અંધકારને જેણે નાશ કર્યો છે. એવી દશાને મોક્ષદશા, આત્માની સુખરૂપ દશા, આત્માની સ્વાધીન સહજદશા એને મોક્ષ કહે છે. કહો, સમજાણું કાંઈ?

**અને જે નિત્ય અભિરામ (સદા સુંદર) છે...** ભગવાન આત્મા પોતાના અંતર સ્વભાવમાંથી વિકાસરૂપ પામેલી આનંદદશા મહા નિત્ય અભિરામ અમૃત છે. સમજાણું કાંઈ? અને સંસારદશામાં આ રાગ ને દ્વેષ અને એના ફળમાં મારાપણાની માન્યતા એ અંધકારમય છે. અંધકાર છવાઈ ગયો છે, અંધારપટમાં પડ્યો છે એ. સમજાણું કાંઈ? આહાહા! આવો માર્ગ કેવો હશે? આ વીતરાગનો આવો હશે? ભાઈ! તેં સાંભળ્યું નથી પ્રભુ! આહાહા! કહે છે કે જેનું નિત્ય સુંદર, સદા સુંદર ફળ આનંદનું મોક્ષમાં છે. સંસારમાં સદા દુઃખરૂપી અજ્ઞાનનો અંધકાર છે એમાં એ વિસ્તાર પામીને પડ્યો છે. સમજાણું કાંઈ?

**એવું સહજજ્ઞાન સંપૂર્ણ મોક્ષમાં જયવંત વર્તે છે.** ત્રિકાળી જ્ઞાન તો છે, પણ એની દશા પણ હવે પૂર્ણ થઈ જયવંત વર્તે છે. એ દશામાં ફરીને અવતાર લે, મોક્ષમાં ગયા અને અહીં ભક્તોને ભીડ પડી ને રાક્ષસોને મારવા અવતાર લેવો પડે—એવું મોક્ષદશાનું સ્વરૂપ નથી. આહાહા! જયવંત, જે દશા અનંત આનંદની, અનંત જ્ઞાનની પ્રગટી, જયવંત વર્તે છે. એમ સાદિ-અનંતકાળ એમને એમ રહેશે. જ્યારથી શરૂ થઈ તે અનંતકાળ સુધી એમ રહેશે. એ મોક્ષનું સ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ? નવ તત્ત્વમાં મોક્ષતત્ત્વ આવે છે કે નહીં? તો મોક્ષતત્ત્વ કેવું છે એ એણે જાણવું પડશે કે નહીં? આહાહા! એકવીસમો કળશ થયો. બાવીસ.

**सहजज्ञानसाम्राज्यसर्वस्वं शुद्धचिन्मयम् ।**
**ममात्मानमयं ज्ञात्वा निर्विकल्पो भवाम्यहम्॥ २२॥**

**શ્લોકાર્થ : સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે...** આહાહા! ભગવાન આત્મા એનો જ્ઞાનસ્વભાવ સર્વસ્વ એ એનું સામ્રાજ્ય–રાજ્ય છે. એ પ્રાણભાઈ! આ તમારા શેરબજારમાં તો આવું કાંઈ ચાલે નહીં. ગપેગપ (હોય). એ ધમાધમ. આવ્યા હતાને, એક ફેરી તમારા ઓલા ઓફિસમાં ગયા હતા. બધા માણસો ભેગા થયા એક સાથે. મહારાજ આવ્યા.. મહારાજ આવ્યા. ધમાધમ તમારે તો. હવે રૂપિયો આવવું-ન આવવું એ ધમાધમથી આવતો હતો? એ તો પુણ્ય પરમાણુ પૂર્વના પડ્યા હોય તો (ધૂળ) આવે એટલે દેખાય. એની પાસે શું આવે? ધૂળ? એ જડ એની પાસે–આત્મા પાસે આવે? એ મારા છે એ મમતા એની પાસે આવે. પ્રાણભાઈ! (શ્રોતાઃ એ બધી દુકાનો મમતાની દુકાન છે?) બધી મમતાની દુકાનો માંડી છે બધાએ. આહાહા! જે

એના નથી તે મારા માનીને મમતા મમ્.. મમ્—એ મારા. અને હું જે છું એ મારા નહીં, છોડી દીધા. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ ત્રિકાળી ભગવાનસ્વરૂપ આત્માનું પરમેશ્વર તીર્થંકરે જોયું એવું. એને મમ્ છોડી દઈને... આ છોકરાને મમ્ ખાવું છે.. મમ્ ખાવું છે (એમ) નથી કહેતા? નાના છોકરાને કહેને, મમ્ લે, મમ્ લે. એટલે એકાક્ષરી શબ્દ હોયને.. ખાવું.. ખાવુંનો અવાજ બોલી ન શકાય. છોકરાઓને માટે એકાક્ષરી જોઈએ. 'મમ્' એકાક્ષરી છે એટલે મમ્ એમ કરી હોઠ દબાય એટલે અક્ષર નીકળે. પણ ખા..વું એ બહુ આકરું પડે ભાષા. છોકરાને મમ્ જોઈએ એમ કહે છે. એય! એના માસ્તર હોય છેને કેળવણીના, એણે સાધારણ બાળક માટે પાઠ એવા ગોઠવ્યા હોય છે. ભૂ પા, ભૂ પા, એમ. એટલે હોઠનો અવાજ જ નીકળે. એને અહીં કંઠને જોર ન પડે. અને ઓલું શબ્દોનું (ઉચ્ચારણ) કરતા એને મુશ્કેલી પડે. એટલે એની શરૂઆતમાં ભૂ પા એવો શબ્દ હોય છે. જોયો! આ પહેલો પાઠ. મા.. મા શું અવાજ કરવો. મા, ભૂ, પા એવા જ અક્ષરો ગોઠવે. કારણ કે શરૂઆતવાળાને ખાવું, બા.. એ નથી.... આ મારી માતાજી છે એટલું ન સમજી શકે એ. સમજાણું કાંઈ?

અહીં મારે બીજું કહેવું હતું. જેમ બાળક મમ્ ખાવા માગે છે, એમ અજ્ઞાની મમ્ જે એનું સ્વરૂપ નથી એવા રાગ-દ્વેષ ને એના ફળને મમ્ નામ મારામાં ભોગ કરે છે. આહાહા! અજ્ઞાની મમ્નો ભોગ કરે છે. ધર્મી આત્માનો ભોગ કરે છે. આહાહા! સમજાણું કાંઈ? આ મારો નાથ આનંદનો સાગર એ હું છું—એવી દૃષ્ટિ કરીને અતીન્દ્રિય આનંદનો અનુભવ ને ભોગવટો, એ ધર્મીનો અનુભવ ભોગવટો છે. અજ્ઞાનીનો રાગ ને દ્વેષનો અનુભવ એ ઝેરનો અનુભવ ને ભોગવટો છે. સમજાણું કાંઈ? બાયડી ને પૈસા ને છોકરાને કાંઈ અનુભવતો નથી. એ તો જડ, પર છે. જડને શું અનુભવે આત્મા? સેવા ધૂળ કરે? કોની સેવા થાય માંસ ને હાડકાની? આ તો હાડકા છે. કહો, સમજાણું કાંઈ? સેવા કરેને. આ સુમનભાઈ આવે તો પગ દાબે છે લ્યો. આઠ હજારના પગારવાળો.

શ્રોતા : આપ કહો છે કે માટી.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો કહ્યું પહેલું. એ આવે ત્યારે આમ બાપુજી.. બાપુજી.. કરે ને પગ દાબે. આઠ હજારનો પગાર મહિનાનો. આહાહા! (શ્રોતાઃ એમાં અમુક જીવને લાભ થાય?) પાપ થાય, આ મને દાબે છે, મને દાબે છે એમ માને તો પાપ થાય. કારણકે શરીર જડ છે, એ કાંઈ આત્મા નથી. એય! આવી વાત છે ભાઈ! આહાહા! સત્યના સ્વરૂપ તો એવા છે. એવા જ હોયને. દુનિયાથી, આખી દુનિયાથી ઊંધા છે. આહાહા!

કહે છે કે એવું સ્વભાવિક સંપૂર્ણ જ્ઞાન નિગોદમાં જ્યારે જ્ઞાન અલ્પજ્ઞ–અક્ષરને અનંતમે ભાગે થઈ ગયું છે, ત્યારે સિદ્ધમાં પૂર્ણ જ્ઞાન ખીલી નીકળ્યું છે. એવી મોક્ષની દશા એ

આત્માની એક સમયની અવસ્થા છે. સમજાણું કાંઈ? એ અવસ્થા એક સમયની છે. આવી મોક્ષની દશા એક સમયની અવસ્થા છે, એનું ત્રિકાળી સ્વરૂપ તો એથી અનંતગુણુ પવિત્ર છે. સમજાણું કાંઈ? આ સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે. આહાહા! લ્યો, તું તો તારા અનંત આનંદાદિ ગુણનો રાજા છો. એ તારું સામ્રાજ્ય છે. રાજા અને એના પ્રજા ને નૃપતિ.. નરપતિ. નર નામ મનુષ્યના પતિ. ધૂળેય નથી, સાંભળને! જડનો, પરનો પતિ તું ક્યાંથી આવ્યો? આ પત્નીનો પતિ (માને તો) મૂઢ છે. આ લક્ષ્મીપતિ, આ ઉદ્યોગપતિ. બધા મોટા આવડા પૂછડા વળગાડે. ગરીબ માણસ હતા, પણ એની બાહુબળે કરી ઉદ્યોગ કરી પચ્ચીસ-પચાસ લાખ ભેગા કર્યા. બધા ભેગા થાયને તો વખાણ કરે વાણિયાના. એના બાપ કાંઈ મૂકી નહોતા ગયા, પણ પોતાના બાહુબળે વિચિક્ષણતાથી આ ભેગું કર્યું ને ધૂળ કર્યું એમ વાતું કરે બધા. એય! તમારા બાપ તો મૂકી ગયા હતા. તમે ક્યાં રળ્યા છો? કહો, સમજાણું કાંઈ? આહાહા!

**સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય**... ભગવાન આત્મા તો સમ્યગ્જ્ઞાનની મૂર્તિ છે. જેમ સાકર ગળપણના સ્વભાવસ્વરૂપ છે, એમ આત્મા એકલા જ્ઞાનસ્વભાવરૂપ છે. એ જ્ઞાન જ એનું સામ્રાજ્ય છે. સમજાણું કાંઈ? ભારે! આ બાગબગીચા ને એ એનું સામ્રાજ્ય નહીં એમ કહે છે. ભગવાનજીભાઈ! કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય, બધું જણાય એવું જે જ્ઞાનસ્વરૂપ પોતાનું, એ જ્ઞાન જ એનું સામ્રાજ્ય છે. સમજાણું કાંઈ? જામનગરના દરબાર પાસે ગયા હતાને ભાઈ! ત્યારે એને કહ્યું હતું મેં તો. ગામમાં આવી ન શક્યા (એટલે) પછી કહ્યું કે દર્શન કરવા છે મહારાજના. હું એના બંગલા પાસે જાતો જંગલ. એને ખબર પડી કે અહીં નજીક આવે છે. અને તે વખતે એને કાંઈ આંખનો દુઃખાવો હતો. દિગ્વિજયસિંહ. એ મરી ગયા છે.

૧૦ની સાલ. પછી ગયા. મહારાજ અહીં નજીક આવે છે, મારે દર્શન કરવા છે. મને ઠીક નથી, નહીં તો ગામમાં આવત, (એમ) કહેડાવ્યું રાજાએ. ગયા. રાણી હતી. શું કહેવાય તમારે? ગુલાબરાણી. બહુ હુશિયાર હોં સંસારની. બેઠી સામે. મહારાજ! કાંઈ કહો. સવારનો વખત હતો. પા કલાક કીધું. જુઓ! આ બધું સામ્રાજ્ય ધૂળના છે, એ આપણા આત્માના નહીં. એક કરોડનો તાલુકો. એક કરોડનો જામનગરનો. આ સામ્રાજ્ય ધૂળના છે, એ નહીં. આ તો નાશવાન ચીજ છે. એ તમારી ક્યાંથી થઈ ગઈ? સામ્રાજ્ય તો આત્માનો સ્વભાવ ગુણથી ભરેલો ભગવાન એ એનું સામ્રાજ્ય.

એમ બોલી કે હા, મહારાજ!... એ શું કહે? મારી પાસે બીજું શું કહે? હા, મહારાજ.. દરબાર બેઠા હતા. દરબાર બોલ્યા, હા, મહારાજ. આ સામ્રાજ્ય તો એ કહેવાય. આ ધૂળના નહીં. એક કરોડનો તાલુકો છેને. કરોડની ઉપજ. એક હજાર ત્યાં મૂક્યા. દસ મિનિટ બેઠા. હજાર મૂક્યા રાણીએ. આ હજાર આપીએ છીએ જ્ઞાન ખાતે. આહાહા! અરે! ધૂળના સામ્રાજ્ય

પ્રભુ તારા? આત્માનું રાજ 'રાજ્યતિ શોભતિ ઇતિ રાજા'. આત્મા તો આનંદ ને જ્ઞાન સ્વભાવથી શોભે તે એનું સામ્રાજ્ય છે. સમજાણું કાંઈ? લ્યો, આ બુંદેલખંડના બાદશાહ કહેવાય. બાદશાહ કહેવાય ન્યાં રાજા. વાણિયા તો કહેવાયને. પૈસાવાળા માણસ, આબરૂ મોટી, લાંબું નાક. એ..ય બેય જણા. લ્યો, આ ભગવાનદાસ ને શોભાલાલ. કહે છે કે ધૂળેય નથી બાદશાહ. એમ કહે છે અહીં તો. શેઠ! આત્મા અંતર જ્ઞાન.. જ્ઞાન આ જાણવાનો જે સ્વભાવ, જેમાં જણાય એવો ભાવ, જેમાં જણાય એવો ભાવ–અપરિમિત જ્ઞાન જેનું સામ્રાજ્ય છે. આહાહા! ચેતનરાજા આવે છેને (સમયસાર, ગાથા) ૧૭-૧૮માં? આહાહા! શું કહે છે આ?

**સર્વસ્વ**... સર્વ-સ્વ એમ શબ્દ છે. સહજજ્ઞાનસ્વભાવી જે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ ભગવાન એવો જે સ્વભાવ તેનું સામ્રાજ્ય, જેનું સર્વસ્વ સામ્રાજ્ય છે. ચક્રવર્તી છે પોતે પોતાના જ્ઞાનનો ધણી. આહાહા! **એવો શુદ્ધચૈતન્યમય મારા આત્માને જાણીને...** હવે પોતે મુનિ નાખે છે. ઓહો! આ આત્મા એકલો જ્ઞાનમય સ્વભાવમય એવો હું, એ મારું રાજ, એ મારી શોભા, એ મારું સર્વસ્વ—એમ હું અંતરના આવા સ્વભાવને જાણીને શુદ્ધ ચૈતન્યમય મારામય એટલે અભેદ, એવા જ્ઞાનમય આત્મા, જ્ઞાનવાળોય નહીં. એ જ્ઞાનમય, સમ્યગ્જ્ઞાનનો પુંજ એ-મય એવો જે હું આત્મા એને જાણીને **હું આ નિર્વિકલ્પ થાઉં.** વિકલ્પ વિનાની દશાને હું પ્રાપ્ત કરું છું, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? જુઓ! નિર્વિકલ્પ થાઉં, એમ કહે છે મુનિ. આહાહા! આત્મા એકલો જ્ઞાન ચૈતન્યપુંજ પૂર્ણ સ્વભાવનો રસકંદ એવો તે આત્મા, શુદ્ધ ચૈતન્યમય અભેદસ્વરૂપ એવા આત્માને જાણીને હું એમાં નિર્વિકલ્પ સ્થિરતાને પામું છું. કહો, સમજાણું કાંઈ? આનું નામ ધર્મ. ભારે વાતું ભાઈ!

ન્યાલભાઈ કાલ આવવાના છે. ભાઈએ કહ્યું. વાત કરીને. ફોન આવ્યોને. કોઈક કહેતું હતું. કોલ આવ્યો છે કે કાલ આવવાના છે. વળી જમણ-બમણનું... મને એવું લાગે છે. અત્યારે જમણ ન હોય. ભાઈ! પછી તમારી મરજી. ....ધમાધમ. એ ગમે એ કરે. ... ઓલા બંગલામાં... કરોડો માણસો..... મને પૂછ્યું, આવી સ્થિતિમાં જમણ કરવું જોઈએ કે નહીં? આપણને બહુ ખબર ન પડે તમારી. એય! આહાહા! આ તો આનંદના ભોજનના જમણની વાતું છે ભાઈ! સમજાણું કાંઈ? આહાહા! એ હું, આ જ્ઞાન સ્વભાવવાન હું. એને જ્ઞાન (વડે) જ્ઞેય બનાવી અને એનું પીરસું, આનું નામ ધર્મ લ્યો. આનું નામ મુક્તિનો ઉપાય અને સુખના પંથ આ. બાકી બધા દુઃખના પંથે દોરાઈ ગયા છે. દુઃખના પંથે દોરાઈ ગયા છે? (શ્રોતાઃ પ્રભુ! એકદમ દુઃખના પંથે છે.) તારો બાપેય ન્યાં પૈસા ભેગા બહુ કરે છે. (શ્રોતાઃ સંકલ્પ-વિકલ્પ કરે છે. બીજું શું કરે?) બસ, લે! આ તારા દાદા તો અહીં બેઠા છે એ કરી શકે. (શ્રોતાઃ પ્રભુ! આપે જ કીધું કે દાદા કોના ને કોણ કોનું?) બસ. હોય નહીં. જબરો છેને. કોના દાદા ને કોના દીકરા? એય

ભગવાનજીભાઈ! આહાહા! પ્રભુ! તું તારો છો. તું તેનો નહીં, તે તારા નહીં, તું તારો મટે એવો નથી. પણ તને તેની ખબર નથી. આહાહા!

આચાર્ય મુનિ કહે છે કે હું તો આત્મસ્વભાવ એકલી જાણવાની જ્યોતસ્વરૂપ એવો આત્મા તે હું, એ મારી ચીજ, એમાં હું ઠરું છું. લ્યો. સમજાણું કાંઈ? આ વાણી, શરીર બધું પર, જડ. એને ને આત્માને કાંઈ સંબંધ છે નહીં. આહાહા! એ બાવીસ કળશ થયા લ્યો. હવે ગાથા તેર. મુનિ પણ આવા અધિકારમાં આવું નાખે છે પાછું. (શ્રોતાઃ મૂળ હેતુ તો એ જ છેને અંતર્મુખનો). એ જ છેને. તેરમી ગાથા. **तह** એટલે શું? ઓલું જ્ઞાન કીધુંને. જ્ઞાનોપયોગના ભેદ પાડીને જ્ઞાનને સમજાવ્યું. **तह**–તેમ. હવે સંધિ કરે છે. મૂળ શ્લોકમાં છેને **तह**. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ અને એની વર્તમાન પર્યાય પ્રગટ થાય કેવળજ્ઞાન એ કાર્યસ્વભાવજ્ઞાન. ત્રિકાળી જ્ઞાન એ કારણસ્વભાવજ્ઞાન, એનું ધ્યાન કરવાથી કાર્યસ્વભાવજ્ઞાન પ્રગટ થાય છે. 'તેમ' એમ પાછું. જ્ઞાન છે તેમ.

**तह दंसणउवओगो ससहावेदरवियप्पदो दुविहो।**
**केवलमिंदियरहियं असहायं तं सहावमिदि भणिदं॥ १३॥**

નીચે એનું હરિગીત છે.

**ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;**
**અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.**

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવે આને સ્વભાવ(દર્શન) કહ્યું છે. આહાહા! **ટીકા : આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.** શું કહે છે હવે? પહેલું જ્ઞાન જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું જે ભાવ એનું વર્ણન કારણ-કાર્ય ભેદોથી વર્ણવ્યું. હવે એની સાથે દર્શન–દેખવાનો ભાવ. જ્ઞાનનો સ્વભાવ એવો છે કે પ્રત્યેક ચીજને ભિન્ન-ભિન્ન કરીને જાણે એનું નામ જ્ઞાન. અને દર્શનનો સ્વભાવ એવો છે કે કોઈ ચીજને પૃથક્–ભિન્ન કરીને ન દેખે. સામાન્ય તરીકે ઉપયોગ કામ કરે. આહા! સમજાણું કાંઈ? જ્ઞાનની સાથે રહેલો દર્શનોપયોગ–દેખવાનો વેપાર, ઉપયોગ એટલે વેપાર એના સ્વરૂપનું કથન છે.

**જેમ જ્ઞાનોપયોગ બહુવિધ ભેદોવાળો છે...** ઘણું ભેદવર્ણન થઈ ગયું છેને. **તેમ દર્શનોપયોગ પણ તેવો છે. (ત્યાં પ્રથમ, તેના બે ભેદ છે).** આ તો મોક્ષના મહેલની વાતું છે. આહાહા! સંસારના દગા-દગા બધી વાતું છોડી અને અંતરમાં આવ્યા ને એના ફળ આવ્યા એની વાતું છે. **સ્વભાવદર્શનોપયોગ...** એ શું કીધું? કે સ્વભાવિક દેખવાનો વેપાર–સહજ દેખવાનો વેપાર. હજી એના બે ભેદ પાડશે. અંદર દેખવું એવો સ્વભાવ છે. એ દેખવું એવો સ્વભાવ એના બે પ્રકાર. એક સહજ **સ્વભાવદર્શનોપયોગ અને વિભાવદર્શનોપયોગ.** એનો ખુલાસો કરશે હોં. **સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે...** અંતરમાં દર્શનોપયોગ—ભગવાન આત્માનો દેખવાનો ત્રિકાળી ભાવ તેને અહીં **કારણસ્વભાવદર્શનોપયોગ** કહે છે.

સમજાણું કાંઈ? જે ભગવાન આત્મા એનો સહજ ત્રિકાળી દેખવાના ભાવવાળો ઉપયોગ તેને કારણસ્વભાવ-ઉપયોગ કહે છે. માળે ધર્મની વાતું આવી. બાપુ! વીતરાગનો ધર્મ જુદી જાતનો છે. એ જગતે સાંભળ્યું પણ નથી કે શું વીતરાગ કહે છે.

અહીં પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરપ્રભુની દિવ્યધ્વનિમાં, આગમમાં આવ્યું, ભાઈ! તું જે છોને આત્મા, એવો જે જ્ઞાનના ભાવનું વર્ણન કર્યું... ત્યાં પણ એમ વર્ણન કર્યું. જ્ઞાનસ્વભાવના બે ભેદ—કારણસ્વભાવજ્ઞાન ત્રિકાળ, કાર્યસ્વભાવજ્ઞાન પર્યાય. એ સિવાય બીજા જ્ઞાનના ભેદ પાડ્યા હતા. મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન ને અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન એવા ભેદ પાડ્યા હતા. આ તો છે એનું વર્ણન છે એમાં. કહે છે કે તારામાં જેમ જ્ઞાન–જાણવાના ભાવના બે પ્રકાર વર્ણવ્યા હતા. એક ત્રિકાળી જાણવાનો ઉપયોગ અને એક વર્તમાન કાર્યરૂપ જાણવાનો કાર્ય-ઉપયોગ. એમ દર્શનમાં પણ **કારણસ્વભાવદર્શનોપયોગ અને કાર્યસ્વભાવદર્શનોપયોગ.** કારણસ્વભાવ ત્રિકાળી તેને કારણસ્વભાવદર્શનોપયોગ કહે છે અને વર્તમાન પર્યાયમાં કેવળદર્શન થાય એ કાર્યસ્વભાવદર્શનોપયોગ. ત્રિકાળી સ્વભાવદર્શનોપયોગને કારણ કહે છે અને એમાંથી કેવળજ્ઞાનની સાથે પ્રગટેલું કાર્ય–કેવળદર્શન, એ કેવળદર્શનને કાર્યદર્શનોપયોગ કહેવામાં આવે છે. આહાહા!

હવે, **ત્યાં કારણદૃષ્ટિ...** બે નાખવું છેને, બેય ભેગું નાખવું છે. આહાહા! શાંતિથી આ સમજવાની ચીજ છે. સમજાણું કાંઈ? આ તો અંતરપટની વાતું છે. **કારણદૃષ્ટિ તો**.. નીચે એનો ખુલાસો કર્યો છે. **દૃષ્ટિ = દર્શન. [દર્શન અથવા દૃષ્ટિના બે અર્થ છે : (૧) સામાન્ય પ્રતિભાસ,** સામાન્યપણે દર્શનમાં દેખવાનો ભાવ. **(૨) શ્રદ્ધા**. દર્શનના બે અર્થ અહીં આવે છે. એક શ્રદ્ધા અને એક સામાન્ય દર્શનનું દેખવું એવા બે અર્થ થાય છે. **જ્યાં જે અર્થ ઘટતો હોય ત્યાં તે અર્થ સમજવો. બન્ને અર્થો ગર્ભિત હોય ત્યાં બન્ને સમજવા.** અહીં બંને અર્થ ગર્ભિત છે. શું કહે છે? આત્મામાં જેમ જ્ઞાનોપયોગનો સ્વભાવ ત્રિકાળ છે, એમ એની સાથે દર્શન.. દર્શન–દેખવું એવો ત્રિકાળી સહજ દર્શનઉપયોગ છે. એને દૃષ્ટિમાં લઈએ તો શ્રદ્ધા પણ લેવાય છે, ત્રિકાળીકારણશ્રદ્ધા. એ કારણદૃષ્ટિ એટલે કે ત્રિકાળી દર્શનોપયોગને પણ કારણદૃષ્ટિ કહીએ અને એમાં શ્રદ્ધા જે છે–ત્રિકાળીસ્વરૂપની ધ્રુવ શ્રદ્ધા એને પણ કારણદૃષ્ટિ કહેવામાં આવે છે. ઝીણી વાતું છે ભાઈ! એને પગથિયે ચડ્યો નથી એટલે બધું ઝીણું લાગે. આવો ધર્મ ક્યાંથી શરૂ કર્યો આમાં?

શ્રોતા : જાણવું.. જાણવું.. એ જ ધર્મ?

પૂજ્ય ગુરુદેવશ્રી : બીજું શું છે તારે? એ જાણનારો છે. દયા કોણ પાળે કોની? તારી દયા પાળ એનું નામ જ્ઞાન. પરની દયા પાળે કોણ? સ્વતંત્ર પદાર્થ છે બીજા. એની અવસ્થાનું થવું તેને કારણે છે. બીજો એની અવસ્થા કરી દે? સમજાય છે કાંઈ? એ આત્મા સિવાય આ પર શરીરાદિ, લ્યો, વાણી કે બીજા આત્માઓ, સ્ત્રી-કુટુંબ-પરિવાર—એ જગતના સ્વતઃસિદ્ધ

તત્ત્વ છે અને એ તત્ત્વ વર્તમાનદશાના કાર્ય વિના ખાલી નથી. તેનું વર્તમાન કાર્ય તો એ કરે છે. એમાં તું એને શું કરી દેતો હતો? પ્રાણભાઈ! આ બાયડી-છોકરાને પોસવા ને.

શ્રોતા : એ કાર્ય સહજ થઈ રહ્યું છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : સહજ થઈ ગયું, એમ? થઈ રહ્યું જ છે. આ શરીર પણ ચાલે છે શું? એની–જડની અવસ્થા જડ કરે છે, આત્મા નહીં. આહાહા! ભાન ક્યાં છે એને કે હું કોણ છું ને આ શું છે? આ ચાલે છે, આ વાણી નીકળે છે એ જડની અવસ્થા છે. જડમાં એ દશા થાય છે, આત્મામાં નહીં. સમજાણું કાંઈ! આહાહા! કહે છે કે અંદર વસ્તુ ભગવાન આત્મા એમાં એ દર્શનોપયોગ કારણ નામ ત્રિકાળી સ્વભાવ છે, એને અહીં કારણ-દર્શન-સ્વભાવ-ઉપયોગ કહેવામાં આવે છે. અને બીજી રીતે એમાં દૃષ્ટિ લઈએ તો એ ત્રિકાળીસ્વરૂપની પ્રતીતરૂપ શ્રદ્ધા ત્રિકાળ હોં ત્રિકાળ, તો એને સમ્યક્-શ્રદ્ધા કહેવામાં આવે છે. એ શ્રદ્ધા પણ આત્મામાં ત્રિકાળ પડી છે. સમજાણું કાંઈ?

શ્રોતા : બધું આત્મામાં પડ્યું છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બીજે ક્યાં? આત્મા વસ્તુ છે કે નહીં? મોટો ભંડાર છે. અનંતાનંત ગુણોનો ભંડાર ભગવાન આત્મા છે. એ લક્ષ્મી તો અનંતી હોય નહીં કોઈ પાસે લ્યો. ધૂળની અબજની, બે અબજની, પાંચ અબજની.

શ્રોતા : લોભ અનંત હોય એમ કહે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : લોભ અનંતો હોય, વસ્તુ ક્યાં અનંતી? એ તો જડ છે. લોભ તો.. પોતે અનંત છે, એ ગુલાંટ ખાય છે તૃષ્ણામાં તો અનંત તૃષ્ણા થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા! જેની ખાધ પૂરી પડતી નથી. દસ લાખ થયા હોય તો પચાસ લાખ સામે જોવે, ચાલીસ લાખની ખાધ. મારે દસ લાખ અને આને પચાસ લાખ છે. ખાદિલા બે પ્રકારના છે આ જગતમાં. એક તો દસ લાખ કહેવાતા હોય ને અંદર ન હોય. આબરૂએ નભતા હોય એ ખાદિલા. અને એક દસ લાખની મૂડી હોય એ પચાસ લાખ સામું નજર કરે. મારે આટલું નથી. એ ચાલીસ લાખની ખાધ. ખાદિલા આવા બે પ્રકારના છે. સમજાણું કાંઈ? આહાહા! કહો, સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ? ગોટા વાળ્યા. ગોટા જ વાળ્યા છે માળે એણે. અંધારે જ કૂટ્યું છે. આહાહા!

અહીં તો કહે છે કે દેહ પર, વાણી પર. પ્રભુ આત્માનું અસ્તિત્વ–સત્તા... કહેશે આગળ હોં. નિજ સત્તાસ્વભાવ સત્તામાત્ર. બીજી રીતે કહેશે. પોતાનો જે સ્વભાવ છેને... પોતે આત્મા છે એ સ્વભાવવાન છે. જ્યારે એનો સ્વભાવ છે એ સ્વભાવ દર્શન ને જ્ઞાન ઉપયોગ એનો સ્વભાવ છે. ત્યારે એ દર્શન ઉપયોગનો જે ત્રિકાળી સ્વભાવ એને કારણદર્શનોપયોગ કહે છે. અને કાં એ ત્રિકાળીસ્વરૂપની શ્રદ્ધા ત્રિકાળ હોં, ત્રિકાળીસ્વરૂપની શ્રદ્ધા ત્રિકાળ એને કારણદૃષ્ટિ, કારણશ્રદ્ધા, કારણમાન્યતા કહેવામાં આવે છે. જુઓ! એ પર્યાયમાં શ્રદ્ધા–સમકિત થાય કે આ

આત્મા છે (અને) આ નહીં. તો એ શ્રદ્ધાની પર્યાય થઈ એ કોઈ ગુણમાંથી આવે છે કે અધ્ધરથી આવે છે? સમજાણું કાંઈ? એ ત્રિકાળી શ્રદ્ધામાંથી એ શ્રદ્ધાપર્યાય આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એનો દર્શનોપયોગ–દેખવાનો ભાવ એ ત્રિકાળી, એને કારણસ્વભાવ દર્શનોપયોગ કહીએ અને આખા સ્વરૂપની શ્રદ્ધા અંદર ત્રિકાળી એને કારણદૃષ્ટિ કહીએ. કારણદર્શન કહીએ, કારણશ્રદ્ધા કહીએ. અરેરે! એનામાં છે એની વાતું ચાલે એ ન બેસે. આહાહા! અને એનામાં નથી એને માંડીને બેઠો માળો. આહાહા! ખબર નથી વાતેય બધી. આંધળે કૂટાણું છે. આહાહા! માળો માને છે કે હું ડાહ્યો છું. આહાહા! ઊંઘતો હોય એને જગાડવો હોય તો વાંધો નહીં, પણ જાગતો હોય, ઊંઘતો ન હોય તો એને જગાડવો શી રીતે? ઊંઘતો હોય તો એય ઉઠ એમ કહીએ ત્યાં ફટ દઈને ઉઠી જશે. પણ જાગતો હોય એને બોલાવે, એને બોલવું નથી તો એને શી રીતે જગાડવો? એમ અજ્ઞાની મૂઢ થઈને (સૂતો હોય) તો એને જગાડાય કે એલા! ઉઠજે. પણ ઓલો મૂઢ છે ને છતાં માને કે હું જાગતો છું, હવે એને શી રીતે સમજાવવો? સમજાણું કાંઈ? વળી આમાં ધૂનમાં આઘો ચાલ્યો જાય.

**કારણદૃષ્ટિ તો, સદા પાવનરૂપ...** ત્રિકાળદર્શનોપયોગ અને ત્રિકાળશ્રદ્ધા એ તો સદા પાવન–પવિત્રરૂપ છે. સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વરનું મૂળ સ્વરૂપ અને એણે કહેલો આત્મા એનું સ્વરૂપ સૂક્ષ્મ છે પ્રભુ! ઘણું સૂક્ષ્મ છે. દુનિયા માને છે ને કલ્પી બેઠા છે એ ચીજ નથી. સમજાણું કાંઈ? એ ત્રિકાળદર્શનોપયોગ શક્તિરૂપ–સ્વભાવરૂપ એને કારણદર્શન કહીએ અથવા એવા પૂર્ણસ્વરૂપની શ્રદ્ધા રહેલી છે કાયમ અંદર એને કારણદૃષ્ટિ કહીએ. એ બેય **ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે...** ધીમે ધીમે દરેક શબ્દનો અર્થ થાશે હોં. એમને એમ એકેય શબ્દ જવા દેવાય એવો નથી.

કહે છે કે આત્માનો ત્રિકાળીદર્શનોપયોગ અને ત્રિકાળીશ્રદ્ધા એ ઉદયાદિ... ઉદય એટલે પુણ્ય-પાપના વિકલ્પોથી તે જણાય એવો નથી. પુણ્ય-પાપના વિકલ્પથી એ વસ્તુ અગમ્ય છે. સમજાણું કાંઈ? ઉદય આદિ ચાર ભાવ છેને? એક ઉદય, બીજો ઉપશમભાવ છે. અંદર 'આદિ' છેને? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક—આ ચાર ભાવ છે. પાંચમો પારિણામિકભાવ. પાંચ ભાવ છે. હવે જે ત્રિકાળી પરમપારિણામિક દર્શનોપયોગ અને ત્રિકાળી જે શ્રદ્ધાભાવ એ વર્તમાન પર્યાયને આશ્રયે સમજાય એવો નથી. ઉદયાદિ ચાર... જુઓ છેને? જુઓ ઓલામાં નીચે.

**વિભાવ–વિશેષ ભાવ...** વિભાવ એટલે વિશેષ ભાવ, **અપેક્ષિત ભાવ. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એ ચાર ભાવો અપેક્ષિત ભાવો...** ઉદય એટલે પુણ્ય-પાપના પરિણામ તેને ઉદયભાવ કહીએ. દયા-દાન-ભક્તિના વિકલ્પો તેને ઉદય વિકારભાવ કહીએ. એને ગમ્ય આ ભાવ નથી. એને આશ્રયે પણ એ ગમ્ય નથી, ત્રિકાળી ચીજ એને

આશ્રયે ગમ્ય નથી. ઉપશમ.. છેને! ચારે **અપેક્ષિત ભાવો હોવાથી વિભાવસ્વભાવ (પરભાવો) કહ્યા છે**. એમાં ઉપશમ એટલે સમ્યગ્દર્શન આદિ પર્યાય એ ઔપશમિકભાવ એને આશ્રયે આત્મા ગમ્ય નથી. ક્ષાયોપશમિક આ ઉઘાડ–જ્ઞાનનો વિકાસ વર્તમાન અંશ છેને. આ વકીલાતનો, ડોક્ટરનો, આ જજનો, આ બધા શું કહેવાય? વકીલનું તો પહેલું કીધું. પહેલું તમારું કહ્યું. એ પ્રાણભાઈ! આ જજ ને આ મોટા-મોટા હોય છેને દસ-દસ હજારના પગારવાળા ને. એ બધો ઉઘાડ છેને વર્તમાન એ અજ્ઞાનનો ક્ષયોપશમભાવ છે. પણ જ્ઞાનનો ક્ષયોપશમભાવ સાચો હોય તો તેને આશ્રયે આ આત્મા ગમ્ય નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

ક્ષાયિકભાવ એટલે સમકિતની, જ્ઞાનની, દર્શનની પર્યાય–અવસ્થા. એ અવસ્થા છે એક ક્ષાયિક. એક ક્ષાયિકદશા થાય છે. એને આશ્રયે પણ આત્મા ન જણાય. એ તો, પરમસ્વભાવભાવ ભગવાન એનો આશ્રય લે તો એ જણાય. આવો વીતરાગમાર્ગ હશે? અમે તો એવું સાંભળતા કે છ કાયની દયા પાળવી, ચૌવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, છપદી બ્રહ્મચર્ય પાળવું, એય! હંમેશા સામાયિક કરવી, મહિનામાં પોષા કરવા. પોષા કરેને આ પૂનમ ને આઠમ. એ વાત તો આમાં કાંઈ આવી નહીં. એ તો બધી વિકલ્પની વાતું છે, સાંભળને! સમજાણું કાંઈ? એ મંદરાગની ક્રિયાઓની વાત છે. એ દ્વારા આત્મા જણાય નહીં. આહાહા! પ્રાણભાઈ! એવા ચાર ભાવો એ પરભાવો છે.

**એક સહજપરમપારિણામિક ભાવને જ સદા-પાવનરૂપ નિજ સ્વભાવ કહ્યો છે.** લ્યો. ત્રિકાળી ધ્રુવ સત્.. ત્રિકાળી ધ્રુવ સત્ એ પરમસ્વભાવને પારિણામિકભાવ કહેવામાં આવે છે. ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ. **ચાર વિભાવભાવોનો આશ્રય કરવાથી પરમપારિણામિકભાવનો આશ્રય થતો નથી.** પર્યાયનો આશ્રય લેવાથી દ્રવ્યનો આશ્રય થતો નથી એમ કહે છે. બહુ ઝીણું છે ભાઈ હોં. **પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વથી માંડીને...** પરમસ્વભાવ ધ્રુવ ત્રિકાળી આનંદકંદ એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્-ચારિત્ર થાય ને કેવળજ્ઞાન થાય ને મુક્તિ થાય. એ ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થાય. વર્તમાન અવસ્થાને આશ્રયે કાંઈ પરમભાવ પ્રગટે નહીં. આહાહા! ભાષા જુદી જાતની છે આ. એ ચાર વિભાવસ્વભાવને–પરભાવને અગોચર છે. એનો અર્થ એ કે ચાર પર્યાયો છે વિકારની (ઉદયની), ઉપશમની, ક્ષયોપશમની, ક્ષાયિકની, એ અવસ્થાને આશ્રયે ત્રિકાળીદર્શન ન થાય. ત્રિકાળીદર્શન(રૂપ) સ્વભાવ એનો આશ્રય લે તો એનું ભાન થાય. સમજાણું કાંઈ? એને અગમ્ય છે. પર્યાય જે અવસ્થા છે એને આશ્રયે ન થાય માટે એને 'અગમ્ય છે' એમ કીધું છે. એવો સહજ પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ... વિશેષ છે વાત. વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ ૯, રવિવાર, તા. ૯-૧-૧૯૭૨**
**ગાથા - ૧૩, પ્રવચન નં. ૨૦**

આ નિયમસાર સિદ્ધાંત છે. એ નિયમસારનો અર્થ મોક્ષનો માર્ગ. એ દુઃખનો માર્ગ તો અનાદિથી કરી રહ્યો છે. એને નાશ કરીને આત્માની શાંતિ ને સુખનો માર્ગ કેમ પ્રાપ્ત થાય એ વાત છે આ. સમજાણું કાંઈ? અનંત કાળથી ચોરાશીના અવતારમાં એણે અનંતા દુઃખો સહન કર્યાં છે. નરકમાં અનંતવાર ગયો, મનુષ્ય પણ અનંતવાર થયો, દેવ પણ અનંતવાર થયો. અનાદિનો છે આત્મા. અને એ પશુની યોનિમાં પણ અનંતવાર આવ્યો છે. ગણો તો ખરા. મનુષ્યપણાના જે અનંતા ભવો કર્યાં, એમાં એણે અનંતકાળ ગાળ્યો, એના કરતાં તો અસંખ્યગુણો અનંતકાળ નરકમાં ગાળ્યો. નરકની ગતિ છે નીચે ત્યાં એનો વાસ અનંતકાળ (રહ્યો), મનુષ્યના કાળ કરતાં અસંખ્યગુણો અનંતકાળ ગાળ્યો છે. અને ત્યાંથી નીકળીને કદાચ દેવાદિ થાય, એ તો નરક કરતાં પણ એણે અસંખ્યગુણો અનંતકાળ ત્યાં ગાળ્યો છે. બધે દુઃખી છે એ. સમજાણું કાંઈ?

આત્માના આનંદસ્વભાવના ભાન વિના જેટલા પુણ્ય ને પાપના ભાવ કરે એ બધા દુઃખરૂપ છે અને દુઃખના સમુદ્રમાં ડૂબેલો છે. સમજાણું કાંઈ? પરનું કરી શકતો નથી કાંઈ. કેમકે પરપદાર્થ સ્વતંત્ર છે, એ સ્વતંત્ર સત્‌ના અંદરમાં બીજાનો અધિકાર હોઈ શકે નહીં. આ શરીર, વાણી, મન, દેશ, કુટુંબ, રળવું એ બધી ક્રિયાઓ આત્મા કરી શકતો નથી. એ ભાવ કરે પાપ આમ કરું, આમ કરું, આમ કરું. સમજાણું કાંઈ? એની સત્તાની મર્યાદામાં પુણ્ય ને પાપ ને મિથ્યાભ્રાંતિ કરે. પણ એની મર્યાદા સિવાય પરવસ્તુનું કાંઈ કરી શકે કે પૈસા મેળવી શકે કે પૈસા વાપરી શકે કે પૈસા રાખી શકે—એવું ત્રણ કાળ, ત્રણ લોકમાં આત્મામાં એ નથી. સમજાણું કાંઈ? ખબર નથી ને મૂઢ અનાદિથી દુઃખમાં-દુઃખમાં ગરકાવ છે. માને છે કે અમે સુખી છીએ. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ તમારા પૈસાવાળાને બહુ સુખી કહે છે જુઓ! ગાંડા છે, પાગલ છે બધા તમારા. સમજાણું કાંઈ? એય! પાગલની નિશાળ છે મોટી.

એ મોક્ષમાર્ગ અહીં કહેવા માગે છે. જ્યાંથી સુખનો ભાર–સુખનો પ્રવાહ આવે એ ચીજ શું છે આત્મા? એમ કહે છે. અને એને ભૂલીને અનાદિકાળથી પરપદાર્થને હું રાખી શકું, વ્યવસ્થા કરી શકું, વ્યવસ્થિત રીતે હુશિયાર થઈને રળી શકું—એ બધી મૂઢતા મિથ્યાત્વનું મહાપાપ છે.

શ્રોતા : આ બાજુ ભલે પાપ કહે, પણ આ બાજુ તો પૈસા છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પૈસા ક્યાં એના હતા? ન્યાં ક્યા આવ્યા છે? એની પાસે છે પૈસા કાંઈ? પૈસા તો જડમાં છે. પૈસા તો જડ થઈને જડમાં રહ્યા છે. એ આત્માના થઈને આત્મામાં

રહ્યા છે? કહો, શેઠ! પૈસા તો જડ છે, અજીવ થઈને રહ્યા છે. આ શરીર પણ અજીવ થઈને રહ્યું છે. આત્માનું થઈને રહ્યું છે આ? આત્માની પર્યાયમાં છે આ ચીજ? સમજાણું કાંઈ? એ બધા પૈસા, બાયડી, છોકરા ને કુટુંબ—એ પરવસ્તુ પરની સત્તાથી રહેલી છે. આની સત્તાથી ને આની સંભાળથી એ રહે છે એ (માન્યતા) એની મૂઢતા છે. એય! કેવી મૂઢતા? કે જે મિથ્યાત્વના ભાવમાં અનંતા નરક ને નિગોદના ભવ થાય એવો એ મિથ્યાભાવ છે. આહાહા! શેઠ! કહો, ભગવાનજીભાઈ! આહાહા!

ભગવાન! તું કોણ છો એની તને ખબર નથી અને તારામાં શું છે ને તારામાં શું નથી એની તને ખબર નથી. સમજાણું કાંઈ? રાજા અનંતવાર થયો, અબજોપતિ અનંતવાર થયો, પણ દુઃખી બધા બિચારા ભિખારા છે. એય! અંદર રાગ ને દ્વેષની કલ્પનાઓમાં દુઃખ જ ભર્યું છે એકલું. એ ચીજ દુઃખનું નિમિત્ત છે. ચીજ દુઃખ નથી. એમ આત્મામાં–વસ્તુમાં દુઃખ નથી. આ બધી સંકલ્પ ને વિકલ્પની જાળું ઊભી કરેલી દુઃખના સમુદ્રમાં ડૂબી ગયો છે. આહાહા! સમજાણું કાંઈ? એની ખબર નથી એને. એને એની દયાની ખબર નથી કે મારી દયા કેમ પળે. સમજાણું કાંઈ? આ અધિકાર જરી ઝીણો છે એટલે આ થોડો ઉપોદ્ઘાત કર્યો. અરેરે! એની ખબર વિનાનો બેખબરો... બેખબરો એટલે બે ખબરવાળો હશે? ક્યા કહતે હૈં? બેખબર કહતે હૈં ન? બેખબરો એટલે ભાન વિનાનો. આહાહા! ચાલતી ભાષામાં. આહા!

અહીં તો ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન અંદર હતું, એની વાણીમાં સંસારની દશાનું આ વર્ણન હતું અને એની વાણીમાં હવે મોક્ષમાર્ગનું વર્ણન શું છે એ અહીં ચાલે છે. સમજાણું કાંઈ? એ સ્વર્ગમાં ગયો તોય દુઃખી. અહીં તો પાંચ-પચાસ લાખ, બે અબજ-પાંચ અબજ પૈસા મળે તો માને કે અમે સ્વર્ગમાં છીએ. ધૂળમાંય નથી. નરકમાં છો, સાંભળને! તને ખબર ક્યાં છે? એય નવનીતભાઈ! આ બધા પૈસાવાળા બેઠા છે. પૈસાવાળા એટલે મમતાવાળા. પૈસા કાંઈ આવતા નથી એની પાસે? મારા એવો ભાવ એ દુઃખનો, મમતાનો ભાવ છે અને એ ભવિષ્યમાં પણ દુઃખમાં જશે એ એનું ફળ છે. આહાહા! (શ્રોતા : સુખ કેમ થાય એ સમજાવો?) હવે એ માર્ગની વાત અહીં ચાલશે. જરી ઝીણું છે, ધીમેથી, શાંતિથી (સમજવું). નિજ તત્ત્વ શું છે અને નિજ તત્ત્વના સ્વભાવની સ્થિતિ શું છે (એ વાત) એણે કોઈ દિ' અંતરથી સાંભળી નથી. સમજાણું કાંઈ?

એણે દુનિયાના પાપ ને પ્રવૃત્તિઓ આમ કરવું ને આમ કરવું, પાપની માથાકૂટ સાંભળી છે કે જે વર્તમાન દુઃખ છે ને એના ફળમાં પણ દુઃખ.. દુઃખ.. ને દુઃખ છે ચાર ગતિના. કહો, સમજાણું કાંઈ? કહે છે... આ બીજો પેરેગ્રાફ છે. હળવે-હળવે... આ બધું નવું લાગશે. શિખરચંદજી! આ તો કોઈ દિ' સાંભળ્યુંય નહીં હોય તમે. ન્યાં મુંબઈમાં ક્યાં ધંધા આડે

નવરાશ મળે? કહે છે.... આહાહા! પહેલા તમે આવી ગયા છો શરૂઆતમાં. અહીં રહેતા બહાર.... કહે છે, **કારણદૃષ્ટિ તો...** ત્યાં શબ્દ છે. ન્યાં સ્વીત્ઝરલેન્ડમાં કોઈ શબ્દેય સાંભળ્યો નહીં હોય. ન્યાલભાઈ! ન્યાલ થવાના રસ્તા નથી, ત્યાં દુઃખ થવાના રસ્તા છે બધા. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**કારણદૃષ્ટિ તો...** હવે કારણદૃષ્ટિ કોને કહે? એ ભગવાન જાણે. ભગવાન તો જાણે છેને. આ તો તને જણાવે છે. ભાઈ! ભગવાન! તું આત્મા છો. અને આત્મામાં એક કારણદર્શનોપયોગ ને કારણશ્રદ્ધા એવી શક્તિ તારામાં ત્રિકાળ પડી છે. કોનું કારણ? વર્તમાન સુખનું કાર્ય એનું કારણ અંદર શ્રદ્ધા ને દર્શનોપયોગ ત્રિકાળી તારામાં પડ્યો છે. આહાહા! કહે છે કે **કારણદૃષ્ટિ તો સદા પાવનરૂપ** છે. ભગવાન આત્મામાં આનંદનું કારણ એવો દર્શનોપયોગ અને આનંદનું કારણ–સુખનું કારણ એવી કારણદૃષ્ટિ શ્રદ્ધા એ આત્મામાં ત્રિકાળ પડી છે. આ શું? ગ્રીક-લેટિન જેવું લાગે અજાણ્યા માણસને. ભાઈ! તને તારી ખબર નથી. તું કેવડો છો, ક્યાં છો, કેમ છો— એની તને ખબર નથી. જ્યાં નથી ત્યાં તેં માન્યું છે અને જ્યાં છે ત્યાં તેં તને માન્યો નથી. શરીર, વાણી, મન, પૈસા, સ્ત્રી-કુટુંબમાં એ આત્મા નથી, એમ એ આત્મામાં નથી. આહાહા! અરેરે! એને ક્યાં ખબર છે?

અરે! એ પુણ્ય ને પાપના વિકલ્પ જે દયા, દાન, હિંસા જૂઠું, રળવા આદિના ભાવ થાય પાપ એમાં એ આત્મા નથી. આહાહા! સમજાણું કાંઈ? અને એ પાપ ને પુણ્યના ભાવ આત્મામાં નથી. આહાહા! ભારે વાતું ભાઈ આ. ભગવાન! અહીં તો ભગવાન તરીકે બોલાવે છે હોં. તારા સ્વરૂપમાં જ્ઞાન ને દર્શનના સ્વભાવની લક્ષ્મી પડી છે. આ ધૂળ નહીં. આ તો માટી– ધૂળ, ઝેરના, દુઃખના નિમિત્ત છે. તારામાં દર્શન ને જ્ઞાનની લક્ષ્મી ને શ્રદ્ધાલક્ષ્મી પડી છે, એનો જો આશ્રય લે તો તને સુખ થાય. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ આ! એ કરતાં પાળવાનું કંઈક કહે, દાન દઈ દેવાનું કહે, લાખ-બે લાખ ખરચી નાખો, ધર્મ થાય. ધૂળમાંય ન થાય, સાંભળને! તારા કરોડ-બે કરોડ એ ક્યાં તારા બાપના છે? એ તો જડના છે. જડ મારા એ માન્યતા મિથ્યાભ્રમ, અજ્ઞાન છે. અને એને હું એનો સ્વામી થઈને દઉં છું એ મહામિથ્યાત્વ ચોરાશીના અવતારના મૂળિયા છે. એ શેઠ! તમે તો બહુ દાન કરો છો એમ કહે છે લોકો. કહો, સમજાણું કાંઈ? આહાહા!

અરે ભગવાન! તું શું કરે છો, તારામાં શું થાય છે અને પરનું થતાં ત્યાં હું કરું છું એવું અભિમાન શું થાય—એ તને ખબર નથી. આહાહા! કહે છે, આ ભગવાન આત્મા અસ્તિ છેને, સત્તા છેને, હોવાવાળો પદાર્થ છેને. એ હોવાવાળા પદાર્થમાં શું છે? કે એક દર્શન–દેખવું અને જ્ઞાન–જાણવું અને શ્રદ્ધવું–ત્રિકાળી વસ્તુનું શ્રદ્ધવું અંદર—એવી સ્વરૂપશ્રદ્ધા, એવો દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ ત્રિકાળ તારામાં કારણરૂપે પડ્યો છે. ભારે કામ આકરું ભાઈ! આવું કોઈ દિ'

સાંભળ્યું નહીં હોય. એય ન્યાલભાઈ! સ્વિત્ઝરલેન્ડમાં સાંભળ્યુંય નહીં હોય. પાપ એકલા હોય આખો દિ'. આમથી આમ, આમથી આમ, ધમાલ.. ધમાલ. અહીં પણ સ્તુતિમાં હાજર ન થયો. પૂરી થઈ ત્યારે આવ્યા. મને એવો વિકલ્પ આવ્યો કે જુઓને! પ્રવૃત્તિ તે કેટલી? એય! એ જ કહું છુંને. અહીં સ્તુતિનો વખત એ પહેલાં (આવ્યા) નહીં, (પણ) આમ બરાબર (પુરૂં) થયું ત્યારે એ જ મિનિટે હાજર. સાંભળવા માટે નવરાશ ન મળે. એય! અહીં તો શું છે? અહીં માખણ છે કાંઈ? આ અમૃત છે. આહાહા!

ભગવાન! તારા સ્વરૂપમાં, તારા ભાવમાં, તારા સામર્થ્યમાં, તારી શક્તિમાં એક જ્ઞાનોપયોગ ને દર્શનોપયોગ ને સ્વરૂપશ્રદ્ધા એવી શક્તિઓ તારા આત્મામાં કારણરૂપ પડી છે. આહાહા! સમજાણું કાંઈ? આ વાત બીજી વાત છે. બહારમાં હા-હો કરો ને આ કરો ને આ વિધાન, આ વિધાન, અપવાસ કર્યા ને તપસ્યાઓ કરી, વરઘોડા ચડાવ્યા, દાન કર્યાં. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! સમજાણું કાંઈ? ભગવાન આત્મા અંતરમાં એનું સ્વરૂપ, જેમ વસ્તુ આત્મા કાયમી ત્રિકાળી છે, એમ એનામાં જ્ઞાનોપયોગ–જ્ઞાનનું જાણવું, દર્શનોપયોગ–દેખવું અને શ્રદ્ધા ત્રિકાળ શક્તિરૂપે તારામાં પડેલી છે. એ તારું નિધાન છે, એ તારી પૂંજી ને તારી ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ?

**ત્યાં કારણદૃષ્ટિ તો સદા પાવનરૂપ**... ઝીણું આવ્યું.... હોય એ આવેને? ભગવાન આત્મા... આ (શરીર) તો માટી, જડ, ધૂળ છે રજકણ, અજીવ છે. એ કાંઈ આત્મા નથી. અને આ શરીર અજીવ તો અજીવ થઈને રહેલ છે, એ કાંઈ આત્માનું થઈને રહેલ નથી. આત્માનું થઈને રહે તો આત્મા તો અરૂપી છે અને આ તો રૂપી છે. સમજાણું કાંઈ? હવે એનું થઈને શું રહેલું છે ત્રિકાળ? એમ કહે છે. આહાહા! ભગવાન! તું એક વસ્તુ છોને, આત્મા પદાર્થ છોને પ્રભુ! તો તારા અસ્તિમાં–તારી સત્તામાં–તારા હોવાપણામાં કાયમી એક જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ ને સ્વરૂપશ્રદ્ધા એ કાયમ તારામાં રહેલી છે. કહો, સમજાય છે કાંઈ? એ તારી પૂંજી ને એ તારી મૂડી છે. આહાહા! આ બાચકા ભર્યા છેને બધા બહારના ધુમાડાના બાચકા. આ પૈસા મારા ને આ બાયડી મારી. કહે છે કે જે ચીજ પર છે, જે ચીજ તારામાં નથી અને જે ચીજ તારી થઈને રહી નથી એ ચીજ મારી એમ માનવું એ મહામિથ્યાત્વ ને પાખંડ, અનંત સંસારમાં રઝળવાનું બીજડું છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! ભારે વાતું ભાઈ આવી.

આવો ધર્મ કઈ જાતનો? વીતરાગી ધર્મ છે આ. તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમણે કહેલું (છે અને તે) જ્ઞાનના ન્યાયમાં બેસી શકે એવું છે. એમને એમ ન બેસે એવું છે નહીં. કહે છે કે શરીર, વાણી, મન, પૈસો, સ્ત્રી, કુટુંબ, દેશ એ તો એના થઈને એનામાં રહ્યા છે. તારા થઈને તારામાં આવ્યા નથી. છતાં એને મારા માનવા.. આહાહા! એ ચોર છે મોટો, મોટો મિથ્યાદૃષ્ટિ છે, ઊંધી માન્યતા છે. જે એનામાં નથી એને મારા માન્યા અને જે એનામાં છે એને

માન્યા નથી. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા એમાં આ શરીર, વાણી, મન તો નથી, કર્મ ને પરવસ્તુ નથી, પણ ખરેખર તો પુણ્ય ને પાપના વિકલ્પો–વિકારની જે વૃત્તિઓ ઉઠે છે એ પણ આસ્રવ ને દુઃખદાયક છે, એ વસ્તુમાં નથી. ઊભી નવી કરે છે અજ્ઞાની. હવે એની સ્થિતિ—ત્રિકાળમાં વર્તમાનદશા જે થઈ એ પણ એનામાં–ત્રિકાળમાં નથી. આહાહા!

શું કહ્યું એ? કે એની ત્રિકાળી ચીજ છે, વસ્તુ અનાદિ-અનંત છે, આત્મા છે એ તો અનાદિનો છે. નવો થાય છે? નવી ચીજ થાય? અને છે એનો નાશ થાય? છે તો ત્રિકાળ છે. એ ત્રિકાળી જે ચીજ આદિ-અંત વિનાની સત્તા એનામાં–ત્રિકાળીમાં આ વસ્તુ તો નથી, પણ એનામાં પુણ્ય-પાપની વૃત્તિઓ પણ એના ત્રિકાળીમાં નથી. એ તો નથી, પણ વર્તમાનદશા જે રાગને જાણવાનો ક્ષયોપશમ–જ્ઞાનની દશા–વર્તમાન પ્રગટ અંશ એ પણ ત્રિકાળીમાં નથી. આ આવ્યું છે બધું. શું થાય? બસંતીલાલજી! ક્યા હૈ? દેખો! ઐસા ભાવ હૈ. આકરું કામ છે જગતનું ભાઈ! (શ્રોતા : આ સમજવું જોઈશે?) આ સમજ્યા વિના સુખી નહીં થાય. મરી જાય છે દુઃખી થઈને ચોરાશીના અવતારમાં.

આંખ્યું મીંચીને જાગે ત્યારે... ચોરાશીના વંટોળિયામાં, તણખલું જેમ ઉડીને ક્યાંક પડશે, એમ જેને આત્મા શું ચીજ છે એનું સમ્યગ્દર્શન નથી, એનું જ્ઞાન નથી ને આ બધી બહારની પડ માંડી, એ બધા રખડતા વંટોળિયાના તણખલા ક્યાંય જઈને પડશે ને રખડશે ચાર ગતિમાં. સમજાણું કાંઈ? ન્યાં કોઈ સગો નથી, ન્યાં મા-બાપ નથી બેઠા કે આવ અહીં. (શ્રોતા : આપ તો છો). હુંય નહીં, એમ કહે છે અહીં તો. શેઠ! તારામાં તારી પર્યાયેય નહીં એમ કહે છે અહીં તો. આહાહા! ગજબ વાત છે! આ કારણદૃષ્ટિની વાત ચાલે છેને. ભગવાન! શાંતિથી સમજવા જેવું છે. પ્રભુ! રખડી મર્યો અનાદિથી હોં. દુઃખી.. દુઃખી.. બિચારા. અબજોપતિ દુઃખી, કરોડોપતિ દુઃખી, લાખોપતિ દુઃખી, રાજા દુઃખી—બધા દુઃખના વર્ગમાં પડ્યા છે. એનો વર્ગ દુઃખનો છે શેઠ! એ તો મૂર્ખા ગાંડા તો ગમે એ કહે. કીધુંને, આ હમણાં ગયા હતાને પોર જયપુર. ત્યાં આપણા દુર્લભજી ઝવેરી છેને અબજપતિ.. અબજોપતિ. એક અબજ. બે અબજ કહે છે લોકો, પણ એક અબજ–સો કરોડ તો છે. સ્થાનકવાસી છે મોરબીના. પણ અમારા પર તો પ્રેમ બધાને હતોને અમે (સંપ્રદાયમાં) હતા ત્યારે. એ બધો પ્રેમ તો રહી ગયો છે ઘણાને અંદરમાં. એટલે આવ્યા હતા બિચારા બધા. નાનો એક વનેચંદભાઈ એનો છોકરો છે. આવ્યા હતા.

મહારાજ! અમારે ત્યાં પગલા કરશો? ભઈ, અમારે કાંઈ એમ નહીં કે સ્થાનકવાસી છે કે ફલાણા છે. એમાં કાંઈ...? ગમે તે હોય નહીં. ૩૦-૪૦ કરોડ એની પાસે છે. એક મોટો ભાઈ છે છેલશંકર. એની પાસે ૫૦-૬૦ કરોડ, અબજ રૂપિયા છે. બધા વ્યાખ્યાનમાં આવે. એકાદ વાત આવ્યા. ન્યાં ગયા, કાંઈક સંભળાવો મહારાજ! કીધું, અહીં શું સંભળાવીએ? આવોને, વ્યાખ્યાનમાં આવો તો સંભળાવીએ. અહીં શું સંભળાવીએ તમારા ઘરે? કીધું, બાપા! દુઃખી છો

બધાય. આહાહા! ૧૮ વર્ષે છોકરો આવ્યો હશે એને એટલે એમ કે મહારાજના દર્શન કરે. એવી છાપ છેને અહીંની કે મહારાજના પગલા થાય, મહારાજના આશીર્વાદ મળે તો આપણું બધું ઠીક થાય. મેં કીધું, આ દુઃખ છે બધા, હોળી છે બધી. આ તમારા પચ્ચીસ કરોડ ને પચાસ કરોડ. આહાહા! સમજાણું કાંઈ? એમાં કાંઈ નથી. આત્મા છે એમાં આનંદ છે એની એને ખબર નથી. જ્યાં નથી ત્યાં માને. મૂર્ખાઈના પાર છે? સમજાણું કાંઈ? આહાહા! વાત તો એવી છે ભાઈ!

કહે છે કે એ આત્મામાં... આ વસ્તુ ત્રિકાળી છે. દર્શનોપયોગ–દેખવાનો વેપાર એવી શક્તિ એનામાં ત્રિકાળ છે. કહો, સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન થવાનું કારણ એવી સ્વરૂપશ્રદ્ધા એ તારામાં કાયમ પડી છે, ત્રિકાળ પડી છે. સમજાણું કાંઈ? આહા! **સદા પાવનરૂપ** છે. પાવન એટલે પવિત્ર છે. **અને ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોને અગોચર** છે. આ વળી પાછું એથી ઝીણું આવ્યું. શું કહે છે? અંતરસ્વરૂપ જે છે દર્શન-જ્ઞાન ઉપયોગ, સ્વરૂપ-શ્રદ્ધા ત્રિકાળ સ્વભાવ, એ પોતાની નિત્ય ચીજ એ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપના ભાવથી ગમ્ય નથી (અર્થાત્) એનાથી પ્રાપ્ત નથી. સમજાણું કાંઈ? ઔદયિકભાવ લીધોને પહેલો? ચાર વિભાવ... ઔદયિકાદિ... ઉદય એટલે પુણ્ય ને પાપના ભાવ, આ દયા, દાન, વ્રત, પૂજા, કામ, ક્રોધ આદિ ભાવ એ બધાને ઔદયિકભાવ કહેવામાં આવે છે. કેમકે એ વસ્તુમાં નથી અને નવા વિકારીભાવ થયા એને ઉદયભાવ કહેવામાં આવે છે. એ ઉદયભાવને ગમ્ય આત્મદૃષ્ટિ નથી. આહાહા! ભારે આકરું છે. સમજાણું કાંઈ?

એ વસ્તુનો જે સ્વભાવ આનંદ અને કારણ-ઉપયોગ ને કારણદૃષ્ટિ એ રાગને ગમ્ય નથી—રાગથી જણાય એવું નથી. આહાહા! સુખનો પંથ અંદરમાં છે એ રાગથી જણાય એવો માર્ગ નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ઔદયિકાદિ ચાર કીધા છેને? ઉદય પછી ઔપશમ. એક ઔપશમભાવ થાય છે ધર્મનો. એ ઉપશમભાવ થાય એને આશ્રયે પણ આ વસ્તુ ગમ્ય નથી. એક સમયની નિર્મળદશા–ધર્મદશા, એ ધર્મદશાના આશ્રયે પણ એ ચીજ ગમ્ય નથી. આહાહા! એય! આ શું આવ્યું? આ આવ્યું... બીજું શું આવે? કુવામાં હોય અવેડામાં આવે. માલ હોય એ આવે બહાર. આહા! બાપુ! માર્ગ તો આ છે ભાઈ! તને તારી ખબર નથી ભગવાન! તને તારી કરુણા નથી હોં. મારી નાખ્યો એને બિચારાને. સમજાણું કાંઈ? પુણ્ય ને પાપના ભાવ મારા અને આ બધું મારું—એમ માનીને આત્મા આવો ત્રિકાળી એનો એણે અનાદર કર્યો એટલે મારી નાખ્યો એને. એણે હિંસા કરી છે પોતાની. (શ્રોતાઃ ક્યારે?) અત્યારે. ક્યારે વળી શાની વાત છે? એ તો વકીલ છેને. સ્પષ્ટીકરણ કરાવે છે. ન્યાલભાઈ! શું કીધું?

(શ્રોતાઃ હિંસા કેટલી વાર કરી?) અનંતવાર કરી. અનંતવાર અત્યારે કરે છે એ. ચાલુ છે. શરીર મારું, આ પૈસા(ને કારણે) અમે સ્વર્ગમાં સુખી છીએ. મૂઢ છે મોટા. સમજાણું કાંઈ?

એય! અહીં શું હોય દેશમાં? ન્યાં સ્વીત્ઝરલેન્ડમાં બંગલા.. ઓલા શું કહવાય તમારા ઓલા? બગીચા. સ્વર્ગ જેવું સુખ છે. ધૂળ છે, નરકના દુઃખ છે, સાંભળને હવે! સમજાણું કાંઈ? સાધારણ ઝૂપડાંમાં રહે માણસ કે સાધારણ ઘર હોય એમાં રહેતા હોય. હું તો દુઃખી છું બાપા! અમે સુખી છીએ. સાંભળને! એ કરતાં તું દુઃખના દરિયામાં ગરી ગયો છે, સાંભળ! એય! ખડના શું કહેવાય? શું આપણે બીજું કહે છે? કૂબો.. કુબો. ખડના કૂબામાં પણ જો ધર્મી હોય, ગરીબ હોય, રોટલો ન મળતો હોય, માંડ માંડ ખાતો હોય, છતાં જેને આત્મા આનંદનો ધામ છે એવી અંતરદૃષ્ટિ થઈ છે એ સુખી ત્યાં છે. અને આ ચાલીસ લાખનો બંગલો મોટો.. એય! છેને આના ભાઈને ગોવામાં? શાંતિલાલ ખુશાલ. બે અબજ રૂપિયા ને ચાલીસ કરોડ. બે અબજ ને ચાલીસ કરોડ છે. આ શાંતિલાલ ખુશાલ, નહીં? આપણા પ્રેમચંદભાઈ રાણપરના એના મામાના દીકરા. ચાલીસ લાખનો બંગલો. ધૂળમાંય નથી, સાંભળને હવે!

એ બંગલા તો જડના છે. સમજાણું કાંઈ? એમાં રહ્યા એ દુઃખી છે અને ખડના ઓલામાં–ઝૂપડામાં–કૂબામાં રહ્યો હોય, હરિજન હોય, ઢેઢ હોય. આહાહા! અરે! એ તો નહીં, પણ સાતમી નરકનો નારકી છે. સાત નરક છે. દરેકમાં અનંતવાર જઈ આવ્યો છે. મિથ્યાત્વભાવ છે ત્યાં સુધી અનંતા ભવ હજી એમાં કરશે એવી એનામાં તાકાત છે. સમજાણું કાંઈ? એ સાતમી નરકનો નારકી સમકિતી છે ત્યાં. આહાહા! રવરવ અપરિઠાણા નરક છે. બધું સિદ્ધ ન કરીએ હોં. એ યુક્તિથી લોજીકથી બધું સિદ્ધ થઈ શકે છે. એમને એમ માનવાની એ વાત નથી. સમજાણું કાંઇ? ભગવાને જે કહ્યું એ યુક્તિ લોજીક–તર્કથી સિદ્ધ થઈ શકે છે. એ સાતમી નરકનો નારકીને ખાવાનો દાણો નથી, પીવાને પાણીનું બિંદુ નથી, સૂવાને લૂગડું નથી, રહેવાને ઘર નથી અને શરીરમાં સોળ રોગ. પણ એ જીવે અંતરમાં આ પ્રભુ આત્મા આનંદસ્વરૂપ છે એવી અંતરદૃષ્ટિ કરી અને મિથ્યાત્વનો જેણે નાશ કર્યો છે એવો સાતમી નરકનો નારકી સમકિતી સુખી છે.

જગતની સુખ-દુઃખની વ્યાખ્યા જુદી છે ને જ્ઞાનીની વ્યાખ્યા જુદી છે. સમજાણું કાંઈ? સાતમી નરકનો નારકી સુખી છે. અને ૯૬ હજાર સ્ત્રી રાણીઓ જેને હોય, ૯૬ કરોડ પાયદળ... બ્રહ્મદત્ત ચક્રવર્તી, સમજાણું કાંઈ? એ દુઃખી છે. આહાહા! હીરાના શું કહેવાય તમારા? ઢોલિયા–પલંગ.. પલંગ. ઢોલિયા હીરાના હોય. એક-એક હીરાની કિંમત કરોડોની હોય. એ સૂતો બ્રહ્મદત્ત. એ મરીને ગયો સાતમી નરકે ગયો. આવી સાહ્યબી. સમજાણું કાંઈ? આહાહા! ગજબ વાત છે ભાઈ! તારી ઊંધાઈની તને ખબર નથી, તારી સવળાઈની પણ તને ખબર નથી. આહાહા! એ કહ્યું હતુંને ભાઈ હમણાં. એ ૭૦૦ વર્ષનું ચક્રવર્તીનું.... હમણાં કહ્યું હતું. ક્યાંક છે, ચોપડીમાં ક્યાંક લખેલું છે. ક્યાંક લખેલું છે. લ્યો, એમાં જ છે. આ જ છે. હમણાં લખી લીધું હતું. ઓલું યાદ ન રહેને.

એ બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતસો વર્ષ રહ્યો. ૯૬ હજાર સ્ત્રીઓ, ૯૬ કરોડ પાયદળ, ૪૮ હજાર નગર, ૭૨ હજાર પાટણ, ૯૬ કરોડ હળનો સ્વામી—એવી સામગ્રી. ૭૦૦ વર્ષ. એના (જેટલા) શ્વાસ થાયને સાતસો વર્ષના શ્વાસ, એ એક-એક શ્વાસ (સામે) એના ફળ તરીકે ૧૧ લાખ ૫૬ હજાર ૯૨૫ પલ્યોપમનું દુઃખ ભોગવે છે અત્યારે. એ સાતમી નરકનું ૩૩ સાગરનું દુઃખ (ભોગવે છે). એક શ્વાસ અહીંયા સુખ માન્યું. માન્યું, હતું તો ક્યાં ધૂળમાંય તે? એક શ્વાસ. હજીરા–દેવોએ બનાવેલા બંગલાઓમાં પડ્યો હતો. એણે કલ્પનાનું સુખ માન્યું હતું એના ફળમાં–એક શ્વાસના ફળમાં ૧૧ લાખ ૫૬ હજાર ૯૨૫ પલ્યોપમનું દુઃખ છે ત્યાં. એક શ્વાસના ઓલામાં. એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવા ૧૧ લાખ પલ્યોપમ, ૫૬ હજાર પલ્યોપમ, ૯૨૫ પલ્યોપમ. આ આંકડો હમણા લખી લીધો. યાદ નથી રહેતો.

થોડા દિ' પહેલા એક ભાઈ હતાને. ઓલો છોકરો નહોતો? આંકડો બહુ આવડતો. કચ્છી. બિપીન? શું નામ એનું? બિપીન. એને આંકડો બહુ આવડતો. હા, આમ માળો હુશિયાર હતો. કહો, સમજાણું કાંઈ? આ આંકડા મેં કીધા, તરત માળો બોલ્યો. ૧૪ વર્ષની ઉંમર હોં. તરત બોલ્યો, તમે આમ કીધું હતું. એક શ્વાસ એમાં જે માનેલું સુખ. એ સુખ નથી. એ પૈસામાં બાયડીમાં, બંગલા–હજીરામાં... આહાહા! એમાં એ પચ્ચીસ-પચાસ લાખનો બંગલો હોય, બાગ હોય, ચારેકોર મહેંદીના ઝાડ, ફૂલઝાડ, એમાં સાંજના પાંચ વાગ્યે ખુરશીમાં બેઠા હોય પાંચ-સાત બધા મિત્રો થઈને, એમાં વળી મૈસૂબ, પતરવેલિયા મૂક્યા હોય. ચક્રવર્તીના સુખ હોય એમ માને. એય શેઠ! આ શેઠને સાગરમાં રહેવાનો આઠ લાખનો બંગલો છે આરસપહાણનો. કેટલું સુખ હશે શેઠ? આ બેય ભાઈયું બેઠા. (શ્રોતાઃ એ મૂકીને આવ્યા એટલું સુખ છે). આહાહા!

ભગવાન! તને ખબર નથી હોં. અરે! તું ક્યાં છો અને કેટલે જાય છો તને ખબર નથી ભાઈ! આહાહા! ૧૧ લાખ ૫૬ હજાર ૯૨૫ પલ્યોપમ. ભાઈ! કોને કહેવું? એ તો કો'કે ગણ્યા હશે. મેં કીધું, આપણને કાંઈ ગણતાં આવડતું નથી. કો'કે ગણ્યા હશે. ૭૦૦ વર્ષ બ્રહ્મદત્ત રહ્યો, એને ૩૩ સાગરનું નરકનું આયુષ્ય આવ્યું અત્યારે ભોગવવાનું, તો એની ગણતરી કેટલી હશે? કોકે કરી હતી, કોણે કરી ખબર નથી. એને ૧૧ લાખ, ૫૬ હજાર, ૯૨૫ પલ્યોપમનું એક શ્વાસનું દુઃખ છે. ગજબ વાત છે! એણે ઊંચું માથું કરીને જોયું નથી હોં. આહાહા! સમજાણું કાંઈ? ભગવાનભાઈ! એ ત્રણ આંકડા લખ્યા હમણાં. એનું કારણ છે કે અજ્ઞાન છે એટલે (બે)ભાનમાં એને ખબર નથી.

દાખલો નહોતો આપ્યો એક ફેરી આપણે ચુડાનો. ઓલો સર્પનો ભાઈ! ચૂડામાં કુંવરજીભાઈ કંદોઈ હતા. ........ હા, કંદોઈ. પછી આમ ભજીયા કે ગાંઠીયા તળતા હશે. એનો

ધુમાડો લાગ્યો. ઉપર સર્પ નીકળેલો, એમાં ધુમાડો લાગ્યો ને સર્પ પડ્યો. ગાંઠીયા તળતા હતા ન્યાં તેલ ધગધગતું હતું. અડધો ન્યાં ને અડધો બહાર. આ લોકો તો બિચારા વાણિયા ત્રાસ આહા.. જેવો તાવેથાથી આમ બહાર કાઢ્યો. અડધો પડ્યો હતો. હવે એને થયું કેવી રીતે આમાંથી નીકળું. ભાન ન રહ્યું એટલે અડધો બહાર કાઢ્યો, કાઢ્યા ભેગો ચૂલામાં ગરી ગયો. ચૂલામાં ગરી ગયો. રાખ. અને વાણિયા બિચારાને ત્રાસ.. ત્રાસ.. અરર! એમ દુઃખમાં તો છે પ્રાણી, પણ ભાન વિનાનો પાછો દુઃખની ચૂલમાં ગરી જાય છે એની એને ખબર નથી. એ મનસુખ! આમ હશે? આહાહા! અરે ભગવાન! શું કરે છે તું આ? ક્યાં કરે છો, એના ફળ શું છે એની તને ખબર નથી. આહાહા! ભાઈ! તને તેના ખ્યાલેય નથી, એ વિના તું જઈશ ક્યાં? સમજાણું કાંઈ?

પછી બીજો આંકડો એ લખ્યો હતો ભાઈ! આ શરીર છેને શરીર એમાં રોગ કેટલા? એ ન્યાલભાઈ! સાંભળ્યા નહીં હોય કોઈ દિ' ત્યાં. રૂપિયા–ધૂળ આડે ક્યાં સાંભળે? ૫ કરોડ ૬૮ લાખ ૯૦ હજાર ૫૮૪ રોગ એક શરીરમાં છે. ભગવાને કહ્યા છે. પાંચ કરોડ રૂપિયા નથી એની પાસે, પણ આટલા રોગ છે એની પાસે. લ્યો, આંકડો છે હોં આમાં ન્યાલભાઈ! વાંચો. પહેલા લખેલા છે. બે-ચાર થોડા લખ્યા છે. પહેલો આંકડો પલ્યોપમનો હતો, બીજો આંકડો એ લખ્યો હતો. ૫,૬૮,૯૦,૫૮૪ એટલા તો રોગ છે એક શરીરમાં. એ શેઠ! ભાન ક્યાં છે એને? આ તો સુખની મૂર્તિ છે. આને ચૂંથું આને કાંઈક. ધૂળેય નથી માળા, સાંભળને! આંકડા.. આંકડાની...

અને ત્રીજો આંકડો તો ઓલો લખ્યો હતો. એક ચંદ્ર-સૂર્યની સાથે કેટલા તારા છે? ૬૬ હજાર ૯૭૫ ક્રોડાક્રોડી તારા છે. એ ચંદ્ર-સૂર્ય છે એની સાથે તારા દેખાય છેને. એ તારાની સંખ્યા એક ચંદ્રની સાથે ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી. આંકડો યાદ રહેવો મુશ્કેલ છે, છતાં છે. આ રોગ આટલા યાદ રહેવા (મુશ્કેલ), છતાં રોગ એમાં છે એટલા, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? 'સમજાણું કાંઈ' કહેવાય છેને? બધું સમજાય તો ન્યાલ થઈ જાય. 'કાંઈ' કહેવાય છે. આહાહા! માળો એવો પણ પાગલ છેને.

કહે છે કે એ ઉદયને ગમ્ય નથી. આહાહા! ઉપશમભાવ થાય એને આશ્રયે એ ગમ્ય નથી. ધર્મની પર્યાય થાય એનો આશ્રય કરવા જાય તો આ ચીજ ગમ્ય ન આવે. આહાહા! એ અગોચર છે. ચાર ભાવને અગમ્ય છે. છેને? એ અગોચર છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક ચાર પર્યાય(રૂપ) ભાવ છે. એક વિકારી ને ત્રણ અવિકારી. એનો આશ્રય કરતા પણ આ કારણશ્રદ્ધા ને કારણ-ઉપયોગ એ દૃષ્ટિમાં એની સત્તાનો સ્વીકાર થઈ શકતો નથી. આહાહા! બહુ કામ આવું છે, શેઠ! આ તો બધા પહોળા રહ્યા... હું પહોળો ને શેરી સાંકડી. બે-પાંચ દસ કરોડ થાય, શરીર રૂપાળું હોય, છોકરા સારા હોય. એય પોપટભાઈ! પોપટભાઈને છ છોકરા મોટા. ઓળખો તમે ભાઈ? આ પોપટભાઈને નહીં ઓળખતા હો. ત્યાં

લાદીનું થાણામાં મોટું પંદર લાખનું નાખ્યું છે. ના, ના, રીખવચંદભાઈ ઓળખે છે. થાણામાં છે મોટું પંદર લાખનું ઓલું પત્થરનું. પૂનામાં છે, ઘણા છે. ધૂળમાંય નથી. જેના છે એના છે. આના કે દિ' હતા?

**એવો સહજ-પરમપારિણામિકભાવરૂપ...** આહાહા! મારી નિધિ–આત્માની તારી નિધિ શું છે? એમ કહે છે. ભગવાન તારી નિધિમાં તો એ કારણવેપાર દર્શનનો, જ્ઞાનનો, આનંદનો અથવા શ્રદ્ધાનો એવો ત્રિકાળીભાવ એ સહજ પરમપારિણામિકભાવરૂપ **જેનો સ્વભાવ છે.** આહાહા! જેને વર્તમાન પર્યાયની પણ અપેક્ષા નથી. અવસ્થા છે એની અપેક્ષા નથી એવો એ ભાવ છે. શું સમજવું આમાં? સમજાણું કાંઈ? તારું ત્રિકાળી તત્ત્વ છે. તું ત્રિકાળી છો કે નહીં? કે નવો છો? આહાહા! **સહજ પરમપારિણામિકભાવરૂપ જેનો સ્વભાવ છે**... જેનો એટલે એનો. એનો એટલે અંદર આત્મામાં ત્રિકાળી દર્શનોપયોગ, ત્રિકાળી જ્ઞાનોપયોગ અને ત્રિકાળી સ્વરૂપશ્રદ્ધામાત્ર એ પરમસ્વભાવભાવે રહેલો છે. એ પર્યાયમાં પણ નથી એમ કહે છે. આહાહા! આવું છે ભાઈ! અરે! જેની હજી ખબરું નથી, એ એનો વેપાર ક્યારે કરે અંદરમાં અને ક્યારે સુખને પંથે જાય? આહાહા!

**જે કારણસમયસારસ્વરૂપ છે...** બધા શબ્દ ગ્રીક-લેટિન જેવા લાગે અજાણ્યાને. જેને પગલે ચઢ્યો નથી, પગથિયે આવ્યો નથી. સમજાણું કાંઈ? જે ભગવાન આત્મા એની શક્તિનો સ્વભાવ શ્રદ્ધા, જ્ઞાન ને દર્શન એ શું છે? કહે છે કે એ કારણસમયસારસ્વરૂપ છે. જેને સુખ જોઈતું હોય એ એમાંથી પ્રાપ્ત થાય એવું છે. સુખનું કારણ એ ત્રિકાળી સ્વભાવ છે. શાંતિ ને સુખનું કારણ એ ત્રિકાળી સ્વભાવ છે. સુખનું કારણ કોઈ બહારની ચીજ છે નહીં. આહાહા! ભારે વાત સાંભળવી મુશ્કેલ પડે. ઓલો બિચારો કહેતો હતો. મહારાજ! આવું કોઈ અમને સંભળાવતું નથી હોં. ઓલા દલીચંદભાઈના છોકરા આવ્યા હતાને ત્રણ. એકનો વીસ હજારનો પગાર. માસિક વીસ હજાર પગાર અમેરિકામાં છે. ત્રણેય આવ્યા હતા. એકને આઠ હજારનો પગાર ન્યાં મુંબઈ, એકને છ હજારનો માસિક.

એ આઠ હજારનો પગારવાળો સાંભળીને બિચારો કહેતો હતો, મહારાજ! આવું જુવાન શરીર, આટલી પેદાશ, પણ અમને કાંઈ આવી વાતું સંભળાવતા નથી. એ દલીચંદભાઈ..... એ ગુજરી ગયા. એનો નાનો એને મહિનાનો ૨૪૦૦ ડોલરનો પગાર છે. મહિનાનો ૨૪૦૦ ડોલર. (એક ડોલરના) એટલે સાડા સાત રૂપિયા. કાળાબજારમાં પંદર (આવે). એ કહેતા હતા. આપણને ક્યાં ખબર હોય. એના એ વાત કરે તે સાંભળી હોય. આહાહા! વાત કરી હોય એ સાંભળી હોય. આપણે ક્યાં ન્યાં ગયા છીએ? ... બિચારો બોલતો હતો વચલો જયંતિ. મહારાજ! આવી વાત કોઈ કહેતું નથી હોં અમને. પાછા મોળા શી રીતે પડીએ? શીંગડા ભરાવીને ચાલ્યા જઈએ. કુંવરજીભાઈ!

બધા માખણ ચોપડે શેઠિયાને. આ પૈસાવાળા, તમે બહુ આવું કર્યું, ધૂળ કરી. સાંભળને! હવે શું કર્યું તેં. એય! એ ન્યાલભાઈ! ન્યાલભાઈ કહેતા હતા, ભાઈ! પૈસાવાળા હોય તો સામું જોવે, નહીંતર કોઈ જોતું હશે? સામું જોવા માટે પૈસા ભેગા કરવા છે. ધૂળેય નથી. ઓલા ગાંડા એની સામું જોવે. સમજાણું કાંઈ? એ શેઠ! વાત સાચી. આ બુંદેલખંડના બાદશાહ–રાજા કહેવાય બેય. ધૂળમાંય નથી. સખ નથી કાંઈ જુઓ! આમ... આમ કરે.. હાય.. હાય! આહા! ભગવાન! તને ખબર નથી. બાપુ! સુખના પંથ ક્યાંથી શરૂ થાય એ તને ખબર નથી. ભાઈ! તું દુઃખના પંથે દોરાઈને દરિયામાં પડ્યો છો ભાઈ! આહા! કહે છે કે એ દુઃખથી બચવું હોય તો, અંતરમાં શ્રદ્ધા, જ્ઞાન, ને દર્શન ને આનંદ એવો ત્રિકાળી સ્વભાવ એને આશ્રયે સુખ થાય એવું છે. એ સિવાય બીજો કોઈ સુખનો રસ્તો ત્રણ કાળમાં ભગવાને ભાળ્યો નથી. અને છે નહીં તો ભાળે શું? હોય એમ ભાળેને. આહાહા! સમજાણું કાંઈ?

એ ત્રિકાળી **કારણસમયસારસ્વરૂપ છે**... ભાષા બધી નવી છે. ન્યાલભાઈને નવી લાગે. બધા માખણ ચોપડે ચારેકોરથી. એય! (શ્રોતાઃ કામ હોય તો માખણ ચોપડવું જ પડેને.) કામ પાપના હોય. શું ન્યાં છે? આહાહા! **નિરાવરણ જેનો સ્વભાવ છે...** શું કહે છે? અંદર ભગવાન આત્મામાં જ્ઞાન ને દર્શન ને શ્રદ્ધા સ્વભાવ જે છે એને આવરણ નથી. ત્રિકાળી સ્વભાવને આવરણ હોય નહીં. આહાહા! સમજાણું કાંઈ? **જે નિજ સ્વભાવસત્તામાત્ર છે...** આહાહા! જે નિજ સ્વભાવ જાણવું, દેખવું, શ્રદ્ધવું ત્રિકાળ.. **નિજ સ્વભાવસત્તા**... સ્વભાવ હોવાપણાની સત્તામાત્ર એ ચીજ છે. આહાહા! ભારે ભાઈ આવું. હજી તો પાપના પરિણામથી નિવૃત્તિ લઈને પુણ્યના ઠેકાણા નથી, એને આ ધર્મની વાતું કરવી. એ પોપટભાઈ! બાપુ! આ વિના તારા આરા નથી હોં. મરી જાય તો દુઃખી થઈને રખડી મરીશ. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે નિજસ્વભાવ વસ્તુ છે આત્મા અસ્તિ, એનો જ્ઞાન, દર્શન ને આનંદ ને શ્રદ્ધા એ નિજસ્વભાવસત્તા—નિજસ્વભાવના હોવામાત્ર એ ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ? કહેવું ઝીણું, આકરું અને વળી (કહેવું) સમજાણું કાંઈ. સમજાણું કાંઈ એમ કહેવું પાછું. ઝાઝામાં શું હોય? ...ને ધૂળ છે બધી. આ તો કહે દયા, દાન ને વ્રતના પરિણામ પણ અનંતવાર તેં કર્યા. એમાં કાંઈ માલ છે નહીં. આહાહા! અરે! રાગની મંદતા કરીને જ્ઞાનના ક્ષયોપશમની અવસ્થા પણ અનંતવાર પ્રગટ કરી. આહાહા! એમાં કાંઈ માલ નથી. પ્રભુ! માલ તો અંદર પડ્યો છે. ગોદામ છે આત્મા. અનંત આનંદ ને અનંત દર્શન, જ્ઞાન ઉપયોગનું એ ગોદામ છે. કેમ બેસે? સમજાણું કાંઈ?

એ **નિજ સ્વભાવસત્તામાત્ર છે, જે પરમચૈતન્યસામાન્યસ્વરૂપ છે...** આત્મામાં સામાન્ય એકરૂપ દર્શન-જ્ઞાનનો ઉપયોગ અને શ્રદ્ધાભાવ એ પરમ ચૈતન્યનું સામાન્યસ્વરૂપ છે. વિશેષ અવસ્થા નહીં. એનું ત્રિકાળી સામાન્ય સદૃશ રહેવું એવું એનું સ્વરૂપ છે. એક બોલ જ્યાં નક્કી કરે ત્યાં બીજો બોલ બીજો આવે, પછી ત્રીજો ત્રીજો આવે. અભ્યાસ નથી.. અભ્યાસ નથી. ઊંડો અભ્યાસ ઊંધો. ઊંડો અભ્યાસ ઊંધો. આનો ઉપરનોય અભ્યાસ ન મળે. ઊંડો તો ક્યાંય રહી

ગયો હજી. સમજાણું કાંઈ? આહાહા! આંખ્યું મીંચી, જાશે ચોરાશીના અવતારમાં. કોઈ ત્યાં એનો ધણીધોરી નહીં. આહાહા! બાપુ! તારો ધણીધોરી તો અંદર પડ્યો છે કહે છે. એની શ્રદ્ધા ને એને શરણે જા, તને સુખ થાશે. બાકી ક્યાંય સુખ છે નહીં. સમજાણું કાંઈ?

જે પરમ... આવી તો વાત બહુ સારી આવી છે હોં. ઠીક આવી છે. લ્યો, આ તમારું ... છે. (શ્રોતાઃ બુદ્ધિવાળા હુશિયાર...) કોણ? કોણ કહે છે? કોની બુદ્ધિ? રખડવાની બુદ્ધિમાં હુશિયાર છે. બુદ્ધિમાં હોં, રળવા-બળવાનું કરી શકે નહીં કાંઈ હરામ. હુશિયાર થાય માટે રળી શકે, હુશિયાર ન હોય એ રળી શકે નહીં—એમ હશે? માને છેને. થોડા રૂપિયા લઈ સ્વીત્ઝરલેન્ડ ગયા હતા. બાપે ધક્કો આપ્યો હતો ઘરેથી. ભાઈને–પૂનમચંદને ધક્કો આપ્યો હતો. ખબર છે. કાંઈ આડુંઅવળું કરે ને કાંઈ ઘર્ષણ કરે તો શું કરવું? કે જાઓ, નીકળી જાઓ. એવું સાંભળેલું છે આપણે. કોઈ કહે તો આપણને ખબર પડે. ના, નોખા નહીં. આ તો બીજી રીતે નોખા. ઓલું તો આડુંઅવળું કરે કાંઈ કરે ને પાછું બે-પાંચ લાખનું જાય, એના ઘરમાંથી બે-પાંચ લાખ વયા જાય તો શું કરવું? તારી જોખમેં તું (કર) એવું સાંભળ્યું હતું. કીધું હતુંને. એ તો સંસાર છે, એવો છે. આહાહા!

અહીં કહે છે કે તારું ઘર તો આ છે અંદર. આહાહા! પરમ ચૈતન્ય સામાન્યસ્વરૂપ તારી ચીજ છે અંદર. એક સમયની દશાથી પણ પાર એવી ચીજ અંદર પડી છે. સમજાણું કાંઈ? **જે અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ છે...** આહાહા! નાખ્યું આ ભેગું. કેવી ચીજ છે અંદરની? અકૃત્રિમ–નવું કરવું નથી જેમાં. પરમ સ્વસ્વરૂપમાં.. પોતાનું સ્વરૂપ જે ત્રિકાળ ધ્રુવ એમાં અવિચળ સ્થિતિ—ચળે નહીં એવી સ્થિતિમય ત્રિકાળ શુદ્ધચારિત્ર-સ્વરૂપ છે. આહાહા! તારું ચારિત્ર બહારની ચારિત્રની પરિણતિ એ નહીં. અને પુણ્ય-પાપ પણ એ ચારિત્રથી વિપરીતદશાનો ભાવ છે. ચારિત્ર તો વીતરાગીદશા જે થાય એ ચારિત્રપર્યાય. એ પર્યાયનું મૂળ કારણ ત્રિકાળમાં શુદ્ધ અવિચળ ચારિત્રસ્વરૂપ પડ્યું છે તે. એના અવલંબે ચારિત્ર થાય. આહાહા! સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞપ્રભુ પરમાત્માના જ્ઞાનમાં આમ હતું, એ ઇન્દ્રો ને ગણધરોની સમક્ષ સભામાં પરમાત્મા આમ વર્ણન કરતા હતા. અર્ધલોકના સ્વામી દેવો એની પાસે હતા. એની પાસે અમે પણ સાંભળતા. વાત સાચી. કહો, સમજાણું કાંઈ? ઘરના ઉંદર છેને એટલે. કહો, સમજાણું કાંઈ? આહા!

કેવો છે? ઓલો ભાવ કીધોને? ભાઈ! દર્શન, જ્ઞાન ઉપયોગ ને શ્રદ્ધા, એ ભાવમાં પરમચૈતન્ય અકૃત્રિમ પરમ સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિમય શુદ્ધચારિત્ર પડ્યું છે અંદર. એટલે શુદ્ધ ત્રિકાળી વીતરાગભાવ તારામાં ભર્યો છે. પ્રગટ કરવો એ પર્યાયની વાત છે, પણ ત્રિકાળ વીતરાગભાવ પડ્યો જ છે. આહાહા! સમજાય છે કાંઈ? જિનબિંબ છે આત્મા. આહા! આવડો મોટો મળે કેમ? એક પાઈમાં વેચાઈ જાય. એક બીડી-સીગરેટ સરખી પીવે ત્યાં આમ થઈ જાય આહા.. ત્રણ બીડી-સીગરેટ પીવે ત્યાં પાયખાને જાય, દિશા ઉતરે. આવા માળા લખણ. સમજાણું કાંઈ? પાયખાનામાં જાયને સવારમાં. એવી ટેવ પડી ગઈ (હોય કે) સીગરેટ બે-ત્રણ

પીવે ત્યારે માંડ દિશા ઉતરે. આવા તો જેના અપલખણ, એને આવા લખણ સમજવા (કઠણ). આ સાદી ભાષા છે. એમાં બહુ ન સમજાય એવું નથી આવતું. ભલે ઊંડું છે, પણ સાદી ભાષા છે. આહાહા!

કહે છે, અરે ભગવાન! તારામાં જે દર્શનોપયોગ ત્રિકાળી અને ત્રિકાળી શ્રદ્ધાભાવ શક્તિરૂપ, એની સાથે શુદ્ધચારિત્રનું બિંબ પણ ત્રિકાળી પડ્યું છે તારામાં. ઉપયોગ જે શુદ્ધ ત્રિકાળી એમાં શુદ્ધચારિત્ર વીતરાગભાવ પડ્યો છે એમ કહે છે. આહાહા! ...શૈલી, કથનશૈલી સંતોની ગજબ શૈલી! દિગંબર મુનિઓ જેણે કેવળીના કાળજા પકડ્યા છે. આહાહા! ભાઈ! તું આવો છો તને ખબર નથી. તારી મોટપની તને ખબર નથી. તેં હીણો કરીને માન્યો, મોટપને મારી નાખી છે. સમજાણું કાંઈ? આહાહા! આવડો મોટો તું છો વસ્તુ. **જે નિત્ય-શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ છે...** ઓલા દર્શનની વ્યાખ્યા ચાલે છે એટલે ભેગું જ્ઞાન નાખ્યું. આહાહા! એ શુદ્ધોપયોગ ત્રિકાળી દર્શનોપયોગ ને શ્રદ્ધા કેવી છે?

કે **નિત્ય-શુદ્ધ- નિરંજનજ્ઞાનસ્વરૂપ છે**... અંજન વિનાનું ત્રિકાળી નિરાવરણ જ્ઞાનસ્વરૂપ સ્વભાવ તેમાં પડ્યો છે. આહાહા! એવી મહાસત્તાનો શ્રદ્ધામાં સ્વીકાર કરે ત્યારે તે સુખને પંથે છે, ત્યારે તે દુઃખના પંથનો નાશ એણે કર્યો છે. આમ વાત છે. સમજાણું કાંઈ? **અને જે સમસ્ત દુષ્ટ પાપોરૂપ વીર દુશ્મનોની સેનાની ધજાના નાશનું કારણ છે...** આહાહા! રાજા લડવા જાયને, એની ધજા પાડે કોઈ હેઠે, થઈ રહ્યું, એ હાર્યો કહેવાય. સમજાણું કાંઈ? તમારે થયું હતુંને ન્યાં રાણપર? કટક.. કટક સીમાડે. એમાં એનો રાજા ગયો હતો લડવા. કીધું કે ધજા મારી પડે તો હું હારી ગયો. એમાં કોકે મશ્કરી કરી અંદરથી. ધજા પાડી ત્યાં રાણીઓ ધડામ.. ધડામ.. કૂવામાં પડી. કૂવો છેને ત્યાં. ઉપર કૂવો છે રાણપર નદીને કાંઠે. એમ કે આપણો રાજા હાર્યો. હાર્યો નહોતો, કોઈકે માળે ધજા પાડી દીધી. અહીં તો સાચી ધજા પાડનારો આત્મા છે, એમ કહે છે. મિથ્યાત્વરૂપી પાપ–મહાપાપ, અધર્મ એવા સમસ્ત દુષ્ટ પાપરૂપ વીર... જેણે વીરતા અનાદિથી દુષ્ટ પાપે ફોરવી છે આત્મા ઉપર. આહાહા! એવા દુશ્મનો એની સેના, એની ધજાના નાશનું કારણ છે.

ભગવાન આત્મા અંતર દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ ને શુદ્ધચારિત્ર, સ્વભાવની સ્વરૂપશ્રદ્ધા—એનો આશ્રય લે તો એને મહાપાપ મિથ્યાત્વ 'આ મારા છે, રાગ મારા' એવું મહાપાપ એની સેનાનો નાશ કરે, આવા સ્વરૂપની શ્રદ્ધા કરનારો એને નાશ કરી નાખે છે. સમજાણું કાંઈ? આહાહા! **એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...** એવું સ્વરૂપ જે ત્રિકાળી, એની ત્રિકાળી શ્રદ્ધા હોં અંદર. એ ત્રિકાળી શક્તિ શ્રદ્ધાનમાત્ર છે. **(અર્થાત્ કારણદષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે).** એ કારણની વ્યાખ્યા કરી. જેમાંથી સુખ ને શાંતિનું કાર્ય આવે એ કારણ આ છે. હવે કાર્ય શું છે એની વાત કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ ૧૦, સોમવાર, તા. ૧૦-૧-૧૯૭૨**
**ગાથા - ૧૩, શ્લોક - ૨૩, પ્રવચન નં. ૨૧**

નિયમસાર, જીવ અધિકાર છે, ૧૩મી ગાથા. પહેલો પેરેગ્રાફ ચાલ્યો છે. એમાં પહેલામાં શું કહ્યું? કે આ આત્મા જે વસ્તુ છે ત્રિકાળી નિત્ય ધ્રુવ શુદ્ધ ચૈતન્યમૂર્તિ. ત્રિકાળ એનો સ્વભાવ દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ એવો ત્રિકાળ એનો સ્વભાવ છે. એ સ્વભાવમાં એક કારણદૃષ્ટિ એટલે શ્રદ્ધા પણ એક છે, શક્તિ ત્રિકાળ. આ શરીર, વાણી, મન પર છે, પુણ્ય-પાપ, દયા, વ્રત આદિના ભાવ એ પણ વિકાર, પર છે, એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. આહાહા! તેમ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસનાની લાગણી એ પાપવાસના છે. એ કાંઈ આત્માનો સ્વભાવ ને આત્મા નહીં. તેમ આત્માની એક સમયની વર્તમાન જે પ્રગટ જ્ઞાનની દશા છે એ આત્મા પૂરો આત્મા નહીં. આ વળી પૂરો ને અધૂરો આ શું? શેઠ! એક સમયની અવસ્થા જે છેને આ જાણવાની, દેખવાની... દયા, દાનના વિકલ્પ તો વિકાર છે એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી, એ કાંઈ આત્માને કલ્યાણનું કારણ નથી. ભારે આકરું ભાઈ! સમજાણું કાંઈ?

અહીંયા તો એક સમયની જે વર્તમાન દશા એ અવસ્થા પણ આખી ચીજ નથી. એ આખી ચીજ જે છે ત્રિકાળ એ તો દર્શનોપયોગ, જાણવું, શ્રદ્ધા, શુદ્ધચારિત્ર, સુખામૃત–અમૃત આનંદ એવા સ્વભાવભાવરૂપ ત્રિકાળભાવ છે, એનો આશ્રય કરે તો એને ધર્મ થાય. આમ વાત છે, ઝીણી વાત છે. સમજાણું કાંઈ? જ્યાં નિધાન છે અંતરમાં–અંતર સ્વભાવમાં અનંત આનંદ, અનંત વીતરાગતા, અનંત જ્ઞાનોપયોગ, અનંત દર્શનોપયોગ અને ત્રિકાળી શ્રદ્ધાસ્વભાવ એવો જે ચૈતન્ય સામાન્ય એકરૂપ સ્વભાવ... સામાન્ય શું ને એકરૂપ શું? આ તો ગ્રીક-લેટીન જેવું લાગે. વસ્તુની ખબર જ નથીને. અનંતકાળથી ચીજ શું છે એને જાણવાનો એણે પ્રયત્ન કર્યો નથી. પાપના પરિણામમાં રોકાણો, કાં પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાદિ શુભભાવ એ પુણ્ય છે, એ ધર્મ નથી, એમાં રોકાણો, કાં એક સમયની પ્રગટ દશા જે વ્યક્ત છે એ હું એટલો એમ માનીને રોકાણો. પણ એ સમ્યગ્દર્શન જે પ્રથમ ધર્મની દશા કોને આશ્રયે થાય, કેમાંથી થાય, કેમ થાય—એ વાત એણે અનંતકાળમાં લક્ષમાં લીધી નથી.

આમ તો અનંતવાર સાધુ થયો, હજારો રાણીને છોડીને નગ્ન મુનિ જંગલમાં વસે. એવો અનંતવાર જીવ થઈ ગયો છે, કાંઈ નવું નથી. આ નવું આ. ક્રિયાકાંડનો જે વિકલ્પ છે એમાંથી મને લાભ થાય છે એવી જે માન્યતા તે મિથ્યાદૃષ્ટિની છે. (શ્રોતાઃ એ માન્યતા પહેલા સુધારવી?) એ માન્યતા પહેલા સુધાર્યા વિના, શ્રદ્ધા સુધાર્યા વિના ચારિત્ર ને સમ્યગ્જ્ઞાન એમાં હોય નહીં. આહાહા! કહો, શેઠ! એ કહે છે અહીંયા. જરી ઝીણું તો છે ભાઈ! એણે અનંતકાળમાં પોતાની કાયમી અસલી ચીજ શું છે કે જેમાં અનંત આનંદ ને અનંત શાંતિ ને અનંત

વીતરાગતા પડી છે, એમાં બેહદ અનંત દેખવાની શક્તિ અને અનંત જ્ઞાનની શક્તિ એવું જે તત્ત્વ સામાન્ય એકરૂપ વસ્તુ એના ઉપર એણે અનંતકાળમાં નજર કરી નથી. અપની પણ એને ખબર નથી, અપની કૌન હૈ? સમજાણું કાંઈ? હા, ખબર નથી. શું કરે? સંપ્રદાયની શૈલીમાં એ વાત છે નહીં. એ વાત કે આમ કરો.. આ કરો.. આ કરો, આ કરવાથી આમ થાશે. એવું અનંતવાર કર્યું, પણ થયું નહીં કલ્યાણ.

શ્રોતા : ઐસા ઉપદેશ મિલા નહીં. એમાં અમારો શું વાંક છે? જેવો ઉપદેશ મળ્યો એવું કર્યું છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એવો ઉપદેશ પણ (મળ્યો છે). અનંતવાર ભગવાનના સમવસરણમાં ગયો હતો શેઠ! તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એના સમવસરણ... વર્તમાનમાં બિરાજે છે, ભગવાન સીમંધર પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં મોજૂદ છે. ત્યાં મહાવિદેહમાં પણ અનંતવાર જન્મ્યો છે જીવ અને સમવસરણમાં પણ અનંતવાર ગયો છે. પણ એણે, આત્મા અંદર શું ચીજ એને અડવા દીધી નથી. એ ક્રિયાકાંડ આ વ્રત પાળવા, આ અપવાસ કરવા, આ પૂજા કરવી ને આ જાત્રા કરવી—એ તો બધી વૃત્તિઓ–વિકલ્પની વાસના છે, પુણ્ય છે, એનું બંધન છે. બંધન રહિત થવાનો એ ઉપાય નથી. પુણ્યબંધ છેને લોકો. એ સોનાની બેડી છે. લોઢાની બેડી પાપની ને પુણ્યબંધના ભાવ એ સોનાની—બેય બેડી છે. આહાહા! ભગવાનજીભાઈ!

પ્રભુ! તું કોણ છો, પરમેશ્વર ત્રિલોકનાથ કહે છે. પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ એની વાણીમાં–દિવ્યધ્વનિ–ૐ ધ્વનિમાં આવ્યું.. ભગવાનને કાંઇ ઇચ્છા હતી નથી. એ તો વીતરાગ, સર્વજ્ઞ છે. પણ ઇચ્છા વિના ઓમ ધ્વનિ છૂટે છે એમાં આ આવ્યું છે. ભાઈ! તેં તારો આનંદસ્વભાવ બેહદ ચૈતન્ય... હમણાં આવશે એક કળશમાં. બહુ સરસ છે. છેલ્લો કળશ છે હોં. તારું સામાન્યસ્વરૂપ જે ધર્મના કાર્યનું કારણ છે એ કારણને તેં કોઈ દિ' દૃષ્ટિમાં, લક્ષમાં લીધું નથી. ચાર ગતિના ભવો કરી-કરી સોથા નીકળી ગયા, પણ એને સખ આવતું નથી અંદરમાં જવાનું. આમ ને આમ ભટકાભટક બહારમાં (કરે) છે. એ વસ્તુનું સ્વરૂપ જે ત્રિકાળ ધ્રુવ એ કારણ છે. કોનું? વર્તમાન ધર્મ ને કેવળજ્ઞાનના કાર્યનું એ કારણ છે. સમજાણું કાંઈ? અહીંયા આવ્યું છે ઠેઠ.

**એવા આત્માના ખરેખર સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ છે...** એ લીટી હતી પહેલા પેરેગ્રાફની. આ પુસ્તક નિયમસાર હશે ત્યાં? પડ્યું હશે, નહીં? પુસ્તક તો લઈ ગયા હતા કે નહીં? અરે બાપા! નથી લઈ ગયા? લે! પુસ્તક નથી કહે છે. આ તમારા બાપને ભરોસો નથી. નિયમસારનું કહું છું. આ નિયમસાર લઈ ગયા છો? સમયસાર નહીં, નિયમસાર. ધૂળની સંભાળ બહુ રાખે છેને જુઓને! અહીંથી અહીં ને અહીંથી અહીં. બધા મિંદડીના બચોળીયા,

મિંદડી બહુ ફેરવે. સાત ઠેકાણે. અહીં નાગનેશથી દીવ... શું કહેવાય? દીવ.. દીવ. શું કહેવાય? દમણ. અહીં તમારા નામેય આવડતા નથી. ઠેઠ દમણ, દમણથી સ્વીત્ઝરલેન્ડ, સ્વીત્ઝરલેન્ડથી મુંબઈ. મિંદડીના બચોળિયાની જેમ ધૂળને આમથી આમ ફેરવે ને ભાવ કરે હોં. વસ્તુ એને લઈને ન ફરે. (શ્રોતાઃ અમારે કેમ કરવું?) તમારે કરવો આ આત્માના સ્વભાવનો આશ્રય, સુખ જોઈતું હોય તો. ચાર ગતિના દુઃખના દંડથી મૂકાવું હોય તો આ વાત છે. કહો, શેઠ! આહાહા!

કહે છે, ભગવાન આત્મા... આ શરીર, વાણી મન, લક્ષ્મી એ તો પરવસ્તુ છે. એમાં તો આત્મા છે નહીં, એ આત્માનું કાર્ય નથી. આહાહા! પુણ્ય ને પાપના ભાવ થાય એ પણ કાંઈ આત્માનું ધર્મકાર્ય નથી. સમજાણું કાંઈ? એ બંધનનું કાર્ય છે. અને એક સમયની જે દશા છે પ્રગટ એ કાંઈ આત્માનું પૂર્ણ સ્વરૂપ નથી અને પૂર્ણ સ્વરૂપનો આશ્રય લીધા વિના એને ધર્મનું કાર્ય યથાર્થ-વ્યાજબી થાય નહીં. આહાહા! કહે છે કે એ સ્વરૂપશ્રદ્ધા—અંતર વસ્તુ સ્વરૂપ ત્રિકાળી શુદ્ધ આનંદઘન એની શ્રદ્ધા એમાં-આત્મામાં ત્રિકાળ પડી છે. એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ પ્રથમ ધર્મની પહેલી સીડી છે. કહો, સમજાણું કાંઈ?

'સ્વરૂપશ્રદ્ધાન' આવ્યુંને ભાઈ છેલ્લું? સ્વરૂપશ્રદ્ધાન એટલે શું? ત્રિકાળી જે જ્ઞાન, આનંદાદિ અંતરંગ સ્વરૂપ છે પૂર્ણ એની શ્રદ્ધા જે અંતરમાં પડી છે. સમજાણું કાંઈ? ભારે વાતું આવી. વસ્તુ ભગવાન આત્માનો જે અનંત આનંદ, અનંત જ્ઞાન, બેહદ શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા એવો એનો ધ્રુવ નિત્ય સ્વભાવ છે., એ નિત્યસ્વભાવમાં નિત્યસ્વભાવની શ્રદ્ધા એ પણ નિત્યસ્વભાવમાં પડી છે. સમજાણું કાંઈ? વાત તો લોજીકથી થાય છે. હવે પકડવું કાંઈ... એ શેઠીજી! ન્યાં ઓલું રખડી આવ્યા બહારમાં એ કરતાં બીજી જાત છે આ. આહાહા! ભગવાન! તેં તારા ઘરની વાત સાંભળી નથી હોં અને સાંભળવાને નવરો થયો નથી માળો. પરઘરની વાતું સાંભળી પરઘરના વ્યભિચારમાં રોકાણો છે એ. અનાદિથી છે નિગોદથી માંડીને. આહાહા! બટાટા, શક્કરકંદમાં અનંતવાર જન્મ્યો ને મર્યો છે. ભૂલી ગયો માળો. માણસ થયો ને જરી કંઈ શરીર ઠીક મળ્યું, ત્યાં પૈસા-બૈસા મળે, છોકરા સારા, આબરૂનું નાક લાંબુ થયું. મરી ગયો, ત્યાં રોકાઈ ગયો. શેઠ!

(શ્રોતાઃ મકડીકી જાલમેં ફંસ ગયા.) મકડીકી જાલમેં. ઓલું કહ્યું નહીં? આપણે નહોતું વર્ણીજીનું કહ્યું? ન્યાલભાઈ! માણસના બે પગ હોય. ખરું કે નહીં? પછી બાયડી પરણે ત્યારે ચાર પગ થાય એટલે ઢોર થયો. ઢોરને ચાર પગ હોયને? અને એમાં છોકરો થાય તો છ પગ થાય. એ ભમરો. ભમરાને છ પગ થાય. ભમરો ભૂંક્યા કરે, આમ છે ને આમ છે, આમ છે. હું કોણ છું એની દરકાર જ એને નથી. રહી ગયાને બે. એ છોકરાનું જ્યારે સગપણ કરે ત્યારે બે પગ વધે એટલે આઠ થયા. એ કરોળિયાને આઠ હોય. આ કરોળિયો નથી? શેઠ! વો મકડી નહીં કહતે? મકડી. મકડી નહીં હોતી? કરોળિયો. આઠ પગ હોય. લાળ કાઢે મોઢામાંથી. વહ મકડી

નહીં કહતે? કરોળિયો, બસ એ કરોળિયો. એને આઠ પગ હોય શેઠ! આઠ. આઠ થયા આને. પછી આના માટે કરવું છે, આના માટે કરવું છે. એ લાળ કાઢીને ગૂંચીને મરી જાય. (શ્રોતાઃ ધૂલમેં ફંસ જાય). ફંસ જાય. કરોળીયાને લાળ હોય છેને લાળ. ઘણી વાતું ... કરે છે.... આહાહા! બહારની પુણ્ય ને પાપની પુંઝણી પીંજી એમાં ગુંચાઈ ગયો. પણ પોતે આત્મા સાધુ થયો અનંતવાર તોય ત્યાં ગૂંચાઈ ગયો છે એ. સાધુ નહીં, નામે સાધુ કહેવાય એમ બહારમાં. આહાહા! સાધુ શું, પણ પહેલા સમકિતી કોને કહેવાય એની વાતમાં હજી મોટો ફેર છે. સમજાણું કાંઈ?

શ્રેણિક રાજા સંસારમાં હતા, હજારો રાણીઓ હતી, રાજ હતું મોટું, પણ સમ્યગ્દર્શન પામેલા (હતા). એ સમ્યગ્દર્શન એટલે આત્મા પૂર્ણાનંદ ધ્રુવસ્વરૂપ એના અનુભવમાં આવીને અંદર પ્રતીતિ થવી–નિર્વિકલ્પ સમકિત થવું એ ધર્મની પહેલી શ્રેણી છે. ભલે ચારિત્ર નહોતું એને. શ્રેણિક રાજા. સમજાણું કાંઈ? સ્વરૂપની રમણતા મુનિને લાયક નહોતી, અમુક હતી. ભરત ચક્રવર્તી, ૯૬ હજાર રાણી, ૯૬ હજાર ગામ ને ૯૬ કરોડ પાયદળ. આહા! અંતરમાં આત્મભાન કરેલું. અરે! અમે તો આત્મા આનંદ ને જ્ઞાન છીએ. આ ચીજ અમે નહીં, એ અમારી નહીં, એમાં અમે નહીં, એ અમારામાં નહીં. સમજાણું કાંઈ? એ પુણ્ય ને પાપના ભાવ થાય તો એમાં અમે નહીં, એ અમારામાં નહીં—એમ અંદર ભિન્નતાનો વિવેક થઈ ગયેલો.

આ સમ્યગ્દૃષ્ટિ શ્રેણિક રાજા. પણ પહેલું નર્કનું આયુષ્ય બંધાઈ ગયેલું. નરકમાં ગયા છે અત્યારે. ૮૪ હજાર વર્ષની સ્થિતિએ છે પહેલી નરકે. એ ત્યાંથી નીકળીને તીર્થંકર થવાના છે. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર એ થશે. છેલ્લા જેમ ભગવાન મહાવીર અહીં થયા, એમ આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર (થશે).. ૮૪ હજાર વર્ષની મુદતે ત્યાં ગયા છે. નર્કનું આયુષ્ય બંધાઈ ગયેલું. સાધુની–સાચા સંતની અશાતના કરેલી. સાધુ ધ્યાનમાં હતા, એની ડોકમાં સર્પ નાખેલો. લાખો કીડીઓ, કરોડો કીડીઓ. એ હતો બૌદ્ધનો ધર્મ માનનારો. આ માનનારો ન હતો. પણ એની ચેલણા રાણી હતી સમકિતી. રાણી સમકિતી હતી, ધર્મી આત્મધર્મ પામેલી, સમ્યગ્દર્શન પામેલી. રાગાદિ હું નહીં, પરવસ્તુ હું નહીં, પરની ક્રિયા કરનાર એ હું નહીં. સ્ત્રીનો દેહ હોવા છતાં એવું સમ્યક્ હતું. ધણીને સમ્યક્ પામવા માટે પ્રયત્ન કરતી હતી.

એકવાર એણે કહ્યું, અરે રાણી! તારા મુનિના ડોકમાં હું સર્પ નાખી આવ્યો છું. કાઢી નાખ્યો હશે એણે. નગ્ન મુનિ દિગંબર સંત હોં, એને સંત કહેવાય. અંદર આત્માના ધ્યાનમાં મસ્ત હોય. નાખી આવ્યો છું. અરે અન્નદાતા! અમારા સંત સર્પને ન કાઢે. એ તો અંતરના આનંદમાં ધ્યાનમાં મસ્ત હશે. અરે! જોયા તારા સાધુ. ચાલ. આપણે અહીં ફોટો હતો એક. શું કહેવાય? કેલેન્ડર હતું અહીં. ...નું અહીં હતું ખરૂં એક. એમાં એક સર્પ પડ્યો છે. ચેલણા રાણી

પછી રાજાને લઈ જાય છે ત્યાં. .... કીડીયું ભૂપલા પડેલાં. અતીન્દ્રિય આનંદ.. અતીન્દ્રિય આનંદના વેદન હતા અંદર. અમૃતના સાગરમાં ઝૂલતા હતા. આહાહા! અતીન્દ્રિય અમૃતમાં... રાણી કહે છે, ભાઈ જુઓ! આ મુનિ સર્પને ન કાઢે. હેં! ઓહો! પછી ઉપદેશ મુનિએ આપ્યો. ત્યાં સમ્યગ્દર્શન પામ્યા. શેઠ! આત્માનુભવ. અમે તો ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનના સ્વામી છીએ. અમે કોઈ રાગના, પરના સ્વામી નથી. આહાહા! સમજાણું કાંઈ? એવું ભાન થયું.

પછી ભગવાનના સમવસરણમાં તીર્થંકરગોત્ર બાંધ્યું. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. ઓલું આયુષ્ય બંધાઈ ગયેલું નરકનું તેત્રીસ સાગરનું. એમાંથી ... કરતાં ઘટાડી દીધું. ૮૪ (હજાર વર્ષ)નું રહી ગયું. હવે એ લાડવો વળ્યો હોય એમાંથી ઘી કાઢીને પૂરી ન થાય. લાડવો થયો એમાંથી લોટ કાઢીને રોટલી ન થાય. એ લાડવો ખાધે છૂટકો. એમ જે ભવિષ્યનું નરકનું આયુષ્ય બંધાણું એ અભાવ ન થાય. સ્થિતિ ઘટે, સ્થિતિ વધે, (પણ) અભાવ ન થાય. લાડવામાં ઘી નાખે વધારે ઓલું થાય કાં સૂકવે થોડું પડ્યું રહે, પણ લાડવામાંથી ઘી કાઢી એમાંથી જુદી પૂરી થાય એમ બને નહીં. એમ નરકના આયુષ્યનો લાડવો બંધાઈ ગયો. એ છૂટ્યો નહીં, ૮૪ હજારની રહી ગઈ સ્થિતિ. ગયા નરકમાં. અત્યારે આનંદમાં છે ત્યાં હોં. આહાહા! પૈસામાં શું ધૂળમાં હતું? આ ગાંડા છે. એ સુશીલભાઈ! વગર પૈસે? ઓલા પૈસાવાળાને તમને સુખી કહે છે, એમ કહે છે. ગાંડેગાંડા પાગલ ભેગા થયા બધા. અહીં તો અમારી પાસે આ છે. એય! વીતરાગ ત્રણ લોકના નાથ તીર્થંકર એમ કહે છે કે જે કોઈ પરવસ્તુના અભિલાષી છે એ મોટા માગણ ભિખારી છે.

એ કહ્યું હતુંને એક ફેરી? ભાવનગર દરબાર આવ્યા હતા અહીં વ્યાખ્યાનમાં. કૃષ્ણકુમાર, એક કરોડનો તાલુકો બાર મહીને. અહીં આવેને. અહીં તો રાજાય આવે, ઘણા રાજા. પાલિતાણાના રાજા આવ્યા હતા. બધા આવે છેને, વ્યાખ્યાનમાં આવે છે કોઈવાર નીકળ્યા હોય તો. એ આવ્યા હતા એ ને નિર્મળ બેય. એને કહ્યું, એ દરબાર! આ બાર મહિને દસ હજાર રૂપિયા માગે, પંદર હજાર માગે એ નાનો માગણ અને મહિને બે લાખ માગે, પાંચ લાખ માગે એ મોટો માગણ. થોડું માગે એ નાનો માગણ, ઝાઝું માગે એ... શિખરચંદજી! અહીં તો અમારી પાસે આ છે. ભાઈ કહે છે. માગે છેને. દરબારે કહ્યું, વાત સાચી મહારાજ! એક કરોડ રૂપિયાનો તાલુકો એને. બાર મહિને કરોડો ઉપજે. રાજ હતું આ ભાવનગર દરબાર કૃષ્ણકુમાર. ગુજરી ગયા બિચારા.

થોડું માગે એ નાનો માગણ, ઝાઝું માગે એ મોટો માગણ, કાંઈ ન માગે એ બાદશાહ. આત્મા અમે તો આનંદસ્વરૂપ બાદશાહ છીએ. અમારે એક રાગ પણ જોઈતો નથી, પુણ્ય પણ જોઈતું નથી. થાય ખરા ભાવ, પણ અમારે જોઈતા નથી. આત્મા એક આનંદનું ધામ એવી જેની

દૃષ્ટિ થઈ એ મોટો બાદશાહ છે. એ ન્યાલભાઈ! આ ઝૂપડાંમાં રહે એ ગરીબ ન કહેવાય? મોટા બંગલામાં રહે એ બાદશાહ કહેવાય. નહીં? લે! આવું હોતું હશે? ઝૂપડામાં રહે એને રોટલો ન મળે. કાલ કહ્યું હતું એક થોડું. રોટલોય માંડ માંડ મળે, પુણ્ય ઓછા હોય તો ન મળે, એથી શું? પણ અંદર આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનની મૂર્તિ એવું જ્યાં અંતર ભાન સમ્યગ્દર્શન થયું છે, બાદશાહ છે, એ સુખી છે. આ મોટા હજીરામાં–ચાલીસ લાખના બંગલામાં પડ્યા એ ભિખારા દુઃખી છે.

(શ્રોતાઃ વરાંકા કહ્યા છે). વરાંકા કહ્યા છે. શાસ્ત્રમાં કહ્યા છે. બધી ભાષા છે શાસ્ત્રમાં. શાસ્ત્ર કહે છે, એ વરાંકા–ભિખારી–રાંકા છે. આત્મઋદ્ધિની સંપદાની જેને ખબર નથી અને બહારની ઋદ્ધિમાં જે મોહી ગયા છે એ વરાંકા–ભિખારી છે. દુઃખી છે ને દુઃખમાં જાશે. પંડિતજી! એ શ્રેણિક રાજા નરકમાં છે. અત્યારે પહેલી નરકે છે. ન્યાંથી નીકળીને તીર્થંકર થવાના આવતી ચોવીસીમાં. મહાપદ્મ નામના પહેલા તીર્થંકર ત્રણ લોકના નાથ. એ સમ્યગ્દર્શનનો પ્રતાપ છે. વ્રત, ચારિત્ર હજી નહોતા, પણ વસ્તુનું ભાન કરેલું, અનુભવ કરેલો એના પ્રતાપે એ ત્રણ લોકના નાથ તીર્થંકરના અવતારે થવાના છે અને અનંતવાર આત્માના ભાન વિના વ્રત ને તપ ને એવી ક્રિયા એવી કરી, એક ભવ ઘટ્યો નહીં ને ભવની વૃદ્ધિ થઈ. સમજાણું કાંઈ? અહીં એ કહે છે. કૌંસમાં છેને?

**(અર્થાત્ કારણદૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર જ છે).** આમાં તમારી મેળે વાંચો તો કાંઈ સૂઝે એવું નથી હોં ન્યાલભાઈ! ઘડિયાળમાં અજ્ઞાનના ડહાપણ કરે, આ આમ થાય, ઢીંકણું આમ થાય. આ તો સૂઝ પડે એવું નથી એકેય વાત. કહે છે કે **કારણદૃષ્ટિ તો**... એટલે શું? કારણદૃષ્ટિ એટલે શું? ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ, ત્રિકાળ દર્શનસ્વરૂપ અને ત્રિકાળ શ્રદ્ધાસ્વરૂપ અંદર એને કારણદૃષ્ટિ કહે છે. એ **કારણદૃષ્ટિ તો ખરેખર શુદ્ધાત્માની**... જે ત્રિકાળ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય છે, ધ્રુવ આનંદકંદનો ધામ ભગવાન, એક સમયની પર્યાય સિવાયનો–વિશેષ સિવાયનો છે. પર્યાય છે એ વિશેષ છે. એ સિવાયનો સામાન્ય ત્રિકાળ એવો જે ભગવાન **શુદ્ધાત્માની સ્વરૂપશ્રદ્ધામાત્ર છે).** એ ત્રિકાળી શુદ્ધ ધ્રુવ એમાં શ્રદ્ધા પડી છે એને કારણદૃષ્ટિ કહેવામાં આવે છે, કે જે કારણદૃષ્ટિનો આશ્રય લેતાં સમ્યગદર્શનરૂપી કાર્ય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

ઓલા બધા ઉકરડા જેવી વાતું. આહાહા! ઉકરડા ઉઠાવ્યા છે બધા. સમજાણું કાંઈ શેઠ? ઉકરડો નથી થાતો? ખાતર. એ મોટા બળદ હોયને એ એવું કરે, માથા મારીને ઊંચું કરે આમ. ભીંતમાં મારે તો ભીંત કાંઈ ઊંચી થાતી હતી? એ બળદ હોયને મોટા શીંગડાવાળા, જોરવાળા, એ ઉકરડામાં માથા મારે. ઊંચુ થાય એટલે બળ ફોરવ્યું એમ માને. સમજાણું કાંઈ? (શ્રોતાઃ દાખલો લાગુ પાડવો પડશેને). દાખલો લાગુ પાડવો છે? એમ અજ્ઞાની બળદ જેવા પુણ્ય-પાપના ભાવ કરીને જાણે (કે) જગતને ઉથલાવી નાખું ને જગતને સવળું કરી દઉં, અવળું કરી દઉં. જગતના કામ એ બળદ જેવા છે.

આવી ગયું છેને. સમયસારમાં આવી ગયું છે. ચોથી ગાથામાં આવ્યું છે કે અનાદિના તૃષ્ણામાં જોડાયેલા જીવો બળદની પેઠે, ધોંસરું જેમ માથે પડે એમ અજ્ઞાની માથે બોજા ઉપાડે છે બધા. ફલાણના કામ કરું, ફલાણના કામ કરું, ફલાણાના.. કરી શકે નહીં. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ સંકલ્પ-વિકલ્પમાં જોડાઈ જાય છે. એ બળદની પેઠે મોટો ભાર વહે છે એમ કહે છે. ભગવાનજીભાઈ! આવ્યું છે? ધોંસરામાં જોડાય છે. એ બળદની એવી ટેવ હોય કે જ્યાં કણબી ઓલું ધોંસરું ઊંચું કરે તો એની મેળે માથું નાખે. પહેલું નાખતા વાર લાગે એટલે જરીક દોરો ખેંચવો પડે પહેલા શરૂઆતમાં. પછી જ્યારે આમ ધોંસરું કરે તો પોતાની મેળે નાખે. એમ અજ્ઞાની નાનો બાળક હોય ત્યાં સુધી એને દુકાને બેસાડવા, વેપાર કરાવવા જરીક ખેંચવો પડે. એલા! ઉભો રહે, ખસી જા તું. પછી જ્યાં મોટો થયો, જરીક કામ આવ્યું, ધોંસરામાં માથું નાખે અંદર. અમારા વિના ચાલશે નહીં. એ શેઠ! હવે ગરીબને એ છેને. ગરીબ ગરીબના પ્રમાણમાં તોફાન મિથ્યાત્વથી કરે. આ ગરીબ જ છેને બધા. ધનાઢ્ય કોણ હતું? આહાહા!

અહીં કહે છે કે એ ત્રિકાળી સ્વરૂપશ્રદ્ધા એની અંતર દૃષ્ટિ કરે, એ શ્રદ્ધાનો આશ્રય લે તો એને વર્તમાનમાં સમ્યગ્દર્શનરૂપી કાર્ય–ધર્મની પહેલી દશા પ્રગટ થાય. માટે એને કારણદૃષ્ટિ કહેવામાં આવે છે. એ કારણમાંથી કાર્ય થાય. વર્તમાનમાં કોઈ દયા, દાન ને વ્રતના વિકલ્પ કરતાં સમકિત થાય, ધર્મ થાય (એમ) ત્રણ કાળ, ત્રણ લોકમાં નહીં. વીતરાગમાર્ગમાં નહીં. અજ્ઞાનીઓ માને-મનાવે જુદી વાત છે. સમજાણું કાંઈ? કહો, પ્રાણભાઈ! એ કહેતા હતા કે મોળા પડી ગયા છે બાપુજી. જરી ઇન્જેક્શન... ઇન્જેક્શન લેવા આવ્યો હતો. તમે તો પહેલેથી પૈસાવાળા છે. ઘણા વરસ થયા. આ બધા તો હવે થયા, એ તો પહેલેથી–જન્મથી છે. બાપ પંદર લાખ મૂકી ગયા છે તે દિ' પચાસ વર્ષ પહેલાં. મોળા પડી ગયા... પૈસા બહુ.... બહારમાં કાંઈ ધાર્યું-બાર્યું ન થાય એટલે જીવ અધ્ધર થઈ જાય. આ ઉત્સાહભંગ તો પરમાં કરવાનો છે, ઉત્સાહ પોતામાં કરવાનો છે.

હવે બીજી કાર્યદૃષ્ટિ. આ તો કાલ આવ્યું હતું. હવે **બીજી કાર્યદૃષ્ટિ...** કાર્યદૃષ્ટિ એટલે શું? એ ત્રિકાળી જે દર્શનોપયોગ ને ત્રિકાળી જ્ઞાનોપયોગ ધ્રુવ ચૈતન્ય છે એનો આશ્રય લઈને વર્તમાનદશામાં કેવળજ્ઞાન ને કેવળદર્શન થાય, એ કેવળદર્શનને અહીંયા કાર્યદૃષ્ટિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેમ આ લીંડીપીપર હોય છેને લીંડીપીપર, નહીં? છોટી પીપર આતી હૈ. બહાર તો કાળી છે, કદે નાની છે, શક્તિએ ચોસઠ પહોરી તીખાશ–ચરપરાઈ રાખીને પડી છે. ચોસઠ પહોરી જે પ્રગટ થાય છે ઘૂંટ્યે, એ ક્યાંથી થાય છે? બહારથી આવે છે? ચોસઠ પહોરી એટલે રૂપિયે-રૂપિયો. હવે સો પૈસાનો થયોને, પહેલા તો ૬૪ પૈસાનો હતોને. ચોસઠ પૈસા એટલે રૂપિયો, સોળ આના પૂરું. એ લીંડીપીપરમાં એટલામાં સોળ આના—રૂપિયે-રૂપિયો તીખાશ ભરી છે અને લીલો રંગ. એ છે એમાથી બહાર આવે છે. થોડી ઘૂંટે છે એક પહોર, બે પહોર, ત્રણ પહોર, ચાર પહોર. ચોસઠ પહોર. એ ચોસઠ પહોરે પૂરી.

એમ ભગવાન આત્મામાં લીંડીપીપરની પેઠે બહારના એ પુણ્ય-પાપના ભાવ જેવો કાળો દેખાય છે, કદમાં શરીર પ્રમાણે નાનો દેખાય છે, પણ સ્વભાવમાં ચોસઠ પહોરી તીખાશની પેઠે એનો સ્વભાવ અંદરનો અનંત જ્ઞાન, અનંત દર્શન ઉપયોગ, અનંત શ્રદ્ધા આદિ પડ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? અનંત લક્ષ્મી પડી છે એના અંતર તળિયામાં–એના સ્વભાવમાં. એમાં એકાગ્ર થઈને, એ ચીજ જે છે આખી ધ્રુવ એમાં અંતર દૃષ્ટિ લગાવીને જે સમ્યગ્દર્શનની પર્યાય થાય એ કાર્યસમકિત કહેવાય. અને એમાંથી પૂર્ણ દર્શનનો ઉપયોગ–કેવળદર્શન થાય એને કાર્યદર્શનોપયોગ કહેવાય. સમજાણું કાંઈ? આરે! આવી વાતું. ઓલી તો કથા મૂકે, વાર્તા મૂકે. એણે આમ કર્યું હતું, આમ કર્યું હતું, આમ સાધુ થઈ ગયો. હજી સાધુ કહેવો કોને, હજી સમકિતી કોને કહેવો એનું ભાન ન મળે. સમજાણું કાંઈ?

કહે છે કે કાર્યદૃષ્ટિ... પહેલી કારણદૃષ્ટિ ત્રિકાળ એની અંદર એકાગ્ર થતાં (અર્થાત્) વર્તમાનદશાને ત્રિકાળીમાં વાળતાં જે કાર્ય પર્યાયમાં–અવસ્થામાં આવે, પૂર્ણ કાર્ય આવે કેવળદર્શનનું કે પૂર્ણ ક્ષાયિક સમકિતનું એને અહીં કાર્યદૃષ્ટિ ને કાર્ય-ઉપયોગ કહેવામાં આવે છે. આહાહા! આવી વાત કેવી પણ કઈ જાતની? મૂળ જગતને તત્ત્વની વાત કોઈ દિ' ઉપર આવી જ નથી. જૈનમાં પણ જૈનપણાની વાત છોડીને બીજી વાત જ પીરસાણી છે. સમજાણું કાંઈ? મૂળ વાત જ એને લક્ષમાં આવી નથી અનંત કાળથી અને અત્યાર સુધી એને. આહાહા! પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ ઇન્દ્રની સમક્ષમાં આમ કહેતા હતા. પ્રભુ એમ કહેતા હતા અને પ્રભુ અત્યારે પણ એમ કહે છે. મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા સીમંધર તીર્થંકરનાથ (આદિ) વીસ વિહરમાન બિરાજે છે, એ બધા આ રીતે કહે છે. સમજાણું કાંઈ?

કાર્ય-ઉપયોગ કહો, કાર્યશુદ્ધદૃષ્ટિ કહો, કાર્ય-ઉપયોગ કહો, કાર્યસમકિત પરમ અવગાઢ કહો—એ બધું **દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે.** છે પહેલી લીટી? દર્શનાવરણીય કર્મ છેને એક. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, અંતરાય, આયુષ્ય, નામ, ગોત્ર—આઠ કર્મ છે. કર્મ જડ છે, ઝીણી રજકણ છે. જેવી આ જાડી રજકણ છે–આ જાડા છે ધૂળ, એવા એક જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એ ઝીણી સૂક્ષ્મ ધૂળ છે. આત્મા પોતાના અંતરસ્વભાવમાં એકાગ્ર થઈને જ્યારે કેવળદર્શન પ્રગટ કરે છે ત્યારે તેને દર્શનાવરણીય કર્મનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? છેને? દર્શનાવરણીય ને જ્ઞાનાવરણીય. એમ આત્મા પોતાનો ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ જે ધ્રુવ એનો આશ્રય લઈને, એમાં લીન થઈને જ્યારે કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટ કરે છે ત્યારે એને જ્ઞાનાવરણીયકર્મનો એની મેળાએ નાશ થઈ જાય છે. પ્રકાશ થતાં અંધારું રહેતું નથી. સમજાણું કાંઈ?

અહીં તો આ વાત છે ભાઈ! ઘરની. આ રીતે એવું કેવળજ્ઞાન ને કેવળદર્શન એ એનું કાર્ય છે એમ કહે છે. આ જડના કામ કરવા, ઘડિયાળના કરવા—એ કાંઈ એના કામ નથી. જડના છે, એના કે દિ' હતા? એ જડનું કાર્ય છે. કહો, સમજાણું કાંઈ? પરમાણુઓ, પરમાણુ આ છે... જુઓ! આ બધું ચાલે છે શું? આ જડ ચાલે છે, આત્માથી નહીં. આત્મા તો ભિન્ન

ચીજ છે, અરૂપી છે. જડના કાર્ય છે. કોણ હલાવે? ધૂળ હલાવે. પંડિતજી! આરે, ભારે ભાઈ! વાણી નીકળે છે એ જડની અવસ્થા છે, આત્માથી નથી. આત્મામાં વાણી નથી કે આત્મા વાણીને કરે. આહાહા! ભારે આકરું જગતને. આમ કહે કે જડને આત્મા માને તો મિથ્યાત્વ, આત્માને જડ માને તો મિથ્યાત્વ. પાછો અહીં માને એ પ્રમાણે.

અહીં કહે છે કે દર્શનાવરણીય... આત્મા પોતાના ત્રિકાળી જ્ઞાનસ્વભાવનો આશ્રય લઈને એકાગ્ર થઈને જ્યારે કેવળદર્શન પ્રગટ કરે છે એ કાર્યદર્શન કહેવાય, ત્યારે દર્શનાવરણીયનો નાશ થાય છે. આત્મા ત્રિકાળી જ્ઞાનસ્વભાવ ધ્રુવ નિત્ય એનો આશ્રય લઈને કેવળજ્ઞાન જ્યારે પ્રગટ કરે છે ત્યારે જ્ઞાનાવરણીયનો નાશ થાય છે. આત્મા ત્રિકાળી ચારિત્ર ને વીતરાગભાવ છે અંદર, એનો આશ્રય લઈને જ્યારે કાર્યમાં વીતરાગતા પ્રગટ કરે છે ત્યારે મોહનો નાશ થાય છે. અને આત્મામાં અનંત વીર્ય જે છે અનંત વીર્ય–બળ પડ્યું છે અંતરમાં, એનો આશ્રય લઈને કાર્યરૂપે અનંત વીર્ય પ્રગટ કરે છે ત્યારે એને અંતરાયકર્મનો નાશ થઈ જાય છે. વાત સમજવી હજી આકરી પડે. કરવાનું તો ક્યાં આવે? આહાહા! બાપુ! માર્ગ તારા જુદી જાતના છે. અનંત કાળમાં થયો નથી, અપૂર્વ માર્ગ કોઈ જુદી જાતનો હોય. સમજાય છે કાંઈ?

**ક્ષયથી**... એ ઘાતિકર્મો છેને. ચારેય લીધા—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય ને અંતરાય. **ઘાતિકર્મોના ક્ષયથી**... આઠ કર્મમાં ચાર ઘાતિકર્મ કહેવાય અને ચાર અઘાતિ કહેવાય. વેદનીય, નામ, આયુષ્ય ને ગોત્ર. **આ ક્ષાયિક જીવને...** દેખો! અંતરમાં વસ્તુસ્વરૂપ તો ભગવાન પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એટલે વીતરાગતાથી ભરેલો છે. એની અંતર્મુખમાં લીન થાય છે ત્યારે એને સમકિત પ્રગટે છે, વીતરાગતા પ્રગટે છે, કેવળજ્ઞાન પ્રગટે છે, કેવળદર્શન પ્રગટે છે, અનંતવીર્ય પ્રગટે છે, એ ક્ષાયિકભાવે પ્રગટે છે. 'ક્ષાયિક' છેને? એ **ક્ષાયિક જીવને**... આવો કારણસ્વભાવનો આશ્રય લઈને અને જેણે ક્ષાયિક દશા પ્રગટ કરી એવા ક્ષાયિકજીવને... સમજાણું કાંઈ? સામે પુસ્તક પડ્યું છે અને શબ્દનો અર્થ થાય છે. 'ક્ષાયિકજીવને' એટલે શું? ત્રિકાળી પારિણામિકભાવ તો જીવ છે. આ પર્યાય થઈ. અંદર ભગવાન અંતરમાં શુદ્ધ ધ્રુવ ચૈતન્યમાં ધ્યેય બનાવીને જે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરે, પછી જ્ઞાન થાય, પછી ચારિત્ર થાય ને વીર્ય થાય. એવા ઘાતિકર્મનો નાશ કરીને ક્ષાયિકજીવને... એ પર્યાય પ્રગટ થઈ, એ ક્ષાયિકદશા છે. કેવળજ્ઞાન, કેવળદર્શન એ ક્ષાયિક છે. એ આવ્યું હવે જાય નહીં. સમજાણું કાંઈ? એવા ક્ષાયિકજીવને એટલે ક્ષય કરનારા જીવને, એમ.

**જેણે સકળવિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યા છે...** લ્યો. અંતરની જ્ઞાનશક્તિમાંથી, જેમ અંદર પીપરમાં ચોસઠ પહોરી (શક્તિ) હતી એમાંથી કાઢીને ચોસઠ પહોરી પ્રગટ થઈ, એમ ભગવાન આત્મા અંદર પૂર્ણ જ્ઞાનનો સ્વભાવ હતો એનો આશ્રય લઈને વર્તમાનદશામાં પૂર્ણ જ્ઞાન પ્રગટ થયું. કહો, ઓલા વ્યવહાર દયા, દાન, વ્રતથી પ્રગટ થાય એમ ના પાડે છે, એમ કહે છે. વચ્ચે હો વિકલ્પ, પણ એ બંધનું કારણ છે. ત્રિકાળીને

આશ્રયે જે કાર્ય થાય એ અંદર નિર્મળના આધારે થાય છે, પરને આધારે થાતું નથી. સમજાણું કાંઈ? **નિજ આત્માથી ઉત્પન્ન થતા પરમ વીતરાગ સુખામૃતનો જે સમુદ્ર છે...** આહાહા! કહે છે કે જ્યાં આત્મામાં અંતરના આશ્રયમાંથી–કારણજ્ઞાનમાંથી કેવળજ્ઞાન થયું, ત્યારે તેને કારણરૂપ જે ત્રિકાળી આનંદ હતો એમાંથી પણ ભગવાનને કેવળજ્ઞાન સાથે નિજ આત્માથી ઉત્પન્ન થતું પરમ વીતરાગસુખ... અંતરના આત્મામાંથી સુખ અમૃત પ્રગટ્યું ભગવાનને. આત્મામાંથી પ્રગટ્યું એ સુખ સાચું.

**જે સમુદ્ર છે**... આહાહા! આ પર્યાયની વાત ચાલે છે હોં. અંતરમાં તો અતીન્દ્રિય આનંદનો સાગર ડોલે છે પ્રભુ ધ્રુવ. ચોસઠ પહોરી તીખાશની પેઠે. આહાહા! એમાં અંતર એકાગ્ર થઈને જે અનંત આનંદ જ્યાં પ્રગટ્યો પર્યાયમાં–અવસ્થામાં. કેવો છે એ? પરમ વીતરાગ સુખામૃતનો જે દરિયો છે. આહાહા! આ અરિહંત થયા તેની દશા. પણ થયા કેમ? કે પોતાના પૂર્ણ સ્વભાવના આશ્રયે થયા. સમજાણું કાંઈ? **જે યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે...** આહાહા! અંદર જે ત્રિકાળી શુદ્ધ ચારિત્ર છે એનો આશ્રય લઈને વર્તમાનદશામાં કેવળજ્ઞાનીને શુદ્ધ કાર્યચારિત્ર પ્રગટ્યું. આત્મામાં પૂર્ણ રમણતા પ્રગટી એને ચારિત્ર કહે છે. ચારિત્ર, કોઈ ક્રિયાકાંડ, શરીરની ક્રિયા કે પંચમહાવ્રતના વિકલ્પ એ કાંઈ ચારિત્ર નહીં. અંતર આનંદમાં રમણતા.. રમણતા.. લીનતા, ચરવું, જમવું, આનંદનું અંતર વેદન કરવું એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. એ ચારિત્રમાંથી શુદ્ધચારિત્ર પ્રગટ થાય છે.

**જે સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા...** એ જરીક ઝીણું પડશે, પણ એને સાંભળવું તો ખરું. ભગવાનને કેવળજ્ઞાન થતાં એની પર્યાયમાં, જે સાદિ.. કેવળજ્ઞાન થયું એ સાદિ થઈ, પણ અનંત—હવે એનો અંત આવશે નહીં. એ અંતર ત્રિકાળીદ્રવ્યને આશ્રયે આ દશા પ્રગટ થઈ. ત્રિકાળીદ્રવ્ય અનાદિ-અનંત, ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા અનાદિ-અનંત, પણ પ્રગટ દશા થઈ તે સાદિ-અનંત. નવું કેવળજ્ઞાન થયું એ સાદિ–શરૂઆત થઈ. રહેવાનું અનંતકાળ. સમજાણું કાંઈ? કહે છે કે **સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્ભૂતવ્યવહારનયાત્મક છે...** શુદ્ધવ્યવહારનયસ્વરૂપે, કેવળજ્ઞાન વ્યવહારનયસ્વરૂપ છે. એક સમયની પર્યાય છેને. ત્રિકાળી વસ્તુ નિશ્ચયનયસ્વરૂપ છે અને પ્રગટદશા પર્યાય તે વ્યવહારસ્વરૂપ વ્યવહાર છે, પણ એનામાં છે માટે શુદ્ધ સદ્ભુત. કેવળજ્ઞાન પણ શુદ્ધસદ્ભૂત-વ્યવહારસ્વરૂપ છે. આહાહા! આવી ભાષા. શેઠ!

**અને જે ત્રિલોકના ભવ્ય જનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે...** જેણે અંતરના આ ઉકેલ કર્યા અને દશા પ્રગટ કરી એ ભગવાન ત્રણ લોકના ભવ્યજનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે. કહો, સમજાણું કાંઈ? **એવા તીર્થંકરપરમદેવને—કેવળજ્ઞાનની માફક...** કેવળજ્ઞાન સાથે **આ (કાર્યદૃષ્ટિ)** એટલે કેવળદર્શન. **યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી** કેવળદૃષ્ટિ છે. કેવળદર્શન છે એમ કહે છે. હવે શ્લોક થોડો છેને બાકી. લ્યો આટલું જરી પૂરું કરીએ. **આ રીતે કાર્યરૂપે અને કારણરૂપે સ્વભાવદર્શનોપયોગ કહ્યો. વિભાવદર્શનોપયોગ હવે પછીના સૂત્રમાં (૧૪મી**

**ગાથામાં) હોવાથી ત્યાં જ દર્શાવવામાં આવશે.** હવે ટીકાકાર પોતે શ્લોક કહે છે. ઉપર છે ૨૩મો શ્લોક. બહુ ઊંચો, બહુ સરસ.

**दृग्ज्ञप्तिवृत्त्यात्मकमेकमेव**
**चैतन्यसामान्यनिजात्मतत्त्वम् ।**
**मुक्तिस्पृहाणामयनं तदुच्चै-**
**रेतेन मार्गेण विना न मोक्षः ॥२३॥**

શ્લોક છેને એનો **શ્લોકાર્થ : દૃશિ**–સમકિત. દૃશિ એટલે સમકિત. આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ સ્વરૂપની અંતર અનુભવમાં પ્રતીતિ થવી એને સમ્યગ્દર્શન–ધર્મનો પહેલો અવયવ કહે છે. દૃશિ એટલે સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? ધર્મમાં પહેલું સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અંતર વસ્તુ ભગવાન પૂર્ણ આત્મા એમાં અંતર એકાગ્ર થતાં નિર્વિકલ્પ–રાગની અપેક્ષા વિના જે સમ્યગ્દર્શન પ્રગટ થાય, તેને દૃશિ, ધર્મની ક્રિયા કહેવામાં આવે છે. આરે! ભારે વાતું છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગમાં આમ કહેવામાં આવે છે. દૃશિ છેને. બીજી **જ્ઞપ્તિ**–જાણવું, જ્ઞાન. અંતરના ત્રિકાળીસ્વરૂપમાં એકાગ્ર થઈને જે સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન જે આત્માને આશ્રયે પ્રગટે એને અહીંયા જ્ઞાન કહેવામાં આવે છે. એકલા શાસ્ત્રના ભણતર ને વાતું એ જ્ઞાન નહીં. આ તમારા ભણતર વકીલાતના ને તમારા શું કહેવાય? બીડીયુંના, એને ઘડિયાળના—એ બધા જ્ઞાન નહીં, એ અજ્ઞાન છે, બંધનના કારણ છે.

જ્ઞાન એને કહીએ ભગવાનના માર્ગમાં કે અંતર જ્ઞાનની જ્યોત ઝળહળે છે શુદ્ધ ધ્રુવ એમાં એકાગ્ર થઈને જ્ઞાનનો કણ જે જાગ્યો અંદરમાંથી, એને સમ્યગ્જ્ઞાન, મોક્ષના માર્ગનો ભાગ કહે છે. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આ બંગડી-બંગડીની બુદ્ધિ શું હશે? તોય દુકાને તો જાઓ છોને. થોડીવાર જાઓ છો. આહાહા! કહે છે કે અંતર ભગવાન ચૈતન્યજ્યોત... અહીં તો એવી વાત લેશે કે... 'પરિણમતું' કહે છેને. દૃશિ, જ્ઞપ્તિ ને વૃત્તિ. વૃત્તિ એટલે ચારિત્ર. અંતર સ્વરૂપનું સમ્યગ્દર્શન, અનુભવમાં આનંદનો સ્વાદ એનું જ્ઞાન ને એમાં રમણતા, આનંદમાં રમણતા એને ચારિત્ર કહે છે. ભારે ભાઈ વ્યાખ્યા આવી! આ તો લૂગડાં કાંઈક ફેરવ્યા ને અહિંસા, સત્ય, દત્તના વ્રત પાળ્યા, થઈ ગયું ચારિત્ર. ધૂળેય ચારિત્ર નથી, સાંભળને! પુણ્યનાય ઠેકાણા નથી એમાં તો. આહાહા! આત્મા આનંદની મૂર્તિ અરૂપી ઘન એનું સમ્યગ્દર્શન થઈ, સમ્યગ્જ્ઞાન થઈ, પછી એના સ્વરૂપમાં ચારિત્ર ચરવું, રમવું, જમવું, સ્થિર થઈ જવું, અતીન્દ્રિય આનંદના ધામમાં સ્થિર થવું, એને પરમાત્મા ત્રણ લોકના નાથ ચારિત્ર કહે છે. એ ચારિત્ર ને દર્શન, જ્ઞાન મોક્ષના કારણ છે. આહાહા! શું લે છે? ભાષા એવી લીધી છે જરી.

જુઓ! આ દૃશિ, જ્ઞપ્તિ, વૃત્તિસ્વરૂપ (અર્થાત્) દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણમતું. કોણ પરિણમતું? આ રૂપે થતું, પરિણમતું એટલે આ રૂપે થતું. આત્મા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર—નિર્વિકારી નિર્દોષ દશારૂપે થતું. શું થતું? **એવું જે એક ચૈતન્યસામાન્યરૂપ નિજ**

**આત્મતત્ત્વ...** ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનાનંદસ્વરૂપ, સામાન્યસ્વરૂપ નિજ આત્મતત્ત્વ... સામાન્ય પોતે નિજતત્ત્વ છે એ પોતે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમે છે, થાય છે. શું કહ્યું સમજાણું? જુઓ તો ખરા શબ્દો! ચોપડાના નામા બહુ જોવે માળા. ચક્રવૃદ્ધિના વ્યાજ કાઢવા હોય તો કાઢે ધૂળના. આ ચોપડા જોવાને નવરાશ ન મળે. કહે છે કે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદનો ધામ, એની અંતરની નિર્વિકલ્પ અનુભવની શ્રદ્ધા એ સમકિત, એનું સમ્યગ્જ્ઞાન આનંદના વેદનવાળું એ જ્ઞાન અને સ્વરૂપમાં રમણતાની ઉગ્રતા એનું નામ ચારિત્ર. એ ત્રણ દશા વિશેષરૂપ છે, વિશેષ એટલે પર્યાયરૂપ છે. એ વિશેષરૂપ થાય છે કોણ? એમ કહે છે.

**એવું જે એક જ ચૈતન્યસામાન્ય નિજ આત્મતત્ત્વરૂપ** એ રૂપે પરિણમે છે એમ કહે છે. આહાહા! જુઓને! શૈલી જુદી. એ નિમિત્તને લઈને નહીં, આને લઈ નહીં. જ્ઞાન-દર્શન છે પહેલા. જ્ઞાન-દર્શન ઉપયોગ તે ચૈતન્ય સામાન્ય ત્રિકાળ. જીવનું વર્ણન થયુંને અહીં. ચૈતન્ય સામાન્ય એટલે જ્ઞાન-દર્શન ધ્રુવ ચૈતન્ય ઉપયોગ સામાન્ય ત્રિકાળ એકરૂપ. એવું જે જ્ઞાન-દર્શન સામાન્ય ચૈતન્યરૂપ તત્ત્વ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે થાય છે, પરિણમે છે. પર્યાયમાં વિશેષપણું આ થાય છે. સમજાણું કાંઈ? ફરીને. સામાન્ય-વિશેષરૂપ પરિણમે છે એમ કહે છે અહીં. એ સામાન્ય વિશેષરૂપ પરિણમ્યું છે, એ પર્યાયની અપેક્ષાએ. સામાન્ય વિશેષરૂપે... જુઓને! શું કીધું? **એવું જે એક જ ચૈતન્યસામાન્ય નિજ આત્મતત્ત્વ**... તે રૂપે થતું–પર્યાયરૂપે થતું... સામાન્ય દશામાં એમ છે. પરિણમે છેને, એમ. પરિણમે છેને. આહાહા! જુઓ! એ શબ્દ છે એમાં. એ ખૂબી છે એમાં. કે ત્રિકાળી સામાન્ય છે એ પર્યાયપણે પરિણમે છે, સમ્યગ્દર્શન-જ્ઞાન ને આનંદપણે, એ વિશેષરૂપે થયું, એમ. સમજાણું કાંઈ? ભાષા આવી બધી ખુબી. આહાહા!

સામાન્ય ને વિશેષ... હવે સામાન્ય, વિશેષ કોને કહે? આહાહા! કહે છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર એવા જે મોક્ષના માર્ગરૂપી પરિણામ–પર્યાય એ ત્રિકાળી જે ચૈતન્યસામાન્ય એટલે જ્ઞાન-દર્શનના સ્વભાવવાળો જે આત્મતત્ત્વ, જાણવા-દેખવાના ધ્રુવસ્વભાવવાળું જે આત્મતત્ત્વ, એ પોતે દર્શન-જ્ઞાન-ચારિત્રપણે વિશેષપણે પરિણમે છે. રાગની ક્રિયાથી એ પરિણમે છે એમ નહીં, એમ બતાવવું છે અહીં. સમજાણું કાંઈ? આહાહા! શરીરના નિમિત્તે પરિણમે છે, આ ઇન્દ્રિયોના સહાયથી પરિણમે છે એમ નથી. સમજાણું કાંઈ? એક કલાકમાં કેટલું યાદ રાખવું આમાં. સંસારની વાત તો હજારો યાદ રાખે. કેમ મનસુખ? દુકાનમાં કેટલી વાતું યાદ રાખે. અનાદિ કાળથી ધૂળને સેવતો આવે છે એમ ને એમ અજ્ઞાન.

આપણે આણંદજી હતો એ બહુ ધ્યાન રાખતો. આ વખારમાં આ એલચીના કોથળા પાંચ અહીંથી લાવ્યા હતા. એમાં આટલું ખપ્યું, આટલું બચ્યું એમ.... તમારે બીજા રાખતા હશે. તેર તો વખારું છે એની. તેરમાં માલ ક્યો પડ્યો, ક્યાંથી લાવ્યા, કેટલો ખપ્યો—એ બધું યાદ હોય એને. કોલસા ઉઠામાંના. કોલસા ઉઠામાં શું આવે? કાળપ આવે. ક્યાં માલ છે, કેટલા ભાવે આવેલો મુંબઈથી, કેટલી ગુણો, કેટલો ખપ્યો, કેટલો બાકી, કેટલો ભાવ અત્યારે ચાલે છે—એટલી એટલી ખબર હોય. એવી હજારો ચીજોની ખબર હોય. મનસુખ! એ બધી ખબર

હોય. .... બાર મહિનામાં વીસ લાખનો વેપાર થયો. અઢાર આના સરેરાશ પડશે એમ લાગે છે. એ ચેતનજી! એ બધું ધ્યાન હોય કે નહીં અંદર? એ તો કરવું પડેને લક્ષમાં કે આટલું વધશે. પચાસ લાખ હતા, બે લાખનો ખર્ચ થયો, પાંચ લાખ વધ્યા. પંચાવન થયા. સમજાય છે?

તોળીને તો પછી નક્કી કરે. સરવૈયું તો કાઢે કે નહીં તોળીને? એય મનસુખ! પહેલું તરવરે એને મગજમાં. કેટલો ભાવ છે, ઉઘરાણીમાં આટલા છે, આ માલ આટલો છે. આમ નજર ફરે ત્યાં ખ્યાલમાં આવી જાય. પાપની વૃત્તિ છેને. અહીં કહે છે કે ભગવાન આત્મા, આહા! મોટું ગોદામ છે, અનંત આનંદ, જ્ઞાન, શાંતિનું ગોદામ. એ ગોદામમાંથી માલ કાઢ્યો ધર્મીએ. સમજાણું કાંઈ? ન્યાલભાઈ! ન્યાલ થવાનો આ રસ્તો છે હોં, બાકી હેરાન થવાના રસ્તા છે બધા. આહા! ન્યાલ થવાનો આ માર્ગ છે. એ ન્યાલ નથી, હેરાન છે. કહો, સમજાણું આમાં? અહીં કાંઈ માખણ-માખણ નથી. ઓલા માખણ ચોપડે. પૈસાવાળો હોયને થોડું આહા.. તમે આવા. હોય સમજવા જેવા. આહાહા!

બુદ્ધિના બારદાન દસ-દસ લાખ પેદા કરે છે મહિને. નથી જોયા અમે? બુદ્ધિના બારદાન સમજાણું? કોથળા. દસ-દસ લાખ, વીસ-વીસ લાખ મહિને પેદા કરે. એમાં શું છે? અને બુદ્ધિના ખાં હોય એને મહિને હજાર પેદા કરવા પરસેવા ઉતરતા હોય. એ તો પૂર્વના પુણ્ય બળે ત્યારે થાય છે. એને ભાન ક્યાં છે? પૂર્વના રજકણો શાતાના બાંધેલા પડ્યા હોય, એ જ્યારે ખરે ને બળે ત્યારે ઓલી ચીજ દેખાય. આ જાણે કે મેં હુશિયારીથી કર્યું. મૂઢ છે મોટો. સમજાણું કાંઈ? એય! શું હશે આ? અહીં તો આ અંતરની લક્ષ્મી છે કહે છે. ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, પ્રભુ! તારા ગોદામમાં તો અનંત જ્ઞાન, દર્શન, આનંદાદિ અનંત પડ્યું છે. હવે એમાં જેટલી શક્તિ પ્રમાણે અંદર એકાગ્ર થઈ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યું, એનું પણ એને ખબર છે કે આટલો માલ મેં કાઢ્યો. સમજાણું કાંઈ? આહાહા!

એવું ચૈતન્યસામાન્ય નિજ આત્મતત્ત્વ **તે મોક્ષેચ્છુઓને...** ધર્મના જિજ્ઞાસુને **(મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે...** અંતરના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિકાળીદ્રવ્યને આશ્રયે પ્રગટ થાય, એ પ્રસિદ્ધ મોક્ષમાર્ગ વીતરાગમાર્ગમાં છે. **આ માર્ગ વિના મોક્ષ નથી.** આહાહા! કહો, સમજાણું કાંઈ? તીર્થંકર પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ એના માર્ગમાં અંતરનો દ્રવ્યસ્વભાવ એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-વીતરાગીદશા થાય, તે મોક્ષેચ્છુને એક જ પ્રસિદ્ધ માર્ગ છે. બીજો મોક્ષનો માર્ગ ભગવાનના માર્ગમાં નથી. અજ્ઞાનીઓ કલ્પે તો અજ્ઞાનીના ઘરનું. એમાં કાંઈ એને મોક્ષ થાય નહીં. લ્યો, શ્લોક બહુ સારો આવી ગયો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ-૧૧, મંગળવાર, તા. ૧૧-૧-૧૯૭૨**
**ગાથા - ૧૪, શ્લોક - ૨૪-૨૫, પ્રવચન નં. ૨૨**

આ નિયમસાર–મોક્ષમાર્ગ અધિકાર છે. જીવ અધિકારની ગાથા તેર થઈ ગઈ છે.

**चक्खु अचक्खू ओही तिण्णि वि भणिदं विहावदिट्ठि त्ति।**
**पज्जाओ दुवियप्पो सपरावेक्खो य णिरवेक्खो॥ १४॥**
**ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;**
**નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના. ૧૪.**

એની **ટીકા : આ, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે.** શું કહે છે? કે અહીં આત્મામાં ચક્ષુદર્શનાદિની જે પર્યાય થાય છે એ અશુદ્ધ છે. એને એટલો માનવો એ હેય છે–એ બુદ્ધિ હેય છે. (શ્રોતા : એને એટલો માનવો એનો અર્થ?) એટલા અંશ પૂરતો માનવો, એ જીવને એક સમયની પર્યાય જેટલો. પર તો પોતાના નહીં, રાગ ને દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પ થાય એ વિકાર પોતાનું સ્વરૂપ નહીં, પણ અહીં એક સમયનો જે આ અશુદ્ધ ઉપયોગ છે, અત્યારે અશુદ્ધ ઉપયોગની વ્યાખ્યા ચાલે છે, એ પણ એક સમયની દશા છે, એ પોતાનું કાયમી સ્વરૂપ નહીં. એથી પોતાની તે ચીજ આખી નહીં. સમજાય છે કાંઈ?

આખી ચીજ તો પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલી ચીજ એ પૂર્ણ વસ્તુ જે ઉપાદેય અને પોતાની નિશ્ચયથી છે. એક સમયની પર્યાય પણ ખરેખર પોતાનું મૂળ આખું સ્વરૂપ નથી. આહાહા! સમજાણું કાંઈ? ક્યાં સુધી એને જાવું છે? હજી તો બહારના મોટા લફરાં કરીને પૈસા, આબરૂ, કીર્તિ ને ધૂળ એ મારા... (શ્રોતા: આજ પૈસા ને ધૂળ વચ્ચે ફેર પાડ્યો.) આ વિશેષ સ્પષ્ટીકરણ કર્યું. આ પૈસા એટલે ધૂળ એમ. આ મારા.. અરેરે! એ તો મહા મિથ્યાત્વભાવ છે. અને રાગ-દ્વેષ ને પુણ્ય-પાપના ભાવ થાય એ મારા એ પણ મહા મિથ્યાત્વનો ભાવ છે. અહીંયા તો અશુદ્ધદર્શનોપયોગની પર્યાય થાય એટલો હું, એ તો વ્યવહારનયનો વિષય છે. આહાહા! અંતર ચિદાનંદસ્વરૂપ ધ્રુવનો આશ્રય લેતાં ધર્મીને એ પર્યાયો બધી હેય છે. શેઠ! આરે ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

એ અશુદ્ધદર્શન અને શુદ્ધ-અશુદ્ધ પર્યાયની સૂચના છે. એ લાંબી વાત છે. શુદ્ધ પર્યાયના બે ભેદ લેશે. કેવળજ્ઞાન અને અહીંયા તો અગુરુલઘુ આદિની પર્યાય લેશે. સમજાણું કાંઈ? અશુદ્ધપર્યાયમાં નારકી આદિની વ્યંજનપર્યાય એ બધી હેય છે. જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહા! હિત જેને કરવું હોય એણે તો પૂર્ણ સ્વરૂપ શુદ્ધ કારણભગવાન એનો આશ્રય કરવો અને એને ઉપાદેય કરવો. આવી વાત છે. સમજાણું કાંઈ? એ માટે એનો

વ્યવહારનયનો વિષય શું એ જણાવે છે. જાણીને એ હેય છે એમ બતાવે છે. સમજાણું કાંઈ? આહાહા! પુણ્ય-પાપના વિકલ્પો હેય છે, બીજા જ્ઞેય તો જ્ઞેય તરીકે હેય છે. આ તો એની પર્યાય તરીકે છે એ પણ હેય છે. આહાહા! સમજાણું? છોડવાલાયક છે. એ અશુદ્ધદર્શન અને શુદ્ધ-અશુદ્ધ પર્યાયની સૂચના છે. હવે અહીંયા વ્યાખ્યા તો દર્શનની કરવી છે, પણ એને મેળવે છે.

**જેમ મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને જાણે છે...** મતિજ્ઞાનાવરણીય કર્મ છેને, એનો ક્ષયોપશમ થતાં જીવ મૂર્ત વસ્તુને જાણે. અહીં એમ લીધું કે એનો ક્ષયોપશમ થાય ત્યારે આ જાણે. એ તો નિમિત્તનું કથન છે. પોતામાં એ જાતના જ્ઞાનની વિકાસની યોગ્યતા થાય છે ત્યારે ત્યાં મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય. વાંધા બધા આ અત્યારે છે. આહાહા! ટોડરમલજી સાથે મેળવે છેને હમણા અહીંની વાતને. ટોડરમલજી આમ કહે છે. જુઓ! પ્રતિબદ્ધ કારણ મતિજ્ઞાનાવરણીયનું આ હોય છે, એને આ હોય છે. અને આ કહે છે ના, કર્મનું આવરણ એને નથી, એ તો નિમિત્તરૂપે છે. પોતાને કારણે પર્યાય હીણી પડે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આ વાંધા. ટોડરમલજી સાથે અહીંનું મેળવે છે વિરોધ કરવા. (શ્રોતાઃ ......) પણ એ ક્યાંથી કરે? વ્યવહારનયનો વિષય એકબીજાના કારણ-કાર્યને ભેળવે છે, એકના ભાવને બીજાનો કહે છે, એ માન્યતા કરતાં તો મિથ્યાત્વ થાય છે એને. એ વાત રાખીને વાંચે તો ખબર પડે. અહીંયા આ છે જુઓ!

**મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી...** જડનો ક્ષયોપશમ થાય ત્યારે અહીં મતિજ્ઞાનનો વિકાસ થાય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા! એક વાત. બીજી વાત કે મતિજ્ઞાનનો ઉઘાડ પોતાની યોગ્યતાથી થાય એ મૂર્ત વસ્તુને જાણે. અહીં બતાવવું છે દર્શનનું. એ મતિજ્ઞાનનો પર્યાય પણ વ્યવહારનયનો વિષય ને હેય છે આહાહા! સમજાણું કાંઈ? મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કહેવો એ પણ હેય છે, નિમિત્ત છે એટલે. અહીં ઉઘાડ થયેલી યોગ્યતા એ પણ હેય છે, કારણકે એક સમયની દશા છે. ઉપાદેય તો, અંદરમાં જેને હિત કરવું હોય ને સુખી થવું હોય એને અંદર ત્રિકાળી જ્ઞાયકભાવ જ્ઞાન-દર્શનનો ઉપયોગ કારણ-ઉપયોગથી ભરેલો એ આદરણીય ને ઉપાદેય છે. આહાહા! ભારે વાતું ભાઈ! કહો, પોપટભાઈ!

**તેમ ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) મૂર્ત વસ્તુને દેખે છે.** એ તો એની સાથે મેળવ્યું. ઓલું વિશેષ જાણે છે એની સાથે સામાન્ય દેખવાની પર્યાય છે. નીચે છે. **સામાન્યપણે અવલોકવું, સામાન્ય પ્રતિભાસ થવો**. 'ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી' એ પણ નિમિત્તનું કથન, વ્યવહારનયનું કથન છે. માટે નિમિત્ત એ રીતે હેય છે અને ચક્ષુદર્શનનો ઉપયોગ જે થાય અંદર પર્યાય, એ છે એની દશા, પણ એક સમયની અવસ્થા હેય છે, આદરણીય છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ બહુ ઝીણો છે ભાઈ! અનંતકાળે અપૂર્વ

ચીજને એણે જાણી નથી, પકડી નથી, અનુભવી નથી, પરિચયમાં આવી નથી. એથી કહે છે કે ચક્ષુદર્શનાવરણીયના ઉઘાડથી જે મૂર્ત વસ્તુને જાણે એવી એક પર્યાય (અર્થાત્) આત્માની દશામાં દેખવાનો ભાવ એ હેય છે. જાણવાલાયક છે, આદરવાલાયક નથી આહા! ભારે વાત.

**જેમ શ્રુત-જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી...** લ્યો, બધે એ જ આવ્યું. કહે છે, મેળવો શાસ્ત્ર સાથે. શ્રુતજ્ઞાનાવરણીય એક કર્મ છે જ્ઞાનાવરણીયનો (ભેદ). 'એના ઉઘાડથી' એ નિમિત્તથી કથન છે. પોતાનો અહીં વિકાસ થાય એટલે ન્યાં ક્ષયોપશમ એનો હોય. છતાં એનાથી શ્રુતજ્ઞાનનો ઉઘાડ થાય એ પણ નિમિત્તનું કથન છે, હેય છે. આહાહા! અને પોતાની શ્રુત(જ્ઞાન)ની પર્યાયમાં ક્ષયોપશમજ્ઞાનની અવસ્થા જે થાય એ પણ હેય છે, આદરણીય નથી. કેમકે એક અંશ છે. વ્યવહાર આત્માનો અંશ છે. નિશ્ચય આત્માનું સ્વરૂપ ત્રિકાળ છે એ જ આદરણીય અને ઉપાદેય છે. આહાહા! ભારે વાતું ભાઈ! હવે ક્યાં જાવું એને? આહાહા! હજી તો અટવાણો બહાર. વાંધો તો એને વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય, કર્મને ઉઘાડે આત્માની જ્ઞાનદશા થાય. આ બધી પરાધીનની વાતું. સમજાણું કાંઈ?

અરેરે! અનંત ચોરાશીના અવતારમાં એ રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ કાં અંશબુદ્ધિ એને લઈને અટકેલો છે. ત્રિકાળી ભગવાન ધ્રુવ ચૈતન્ય મહાપ્રભુ શુદ્ધ ધ્રુવતત્ત્વ તેને એણે ઉપાદેય (માન્યો નથી) અથવા ત્યાં નજર કોઈ દિ' કરી નથી. સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ! ત્યારે કહે, પરથી લાભ ન માનો તો પછી આ મંદિરો ને મૂર્તિઓ આ બધું શું થાય છે આ? કહો, શેઠ! ભાઈ! એ તો એને કારણે ત્યાં થાય અને ધર્માત્માને શુભભાવ આવે ત્યારે ત્યાં લક્ષ જાય. પણ એ શુભભાવ પણ હેય છે અને એ ચીજ જ્ઞેય તરીકે હેય છે. આરે ભારે વાત. અને તે વખતની જે ક્ષયોપશમની પર્યાય જાણે છે કે આ ભગવાન ... છે એક સ્થાપના, એ એક સમયની પર્યાય પણ આદરણીય નથી. છે એમ જાણવાલાયક છે. આહાહા! આવો માર્ગ છે ભાઈ!

અરેરે! રઝળતા પ્રાણી ચોરાશીમાં નિરાધાર, અશરણ છે. એને શરણ તો એક અંદર દ્રવ્યસ્વભાવ ત્રિકાળ એ છે, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? એક સમયની અવસ્થા પણ એને શરણ નથી, તો પછી પુણ્ય-પાપના ભાવ ને આ બધા બાયડી, છોકરા અને દેવ-ગુરુ-શાસ્ત્ર લ્યોને, આહાહા! એ પણ શરણ નથી. ભીખાભાઈ! ભારે વાત આવી. એ તો હેય છે, એના સંબંધે રાગ થાય એ હેય છે અને એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં–પર્યાયમાં થાય એ પણ હેય છે. સમજાણું કાંઈ? આવી વાત છે ભાઈ! આમાં કોઈની અપેક્ષા લાગુ પડે એવી નથી. કોઈની સિફારીશ આમાં લાગુ પડે એવી ચીજ નથી.

કહે છે, જેમ શ્રુતજ્ઞાનાવરણીયના ઉઘાડથી–**શ્રુત દ્વારા દ્રવ્યશ્રુતે કહેલા મૂર્ત-અમૂર્ત સમસ્ત વસ્તુસમૂહને પરોક્ષ રીતે જાણે છે...** એ તો એની સાથે દેખવાનું મેળવવું છે એટલું. **તેમ અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ) સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા તેને**

**તેને યોગ્ય વિષયોને દેખે છે.** એ અચક્ષુદર્શનનો ઉઘાડ કહેવાય. અચક્ષુદર્શનાવરણીયના ક્ષયોપશમથી કહ્યું એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. હવે અહીં થયેલી પર્યાય ચક્ષુ સિવાય (ચાર) ઇન્દ્રિયથી જાણે, નિમિત્ત છે (ચાર) ઇન્દ્રિય, એ પણ ક્ષયોપશમની અવસ્થા જાણવા જેવી છે, અસ્તિ છે એટલે. એને આત્માની શાંતિ માટે શરણ તો ત્રિકાળીનું લેવા જેવું છે. સમજાણું કાંઈ? બરાબર છે આ? (શ્રોતા : બરાબર પ્રભુ! એકદમ ત્રિકાળીનું જ શરણ લેવાનું છે.) એય! ૧૪ વર્ષનો છે. આમને પચાસ થયા છે. રણકાર આવે જુઓ! એવો. આત્મા તો સરખા છે. આત્મામાં ક્યાં ફેર છે અંદર? ફેર માન્યો છે. અહીં તો એક પર્યાય જેટલો માન્યો તો એણે ફેર માન્યો એમ કહે છે. આહાહા! મોક્ષમાર્ગ કહેવો છેને! મોક્ષમાર્ગ કાંઈ પર્યાયને આશ્રયે થતો નથી. જણાવે છે, એવી વ્યવહારની જેટલી ચીજો જેમ છે એમ એનું જ્ઞાન કરાવે. આહાહા! પણ... આવો માર્ગ છે ભાઈ! વાદવિવાદે કાંઈ પાર પડે એવું નથી. એવી છે ચીજ અંદર.

**જેમ અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ)...** જુઓ! ટોડરમલજી સાથે મેળવે, પણ આની સાથે મેળવતા વાંધો આવશે. અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી.... પણ કઈ નયનું એ વચન છે? એ જાણ્યા વિના અર્થ કરે તો નહીં સવળા સમજાય. ભાઈ! વ્યવહારનયનું કીધુંને, એક કારણનો બીજામાં આરોપ, એક ભાવનો બીજાનો આરોપ. આ કર્મના ક્ષયોપશમથી–અવધિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી **શુદ્ધપુદ્ગલપર્યંત (પરમાણુ સુધીના) મૂર્તદ્રવ્યને** અવધિજ્ઞાની **જાણે છે...** પરવસ્તુ છે એ હેય છે, કર્મનો ક્ષયોપશમ કહેવો એ પણ નિમિત્તનું જ્ઞાન હેય છે, નૈમિત્તિક છે અને ક્ષયોપશમ થયેલું અવધિજ્ઞાન એ પર્યાય એ હેય છે. આહાહા! આવી વાત છે ભાઈ! નવા માણસને તો ગળે ઉતરવી કઠણ કે હજી શું કહે છે. બેસે તો ક્યાંથી? પણ શું કહે છે (એ તો જાણવું જોઈશે).

**તેમ અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી (જીવ)...** બધામાં આ લીધું લ્યો. કાલે જ આવ્યું છે ટોડરમલનું. ટોડરમલજી સાથે મેળવો કાનજીસ્વામીને. ...... કહો, સમજાણું કાંઈ? અવધિદર્શનાવરણીયના ઉઘાડથી કહેવું એ પણ નિમિત્ત છે. પોતાની પર્યાય જ્યારે એ જાતના ક્ષયોપશમની પ્રગટ થાય છે ત્યારે ત્યાં એવો ક્ષયોપશમ કર્મનો હોય. તે **સમસ્ત મૂર્ત પદાર્થને દેખે છે.** છતાં એ અવધિજ્ઞાન ને અવધિદર્શનની પર્યાય એક સમયની હેય છે. નવી ધર્મપર્યાય પ્રગટ કરવા માટે એનું શરણ ને એનો આશ્રય નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? એ તો ત્રિકાળી ભગવાન એનો આશ્રય છે એમ કહે છે. **(ઉપર પ્રમાણે) ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી અહીં પર્યાયનું સ્વરૂપ કહેવામાં આવે છે:** હવે પર્યાય કહે છે અવસ્થા. આ ઉપયોગ છે તો પર્યાય, પણ એને મુખ્યપણે ગુણ ગણીને જ્ઞાન-દર્શનના ભેદો પાડીને સમજાવ્યું છે.

**परि समन्तात् भेदमेति गच्छतीति पर्यायः અર્થાત્ જે સર્વ તરફથી ભેદને પામે...** એટલે કે આત્મામાં, જડમાં... અહીં તો આત્માની વ્યાખ્યા છે. આત્માની અંદરમાં પર્યાય તે

વર્તમાન અંશ એ ભેદરૂપ થાય, ત્રિકાળનો ભેદ છે. ત્રિકાળ અભેદ વસ્તુ છે અને એક સમયનો અંશ તે ભેદ છે. એમાં હવે શુદ્ધ કારણપર્યાય પણ નાખશે. એને ભેદ તરીકે ન લેતાં અહીં તો સામાન્ય વ્યાખ્યા કરી છે. **તેમાં, સ્વભાવપર્યાય છ દ્રવ્યને સાધારણ છે...** એક અગુરુલઘુની સ્વભાવિક પર્યાય થાય છે છએ દ્રવ્યમાં. એ છએ દ્રવ્યને સાધારણ છે, છતાં એ પર્યાય પણ હેય છે. આહાહા! સમજાણું કાંઈ? **અર્થપર્યાય છે...** છએ દ્રવ્યમાં એ છે. એ અર્થપર્યાય છે. વ્યંજન એટલે પ્રદેશની આકૃતિની એ દશા નથી. બધા ગુણોની વર્તમાન અગુરુલઘુને લઈને અર્થપર્યાય છે. **વાણી અને મનને અગોચર છે...** આહાહા! જે વાણી અને મનથી પણ અગમ્ય પર્યાય છે. **અતિ સૂક્ષ્મ છે, આગમપ્રમાણથી સ્વીકારવાયોગ્ય** છે. આગમપ્રમાણથી સ્વીકારવા યોગ્ય છે. સિદ્ધાંતે કહ્યું પરમાત્માએ, માટે સ્વીકાર કરવાલાયક છે. એના ખ્યાલમાં આવી શકે એવી વાત (નથી), સૂક્ષ્મ છે. આહાહા!

તેમ જ **છ હાનિવૃદ્ધિના ભેદો સહિત છે...** એ જાણવા જેવી વાત છે. **અર્થાત્ અનંતભાગ વૃદ્ધિ, અસંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતભાગ વૃદ્ધિ, સંખ્યાતગુણ વૃદ્ધિ, અસંખ્યાતગુણ વૃદ્ધિ અને અનંતગુણ વૃદ્ધિ સહિત હોય છે અને એવી રીતે (વૃદ્ધિની જેમ) હાનિ પણ ઉતારાય છે.** વૃદ્ધિની જેમ હાનિના છ પ્રકાર. જેમકે આવ્યુંને એમાં? અનંતભાગ વૃદ્ધિ એમ અનંતભાગ હીણ, અસંખ્યાતભાગ વૃદ્ધિ એમ અસંખ્યાતભાગ હીણ, સંખ્યાતગુણી હીણ, અસંખ્યાતગુણી હીણ અને અનંતગુણી હીણ. મોટી વ્યાખ્યા છે આ. આ વ્યાખ્યા તો પહેલેથી ૬૮ની સાલથી જાણીએ છીએ આ બધું. ષટ્ગુણહાનિવૃદ્ધિ આવે છે થોકડામાં. ઓલા સંજયનું આવેને. સંજયા ને વિયથ્થા બે આવે છે. એ પાળિયાદમાં ૬૮ની સાલમાં પહેલા આ આવી હતી. જાણવાની વાત બહુ એમાં આવે છે. મૂળ ચીજ એકકોર રહી ગઈ.

એ પર્યાય પણ હેય છે. આવી છએ દ્રવ્યમાં ને આત્મામાં પણ ષટ્ગુણહાનિ-વૃદ્ધિવાળી શુદ્ધ અર્થપર્યાય છે, એનો આશ્રય કરવાલાયક નથી. કહો, સમજાણું કાંઈ? એમાં કાંઈ વાંધો આવતો હતોને ઓલો. દહેરાદૂનવાળો... અહીં આવ્યું હતુંને પહેલા? આ અગુરુલઘુનું કાંઈ હતું ખરું. દહેરાદૂન, નહીં? અગુરુલઘુનો કાંઈ વાંધો હતો આનાથી વિરુદ્ધમાં. કાંઈક હતું ખરું. અગુરુલઘુસ્વભાવ સ્વભાવ ફલાણું... એમ આવ્યું હતું. સાંભળ્યું નથી. અહીં તો એ અગુરુલઘુની પર્યાય આત્મામાં જ્ઞાન, દર્શન આનંદાદિ બધામાં થાય. એવો ભગવાને કોઈ ભાવ જોયો છે, પણ દૃષ્ટિમાં આદરણીય નથી. જાણવાલાયક છે. એમાં કાંઈ વાંધો આવ્યો હતો. છાપામાં આવ્યું હતું. ઘણો વખત થઈ ગયો છે.

**અશુદ્ધપર્યાય નર-નારકાદિ વ્યંજનપર્યાય છે.** અહીં વ્યંજનશુદ્ધપર્યાયને આમાં લીધી નથી. અશુદ્ધ. આ મનુષ્યનો દેહ છે એનો એવો આકાર આત્માનો હોય છેને ત્યાં, એને અશુદ્ધપર્યાય કહેવાય છે. આ તો જડ છે, પણ આત્મા એના આકાર પ્રમાણે અંદર રહે છે

આકાર, એને વ્યંજન, પ્રગટ અવસ્થા બાહ્ય આકાર એને વ્યંજનપર્યાય કહે છે. એ નરની, નારકીની, દેવની અને પશુની ને એકેન્દ્રિયની એ બધી વ્યંજનપર્યાય છે, છતાં એ હેય છે. જાણવાલાયક છે.

**હવે ૧૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોકો કહે છેઃ**

**अथ सति परभावे शुद्धमात्मानमेकं**
**सहजगुणमणीनामाकरं पूर्णबोधम् ।**
**भजति निशितबुद्धिर्यः पुमान् शुद्धदृष्टिः**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥२४॥**

હવે એનું માખણ(રૂપ) સાર આવ્યો. આહાહા! અહીં કહે છે કે ભાઈ! તારી પર્યાયમાં **પરભાવ હોવા છતાં...** આ શરીર, વાણી, મન નહીં. એ તો પર છે, પરપણે રહ્યા છે એની વાત નથી. અહીં તો તારી દશામાં પુણ્ય ને પાપના વિકલ્પો ને વિભાવો ભાવરૂપ રહ્યા હોવા છતાં **સહજગુણમણિની ખાણરૂપ...** અંદર ભગવાન આત્મા સ્વભાવિકગુણમણિ... કહો, આ મણિરતન ને હીરારતન કહે છેને બધા ધૂળના. અહીં તો સહજગુણમણિની રતનની ખાણ આત્મા છે. સહજ–સ્વભાવિક ગુણમણિ... ગુણરૂપી મણિ... અનંતગુણો (છે) આત્મામાં એની ખાણરૂપ. આહાહા! અનંતગુણની મણિરૂપી.. ગુણમણિરૂપ ખાણ એવો ભગવાન ધ્રુવ આત્મા. શબ્દોથી કહેવાય? એ તો ઇશારા છે. આ ભગવાન આત્મા... શરીર, વાણી, મન તો જુદા છે, એની સાથે કાંઈ સંબંધ નથી, પણ અંદરમાં કર્મથી જુદો છે. પુણ્ય-પાપના ભાવ થાય એ પરભાવ, વિકાર, દુઃખરૂપ, ક્લેશ છે. એથી આત્મા જુદો છે. એવું ભલે હો, પણ વસ્તુમાં તો સહજગુણમણિની ખાણ છે અંદરમાં, એમ કહે છે સમજાણું કાંઈ?

અસ્તિ તો બે સિદ્ધ કર્યા. છે, એમ. પુણ્ય ને પાપના વિકલ્પો–વિભાવો.. આ રળવાનો ભાવ, ભોગનો ભાવ, ક્રોધનો, માનનો, માયાનો અને લોભનો, પૈસા સાચવવાનો, વાપરવાનો, વ્યાજ ઉપજાવવાનો એ બધો ભાવ આકુળતા ને દુઃખદાયકભાવ છે, એ પરભાવ છે કહે છે. હો, છતાં વસ્તુ સહજગુણમણિની ખાણ આત્મા છે. મહાઅસ્તિત્વ તો આ છે. સમજાણું કાંઈ? **સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા...** પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે... જ્ઞાનસ્વભાવ જ જ્યાં છે, જ્ઞાનનો જ્યાં સ્વભાવ જ એનો છે, અનંત–બેહદ જેનો સ્વભાવ એવો પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. વસ્તુમાં અપૂર્ણ કેવું ને વિપરીત કેવું? ત્રિકાળ જ્ઞાનભાવ એવો સ્વભાવ એ આત્માનો, એવા પૂર્ણ જ્ઞાનવાળા... જોયું! વર્તમાન પર્યાયની જે દશા કીધીને અશુદ્ધની, એને કાઢી નાખીને વાત કરી છે. આહાહા! ત્રણે દર્શનની પર્યાય અને અશુદ્ધ વ્યંજનપર્યાય અને આ બધું. કહે છે, એ બધા ભાવો હો, છતાં છે એ વ્યવહારનયનો વિષય જાણવાલાયક છે. ધર્મીને સુખને માટે આદરવાલાયક પૂર્ણ જ્ઞાનવાળો શુદ્ધ આત્મા છે. અંદર વસ્તુ છે એ જ્ઞાનથી ભરેલો સ્વભાવ છે,

પૂર્ણ છે. વસ્તુ છે આત્મા એટલે જ્ઞાનસ્વભાવથી ભરેલું તત્ત્વ છે. પૂર્ણ જ્ઞાન છે એનામાં. એવો એનો ગુણસ્વભાવ છે. આહાહા!

પહેલા 'સહજગુણમણિની ખાણ' કીધુંને. જ્ઞાનની પ્રધાનતાથી એને વર્ણવે છે. પૂર્ણ જ્ઞાનવાળા **શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો...** આહાહા! એવો એક સ્વરૂપ ભગવાન આત્મા એને જે તીક્ષ્ણબુદ્ધિવાળો... એમાં જે દૃષ્ટિ મૂકે છે એ તીક્ષ્ણબુદ્ધિવાળો છે એમ કહે છે. બાકી બધા બુદ્ધિના બારદાન છે. સમજાણું કાંઈ? આહાહા! એ તીક્ષ્ણબુદ્ધિવાળો **શુદ્ધદૃષ્ટિ પુરુષ...** ભગવાન ત્રિકાળ નિત્યાનંદ અનંત સહજગુણમણિની ખાણ છે. જેમાં ખોદતાં (અર્થાત્) એકાગ્ર થતાં આનંદ ને શાંતિ ને કેવળજ્ઞાન પ્રગટ થાય એવી એ ખાણ છે. અને શુદ્ધજ્ઞાનવાળા.. પૂર્ણ શુદ્ધ.. પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધાત્માને જે તીક્ષ્ણબુદ્ધિવાળો એકને જ... એ એકને જ, એમ. પર્યાયને નહીં, રાગને નહીં, ભગવાનને નહીં. ભગવાનને ભજે નહીં એમ કહે છે. (શ્રોતાઃ ભગવાનને જ ભજે છેને. પોતે ભગવાન છે). આવા આત્માને–અંદર વસ્તુને... મહા અસ્તિ સત્તા છે, જે પૂર્ણ જ્ઞાનવાળો શુદ્ધ આત્મા છે એવા એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો... જ્ઞાન પણ લીધું તીખું અને શુદ્ધદૃષ્ટિ... જેનું જ્ઞાન તીખું ઝીણું છે, જે અંદરમાં આત્માને પકડે છે અને **શુદ્ધદૃષ્ટિ પુરુષ**... જેની દૃષ્ટિ શુદ્ધ છે તેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. કહો, સમજાણું કાંઈ?

એ **શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે...** એવો ભગવાન પૂર્ણ જ્ઞાન અને શુદ્ધ આત્મા એવી ચીજ જે ત્રિકાળી એની એકની ઉપર જ્ઞાન મૂકે છે તીક્ષ્ણ ઝીણું અને બુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિપુરુષ એને ભજે છે, એમાં એકાગ્ર થાય એને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. નિયમસાર છેને આ! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આવી વાતું હોય અને પાછા કહે કે આવું કરે. ભાઈ! કરે નહીં, હોય ત્યાં. સાંભળને! કહે છે કે એનો મેળ ખાતો નથી. આવી વાતું નિર્વિકલ્પ ને આવો ને આવો ને આવો ને વળી પાછું પુસ્તક બનાવવા, મંદિરો બનાવવા, બીજાને શીખવવું, શિક્ષણ શિબિર કાઢવી, શું કહેવાય એ? શિબિર શિક્ષણ. એ શેઠ! આ શેઠે કાઢ્યું હતુંને. હમણા જ કાઢ્યું હતું. આહાહા! ભાઈ! એ કાળે હોય એ હોય એને કારણે. એમાં રહેલો માણસ હોય એને જરી શુભરાગનો વિકલ્પ પણ હો અને વિકલ્પ સંબંધીનું જ્ઞાન પણ હો, પણ એ નિશ્ચયથી અંતરમાં આદરણીય નથી. આહાહા! ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ?

**એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે**... ભજન એટલે એમાં ભગવાન આત્માની એકાગ્રતા કરે છે. આહાહા! લ્યો, આત્માને ભજે છે, કહે છે, આવા એકને. એટલે શું? માળા ફેરવતો હશે? આત્મા.. આત્મા.. આત્મા એમ હશે? ત્યારે શું હશે? એકાગ્ર થાય, એ દ્રવ્યમાં એકાગ્ર થાય એ એનું ભજવું. શેઠ! આવી વાતું ઝીણી બહુ બાપા! આહાહા! ..... બહારનો હોય, એ તો કીધુંને કે પરભાવ હો, ભલે પડ્યો હો, રાગાદિ હો. ગુણ-પર્યાય પછી લેશે. ગુણ-પર્યાય હો, એમ. આ હોવા છતાં પછી બીજા કળશમાં 'પરગુણ પર્યાયો હોવા છતાં'

એમ લેશે. આહાહા! કહે છે કે જ્યારે તને સુખી થવું હોય અને દુઃખને ટાળવું હોય, એ ટાળવું તો ટળી જાય છે, પણ સુખી થવાનું હોય અને સુખ જોઈતું હોય તો એ ત્રિકાળી એક આત્મા ઉપર ભજન કર (એટલે) એકાગ્ર થા (તો) ત્યાં સુખ ઉપજશે. એ સુખનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની અંતરની એકાગ્રતાથી થાય છે. સમજાણું કાંઈ?

આ નિયમસાર ન્યાં સ્વિત્ઝરલેન્ડમાં વાંચે તો સમજાય એવું નથી હોં. સમજાય? રૂપિયાની છોળો ઉડતી હોય ને ચારેકોર આહા.. શેઠ.. શેઠ.. શેઠ.. શેઠ કરતા હોય લ્યો. ઓહોહો.. બાપ જાય તો નવરાશ ન મળે પા કલાક બેસવાની. કોઈક કહેતું હતું. ... એ તો પૂનમની વાત છે. એની વાત નથી. એને વખત ન મળે મુંબઈમાં. એ બીજી ઉપાધિ હશે ત્યાં. કહો, સમજાણું કાંઈ? આહાહા! અહીં તો પરમેશ્વર એમ સિદ્ધ કરે છે. બેય વાતું સિદ્ધ છે. એક પરવસ્તુ તો પર હો, એનામાં રહી, એની સાથે તારે કામ છે નહીં. તારામાં થતાં પુણ્ય ને પાપના ભાવ હો, એમ કહે છે. હો, છે, એથી શું? ભગવાન ત્રિકાળી આનંદનો કંદ પ્રભુ જેમાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ પૂર્ણ શુદ્ધ ભર્યો છે. એવો ભગવાન આત્મા એમાં નજર કર, એમાં જ્ઞાનને લગાવ ને દૃષ્ટિને ત્યાં જોડ, એમાં એકાગ્ર થા, એનું નામ મોક્ષમાર્ગ છે. કહો, પંડિતજી! આવો મોક્ષમાર્ગ? બહુ આકરો કહે છે એમ કહે છે. સોનગઢવાળા આકરો કહે છે. આ સોનગઢનું છે કે આ ભગવાનનું છે? આહાહા! કોઈ દિ' એણે જોયું ન હોય, સાંભળ્યું ન હોય. એ..ય સોનગઢવાળાએ આવો માર્ગ–મોક્ષમાર્ગ મોંઘો કરી દીધો છે.

કાલ દાખલો નહોતો આપ્યો ઓલો વાણિયાનો? બહુ ખુશી થયા તમારે શેઠ. .... અમારે એક મહારાજ હતા હીરાજી મહારાજ. એ બીજો દાખલો આપતા, બીજો આપતા. ભરૂચ (આગળ) નર્મદા નદી છેને મોટી નદી. ત્યાં સામે...... સામે એમ કે કોઈ તીર્થધામ હોય. મોટી નદી. બાર મહિને આવે એનો (દિવસ) તીર્થનું જવાનું વહાણમાં. વહાણમાં પાંચ-પાંચ રૂપિયા લે. એમાં એક આંધળો હતો છોકરો વીસ-પચ્ચીસ વરસનો. એને બાપનું વહાણ હતું, પણ ભાંગી ગયેલું, તૂટી ગયેલું. હવે મેળાનો દિ' આવ્યો. મા ને દીકરો બેય નાની ઉંમર. માને રળીને ખવરાવવાનું સાધન કાંઈ ન મળે. કહે, બા! એક તૂટકો કરું છું. આ મારું તો મરણ થાશે, પણ તારે પૈસા આજીવિકા મળશે. ઓલું ભાંગ્યુંતૂટ્યું વહાણ હતુંને, એને કાગળ ચોડ્યા રંગબેરંગી કાગળ. એવું બનાવ્યું. અને પોતે આંધળો છે એમ ખબર ન પડે એટલે કાળા ચશ્મા ચડાવ્યા.

વહાણમાં ઓલો કહે પાંચ રૂપિયા, આ કહે એક રૂપિયો. ઘરાક બેઠા માણસ. સોંઘે-સોંઘે માણસ ભરાઈ ગયું પાંચસો-હજાર એકદમ. રૂપિયા લઈને એને માને આપી આવ્યો. લો મા! કદાચ મરી જાઉં તો મરી જાઉં અને બચું તો બચું. આવું છે હવે આ. એ જ્યાં આઘું ચાલ્યું, ઓલા કાગળનું હતું રંગીન કાગળ ચોટેલા. સારું રંગીન બનાવ્યું હતું. પલળ્યું ને પાણી આવવા માંડ્યું. ઓલા માણસો કહે, એલા! આ શું? હું આંધળો છું ખબર નથી. જો આંખ... તમે આંધળા

છો બધા? ઓલા પાંચ રૂપિયા લે ને હું એક રૂપિયો લઉં. સસ્તુ હશે (તો) આમાં કાંઈક હશે (એની ખબર ન પડી). એમ લોકોને એવો ધર્મ સોંઘો બતાવી દીધો. આમાં ધર્મ થાશે, પરોપકારમાં ધર્મ થાશે, દયા-દાનમાં ધર્મ થાશે, પૈસામાં ધર્મ થાશે, ફલાણામાં ધર્મ થાશે, મંદિર બનાવવામાં ધર્મ થાશે. બેઠા અંદર. ડૂબે સાગરની માંહે હાય.. હાય! આ? સોંઘે બતાવ્યું તો ભાન નથી તમને? ધર્મ થાશે, જાઓ, મકરસંક્રાત પુણ્ય પરવણી. આહાહા!

એક શુભભાવ કર તો તારું કલ્યાણ થશે. હાલો બાપા! કરીએ કંઈક ક્રિયા. આહા! પણ મરી જઈશ ત્યાં રાગમાં. એ છિદ્ર મોટા કાણા આસ્રવ છે. એનાથી–આસ્રવથી તો બંધ આવશે. સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! આવું થયું છે બધાને હોં. સોંઘે મારગે જોડી દીધા, પછી ચડી ગયા માથે. જીંદગીયું જાશે તારી બધી, સાંભળને! ઓલો તો... જરીક ઓલા પાટીયા તૂટવા મંડ્યા, એકાદ પાટીયું મોટું લઈને કાંઠે વયો ગયો. આ બધા મરી ગયા. આહાહા! એમ આત્મા શું ચીજ છે, એને કેમ પમાય, એની શ્રદ્ધા-જ્ઞાનની ખબરું ન મળે અને સાર માટે કર્યું, આમ પરોપકાર કરો, દાન આપો, ફલાણું કરો, ઢીકણું કરો, વરસોવરસ પાંચ લાખ, પચાસ લાખ પેદા કરતા હો તો એનો દસમો ભાગ તો તમારે આપવો. જાઓ, કલ્યાણ થઈ જાશે. પાંચ લાખમાંથી પચાસ હજાર–એટલું તો આપે નહીં. મૂડીમાંથી ન કહે, (પણ) પેદાશમાંથી. એ પણ ન આપે સરખાઈના. ભગવાન કહે એટલા આપો, જાઓ કલ્યાણ. આ સંસારને નભાવવા માટે તમે એક એવી રકમ કાઢો કે જેથી પરંપરાએ તમારું કલ્યાણ થાશે. હરગોવિંદભાઈ!

એક પાઠશાળા બનાવો. અને એક રકમ એવી કાઢો જેથી નભ્યા જ કરે ને તમારું નામ અમર રહે. ધ્રુવફંડ કાઢ્યું નહીં આપણે ભાઈએ? નેમિદાસ, નહીં? એય! સાંભળ્યુંને? મંદિરમાં આવ્યા હતા અહીં. એક લાખ રૂપિયા દીધા. .... મંદિર પોતાનું, ત્યાં પોરબંદર. મૂડી તો આઠ-દસ લાખની છે. બાયડી મરી ગઈ છે, એકલો છે. એક લાખ કાઢ્યા. એક લાખ આપ્યા હમણા. નેમિદાસ ખુશાલ, નહીં? પોરબંદર ત્યાં મંદિર બનાવ્યું પોતે પિસ્તાલીસ હજારમાં અને એક લાખ આપ્યા ધ્રુવફંડ. નભે જાય. પછી એમ માને કે આહાહા.. ભાઈ! પૈસા-બૈસા તારા નહોતા. એમાં તેં રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે, ધર્મ-બર્મ નથી. લાખ આપીએ તો ધર્મ, નહીં? લાખ શું તારા કરોડ દેને. એ ક્યાં ધર્મ હતો? સાંભળને! એય!

અહીં તો કહે છે કે તારા જ્ઞાનની પર્યાય–ક્ષયોપશમની દશા તારે લઈને પ્રગટ થાય. એને આશ્રયે પણ ધર્મ થાય નહીં. આહાહા! ગજબ વાત છેને! એક મંદિર બનાવો દસ લાખનું, જેટલા ધર્મ કરશે એનો તમને દસમો ભાગ આવશે. આ દરબાર કહે છે ગરાસિયા. અમારા ગામમાં અહીં થાય તો દસમો ભાગ આવે. ધૂળેય આવે નહીં. આહાહા! આવી ને આવી ભ્રમણામાં જગત મરી ગયા છે. મીઠી છૂરી છે. વાત સાચી. અંતર વસ્તુ ચીજ શું છે એના ઉપર તીક્ષ્ણબુદ્ધિ મૂકવી અને દૃષ્ટિ કરવી, એવો પુરુષ, કહે છે કે એ આત્માને ભજે છે.

**તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે.** મુક્તિરૂપી પરિણતિ–સ્ત્રી એનો વલ્લભ થશે. મુક્તદશા એને એક સમય પણ છોડશે નહીં, એમ કહે છે. આહાહા! પહેલું તો હજી ગ્રાહ્ય થવું એને (કઠણ). સાંભળવા મળે નહીં. સાંભળવા નવરો થાય નહીં. .... જુદી-જુદી રીતે આપે. ત્રણ જણા નીકળ્યા છેને. જૈન... આના વિરોધમા ચોપડી કાઢી છે. રાજેન્દ્રકુમાર, ઓલો એક મોતીલાલ પોટ્રીવાળો. ત્રણ છે કોઈક. એક ત્રીજો છે કોઈક. નામ હતું ખરું. ત્રીજો લક્ષ્મીચંદ જૈન સ્વરૂપ, રાજેન્દ્રકુમાર મોતીલાલ. આવું હોયને લખાણ. આ કહ્યું છે કે કર્મના ક્ષયોપશમથી થાય. એ કહે છે કે નહીં, પોતાની યોગ્યતાથી થાય. એ વાંધો. અહીં તો કહે છે કે પર્યાયની યોગ્યતાથી પર્યાય થાય. એને આશ્રયે પણ ધર્મ ન થાય, લ્યો. આહાહા! ભારે કામ ભાઈ! આ તો આખો સંસાર ઉથલાવી નાખવો છે અને આખો મોક્ષના પડમાં જાવું છે એને. આહાહા!

સંસાર ઝેર, એકલો ઝેરથી સળગી રહ્યો છે સંસાર. પર્યાયમાં હોં, સંસાર બહારમાં નથી. બાયડી, છોકરામાં સંસાર નથી કાંઈ. એની પર્યાયમાં મિથ્યાશ્રદ્ધા, રાગ, દ્વેષ, આ મારા ને હું એનો—એમ સળગી ઉઠ્યો છે એના પર્યાયમાં. એમાંથી એકદમ મોક્ષના પડમાં જાવું હોય.. આહાહા! એ માર્ગ તો બીજા જ હોયને ભાઈ! સમજાણું કાંઈ? આવું જે અંતર સ્વરૂપ ભગવાન આત્મા એમાં એકાગ્ર થાય છે, એમાં બુદ્ધિને સન્મુખ લગાવે છે અને એમાં દૃષ્ટિને પસારે છે, એ એકાગ્ર થયેલો જીવ મુક્તિ એટલે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી એને પ્રાપ્ત થશે. એને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી વરશે અને કેવળજ્ઞાનરૂપી એની પરિણતિ એક સમય પણ એને છોડશે નહીં. એનો વલ્લભ થશે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

આ તો બાયડી મરી જાય... પહેલો પોતે મરે કાં એ મરે અને કહેવાય અર્ધાંગના. અર્ધાંગના કહે છેને લોકો. ધૂળેય અર્ધાંગના નથી. તું મરી જાય તો સાથે આવે છે એ? અને એ મરી જાય તું સાથે જાય છે? બેય જુદેજુદી ચીજ છે. અર્ધાંગના શેની? અડધું પાતળું અંગ તો તારી પર્યાય છે, મહા અંગ તો તારી ધ્રુવતા છે. અડધું પાતળું. ... કર્તા આખો એ છે. આખું અડધું અંગ નથી... આહાહા! પાતળું છે. આહાહા! સમજાણું કાંઈ? આવો વીતરાગનો માર્ગ છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવની ધ્વનિમાં, પરમેશ્વર ત્રિલોકનાથના પ્રવચનો–દિવ્યધ્વનિમાં આ આવ્યું છે, એવું સંતો પ્રકાશી રહ્યા છે. આહાહા! માર્ગ તો આ છે ભાઈ! કઠણ પડે, આકરો લાગે, ન બેસે, ઘણા માન્ય ન રાખે, એથી કરીને કાંઈ વસ્તુ ફરી જાય છે? સમજાણું કાંઈ? એક શ્લોક થયો. બીજો પચ્ચીસમો.

**इति परगुणपर्यायेषु सत्सूत्तमानां**
**हृदयसरसिजाते राजते कारणात्मा।**
**सपदि समयसारं तं परं ब्रह्मरूपं**
**भज भजसि निजोत्थं भव्यशार्दूल स त्वम्॥ २५॥**

**શ્લોકાર્થ : એ રીતે પર ગુણ-પર્યાયો હોવા છતાં...** એ બધા ગુણો ને પર્યાયો બધી તારી દ્રવ્યની એકતાથી ભિન્ન છે. બધા ભેદો ભિન્ન છે. એ રીતે ગુણ ને પર્યાયના ભેદો અભેદથી ભિન્ન છે. આહાહા! કેવી વાત કરે છેને! **ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં...** અંતરના હૃદય જ્ઞાનસરોવરમાં **કારણ-આત્મા વિરાજે છે.** આ વળી કારણ-આત્મા કેવો હશે? કોઈ ભગવાન હશે ઈશ્વર? તું પોતે કારણ-આત્મા ત્રિકાળી ધ્રુવ તું કારણપરમાત્મા પોતે છો. ઉત્તમ પુરુષોના હૃદયમાં ભાન છે. બીજાને ક્યાં છે? જેને ભાન છે એના હૃદયમાં છે. નથી ભાન એને કયાં હજી સમજણ થઈ છે? સમજાણું કાંઈ? વસ્તુ ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવભાવ જ્ઞાનના સરોવરમાં... ઉત્તમ પુરુષો, જેની દૃષ્ટિ ત્યાં પડી છે અને એ દૃષ્ટિમાં ધ્રુવ આવ્યો છે એવા પુરુષના હૃદયમાં જ્ઞાનમાં એ બિરાજે છે. આવો હોવા છતાં, ભાન નથી એને શું છે? સમજાણું કાંઈ? આહાહા!

**ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં કારણ-આત્મા વિરાજે છે**. આહાહા! જેણે એ ભગવાન આત્માની નજરું નાખી છે અને નજરમાં એને રાખ્યો છે. સમજાણું કાંઈ? જેની જ્ઞાનની દશામાં આખો જ્ઞાયક આત્મા તરવરે છે, એને 'છે' એમ કબૂલ આવ્યું છે. સમજાણું કાંઈ? માખણ છે આ ભગવાનજીભાઈ! અહીં તો ભગવાન થવાની વાતું છે. આહાહા! તારા બાયડી-પૈસા, છોકરા, આબરૂ હોળી મૂકવાની છે. હોળી સમજ્યાને? અમારી અહીંની ભાષા છા. પૂળો.. પૂળો મૂકેને અગ્નિનો. આગ લગા દે. '... મૂકે' કહે અમારી કાઠિયાવાડી ભાષામાં. આગ લગા દે. બાળ, તારામાં છે જ નહી. તારામાં વિકલ્પ છે જ નહીં. એ બધી ચીજો તારા દુઃખને માટેની છે. આહાહા! એ દુઃખને માટે નિમિત્ત છે અને સુખને માટે તારો ભગવાન ત્રિકાળી આત્મા તે કારણ છે. કહો, પ્રાણભાઈ! આ તો સમજાય એવું છે. ઢીલાપણું આમાં આત્મામાં નથી એમ કહે છે. સાંભળવા આવે તો કાંઈક સાંભળે તો છે. હોંકારો નથી આવતો, ભાઈ કહે છે. ઢીલા પડી ગયા છેને એટલે આમ બરાબર... આવો આત્મા છે.

ભગવાન આત્મા... કહે છે કે ઓહો! **કારણ-આત્મા વિરાજે છે**. એટલે શું? ત્રિકાળી ધ્રુવ અવિનાશી તત્ત્વ અંશ જે છે એમાંથી મોક્ષની કાર્યદશા પ્રગટ થાય છે. માટે તેને, કારણપરમાત્મા તારા નિજ સ્વભાવને કહે છે. એટલે કે તારા સુખના કાર્ય માટે કારણ તું છો. આહાહા! સમજાણું કાંઈ? **કારણ-આત્મા વિરાજે છે. પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ...** ઉત્પન્ન એટલે પોતાથી છે, એમ. ભગવાન ધ્રુવતત્ત્વ ભગવાન આત્મા તો અનાદિ છે.. છે ને છે.. પોતાથી છે એટલે એનો કોઈ કર્તા છે કે કોઈએ બનાવ્યો છે, કોઈએ ઉપજાવ્યો છે, નહોતો

ને થયો છે—એમ નથી. એ તો પોતાથી અનાદિ એવોને એવો ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ છે. આહાહા! ચૈતન્ય ઝળહળતો સૂર્ય ધ્રુવ ચૈતન્યપ્રભુ પોતાથી છે.

**પોતાથી ઉત્પન્ન એવા તે પરમબ્રહ્મરૂપ**... દેખો! પરમબ્રહ્મસ્વરૂપ પરમાત્મા પોતે છે. પરમ આનંદસ્વરૂપ છે એ તો, એમ કહે છે. પરમબ્રહ્મ પોતે જ આત્મા છે. સમજાણું કાંઈ? એક જરી બીડી સારી સળગે તો ખુશી થઈ જાય, સિગારેટ-બીડી પીતો હોય તો આમાં આમ થયું. આમ થયું, આમ આંગળી કરે તો આમ.. એમાં કેટલું કરે? આહાહા! કેવી રીતે એની શોભા દેખાતી હશે? ધૂળમાંય નથી, સાંભળને હવે? આહાહા! ક્યાં લેપાઈ ગયો ને ક્યાં અર્પાઈ ગયો? જ્યાં અર્પાવા જેવું છે એની ખબર નથી. સમજાણું કાંઈ? કહે છે કે અરે! પોતાથી છે એવા પરમબ્રહ્મસ્વરૂપ **સમયસારને...** એ સમયસાર ભગવાન ત્રિકાળી આત્મા. પોતે મુનિ કહે છે. **કે જેને તું ભજી રહ્યો છે...** જોયું! ઓલું 'ઉત્તમ' નાખ્યું હતુંને ભાઈએ. **જેને તું ભજી રહ્યો છે**... આહાહા! પૂર્ણ શુદ્ધ આનંદ નિત્ય ધ્રુવ છે એને તું એકાગ્રપણે ભજી રહ્યો છો, એને જ ભજી રહ્યો છે. સમજાણું કાંઈ? ધર્મી જીવ–ધર્માત્માને પોતાના ત્રિકાળી ધ્રુવનું ભજન એટલે એકાગ્રતા એને હોય છે. આહાહા! બીજું ભલે હો. જાણવાલાયક છે, એને આદરવાલાયક છે નહીં.

**જેને તું ભજી રહ્યો છે તેને, હે ભવ્યશાર્દૂલ (**હે **ભવ્યોત્તમ),** એમ. શાર્દૂલ જેવો–સિંહ જેવો, એમ. હે ભવ્ય-ઉત્તમ **તું શીઘ્ર ભજ...** તું એને શીઘ્ર ભજ, ભગવાનને ભજ. આહાહા! તારું અંતર પૂર્ણ સ્વરૂપ છે એમાં એકાગ્ર થા. એ આત્માનું ભજન છે. આહાહા! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માનું ભજન છે. તું ભજ, **તું તે છે.** તું ભજે છે તે તું છે. આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. હવે વાર્તા-કથા ને આ ને આ.. આમાં મૂળ ચીજનો પત્તો ન લાગે, એના ખ્યાલમાંય ન આવે તો પ્રયોગ શી રીતે કરે એ? સમજાણું કાંઈ? **હે ભવ્યશાર્દૂલ!** સિંહ સમાન આત્મા. શાર્દૂલ–સિંહ હોયને, આમ પરાક્રમીની જેમ ચાલે. ઓલામાં આવે છેને. શું કહેવાય? શાર્દૂલવિક્રીડિત છંદ. મલપતો હાથી આવે છે, ઓલો સિંહ. દેશી હોય છેને શાર્દૂલવિક્રીડિત. આ ભક્તામરનો એ છે કે બીજો છે? વસંતતિલકા છે.

આત્મા પૂર્ણાનંદનો નાથ એને મલપતો હાથી, સિંહની જેમ વિક્રમ પુરુષાર્થ કરતો, એકાગ્રતામાં રમતો, તું તે છો. જેમાં તું રમે તે તું છો, એમ કહે છે. આહાહા! શેઠ! આવી વાતું છે આ. ન્યાં સ્વિત્ઝરલેન્ડમાં તો આ બધુ સાંભળવા મળે એવું નથી. ઓલા માખણ ચોપડે બધા હોં અને અહીં પડે કોરડા. આહાહા! એ ભગવાન પૂર્ણ પ્રભુ પરમાત્મા પોતે તું છો નિત્યાનંદ અંદર, એની એકાગ્રતા કર કે જેને તું કરી રહ્યો છો. અને કરી રહ્યો છે તે તું છો, બીજો કોઈ નથી. ભગવાન બીજો છે એને તું ભજે છો એમ નથી, એમ કહે છે. તું પોતે એ છે. આહાહા! લ્યો, એનું આત્માના પૂર્ણ સ્વરૂપમાં એકાગ્ર થવું તે મોક્ષનો માર્ગ છે અને એ આત્માનું ભજન છે, એ સંસારનો નાશ કરવાનો ઉપાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ ૧૨, બુધવાર, તા. ૧૨-૧-૧૯૭૨**
**શ્લોક - ૨૬, ગાથા - ૧૫, પ્રવચન નં. ૨૩**

૧૪મી ગાથાનો ૨૬મો કળશ છે.

**क्वचिल्लसति सदगुणै: क्वचिदशुद्धरुपैर्गुणैः**
**क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकै: ।**
**सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं**
**नमामि परिभावयामि सकलार्थसिद्धयै सदा॥ २६ ॥**

આ જીવની-જીવતત્ત્વની વ્યાખ્યા છેને. જીવ અધિકાર છે.

કહે છે, **શ્લોકાર્થ : જીવતત્ત્વ ક્વચિત્ સદ્ગુણો સહિત વિલસે છે-દેખાય છે...** એટલે કે કોઈ વખતે કેવળજ્ઞાનાદિ ગુણો સહિત જણાય છે. સમજાણું કાંઈ? ક્વચિત્ સદ્ગુણો... ત્રિકાળી ગુણોની અહીં વાત નથી. એ તો કોઈ વખતે પ્રગટે એની વાત છે. **ક્વચિત્ સદ્ગુણો સહિત વિલસે છે...** (**વિલસવું** અર્થાત્) **દેખાવ દેવો, દેખાવું, ઝળકવું, આવિર્ભૂત થવું, પ્રગટ થવું. ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે...** કોઈ વખતે મતિ-શ્રુતજ્ઞાનાદિ અશુદ્ધ ગુણ કહેવાય છે એ રીતે દેખાય છે. સમજાણું કાંઈ? **ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...** અહીં કેવળજ્ઞાનાદિ સદ્ગુણોમાં તો નાખ્યા, પણ પર્યાયને-કેવળજ્ઞાન પર્યાયને પણ આમાં નાખે છેને પંદરમામાં એટલે લગભગ એ લાગે છે. કારણકે શુદ્ધવ્યંજનપર્યાય તો આમાં નાખી નથી. નહીંતર એમ લેવાય કે સહજ પર્યાય, પણ છે બહુવચન. ક્વચિત્ સહજ પર્યાયો એટલે કેવળજ્ઞાનાદિ પર્યાયો સહિત વિલસે છે.

**અને ક્વચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે.** એ વ્યંજનપર્યાય છે. નારકી, મનુષ્ય, દેવ આદિના પ્રદેશના આકાર. કહો, સમજાણું? ચાર બોલ થયા. ભગવાન આત્મા... અહીં તો પાછું કહેશે કે એ બધી પર્યાયો રહિત ભિન્ન તત્ત્વ છે, એમ કહેવું છે. આહાહા! ક્વચિત્ નામ કોઈ વખતે કેવળજ્ઞાનાદિ ગુણોથી પણ દેખાય અને કોઈ વખતે મતિ-શ્રુતાદિથી પણ દેખાય અને સહજ પર્યાય સહિત પણ વિલસે છે. કેવળજ્ઞાનાદિ પર્યાય સહિત પણ કોઈવાર (દેખાય છે). એને પર્યાયસહિત લેવાય તો જ મેળ ખાય એવું છે, નહીંતર મેળ ખાતો નથી. વ્યંજનપર્યાય નાખવી જોઈએ, પણ અહીં લીધી નથી. અને અશુદ્ધપર્યાય સહિત એ વ્યંજન(પર્યાય). નારકી, મનુષ્ય, દેવ અને પશુ એના પ્રદેશનો આકાર એને અશુદ્ધવ્યંજનપર્યાય કહે છે. સમજાણું કાંઈ? અહીં વિકારની વાત આમાં નથી લીધી. કારણ કે ઉપયોગની વ્યાખ્યા

છેને આ બધી. વિકાર આ પુણ્ય-પાપ એની વ્યાખ્યા તો છે એમાં, (પણ) આ તો ઉપયોગની અંદરની આ ગાથાઓ છે એટલે એમાં આ નાખ્યું છે.

**આ બધાથી સહિત હોવા છતાં...** એમ. છેને? **સનાથમપિ...** સનાથ છે. એવી પર્યાયો સહિત હોવા છતાં **પણ જે એ બધાથી રહિત છે...** પર્યાયથી, એના ભેદોથી સહિત હોવા છતાં, ત્રિકાળ વસ્તુ જે છે એ બધાથી રહિત છે. સમજાણું કાંઈ? ઉપયોગનો અધિકાર છેને આ બધો. આત્મા... ઉપયોગની વ્યાખ્યા છેને એટલે ક્વચિત્ જ્ઞાનાદિ–કેવળજ્ઞાનાદિથી દેખાય, ક્વચિત્ અશુદ્ધ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય (સહિત) જણાય, ક્વચિત્ એને પર્યાય ગણીને સહજ પર્યાય સહિત જણાય અને ક્વચિત્ અશુદ્ધ વ્યંજનપર્યાય સંસારમાં નારકી આદિ, એ પર્યાયો હોવા છતાં વસ્તુ એનાથી રહિત છે. આહાહા! જણાય છે એમ પર્યાયમાં આવે છે, એમ. દેખાય એટલે દેખનારને દેખાય. પણ અહીં તો પર્યાયપણે પર્યાયમાં આવા ભંગો દેખાય છે એમ છે.. છે. સમજાણું કાંઈ? છતાં, એ છે છતાં, એ વસ્તુ પર્યાયથી રહિત છે. આહાહા! ઝીણી વાત છે. સમજાણું કાંઈ?

'ક્વચિત્'.. ક્વચિત્ શબ્દ પડ્યો છેને. કાયમની અહીં વાત નથી. કાયમનો તો એકરૂપ જે વસ્તુ–દ્રવ્ય છે એમાં ગુણો ભેગા છે એકરૂપ ત્રિકાળ અભેદ. બધાથી રહિત છે **એવા આ જીવતત્ત્વને હું...** મુનિ પોતે કહે છે કે હું... જુઓ! આદરણીય આ ચીજ છે એમ કહે છે. પરવસ્તુ તો છે નહીં એમાં, પુણ્ય-પાપની અહીં વાત નથી, અહીં તો ઉપયોગની વાત છે. સમજાણું કાંઈ? ઉપયોગમાં પણ એ વ્યંજનપર્યાય ભેગી એને જણાવવામાં આવી છે. એ હું નહીં. આ શરીરની વાત નથી. અંદર મનુષ્ય-શરીરને આકારે આત્માના પ્રદેશનો જે આકાર થાય એને અહીંયા અશુદ્ધવ્યંજન પ્રગટ પર્યાય કહેવામાં આવે છે. અને કેવળજ્ઞાનાદિને ગુણ ગણીને શુદ્ધ(ગુણ), મતિજ્ઞાનાદિને અશુદ્ધગુણ ગણીને (અશુદ્ધગુણ) અને એ કેવળજ્ઞાનને પર્યાય ગણીને શુદ્ધ અને વ્યંજનપર્યાયને અશુદ્ધ ગણીને (કહ્યું કે) છે ક્વચિત્. ક્વચિત્ એમાં હોય. સદાય કેવળજ્ઞાન પર્યાય ન હોય, સદાય કેવળજ્ઞાનાદિ ગુણોય ન હોય, સદાય મતિજ્ઞાનાદિ ગુણોય ન હોય, સદાય અશુદ્ધવ્યંજનપર્યાય પણ ન હોય. સમજાણું કાંઈ?

એવાથી (સહિત) હોવા છતાં... એમ છેને? **એ બધાથી સહિત**–સનાથ છે, એમ. સનાથ છે એની પર્યાયમાં એ. છતાં **જીવતત્ત્વમનાથં...** છેને? એનાથી **રહિત છે**, એમ કહે છે. **એવા જીવતત્ત્વને...** આવો જે જીવ ભગવાન આત્મા, પર્યાયના ભેદ વિનાના ત્રિકાળી જીવતત્ત્વને **હું સકળ અર્થની સિદ્ધિને માટે...** મારી મુક્તિને માટે **સદા નમું છું...** એ મોક્ષમાર્ગ થયો. 'સકળ અર્થની સિદ્ધિ' એ મોક્ષ થયો. 'એને માટે' એ માર્ગ થયો. નિયમસાર છેને! એવો જે ભગવાન આત્મા વર્તમાન આની પર્યાયો જ્યારે જે વખતે... મતિજ્ઞાનાદિ હોય ત્યારે કેવળજ્ઞાન ન હોય, કેવળજ્ઞાન હોય ત્યારે મતિજ્ઞાન ન હોય. તેથી 'ક્વચિત્' કહ્યું છે. કેવળજ્ઞાનની પર્યાય હોય

ત્યારે અશુદ્ધવ્યંજનપર્યાય હોય ખરી એને. સમજાણું કાંઈ? મનુષ્યપણું છેને એ આકારે. પણ છતાં એ ક્વચિત્ વ્યંજનપર્યાયાદિ બધી અવસ્થાઓના ભેદ છે. વસ્તુમાં એ નથી એમ કહે છે. આહાહા! જે વસ્તુ ઉપર દૃષ્ટિ કરવી છે એ વસ્તુમાં ભેદો નથી. તેથી એ ચીજને હું નમું છું એમ કહે છે.

**એવા આ જીવતત્ત્વને**.. આ જીવતત્ત્વને... પ્રત્યક્ષ મારું તત્ત્વ જે જીવ. આહાહા! પર વિનાનું તો છે, પણ આવા ભેદની પર્યાય ને ગુણના ભેદ વિનાની એ ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ? એ જીવતત્ત્વ એ જ ઉપાદેય છે. મનસુખ! છેને એમાં? ન્યાં તો કાંઈ સમજાય એવું નથી દુકાનમાં. **એવા આ જીવતત્ત્વને**... આ મારું જીવતત્ત્વ ત્રિકાળી ધ્રુવ, પર્યાય વિનાનું. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ બહુ ઝીણો છે. પણ એના ફળેય પણ અલૌકિક છેને! કહે છે કે મારી સર્વ અર્થની સિદ્ધિને માટે... સકળ અર્થની સિદ્ધિ-મુક્તિ એને માટે સદા હું નમું છું (અર્થાત્) એવા દ્રવ્યમાં જ મારું વલણ છે. આહાહા! કહો, પોપટભાઈ! વાંચ્યું છે કે નહીં ઘરે કોઈક દિ'? રાખ્યું છે. વાંચ્યું છે? પોતાની મેળાએ વાંચ્યું હોય.

આમ વસ્તુમાં બે પ્રકાર. આત્મા દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ અને વર્તમાન દશાઓ—એનું વર્ણન છે. જીવતત્ત્વનો અધિકાર છેને. એટલે દશાઓના જે ભેદો છે એનાથી, ભગવાન ધ્રુવ છે એ રહિત છે. આનાથી સહિત હોવા છતાં એનાથી દ્રવ્ય રહિત છે. વ્યવહારથી સહિત છે, નિશ્ચયથી સહિત નથી. સમજાણું કાંઈ? એ ભેદો બધા કેવળજ્ઞાનાદિ ભલે હો, પણ એ છે વ્યવહારનો વિષય. પર્યાય છેને. આહાહા! એવા વ્યવહારના વિષય સહિત હોવા છતાં, મારો ત્રિકાળી નિશ્ચયતત્ત્વ તેનાથી રહિત છે. આનાથી સહિત છે, આનાથી રહિત છે. આહા! જુઓ! નિશ્ચય-વ્યવહારની શૈલી! સમજાણું કાંઈ?

પાછું એમાં, આ જીવ નિશ્ચયથી સદાય આનાથી રહિત છે (અને) નિશ્ચયથી પણ પાછો સદાય એનાથી સહિત છે એમ ન હોય. વ્યવહારથી સહિત છે અને એ રીતે વ્યવહારથી રહિત દ્રવ્ય છે—એ બરાબર છે. વ્યવહારથી સહિત છે એ રીતે નિશ્ચયથી પણ 'આ વ્યવહાર છે તે સહિત છે' એમ નથી. એમ નિશ્ચયથી રહિત છે તો વ્યવહારથી પણ સહિત છે અંદર.... નિશ્ચયથી રહિત છે ને નિશ્ચયથી સહિત પણ છે એમ ન હોય. સમજાણું કાંઈ? આવી અટપટી વાત છે. આહાહા! સચ્ચી હૈ પણ અટપટી હૈ. સચ્ચી એટલે ગંભીર, એમ. સમજાય છે કાંઈ?

ધર્મી જીવને શરણ હોય તો (જીવ). એ જીવના બે ભાગ—પર્યાય ને દ્રવ્ય-ધ્રુવ. એમ હોવા છતાં પર્યાય જાણવાલાયક છે. છે એમ જાણવાલાયક છે. શરણ કરવાલાયક તો ત્રિકાળી દ્રવ્ય છે. કહો, સમજાણું આમાં? આવી વ્યાખ્યા માણસને સમજવાનું કઠણ પડે. હજી તો વસ્તુ શું છે, કેમ છે—એની આ વાત છે. જીવ અધિકાર છેને! આ જીવતત્ત્વ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એકલો શુદ્ધગુણનો પિંડ, એકલો શુદ્ધસ્વભાવનો સાગર એવો હું, એમાં મારું વલણ છે. હું એમાં

એકાગ્ર થાઉં છું. એને નમું એટલે એકાગ્ર થાઉં છું. પર્યાયને નમતો નથી એટલે પર્યાયમાં એકાગ્ર થાતો નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? એ ચૌદમી ગાથાનો છેલ્લો શ્લોક. હવે આ પંદરમીમાં કારણશુદ્ધપર્યાય આવે છે. આ ફેરી ઠીક છે, મનસુખ ને બધા આવી ગયા છે આમાં. કોઈ દિ' સાંભળ્યું ન હોય કારણશુદ્ધપર્યાય વખતે. કારણશુદ્ધપર્યાય શું હશે? હવે પંદરમી.

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा॥ १५॥**

વ્યંજનપર્યાયની વાત છે.

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**

આ તારા દોઢ મહિનામાં તો એકલો માલ-માલ આવ્યો છે, દિલીપ! ૩૮ ગાથા પણ આવી ઝીણી. તે દિ' આપણે લીધી હતીને વચ્ચે. આ ગાથાઓ છઠ્ઠી, સાતમી, આઠમી વખતે તો આવ્યો હતો. છઠ્ઠી ગાથામાં માલ-માલ આવ્યો છે હોં. ........

**ટીકા : આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે. ત્યાં, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે...** એ સ્વભાવપર્યાય પહેલી આવી ગઈ છે અગુરુલઘુની, પણ એ ક્વચિત્ નથી, સદાય છે. ભાઈ! એટલે ક્વચિતમાં એ ન નાખી. આમાં અર્થપર્યાયમાં એ નાખશે. સ્વભાવપર્યાય પાછી થઈ એવું છેલ્લે કહેશે. પહેલા બીજા ભાગ પાડી પછી કહેશે કે એને પણ સ્વભાવપર્યાય કહેવાય, એમ કહેશે. **સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય...** આ અધિકાર આ ઠેકાણે ચોખ્ખો છે. બીજે ક્યાંય અન્યમાં તો નથી, પણ દિગંબર ગ્રંથમાં આ ગાથા સિવાય બીજે આવું સ્પષ્ટીકરણ નથી. સમજાય છે કાંઈ? આ કારણશુદ્ધપર્યાયનો અધિકાર આ પંદર ગાથા સિવાય બીજા દિગંબરના શાસ્ત્રોમાં પણ આવું નથી. સમજાણું કાંઈ? કારણશુદ્ધપર્યાય કોને કહેવી એ કહેશે.

**અને કાર્યશુદ્ધપર્યાય.** સ્વભાવપર્યાયના બે ભાગ. એક કારણશુદ્ધપર્યાય ને એક કાર્યશુદ્ધપર્યાય. હવે પહેલી કારણશુદ્ધપર્યાય લે છે. બહુ શાંતિથી ધીમેથી સમજવા જેવી વાત છે, અપૂર્વ વાત છે. હિંદુસ્તાનમાં આ વાત હતી નહીં. હમણાં નહોતી હોં, પહેલા તો હતી. આ પંદરમી ગાથામાં પહેલાવહેલા હશે, નહીં? પહેલા હતા કોઈ દિ'? પંદરમી ગાથા, કારણશુદ્ધપર્યાય. **અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી...** સ્વભાવિક શુદ્ધનિશ્ચયથી... સ્વભાવિક, શુદ્ધ અને ખરેખર. **અનાદિ-અનંત...** આત્મામાં અનાદિ-અનંત, **અમૂર્ત** (એટલે) રૂપ, ગંધ, રસ વિનાનું, **અતીન્દ્રિયસ્વભાવવાળાં...** ત્રિકાળી અનાદિ-અનંત અતીન્દ્રિય સ્વભાવવાળા.. અતીન્દ્રિય સ્વભાવ જેનો છે. શું? **અને શુદ્ધ...** અતીન્દ્રિય સ્વભાવવાળા... ઘણા ગુણોની વ્યાખ્યા છે આ.

અને **શુદ્ધ એવાં સહજજ્ઞાન...** ત્રિકાળી સહજજ્ઞાન... આત્મા જેમ ત્રિકાળી ધ્રુવ છે એમ એનું જ્ઞાન સહજ ત્રિકાળી છે. સમજાણું કાંઈ? **સહજદર્શન...** સ્વભાવિકદર્શન ત્રિકાળી, **સહજચારિત્ર...** સ્વભાવિક વીતરાગતા ત્રિકાળી વસ્તુમાં. અસ્તિ વસ્તુ જે આત્મા છે સત્, એમ જે અવિનાશી છે, એમ એનામાં આ ગુણો પણ અવિનાશી સહજ ત્રિકાળી છે. સમજાણું કાંઈ? **સહજપરમવીતરાગસુખાત્મક...** અને સ્વભાવિક પરમ વીતરાગી સુખ અમૃતસ્વરૂપ આત્મા છે ત્રિકાળી. આહાહા! સમજાણું કાંઈ? સહજ–સ્વભાવિક પરમ વીતરાગ સુખસ્વરૂપ. **શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ**... આત્માનું–જીવનું શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ ધ્રુવ. સમજાણું કાંઈ?

**જે સ્વભાવ અનંત-ચતુષ્ટયનું સ્વરૂપ...** ત્રિકાળી સ્વભાવ અનંત ચતુષ્ટય... ચાર આવ્યાને? સહજજ્ઞાન, સહજદર્શન, વીતરાગતા અને વીતરાગ સુખસ્વરૂપ. એવા અનંત-ચતુષ્ટયનું સ્વરૂપ... એ તો ઠીક હવે. ત્યાં સુધી આવ્યું ત્રિકાળી. **એની સાથેની...** એ ચારની સાથે રહેલી **જે પૂજિત પંચમભાવપરિણતિ...** જે પૂજવાયોગ્ય, આદરવાયોગ્ય, મહિમા કરવાયોગ્ય એવી... અનંત ચતુષ્ટય.... વસ્તુ જેમ શાશ્વત છે, એમ એની સાથે ત્રિકાળી સહજજ્ઞાન, દર્શન, આનંદ ને ચારિત્ર છે, એની સાથે વર્તમાનમાં સાથે રહેલી પૂજવાયોગ્ય પંચમભાવપરિણતિ–પંચમભાવની અવસ્થા, ત્રિકાળી પંચમભાવ, પારિણામિક સહજભાવ. આ બધા પારિણામિકભાવે છે. સહજજ્ઞાન (આદિ) કીધાને એ પારિણામકભાવે છે. સહજભાવે, ત્રિકાળભાવે, ધ્રુવભાવે છે. પર્યાયભાવે નથી, ધ્રુવભાવે છે.

એની સાથે રહેલી પંચમભાવપરિણતિ... એ પંચમભાવની વર્તમાન અવસ્થા.... છતાં એ ઉત્પાદ-વ્યય વિનાની છે. સમજાણું કાંઈ? **(તેની સાથે તન્મયપણે રહેલી...** ચાર સ્વભાવિક ત્રિકાળી ગુણો (અર્થાત્) અનંતચતુષ્ટય સ્વભાવ એની સાથે તન્મય–એકપણે રહેલી **જે પૂજ્ય એવી...** એ તો આવી ગયું છે. એ નહીં કાંઈ. એ તો કૌંસ લીધો છે. એવી **પારિણામિકભાવની પરિણતિ)...** ત્રિકાળ સ્વભાવભાવ વસ્તુ શાશ્વત આત્મા સત્ છે સત્. સત્ તે અનુત્પન્ન અને અવિનાશી (હોય). એવી જે સત્ ચીજ આત્મા, એના સત્ ગુણો સહજ જ્ઞાન, દર્શન, આનંદ ને ચારિત્ર–વીતરાગતા, એવા ગુણની સાથે, પંચમભાવ જે ત્રિકાળી એની સાથે રહેલી પંચમભાવની પરિણતિ **તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.** એટલે કે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ ચાર જે દ્રવ્યો છે, એનો ત્રિકાળી ધ્રુવભાવ અને એનો ચારેયનો ઉત્પાદ-વ્યયભાવ. .....પરિણતિ... ઉત્પાદ-વ્યયની પરિણતિ એક ધારા ચારેયમાં છે. સમજાણું કાંઈ? શું વસંતીલાલજી!

ધર્માસ્તિતત્ત્વ, અધર્માસ્તિ, આકાશ ને કાળ—એ ચાર એની પરિણતિ એટલે પર્યાય અનાદિ-અનંત ઉત્પાદ-વ્યયપણે એકસરખી છે. સમજાણું કાંઈ? એવી એક આત્મામાં ઉત્પાદ-વ્યય વિનાની એકસરખી ધ્રુવપર્યાય છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? એમ કે જ્યારે ચાર

અજીવદ્રવ્યોમાં એકસરખી ઉત્પાદ-વ્યયની પરિણતિ એક ધારાવાહી અનાદિ-અનંત છે (અને) આત્મામાં સંસારપર્યાય ને મોક્ષમાર્ગપર્યાય ને મોક્ષ એ તો બધી એકરૂપ ન રહી. એ છે બધી ઉત્પાદ-વ્યયવાળી. સમજાણું કાંઈ? સંસારપર્યાય વિકારી, મોક્ષમાર્ગ પર્યાય કંઈક અવિકારી-વિકારી અને મોક્ષપર્યાય તદ્દન અવિકારી—એ તો ભેદ પડી ગયા, એકધારા ન રહી. જ્યારે આ ચાર દ્રવ્યમાં એકધારા ઉત્પાદ-વ્યયની પરિણતિ છે, તો આ પણ એક દ્રવ્ય છે તો એમાં પરિણતિની એકધારા હોવી જોઈએને. ઉત્પાદ-વ્યય તો આવા પ્રકારના છે. બાહ્ય છે પર્યાય. (ઓલા ચારમાં) એકધારારૂપ છે એવી એકધારારૂપ આમાં આવી નહીં ઉત્પાદ-વ્યયમાં. સમજાણું કાંઈ? ઝીણું છે, બહુ આકરું ઝીણું છે.

પુદ્ગલનું કાંઈ નહીં, એ જુદી ચીજ છે. વિભાવિક પર્યાય... આ સ્વભાવિક પદાર્થો ચાર—ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ ને કાળ. એનું ધ્રુવપણું, અવિનાશીપણું ત્રિકાળી અને ઉત્પાદ-વ્યયપણું એકધારા ત્રિકાળી. ઓછું, અધિક, વિપરીત એવું કાંઈ નહીં. એવી એકધારા ઉત્પાદ-વ્યયવાળી પરિણતિ આત્મામાં છે નહીં. સમજાણું કાંઈ? એ ઉત્પાદ-વ્યયમાં આટલી વિષમતા છે તો એક એની કારણપર્યાય એકરૂપ, ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવધારા કરીને અનાદિ-અનંત એક કારણપર્યાય છે. સમજાય એટલું સમજો. આ તો બધી.... સમજાણું કાંઈ? કારણ કે આ વિષય હિન્દુસ્તાનમાં છે નહીં. અને બીજાઓને પૂછ્યું હતું પણ એનો ઉત્તર કાંઈ આવ્યો નહીં. લખ્યું હતું. અહીંથી નીકળીને. હતી ક્યાં બહાર? છે ગંભીર ચીજ હોં. એને ધ્રુવ કહેવું અને પર્યાય કહેવી. સમજાણું કાંઈ?

એને આમ કહેવું હોય તો... એ ચારને જ્યારે ધ્રુવ ત્રિકાળી ને ઉત્પાદ-વ્યયની પરિણતિ એકધારારૂપ સરખી (છે) ત્યારે એ દ્રવ્યની પૂર્ણતા કહેવાય. અહીંયા પણ એ ત્રિકાળી દ્રવ્ય ને એના ગુણો ત્રિકાળી અને એમાં પરિણતિ પણ ત્રિકાળી ઉત્પાદ-(વ્યય) વિનાની એકધારા.., ઉત્પાદ-વ્યયમાં સરખી નથી તો સરખી અંદર હોવી જોઈએ. સમજાણું કાંઈ? આ તો તદ્દન વિષય અજાણ્યો છે.

શ્રોતા : ત્રિકાળી...... રાગ-દ્વેષ છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : છે, પણ એ તો બીજી વાત છે. આ તો કારણપર્યાય સિદ્ધ કેમ થાય એની વાત છે. સમજાણું કાંઈ? કારણપર્યાય છે એમ કહે છે, એનો હેતુ શું? એમ એ વાત. પછી ઓલી દૃષ્ટિ કરવી એના ઉપર અને ઉત્પાદ-વ્યય છોડી દેવું એ પ્રશ્ન પછી. આ તો કારણપર્યાયની સિદ્ધિ કેમ આચાર્યોએ કરી છે, મુનિએ કરી છે? સમજાણું કાંઈ? અને મુનિ પાછા કહે છે કે આ ટીકાના અમે તે કોણ કરનાર? એમ કહી ગયા છે પહેલા ભાઈ! ગણધરો ને પૂર્વાચાર્યો આ ટીકા કરી ગયા છે બધી. અમે મંદબુદ્ધિ તે કોણ? સમજાણું કાંઈ? પૂર્વાચાર્યો ને ગણધરોથી ચાલી આવેલી વાત છે. સમજાણું કાંઈ? ઝીણું છે પ્રાણભાઈ! પકડવું થોડું-થોડું પકડાય એટલું.

ઓલા શેરબજારમાં ઝપાટા મારતા હશે. કાંઈ મોળા પડી ગયા હશે અંદર. હવે છોકરાઓ ધંધો કરે છે. હવે શું છે? વજુભાઈ કહેતા, પાનાચંદભાઈના ભાઈ. નથી પાનાચંદ? તમારા વજુભાઈ કહેતા. બે છોકરા છેને વજુભાઈના. એકનું તો હમણા સગપણ કર્યુંને. ક્યાં? આ અહીંયા, એક નાનો.... એ બેય છોકરા મને એમ કહે છે કે બાપા! તમારી ફરજ થઈ ગઈ હવે પૂરી. હવે તમારે કાંઈ કરવાનું નહીં, ન્યાં બેસી જાઓ. અમારે માથે આવ્યું. તમારે જેટલું કરવું હોય એટલું કરી લ્યો. હુશિયાર છે, નાનો છે પણ બહુ હુશિયાર છે. નાનો છોકરો છે હજી તો. તમારે....... અમને મોટા કરવા..... હવે તમારી ફરજ બધી પૂરી થઈ ગઈ છે. હવે કાંઈ તમારે કરવાનું નહીં. હવે હોય તો અમારે માથે. તમે બેસી જાઓ. એમ કહેતા હતા.

વજુભાઈ કહે, છોકરાઓ મને આમ કહે છે. એ તો ભાવ... ..... વાત સાચી. એમ કે છોકરાઓ આવી રીતે અમને કહે છે ખુશી થઈ, આનંદમાં આવી. બાપા! હવે તમારે કાંઈ (કરવાનું નહીં). અમારા માટે જે ફરજ હતી એટલી તમે કરી. હવે અમારે માટે કાંઈ તમારે કરવાનું બાકી રહ્યું નથી. હવે અમે અમારું કરશું, તમે તમારું કરો. ભગવાનજીભાઈ! એવા છોકરાય ઓછા હોય કહેનારા. એ કહેતો હતો. નાનો છોકરો તો બહુ કહે છે, બાપા! હવે તમારી ફરજ પૂરી થઈ ગઈ છે હોં. આહાહા! બધી રીતે ...... તમારી ફરજ પૂરી થઈ ગઈ એકદમ. શેઠ! છોકરા-બોકરા નહીં કહેતા હોય તમારે એ વાત. એ માટે કીધું છે હોં.

અહીં કહે છે.. આહાહા! આત્મામાં... જેમ ચાર દ્રવ્યમાં ઉત્પાદ-વ્યયની પરિણતિ.. પરિણતિ સમજાય છે? પર્યાય છેને ઉત્પાદ-વ્યયની એકધારી. એવી એકધારી આત્મામાં હોવી જોઈએ. એની ચીજમાં હોવી જોઈએ. ત્યારે પારિણામિકભાવનું આખું દ્રવ્ય પુરું થાય છે. આ ઉત્પાદ-વ્યયવાળું તો ક્ષયોપશમ, ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષાયિકભાવ એવું ભાવવાળું છે, ચાર ભાવવાળું છે. સમજાણું કાંઈ? ધર્માસ્તિ, અધર્માસ્તિ... આ ઝીણો વિષય છે એકદમ. આહાહા! જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળની ઉત્પાદ-વ્યયની પરિણતિ એકસરખી પારિણામિકભાવે છે, એ પારિણામિકભાવે છે. એને દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણે પારિણામિકભાવે છે. એક જ ભાવ છે. એ દ્રવ્ય, ગુણ ને પર્યાય પારિણામિકભાવે એકસરખી એમાં છે એવી અહીંયા આત્મામાં હોવી જોઈએને? સમજાણું કાંઈ?

ઓગણીસમાં નાંખ્યું છે ઓગણીસમી ગાથામાં. આહાહા! નિયમસારમાં ૧૯ ગાથાના વ્યાખ્યાન નથી? પહેલો ભાગ છપાણો છે. એય મનસુખ! ૧૯ ગાથા વાંચી છે કે નહીં? ખબર નહીં. (૧૯ ગાથા ઉપરના) પ્રવચનો આવ્યા છે નિયમસારના. વાંચ્યા છે. ઠીક! ભલે સમજાણું-ન સમજાણું એ જુદી વાત, પણ વાંચ્યા છે. આહાહા! સર્વજ્ઞની વાણી ને સર્વજ્ઞનું દ્રવ્ય સિદ્ધ કરવાની સંતોની પદ્ધતિ ગજબ વાત છે! આ વાત દિગંબર સંતો સિવાય ક્યાંય હોઈ શકે નહીં. સમજાય છે કાંઈ? એવી વસ્તુની સિદ્ધિ છે એમ સાબિત કરી છે.

કહે છે કે જેમ ચાર દ્રવ્યમાં એની પર્યાય–અવસ્થા પારિણામિકભાવે એકરૂપ છે, એવી આત્મામાં પારિણામિકભાવે એકરૂપ (નથી). બહારની સંસારપર્યાય, મોક્ષમાર્ગ ને મોક્ષ એ તો

બધી ચાર ભાવવાળી છે. તો ઓલામાં જેમ પરિણામિકવાળી છે એવી આમાં? આ તો ચૈતન્ય બાદશાહ છે, એમાં તો હોવી જ જોઈએ, એમ. ઓલા તો હજી છે કે નહીં એની ખબરું તો આને પડી છે. ચાર દ્રવ્ય છે, એના ગુણ છે એની તો એને (પોતાને) ખબર નથી. ખબર આણે કરી છે પોતાની ને પરની કે આ વસ્તુ છે. તો કહે છે કે ચારમાં પણ જ્યારે આ એકધારાએ આવું છે તો આત્મામાં પણ એકાધારા.. દ્રવ્ય પારિણામિકભાવે, ગુણ ત્રિકાળી પારિણામિકભાવે, એમ એક કારણપર્યાય ત્રિકાળી પારિણામિકભાવે એમાં પડેલી–રહેલી છે. એનું ઉતાર્યું હતું આપણે, એનો નકશો કર્યો હતો. એ નકશો રહ્યો. ઓલીકોર નકશો છે બારી પાસે.

પણ બેને પૂછ્યું ને બરાબર ન આવ્યું. વર્ણીજીને પૂછ્યું અને ભાઈને, કેવા? બંસીધરજી. પૂછ્યું હતું કે આનું શું? એ તો અનાદિ-અનંત ગુણની વાત છે. ગુણની નથી, અહીં તો અનાદિ-અનંત પર્યાયની વાત કીધી છે. કીધું, આ તો મોટા-મોટાને ખબર નથી એટલે બહાર ન પાડ્યું. નહીં તો નિયમસારમાં ૧૯ ગાથામાં નકશો બહાર પાડવો હતો. એ રહ્યું ખૂણામાં રહ્યું. પીળો નહીં પીળો? બારી પાસે. ચારે કોર ધોળું, વચમાં પીળું. છે? એમાં શક્તિનું વર્ણન છે બધું. દરેક શક્તિને પણ પર્યાય.. પર્યાય.. પર્યાય.. પર્યાય જુદું. એમ એક કારણપર્યાયની સાથે બધા છે, એવી જાતની શૈલી છે. આ બધું સામાન્યપણે બહાર ન આવે. પણ એનું પછી ક્યાં નાખવું એટલે પછી બંધ રાખ્યું. ૧૯ ગાથામાં એક નકશો બનાવ્યો હતો હરિભાઈએ. દરિયાનો દાખલો આપ્યો હતો. સમજાણું? દરિયો છેને દરિયો, એ આમ આખો ભરેલો છે, એમ એની સપાટી એકસરખી હોય આમ ઉપર. એના ઉપર ભાગ હોય પાછા આમ તરંગોના. એમાં નાખ્યું ઓલું.

એમ આત્માનું દ્રવ્ય, ગુણ જે ધ્રુવ એનું મૂળ દળ છે આખું. અને એની પર્યાય–કારણપર્યાયની સપાટી છે એની, એકસરખી અંદર હોં. અને બહારમાં પુણ્ય ને પાપના ઉદયભાવ, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક—એ એના ઉપરના મોજાઓના ભેદ છે. ઓલા નકશામાં નાખ્યું છે. ઝીણી વાતો છે ભઈ! સમજાણું કાંઈ? દરિયો હોયને આમ આખો મોટો, એની સપાટી હોયને પાછી આમ એકસરખી સપાટી, એમ આ કારણપર્યાય આખા ચૈતન્યદરિયાના ગુણની ઉપર એક સપાટીરૂપ આમ કારણપર્યાય ધ્રુવ છે ત્રિકાળ. અને એના ઉપર આ બધું પુણ્ય-પાપનો ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ ને ક્ષાયિકભાવ એ બધી પ્રગટ પર્યાયો છે. કહો, હીરાભાઈ! એ આવ્યું છેને ઓગણીસ ગાથાનું, નિયમસાર. વાંચ્યું છે કે નહીં? વાંચ્યું નથી. ૧૯નું.... એ કહ્યું હતું. ૧૯ ગાથામાં આવે છે. દરકાર નથી. પુસ્તક આવે છે. ૧૯ ગાથાનું પુસ્તક છે જુદું, એમાં વિસ્તારથી થોડું લખ્યું છે. ૨૦૦૦ની સાલ. ૨૦૦૦ ને? ૨૮ વર્ષ થયા.

કહે છે કે વસ્તુ પોતે ભગવાન આત્મા... જીવ અધિકાર છેને એટલે આમાં નાખ્યું છે. જીવ અધિકાર છેને આ. ત્રિકાળ એકરૂપ ગુણ ત્રિકાળ ધ્રુવ, એવી જે તેનું વિશેષ કહો, પણ છે એ બધો સામાન્યનો જ અંશ છે. સમજાણું કાંઈ? ત્રિકાળી એકરૂપ એની પર્યાયનો સપાટી ભાગ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. એ કારણશુદ્ધપર્યાય છે કે જેનો અનુભવ પર્યાયમાં ન આવે.

અનુભવ આવે પર્યાયનો, (પણ) આ પર્યાયનો અનુભવ ન આવે. કારણ કે તે ધ્રુવ છે. સમજાણું કાંઈ? આહાહા! ગજબ વાત ભાઈ! એ કારણપર્યાય ને ત્રિકાળી એનો આશ્રય લઈને જે નિર્મળ પર્યાય થાય એનો અનુભવ આવે. વેદનમાં પ્રગટ પર્યાય આવે. વેદનમાં દ્રવ્ય, ગુણ ને આ કારણપર્યાય ન આવે. જ્ઞાનમાં એ જણાય. ભારે આકરું છે. સૂક્ષ્મ વાત. કહીં નહીં હૈ. ખબર હૈ હમકો. વર્ણીજી જેવાને પૂછ્યું હતું. ના પાડી. અને આ ...ને પૂછ્યું. ...... હા, વર્ણીજીકો પૂછા થા. હમ ઉસકા અર્થ જાનતે નહીં. ....... હમારા સાર આ ગયા, એમ બોલ્યા. હમારા સાર આ ગયા. ..... આ તો શું છે એટલી વાત. ...... ઝીણી વાત છે બહુ ઝીણી. હતી જ નહીં આ. આ તો એ વખતે આવી, અંદરથી આવી. સમજાણું? એ વખતે નારણભાઈનો યોગ હતો. નારણભાઈ બેસતા અહીં.

કહે છે કે તારી પૂંજીમાં, દ્રવ્ય જે વસ્તુ છે તારી પૂંજી, એમ ત્રિકાળી ધ્રુવ જ્ઞાન-દર્શન (આદિ) ચતુષ્ટય સ્વભાવ ત્રિકાળ ધ્રુવ તારી પૂંજી છે અંદરમાં. એની સાથે રહેલી એકરૂપ, ઉપજવા-બદલવાના પરિણમન વિના, પર્યાયની અનાદિ-અનંત ધ્રુવધારા... સૂક્ષ્મ એટલું છે. એનો એ પર્યાય એમને એમ.. એમને એમ.. એમને એમ રહે કે નહીં એ વાત બહુ ગંભીર છે. સમજાણું કાંઈ? એનો એ પર્યાય આમ રહે, એનો એ પર્યાય આમ રહે.. આમ રહે.. આમ રહે, છતાં એ પરિણમન નથી એમ કહેવું છે. એટલે એ જરી ગંભીર છે. એ પર્યાય અહીં રહે, બીજે સમયે રહે, ત્રીજે સમયે રહે, આ સમયે અહીં આવ્યો, છતાં પરિણમન નથી. એટલું ગંભીર છે. એટલું ગંભીર કહ્યું છે. સમજાણું કાંઈ?

શ્રોતા : ત્રિકાળી ને અવસ્થા એકસાથે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એકસાથે છે. આહાહા! સર્વજ્ઞ પરમેશ્વરે જે તત્ત્વ કહ્યું એ અલૌકિક છે, એને સિદ્ધ કર્યું છે. છે એવું જાણ્યું ને જાણ્યું એવું કહ્યું. આવું તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય (ક્યાંય નથી) અને તે સર્વજ્ઞનું કહેલું તત્ત્વ એ દિગંબરમાં સચવાયેલું છે. સમજાણું કાંઈ? એ પક્ષની વાત નથી, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. બાબુભાઈ! શું થાય? માણસને એમ થઈ જાય કે એના પક્ષમાં ગયા એનું તમે માનો છો. પણ પક્ષની ક્યાં વાત છે? આ તો વસ્તુસ્થિતિ એવી છે. આહાહા! દિગંબર સંતોએ સનાતન સર્વજ્ઞનો ધર્મ જેમ છે તેમ પ્રવાહે ટકાવી રાખ્યો છે. એવો માર્ગ ક્યાંય બીજે નથી. ક્યાંય નથી. આહાહા! શું થાય? એવી વાત છે. અલૌકિક વાત છે ભાઈ! દિગંબર મુનિઓએ તો કેવળીના કાળજા ખોલીને મૂક્યા છે બહાર.

વસ્તુસ્થિતિ, એનો દ્રવ્ય, એનો ગુણ, એની પર્યાય, એનો ઉત્પાદ-વ્યય, એનો વ્યવહાર, એના વ્યવહારમાં નિમિત્તનો સંબંધ કેવો, એવો નિમિત્તનો અભાવ—અલૌકિક વાતું છે બધી. સમજાણું કાંઈ? એ વાત બીજે ક્યાંય નથી ભાઈ! બીજાની આની સાથે મેળવવા જાઈશ તો સમન્વય નહીં બને. સમજાણું કાંઈ? આહાહા! માણસ ઊંડા વિચારે નહીં, તત્ત્વ શું છે એની ખોજ નહીં અને ઉપરટપકે માને કે આ જૈનધર્મ છે. એમ જૈનધર્મ હાથ આવે એવો નથી. સમજાણું કાંઈ? અને એ જૈનધર્મ એટલે દિગંબર ધર્મ, દિગંબર ધર્મ એટલે જૈનધર્મ, જૈનધર્મ

એટલે વિશ્વધર્મ, વિશ્વધર્મ એટલે આત્માનો આ ધર્મ. સમજાણું કાંઈ? ઠીક! આમાં કેટલાક હાજર છે અહીંયા. અમારે મનસુખ પણ આવેલો તાકડે. આ બધાય છેને. ભગવાનજીભાઈ આગળ, હીરાભાઈ આગળ, આ અમારા ડોસા ભીખાભાઈ તો હોય જ અહીં તે. શનિવાર હોય તો વળી જાય કોઈક વાર. અજિતભાઈ આવ્યા છે ત્યાંથી–નાઈરોબીથી. આહાહા! કારણકે આવી ચીજ છે અંદર. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ છે સત્. સત્ એ ધ્રુવ છે અને એના જ્ઞાન-દર્શન-આનંદાદિ જે ગુણો છે એ પણ ધ્રુવ છે. એને પારિણામિકભાવ કહીએ. સહજભાવે પોતાનું સ્વરૂપ અસ્તિ છે એટલે પારિણિકભાવે કહીએ. એમ અહીં કારણપર્યાય એને પણ પારિણામિકભાવે કહીએ. સમજાણું કાંઈ? એમ કહ્યુંને અહીં. જુઓને! 'પંચમભાવની પરિણતિ' એમ તો ચોખ્ખો શબ્દ છે આમાં. હો, પાઠ–ટીકા છેને ચોખ્ખી. આહાહા! **सहांचितपंचमभावपरिणतिरेव कारणशुद्धपर्याय इत्यर्थः** સંસ્કૃત હૈ. હળવે-હળવે લઈએ છીએ હોં. બહુ એકદમ ઉતાવળું નહીં. આહાહા! અહીં તો આત્મામાં જ છે એક. સમજાણું કાંઈ? પરમાણુની બધી પર્યાયો પણ પારિણામિકભાવે છે. એ તો પછી વિકારની અપેક્ષાએ ઉદયભાવ કહેશે. બધો પારિણામિકભાવે છે. વિભાવગુણ પારિણામિકભાવે છે. ઉત્પાદ-વ્યયનો ભાવ એનો બધો પારિણામિકભાવે છે. આહા!

વસ્તુ ભગવાન આત્મા ત્રિકાળી મહા સત્, એવા ગુણો પણ ત્રિકાળ મહા સત્, એની સાથે એક સમયની પર્યાયની સપાટી સત્.. સત્.. સત્.. સત્.. સત્.. સત્.. છતાં પલટવું નહીં. છતાં એકધારાએ એ અંશ એમને એમ રહે. કોઈ ગંભીર ચીજ છે. સમજાણું કાંઈ? એને અહીં કારણશુદ્ધપર્યાય કહે છે. એના તરફનું મનન કરતા જે ધર્મ થાય એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? ૧૯ ગાથા વાંચી છે કે નહીં? વસંતલાલજી! નથી વાંચી? આ નિયમસારની. વિસ્તારથી નાખ્યું છે થોડું. થોડું-ઘણું. ૨૮ વર્ષ થયા શું છે? ૨૮ વર્ષ થયા તો શું છે? અહીં કહે છે... પાછી ભાષા કેવી લીધી? 'પૂજિત પરિણતિભાવ', એમ. એ પૂજવાયોગ્ય છે. ત્રિકાળ દ્રવ્ય-ગુણની સાથે રહેલી એ પર્યાય એ પૂજવાયોગ્ય છે, આદરવાયોગ્ય છે, એનો ઉપાદેય કરવાલાયક છે, એમાં નજર કરીને એકાગ્ર થવા લાયક છે. આહાહા! સમજાણું કાંઈ? એવી પર્યાયમાં એકાગ્ર થવું એનું નામ મોક્ષનો માર્ગ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જેમ સામાન્યમાંથી (આવ્યું એમ) કહેવાય, એમ વિશેષ વર્તમાન છે એમાંથી આવે છે એમ પણ કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા!

ત્રિકાળી ભગવાન આત્મા.. વસ્તુ છે એ તો ત્રિકાળ છેને. સત્ હોય એ કાંઈ ઉત્પન્ન હોય? અને અનુત્પન્ન હોય એ કાંઈ નાશ થાય? ઉત્પન્ન હોય એ નાશ થાય. ઉત્પન્ન ન હોય એ નાશ થાય? છે. અનાદિ છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે. એમ એના ગુણો પણ છે.. છે.. છે એટલે સત્. એમ એની આ કારણપર્યાય પણ છે સત્. છે.. છે ને છે. સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો સંસારપર્યાય, મોક્ષમાર્ગપર્યાય, સિદ્ધપર્યાય એ બધો વ્યવહાર છે. સમજાણું આમાં? એ બધો વ્યવહાર છે. નિશ્ચયપર્યાય એક છે કે જે નિશ્ચયમાં જાય છે. સમજાણું કાંઈ?

કારણપર્યાય વ્યવહાર નહીં, નિશ્ચય છે. જ્યારે આ બધો વ્યવહારમાં જાય છે, અનાદિ-અનંત સંસાર-સિદ્ધ એવા ભેદ છે એ બધો વ્યવહાર છે. પર્યાયના ભેદ છેને, એ વ્યવહાર છે. સિદ્ધપદ એ પણ એક વ્યવહાર છે, કેવળજ્ઞાનપર્યાય સદ્દ્ભૂતવ્યવહારનયનો વિષય છે, સિદ્ધપદ પણ સદ્દ્ભૂતવ્યવહારનયનો વિષય છે. નીચલાવાળાને છેને. પ્રગટ કર્યા એને ક્યાં (નય) છે? સમજાણું કાંઈ?

એવો જે વ્યવહાર... જેમ દ્રવ્ય-ગુણ નિશ્ચય છે એમ એની એકરૂપધારા પણ ત્યાં નિશ્ચય છે. એ ત્રણને નિશ્ચય કહેવામાં આવે છે. એ પર્યાય છે માટે વ્યવહાર છે એમ નહીં. સમજાણું કાંઈ? ઝીણી વાતું છે. ભારે ભાઈ! વીતરાગમાર્ગમાં તો બાપા! આવું છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે વીતરાગભાવના જ્ઞાનમાં જોયું છે બધું, એ આવું છે. સમજાણું કાંઈ? એવી તત્ત્વની વ્યવસ્થા સર્વજ્ઞ સિવાય ક્યાંય ન હોય. ભાઈ! જીવમાં વ્યવહાર-નિશ્ચયના ભેદ પાડતાં સંસાર-મોક્ષમાર્ગ એ બધો વ્યવહાર છે. ત્યારે એ પર્યાયનો નિશ્ચય હોયને? જેમ ઓલાને (-ચાર દ્રવ્યને) નિશ્ચય પર્યાય એકરૂપ ત્રિકાળી છે, સમજાણું? ભલે એને વ્યવહાર કહેવાય ત્યાં. ત્રિકાળી તે ધ્રુવ નિશ્ચય છે ને ઉત્પાદ-વ્યય વ્યવહાર છે, પણ એ વ્યવહાર એકધારો છે ચાર દ્રવ્યમાં. આનો નિશ્ચય એકધારો છે, વ્યવહાર એકધારો નથી. તેથી વેદાંતે ઉત્પાદ-વ્યયવાળી પર્યાયોને તુચ્છ ગણી નાખીને. સમજાણું?

(પર્યાય) અસ્તિ છે. જેમ 'પર્યાય ધ્રુવ છે' એવું પણ હોય નહીં એનામાં. સમજાણું કાંઈ? જ્યારે ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે, તો એને એક ધ્રુવ(પણું) છે એ વાત એનામાં ન હોય અને આ ધ્રુવ હોય એને આમ (એકરૂપતા) હોય. કારણ કે એકરૂપ એને માનવું છે, પણ એકરૂપ પર્યાયમાં તો નથી, પણ અંદર ધ્રુવમાં છે એકરૂપતા. સમજાણું કાંઈ? આહાહા! ત્યારે દ્રવ્ય, ગુણ ને આ ધ્રુવપર્યાય—ત્રણ થઈને નિશ્ચયમાં જાય છે. અને આ સંસાર રાગ-દ્વેષનો માર્ગ ને મોક્ષનો માર્ગ નિશ્ચય સાચો હોં, અંદરથી પ્રગટે, પણ એ પ્રગટે છે, ક્વચિત્ આમ બહાર આવે છે, થાય છે એટલે એ બધો વ્યવહાર છે. નિશ્ચય સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્ર, આત્માની વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ એ પણ પર્યાય છે ને એ વ્યવહાર છે. કારણકે ક્વચિત્ થાય છે. અને આ દ્રવ્ય, ગુણ, (કારણ)પર્યાય ક્વચિત્ નથી. સમજાણું કાંઈ? પકડાય એટલું પકડો. બીજું શું થાય? એકકોર કહે છે કે ભગવાન સર્વજ્ઞે કહેલું, ગણધરોએ રચેલું, એ સંત કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે એ સ્વભાવ જે અનંત ચતુષ્ટયનું સ્વરૂપ... ચારનું જોર આપ્યું છે, બાકી એની સાથે તો અનંતા ગુણો ભેગા છે. **એની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ**... આહાહા! એની કારણપર્યાય પણ પૂજવાલાયક છે કહે છે. સમજાણું કાંઈ? એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદની ધારા, પર્યાયની આનંદની ધારા... એ કારણપર્યાયનું અવલંબન લેતાં એ ધ્રુવ પણ સાથે આવી ગયું. એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદની ધારા એ ત્રણે છે ન્યાંથી વહે છે. સમજાણું કાંઈ? એવી **પૂજિત પંચમભાવપરિણતિ તે જ કારણશુદ્ધપર્યાય છે**... તેને કારણશુદ્ધ પર્યાય કહેવામાં આવે છે. **એવો અર્થ છે** લ્યો. વિશેષ આવશે. (પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ ૧૩, ગુરુવાર, તા. ૧૩-૧-૧૯૭૨
## ગાથા - ૧૫, પ્રવચન નં. ૨૪

જીવ અધિકાર. ફરીને. હમારે સુજાનમલજી કહે છે, ફરીને કહેવું. આહાહા! .... લે! એ કહે છે, ફરીને કહેવું. પ્રવિણભાઈના બાપ એણે કહ્યું છે સવારમાં. કહીને ન આવે એનો અર્થ શું? ફરીને. જુઓ! ટીકા. પંદરમી ગાથા.

**ટીકા : આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.** છેને? પાઠમાં છે **संक्षेपोक्तिरियम्...** આ ગાથામાં સ્વભાવપર્યાય, એ પર્યાય એટલે સ્વભાવ અવસ્થા છે હોં. અને વિભાવપર્યાય—વિકારી અવસ્થા—એનું આમાં ટૂંકું કથન છે. વિશેષ વિસ્તારપૂર્વક. ન્યાય અંદરમાંથી કાઢે એ જાણે. **ત્યાં, સ્વભાવપર્યાયો...** આ સૂક્ષ્મ વિષય છે, શેઠ! એટલે ફરીને લીધો. સ્વભાવપર્યાય.. છેને પાઠમાં? **कम्मोपाधिविवज्जिय पज्जाया...** કર્મોપાધિરહિત પર્યાયો... **ते सहावमिदि...** બે બોલ થઈ ગયા છે. ચેતનજીએ કહ્યું હતુંને કે માગધીમાં દ્વિવચન મળે, આપણે ન હોય. એ બરાબર છે. દ્વિવચન ને બહુવચન બધું એક થઇ જાય.

**સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે...** સ્વભાવિક અવસ્થા છે હોં. અહીં ભેદની એકલી વાત નથી. પાઠ આવે છે 'પરિભેદં' એટલે માણસને પ્રશ્ન ઉઠે કે પર્યાયની વ્યાખ્યામાં 'પરિભેદં' કીધું. ઓલામાં આવ્યુંને પહેલું. પર્યાય નહીં, પણ ભેદની વ્યાખ્યા છે એકલી, એમ કહે છે. પર્યાય છે એમ નહીં, એનો સરવાળો કરતાં પણ પર્યાયના ભેદો કહ્યા, એમ કહ્યું છે. ભેદના ભેદ કહ્યા એમ નથી કહ્યું. આપણે વધારે સ્પષ્ટ તો આ છે. એટલે સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે. **કારણશુદ્ધપર્યાય...** આ વાત તદ્દન નવી છે. કારણશુદ્ધપર્યાયની વાત અત્યારે ચાલતી નથી. આ એક પંદરમી ગાથામાં જ આવું સ્પષ્ટ છે. બીજામાં હશે, પણ આપણે કાઢી શકીએ નહીં. પણ સ્પષ્ટ આમાં છે. સમજાણું કાંઈ? કારણશુદ્ધપર્યાય **અને કાર્યશુદ્ધપર્યાય.** આ તો બે ભેદ પાડ્યા છે સ્વભાવના. પણ હવે કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા પહેલી કરવી છે.

**અહીં સહજ**—સ્વભાવિક **શુદ્ધ**—પવિત્ર **નિશ્ચયથી, અનાદિ-અનંત** છે આ સ્વચતુષ્ટય. અનંત જ્ઞાનાદિ કહેશે એ અનાદિ-અનંત છે આત્મામાં. જેમ આત્મા અનાદિ-અનંત છે, એમાં ગુણો જે છે એ પણ અનાદિ-અનંત છે, એની સાથે રહેલી પર્યાય પણ અનાદિ-અનંત છે એમ કહે છે. સમજાણું કાંઈ? **શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત...** વસ્તુ જેમ આદિ અને અંત વિનાની ચીજ છે, એમ એમાં જ્ઞાન-દર્શન ચતુષ્ટય મુખ્ય લીધા છે.. ચતુષ્ટય મુખ્ય લીધા છે. મુખ્ય છે તેથી એમાં બીજા બધા ગુણ નથી એમ નહીં. મુખ્યપણે ચતુષ્ટય લઈને કાર્યમાં પણ મુખ્યપણે ચતુષ્ટય પરિણમ્યા એમ લીધું છે. નહીંતર કાર્યમાં ચાર જ પરિણમ્યા છે એવું કાંઈ નથી. અનંત

પરિણમ્યા છે, છતાં કાર્યમાં પણ ચતુષ્ટય લીધા છે. એટલે કારણમાં પણ ચતુષ્ટય લીધા એ મુખ્ય વાત વર્ણવી છે, એમ. કોઈ કહે કે આ ચારની જ વાત છે. તો કાર્યશુદ્ધપર્યાયમાં ફેર પડી જશે. કારણકે કાર્યશુદ્ધપર્યાયમાં ચાર જ બોલનું પરિણમન છે એમ નથી. કેવળજ્ઞાનમાં તો અનંત ગુણની પર્યાયનું પરિણમન સાથે છે. સમજાણું કાંઈ આમાં?

**સહજ**–સ્વભાવિક **શુદ્ધ નિશ્ચયથી, અનાદિ-અનંત, અમૂર્ત** છે. મૂર્ત નથી. ગુણો જે છે ચતુષ્ટય જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) એ અમૂર્ત છે, તો એની સાથે આ રહેલી પર્યાય પણ અમૂર્ત છે. **અતીન્દ્રિય-સ્વભાવવાળાં...** અતીન્દ્રિય સ્વભાવવાળા... એ ઇન્દ્રિયગ્રાહ્ય નથી, એ તો અતીન્દ્રિયસ્વભાવ છે. ભગવાન આત્માનો અતીન્દ્રિયસ્વભાવ, એવા સ્વભાવવાળાં... ઘણા છેને બોલ એટલે. **અને શુદ્ધ એવાં સહજજ્ઞાન...** સ્વભાવિકજ્ઞાન ત્રિકાળ, **(સહજદર્શન)–** સ્વભાવિકદર્શન ત્રિકાળ. દર્શન પછી અહીં ઉપયોગની વ્યાખ્યા છે મૂળ તો. પણ એમાં પછી બધું આવી ગયું છે. આપણે ઉતાર્યું છે એમાં ભેગું. આ ચાર ગુણમાં જેમ કારણપર્યાય કીધી એમ બધા ગુણમાં લઈ લેવી. નકશામાં ઉતાર્યું છે. હીરાભાઈ! વાંચ્યો છેને નકશો? ક્યો? હા, એ. ૧૯મી ગાથાનું પ્રવચનનું પુસ્તક જુદું છે. એ બુક છાપેલી છે. ૧૯ ગાથાની બુક જ પહેલા આખી જુદી છાપેલી છે. વાંચી નથી? એ બીજો ભાગ. પહેલો ભાગ આ છે. આવ્યો છે ભગવાનજીભાઈ? પહેલો ભાગ. લ્યો! ભાઈને ખબર છે. પહેલો ૧૯નો ભાગ છે એનું આ પુસ્તક છે.

અહીંયા કહે છે કે આત્મામાં... આત્મા તો વસ્તુ થઈ, સ્વભાવવાન થઈ, સ્વભાવવાન. ત્યારે હવે એનો સ્વભાવ કે ત્રિકાળી **સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર..** સ્વભાવિક ત્રિકાળી ચારિત્ર હોં ત્રિકાળી ચારિત્ર. ત્રિકાળી વીતરાગભાવ ત્રિકાળ. સમજાણું કાંઈ? અને **સહજપરમવીતરાગસુખાત્મક...** સ્વભાવિક પરમવીતરાગસુખસ્વરૂપ આત્મા. ત્રિકાળી સુખ એનો ગુણ છે. **સહજપરમવીતરાગસુખાત્મક** એટલે સુખસ્વરૂપ. અંદર સ્વભાવિક પરમવીતરાગ આનંદસ્વરૂપ આત્મામાં એ ગુણ લીધો. એ ચાર ગુણ લીધા. મુખ્યપણે એ ચાર લીધા. એવું જે **શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...** આવું જે શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ... ક્યાં ગયા હતા? મોડા કેમ આવ્યા? અહીં હમણાં કહ્યું કે વાંચનમાં મોડા કેમ આવ્યા? કહો, સમજાણું કાંઈ? જેણે કીધું એણે તો હાજરી પહેલી આપવી જોઈએ. કેમ સુજાનમલજી?

સહજ–સ્વભાવિક પરમવીતરાગ-સુખસ્વરૂપ... જગતમાં આ જે કલ્પનાના સુખ છે વિષયોના, એ તો કલ્પનાનું માનેલું છે, (ખરેખર તો) દુઃખ છે, એ સુખ નથી. પરમવીતરાગ... ઓલું રાગવાળું સુખ છેને કલ્પનાનું, એનાથી વિરુદ્ધ કહેવા ત્રિકાળી આત્મામાં રાગ વિનાનું પરમવીતરાગ એવું સુખ અમૃતસ્વરૂપ.. સુખ-અમૃતસ્વરૂપ, આનંદ-અમૃતસ્વરૂપ એવું શુદ્ધ

અંતઃતત્ત્વસ્વરૂપ... આત્માનું અંતઃતત્ત્વસ્વરૂપ... અંતઃતત્ત્વ આ ચાર જ છે એમ મુખ્યપણે કહ્યું. બાકી અંતઃતત્ત્વસ્વરૂપ, અનંત ગુણનો જે પિંડ છે એ એનું અંતઃતત્ત્વસ્વરૂપ છે. સમજાણું કાંઈ?

**શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ**... જે સ્વભાવ અંતઃતત્ત્વસ્વરૂપ... આ તો રાતે રામજીભાઈએ પૂછ્યું હતું. જવાબ નહોતો આપ્યો પંડિતજીએ. ખબર છેને? **पज्जाया....** કહ્યું છે અને **कम्मोपाधिविवज्जियपज्जाया** કહ્યું છે. એમ કહ્યું હતું, પણ જવાબ નહોતો આવ્યો. કહો, સમજાણું કાંઈ? પૂછ્યું હતુંને ભાઈએ. ખબર છેને? તમે નહોતો આપ્યો, ખ્યાલ છે. કહો, સમજાણું આમાં? ઝીણો વિશેષ છે. આ વિષય તો એકદમ અપૂર્વ વિષય છે. મુનિરાજે પાઠમાં છે એમાંથી કાઢ્યો છે હોં. હોય એ કાઢેને. સ્વભાવપર્યાય.. **पज्जाया...** સ્વભાવપર્યાય–સ્વભાવ-અવસ્થા બે પ્રકારની છે. એક કારણસ્વભાવપર્યાય અને કાર્યસ્વભાવપર્યાય. આ કારણસ્વભાવપર્યાય કેવી છે, ક્યાં છે, કેમ છે—એમ વર્ણવે છે.

કે એ **શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ**... જે સ્વભાવ અનંત ચતુષ્ટયનું સ્વરૂપ... ત્રિકાળી સ્વભાવ અનંત ચતુષ્ટયસ્વરૂપ. ઓલા ચાર કીધા એ. સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક દર્શન, સ્વભાવિક ચારિત્ર, સ્વભાવિક આનંદ—એવું જે સ્વભાવચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની જે... પાઠમાં **सहांचित** શબ્દ છે. સહ-અંચિત (એટલે) સાથે રહેલું. ઓલામાં જરી સાર્ધ નાખ્યું છે. અર્થ તો એક જ થાય એટલે એમાં બીજો વિચાર નહીં. નહીંતર મગજમાં એવું આવી ગયું હતું. ઓલામાં 'સાર્ધ' છે તો અનાદિ-અનંત છે અને આમાં સાદિ-અનંત છે, અડધું છે એટલે આમાં સાર્ધ (કહ્યું). આહાહા! ...માં અર્થ થાતો હોય એ બરાબર છે. આ તો ભાષાની વાત છે. કહો, સમજાણું કાંઈ? સહેજ અંદર મગજમાં આવી ગયું કે અહીં 'સહજ' શબ્દ ને અહીં 'સાર્ધ'.. સાર્ધ.. ભલે અર્ધું એવો અર્થ અહીં ન થાય, પણ સાથે એટલે આવું સાથે છે, એમ. ઓલાને ત્રિકાળી અનાદિ-અનંત સાથે છે અને આને સાદિ-અનંત સાથે છે, આટલો જરીક ફેર છે. સમજાણું કાંઈ? આ તો કાલ કરતા થોડું વધારે સ્પષ્ટ થાયને. વૃદ્ધ માણસ ને એક જુવાન માણસ બેયએ માંગ્યું હતું.

કહે છે કે એવું **જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ** ત્રિકાળી **તેની સાથેની જે પૂજિત...** આટલો તો એમને ભાવ આવ્યો છે મુનિને. ઓહો! પૂજવાયોગ્ય એ પર્યાય છે. જે પર્યાયનું મનન અને એની એકાગ્રતાથી સમ્યગ્દર્શન આદિ પ્રગટ થાય છે, એમ કહે છે. પૂજિત પર્યાય છે, પૂજવાયોગ્ય છે, આદરવાયોગ્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રાણભાઈ! બહુ ઝીણું છે આ. પણ હવે આવ્યા બરાબર સાંભળવામાં સારા સરખાઈએ. ..... શેઠિયાઓ બધા મૂકીને-મૂકીને અમારે શોભાલાલજી શેઠ ગયા. અમારો મનસુખભાઈ તો વયો ગયો. એ હતો કાલ, નહીં? કાલ હતો, નહીં? ઓલા હતા બાબુભાઈ, અમારે જેઠાભાઈ. એ બધાને.... આ નવા-નવા ભગવાનજીભાઈ પંદરમાં હોય એ સારી વાત છે.

કહે છે કે ભગવાન! તારી ઋદ્ધિ તો સાંભળ! તારો ભગવાન આત્મા અને તેમાં અનંત ચતુષ્ટયમૂર્તિવાળા જ્ઞાન, દર્શન, ચારિત્ર એટલે વીતરાગતા ત્રિકાળ હોં અને વીતરાગસુખસ્વરૂપ આનંદ. વીતરાગી જ્ઞાન છે ત્રિકાળી, વીતરાગી દર્શન છે ત્રિકાળી, વીતરાગી ચારિત્ર ત્રિકાળી, વીતરાગી આનંદ ત્રિકાળી. સમજાણું કાંઈ? એવું સ્વરૂપ છે તો એમાંથી વીતરાગતાનું કાર્ય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? **પૂજિત પંચમભાવપરિણતિ...** પંચમભાવ એવો જે ત્રિકાળી પારિણામિકભાવ, પંચમભાવ એટલે ત્રિકાળી પારિણામિકભાવ, એટલે કે આત્માના સ્વરૂપની હયાતીવાળો ત્રિકાળી ભાવ. પારિણામિકભાવની વ્યાખ્યા એ કરી છેને પંચાસ્તિકાયમાં. 'દ્રવ્ય આત્મલાભ હેતુ.' દ્રવ્યના સ્વરૂપનો લાભ.. દ્રવ્યના સ્વરૂપનો લાભ એટલે દ્રવ્યના સ્વરૂપની હયાતી. હયાતીવાળું તત્ત્વ. જે ભગવાન આત્મા દ્રવ્યરૂપ એ હયાતીવાળું તત્ત્વ એ ભાવને પંચમ પારિણામિકભાવ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? નવલચંદભાઈ! વસંતીલાલજી!

**(તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય...** એનો તો અર્થ કર્યો. **એવી પારિણામિકભાવની પરિણતિ) તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.** તે જ કારણશુદ્ધપર્યાય. જોર આપ્યું છે ન્યાં. **તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે**. હવે શબ્દાર્થ કર્યો. હવે એને સિદ્ધ કરીને કારણપર્યાય કેમ હોવી જોઈએ, એમ, કાલ બધું કહ્યું એ ફરીથી. સમજાણું? જે આત્મા પરમપારિણામિકભાવે વસ્તુ છે, એમાં આ પર્યાય પારિણામિકભાવે થઈને બેનું આખું નિશ્ચયપણું થાય છે. જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ—એનો પારિણામિકભાવ, એનું દ્રવ્ય, ગુણ અને ઉત્પાદ-વ્યયની અનાદિ-અનંત પર્યાય એ બે થઈને પારિણામિકભાવની પૂર્ણતા થાય છે. પરથી જુદું પાડવાની અપેક્ષાએ નિશ્ચય. પોતાનું દ્રવ્ય ને પર્યાય ભેદ પાડે તો આ (દ્રવ્ય) નિશ્ચય ને પર્યાય વ્યવહાર એ જુદી વાત છે. સમજાણું કાંઈ?

એટલે કે ચાર દ્રવ્યમાં જ્યારે પારિણામિકભાવની એકસરખી ધારાવાહી ઉત્પાદ-વ્યયની પર્યાય છે, એવી આત્મામાં ઉત્પાદ-વ્યયની એકસરખી ધારાવાહી નથી. પછી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થતાં કાંઈક શુદ્ધતા પણ થઈ અને કાંઈક અશુદ્ધતા પણ થોડી રહી. હવે એ પણ મોક્ષમાર્ગની પર્યાય સાદિ–શરૂ થઈ, પણ અંત આવી જશે. કારણ કે મોક્ષની પર્યાય થાશે એટલે માર્ગનો અંત આવી જાશે. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગની પર્યાય જે પ્રગટ થઈ, એ પ્રગટ થઈ એની પૂર્ણતા થતાં એ પર્યાયનો નાશ થશે. તેથી એકસરખી ન રહી અને મોક્ષની પર્યાય પ્રગટ થતાં સાદિ-અનંત એમને એમ રહેશે. એટલે એકસરખી અનાદિ-અનંત એવી પર્યાય એની ન રહી. અને ચાર દ્રવ્યમાં એક સરખી અનાદિ-અનંત પર્યાય છે. શું કીધું? આહા! પર્યાય છે એમાં ન આવી... અનાદિ-અનંત.

આત્મામાં એવી ઉત્પાદ-વ્યયની પર્યાય એકસરખી નથી તો એનામાં એકસરખી પર્યાય હોવી જોઈએ. સમજાણું કાંઈ? એકસરખી પર્યાય એ ધ્રુવપર્યાય, કારણપર્યાય એ અનાદિ-અનંત

છે. ભલે એનો વિશેષ.. વિશેષ.. મગજમાં આવે છે જરી. ઓલું સામાન્ય છે એની સાથે એ વિશેષ છે, પણ એ વિશેષ.. વિશેષ.. વિશેષ.. વિશેષ.. અનાદિ-અનંત છે. સમજાણું કાંઈ? તે દિ' એમ કહ્યું હતું બેની સાલમાં. આ કારણપર્યાય એ વિશેષ ભાવ છે પારિણામિકભાવનો. ગુણ છે એ સામાન્યભાવ છે ત્રિકાળી. આ એનો અંશ છેને એ વિશેષ છે. આમ વિશેષનો અર્થ ઉત્પાદ-વ્યય નહીં, ધ્રુવનો ભાગ છે એ. સમજાણું કાંઈ? જેમ દરિયામાં ત્રણ બોલ કહ્યા હતાને. દરિયાનું દળ છે આખું... એમાં નાખ્યું હતું. એ દળ છે એ જીવ કહેવાય અને એનો ઠંડો સ્વભાવ જે ઓલો પાણીનો એ ગુણ કહેવાય. અને એની ઉપર... શું કીધું? સપાટી. એની સપાટી એની પર્યાય કહેવાય છે. પણ ત્રણેય છે અભેદ. દરિયાનું પાણીનું દળ અને પાણીની શીતળતા અને પાણીની માથે સપાટી. ઓલું પાણી આખી ચીજ છે એ દ્રવ્ય થયું, શીતળતા આદિ એનો ગુણ થયો, (ગુણો) આદિ સાપેક્ષ નથી અને એની સપાટી એની પર્યાય થઈ. એ ત્રણેય અભેદ છે. સમજાણું કાંઈ?

એમ આત્મામાં દ્રવ્ય એટલે ત્રિકાળી દળ આખી વસ્તુ, વસ્તુ પોતે. એનો ગુણ (એમાં) આ ચતુષ્ટયની મુખ્યતા, બાકી બધા ગુણો. સમજાણું કાંઈ? અને એની સાથેની આ સપાટી કારણપર્યાયની એકરૂપ અનાદિ-અનંત—એ ત્રણેય અભેદ છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! વીતરાગે કહેલું તત્ત્વ ... છે ભાઈ! એવી એકરૂપ જે કારણપર્યાય ત્રિકાળી ગુણની સાથે એકરૂપ છે. ચતુષ્ટયની મુખ્યતા લીધી છે. જો ચતુષ્ટય લઈએ તો કાર્યપર્યાયમાં વાંધા આવે છે કે કાર્યચતુષ્ટયમાં એકલી ચાર જ કાર્યપર્યાય લીધી છે. એથી કેવળજ્ઞાનાદિ પર્યાય–કાર્ય ચાર લીધી છે, પણ છે અનંત. એને મુખ્યપણે ચાર લીધી છે. એમ આત્મામાં અનાદિ દ્રવ્ય, અનાદિ-અનંત ગુણ અને આ પર્યાય ચતુષ્ટયની લીધી સાથે. ત્રિકાળ ચતુષ્ટય છે એની સાથેની એ. એમ અનંત ગુણની સાથેની પર્યાય છે. જ્ઞાનનો કારણપર્યાય, દર્શનનો કારણપર્યાય, ચારિત્રનો કારણપર્યાય, આનંદનો કારણપર્યાય, અનંત ગુણનો કારણપર્યાયરૂપ ભાવ એની સાથે અનાદિ-અનંત છે. શેઠ! ઝીણું બહુ છે. સમજાય છે કાંઈ?

એવો જે ભગવાન આત્મા એનું પૂરું રૂપ. એ આવો ગુણ, દ્રવ્ય ને આ પર્યાય—ત્યારે એનું પૂર્ણ રૂપ એક નિશ્ચય સિદ્ધ થાય છે. અને ઓલો પર્યાયનો ભેદ છે સંસાર આદિનો એ વ્યવહાર છે. છે એ બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ? તેથી કહે છે કે એની પર્યાય જે છે કારણપર્યાય... જ્ઞાનગુણ ત્રિકાળી એની સાથે વર્તમાન.. વર્તમાન.. વર્તમાન ધ્રુવપર્યાય એ કારણપર્યાય. એનું પરિણમન ન હોય, એનું વેદન ન હોય, એ ઉત્પાદ-વ્યયમાં ન આવે. સમજાણું કાંઈ? અંદર ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવ એક સમયની એમ ને એમ, એમ ને એમ કાયમ રહે એને અહીંયા કારણશુદ્ધપર્યાય (કહે છે). પારિણામિકભાવનું આખું તત્ત્વ પૂર્ણ સિદ્ધ થવા માટે આની જરૂર છે, એમ કહે છે. કહો, કાંતિભાઈ! આહાહા!

અને તેથી એક ન્યાયે એમ કહ્યું હતું તે દિ' બેની સાલમાં. છવ્વીસ વર્ષ પહેલા. પણ એ વિશેષ છે એનો. એ ત્રિકાળી છે અને આ પર્યાય ભાગ છે, અંશી વિશેષ છે. પણ એ વિશેષનો અર્થ ત્યાં ઉપજવું, બદલવું એમ નહીં, ધ્રુવરૂપ છે. ત્રણ થઈને પારિણામિકભાવ આખો સિદ્ધ થાય છે. અને આ ત્રણ બોલ જે સંસાર (આદિ) એમાં પારિણામિકભાવ નથી. કારણ કે સંસારભાવ છે એ ઉદયભાવ છે. અનાદિ રાગાદિનો ઉદયભાવ છેને. ભલે એનો ક્ષયોપશમ થોડો હોય ભેગો હોય પણ એ બધું પરલક્ષી ક્ષયોપશમ છે. અને જ્યારે મોક્ષમાર્ગ થાય છે ત્યારે આત્માના સ્વભાવને આશ્રયે એટલે કારણપર્યાય ને ધ્રુવ—બધાને આશ્રયે એકાગ્ર થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે ત્યારે એની શરૂઆત થાય છે. એ પર્યાય કાંઈ અનાદિની નથી. એ પ્રગટ થાય છે અને પ્રગટ થયેલીની સાથે થોડો વિભાવભાવ પણ છે. સમજાણું ?

એથી એની શરૂઆત થઈ મોક્ષમાર્ગની. એ મોક્ષમાર્ગની શરૂઆત (થાય પછી) અસંખ્ય સમય જ રહે છે એ. ઓલો જે સંસાર છે એ અનંત સમય રહ્યો, મોક્ષમાર્ગનો પર્યાય અસંખ્ય સમય જ રહે છે. ભલે પંદર ભવ કરે તોય અસંખ્ય સમય છે. સમજાણું કાંઈ ? ઝીણી વાતું બહુ. અમારા સુજાનમલજી કહે છે, ફરીને લેવું. અંદરની વાત છે. બેસે એને બેસેને. અંદરની વાત છે. કહે છે... આહાહા! એવો જે ભાવ એ દરેક ગુણનો અનંત ગુણનો છે તેની વર્તમાન કારણપર્યાય ધ્રુવ અંશ એનામાં છે. નકશામાંમાં ઉતાર્યું છે. નકશો છેને. પછી છપાવ્યો નહીં. કે આટલું ઝીણું પડે. બે પંડિતો મોટાને પૂછ્યું તો એનો ખુલાસો ન મળે. અમુક બીજું કહેવા માંડ્યા. કીધું, આ બહાર પાડવામાં લોકોને વાંધો આવશે. નકશો એમને એમ રહી ગયો. નહીંતર નકશો ૧૯ ગાથામાં નાખવાનો હતો. ૧૯ ગાથાનું પુસ્તક છેને એમાં નાખવો હતો. છપાણું ક્યારે ? બેની સાલ પછી, નહીં ? બેમાં... પછી છપાણું હશે.

એટલે કહે છે, ભગવાન આત્મા દ્રવ્યરૂપ અનાદિ-અનંત, એના અનંત ગુણોનું સદશપણું અનાદિ-અનંત અને આ પર્યાય પણ સદશરૂપે છે એની સાથે ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ. સમજાણું કાંઈ ? એ ત્રણ થઈને આખો આત્માનો પારિણામિકભાવ નિશ્ચય પૂરો ત્યારે થાય છે. જુઓ! કારણપર્યાય ન હોય તો એની પારિણામિકની અવસ્થાની ત્રિકાળીતા પૂરી થતી નથી. સમજાણું કાંઈ ? ભાઈ આવો માર્ગ ભારે! ઓલા કહે દયા પાળવી, આ કહે વ્રત પાળવા, અપવાસ કરવા, આ કહે ભગવાનની જાત્રા કરવી. એય શેઠ! જાઓ થઈ ગયો ધર્મ. એ ધર્મ નથી. એ ધર્મ જ નથી, એ તો બધો વિકલ્પ છે. આહાહા! આ પર્યાયના ભેદો છે, એ રાગના ભેદ છે એ બધા. સમજાણું કાંઈ ?

શ્રોતા : એનું વેદન ન આવ્યું.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વેદન એનું હોય નહીં. ધ્રુવ છેને. ધ્રુવનું વેદન હોય નહીં. ધ્રુવનો આશ્રય કરીને પર્યાય પ્રગટ થાય એનું વેદન હોય. ઉત્પાદ-વ્યયનું વેદન હોય, ધ્રુવનું વેદન હોય

નહીં. સમજાણું કાંઈ? એ તો સદૃશ, ધ્રુવ ને કારણપર્યાય સદૃશ એકરૂપ ધારાવાહી છે. એનું વેદન ન હોય. વેદન અનુભવ તો પર્યાયનું હોય. પ્રગટ પર્યાયનું વેદન હોય. સમજાણું કાંઈ? પણ એ વેદનનો પર્યાય એને આધારે પ્રગટે છે. એના તરફના લક્ષે ને આશ્રયથી પ્રગટે છે. સમજાણું કાંઈ?

કહે છે કે એવો જે કારણશુદ્ધપર્યાય... આહાહા! વિશેષ કહ્યું, ત્રિકાળી ગુણની પર્યાયમાં પણ એ કારણપર્યાય કહી. એ સિવાયના ત્રણ પ્રકાર—સંસારનો ઉદયભાવ, મોક્ષમાર્ગનો પ્રગટભાવ, પણ એ ભાવની પર્યાયનો કાળ અસંખ્ય જ છે. અસંખ્ય સમય જ રહે. મોક્ષમાર્ગની પર્યાયનું સાધકપણું એનો પ્રગટપણાનો કાળ અસંખ્ય સમય જ રહે. સંસાર અનંત સમય રહે, આ અસંખ્ય સમય રહે. કારણ કે પોતાની ચીજ સાધવી છે એમાં અનંત કાળ જોઈએ નહીં. સમજાણું કાંઈ? અને અસંખ્ય સમયમાં મોક્ષમાર્ગ પૂરો થઈને કેવળજ્ઞાન થાય. અને કેવળજ્ઞાનનો જે પર્યાય પ્રગટે એ સાદિ-અનંત (એટલે) શરૂઆત થઈ, પણ અંત છે નહીં. એટલે ત્રણ ભંગ પડી ગયા એટલે ત્રણે વ્યવહાર થઈ ગયો એ તો. એ વ્યવહાર થયો. નિશ્ચય, આ ત્રણ થઈને નિશ્ચય થયો. સમજાણું કાંઈ? અને બેનું પ્રમાણજ્ઞાન કરવું એને પ્રમાણજ્ઞાન કહેવાય.

આવી વસ્તુ છે. સમજાણું? આ મુનિરાજે એમાંથી વાત કાઢી છે અને મુનિ પોતે તો કહે છે કે આ ટીકા અમે તે કોણ કરનાર? પહેલું આવી ગયું છેને. આ ટીકાના ભાવો ગણધરોએ કહેલા છે અને પરંપરા આચાર્યોએ વર્ણવેલા છે. છેને એમાં પહેલા? પહેલાંમાં–શરૂઆતમાં છે જુઓ! **ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા**... પાનું ત્રીજું છે ત્રીજું. અહો! આવું તત્ત્વ વીતરાગ સિવાય ક્યાંય છે નહીં અને તે પણ દિગંબર સંતોએ કહેલું તત્ત્વ તે તત્ત્વ છે. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ ક્યાંય બીજે (હોય નહીં). પૂર્ણ આ ને વ્યવહાર આ. આહાહા! સમજાણું કાંઈ? હજી તો ઓલા રાગનો વ્યવહાર એનાથી નિશ્ચય થાય ત્યાં અટક્યા છે. અહીં તો કહે સાદિ-અનંત કેવળજ્ઞાનનો પર્યાય એ વ્યવહાર છે, લ્યો. આહાહા! અહીં કહે છે... છેને એમાં.

ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા છે આ સૂત્રની ટીકા. **શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા** છે. આહાહા! શ્રુતધરો જેણે શાસ્ત્રને ધાર્યા છે ભાવમાં, એવા મહાસંતો–દિગંબર મુનિઓ પરંપરાએ ગણધરોથી ચાલ્યા આવેલા. આહાહા! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, પુષ્પદંત વિગેરે મહાસંતો, સૂત્રધરો, એના પહેલાના મુનિઓ કુંદકુંદાચાર્ય.. એવા **શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા**, એમ. છેને? **सुव्यक्तम्... આ પરમાગમના અર્થસમૂહનું કથન**... આ પરમાગમના અર્થસમૂહ (એટલે) ટીકાનો સમુહ એને **કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ?** આહાહા! કેટલી નિર્માનતા છે! સમજાણું કાંઈ? અરે! અમે તે કોણ? ભાઈ!

ભગવાન, સંતોએ અને શ્રુતધરોએ પરંપરાએ આના અર્થો તો કરેલા છે. એમાં તો ફક્ત હું એનો વ્યવહારે નિમિત્ત થાઉં છું. બાકી કરેલા તો ગણધરોના છે. જુઓ! સમજાણું કાંઈ? એટલે આ કારણપર્યાયનો અર્થ હું જ કરું છું અને મેં જ કર્યો છે—એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? નવું તમને લાગે કે આણે કાઢ્યું છે? ના, ભાઈ! ગણધરોથી આ રીતે જ ચાલ્યો આવે છે. પાછળના શ્રુતધરો... ઓલા ગણધર હતા મોટા, આ શ્રુતધર. એનાથી આ અર્થો સુવ્યક્ત ઘડાયેલા છે, એ રીતે અહીં કહેવામાં આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો, એમાં આ આવ્યું અહીં આટલું.

એ ત્રિકાળી, વિશેષ ને આવું બધું કાંઈ આવતું નથી. આજ તો આવ્યું. સામાન્ય આવ્યું, વિશેષ આવ્યું, દરેક ગુણનો કારણપર્યાય આવ્યો. સમજાણું? પારિણામિકભાવનું ધર્માસ્તિની અપેક્ષાએ પૂર્ણતા આવી. સમજાણું કાંઈ? હવે ભેદ પડ્યો છે આ સંસારાદિ, એ વ્યવહાર છે. વ્યવહારને જાણવાલાયક છે, આદરવાલાયક આ દ્રવ્ય, ગુણ ને (કારણ)પર્યાય છે આ અભેદ. એ આદરવાલાયક ત્યાં દૃષ્ટિ મૂકવા જેવી છે. આહાહા! સમજાણું કાંઈ? આ ઠેકાણે સિવાય બીજે ક્યાંય આવો અર્થ છે નહીં. દિગંબર શાસ્ત્રોમાં પણ બીજે આવું સ્પષ્ટીકરણ નથી એવું અપૂર્વ કહ્યું છે. એમ ન્યાં આવ્યું આ કે આ નિયમસાર મોક્ષમાર્ગપર્યાયનો અધિકાર છે. ભાઈ! એ નવું આવ્યું, ઠીક! આ નિયમસાર મોક્ષમાર્ગપર્યાયનો અધિકાર છે એટલે જે કાંઈ વાસ્તવિક પર્યાયનું સ્વરૂપ (હોય એ) એમાં આવવું જોઈએ. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગ જે છે, એ ભગવાન આત્મા જે ત્રિકાળી દ્રવ્ય-ગુણ ને ધ્રુવપર્યાય એને આશ્રયે જે પ્રગટદશા એ પર્યાય છે. એ કાંઈ ગુણ નથી. એટલે પર્યાયનું વર્ણન આ ગ્રંથમાં છે. એથી આ કારણપર્યાય આમાં આવી છે. સમજાણું કાંઈ? એ બધી વાત કહેવાઈ ગઈ છે તે દિ' થોડી-થોડી. એથી આમાં મુનિરાજ પોતે કહે છે ને પાઠમાં આવ્યું હતુંને આ. 'કર્મોપાધિરહિત નિરપેક્ષ' એવો શબ્દ છેને. ૧૪મામાં 'નિરપેક્ષ છે'. **पज्जाया..** એ નિરપેક્ષને અહીં કર્મોપાધિરહિતની વાત કરી. **विवज्जिय पज्जाया ते सहावमिदि... पज्जाया** છેને, બહુવચન છેને. પર્યાયો છે બે. એક કારણપર્યાય ને એક કાર્યપર્યાય. પાઠમાં જ કહ્યું છે, એમાંથી–ધ્વનિમાંથી કાઢ્યું છે. આહાહા! આ તો અપૂર્વ વાત છે ભાઈ! આહાહા! આવું જૈનદર્શન, એમાં પણ આ દિગંબરદર્શન એ જ જૈનદર્શન છે. પક્ષપાતથી લોકોને લાગે, પણ આવી વાત ક્યાંય સંતો–દિગંબર મુનિઓ સિવાય, સાચા દિગંબર હોં, એકલા નગ્ન થઈને... એ કાંઈ નહીં. એમાં આ વાતનું... અજબ-ગજબની વાતું હોં. અંદરથી તળિયા તોડીને વાતું કરી છે.

આવો ભાવ ભાઈ! તારો છે. એની અંદર દૃષ્ટિ મૂક તો સમ્યગ્દર્શન થાય. એ ત્રણેયની યથાર્થપણાની પ્રતીતિ... સમ્યક્ છેને. પ્રશંસનીય દર્શન ને સમકિત કે આ ત્રણેય યથાર્થ આ રીતે છે એની અંદરમાં એકાગ્રતા કર. શીતલપ્રસાદજી લીધું છેને ભાઇ! એમ કે કારણપર્યાયનું

મનન કરવાથી કાર્યપર્યાય... એટલો શબ્દ લીધો છે. બહુ થોડું છે, લાંબુ નથી કર્યું. પહેલો અર્થ કર્યો હતોને નિયમસાર. પહેલું એને જ હાથ આવ્યું હતું. જયપુરમાં ને? જયપુરમાં ચોમાસું હતું. આ નિયમસાર બહાર નહોતું. એ ભંડારમાં જોતા એને આ મળ્યું. એમાંથી એણે પહેલું હિંદી કર્યું. આહાહા! વાત સાચી. અહીં કામ આવ્યુંને આ બધાને. હિંમતભાઈ ને... એમાંથી હિંમતભાઈએ કર્યુંને બધું. હિંમતભાઈનું સ્પષ્ટીકરણ વધારે સ્પષ્ટ હોય તદ્દન ચોખ્ખું. ...... સમજાણું કાંઈ? જયપુરમાં ચોમાસુ હતું તો એને.. શું કહેવાય? ભંડાર. ભંડારમાંથી પુસ્તક મળ્યું આ સંસ્કૃત ટીકા સહિત. એણે અર્થ–શબ્દાર્થ કર્યો.

આ તે દિ'નું બનાવેલું છે. એ તો ૨૪૪૨ છે. ૨૪૪૨ વીર સંવત. કેટલા થયા? જાન્યુઆરી ૧૯૧૬. કેટલા થયા? આ તો આપણે અત્યારે ઇ.સ. ૧૯૭૨ સાલ ચાલે છેને. એમાં ૧૯૧૬ (ઘટાડો તો) ૫૬ થયા. ૫૬ વર્ષ થયા. મૂલ્ય પોણા બે રૂપિયા. ..... એમાં આ મૂક્યું લ્યો પંદરમામાં. 'કારણ પંચમપરિણામિકભાવકી પરિણતિ હૈ યહી કારણશુદ્ધપર્યાય હૈ. કારણશુદ્ધ-પર્યાયકા મનન કાર્યશુદ્ધપર્યાયકી ઉત્પત્તિકા સાધન હૈ.' એટલું છે. કહો, સમજાય છે કાંઈ? સુજાનમલજી! (શ્રોતાઃ આજ વધારે આવ્યું). થોડો-થોડો વધારે આવે છે.... કહો, જયંતિભાઈ! આ પર્યાયનો ગ્રંથ છે માટે તેમાં પર્યાયની વાસ્તવિક સ્વરૂપની પૂર્ણતા શું એ એમાં આવી છે. બીજામાં ન આવી એનું કારણ જરી આવ્યું છે. સમજાણું કાંઈ?

અને પાઠમાં પણ પોતે આચાર્યે કહ્યુંને. ઓહો! મોક્ષમાર્ગની પર્યાયનો અધિકાર છે તે અમે કહીએ છીએ. **कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा...** સ્વભાવિકપર્યાય ભગવાને કીધી છે, એમ કહે છે. ભગવાને કીધી એમ કીધુંને ભાઈ! **भणिदा.. सहावमिदि भणिदा..** ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરે કર્મની ઉપાધિથી વિવર્જિત–રહિત એવી પર્યાયના બે પ્રકાર ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યા છે. સમજાણું કાંઈ? એ અહીંયા કહેવામાં આવે છે. મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ કહે છે. લ્યો, આ પોણો કલાક તો થયો. પ્રાણભાઈ! આ બરાબર તાકડે આવ્યા, ઠીક ભાગ્યશાળી છો. તાકડે ભાગ્યશાળી આવું સાંભળવામાં આવ્યા આ પંદરમી ગાથામાં. આહાહા! (આવી વાત) કોઈ વખતે આવે. એમાં તમારી હાજરી.... ભાગ્યશાળી છે હોં. આહાહા! સંતો, ગણધરો એની વ્યાખ્યા કરતા હશે તો અલૌકિક કરતા હશે. સમજાણું કાંઈ? ગજબ વાત છે. ઓહોહો!

એક-એક સમય પર્યાય... આહાહા! ધ્રુવપર્યાય હોં, એક ગુણની પણ ધ્રુવપર્યાય ઓહોહો! જ્ઞાનની ધ્રુવપર્યાય, ગુણ ધ્રુવ, દ્રવ્ય ધ્રુવ—એને આશ્રયે કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થાય. દર્શનની ધ્રુવપર્યાય. લ્યો વળી આ વિસ્તાર થયો થોડો. આત્મા ત્રિકાળી, એનો દર્શનગુણ.. ધ્રુવદર્શન એટલે કે ઉપયોગ અને દર્શન એટલે શ્રદ્ધા બેય લીધી. ત્રિકાળ શ્રદ્ધાશક્તિ અને ત્રિકાળ દર્શનોપયોગ એની કારણપર્યાય ત્યાં છે. આહાહા! દર્શનની કારણપર્યાય અંશરૂપ

પારિણામિકભાવે છે, શ્રદ્ધાની અંશરૂપ પારિણામિકભાવે છે. એમાં એકાગ્ર થતાં દર્શન–કેવળદર્શન ઉપયોગ અને ક્ષાયિક સમકિતપર્યાય ઉત્પન્ન થાય છે. પરને લઈને થાય છે એમ નહીં એમ કહે છે. ઓલા કહે છેને જુઓ! ક્ષાયિક સમકિત ભગવાનની સમીપ... એ સમીપપણું બતાવ્યું છે. સાંભળને! એ તો નિમિત્ત ત્યાં હોય, એટલું. આહાહા! જુઓ! આ નિમિત્તની પ્રધાનતા. અરે ભગવાન! શું તું કહે છે આ? એ વખતે ક્ષાયિક સમકિતની પર્યાય કે ઉપશમની પર્યાય, એ અંદર જે ત્રિકાળી જ્ઞાન, શ્રદ્ધા છે અને એનો કારણપર્યાય છે એને આશ્રયે સમકિત થાય છે. બીજા ગુણને આશ્રયે નહીં, તો વળી નિમિત્તને આશ્રયે (ક્યાંથી)? એમ ભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

આ તો ભેદથી કથન છે એટલે... વસ્તુ તો એકસાથે અભિન્ન છે. એમાંથી એક ગુણના પ્રવાહમાંથી શ્રદ્ધાની પર્યાય આવે. આહા! દર્શનનો ઉપયોગ પણ એમાંથી આવે. એ કારણમાં મનન કરતા આવે, એમ કહે છે. એમ ચારિત્રગુણ જે ત્રિકાળી છે, એની સાથે કારણપર્યાય પણ ત્રિકાળી છે અંદર. એની એકાગ્રતા થતાં એમાંથી ચારિત્રની પર્યાય બહાર આવે છે. સમજાણું કાંઈ? એમ આનંદપર્યાય. ભગવાન આનંદસ્વરૂપ ગુણ અને એનો કારણપર્યાય પણ આનંદ, એનો આશ્રય કરતાં આનંદની પર્યાય પ્રગટ થાય. એમ વીર્યગુણ ત્રિકાળ, એનો–વીર્યનો કારણપર્યાય ધ્રુવ ત્રિકાળ બળ.. બળ, એને આશ્રયે વીર્યની શક્તિ પ્રગટ થાય. કારણકે કોઈ ગુણ કોઈની ગુણને આશ્રયે હોતા નથી. એમ પણ છેને ભાઈ! કોઈ ગુણને આશ્રયે કોઈ ગુણ (હોતા નથી). સ્વતંત્ર ગુણ ને સ્વતંત્ર પર્યાય. આહાહા! સમજાણું કાંઈ?

એ ગુણની જે પર્યાય પ્રગટ થાય એ એના ગુણને આશ્રયે થાય છે, બીજા ગુણને આશ્રયે ન થાય. આખો દ્રવ્યનો આશ્રય, ભેગો આ આશ્રય લઈને થાય છે એમ કહે છે. આહાહા! ગજબ વાત છે! આવું જૈનદર્શન. જૈનદર્શન, શું વિશ્વદર્શન. વિશ્વદર્શન, શું દિગંબરદર્શન. દિગંબરદર્શન એટલે પરમાર્થદર્શન. આહાહા! ધર્મ.. ધર્મદર્શન, સ્વભાવનો દેખાવ. આવો સ્વભાવ છે. આહાહા! આ વાત બેસે એની મુક્તિ થયા વિના ત્રણ કાળમાં રહે નહીં. સમજાણું કાંઈ? આ વાત છે બાપુ! બાકી તો બધું... આહાહા! એમ આત્મામાં સ્વચ્છતા નામનો ગુણ છે, એ સ્વચ્છતા નામના ગુણની સાથે કારણ-સ્વચ્છપર્યાય છે અંદર. આહાહા! લ્યો, એ વળી ઓલા પૂછતા.... ક્યાંનું ક્યાં આવ્યું? એના અનુસંધાનમાં છે. સમજાણું કાંઈ?

એમ અંદર પ્રકાશગુણ છે ત્રિકાળ, પ્રકાશગુણ પ્રત્યક્ષ. સ્વસંવેદન પ્રત્યક્ષ થઈ શકે એવો એનો ગુણ છે. એવા ગુણની સાથે પર્યાય–કારણપર્યાય પણ એવી છે. આહાહા! અને એને આશ્રયે પ્રત્યક્ષ આત્મા થાય કાર્યરૂપે, એ કારણમાંથી કાર્ય આવે છે, કારણને આશ્રયે કાર્ય થાય છે. એ એના પ્રત્યક્ષગુણના કારણના આશ્રયે કાર્ય થાય છે. સમજાણું કાંઈ? વસંતીલાલજી! હવે આ આવ્યું થોડું. વિભુ એ તો સર્વવ્યાપક અનંત ગુણોમાં. પ્રભુત્વ. પ્રભુત્વશક્તિ આત્મામાં છે.

પરમેશ્વર થવાની શક્તિ છે. પરમેશ્વર થવાની શક્તિ છે. એ પરમેશ્વર થવાનો પ્રભુત્વગુણ છે અને એનો એક સમયનો કારણપર્યાય પ્રભુત્વનો એ એનો પર્યાય-કારણપર્યાય છે. એના આશ્રયે—દ્રવ્ય પ્રભુત્વ, ગુણ પ્રભુત્વ, કારણપર્યાય પ્રભુત્વ એને આશ્રયે—પ્રભુત્વપર્યાય પ્રગટ થાય છે. ઇશ્વરતા પોતે ઇશ્વર છે. આત્મા ઇશ્વર, એનો ગુણ ઇશ્વર અને એની પર્યાયમાં કારણપર્યાય ઇશ્વર આહાહા! ગજબ વાત છેને. કેટલું કહ્યું છે! બહુ કહ્યું છે. ચારેકોરની વાતું કરતા કરતાં ઘણું કહ્યું છે. ઘણું કહ્યું છે પ્રભુ! આહાહા!

જેવી વસ્તુ હતી એની વિશાળતા કરી નાખી છે. તારી પરમેશ્વરતા, અનંતવીર્ય જે પ્રગટ કહે છે પરમેશ્વરને, એ અનંત વીર્ય.... અંદર વીર્ય-બળ નામનો ત્રિકાળી ગુણ છે, એના બળગુણની પર્યાય-કારણપર્યાય ધ્રુવ છે એને આશ્રયે પરમેશ્વરતા-ઇશ્વરતા પ્રગટ થાય છે. આહાહા! પ્રભુતા પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? જીવત્વશક્તિ, ચિતિશક્તિ, બધી છેને, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી.. જુઓ! સર્વદર્શી.... દર્શનગુણ છે ત્રિકાળ, એની કારણપર્યાય ત્યાં આમ બાહ્ય છે, બાહ્ય એટલે વિશેષરૂપે છે. આહાહા! સમજાય છે? એના તળિયા તપાસતાં-એને જોતાં સર્વદર્શીપણું પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

એમ સર્વજ્ઞગુણ છે. દ્રવ્ય-વસ્તુ, એનો સર્વજ્ઞગુણ છે, સર્વજ્ઞગુણ જે છે એની પર્યાયમાં સર્વજ્ઞગુણનું કારણપર્યાય છે. આહાહા! એનો આશ્રય કરીને, એનું મનન કરીને-એકાગ્ર થઈને.. મનનનો અર્થ 'એકાગ્રતા' છે. મનન કોઈ વિકલ્પ નથી. એકાગ્ર થતાં ત્યાં સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ? પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશત્વ, અસંકુચિતવિકાસ, અકાર્યકારણ.. અકાર્યકારણ નામનો ગુણ છે. આહાહા! દ્રવ્ય અકાર્યકારણ છે, એનો ગુણ અકાર્યકારણ છે, એની પર્યાયમાં-કારણધ્રુવપર્યાયમાં અકાર્યકારણપણું છે. આહાહા! એથી એ પર્યાયને ઉત્પન્ન થવામાં બીજું કોઈ કારણ ને બીજાથી રહે એમ નથી. એની ધ્રુવપર્યાયનો આશ્રયે અકાર્યકારણરૂપ પ્રગટપણું હોય જ. આહાહા! આ નિમિત્ત હોય તો થાય. અરે ભગવાન! આ નથી એમાં હોં. સમજાણું કાંઈ?

અકાર્યકારણ નામનો ત્રિકાળી ગુણ છે દ્રવ્યનો-ગુણીનો, સ્વભાવવાનનો સ્વભાવ છે, એવો જ પર્યાયમાં એનો સ્વભાવ છે. અકાર્યકારણ નામની કારણપર્યાય છે, કારણપર્યાય. આહાહા! ગજબ વાત છે! કારણશુદ્ધત્રિકાળી એને આશ્રયે-એકાગ્રતાથી પર્યાય, બીજાના કાર્યરહિત અને બીજાના કારણરહિત, આહાહા! એવી પર્યાય પ્રગટ થાય છે. ચાર મનિટ છે. આ તો થોડું-થોડું આ અમારે ડોસાએ સુજાનમલજીએ પૂછ્યું કે વધારે સ્પષ્ટ કરો. મીણો ચડી જાય એવું છે આ તો. અકાર્યકારણ, પરિણમ્યપારિણામિક. પોતાનો ગુણ છે, એની કારણપર્યાય છે, એમાંથી આનું કાર્ય થાય છે.

ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ. પરનો ત્યાગ ને પરનું ગ્રહણ એવું શૂન્યત્વ છે. એવો એનો ગુણ છે ત્રિકાળી. દ્રવ્યમાં ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ નામનો ગુણ છે, એની કારણપર્યાય ત્યાગ-ઉપાદાનશૂન્યત્વની પર્યાય છે, એને આશ્રયે કાર્ય પ્રગટ થાય છે. પરનો ત્યાગ ને પરનું ગ્રહણ એનામાં છે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ? આ તો પરનો ત્યાગ થાય ત્યાં એમ માને કે ઓહો.. ત્યાગી છીએ. એમ નથી ભગવાન! બાપુ! .... ઠીક, બે શેઠિયા પણ આમાં હાજર હતા. આવી પર્યાય વચ્ચે, પંદરમી (ગાથા) ચાલતી હોય ત્યારે કોઈ વખતે હાજર નહોતા. આહાહા! કહે છે કે એમ અકાર્યકારણ... ત્યાગોપાદાન, અગુરુલઘુ, ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ. શક્તિ છેને એની. આહાહા! ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ નામની શક્તિ, એની પર્યાય–કારણપર્યાય પણ એવો, એમાંથી પાછું એને ધ્રુવરૂપી કાર્ય થાય. આહાહા! ગજબ વાત છે હોં.

ષટ્કારક બધું એમાં. કર્તા નામનો ગુણ છે, એની પર્યાય–કારણપર્યાય કર્તા નામની છે, એને આશ્રયે કર્તાનું કાર્ય થાય છે. આહાહા! ભારે વાત ભાઈ! આ વાત લોકોના (કાનમાં પડવી જોઈએ). પંડિતો વિરોધ કરે છે. મધ્યસ્થતાથી સાંભળે બાપા! ભાઈ! આ તો તારા ઘરની ચીજ છે. ભગવાન! તું ના ન પાડ. આવી જ અસ્તિ છે ત્યાં હવે શું તું કરીશ? તારા અસ્તિત્વમાં જ આવું છે. કરણ નામનો ગુણ છે આત્મામાં. એની પર્યાય પણ કરણ નામની કારણપર્યાય છે. એને આશ્રયે સાધન કારણ પ્રગટ થાય છે. કોઈ નિમિત્તને આશ્રયે, વ્યવહારને આશ્રયે, રાગ છે તો સાધનપર્યાય પ્રગટ થાય છે—એમ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એમ બધા અનંતા ગુણો. થોડું લખ્યું ઘણું કરીને (જાણજો). હવે કલાક પૂરો થઈ ગયો. એના ઉપર અમારે ડોસાજીએ અને અમારે જયંતિભાઈએ બેયએ કહ્યું હતું કે વધારે લેજો. લઇશું ફરીને.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ ૧૩, શુક્રવાર, તા. ૧૪-૧-૧૯૭૨**
**ગાથા - ૧૫, પ્રવચન નં. ૨૫**

આ પંદરમી ગાથા, નિયમસાર. સ્વભાવપર્યાયનું કથન છેને. વિભાવનું પણ કથન છે. આત્મામાં જે અનંત ગુણો છે એમાં ચતુષ્ટયની મુખ્યતા કીધી. એમાં આ ગુણની સાથે કારણપર્યાય નિરંતર સમયે-સમયે ધ્રુવપર્યાય (હોય) એને અહીંયા કારણપર્યાય કહેવામાં આવે છે, શુદ્ધકારણપર્યાય. જે પહેલામાં એમ આવ્યું હતું કે પર્યાયાર્થિકનયને અસત્યાર્થ કહીને.. ગૌણ કરીને અસત્યાર્થ કહી હતી. આ કારણપર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે એમ નથી. સમજાણું કાંઈ? પહેલાં આવ્યું હતુંને સમયસારની ૧૪મી, ૧૧ ગાથામાં વગેરે, પર્યાય છે ખરી, પણ વસ્તુ છે ત્રિકાળ જે ભૂતાર્થ એની મુખ્યતા કરીને દૃષ્ટિ, અનુભવમાં આવે અને એ કારણે એની પર્યાય જે વ્યક્ત ઉત્પાદ-વ્યયની દશા છે એને ગૌણ કરીને, એ નથી, એ અસત્યાર્થ છે એમ કહેવામાં આવ્યું. આ કારણપર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ (કહ્યું) છે એમ નથી. સમજાણું કાંઈ? સમજાણું?

બીજી વાત. છેલ્લી ઓગણીસ ગાથામાં આવશે. દ્રવ્યાર્થિકનયે પર્યાયથી રહિત જીવ છે. એ પર્યાય આ નહીં. સમજાણું કાંઈ? ઓગણીસમી ગાથામાં આવશે. એ ટીકાકાર ખુલાસો પણ કરશે. જે આ પર્યાય રહિત કીધું છે અહીંયા, એ વિભાવવ્યંજનપર્યાય રહિત કહેવામાં આવે છે. દ્રવ્યાર્થિક... ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ.. દ્રવ્યસ્વરૂપ ધ્રુવ, ગુણસ્વરૂપ ધ્રુવ અને એની કારણપર્યાય ધ્રુવ એ તો દ્રવ્યાર્થિકનયના વિષયમાં જાય છે. એને દ્રવ્યાર્થિકનયમાં રાખીને વિભાવવ્યંજનપર્યાય રહિત એને કહેવામાં આવે છે ઓગણીસમી ગાથામાં. નહીંતર પાઠ એવો છે કે દ્રવ્યાર્થિકનયે પર્યાય રહિત છે. પાઠ તો એવો છે, લ્યો! પાઠ તો આવો છે ઓગણીસમાં.

પણ એનો ખુલાસો કર્યો ટીકાકારે કે ભઈ, પર્યાય રહિત કીધી છે એ કઈ પર્યાય? વિભાવવ્યંજનપર્યાય. દ્રવ્યાર્થિકનયના વિષયમાં એ પર્યાય આવતી નથી. ભારે! સમજાણું આમાં? કહો, જેઠાભાઈ! કારણશુદ્ધપર્યાય. જેઠાભાઈને પણ રાત્રે જવાબ નહોતો આવડ્યો અને એમને આવડ્યો હતો. તમારા ચિરંજીવને આવડ્યો હતો. એમના ચિરંજીવીના ચિરંજીવી છે. હુશિયાર છે. તમે તો ઘણા વર્ષના અભ્યાસી છોને, ઘણા આગળ છો. એ તો હજી હમણાં બે-ત્રણ વર્ષથી આવ્યો છે. પણ એમાં કંઈ ઉંમર સરખી.... રામજીભાઈ કહે છે કે બધા આત્મા સરખા છેને. એ વખતે કીધું હતું. ખબર છે? આત્મા મોટા-નાના ક્યાં છે? આહા! ના, ઉંમરમાં... ઉંમરમાં એમ કહ્યું. સ્થિતિમાં મોટા-નાના કાંઈ (નથી). અનાદિ-અનંત છે. આહાહા!

આ વાત દિગંબર સંતોએ (કહેલું) જૈનદર્શનનું વાસ્તવિક રૂપ અને સ્વરૂપ એવું ક્યાંય બીજે નથી. લોકો મધ્યસ્થથી જોતા નથી. સમજાણું કાંઈ? પક્ષપાતથી જુએ એટલે એમ કે આ

બધું સરખું છે, આ છે, તે છે. બહુ ઓછું આવ્યું.. બહુ ઓછું આવ્યું. આહાહા! વસ્તુસ્થિતિ ભગવાન શું કહે છે અને ભગવાનની પરંપરાના સંતો શું કહે છે—એ હોવું જોઈએને? આ વાત.. આ બે વાત વિશેષ સ્પષ્ટ કરી છે. એક કારણપર્યાય જે ત્રિકાળી છે, ગુણની વર્તમાન વિશેષ પારિણામિકભાવરૂપ કારણપર્યાય એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. એ પર્યાયાર્થિકનો વિષય નથી. પર્યાય હોવા છતાં એ પર્યાયનયનો વિષય નથી. એ ચેતનજી! આ રાત્રે પ્રશ્ન થયો હતો. સાંભળતા હતા? કહો, સમજાણું કાંઈ?

એ કહ્યું હતું વળી સ્વ-આકારનું. મારે સમજાવવું નથી એટલે સ્વ-આકાર કાઢી નાખ્યો. ઓલા મોટા...... સ્વ-આકાર એના પોતાના અક્ષરમાં લખે ત્યારે નાખે. નહીંતર નાખે નહીં. કંઈ એનું લખનારનું ગજું નથી સ્વ-આકારનું નાખવાનું. શ્રીમદ્‌માં એક ટુકડો આવ્યો છે. 'પરિણામી પદાર્થ સ્વ-આકાર પરિણામી હોવા છતાં અપરિણામીપણું...' આમ એક ૨૩-૨૪ વર્ષ પહેલાં જોયું હતું. પહેલાં આ જ્યારે ચાલ્યુંને ત્યારે એમાં જોયું હતું કે આમાં કંઈ નીકળે છે? કીધું, કંઈ ભાળ્યું? ક્ષયોપશમ એમનો ઘણો ઊંડો, શ્રીમદ્‌નો ક્ષયોપશમ બહુ ઘણો. અને પૂર્વે પણ કાંઈ સંતોના ઓલામાં હતાને, એમ કહે છે. એટલે કંઈક અંદર.... નહીંતર આ નિયમસાર એને મળ્યું નહોતું. પણ એને અંદરમાં કંઈક તર્ક આવ્યો ખરો કે પદાર્થ ત્રિકાળી જે છે એની પર્યાયમાં પણ એને આકારે–એના સ્વરૂપે એકરૂપ હોવી જોઈએ. ભાષા થોડી છે, પણ આશય આવો છે. આવું હોવા છતાં એની પર્યાયમાં અવ્યવસ્થિત પરિણામીપણું?

આ ઉદય, રાગ-દ્વેષ એ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એ સપાટી, જેમ દરિયાની સપાટી ઉપર જેમ ... હોય આમ. નાખ્યા છે ઓલામાં. એમ વસ્તુ–દ્રવ્ય, ગુણ અને સપાટી એટલે કારણપર્યાયનું દળ એકરૂપ, એના ઉપર આ રાગ-દ્વેષ, રાગ-દ્વેષની અભાવદશા, ઉપશમદશા, ક્ષાયિકદશા કે ક્ષયોપશમદશા—એ બધા ચાર એના ઉત્પાદ-વ્યયની પર્યાયના ભંગ છે. એ પર્યાયનયનો વિષય છે. ચાહે તો ક્ષાયિક કેવળજ્ઞાન હો, એ પણ પર્યાયનયનો વિષય છે અને આ કારણપર્યાય છે એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. સમજાણું કાંઈ? દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિક સમજતે હો?

દ્રવ્ય.. દ્રવ્ય વસ્તુ, કાયમની વસ્તુને જે લક્ષમાં લે તે નયને દ્રવ્યાર્થિકનય કહે છે. દ્રવ્ય-અર્થ જેનું પ્રયોજન, વસ્તુ જેનું પ્રયોજન છે એવી નય એટલે જ્ઞાન એને દ્રવ્યાર્થિકનય કહે છે. દ્રવ્ય જેનું પ્રયોજન એવો નય–એવો જ્ઞાનનો અંશ. એટલે ત્રિકાળી દ્રવ્ય.. એ દ્રવ્ય ત્રિકાળી વસ્તુ અને એનો ગુણ ને આ કારણપર્યાય—ત્રણેય દ્રવ્યાર્થિકનયનો વિષય છે. સમજાણું કાંઈ? ભાઈ! કંઈ ઝીણું આવ્યું હોય તો સ્પષ્ટ થવું જોઈએને. નહીંતર આ બધું... આ ઠેકાણે જ આ વિષય છે, બીજે ક્યાંય નથી. સમજાણું? હશે ક્યાંક ગૂઢપણે તો આપણને કાઢતા આવડતો નથી. અહીં ખુલ્લો છે એટલે કાઢતા આવડે છે. આહાહા! સમજાણું કાંઈ?

સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથના જ્ઞાનમાં આવું દ્રવ્ય ભાસ્યું છે. એવું એને ભાસે અંદર ત્યારે એને સમ્યગ્દર્શન થાય. આહાહા! દ્રવ્યરૂપ સામાન્ય, ગુણરૂપ સદૃશતા સામાન્ય અને આ કારણપર્યાય એ પણ સામાન્ય જ છે પરની અપેક્ષાએ. આની અપેક્ષાએ ભલે ભેદો (કહેવાય). પણ એના ત્રણે ઉપર દૃષ્ટિ જવી... .... છોડી દઈ, રાગની–વ્યવહારના વિકલ્પની દૃષ્ટિ છોડી દઈ, એક સમયની પર્યાય પ્રગટ એની પણ દૃષ્ટિ છોડી દઈ... આને અવ્યક્ત કહ્યું છેને શાસ્ત્રમાં, ૪૯ ગાથામાં. ૪૯ ગાથા છેને સમયસારની. પર્યાયને વ્યક્ત કહ્યું છે, આ ઉત્પાદ-વ્યયની દશા એને વ્યક્ત કીધી છે, એ સિવાય આ ત્રણને અવ્યક્ત કીધું છે. સમજાણું કાંઈ? આ તો થોડું થોડું છે. ભગવાનજીભાઈ!

કાયમ સત્ અવિનાશી દ્રવ્ય, એનો ગુણ કાયમ સત્, એમ એની કારણપર્યાય પણ સત્ ધ્રુવ—એ ત્રણેય મળીને દ્રવ્ય કહેવામાં આવે છે. અને એની દૃષ્ટિ થવી, એની દૃષ્ટિ એ ઉપર જવી અને થવી એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ સિવાય આવી વાત ક્યાં છે? કહો. અને વસ્તુનું પૂરું રૂપ જ આ છે અને એ સિવાય પર્યાયનું ઉત્પાદ-વ્યય એ પ્રમાણના વિષયમાં જાય છે. સમજાણું કાંઈ? પર્યાયના બે પ્રકાર. ભારે વાત છેને! એક પ્રગટરૂપદશા, એક અવ્યક્તરૂપ દશા. આહાહા! એથી ૪૯ ગાથામાં દ્રવ્યને અવ્યક્ત કહ્યું છે. પર્યાય અંશ પ્રગટ છે એ અપેક્ષાએ દ્રવ્યને અવ્યક્ત કહ્યું છે. એની અપેક્ષાએ વ્યક્ત તો છે, પ્રગટ છે, પ્રસિદ્ધ છે. આહાહા! સમજાણું કાંઈ?

દ્રવ્ય–વસ્તુની અપેક્ષાએ દ્રવ્ય-ગુણ ને (કારણ)પર્યાય ત્રણે અવ્યક્ત (છે), પ્રગટ પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત કીધું છે. જેઠાભાઈ! પણ વસ્તુ છે એની અપેક્ષાએ, એ વસ્તુની દૃષ્ટિએ વસ્તુ પ્રસિદ્ધ ને વ્યક્ત ને પ્રગટ જ છે. ત્રણ બોલ થયા. એક તો આ શુદ્ધ(કાર્ય)પર્યાય એને ગૌણ કરીને અસત્યાર્થ અને 'નથી' કહ્યું. પ્રગટ પર્યાયને ગૌણ કરીને અસત્ કીધી છે. સમજાણું કાંઈ? બીજું, આ શુદ્ધકારણપર્યાય દ્રવ્યાર્થિકનયના વિષયમાં જાય છે, પર્યાયાર્થિકનયના વિષયમાં જતી નથી. ત્રીજું, દ્રવ્યાર્થિકનયના વિષયની અપેક્ષાએ પર્યાય એમાં નથી એમ જે ૧૯મી ગાથામાં કીધું છે એ આ કારણપર્યાયને માટે નહીં. એ વિભાવવ્યંજનપર્યાય માટે છે. ચોથું, જ્યારે ઉત્પાદ-વ્યય પ્રગટ છે ત્યારે પર્યાયને વ્યક્ત કીધી ત્યારે આ દ્રવ્ય, ગુણ ને આ (કારણ)પર્યાય જે છે એને અવ્યક્ત કીધી. સમજાણું કાંઈ? લ્યો વળી આવું આવ્યું અત્યારે.

એક તો આવ્યું હતું કાલ રાત્રે. કહ્યું હતુંને કે પર્યાયને ગૌણ કરીને અભુતાર્થ કીધી, એ આને (લાગુ પડે) નહીંને? નથી. એમ છે જાદવજીભાઈ! એની નથી. શેઠ! આ તો મારે એની તલવાર છે. તલવાર તો બાંધી રાખી હોય પડી આમ. હાથમાં (લઈને) ચાલે નહીં એની નહીં. ઓલા કહેતા આપણે વનમાળીલાલ ખત્રી ગોંડલવાળા. મારે એની તલવાર છે એમ કહેતા હતા. આહાહા! વસ્તુની સ્થિતિ પકડે એની એ વસ્તુ છે.

કહે છે કે એ કારણપર્યાય જે અહીં કહેવામાં આવી શુદ્ધકારણપર્યાય, એને વ્યક્ત પર્યાયની અપેક્ષાએ વ્યક્ત ન કહેવાય. ઉત્પાદ-વ્યયની જે પર્યાય મોક્ષમાર્ગની, કેવળજ્ઞાનની એ બધી ઉત્પાદ પર્યાય છે પ્રગટ. એની અપેક્ષાએ શુદ્ધકારણપર્યાયને વ્યક્ત ન કહેવાય, અવ્યક્ત કહેવાય. સમજાણું કાંઈ? આહાહા! ગજબ વાત છે હોં. આવું જૈનદર્શન.. આ વિશ્વદર્શન છે. બધા વિશ્વદર્શન છે ને બધામાં સરખું છે—એમ છે નહીં. વિશ્વનું આવું સ્વરૂપ જ છે, એમ. એક દ્રવ્યનું–આત્માનું આવું સ્વરૂપ છે એવું અનંતા દ્રવ્યનું આવું સ્વરૂપ છે. વિશ્વ એટલે અનંતા આત્માઓને ભેગા કરીને કહો તો અનંતા દ્રવ્યનું આવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ પહેલો પેરેગ્રાફ થયો પૂરો. સમજાણું કાંઈ? ત્રણ-ચાર ભાગ કીધા આજે.

હવે કાર્યપર્યાય. એ કારણમાંથી કાર્ય આવે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ. ભગવાન અરિહંત પરમાત્માને, સિદ્ધને જે અનંત કેવળજ્ઞાનની પર્યાય છે... કેવળજ્ઞાન પણ પર્યાય છે એના વાંધા. અહીં તો કાર્યપર્યાય કહે છે એને. આહાહા! કાર્યશુદ્ધપર્યાય. એના વાંધા મોટા. કેવળજ્ઞાન ગુણ છે, પર્યાય નહીં. વળી હમણાં જૂનું એક છોકરાએ કો'કે લખ્યું છે. નહીં, ગુણ છે, શાસ્ત્રમાં ગુણ કહ્યો છે. ઉત્તમચંદજીએ ત્યારે એમ કહ્યું હતુંને ત્યાં શિવનીમાં. મખ્ખનલાલજી આવ્યાને. એ વાંચતો હશે ઉત્તમચંદ. છોકરો છે હુશિયાર. ૨૭-૨૮ વર્ષનો છે. અહીં આવે છે. ન્યાં વાંચતા હશે. ત્યાં મખ્ખનલાલજી ગયા દસલક્ષણી કરવા. ઓલો વાંચતો હશે.

એલા! નિશ્ચય-વ્યવહાર કેમ હોય, વ્યવહાર ને નિશ્ચય કેવી રીતે હોય? નિશ્ચય વિનાનો વ્યવહાર હોય? એવું કાંઈક પ્રશ્ન કર્યો હતો. બરાબર યાદ નથી. પહેલો વ્યવહાર હોય એમ લ્યો. પહેલો વ્યવહાર હોયને? ત્યારે એણે કહ્યું, ના. એ શેઠ! આવા જુવાન છોકરાઓ નીકળ્યા છે હવે. ઓલા સાઈઠ-સાઈઠ વર્ષના ભણેલાની સામે. કહે, નહીં, નિશ્ચય વિના વ્યવહાર હોય નહીં. જેના હજી લગ્ન નક્કી કર્યા નથી કે આની સાથે લગ્ન કરવું, એ વિના જાન જોડે એમ થાતું હશે કાંઈ? ક્યાં જાશે જાન? લ્યો, શેઠે એ યાદ રાખ્યું છે એટલું. ઠીક કહ્યું એ. જેનો નિર્ણય નથી કે આ ગામની આ કન્યા સાથે લગ્ન કરવા. એ નિર્ણય વિના જાન જોડી દે? એમ નિશ્ચય નથી કે ચીજ શું છે એ વિના વ્યવહાર કહેવાતા હશે? નવરંગભાઈ! એવો જવાબ આપ્યો માળે.

એથી બીજો જવાબ એ સરસ આપ્યો કે માટીનો ઘડો ન હોય તો ઘીનો ઘડો કહેવો કોને? માટીનો ઘડો નિશ્ચય માટીનો હોય તો તો એને એમ કહેવાય કે ઘીનો છે, પાણીનો છે, તેલનો છે એમ વ્યવહાર (કહેવાય). પણ ઘડો અસ્તિ જ નથી એને વ્યવહાર ક્યાંથી આવ્યો? કહે. કહો, સમજાણું કાંઈ? આહાહા! પછી એણે એટલું કબૂલ્યું કે નિશ્ચયનું જ્ઞાન હોવું જોઈએ. એટલું પહેલું એમ. જ્ઞાન હોવું જોઈએ એમ કીધું. ઠીક, એટલું તો એટલું, જાને. એમ લખ્યું છે એમાં. બીજો પ્રશ્ન પછી કર્યો. કેવળજ્ઞાન ગુણ છે કે પર્યાય? પછી આણે કર્યો. પહેલો

મખ્ખનલાલજીએ કર્યો હતો. આ પ્રશ્ન કર્યો એણે. પંડિતજી! કેવળજ્ઞાન ગુણ છે કે પર્યાય? કહે, ગુણ. એ શેઠ! એ ગુણ નહીં, પર્યાય છે. પ્રગટ થાય તે પર્યાય હોય. પ્રગટ થાય એ ગુણ ન હોય. સમજાણું કાંઈ? આહાહા! અરેરે! હજી તો દ્રવ્ય શું, ગુણ શું, પર્યાય શું એની ખબરું ન મળે, એ ક્યાં જાય, કેની કોર જાય, ક્યાંથી પાછો વળે? સમજાણું કાંઈ? કેવળજ્ઞાન અહીંયા આવે છે જુઓ! કેવું છે કેવળજ્ઞાનાદિ? એ કાર્યપર્યાય છે. કાર્યશુદ્ધપર્યાય છે. છે ને.

**સાદિ-અનંત...** જુઓ! ઓલું અનાદિ-અનંત હતું. દ્રવ્ય, એના ગુણો, એની કારણપર્યાયો એ અનાદિ-અનંત હતું. અને આ કેવળજ્ઞાન, કેવળદર્શન, સિદ્ધપદ એ બધી સાદિ છે (એટલે) નવું થાય છે, શરૂઆત થાય છે. કેવળજ્ઞાનની પર્યાય અનાદિની નહોતી. ગુણ અનાદિનો હતો જ્ઞાનગુણ, પણ એને આશ્રયે કેવળજ્ઞાનની સાદિ–શરૂઆત છે અને અનંત છે, હવે એનો નાશ થાય એવું નથી. અનંતકાળ રહેશે એમને એમ કેવળજ્ઞાન. આહા! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' શ્રીમદ્‌માં આવે છે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં; અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' 'સાદિ અનંત અનંત સમાધિ...' કેવળજ્ઞાનમાં અનંત સમાધિ ને શાંતિ છે.

એ કહે છે, **સાદિ-અનંત અમૂર્ત** છે એ. કેવળજ્ઞાનની પર્યાય આદિ પ્રગટ એ અમૂર્ત છે. **અતીન્દ્રિયસ્વભાવવાળા** છે. અતીન્દ્રિય સ્વભાવવાળો એ નયનો વિષય છે, પણ એને નય જ કહે છે. અતીન્દ્રિયસ્વભાવ **શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર...** જોયું! અતીન્દ્રિયસ્વભાવવાળા શુદ્ધસદ્‌ભૂત-વ્યવહાર. આહાહા! કારણ કે કેવળજ્ઞાનની પર્યાય શુદ્ધ છે, એનો (-જ્ઞાનનો) અંશ છે અને ભેદ છે, માટે શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર કહેવામાં આવે છે. કેવળજ્ઞાનની દશા એ શુદ્ધ છે, એનામાં છે એટલે સદ્‌ભૂત, શુદ્ધ છે અને વ્યવહાર એટલે અંશ–ભેદ છે. ત્રિકાળીમાંથી એ કેવળજ્ઞાન અંશ એક ભેદરૂપ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

એવા **શુદ્ધસદ્‌ભૂતવ્યવહારથી, કેવળજ્ઞાન-કેવળદર્શન-કેવળસુખ...** અનંત આનંદ ભગવાનને... **કેવળશક્તિ** એટલે વીર્ય. કેવળ શક્તિ—એકલું વીર્ય પૂર્ણ દશા બળ. એકલી પૂર્ણજ્ઞાનપર્યાય, એકલી પૂર્ણદર્શનપર્યાય, એકલી પૂર્ણસુખપર્યાય, એકલું પૂર્ણવીર્ય–બળપર્યાય. સમજાણું કાંઈ? એ **કેવળશક્તિયુક્ત ફળરૂપ...** એ ફળરૂપ છે. ફળી છે દશા. મોક્ષમાર્ગના કારણમાં કાર્ય આવું ફળ્યું છે. સમજાણું કાંઈ? એ **ફળરૂપ...** આંબે કેરી પાકેને ફળ, એમ આ મોક્ષમાર્ગની કારણને કાર્ય આ ફળ્યું. આત્માની દશામાં ફળ આવ્યું. આહાહા! એ તો નવી દશા થઈ.

**અનંતચતુષ્ટયની સાથેની...** એવા જે અનંતચતુષ્ટ પ્રગટ, એની સાથેની **(અનંતચતુષ્ટયની સાથે તન્મયપણે રહેલી)**–એકરૂપે રહેલી **જે પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની...** પરમ-ઉત્કૃષ્ટ—ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ, ઊંચી **ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ...** દેખો! ક્ષાયિકભાવની

શુદ્ધ પરિણતિ... ઓલી કારણપર્યાયની શુદ્ધ હતી એ તો પારિણામિકભાવે હતી. આ છે તે ક્ષાયિકભાવે છે. બેમાં ફેર છે. ગુણ છે અને કારણશુદ્ધપર્યાય છે એ પારિણામિકભાવે છે. આત્મા પારિણામિકભાવે અને એના જ્ઞાન-દર્શન ગુણો પારિણામિકભાવે છે અને આ કેવળજ્ઞાન એ ક્ષાયિકભાવે છે. નવી દશા થાય છે. સમજાણું કાંઈ?

**પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ...** દેખો! એ પર્યાયને ભાવ કહે છે, શુદ્ધ પરિણતિ કહે છે. **તે જ કાર્યશુદ્ધપર્યાય છે.** એને શુદ્ધ કાર્યપર્યાય... ચોખ્ખો શબ્દ છે અહીં તો. મોક્ષમાર્ગ... અહીં મોક્ષમાર્ગનો અધિકાર છેને! નિયમસાર એટલે મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ પર્યાય છે વ્યક્ત. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર એ ત્રિકાળીસ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એવી પ્રગટ અવસ્થા–પર્યાય છે એને નિયમસાર અથવા મોક્ષનો માર્ગ કહે છે. એના ફળરૂપે ફળ્યું, એ અનંત ચતુષ્ટય ફળ્યા, એને અહીંયા કાર્યશુદ્ધપર્યાય કહે છે. કહો, સમજાણું કાંઈ? કાર્ય આવ્યુંને એ. ઓલું કારણશુદ્ધપર્યાય હતું, આ કાર્યશુદ્ધપર્યાય છે. કારણશુદ્ધપર્યાય પારિણામિકભાવે છે, કાર્યશુદ્ધપર્યાય ક્ષાયિકભાવે છે. આહાહા! આવું બધું.... એક નીચે ફૂટનોટ. એની ફૂટનોટ છેને નીચે.

**સહજજ્ઞાનાદિ સ્વભાવ–અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમાંથી...** કારણશુદ્ધપર્યાય ધ્રુવમાંથી... **કેવળજ્ઞાનાદિ...** એય! ધ્રુવમાંથી પરિણમન... સામાન્યનો વિષય... બતાવવું, એ પર્યાય છે એ બતાવવું છેને? **કારણશુદ્ધપર્યાયમાંથી કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત...** અનંત ચાર સહિત **કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે.** લ્યો, મોક્ષમાર્ગથી પણ કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે એમ ન કહ્યું અહીં તો. એ ત્રિકાળી કારણશુદ્ધપર્યાય—એની જે એકરૂપ સપાટી—એમાંથી આ કાર્યશુદ્ધપર્યાય પ્રગટે છે. એટલે બધું દ્રવ્ય-ગુણ પણ ભેગું આવ્યું. કહો, સમજાણું કાંઈ? ભારે હજી તો.. એવી કાર્યશુદ્ધપર્યાય પ્રગટે. આ તો ચારની વ્યાખ્યા કરી છે. બાકી તો અનંત ગુણની નિર્મળ પર્યાય (પ્રગટે). કેમકે આત્મામાં સામાન્યગુણો પણ અનંત છે અને વિશેષ પણ અનંત છે. સામાન્ય એટલે કે અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ જે બધામાં છે એવા આમાં છે. એવા પણ અનંત ગુણો છે એક આત્મામાં. અને આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ જે બીજામાં નથી એવા પણ અનંત ગુણો છે. સમજાણું કાંઈ? આહાહા!

મોટો દરિયો છે. ભગવાન આત્મા અલૌકિક સ્વભાવનો સાગર છે એ તો. એને–મોટપને ક્ષેત્રની ક્યાં જરૂર છે? નિગોદનો જીવ લ્યો, ઓહોહો! એક અંગુલના અસંખ્યભાગમાં અનંત જીવ, ક્ષેત્ર નાનું બહુ. આહાહા! સમજાણું કાંઈ? બટાટા, શક્કરકંદ, આલુ આદિ છેને? લીલફૂગ–કાઈ, સૂરણકંદ, લસણ, બિલ્લીના ટોપા થાય છે એક વનસ્પતિ ઉકરડામાં ચોમાસામાં. આમ નીકળે ને આમ ટોપો હોય આમ, એ અનંતકાય છે. એ બરી... બરી કરે છેને આ તાજા દૂધની, શું કહે છે? બરી. એ એવું હોય ટોપા. ઉકરડામાં બહુ થાય. ઉકરડા હોયને વરસાદના

વખતમાં, અંદર... માથે ટોપી. એવી અનંતકાય. એના એક કટકીમાં અસંખ્ય તો ઔદારિક શરીર. એક શરીર ક્ષેત્ર આટલું. આહાહા! ગજબ વાત છે. અને એમાં અનંત જીવ. અને એક જીવમાં અનંતાનંત સામાન્ય ને વિશેષ ગુણો. આહાહા! ક્ષેત્રની વાત નથી. એનું સત્વ-એનો સ્વભાવ-એની શક્તિનું સામર્થ્ય આટલું છે. સમજાણું કાંઈ? આહાહા!

ક્ષેત્ર તો, એક અંગુલના અસંખ્ય ભાગમાં તો અસંખ્ય ઔદારિક શરીર હોય અને એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ હોય અને એક જીવમાં અનંતા સામાન્ય ને વિશેષ ગુણ હોય. ઓહોહો! સમજાણું કાંઈ? અને એની દરેક ગુણની કારણપર્યાય અનંતી.. અનંતી. અનંતગુણની અનંતી હોય. સમજાણું કાંઈ? અસ્તિ.. અસ્તિ.. અસ્તિ.. અસ્તિ.. સત્તા.. સત્તા.. સત્તા.. સત્તા. સમજાણું કાંઈ? એક બોલ આવે છે ભાઈમાં-સોગાનીમાં. એક બોલ આવે છે ખરો ક્યાંક. એમ કે નિગોદમાં આવા જીવ કહ્યા આવા જીવ, એ બધાય આપણને પ્રત્યક્ષ થશે. અત્યારે આપણે એને પરોક્ષ રીતે માનીએ છીએ. એમ આવે છે. સમજાણું કાંઈ? આહાહા!

વિશ્વાસનો વિષય કેવડો અને એ વિશ્વાસ કેવડો? એક આત્મા, જેવો સિદ્ધનો, એવો આ ને એવો એ નિગોદમાં દ્રવ્યે. આહાહા! 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય..' આવે છેને? આપણે યોગસારમાં આવે છે. યોગીન્દ્રદેવ. 'સર્વ જીવ છે જ્ઞાનસમ..' પછી શું? 'જાણે સમતા ધાર.' સમભાવથી જાણે. 'જાણે સમતા..' સમતાભાવનો અર્થ શું? વીતરાગભાવે આવા અનંતા આત્માઓ છે. જ્ઞાનના સ્વભાવવાળા, અનંત ગુણના સ્વભાવવાળા એવા અનંત જીવો છે એમ વીતરાગભાવે જાણે એણે યથાર્થ જાણ્યા કહેવાય. આહાહા! આ દુનિયા સાથે મેળ કરવા જાય તો થાય એમ નથી. સમજાણું કાંઈ? એમાં એક આવે છે, સોગાનીમાં ક્યાંક આવે છે આ બાજુના પાનામાં. નિગોદનું આવે છે થોડું. બહુ સારું છે.

અહીં કહે છે કે આવી કારણશુદ્ધપર્યાયમાંથી આવી કાર્યશુદ્ધપર્યાય પ્રગટ થાય છે. **પૂજનીય પરમપારિણામિકભાવપરિણતિ તે કારણશુદ્ધપર્યાય છે અને શુદ્ધ ક્ષાયિકભાવ-પરિણતિ...** બેય પર્યાય. ઓલી ધ્રુવપર્યાય ને આ પ્રગટ પર્યાય. **તે કાર્યશુદ્ધપર્યાય છે.** આહાહા! આવા અનંતા-અનંતા ગુણો સામાન્ય-વિશેષ, એની અનંતી કારણપર્યાય, એટલું એનું કાર્યવિશેષ. સમજાય છે? એનું નામ પ્રગટ પર્યાય. અંશે તો છેને? સર્વજ્ઞને પૂર્ણ પ્રગટ પર્યાય છે. ક્ષયોપશમભાવે પણ જ્ઞાન-દર્શન-વીર્ય છે કે નહીં નિગોદને? પ્રગટ છે કે નહીં? જ્ઞાન, વીર્ય, દર્શન એનો અંશ પ્રગટ નિગોદના એકેક જીવને પ્રગટ છે ક્ષયોપશમભાવે. પારિણામિકભાવે દ્રવ્ય, ગુણ ને કારણપર્યાય અને આ પ્રગટ ક્ષયોપશમભાવે, રાગાદિ ઉદયભાવે. એ ઉદય, ક્ષયોપશમ ને પારિણામિક એ ત્રણ ભાવ એને હોય છે.

સિદ્ધને ક્ષાયિક ને પારિણામિકભાવ બે હોય છે. કેવળજ્ઞાનાદિ ક્ષાયિકપર્યાય. અને દ્રવ્ય, ગુણ ને કારણપર્યાય—એ પારિણામિકભાવ ત્રણ. કેવળજ્ઞાનીને ઔદયિક, ક્ષાયિક ને

પારિણામિકભાવ હોય છે. કેવળજ્ઞાન એ ઉદયભાવે નહીં, પણ અરિહંત પદ છેને, એને હજી જોગનું કંપન ને ઉદયભાવ છે. એ ઉદયભાવ છે, આ ક્ષાયિક કાર્યપર્યાય છે ને ત્રિકાળી કારણશુદ્ધપર્યાય, દ્રવ્ય, ગુણ એ ધ્રુવ છે. ઝીણું બહુ. ભગવાનજીભાઈ! અંદરથી વાત આવી. આહાહા! એવો મોટો ને એની માન્યતામાં કેટલી મોટપ છે. એ વસ્તુની કિંમત નહીં ને પાધરા વ્રત પાળો, દયા પાળો, આ કરો ને આ કરો. એ બધા બાળવ્રત ને બાળતપ છે. સમ્યગ્દર્શન વિના એ વ્રત ને તપ ને... સમ્યગ્દર્શની તો વાતેય નહીં–ગંધેય નહીં. જાઓ, ભગવાન સાચા એ સમ્યગ્દર્શન લ્યો. આપણે જૈનમાં જન્મ્યા માટે દ્રષ્ટિ સમ્યક્ તો છે.

ઓલા કહેતાને જયપુરવાળા ઇન્દ્રલાલ. દિગંબરમાં જન્મ્યા એટલા બધાય ભેદજ્ઞાની તો છે જ. હવે ચારિત્ર પાળો એના માનેલા આ વ્રત ને તપ કરે એ. આહાહા! અરે ભગવાન! એમાં સત્ય કાંઈ મળશે? એમ બહારમાં ત્યાગ ને રાગની મંદતાનો શુભભાવ હોય એથી કાંઈ એમાં સત્યની પ્રાપ્તિ થશે? ચાર ગતિ મળશે. કોઈ શુભભાવ હોય તો ભલે સ્વર્ગની મળે. એથી શું પણ? એ અગ્નિ છે કષાયની. જેમાં શાંતિ ન આવે. શાંતિ કેવી? વીતરાગી શાંતિ. કષાયની મંદતામાં શાંતિ જેવું દેખાય, એ કાંઈ શાંતિ નથી. લ્યો, આપણને શાંતિ એટલી તો મળી, અત્યારે એટલી રાખો એમ કહે છે. વીતરાગી શાંતિ તો અત્યારે મળવી મુશ્કેલ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

પણ એ શાંતિ જ એને કહીએ. ઓલા અશુભમાં તીવ્રતામાંથી કાંઈક મંદમાં આવ્યો તે શાંતિ. એ શાંતિ છે જ નહીં. સમજાણું કાંઈ? શુદ્ધ ભગવાન આત્મા દ્રવ્ય-ગુણ-પર્યાય એનો આશ્રય લઈને, એનો સ્વીકાર કરીને જે શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિ પ્રગટે, એને વ્યાજબી–યથાર્થ શાંતિ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? લ્યો, એ કાર્યશુદ્ધપર્યાય કહી. ચોખ્ખી વાત છે. 'ક્ષાયિકભાવની શુદ્ધ પરિણતિ' શબ્દ છે અને કાર્યશુદ્ધપર્યાય છે. હવે આમાં ગુણ ક્યાં રહ્યો? ગુણ તો પારિણામિકભાવે છે અને આ પર્યાય તો ક્ષાયિકભાવે છે. એ ગુણ તો, ઓલો અવગુણ ટળ્યો એ અપેક્ષાએ ગુણ કહ્યો. ...ગુણ છે એ પર્યાય છે. આહાહા! શું થાય? બધાય ઘણે ઠેકાણે 'ગુણ' કહ્યા છે. આમાંય ન આવ્યું કેવળજ્ઞાનાદિ ગુણો, મતિજ્ઞાનાદિ ગુણો? એ વિભાવગુણ કહ્યા, ઓલા સ્વભાવગુણ કહ્યા લ્યો. કેવળજ્ઞાનાદિ સ્વભાવગુણ, મતિજ્ઞાનાદિ વિભાવગુણ. વ્યંજનપર્યાયને પર્યાય ગણી આમાં તો. સમજાણું કાંઈ? અપેક્ષા જાણવી જોઈએ.

**અથવા...** એ કાર્યશુદ્ધપર્યાય ને કારણશુદ્ધપર્યાયની વાત કરી. હવે, **અથવા પૂર્વ સૂત્રમાં કહેલા સૂક્ષ્મ ઋજુસૂત્રનયના અભિપ્રાયથી, છ દ્રવ્યોને સાધારણ...** લ્યો. **અને સૂક્ષ્મ એવા તે અર્થપર્યાયો શુદ્ધ જાણવા.** આવી ગયું છેને ઓલામાં પહેલા ૧૪મી ગાથામાં આવી ગયું છે. અનંતગુણહાનિવૃદ્ધિ આદિ અગુરુલઘુગુણની પર્યાય આગમગમ્ય એને શુદ્ધપર્યાય કહેવી. આને કહેવી ને આને પણ કહેવી એમ કહે છે. સાધારણ છ દ્રવ્યોમાં છએ દ્રવ્યોનો એ હોય છે.

પરમાણુને હોય, સિદ્ધને હોય, કાળને હોય, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશને હોય. આ અગુરુલઘુ સૂક્ષ્મ અર્થપર્યાયો એ શુદ્ધ જાણવા લ્યો. **(અર્થાત્ તે અર્થપર્યાયો જ શુદ્ધપર્યાયો છે). (એ રીતે) શુદ્ધપર્યાયના ભેદ સંક્ષેપથી કહ્યા.** પાઠ જ એ છે. જુઓ! અંદર **शुद्धपर्यायविकल्पः** એટલે કોઈ આ પર્યાયને ભેદ તરીકે એકલું કહે તો અહીં આ પર્યાયના ભેદ કહ્યા, એમ કહ્યું. ભેદના ભેદ કહ્યા એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? આ રીતે શુદ્ધપર્યાયના ભેદ— કારણશુદ્ધપર્યાય ને કાર્યશુદ્ધપર્યાય અને આ એક અર્થપર્યાય અગુરુલઘુની. એ રીતે શુદ્ધપર્યાયના ભેદ ટૂંકામાં કહ્યા. કહો, સમજાય છે નહીં?

**હવે વ્યંજનપર્યાય કહેવામાં આવે છે...** મૂળ પાઠ એ છે પહેલા પદનો. **णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा...** ઓલી પહેલી વાત કરી. આ વિભાવવ્યંજનની પહેલા પદની હવે કરે છે. બીજા પદમાં માલ હતો એટલે પહેલું કહ્યું. વ્યંજનપર્યાય કહેવામાં આવે છે. **જેનાથી વ્યક્ત થાય-પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે. શા કારણે? પટાદિની (વસ્ત્ર વગેરેની) માફક...** પટ જેમ આ બહાર દેખાયને આખું પટ, આખું દેખાયને બહાર, એમ આત્માનો આકાર વિભાવિક વ્યંજનપર્યાય શરીરના પ્રમાણે એનો આકાર. શરીર જુદું. એનો આકાર શરીર પ્રમાણે પ્રગટ બાહ્ય આકાર એને વ્યંજનપર્યાય કહે છે. **જેનાથી વ્યક્ત થાય-પ્રગટ થાય તે વ્યંજનપર્યાય છે. શા માટે? પટાદિની માફક ચક્ષુગોચર હોવાથી...** પટ આમ દેખાયને આખું, એમ આ આકાર છે એમ દેખાય. જોયું! અહીં ચક્ષુગોચર કીધું એને. વ્યંજનપર્યાય આત્માની પણ. આમ આખી દેખાય, આકાર દેખાયને આકાર. છે તો અરૂપી, પણ આકાર આટલો છે આત્માનો, એકેન્દ્રિયનો આવો આકાર, બે-ઇન્દ્રિયનો આવો આકાર. અંદર આત્માનો હોં પ્રદેશનો. એથી એને ચક્ષુગોચર કહેવામાં આવે છે.

**અથવા, સાદિ-સાંત મૂર્ત વિજાતીયવિભાવસ્વભાવવાળો હોવાથી...** એ શરીરની વાત લીધી. મૂર્ત, વિજાતીયવિભાવસ્વભાવ આ શરીરનો આકાર.. શરીરનો આકાર. ઓલો આત્માનો આકાર હતો. નવું થાય છે અને અંત આવે છે આનો શરીરનો. કાલ કહ્યું હતું. ભગવતી આરાધનામાં છે, નહીં? બતાવ્યું હતુંને? માતાના ઉદરમાં પહેલા એક વીર્યનું બિંદુ ને એક ઋતુનું—બે પડે ભેગા. આહાહા! ઉત્પત્તિ શરીરની જોજો આની. આહાહા! સમજાણું કાંઈ? ભગવતી આરાધનામાં છે. એ અહીં વાત કરે છે વિજાતીયવિભાવસ્વભાવવાળા જડની. સમજાણું કાંઈ? પહેલો એ બિંદુ બે હોય, દસ દિ' સુધી જરી થાય.... બીજા દસ દિવસે જરી કાળું પડી જાય, ત્રીજા દસ દિવસે જરી સ્થિર થઈ જાય. એમ કરતાં-કરતાં-કરતાં મહિને, બે મહિને, પાંચ મહિને અંકુર ફૂટે થોડા હાથના, પગના અંદર માતાના પેટમાં. પછી છ ને સાત મહિને જરીક વિશેષ થાય. નવ મહિને પૂરા થાય. સવા નવ મહિને શરીર પ્રત્યક્ષ થાય. એ અહીં વિભાવવિજાતીય... આત્માથી વિજાતીય (એટલે) બીજી જાત અને તે પણ આ વિભાવ

છેને. એક પરમાણુ નથી, આ તો ઘણા રજકણોનો આકાર છેને. સાદિ-સાંત (અર્થાત્) એ ઉત્પન્ન થયું અને અંત આવશે. આહા! માતાના ઉદરમાં ઉત્પન્ન થયું. સમજાણું કાંઈ?

એ કહ્યું હતું અહીં એક ફેરી, નહીં? ભગવતી આરાધનાનું, આ શરીરની ઉત્પત્તિનું. ઉત્પત્તિ થઈ અંદર. ભગવાન જીવ બીજેથી આવ્યો, પછી અટક્યો એ લોહી ને વીર્યનું બિંદુએ આમ અટક્યો. એ શરીર બંધાણું ત્યાં. આહાર, શરીર ને શ્વાસ, ભાષા બધું બંધાયુ. પછી વધવા માંડ્યું... આહાહા! માતાના પેટમાં સવા નવ મહિના ઊંધે માથે વિષ્ટા ને ચરબી એમાં એને રહેવું. બહાર જ્યાં નીકળ્યો ને જ્યાં આમ મોટો જુવાન થયો, ફાટ્યો. પાવર ફાટી ગયો. એ વસંતલાલજી! ભગવતી આરાધના છેને. અંદર હશે. ભગવતી આરાધના લાવ્યો હતો ભાઈ. આ તો સાદિ-સાંત આવ્યુંને. આ ઉત્પન્ન થયું ત્યાં નાશ થશે, એમ. આહાહા! આ સાદિ કોણ? સાદિ આની. માતાના પેટમાં.... બીજામાં હશે....

**જબ ગર્ભ રહા, ઉસમેં મિલા હુઆ માતાકા રુધિર ઔર પિતાકા વીર્ય**... શ્લોક હૈ (૧૦૧૩ થી ૧૦૧૭). ભગવતી આરાધના. **સો દસ રાત્રિપર્યંત તો હિલતા રહતા હૈ**... થોડું હલે અંદર. **દસ દિન જાનેક બાદ પીછે કાલા હોય**. કાળું થાય અંદર. જુઓ! આની ઉત્પત્તિ. મોટો થાય ત્યારે એને મોઢું કસ્તુરી લાગે, જાણે આહાહા.. જોયું! **બીસ દિન પીછે દસ દિન સ્થિર રહતા હૈ–હલનચલન નહીં કરતા. ઐસે એક માસ તો વ્યતીત હોનેકે બાદ દૂસરે માહમેં બુદબુદારૂપ હોકર રહતા હૈ**. જાડું ... થાય. **તીસરે માહમેં બુંદબુંદ ઘનકો–કઠોરતાકો પ્રાપ્ત હોતા હૈ**. ખૂબ મજબૂત થાય. **ચૌથે માહમેં માંસકી પેશી–માંસકી ડલી હોકર રહતા હૈ**. માંસ.. માંસ થાય. **પાંચવે મહિનામેં પંચ પુલક ઉસ માંસકી ડલીમેંસે નિકલતે હૈં**. એક મસ્તકનો આકાર થોડો, બે હાથનો, બે પગનો. અંકુરો જરી. પાંચમા મહિને પેટમાં. ભગવાનજીભાઈ! આ શરીરની ઉત્પત્તિ. આહાહા! અને એનો અંત આવશે સાદિ-સાંત છેને. વિજાતીય છેને. લ્યો.

ઐસે પાંચ અંકુર હોય. **છટ્ઠે માહમેં મનુષ્યકે અંગ-ઉપાંગ પ્રગટતે હૈં**. આંગળીઓ પગની, હાથની. **ઉનમેં દો પૈર, દો બાહુ, એક નિતંબ, એક પુંઠ, એક હૃદય. એક મસ્તક—યે તો આઠ અંગ હૈં ઔર અંગોંમેં નેત્ર નાસિકા, કર્ણ, મુખ, ઓષ્ઠ, અંગુલી ઇત્યાદિ ઉપાંગ સંજ્ઞા હૈ. છઠવે મહિનેમેં અંગ-ઉપાંગ ગર્ભમેં પ્રગટ હોતે હૈં. સપ્તમ માહમેં મનુષ્યકા ચામ, નખ, રોમ–બાલ** એની ઉત્પત્તિ થાય અંદર પેટમાં. **આઠવે મહિનેમેં પેટમેં કિંચિત્ ચલન કરે**... થોડું હલે. **નવવેં ઔર દસવેં માહમેં ઉદરસે બહાર નિર્મગન હોતા હૈ. ઐસે જિસ દિન ગર્ભમેં માતાકા રુધિર, પિતાકા વીર્ય સ્થિત રહા, ઉસ દિનકે કલિલાદિક જો સકલ વ્યવસ્થામેં ઉસમેં મહામલિન વસ્તુકે સમાન અશુચિ સદા હી ગ્લાનિયોગ્ય હી રહતી હૈ. ઐસે યહ દેહકી ઉત્પત્તિ મહા અશુચિરૂપ હી કહી હૈ**. લ્યો. ભગવતી આરાધના હૈ. આ ઉત્પત્તિ. લ્યો, આવ્યુંને અહીં.

સાદિ–આ આદિ થઈ ત્યાં. આહાહા! અંત–સાંત થશે. દેહની સ્થિતિ પૂરી થશે એટલે અંત આવશે. એવો **મૂર્ત**... આ મૂર્ત છેને? આ તો અમૂર્ત છે ને આ મૂર્ત છે. **વિજાતીય**.. આત્માથી બીજી જાત છે આ શરીર. **વિભાવ** છે આ તો. ઘણા પરમાણુનો પર્યાય છેને. એક પરમાણુનો પર્યાય સ્વભાવપર્યાય. આ વિભાવપર્યાય. **હોવાથી, દેખાઈને નાશ પામવાના સ્વરૂપવાળો હોવાથી (પ્રગટ થાય છે).** આહાહા! આવો થાય બંગલો ને વળી પાછો નાશ થઈ જાય, રાખ થઈ જાય. બંગલાની ઉત્પત્તિ અહીંથી થઈ. નાશ થઈ જાય. સ્મશાનમાં રાખ. ફૂ.. ઉડી જશે. આ તો માટી, જડ છે. એ તારાથી નથી, તારા માટે થઈ નથી, તારામાં થઈ નથી. એને માટે એનામાં એ થઈ છે. આહાહા! એ દેખાઈને નાશ પામવાનો સ્વભાવ પ્રગટ થાય છે લ્યો. હવે આ બાજુ.

**પર્યાયી આત્માના જ્ઞાન વિના...** પર્યાયી એવો દ્રવ્ય–આત્માના જ્ઞાન વિના, એમ કહે છે. પર્યાયી. પર્યાય નહીં, પર્યાયી આત્મા. પર્યાયનો ધરનાર દ્રવ્ય–ત્રિકાળી દ્રવ્ય. એવા આત્માના જ્ઞાન વિના... આહાહા! કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરના મુખમાંથી જ્યારે આ બધું નીકળતું હશે અને ગણધરો શાસ્ત્રની રચના અગાઢ દરિયા જેવી કરતા હશે. આહાહા! એમાં ઊંડા ઉતરતાં જે હાથ લાગે આત્મા, કહે છે કે એ એની પર્યાય આત્મા કહેવાય. એ પર્યાય આત્માના જ્ઞાન વિના–એની ખબરુ વિના કે આ કોણ છે આહાહા! સમજાણું કાંઈ? **આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે...** જોયું! ત્રિકાળી દ્રવ્યસ્વભાવના ભાન વિના પર્યાયસ્વભાવવાળો, એકલી અવસ્થાવાળો માને છે. આહાહા! સમજાણું કાંઈ? ઓહોહો! પદ્મપ્રભમલધારિદેવ મુનિ દિગંબર હતા. ટીકા તે કેવી ટીકા! અમૃતની ધારા વહે છે. આહાહા! અરે! પરમ સત્યને સંભારે નહીં અને જ્યાં-ત્યાં ગોથા ખાય. ભગવાન કહે છે કે પર્યાયી આત્મા.. પર્યાયી આત્મા, એમ. પર્યાય નહીં, પર્યાયી આત્મા. એના જ્ઞાન વિના આત્મા પર્યાયસ્વભાવવાળો હોય છે. એ એક સમયની અવસ્થાની દૃષ્ટિવાળો હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અનાદિનો આ હોય છે.

**તેથી** પર્યાયસ્વભાવવાળી દૃષ્ટિવાળાને **શુભાશુભરૂપ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે...** પર્યાયદૃષ્ટિવાળાને આવા પરિણામ થઈને મનુષ્ય થાય છે. આહાહા! સમજાણું કાંઈ? એની વર્તમાન પ્રગટ અવસ્થા તેટલો જ માનનારો, તેને જ માનનારો (અને) આખો ભગવાન પર્યાયની વ્યક્તતાથી ભિન્ન, અવ્યક્ત પણ સ્વરૂપે પ્રગટ એવો પર્યાયી ભગવાન આત્મા એનું જેને જ્ઞાન નથી... અહીં તો જ્ઞાનથી ઉપાડી છે વાત. સમજાણું કાંઈ? એને પર્યાયસ્વભાવ... એ તો વર્તમાન અવસ્થાના ભાવને માનનારો છે. એ આવા શુભાશુભ મિશ્ર પરિણામથી આત્મા વ્યવહારે મનુષ્ય થાય. લ્યો. નિશ્ચય તો છે એ છે. વ્યવહારે મનુષ્ય થાય, આવા ભાવ પર્યાયદૃષ્ટિવાળો. એને વસ્તુની દૃષ્ટિની ખબર નથી. વસ્તુની દૃષ્ટિવાળો મનુષ્યાદિ

થાય જ નહીં એમ કહે છે. એ તો નિર્મળપર્યાય પ્રગટ કરીને સિદ્ધપર્યાયવાળો થાય. સમજાણું કાંઈ? આહાહા!

**તેનો મનુષ્યાકાર તે મનુષ્યપર્યાય છે...** વ્યંજનપર્યાયની વાત કરવી છેને. પ્રગટ અંદર આત્માનો આકાર હોં અંદર. **તેનો મનુષ્યાકાર...** શરીર નહીં. **તે મનુષ્યપર્યાય છે, કેવળ અશુભકર્મથી વ્યવહારે આત્મા નારક થાય છે,** લ્યો. અશુભભાવથી વ્યવહારે આત્મા નારક થાય. નિશ્ચયે કાંઈ નરકગતિમાં તન્મય નથી. ભલે નરકગતિ હોય એને, પણ એમાં તન્મય નથી આખું દ્રવ્ય. ભિન્ન છે. **તેનો નારક-આકાર તે નારકપર્યાય છે; કિંચિત્ શુભમિશ્રિત માયાપરિણામથી આત્મા વ્યવહારે તિર્યંચકાયમાં જન્મે છે...** કંઈક શુભમિશ્રિત માયા પરિણામથી વ્યવહારે પશુમાં કે એકેન્દ્રિયાદિ.

**તેનો આકાર તે તિર્યંચપર્યાય છે; અને કેવળ શુભ કર્મથી વ્યવહારે આત્મા દેવ થાય છે,** લ્યો. અપેક્ષાથી વાત કરીને. શુભકર્મથી વ્યવહારે દેવ થાય. **તેનો આકાર તે દેવપર્યાય છે. આ વ્યંજનપર્યાય છે.** એના આત્માનો બાહ્યનો પ્રગટ આકાર–દ્રવ્યનો બાહ્ય આકાર વ્યંજનપર્યાય છે. **આ પર્યાયનો વિસ્તાર અન્ય આગમમાં જોઈ લેવો.** આ વ્યંજનપર્યાય ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં છે નહીં એમ કહેવું છે. શરીર તો નથી, પણ આવી વ્યંજનપર્યાય પણ ત્રિકાળી દ્રવ્ય-ગુણ-પર્યાયમાં નથી. એ માટે વ્યંજનપર્યાયનું વર્ણન કર્યું છે. હવે કળશ કહેશે લ્યો,

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ ૧૪, શનિવાર, તા. ૧૫-૧-૧૯૭૨
## શ્લોક - ૨૭-૨૮, ગાથા - ૧૬-૧૭, પ્રવચન નં. ૨૬ (હિન્દી)

પંદરમી ગાથાનો ૨૭ કળશ છે. ૨૭ કળશ છેને.

**अपि च बहुविभावे सत्ययं शुद्धदृष्टिः**
**सहजपरमतत्त्वाभ्यासनिष्णातबुद्धिः ।**
**सपदि समयसारान्नान्यदस्तीति मत्त्वा**
**स भवति परमश्रीकामिनीकामरूपः ॥२७॥**

**શ્લોકાર્થ : બહુ વિભાવ હોને પર ભી...** ક્યા કહતે હૈં? પંદ્રહવીં ગાથા આયી ન, ઉસમેં શુદ્ધકારણપર્યાય(કે દો ભેદ કહે)—સ્વભાવકારણપર્યાય ને સ્વભાવકાર્યપર્યાય. ત્રિકાલી ધ્રુવ કારણપર્યાય ને સાદિ-અનંત કેવળજ્ઞાનરૂપી કાર્યપર્યાય. અને વ્યંજનપર્યાય બધું .. આવ્યું. એમાં અહીં કહે છે કે પ્રભુ! **બહુ વિભાવ હોને પર ભી...** ભલે એ પર્યાયમાં રાગાદિ અને વિશેષભાવો અનેક પ્રકારે હો, છે. **બહુ વિભાવ હોને પર ભી...** પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ, ગતિ આદિ.. ગતિ આગળ વિશેષ હવે કહેશે, પણ ગતિ મૂળમાં આવી ગયું છેને. એ હો, પણ હોને પર ભી... અસ્તિ સિદ્ધ કરી. પણ મારી દૃષ્ટિ ક્યાં હો?

**સહજ પરમ તત્ત્વકે અભ્યાસમેં જિસકી બુદ્ધિ પ્રવીણ હૈ...** લ્યો. આ ધર્મ. સ્વભાવિક પરમતત્ત્વ ચૈતન્યસ્વભાવ જ્ઞાયકભાવ પૂર્ણાનંદ ઐસા જો સ્વભાવ, સ્વભાવિક ત્રિકાળી અનુત્પન્ન અવિનાશી એવો જે આત્માનો કાયમી અસલી સ્વરૂપભાવ. ઉસકે **અભ્યાસમેં...** ઉસકા અભ્યાસ. આહાહા! દુનિયાના અભ્યાસ નહીં ને વ્યવહારના અભ્યાસ નહીં, એમ કહે છે. અમે તો અમારો પરમ ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વભાવ એનો અમને અભ્યાસ હો અને ઉસ અભ્યાસમેં જિસકી બુદ્ધિ પ્રવીણ હૈ, એમ કહે છે. અંતર જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, ધ્રુવભાવ ઐસે સ્વભાવકા અભ્યાસ કરનેમેં જિસકી બુદ્ધિ પ્રવીણ હૈ. સમજમેં આયા? સાર હૈ સાર.

કહે છે કે આ હો... આગળ તો એમ કહેશે, ગતિ આદિ હો. પછી બતાવશે... પ્રભુ! મેરા ચૈતન્યસ્વભાવ, જો પ્રયોજનભૂત તત્ત્વ મેરા હૈ ઉસકે અભ્યાસમેં પ્રવીણબુદ્ધિ.. ઉસમેં મેરી પ્રવીણબુદ્ધિ હો. સમજમેં આયા? ઐસે પ્રવીણ હુઆ સમ્યગ્દૃષ્ટિ... રાગાદિ, નિમિત્તાદિકા અસ્તિત્વ હો, પણ ઉસ અસ્તિત્વસે હમારી દૃષ્ટિ હટકર હમારે પૂર્ણ સ્વભાવકે અભ્યાસમેં જાતી હૈ બુદ્ધિ, તો બુદ્ધિમેં પ્રવીણ હૈ ઐસા કહનેમેં આતા હૈ. દૂસરે શાસ્ત્રકા જાનપના હો, ન હો. જો કરનેલાયક હૈ ઔર પ્રયોજનભૂત હૈ, જો ચોરાશીકે જન્મ-મરણકા અંત લાનેવાલી દૃષ્ટિ હૈ વહ તો અપને પરમતત્ત્વકે અભ્યાસમેં લગા દેની, વહ અભ્યાસ હૈ. કહો, સમજમેં આતા હૈ? **બહુ**

**વિભાવ હોને પર ભી**... એટલે સિદ્ધ તો કર્યો વ્યવહાર. રાગાદિભાવ હો, છે, હો, પણ ઉસમેં મેરી બુદ્ધિ નહીં. ધર્મીકી બુદ્ધિ ઉસ તરફકી ઝુકાવવાલી હોતી નહીં. આહાહા!

મેરા **સહજ પરમતત્ત્વ**... જોયું! સહજ–સ્વભાવિક પરમભાવ, ચૈતન્યશુદ્ધભાવ, ધ્રુવભાવ, નિર્મલ સહજ પવિત્રભાવ ઉસમેં અભ્યાસ... દેખો! 'અભ્યાસ' છેને. પાઠમાં છે. **પરમતત્ત્વાભ્યાસનિષ્ણાતબુદ્ધિઃ** આહાહા! ભગવાન પૂર્ણસ્વરૂપ શુદ્ધ ધ્રુવ, અનુત્પન્ન-અવિનાશી ઐસી જો ચીજ મેરી હૈ, ઉસમેં મેરા અભ્યાસ હૈ, ઉસમેં પ્રવીણબુદ્ધિ, અંતરમેં એકાગ્ર હોનેકે અભ્યાસમેં પ્રવીણ–નિષ્ણાંત **ઐસા યહ શુદ્ધદૃષ્ટિવાલા પુરુષ...** જુઓ! '**ઐસા યહ શુદ્ધદૃષ્ટિવાલા પુરુષ**' ક્યોં કહા? કિ અપને પરમ ત્રિકાલીસ્વભાવમેં જિસકા અભ્યાસ હૈ, ઉસમેં પ્રવીણ હૈ, વહ શુદ્ધદૃષ્ટિવંત પુરુષ હૈ. સમજમેં આયા? માર્ગ ઐસા હૈ ભાઈ! પહલે સમજમેં તો લે કિ યે ચીજ ઐસી હૈ. એક સમયકી પર્યાય હોને પર ભી, રાગ હોને પર ભી, વિભાવ નામ વિકાર ને વિશેષભાવ પર્યાય હો... સમજમેં આયા? મૈં તો મેરી પરમ ચીજ, પરમ સ્વભાવિક ધ્રુવ અનુત્પન્ન-અવિનાશી પદાર્થ ઐસા મેરા સ્વભાવ ઉસકે અભ્યાસમેં એકાગ્ર હોનેકી પ્રવીણબુદ્ધિ હો વહ સુદૃષ્ટિપુરુષ હૈ. આહાહા!

જિસમેં અપના હિત હો ઔર અહિતભાવકા નાશ હો, ઐસા અપના શુદ્ધસ્વભાવ તરફકી પ્રવીણતા વહી સુદૃષ્ટિવંત પુરુષ જન્મ-મરણકા અંત કરનેવાલા હૈ. **'સમયસારસે અન્ય કુછ નહીં હૈ'..** મેરી ચીજ ત્રિકાળી ધ્રુવસ્વરૂપ કારણપ્રભુ ઉસસે વિશેષ કોઈ ચીજ હૈ હી નહીં. સમજમેં આયા? મેરા સમયસાર, સમય એટલે આત્મા, સાર નામ વિકાર ને એક સમયકી પર્યાય રહિત ત્રિકાળી. ઐસે સમયસારસે અન્ય કુછ નહીં. દૂસરી કોઈ ચીજકી કિંમત નહીં, એમ કહતે હૈં. 'અન્ય કુછ નહીં'કા અર્થ– મેરી ચીજમેં અન્ય કોઈ નહીં ઔર અન્ય કિસી ચીજકી કિંમત મુજે નહીં. આહાહા! ભારે માર્ગ ભાઈ! વીતરાગ માર્ગ આ છે. અનંત તીર્થંકરો કેવવજ્ઞાની પરમાત્માકા ઐસા હુકમ બહાર આયા હૈ. ભગવાન! તેરી ચીજ અંદર પરિપૂર્ણ હૈ ન. પરમેશ્વર તું હૈ. શુદ્ધ ધ્રુવકંદ વહ તો પરમેશ્વરકા પિંડ હૈ. વહી સમયસાર હૈ, વહી તેરા પરમતત્ત્વ હૈ. આહાહા! ઉસ તરફકે ઝુકાવસે અંતરસ્વભાવકી એકાગ્રતામેં પ્રવીણબુદ્ધિ (હૈ ઐસા) શુદ્ધદૃષ્ટિવંત પુરુષ... અપની એક ચીજ હી માનતે હૈં, ઉસકે સિવા કોઈ દૂસરી ચીજ મેરી નહીં હૈ. સમજમેં આયા?

મેરા અસ્તિત્વ તો ઇતના પૂર્ણ હૈ કિ જિસમેં એક સમયકી પર્યાયકા પ્રવેશ નહીં. 'વિભાવભાવ' હૈ ન? વિશેષભાવ, વિભાવ સબ ઉસમેં આયા. સમજમેં આયા? આહાહા! ભગવાન સામાન્યસ્વભાવ ત્રિકાળી ધ્રુવસ્વભાવ વહ મેરી ચીજ ને વહ પરમતત્ત્વ. ઉસકા અભ્યાસ કરના વહ પર્યાય હૈ. વસ્તુ હૈ ત્રિકાલી, ચૈતન્યગંજ–પુંજ, પણ ઉસકા અભ્યાસ પ્રવીણતા અને ઉસકી પ્રતીતિ વહ પર્યાય હૈ. સમજમેં આયા? આહાહા! પહલે તો કહા. ૧૫વીં

ગાથાકા કલશ હૈ ન. એ બધા વિશેષો ને વિકારો હો. મેરી પરમ ચીજ ત્રિકાલી ઉસમેં વહ હૈ નહીં. ઐસા જ્ઞાન ઔર ઐસી દૃષ્ટિ, એમ. ઐસા પુરુષ ઐસે આત્માકો, અપના સમયસાર પૂર્ણ ધ્રુવ શુદ્ધ પવિત્ર પરમાત્મા (જાનકર માનતા હૈ કિ) ઉસસે કોઈ દૂસરી ચીજ હૈ નહીં. અહીં તો કહ્યું કે **સમયસારસે અન્ય કુછ નહીં હૈ**. લ્યો. સમજમેં આયા?

હમારી પૂર્ણ આનંદ ચીજ ઉસકે સિવા દૂસરી ચીજ હમારી અપેક્ષાસે (કુછ) નહીં હૈ. આહાહા! અહીંયા તો, પરચીજ તો નહીં હૈ, રાગ નહીં હૈ, એક સમયકી પર્યાય ભી હમારી ધ્રુવચીજકી અપેક્ષાસે કુછ નહીં. સમજાય છે કાંઈ? આહાહા! ચૈતન્ય મહાપ્રભુ શુદ્ધ ધ્રુવ પિંડ, પવિત્રકા પિંડ ધ્રુવ વહી સમયસાર, વહી પરમતત્ત્વ હૈ. ઉસકા અભ્યાસ-જ્ઞાન ઔર ઉસકી દૃષ્ટિ વહ પર્યાય. પણ પર્યાયમેં વિષય ઐસા સારા પૂર્ણ હૈ. સમજમેં આયા? પર્યાયકા અભ્યાસ દ્રવ્ય તરફકે ઝુકાવકા હૈ. પર્યાયકા અભ્યાસ પર્યાયકે ઝુકાવ તરફકા નહીં, એમ કહતે હૈં. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ઝીણો ભાઈ! શેઠ! બહારથી બધું માનતા હતા ને એમાં વળી આ ક્યાંથી આવ્યું પાછું? આહાહા!

યહાં તો એક સમયમેં પૂર્ણ શુદ્ધ પવિત્ર આનંદઘન આદિ ગુણકા પિંડ ધ્રુવ વહી મેરા પરમતત્ત્વ, વહી સમયસાર ઔર ઉસસે રહિત કોઈ ચીજ હૈ નહીં મેરેમેં. મેરેમેં નહીં. મેરી અપેક્ષાસે દૂસરી કોઈ ચીજ હૈ નહીં. આહાહા! સમજમેં આયા? મેરા અસ્તિત્વ એક હી હૈ પૂર્ણ. ઐસા અંતર અભ્યાસ ઔર જ્ઞાનબુદ્ધિ કરકે, દૃષ્ટિ લગાકર એકાગ્ર હોના વહ ધર્મ હૈ. આહાહા! **કુછ નહીં ઐસા માનકર...** દેખો! આહાહા! ભારે કળશ! મૈં તો પરમ પૂર્ણ.. પરમ પૂર્ણ પવિત્રકા પરમેશ્વર મૈં હૂં. ઓહોહો! મેરે પૂર્ણ સ્વરૂપકી અપેક્ષાસે અન્ય કોઈ ચીજ કુછ હૈ હી નહીં. સમજમેં આયા? પર્યાયકી અપેક્ષાસે પર્યાય હો, રાગકી અપેક્ષાસે રાગ હો, પરકી અપેક્ષાસે પર હો.. આહાહા!

**'સમયસારસે અન્ય કુછ નહીં હૈ' ઐસા માનકર**... યે પર્યાય હુઈ. **ઐસા માનકર, શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીકા વલ્લભ હોતા હૈ.** ઐસી ચીજકો માનના વહ મોક્ષમાર્ગ હૈ. સમજમેં આયા? ભગવાન પૂર્ણ પવિત્ર... કારણપર્યાય ભી ઉસમેં આ ગયી અંદર. ઉસકે સિવાકી-મેરી ચીજકે સિવા કોઈ ચીજ કુછ હૈ નહીં. આહાહા! મુનિ પણ.. એમ છેને? **समयसारान्नान्यदस्तीति मत्त्वा..** એ ત્યાં આવે છે આપણે. સમયસારથી (ઊંચી) બીજી ચીજ કોઈ નથી. સર્વવિશુદ્ધ (અધિકાર કળશ ૨૪૪). સમજાણું કાંઈ? આહાહા! હોવાપણે-અસ્તિપણે હોય તો એ મારો આત્મા પૂર્ણ છે એ એક જ અસ્તિ છે. એનું જ્ઞાન ને એની દૃષ્ટિ એવો જે હું એમ માનીને એટલે એમાં એકાગ્ર થઈને... એકાગ્ર થવું એ પર્યાય છે, એ મોક્ષનો માર્ગ છે. નિયમસાર છેને!

**मग्गो मग्गफलं..** મોક્ષ અને મોક્ષનું ફળ, માર્ગ ને માર્ગનું ફળ એમ વર્ણવ્યું છેને! તો માર્ગ આ કે ત્રિકાળી પરમ ભગવાન પૂર્ણ સ્વરૂપ એનું જ્ઞાન ને એની દૃષ્ટિ ને એમાં લીનતા એ માર્ગ. એ જૈનધર્મનો એ મોક્ષનો માર્ગ. આહાહા! અને એ મોક્ષના માર્ગમાં જે છે એને શીઘ્ર અલ્પકાળમાં... શીઘ્ર.. ક્રમબદ્ધ ક્યાં ગયું પાછું ત્યારે? એ ક્રમબદ્ધમાં શીઘ્ર એટલે ઐસી ચીજ ચિદાનંદ ભગવાન પૂર્ણ સ્વરૂપમેં જિસકી બુદ્ધિ લગી હૈ, દૃષ્ટિ લગી હૈ, ઉસકો અલ્પ કાલમેં પૂર્ણ શુદ્ધતા હોનેકા કાલ હૈ. સમજમેં આયા? ક્યોંકિ મોક્ષમાર્ગકી સ્થિતિ અસંખ્ય સમયકી હૈ. ઉસકે ફલરૂપ મુક્તિ સાદિ-અનંત. સમજમેં આયા? આહાહા! ભારે વાત ભાઈ આ! જૈન પરમેશ્વર એટલે કે વસ્તુના સ્વરૂપને પૂર્ણ જાણનાર ભગવાન, એના માર્ગમાં આ માર્ગ છે. સમજાણું કાંઈ?

એનો અર્થ એ થયો કે વ્યવહારના વિકલ્પથી પમાય એમ એ ચીજ નથી. આવા ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિથી મોક્ષ પમાય છે. બીજે રીતે... એવું આમાં નાખી દીધું છે જુઓ! વચમાં આવે વ્યવહાર દયા, દાન, વ્રત, પૂજા આદિ વિકલ્પ હો, પણ એ કાંઈ મુક્તિનું કારણ નથી. આહાહા! સમજાણું કાંઈ? મુક્તિનું કારણ તો એક પરમાત્મા અપના–પોતાના નિજ સ્વભાવની લીનતા, એકાગ્રતા, શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ, બસ. વહી અલ્પ કાલમેં... એને ક્રમબદ્ધમાં અલ્પ કાળ જ રહ્યો મુક્તિને માટે, એમ કહે છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે એને અલ્પકાળ જ રહ્યો છે. સમજમેં આયા? યે શ્લોક સૂક્ષ્મ હૈ થોડા. આહાહા!

ભગવાન આત્મા અતીન્દ્રિય હૈ ન. રાગસે પાર, મનસે પાર, એક સમયકી પર્યાયસે પાર—ઐસી ચીજ મહાસત્તા અસ્તિ હૈ. ઐસી ચીજકે સિવા—ઐસે માનનેવાલેકો ઇસકે સિવા—મેરી કોઈ ચીજ હૈ હી નહીં, કોઈ દૂસરી (ચીજ) હૈ હી નહીં. સમજાણું કાંઈ? હું એક જ છું. બીજી કોઈ ચીજ છે નહીં. આહાહા! (શ્રોતાઃ એ જ આત્મવૈભવ છે.) એ વૈભવ છે. ધૂળના વૈભવમાં કાંઈ ન મળે, હેરાન થઈને મર્યો. શેઠ! ધૂલ હૈ ધૂલ. એય! ભાઈ શીખ્યો છે હોં કે ધૂળ કહેવાય. નાનો હજી હળવે-હળવે... આહાહા! પરમપવિત્ર ચૈતન્ય મહારાજા પ્રભુ પૂર્ણ આગળ તો સબ ધૂલ.. ધૂલ. આ વ્યવહારનો વિકલ્પ ઉઠે એ ધૂળ, અચેતન. સમજાય છે કાંઈ? આહાહા!

મહાવ્રતના પરિણામ ઉઠે એ અચેતન. ક્યોંકિ ઉસમેં જ્ઞાનકા અંશ હૈ નહીં. વહ રાગકા અંશ હૈ. આહાહા! માર્ગ વીતરાગનો... સંતોએ ઘણો માર્ગ સરળ કરી દીધો છે. સમજાય છે કાંઈ? સીધો.. અહો! વહ જીવ શીઘ્ર–અલ્પ કાલમેં, ઐસે તત્ત્વકી અંતરદૃષ્ટિ માનનેવાલેકો અલ્પ કાલમેં મુક્તિભાવ પ્રાપ્ત હોગા. **પરમશ્રીરૂપી સુંદરી...** પરમ કેવલજ્ઞાનરૂપી લક્ષ્મી ઐસી જો સુંદરી... પાછું સુંદરી પરમ. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતચતુષ્ટય આદિ પરમશ્રીરૂપી સુંદરીનો વલ્લભ થાય છે. ઉસે પરમાત્માદશા પર્યાયકી પ્રાપ્તિ હોગી ઔર વહ પર્યાય એક સમય ભી ઉસકો છોડેગી નહીં ઐસા વલ્લભ હોગા. આહાહા! કહો, સમજમેં આયા?

આ તો વહાલામાં વહાલી સ્ત્રી હોય, અર્ધાંગના હોય અને મરી જાય. આ..હા.. થઈ રહ્યું, જાવ. હવે તમે શું કરશો? એમ કહે પાછું મરતાં. સમજાણું? ૪૦-૫૦ વર્ષનો હોય, ૪૦-૪૫ વર્ષનો અને છોકરું કાંઈ ન હોય અને અક્કડ સ્વભાવ હોય ધણીનો. તમને હું જાણું છું. મારા ગયા પછી શું કરશો તમે? આ બધું બનેલું છે હોં. નામ-ઠામ ન આપીએ. .... પણ જાણે કે આનો સ્વભાવ એવો છે. અને હવે આ હું ચાલી. મારી પાછળ એનો સ્વભાવ સાચવે એવી કોણ આવશે? એમ. તમે પરણજો ફરીને એમ કહે. એ પ્રાણભાઈ! આ તો અમારા ઘરની વાત છે. સમજાણું કાંઈ? અમારા શિવલાલભાઈને થયું હતું. તમે આમ કરજો. આહાહા! અમારે શિવલાલભાઈ હતાને કુંવરજીભાઈના ભાઈ. એની બાઈ મરી ગઈ. એનો સ્વભાવ ઓલો .. હતો. ત્યારે તમે પરણજો હોં, નહીંતર.... ઘણું કર્યું, પણ ઉંમર થઈ ગયેલી પચાસ વર્ષની. પૈસા હતા પણ...... ઘણા જોયા હોયને દુનિયામાં ઠાઠ. થોથેથોથા. આહાહા! કહે છે કે એ છૂટીને વઈ જાય, પણ આ મુક્તિસુંદરી એક સમય પણ એનો સહવાસ છોડશે નહીં. સમજાણું કાંઈ?

ભગવાન ધ્રુવસ્વરૂપ નિજ પરમાત્મા એમાં જેણે રમતું માંડી અંદર, સમજાણું કાંઈ? આહાહા! એ અંતરના સ્વરૂપમાં રમત કરનારો, એને અલ્પ કાળમાં કેવળજ્ઞાન ને મુક્તિની પર્યાય પ્રાપ્ત થાય. વલ્લભ, એનો વલ્લભ થઈશ એમ કહ્યુંને? એટલે કે એ પર્યાય એને એક ક્ષણ પણ હવે છોડશે નહીં, એટલે કે એ પર્યાય હવે નાશ થશે નહીં, એમ કહે છે. કેટલાક કહે છેને કે મુક્તિ થાય ને વળી પાછો સંસારમાં આવે. ઐસા હૈ નહીં, એમ કહે છે. વલ્લભ કરીને... પૂર્ણ દશાકી પ્રાપ્તિ હોતી હૈ ઔર પીછે અવતાર હો—ઐસા કભી બનતા નહીં. **શીઘ્ર પરમશ્રીરૂપી સુંદરીકા વલ્લભ હોતા હૈ**. ઐસા એક કલશમેં આયા. લ્યો, સુજાનમલજી! બહુત અચ્છા કલશ હૈ. સોળ-સત્તર ગાથા. શેઠ!

હવે, ક્યા કહતે હૈં? ઐસી ચીજ હોને પર ભી, ઉસમેં–પર્યાયમેં ગતિ આદિ હૈ. સમજમેં આયા? મનુષ્યગતિ, દેવગતિ આદિ ચાર ગતિ હૈં. ઉસકે ભેદ પર્યાપ્ત-અપર્યાપ્ત આદિ હૈં. અબ કહતે હૈં, હે પ્રભુ! યે સબ હોને પર ભી મૈં તો આપકે ચરણકમલકી સેવામેં તત્પર રહું ઐસા મેરા ભાવ હૈ. ઐસી ગતિ આદિમાં હોઉં કહીં ભી, પણ પ્રભુ આપકે ચરણામ્બુંજકી ભક્તિ મુજે ન જાય. ઉસકા અર્થ કે શુભ ભક્તિ તુમ્હારી હૈ વહાં હમારે આત્માકી અનુભવ દૃષ્ટિ ભી હૈ. સમજમેં આયા? આહાહા!

**माणुस्सा दुवियप्पा कम्ममहीभोगभूमिसंजादा।**
**सत्तविहा णेरइया णादव्वा पुढविभेदेण॥ १६॥**
**चउदहभेदा भणिदा तेरिच्छा सुरगणा चउब्भेदा।**
**एदेसिं वित्थारं लोयविभागेसु णादव्वं ॥ १७॥**

જુઓ! આ ભગવાને, આવી ગતિઓ એની પર્યાયમાં છે એમ વર્ણવી છે. વસ્તુમાં ભલે ન હો, પણ પર્યાયમાં સંસાર છે ત્યાં સુધી ગતિ છે. નીચે હરિગીત.

**હૈં કર્મભૂમિજ, ભોગભૂમિજ—મનુજકી દો જાતિયાં,**
**અરુ સપ્ત પૃથ્વીભેદસે હૈં સપ્ત નારક રાશિયાં. ૧૬.**
**તિર્યંચ ચૌદહ ભેદવાલે, દેવ ચાર પ્રકારકે,**
**ઇન સર્વકા વિસ્તાર હૈ, જ્ઞાતવ્ય લોકવિભાગસે. ૧૭.**

**ટીકા : યહ, ચાર ગતિકે સ્વરૂપનિરૂપણરૂપ કથન હૈ.** કહતે હૈં, ચાર ગતિ રહિત મુક્તિકી પર્યાયકી પ્રાપ્તિ બતાયી, પણ (મુક્તિ)પર્યાયકી પ્રાપ્તિ નહીં હૈ તબ લગ ગતિ તો હૈ, પણ વહ ગતિ ધર્મીજીવકો હેય હૈ. સમજમેં આયા? મનુષ્યગતિ હૈ, તો ઉસકા અર્થ ઐસા નહીં કિ મોક્ષ હોગા. દેવગતિ હૈ તો ભગવાનકે પાસ જાયેગા ને વહાં સમકિત પાયેગા ઐસા નહીં. દેવગતિ હૈ, પણ ધર્મીકો વહ ગતિ હેય હૈ. સમજમેં આયા? ભગવાનકી ભક્તિકા ભાવ ભી જહાં હેય હૈ, વહાં ગતિકી તો બાત ક્યા કરના? સમજમેં આયા?

**મનુકી સંતાન વહ મનુષ્ય હૈ.** પહલે મનુષ્યકી બાત કી. નીચે હૈ. **વે દો પ્રકારકે હૈં :** નીચે હૈ અર્થ. અન્યમતમેં હૈ ન મનુસ્મૃતિ. મૂલ મનુ તો કુલકર હૈ. કુલકરકે સંતાનકો–મનુના સંતાનને મનુષ્ય કહનેમેં આતા હૈ. **ભોગભૂમિકે અંતમેં ઔર કર્મભૂમિકી આદિમેં...** ભોગભૂમિ એટલે જુગલિયા. સમજમેં આયા? ઔર કર્મભૂમિકે શરૂઆતમેં (એટલે ચોથો કાળ). **કુલકર મનુષ્યોંકો આજીવિકાકે સાધન સિખાકર... મનુષ્યોંકો આજીવિકાકે...** એ કુલકર જે છે એ મનુષ્ય અને બીજાને **આજીવિકાકે સાધન સિખાકર લાલિત-પાલિત કરતે હૈં...** વ્યવહારથી સમજાવે છેને. **ઇસલિયે મનુષ્યોંકે પિતા સમાન હૈં.** કુલકર.. કુલકર. ઋષભદેવ ભગવાન કુલકર હતા. સમજાણુ કાંઈ? એના પહેલા નાભિરાજા આદિ બધા. **આજીવિકાકે સાધન સિખાકર લાલિત-પાલિત કરતે હૈં ઇસલિયે મનુષ્યોંકે પિતા સમાન હૈં. કુલકરકો મનુ કહા જાતા હૈ.** અને મનુકે સંતાનકો મનુષ્ય કહતે હૈં. યે મનુકી સંતાન ઐસી હૈં સબ. સમજમેં આયા?

(મનુષ્યકે) દો પ્રકાર. **કર્મભૂમિજ ઔર ભોગભૂમિજ. ઉનમેં કર્મભૂમિજ મનુષ્ય ભી દો પ્રકારકે હૈં : આર્ય ઔર મ્લેચ્છ. પુણ્યક્ષેત્રમેં રહનેવાલે વે આર્ય હૈં...** પુણ્યક્ષેત્રમાં રહેવાવાળાને એ આર્ય છે. કહો, સમજાય છે કાંઈ? છતાં એ પુણ્યક્ષેત્ર ને આર્યપણું એ હેય છે એમ બતાવવું છે. બતાવવું છે એ. એ માટે બતાવવું છે. સમજાણું કાંઈ? **ઔર પાપક્ષેત્રમેં રહનેવાલે વે મ્લેચ્છ હૈં.** આ મ્લેચ્છ પાંચ ખંડ છેને. **ભોગભૂમિજ મનુષ્ય આર્ય નામકો ધારણ કરતે હૈં...** જિતને જુગલિયા હૈં ન દેવકુરુ-ઉત્તરકુરુ આદિ વે સબ આર્ય હૈં. વહ પુણ્યક્ષેત્ર હૈ. **જઘન્ય, મધ્યમ અથવા ઉત્તમ ક્ષેત્રમેં રહેનેવાલે હૈં.** જુગલિયાનું ત્રણ પ્રકારનું ક્ષેત્ર છે. જઘન્યના **એક પલ્યોપમ,** મધ્યમના **દો પલ્યોપમ**, દેવકુરુ-ઉત્તરકુરુના ત્રણ પલ્યોપમ આયુષ્યની સ્થિતિ છે, આવું છે એમ

કહે છે હોં. મારા સ્વભાવમાં એ નથી. વહ હો, પણ મેરે સ્વભાવકી અભ્યાસદ્રષ્ટિમેં વહ ચીજ હૈ નહીં. એમ બતાવે છે. જીવ અધિકાર છેને આ. જીવની પર્યાય હોય છે એમ બતાવે છે.

નારકી સાત પ્રકારે. **રત્નપ્રભા...** રત્નપ્રભા એ નરકનું નામ છે. સમજાણું કાંઇ? રત્નપ્રભા નરકનું નામ છે. (શ્રોતાઃ ત્યાં રતનની શોભા હશે?) શોભા શું ધૂળની? એવા રતન હોય છે. એ બાઈને કહ્યું હતું સાધુએ. એક સાધુએ મશ્કરી કરી ડોશીની. શેઠ! એક સાધુએ ડોશીની મશ્કરી કરી. ડોશીમા! તમારે રત્નપ્રભા જવું છે? રત્નપ્રભા. મહારાજ! અમારા જેવા રત્નપ્રભાએ જાય? આપ જેવા જાય. શેઠ! સાધુએ એમ કહ્યું એને, ડોશીજી! ડોશીમા! તમારે રત્નપ્રભા જવું છે રત્નપ્રભા? ઓલી જાણે રત્નપ્રભા એટલે શું હશે, કોઈ રતનનો મહેલ હશે, એમ. મહારાજ! અમારા જેવા ગરીબ પ્રાણી ત્યાં ન જાય. આપ જેવા ત્યાં જાય. મશ્કરી કરી, નાખ્યું એના ઉપર. એને કાંઈ ખબર નહીં હોં. બાઈને એમ કે રત્નપ્રભા તો કોઈ અચ્છી ચીજ હોગી. બસ એમ. વહ તો પહલી નરકકા નામ હૈ. ગોત્ર.. ગોત્ર કહેવાય.

**શર્કરાપ્રભા...** શર્કરા. બીજી. પથરા હોયને. શર્કરા એટલે કાંકરા. **બાલુકાપ્રભા, પંકપ્રભા**–કાદવ પ્રભા, **ધૂમપ્રભા...** ધૂમપ્રભા, **તમઃપ્રભા**–અંધકારપ્રભા **ઔર મહાતમઃપ્રભા**– મહા અંધકાર. નામ છે. **નામકી સાત પૃથ્વીકે ભેદોંકે કારણ નારક જીવો સાત પ્રકારકે હૈં.** નારકી છે એમ ગતિ સિદ્ધ કરે છે. પર્યાયની આ વસ્તુસ્થિતિ છે. **પહલી નરકકે નારકી એક સાગરોપમકી આયુવાલે હૈં...** ઓહોહો! પહેલી નરકના નારકીની એક સાગરોપમની સ્થિતિ. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. ઐસા અનંતબૈર ગયા. ઉસમેં ક્યા હૈ? એક સાગરોપમ પહેલી નરકનું (આયુષ્ય). જઘન્ય દસ હજાર વર્ષકી સ્થિતિ હૈ, ઉત્કૃષ્ટ એક સાગર. એક સાગરમેં દસ ક્રોડાક્રોડી પલ્યોપમકા માપ હૈ. દસ ક્રોડાક્રોડી પલ્યોપમ. ઓહોહો! ઔર એક પલ્યોપમકે અસંખ્યવે ભાગમેં અસંખ્ય અબજ વર્ષ જાય. ઐસી સ્થિતિ પહલી નરકકી હૈ. અનંતબૈર ગયા. આત્માકે અનુભવ બિના, આત્માકે સમ્યગ્દર્શન બિના ઐસે મિથ્યાત્વભાવસે અનંતબૈર ગયા. સમજમેં આયા?

જહાં બાહર આયા વહાં ભૂલ ગયા. ઓહો! આપણે પૈસાવાળા છીએ, વેપારી છીએ, અમે બાલક બીડીના ધણી છીએ. શેઠ! બાલક બીડીકા ધણી હૈ. અપનેકા ધણી હૈ. આહાહા! આ માટે બતાવે છે ને આગળ કહેશે. પ્રભુ! ...અનુકૂળ કે ગમે તે પુણ્યોદયોગે અમે વૈમાનિકમાં હોઈએ, વ્યંતરમાં હોઈએ. પ્રભુ! તેરી ચરણામૃતકી ભક્તિ હમેં ચાહિયે. વીતરાગ સ્વભાવ ત્રણ લોકના નાથ એની ભક્તિનો ભાવ જેને હોય, એને આત્માનો અનુભવ ને સમ્યગ્દર્શન હોય, એને ભક્તિનો ભાવ હોય એમ સિદ્ધ કરવું છે. હોય ત્યારે ભગવાનની ભક્તિ હોય વ્યવહારનયે. બીજાની શેની હોય? સમજાણું કાંઈ? આહાહા!

પહેલી નરકનું આયુષ્ય એટલું. **દૂસરે નરકકે નારકી તીન સાગરોપમકી આયુવાલે હૈં, તીસરી નરકકે નારકી સાત સાગરોપમકી આયુવાલે હૈં, ચોથી નરકકે નારકી દસ સાગરોપમ, પાંચવીં નરકકે સત્રહ સાગરોપમ, છઠવેં નરકકે બાઈસ સાગરોપમ અને સાતવીં નરકકે નારકી તેતીસ સાગરોપમકી આયુવાલે હૈં.** ઓહોહો! તેત્રીસ સાગરોપમ. કહ્યું નહોતું હમણાં? બ્રહ્મદત્ત. બ્રહ્મદત્ત ચક્રવર્તીને સાતસો વર્ષ ચક્રવર્તીકા રાજ કિયા ઔર મરકર સાતવીં નરકમેં અભી તેતીસ સાગરકી સ્થિતિમેં હૈ. સાતસો વર્ષમેં જિતના શ્વાસ હુઆ, એક શ્વાસકે ફલમેં ૧૧,૫૬,૯૨૫ પલ્યોપમકા દુઃખ આયા. ક્યા કહા પ્રસાદીલાલજી? ક્યા કહા? એક શ્વાસમેં ચક્રવર્તીકે સુખકી કલ્પના કી. સુખ તો થા નહીં, માનતા થા કિ હમારી રાણી હૈ, હમારા ઐસા હૈ. આકુલતા થી. ઇતના સાતસો વર્ષ રહા, તો ઉસમેં (રાગકે) ફલમેં ૩૩ સાગરોપમમેં ગયા. ઔર (સાતસો વર્ષકે સામને) ૩૩ સાગરકી ગિનતી ગિનો તો ઉસકે એક શ્વાસમેં ૧૧ લાખ પલ્યોપમ... પલ્યોપમ ૧૧ લાખ હોં. એક પલ્યોપમમેં અસંખ્ય અબજ વર્ષ. ઐસા ૧૧,૫૬,૯૨૫ (પલ્યોપમકા દુઃખ). ગુજરાતીમાં છે. આહાહા!

અહીંયા એક શ્વાસનો અનુભવ–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ફળ તરીકે અનંતી સિદ્ધદશા અનંતકાળને પામે છે. આહાહા! સમજમેં આયા? આહાહા! મોક્ષમાર્ગ, અપને ધ્રુવ સ્વભાવકા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાય (ઐસા) મોક્ષમાર્ગ તો અસંખ્ય સમય હી રહતા હૈ. સુનો! ક્યા કહા? મોક્ષમાર્ગ પંદર ભવ હો કિ દો-ચાર ભવ હો, પણ અસંખ્ય સમય હી હૈ. અનંત સમય મોક્ષમાર્ગ નહીં રહતા. અસંખ્ય સમયકે મોક્ષમાર્ગ(કે ફલ)મેં સાદિ-અનંત કેવળજ્ઞાનકા આનંદ પ્રાપ્ત હો તો એક-એક સમયમેં અનંતાનંત ક્રોડાક્રોડી વર્ષ આયે. ક્યા કહા યે?

જ્યારે ઓલાને હજી એક શ્વાસમાં એટલા પલ્યોપમનું દુઃખ, ત્યારે મોક્ષમાર્ગી જીવને એક શ્વાસ–એક સમયમાં, એક સમયમાં એના ફળ તરીકે... અસંખ્ય સમય મોક્ષમાર્ગ રહતા હૈ,, અનંત કાલ મોક્ષમાર્ગ નહીં રહતા. અપને સ્વરૂપકા સાધન કરકે, ચારિત્રકી પ્રાપ્તિ હોકર પૂર્ણ કેવળજ્ઞાન હો, ઉસકો અસંખ્ય સમય ચાહિયે. ભલે બીચમેં ૬૬ સાગરકા ભવ કરે, પણ યે સબ અસંખ્ય સમય હૈ. અસંખ્ય સમયકે (મોક્ષમાર્ગકા) જો ફલ આયા મુક્તિકા, વહ તો સાદિ-અનંત (રહતા હૈ). એક સમયમેં અનંત-અનંત ક્રોડાક્રોડી વર્ષકા આનંદકા ફલ હૈ. બરાબર હૈ?

પણ આ બધા પૈસાનું સુખ છેને? તારો બાપ પૈસા-પૈસા કેટલા રળે છે જુઓને! મમતા કરે છે. આહાહા! ૩૩ સાગરકા આયુષ્ય સપ્તમ નરકમેં. અનંતબૈર ગયા વહાં. અપના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન પરમાત્મા જો ત્રિલોકનાથને કહા... સર્વજ્ઞને કહા હોં, દૂસરા કોઈ કહે વહ (યથાર્થ) આત્મા નહીં. દૂસરે આત્માકો ભિન્ન-ભિન્ન કહતે હૈં વહ આત્માકી ચીજકો જાનતે નહીં. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માને જો આત્મા ... દેખા, અસંખ્યપ્રદેશી દેશ, અનંત

ગુણકા ધામ, અનંત ગુણકી પ્રજા અભી તક વહાં પડી હૈ. અપને અસંખ્ય પ્રદેશકા દેશ, અપના દેશ વહ હૈ. ઔર ઉસમેં અનંત પવિત્ર પુરુષાર્થ પડા હૈ ઔર પવિત્ર ગુણ પડે હૈં. આહાહા! ઉસ દેશકી જિસને સંભાલ લી, ઉસકી અલ્પ કાલમેં મુક્તિ હોગી. વહ સાદિ-અનંત (રહેગી). ભૂતકાલકે કાલસે ભવિષ્યકાલ અનંત ગુના હૈ. અરેરે! સમજમેં આયા? ક્યોં પંડિતજી? ઐસે ૩૩ સાગર... આહાહા! યહાં અનંત સાગરોપમ. મોક્ષમાર્ગ—સ્વરૂપકી દૃષ્ટિ, સ્વરૂપકા જ્ઞાન, સ્વરૂપકી લીનતા, અસંખ્ય સમયકા મોક્ષમાર્ગ ઉસકે સમયકા ફલ અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા.. અનંતા ક્રોડાક્રોડ સાગરોપમ(કા સુખ). એક-એક સમયકે ફલમેં યે હૈ. આહાહા! અરે! ઐસા ધંધા ક્યોં ન કરે? શેઠ! શ્રીમદ્દે કહ્યુંને શ્રીમદ્દે. અનંત દુઃખ નામ સુખ.. અનંત દુઃખ નામ સુખ.

**અનંત સુખ નામ દુઃખ ત્યાં ન રહી મિત્રતા,**
**અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા.**

'ઉઘાડ ન્યાય નેત્રને..' ૧૭ વર્ષમેં બનાયા હૈ શ્રીમદ્ રાજચંદ્રને. ૧૭ વર્ષમેં. ૧૭ સમજતે હો? એક ને સાત. સતરહ તુમ્હારી ભાષામેં. 'અનંત સુખ નામ દુઃખ..' અંતમેં મુનિપનેકે સન્મુખમેં દુઃખ હૈ નહીં–નામ દુઃખ હૈ, આનંદ હૈ મુનિકો તો. સમ્યક્-દ્રષ્ટિસે આનંદ શુરૂ હોતા હૈ. સમજમેં આયા? વહ સુખી હૈ જગતમેં. બાકી બધા ચક્રવર્તી, રાજા ને ઇન્દ્રો એ બધા દુઃખી છે દુઃખી. મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા! કહતે હૈં, 'અનંત સુખ નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા, અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા.' ત્યાં પ્રેમ લાગ્યો, કહે છે. 'ઉઘાડ ન્યાય નેત્રને..' ન્યાયનેત્રથી જો તો... તુલના તો કર, એમ કહે છે. આ થઈ ગયુંને. એક શ્વાસમાં એટલું દુઃખ ને એક સમયમાં ઇતના સુખ મુક્તિકા. 'ઉઘાડ ન્યાય નેત્રને નિહાળ રે નિહાળ તું..' ન્યાયના નેત્રથી–ન્યાયસે તુલના તો કર. 'નિવૃત્તિ શીઘ્રમેવ ધારી તે પ્રવૃત્તિ બાળ તું.' ૧૭મે વર્ષે આવ્યું. નિવૃત્તિને શીઘ્રમેવ ધાર. રાગસે, પરસે નિવૃત્તિ એકદમ કર. તે પ્રવૃત્તિ બાળ. રાગાદિની પ્રવૃત્તિને બાળ–સળગાવ. સમજમેં આયા? આહાહા! યે નરકીકી બાત કી.

**અબ વિસ્તાર ભયકે કારણ સંક્ષેપસે કહા જાતા હૈ : તિર્યંચોકે ચૌદહ ભેદ હૈં : (૧-૨) સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૩-૪) બાદર એકેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૫-૬) દ્વીન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૭-૮) ત્રીન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૯-૧૦) ચતુરિન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૧-૧૨) અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત, (૧૩-૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત.** સંજ્ઞી પછી .... હોં. સમ્યગ્દૃષ્ટિ તિર્યંચમેં હોતા હી નહીં. મનુષ્યમેં, દેવમેં હો. તિર્યંચમેં હોતા નહીં. નારકીમેં હો, એમ કહેશે જરી. **દેવોના ચાર નિકાય (સમૂહ) છે : (૧) ભવનવાસી, (૨) વ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) કલ્પવાસી.**

**ઇન ચાર ગતિકે જીવોંકે ભેદોંકે ભેદ લોકવિભાગ નામક પરમાગમમેં દેખ લેં. યહાં (ઇસ પરમાગમમેં) આત્મસ્વરૂપકે નિરૂપણમેં અંતરાયકા હેતુ હોગા ઇસલિયે સૂત્રકર્તા પૂર્વાચાર્ય-મહારાજને (વે વિશેષ ભેદ) નહીં કહે હૈં.**

**અબ ઇન બે ગાથાઓંકી ટીકા પૂર્ણ કરતે ટીકાકાર મુનિરાજ દો શ્લોક કહતે હૈંઃ**

**स्वर्गे वाऽस्मिन्मनुजभुवने खेचरेन्द्रस्य दैवा-**
**ज्ज्योतिर्लोके फणपतिपुरे नारकाणां निवासे ।**
**अन्यस्मिन् वा जिनपतिभवने कर्मणां नोऽस्तु सूतिः**
**भूयो भूयो भवतु भवतः पादपङ्केजभक्तिः ॥ २८॥**

મુનિરાજ પદ્મપ્રભમલધારિ દિગંબર મુનિ હૈં ઉન્હોંને યહ ટીકા બનાઈ હૈ. મૂલ શ્લોક કુંદકુંદાચાર્યકા હૈ. દો હજાર વર્ષ પહલે સંવત ૪૯મેં કુંદકુંદાચાર્ય ભગવાનકે પાસ ગયે થે. આઠ દિન રહે થે. વહાંસે આકર યે બનાયા હૈ. મૂલ શ્લોક ભગવાન કુંદકુંદાચાર્યકા હૈ ઔર ટીકા પદ્મપ્રભમલધારિદેવકી હૈ. આજસે નૌસે વર્ષ પહલે હુએ. ટીકા બનાનેવાલે સ્વયં મુનિ કહતે હૈં.

**શ્લોકાર્થ : (હે જિનેદ્ર!)** આહા! **દૈવયોગસે મૈં સ્વર્ગમેં હોઉં...** પુણ્ય બાકી હો ને સ્વર્ગમેં જાનેવાલા હોઉં. પંચમ આરેકે મુનિ હૈં ન વે તો સ્વર્ગમેં હી જાતે હૈં. મુક્તિ તો હોતી નહીં. **દૈવયોગસે મૈં સ્વર્ગમેં હોઉં**... ભાષા તો એમ જ કહેવાયને કે મૈં તો આત્મા હૂં. આત્મા સ્વર્ગલોકમેં હૈ? પર્યાયમેં પર્યાયસે... પહેલું તો એમ કહ્યું કે મૌં તો યે સમયસાર હી એક ચીજ હૂં. મેરી અપેક્ષાસે ઉસકે સિવા કોઈ ચીજ હૈ નહીં. વહ દ્રવ્ય અપેક્ષાસે કહા થા. સમજમેં આયા? આહાહા! વીતરાગકે સ્યાદ્વાદમાર્ગકી કથનપદ્ધતિ ઐસી અલૌકિક હૈ. હે નાથ! ઐસી તિર્યંચાદિ ગતિકા તો મૈંને સુના ઔર મેરે ખ્યાલમેં ભી હૈ ચાર ગતિ, એમ કહતે હૈં. પણ પ્રભુ! દૈવયોગસે મૈં સ્વર્ગમેં હોઉં... પહલે સ્વર્ગ લિયા હૈ. વે મુનિ તો સ્વર્ગમેં જાનેવાલે હી હોતે હૈં. તો પહલે યે બાત લી હૈ.

**ઇસ મનુષ્યલોકમેં હોઉં...** પીછે દેવલોકમેંસે નિકલકર મનુષ્ય તો હોતે હી હૈં. પંચમ આરેમેં મુનિકો મોક્ષ હૈ નહીં. સ્વર્ગમેં હોઉં ઔર મનુષ્યમેં હોઉં... ધર્મીજીવ–આરાધક જીવકો દો હી ગતિ રહતી હૈ, બસ. નરક અને પશુ ગતિ હોતી નહીં. તો પહલી દોનોં લે લી. **વિદ્યાધરકે સ્થાનમેં હોઉં...** વિદ્યાધર હૈ ન વૈતાક પર્વતમેં. કદાચ ત્યાં ઉત્પન્ન થઈ ગયા પર્યાયની સ્થિતિએ. **જ્યોતિષ્ક દેવોંકે લોકમેં હોઉં...** કદાચિત્ કોઈ જ્યોતિષ દેવલોકમેં ઉપસ્થિતિ હો. **નાગેન્દ્રકે નગરમેં હોઉં...** નીચે અસુરકુમાર આદિ. **નારકોંકે નિવાસમેં હોઉં...** એ તો અપેક્ષાએ વર્ણન કર્યું છે. **જિનપતિકે ભવનમેં હોઉં...** ઇતના સબ સિદ્ધ કિયા હૈ કિ ઐસી-ઐસી (ગતિ) હૈ. જિનપતિકા ભવન... જિનેન્દ્રના ભવનો છે શાશ્વત. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ ને વૈમાનિકમાં જિનમંદિર શાશ્વત છે. અશાશ્વત–કૃત્રિમ તો યહાં હૈ મનુષ્ય લોકમેં. પણ અકૃત્રિમ જિનમંદિર અસંખ્ય હૈં.

વીતરાગી મૂર્તિ, જાણે હમણાં બોલશે, એવો પાઠ છે શાસ્ત્રમાં. રત્નમણિ–રત્નની પ્રતિમા હોય છે. એવી દેખાય કે જાણે હમણાં અવાજ કરશે. એવી સુંદર ને એટલી આકૃતિ. ઐસે જિનભવનમેં કદાચિત્ મૈં હોઉં. સમજમેં આયા?

લ્યો, જિનભવન સિદ્ધ કિયા. જિનભવન હૈ. નહીં હૈ, કોઈ કહે કિ દેવલોકમાં જિનપ્રતિમા નથી, જિનભવન નથી. એ જૂઠું છે. સમજાણું કાંઈ? શાશ્વત મંદિરો ભી છે અને અશાશ્વત મંદિરો પણ છે. આહા! એનો નિષેધ કરે એ તત્ત્વને સમજતો નથી. સમજાણું કાંઈ? એ શેઠ! આ તમારા ઓલા ચંપાલાલ એ નિષેધ કરે છે. નહીં, નંદિશ્વર ને એમાં મંદિરો-બંદિરો શાશ્વત નથી. એ ફલાણે ખોસ્યું. બધું ગપ્પા. માળા પક્ષમાં આવી જાય, એને તત્ત્વની ખબર પડતી નથી. ચંપાલાલ લખે છે કે મંદિરો-બંદિરો શાશ્વત શાસ્ત્રમાં લખ્યા છે એ મંદિરો છે નહીં.

અરે! શાશ્વત મંદિર તો સ્થાનકવાસીકે પાઠમેં ભી હૈ. જો મંદિર માનતે નહીં ઉસકે શાસ્ત્રકે પાઠમેં હૈ. શાશ્વત મંદિર અસંખ્ય હૈં. એક-એક મંદિરમેં એકસો આઠ રત્નકી પ્રતિમા. જૈસે અનાદિકા વીતરાગભાવ કેવલી હૈ... કેવલજ્ઞાનીકા જગતમેં વિરહ કભી હોતા નહીં. તીન કાલમેં તીન લોકકો જાનનેવાલેકા વિરહ કભી હોતા નહીં. તીન લોક હૈ તો ઉસકા જાનનેવાલે કેવલી ભી અનાદિસે હૈ. કભી કેવલજ્ઞાની જગતમેં ન હો ઐસા હોતા નહીં. તો ઐસા કેવલજ્ઞાનીકા પ્રતિબિંબ ભી અનાદિકા હૈ. સમજમેં આયા? યે તો વસ્તુસ્થિતિ હૈ.

કહતે હૈં, **જિનપતિકે ભવનમેં હોઉં**... આહાહા! વીતરાગનું ભવન હોય? અંદર પ્રતિમા હોય એની અપેક્ષાએ જિનપતિનું ભવન કહેવામાં આવ્યું છે. અસંખ્ય મંદિરો છે. છેને અહીંયા નંદીશ્વર દ્વીપ, એમાં બાવન મંદિર. આઠમો દ્વીપ છેને નંદીશ્વર એમાં બાવન મંદિર મોટા. મહા રત્નની પ્રતિમાઓ શાશ્વત. અષ્ટાન્હિકા કરવા ત્યાં ઇન્દ્રો જાય છે. આ કારતક સુદ આઠમથી પૂનમ, ફાગણ સુદ આઠમથી પૂનમ, અષાઢ સુદ આઠમથી પૂનમ. (શ્રોતા : વહાં તો એક હી મત ચલતા હોગા?) એક હી મત હૈ. મહાવિદેહમાં પણ દિગંબર નામનો જૈનધર્મ એક જ છે. કોઈ દૂસરા હૈ હી નહીં. કિસીકા મંદિર ભી નહીં. એક દિગંબર નિગ્રંથ મુનિકા મંદિર મહાવિદેહમેં હોતા હૈ. દૂસરા કોઈ ધર્મ હૈ નહીં. ધર્મ એક હી હૈ. અનાદિ સનાતન યે હી હૈ. આહાહા! પાઠ હૈ સબ શાસ્ત્રમેં.

શું કહેવાય? 'ત્રિલોકપણંતિ–ત્રિલોકસાર' એમાં પાઠ છે ક્યાંક. એક જ ભગવાનની પ્રતિમાઓ શાશ્વત છે. અહીં મહાવિદેહમાં મૂક્યા એ કૃત્રિમ છે. ભગવાન બિરાજે છે, પણ ભગવાન બધે તો હોય નહીં. એટલે ત્યાં પણ ઘણી પ્રતિમાઓ જિનપ્રતિમાઓ (હોય). 'જિન પ્રતિમા જિન સારખી..' વ્યવહારે કહ્યું છેને. બનારસીદાસ. માણસને પક્ષ થઈ જાય છેને પછી સાચી વાત હોય ઉડાવી દે છે. તત્ત્વની એને ખબર રહેતી નથી. એવું પક્ષની અંદર પક્ષાંતરનું આંધળાપણું મારી નાખે છે.

અહીં કહે છે કે હે નાથ! હું જિનપતિના ભવનમાં હોઉં... અરે! **અન્ય ચાહે જિસ સ્થાનમેં હોઉં, (પરંતુ) મુજે કર્મકા ઉદ્ભવ ન હો...** આહાહા! મૈં તો મેરી ચીજમેં વીતરાગતા ઉત્પન્ન કરું. રાગકી ઉત્પત્તિ ન હો યહ મેરી ભાવના હૈ. સમજમેં આયા? ઉસકા અર્થ ક્યા હુઆ? રાગકી ને કર્મકી ઉત્પત્તિ ન હો યાની મૈં તો સમ્યક્-દ્રષ્ટિમેં રહું, મુજે રાગકી, કર્મકી ઉત્પત્તિ હો નહીં. આહાહા! મુજે તો શાંતિકી, સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્થિરતાકી ઉત્પત્તિ હો. આહાહા! કહો, હવે ચાર ગતિનું વર્ણન કર્યું ત્યાં આ નાખ્યું. પણ એ વર્ણન તો જાણવા માટે હતું. પછી આદરવા માટે એમાં શું ચીજ છે? સમજમેં આયા? દિગંબર મુનિ થે પદ્મપ્રભમલધારિદેવ. ૯૦૦ વર્ષ પહલે (હુએ). મહા ટીકાકાર જબ્બર. સંતો–દિગંબર સંતો પાક્યા છે આભના થોભ–આકાશના થાંભલા, કેવળજ્ઞાનના થાંભલા. સ્તંભ સમજે ન? ખંભા. ઐસી ચીજ હૈ. નવરંગભાઈ! આહાહા!

પ્રભુ! હું ચાહે તે ગતિમાં હોઉં, પણ મુજે સ્વભાવકી ઉત્પત્તિ હો, વિભાવકી ન હો, એમ કહતે હૈં. મૈં તો જૈસા વર્તમાનમેં હૂં, ઐસા કા ઐસા સમ્યક્-દ્રષ્ટિ રહૂંગા. આહાહા! એમ કહતે હૈં. સ્વર્ગમેં જાઉં, કહીં જાઉં, પણ ઐસા હી રહૂંગા. મુજે શુદ્ધતિકી ઉત્પત્તિ હોગી, અશુદ્ધતા નહીં. યે મેરી પ્રાર્થના ને યે મેરી ભાવના હૈ, એમ કહતે હૈં. આહાહા! હે નાથ! મુજે કર્મકા ઉદ્ભવ ન હો. **પુનઃ પુનઃ આપકે પાદપંકજકી ભક્તિ હો.** હે નાથ! મને ફરી ફરીને પણ પાદપંકજ–આપના ચરણકમળની વારંવાર ભક્તિ હો. વારંવાર ભક્તિકા વિકલ્પ હો અને અશુભ ન હો, યે તો સમ્યગ્દૃષ્ટિકો હોતા હૈ. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિકો કિસી વક્ત અશુભ હોતા હૈ. યહાં તો કહતે હૈં કિ મુજે તો બારંબાર યે હો અર્થાત્ અલ્પ કાલમેં મુજે શુદ્ધતા હો જાયેગી ઔર શુભકે ભાવ ભી નાશ હો જાયેગા. આહાહા! સમજાણું? સમજમેં આયા?

પાદપંકજકી ભક્તિ... પ્રભુ! આપના ચરણકમળની ભક્તિ હજો. ચરણકમળની ભક્તિ કરનાર સમકિતી હોય છે. મિથ્યાદૃષ્ટિ ભગવાનકી ભક્તિકા (કરનેવાલા) નહીં હોતા. આતા હૈ ન સમંતભદ્ર આચાર્યમેં? હે નાથ! અભવિ આપકી ભક્તિ નહીં કરેગા. ક્યોંકિ વહ રાગકી રુચિવાલા હૈ. વહ વીતરાગકી ભક્તિ નહીં કર સકતા. બાહરસે નહીં, બાહરસે કરે વહ રાગકી ભક્તિ કરતા હૈ. આહાહા! સમજમેં આયા? જિસકો રાગકી રુચિ હૈ વહ રાગકી ભક્તિ હી કરતા હૈ, ભગવાનકે પાસ ખડા હો તો ભી. આહાહા! રાગસે રહિત મેરી ચીજ હૈ ઐસી ભક્તિ કરનેવાલા તો વીતરાગી સમકિતી હી એક હોતા હૈ ઔર ઉસકો ભગવાનકી ભક્તિકા ભાવ બારંબાર આતા હૈ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ અમાસ, રવિવાર, તા. ૧૬-૧-૧૯૭૨**
**શ્લોક - ૨૯-૩૨, ગાથા - ૧૮, પ્રવચન નં. ૨૭**

૨૯મો કળશ છે.

**नानानूननराधिनाथविभवानाकर्ण्य चालोक्य च**
**त्वं क्लिश्नासि मुधात्र किं जडमते पुण्यार्जितास्ते ननु।**
**तच्छक्तिर्जिननाथपादकमलद्वन्द्वार्चनायामियं**
**भक्तिस्ते यदि विद्यते बहुविधा भोगाः स्युरेते त्वयि॥२९॥**

નીચે છે એનો અર્થ. અહીં એમ કહેવા માગે છે કે હે જીવ! **શ્લોકાર્થ : નરાધિપતિઓના અનેકવિધ મહા વૈભવોને સાંભળીને...** દુનિયાની અનુકૂળતાની સાહ્યબી સાંભળીને તને એમ થયા કરે કે આ મને હોય તો ઠીક. **નરાધિપતિઓ**–મનુષ્યોના પતિઓ અને એની અનુકૂળતા, આબરૂ, કીર્તિ, વૈભવ—એ તો જડ, પરવૈભવ છે. એવા મહાવૈભવને સાંભળીને **તથા દેખીને...** નજરે ચડે એમ. **હે જડમતિ, તું અહીં ફોગટ ક્લેશ કેમ પામે છે!** આ મને હોય એવા વિકારના ભાવથી દુઃખી છો. સમજાણું કાંઈ? જગતની અનુકૂળતાની સામગ્રી, બહારમાં પડવું, દુનિયા માને, દુનિયા ઓળખે અને દુનિયાથી પ્રસિદ્ધિ પમાય એવી ઇચ્છા કરીને હે જડમતિ! એમ કહે છે, ફોગટ દુઃખી થા છો રાગથી, દ્વેષથી. આહાહા! સમજાણું કાંઈ?

**તે વૈભવો ખરેખર...** બહારના એ વૈભવો તો ખરેખર **પુણ્યથી પ્રાપ્ત થાય છે.** તું ઇચ્છા કર તો પ્રાપ્ત થાય, આપણે આમ કરવું જોઈએ, શુભભાવ કરવો જોઈએ અને એનાથી આપણને અનુકૂળતાની પ્રાપ્તિ થાય, લોકો માને, લોકમાં આપણી કંઈ ગણતરી ગણાય. કહે છે, એ તો પૂર્વના પુણ્ય હોય તો થાય, તારી ઇચ્છાથી થાય નહીં. આહાહા! સમજાણું કાંઈ? અને **તે (પુણ્યોપાર્જનની) શક્તિ** તો, આહાહા! **જિનનાથના પાદપદ્મયુગલની પૂજામાં છે...** વીતરાગદેવ પરમાત્મા... એની–આત્માની તને શ્રદ્ધા થઈ હોય, આત્માની–પોતાની, ત્યારે તને આવા પરમાત્માની ભક્તિનો ભાવ આવે. એ ભક્તિના ભાવમાં તાકાત છે એવા વૈભવો આવવાની, એમ કહે છે. તું ઈચ્છે છે કે આમ મળે... સમજાણું કાંઈ? પુણ્ય કરીએ તો આમ, પુણ્ય કરીએ તો મળે એવી તારી ઇચ્છા એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ?

હે જડમતિ! અહીં તો એને જડમતિ કીધો છે. છે એમ કહ્યું છે એને. એની બેઠક સભામાં બેઠો હોય માણસ અને કહે, ઓહો! આપણે આવું હોય તો ઠીક. એ બધા બહારના વૈભવોની અભિલાષા મિથ્યાદૃષ્ટિને હોય છે. એથી એને જડમતિ (કહ્યો). ચૈતન્યનું ભાન, તને જાગૃતિનું ભાન નથી. અહો! વીતરાગસ્વભાવી ભગવાન અપના–પોતાનો આત્મા હોં, એની

તને જો દૃષ્ટિ હોય તો આવી જડ મતિ ઉત્પન્ન થાય નહીં. સમજાય છે કાંઈ? અંતરના આત્મવૈભવની જો દૃષ્ટિ ને રુચિ હોય, તો આનાથી મને કાંઈ મળશે, પુણ્ય કરું, ભાવ કરું, શુભ કરું... એ કર્તા કહેશે ૧૮માં. એના ઉપોદઘાત તરીકે એનો આ સાર છે. સમજાણું કાંઈ? એ વૈભવો તો ભગવાનની પૂજા-ભક્તિના ભાવમાં સહેજે આવીને પડશે. તું માંગણી કરીશ તો જડમતિ! તને નહીં મળે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

જુઓને! કેટલાક આ ધર્મને નામે બહાર પડવા, (માન) માગવા, માન મળવા કરે છે કે નહીં? દુનિયામાં કેમ આપણી પ્રસિદ્ધિ થાય, આપણને લોકો ઓળખે, આપણી કાંઈ ગણતરી ગણાય—એ બધા બહારની ઇચ્છાવાળા મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. શેઠ! આહાહા! આચાર્ય મુનિરાજ તો અંતર આનંદના વેદનમાં અંદર છે. કહે છે કે અહો! તારો આનંદ તો પ્રભુ! તારી પાસે છેને! તારો વૈભવ તો તારી પાસે છે. એવા ચૈતન્યના અતીન્દ્રિય આનંદના વૈભવની રુચિ ને એકાગ્રતા વિના તને આવા વૈભવની અભિલાષા થાય છે, તેથી તું જડમતિ છો, મિથ્યાદૃષ્ટિ છો, એમ કહે છે. આ શુભભાવ કરીને પણ એના કર્તા થવું અને એના ફળ તરીકે આપણને અનુકૂળતા મળશે. કહે છે, કેટલાક અનુકૂળતા (ન ઇચ્છે), પણ એનાથી ધર્મ થાશે એમ માને છે. આહાહા! ઠગાણો છેને, એ ધર્મને નામે ઠગાણો છે. સમજાણું કાંઈ?

(શ્રોતાઃ ઠગ્યો કોણે?) ઠગ્યો એણે પોતે. પોતે પોતાને ઠગ્યો. નુકસાન થાય એને લાભ માને. અરે! આવું માયાચાર અને દંભ થઈ જાય છે અંદર લ્યો. આહા! ભારે આકરી વાત. સમજાણું કાંઈ? પંડિતજી! આહાહા! એવી ઇચ્છા કરે છો અને એવા ઇચ્છાભાવનો મને લાભ થાય છે, (એમ માને છે તો) મૂઢ છો કહે છે. આહાહા! એ વૈભવો તો ભગવાનની પૂજા ને ભક્તિના ભાવમાં (સહેજે મળે). પણ એનો (ભક્તિનો) ભાવ હોય કોને? જ્ઞાનીને. આહાહા! જેને આત્માની જ અભિલાષા છે. શુદ્ધ ચૈતન્યની જ જેને ભાવના, રુચિ છે. એને આવા ભગવાનની પૂજાનો ભાવ હોય તો એ ભાવમાં સહેજે એવા વૈભવો તો આવશે, એને કાંઈ મેળવવા પડશે નહીં.

જુઓને! આ દુનિયા જલસા ઉડાવે છે. કરે છેને માન માટે. પાંચ-પચ્ચીસ માણસને તૈયાર કરે, અમે હવે અહીંથી જાઈએ છીએ, પચ્ચીસ વર્ષે અહી રહ્યા નોકરીએ, હવે એનો કાંઈ છેલ્લે જલસો કરો, બધાને ભેગા કરો, કદર કરો, અભિનંદન આપો. આહાહા! થાય છેને જેઠાભાઈ? (શ્રોતાઃ બહારથી ન કહે, અંદરથી હોય). અંદર હોય ગલગલિયા. હં.. અમલદારપણું આટલા વરસ કર્યું છે, લોકો તૈયાર નથી અને કાલ-પરમ દિ’ તો મારે જાવું છે. તૈયારી કેમ કોઈ કરતું નથી કદરની? આહાહા! માવાણી!

પ્રભુ! તારી કદર તો તું કરને! દુનિયા કદર કરનારા કોણ? એની દૃષ્ટિ ... અને એની પામરતા. એ પામર પ્રાણી તારી કદર કરે? આહાહા! સમજાણું કાંઈ? ભીખાભાઈ! આહાહા!

મિથ્યાત્વનો અંકુરો તને છે એમ કહે છે. કે જેથી પુણ્યભાવ કરતા બહારની અનુકૂળતા મળશે. શુભભાવ કરીએને. એમાં ખોટું શું કરીએ છીએ? એમ કરીને મિથ્યાત્વને પોષે અને માને કે અમને લાભ થાય. આહાહા! સમજાણું કાંઈ? એવા પુણ્યભાવ તો સહેજે તને થઈ જશે, કહે છે. સ્વભાવની દૃષ્ટિ જો તને થઈ તો ભગવાનની ભક્તિનો ભાવ તો સહેજે (આવશે) અને એના વૈભવનું કારણ સહેજે થશે, સહજપણે આવશે. એ વાત હવે કર્તાની ૧૮માં કહેશે. **જો તને એ જિનપાદપદ્મની ભક્તિ હોય, તો તે બહુવિધ ભોગો તને (આપોઆપ) હશે.** (ગાથા) ૧૮. એમની શૈલી છે, અમૃતચંદ્રચાર્યની શૈલી છેને કે આગળની ગાથામાં કહેવું હોય એની પહેલી થોડી શરૂઆત કરે છે.

**कत्ता भोत्ता आदा पोग्गलकम्मस्स होदि ववहारा।**
**कम्मजभावेणादा कत्ता भोत्ता दु णिच्छयदो॥ १८॥**
**આત્મા કરે, વળી ભોગવે પુદ્ગલકરમ વ્યવહારથી;**
**ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.**

આ મિથ્યાદૃષ્ટિનું કથન છે. **ટીકા : આ, કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રકારનું કથન છે. આત્મા નિકટવર્તી...** નજીક છેને કર્મ એકક્ષેત્રે. અને **અનુપચરિત** છે. દૂર નથી, નજીક છે એકક્ષેત્રે, એટલે ઉપચાર રહિત છે. **અસદ્ભૂત...** જડકર્મનો સંબંધ અસદ્ભૂત છે. એની પર્યાયમાં નથી, બહાર છે માટે અસદ્ભૂત. અને **વ્યવહાર...** એ નિમિત્ત છેને એટલે વ્યવહાર. એવા **દ્રવ્યકર્મનો કર્તા...** એ દ્રવ્યકર્મનો કર્તા નિકટવર્તી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી છે. અજ્ઞાની હોં. સમજાણું કાંઈ? નજીકના કર્મો એકક્ષેત્રાવગાહે છે એથી એને નિકટવર્તી કહ્યા અને સંબંધ કાયમ રહે છે એમને એમ સાથે ને સાથે એટલે અનુપચરિત છે, પણ જુદી ચીજ છે એટલે અસદ્ભૂત છે અને એ નિમિત્ત છે એટલે વ્યવહાર છે. એવાનો કર્તા ને ભોક્તા... તેનો કર્તા **અને તેના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા છે...** ખરેખર કરે એનો કર્તા ને ભોક્તા નથી, પણ અસદ્ભૂત વ્યવહારનયે અજ્ઞાનીને કહેવામાં આવે છે. શું કીધું? આત્મા અજ્ઞાનભાવે જડકર્મનો કર્તા તો નથી, પણ અસદ્ભૂત વ્યવહારનયે એને કર્તા કહેવામાં આવે છે. આહાહા!

અને કર્મનું ફળ એટલે આ સ્ત્રીઓ, કુટુંબ, પરિવાર, આબરૂ એ જે મળે એ ભોગવે એમ કહેવું એ તો અસદ્ભૂત વ્યવહારનયથી (કથન) છે. એને કાંઈ ભોગવતો નથી. પણ વિકારના ભોગવવામાં એનું નિમિત્તપણું છે એથી એને અસદ્ભૂત વ્યવહારનયે ભોક્તા એમ આરોપથી કહેવામાં આવે છે. આને બાદશાહી છે હમણાં, એમ આપણે નથી કહેતા? એ કુટુંબ-કબીલા આબરૂ, હામ, દામ ને ઠામ, એમ કહે છે લોકો. 'હામ, દામ ને ઠામ' કહે છેને? (શ્રોતાઃ હોય છે એટલે કહે છેને?) હોય છે એટલે અજ્ઞાની માને છે. એને હોય છે ક્યાં? બહારની ચીજ એની પર્યાયમાં ક્યાં ગરી ગઈ હતી? આહાહા! કહો, શેઠ! આરસપહાણના બંગલા આખા ૭-૭

લાખના, એના છોકરાઓ મોટા બાપુજી.. મોટા બાપુજી.. એમ કહે. આહાહા! કહે છે કે અજ્ઞાનીને આ રીતે નિકટવર્તી અસદ્ભૂત... એનામાં નથી માટે અસદ્ભૂત કહ્યું. પણ પર છેને એટલે નિમિત્ત કહ્યું, વ્યવહાર કહ્યો. એમ કહેવામાં આવે છે.

**અશુદ્ધ નિશ્ચયનયથી સમસ્ત મોહરાગદ્વેષાદિ ભાવકર્મનો કર્તા અને ભોક્તા છે...** આહાહા! અજ્ઞાનીની વાત છે હોં. એ શુભભાવ કરે, અશુભભાવ કરે અજ્ઞાની. એ શુભભાવ વિકલ્પ શુભરાગ અને અશુભરાગ. આપણે કરવો જોઈએ, આપણને એમાં નુકશાન શું છે? સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં? આહાહા! ભારે કામ ભાઈ આકરું! અશુદ્ધનિશ્ચયથી એટલે શું? કે એની પર્યાયમાં છે. નિશ્ચય એટલે એની પર્યાયમાં છે અને મલિન છે માટે અશુદ્ધ (કહ્યું). **સમસ્ત મોહ**... સમસ્ત મિથ્યાત્વભાવ ને શુભ-અશુભભાવ... સમજાય છે કાંઈ? આહાહા! એવા **મોહરાગદ્વેષાદિ ભાવકર્મ**–મલિન પરિણામ એનો કર્તા અજ્ઞાની અશુદ્ધનિશ્ચયથી છે. સમજાણું કાંઈ? કેમ કે શુભ-અશુભના વિકલ્પોનું કરવું એ તો દૃષ્ટિ મિથ્યાત્વ હોય એ કર્તા થાય છે. આહાહા! ભારે કામ ભાઈ આ તો! સમજાય છે કાંઈ?

**સમસ્ત મોહરાગ**... 'સમસ્ત' શબ્દ વાપર્યો છેને. પાછા શુભના ઘણા પ્રકાર માંહ્યલો કોઈ શુભ હોય, એમ કહે છે. અશુભના ઘણા પ્રકાર માંહ્યલો કોઈ અશુભ હોય, પણ છે નુકસાનકારી. એનો કર્તા અજ્ઞાની થાય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ! આ ધર્મના પુસ્તકો બનાવવા, મંદિરો બનાવવા, એમાં રોકાવું, એ ભાવમાં લાભ છે, કાગળો લખવા એકબીજાને ચારેકોર, એનાથી આપણી પ્રસિદ્ધિ થશે, બહાર નામ આપણું આવશે—એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા! જાદવજીભાઈ! બહુ કામ આવું છે. માર્ગ આવો છે. **અશુદ્ધ નિશ્ચયનયથી**... આહાહા! 'સમસ્ત' શબ્દ વાપર્યો છેને. ઓલો ફલાણા ભાવનો કર્તા એમ નહીં. બધા જેટલા શુભાશુભ વિકલ્પની જાળ.. આહાહા! અશુદ્ધ નિશ્ચયથી પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓનો રચનાર અજ્ઞાની અશુદ્ધ નિશ્ચયથી છે. બંધનું કારણ છે, મિથ્યાત્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

અને એનો ભોક્તા છે હર્ષ-શોકનો. સમજાણું? હરખ આવેને. હોંશ આવે હોંશ શુભભાવ કરવામાં અને આનંદ આવે એને મજા. એ દુઃખનો ભોક્તા છે. સમજાણું કાંઈ? (શ્રોતાઃ ભાવકર્મ એટલે દુઃખ?) ભાવકર્મ એટલે દુઃખ. આહાહા! સમાધિશતકમાં કહ્યું છે, આહાહા! કે હું બીજાને સમજાવું ને બીજાથી સમજું એ પાગલપણું છે. આહાહા! ભીખાભાઈ! આવો માર્ગ છે બાપા! વીતરાગીસ્વરૂપ આત્મા એ કોને સમજાવે અને કોનાથી સમજે? આહાહા!

શ્રોતા : ભગવાન તો સમજાવેને...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ દિવ્યધ્વનિ વ્યવહારથી કહેવાય છે. કોણ સમજે? બહુ આકરું પડે જગતને. અને તે પણ સમજવામાં પોતાની પર્યાયથી સમજે છે, નિમિત્તથી નહીં. અને તે પર્યાય તો પરલક્ષી જ્ઞાન છે. એ જ્ઞાનનું કર્તાપણું થવું એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? ‘ધાર તલવારની સોહ્યલી દોહ્યલી, ચૌદમા જિન તણી ચરણસેવા,’ ધર્મનાથ(ની સ્તુતિ)માં આવે છે. ‘ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.’ દેવો પણ આત્માની સેવામાં રહી શકતા નથી. આત્માની સેવા હોં. આહાહા! આ તો પરની અમે સેવા કરીએ છીએ, પરને અમે લાભ પમાડીએ છીએ, પરને સુધારવામાં અમારો હાથ છે. એ ચેતનજી! પણ ભગવાનની આજ્ઞાથી સ્થિર થવું. સ્થિર થવું....

**અશુદ્ધ નિશ્ચયનયથી**... અજ્ઞાની એ મિથ્યાભ્રમ (પાળે કે) આમાંથી મને લાભ થશે, શુભભાવ કરતાં લાભ થશે, એમાં પ્રભાવના થાય છે. આહાહા! સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! નિયમસાર છેને (એટલે) મોક્ષમાર્ગથી વિરુદ્ધ ભાવ શું છે એ બતાવ્યો ન્યાં.

શ્રોતા : મિથ્યાત્વની જોડે પાછો અશુભભાવ થઈ જાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : છેને. માન માટે દુનિયા મને નમે અને એને માટે તો વળી પાપભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! અરે! એણે એને છેતર્યો છેને! ધર્મને નામે પણ પોતાને છેતર્યો છે. કહે છે... આ ગાથા ખાસ આમાં નાખી. જીવ અધિકાર છેને! જીવની વિકારીપર્યાયનો કર્તા-ભોક્તા એ જીવ અધિકારમાં અજ્ઞાન છે એમ સિદ્ધ કર્યું. જીવ અધિકાર છેને આ. આહાહા! જીવ એમ માને કે રાગાદિ કરવાનો મારો અધિકાર છે અને રાગના ફળ ભોગવવાનો મારો અધિકાર છે, આહાહા! (તો) મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. આહાહા! અને એનો સુખ-દુઃખનો અનુભવ કરનાર હું છું, આ માનેલી કલ્પનાનો.

**અનુપચરિત અસદ્ભૂત વ્યવહારથી (દેહાદિ) નોકર્મનો કર્તા છે...** અનુપચરિત... ઓલું ‘નિકટવર્તી’ હતુંને એટલું કાઢી નાખ્યું. અનુપચરિત (એટલે) ઉપચાર નથી, અસદ્ભૂત છે. શરીર જડ અસદ્ભૂત છે, આત્મામાં–એની પર્યાયમાં નથી એટલે અસદ્‌ભૂત (કહ્યું). વ્યવહાર એટલે નિમિત્ત છે. દેહાદિનો કર્તા... આહાહા! દેહાદિ ક્રિયા હાલે-ચાલે એનો કર્તા, વાણી બોલાય એનો કર્તા. અનુપચરિત જૂઠી (નયથી) નિમિત્તથી કહેવામાં આવે છે. આહાહા! **ઉપચરિત અસદ્ભૂત વ્યવહારથી...** હવે દૂર છેને **ઘટ-પટ...** ઘડો, વસ્ત્ર, આ ચોપડીઓ બનાવવી, પુસ્તકો બનાવવા, મંદિર બનાવવા. એ ઘટ-પટ એટલે બધું આ. ઉપચારથી... દૂર છેને એટલે ઉપચાર કહ્યો, ઓલું નજીક હતું. દેહાદિ નજીક હતું અને કર્મ તો ... નિકટવર્તી છે. કારણકે કર્મ તો એક સમય કોઈ દિ’ છૂટ્યા નથી. અને આ દેહાદિ તો છૂટી જાય, નવા આવે, છૂટી જાય એટલે જરી એને નિકટવર્તી ન કહ્યું.

**ઉપચરિત અસદ્ભૂત વ્યવહારથી ઘટ-પટ-શકટાદિનો (ઘડો, વસ્ત્ર, ગાડું ઇત્યાદિનો)...** મકાન, પુસ્તક, એરોપ્લેન આદિ. શું કહેવાય? રોકેટ. એનો એ **કર્તા** ઉપચારથી, જૂઠી (નયથી), નિમિત્ત દ્રષ્ટિથી કહેવામાં આવે છે. આહાહા! ભારે વાતું ભાઈ! કહો, સમજાણું કાંઈ? વસ્ત્ર મેં બનાવ્યું, પુસ્તક મેં બનાવ્યું, પુસ્તકના અક્ષરો મેં બનાવ્યા, મેં આવા લખ્યા. આરે! આ શું? શેઠ! ચોપડા-બોપડામાં... બીડી ઐસા લિખા, ઐસે લાઓ. કાનપુર શેઠ જાય ત્યારે કેટલા પૈસા લઈ આવે. સમજાણું કાંઈ? પણ લાખો રૂપિયા થાય શેઠ.... દસ-વીસ હજાર, દસ-વીસ હજાર રોજની આવક. એના નામા લખવા. માવાણી! માને છે, એ કરી શકતો નથી સમજાણું કાંઈ? કેમ હશે હિંમતભાઈ? આ લોઢા-બોઢાના ધંધા, બરાબર ધ્યાન રાખે, આવડું લોઢું આટલું હતું, ફલાણું હતું. આહાહા! કહે છે, એને–અજ્ઞાનીને ઉપચારથી, જૂઠા વ્યવહારથી એને કર્તા કહેવામાં આવે છે. ખરેખર છે નહીં. **આમ અશુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું.** આમાં અશુદ્ધજીવની જ વ્યાખ્યા છે. અશુદ્ધ નામ મિથ્યાદૃષ્ટિ. સમજાણું કાંઈ? હવે એનો શ્લોક.

**હવે ૧૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ છ શ્લોકો કહે છે:**

**अपि च सकलरागद्वेषमोहात्मको यः**
**परमगुरुपदाब्जद्वन्द्वसेवाप्रसादात् ।**
**सहजसमयसारं निर्विकल्पं हि बुद्ध्वा**
**स भवति परमश्रीकामिनीकान्तकान्तः ॥ ३० ॥**

**શ્લોકાર્થ : સકળ મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ...** કહે છે, ભલે મિથ્યાત્વ ને રાગ-દ્વેષ હો એવો પુરુષ પણ, એમ. આહાહા! **પરમ ગુરુના ચરણ-કમળયુગલની સેવાના પ્રસાદથી...** કહે છે, એ પણ આત્માનું જ્ઞાન પામી જાય છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **સમસ્ત મોહરાગદ્વેષવાળો જે કોઈ પુરુષ**, એમ. પણ પરમગુરુના ચરણકમળયુલની સેવા... એમ કહીને એમ કહે છે કે સંતો એને નિર્વિકલ્પ આત્માનો અનુભવ કર એમ કહેશે. આ બધું કર્તા-ફર્તાપણું છોડી દે. સમજાણું કાંઈ? આહાહા! '**પરમ ગુરુના ચરણ-કમળયુગલ**' એ તો વાત બહારની છે, પણ અંદરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જે વ્યાખ્યા કરે છે એવા બતાવનારા ગુરુ એને (કહે છે કે) તારો આત્મા ભગવાન પૂર્ણ સ્વરૂપ છે, ત્યાં તું દૃષ્ટિ કર, જ્ઞાન કરીને સ્થિર થા. એમ પરમગુરુનો ઉપદેશ આવો હોય છે એમ કહે છે.

શ્રોતા : યહાં તક તો ગુરુ માને?

પૂજ્ય ગુરુદેવશ્રી : આવે છે, એ વિકલ્પ આવે ને હોય છે, એટલું. પણ અહીં એ નથી કહેવું. અહીં વિશેષ બીજું કહેવું છે કે એમનો ઉપદેશ આવો હોય છે, એમ. ગુરુનો ઉપદેશ એને કહીએ કે જે નિર્વિકલ્પ આત્મા તરફની શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતામાં ઢાળે. સમજાણું કાંઈ? જે કોઈ

(કહે કે) પુણ્યના પરિણામ કરો અને એનાથી તમને પરંપરાએ આમ થાશે, એ ગુરુ પણ નહીં ને એ ગુરુનો ઉપદેશ સાચો નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

**પરમ ગુરુના ચરણકમળ યુગલની સેવાના પ્રસાદથી...** (સમયસારમાં) લખ્યું છેને, મહેરબાની કરીને અમને અમારા ગુરુએ અમને આપ્યું છે. નથી લખ્યું? અમારા ગુરુએ અમને આમ કહ્યું હતું કે ભાઈ!.. આહાહા! સમજાણું કાંઈ? એમ પાછું ન કહે કે ગુરુ તો કહ્યા જ કરે એમને એમ, પણ આપણી શક્તિ હોય એમ કરશુંને? (ન હોય તો) ક્યાંથી વધારે કરીએ? એય! એ શિષ્ય પણ નથી અને એને ગુરુનું શું સ્વરૂપ છે એ જાણવામાં પણ આવ્યું નથી. આહાહા! સમજાણું કાંઈ? એ તો કીધા કરે. આપણે ક્યાં.. આપણે ક્યાં ખોટું કરીએ છીએ? બૈરા-છોકરા માટે કરીએ છીએ કાંઈ? અમે તો કોઈકના માટે કરીએ છીએ, કોઈકને લાભ થાય એને માટે. આ કાગળ લખીએ, બીજાને લાભ થાય, આપણને બહાર પાડે, એને બહાર પાડીએ. કહો, શેઠ! આહાહા!

સાંભળનારો પણ આવો હોય છે કે ઓહોહો! અમારા પરમગુરુએ અમને આવો ઉપદેશ આપ્યો છે. અમને અંદરમાં ઠરવાની વાત કરી છે. કરવાની નહીં, ઠરવાની કહે છે. આહાહા! પૂર્વે કરવાની વાત કીધી અશુભનયવાળાની તો. સમજાણું કાંઈ? એ તો ઉપદેશ પામ્યા વિના અનાદિથી કરે જ છે. આહાહા! અહીં તો કહે છે... ભાષા કેવી વાપરી છે પાછી. **સકળ મોહરાગદ્વેષવાળો** હો, અશુદ્ધ જે પહેલો કહ્યો એવો મિથ્યાદૃષ્ટિ હો. એ જીવ પણ **પરમ ગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી**... એનું માન્યું છે એણે, એમ કહે છે ભાઈ! એણે કહ્યું છે એવું સ્વીકાર્યું છે. ઓહો! આહાહા! એમ કહે છે.

**નિર્વિકલ્પ સહજ સમયસારને જાણે છે...** આ સિદ્ધાંત છે આખો. કહ્યું શું ગુરુએ અને કર્યું શું એણે? કહ્યું શું ગુરુએ ને કર્યું શું એણે? કહ્યું એવું કર્યું એમ કહે છે. આહાહા! અને જે કર્યું એ ગુરુએ કહ્યું હતું. આમ કહે છે. ઓહોહો! વીતરાગમાર્ગ.. આ પદ્ધતિની રીત જ આવી છે સંતોના હૃદયમાંથી. આહાહા! સમજાણું કાંઈ? ક્યાંય છે નહીં. પણ હવે લોકોને શું થાય? એવી ચીજ... ઓહોહો! માખણ આપ્યા છે માખણ. વગર દાંતવાળોય ખાય. બહુ બુદ્ધિ ન હોય તોય આ પચાવી દે એમ કહે છે. આહાહા! બહુ બુદ્ધિ ન હોય, ઉઘાડ ન હોય. દિલીપ જેવા ઉઘાડવાળા બધા ક્યાંથી લાવવા? એ તો થનગનાટ કરે છે દિલીપ તો. ગમે તેવી ઝીણી વાત કરીએ તો અંદરથી કહે, વાહ! આહાહા! એ વસ્તુ તો આવી જ હોયને, એમ કહે છે. આહાહા! એવા છોકરા કોઈકને હોય. જાદવજીભાઈ! એવું બોલે છેને. .... વ્યક્તપણે એની દૃષ્ટિ, રુચિ તો થવી જોઈએને. એમ જાણવા.... આહાહા! આ માર્ગ તો આ...

કહે છે કે તે પુરુષ **નિર્વિકલ્પ સહજ સમયસારને જાણે છે**... આત્મા અભેદ સમયસાર આત્મા એને જાણે છે, એમ કહે છે. અને ગુરુએ એ કહ્યું હતું કે તારો ભગવાન અભેદસ્વરૂપે

બિરાજે છે અંદર, એને તું અનુભવ. આહાહા! કહો, સમજાણું કાંઈ? ગુરુએ આ કહ્યું હતું અથવા શાસ્ત્રોના ચારે અનુયોગમાં ગુરુનો આ ઉપદેશ છે. આહાહા! ચારે અનુયોગોનો સાર આ છે. વળી આમ ધર્મકથામાં બીજું, ચરણાનુયોગમાં બીજું, એમ કહે છેને? ચરણાનુયોગનું સમકિત જુદું, કરણાનુયોગનું જુદું, દ્રવ્યાનુયોગનું જુદું. અરે ભગવાન! આહાહા! કહે છે, ગુરુએ તો આ કહ્યું હતું. ચાહે એ અનુયોગ એને સંભળાવ્યો હોય, પણ એનો સરવાળો તો અહીં લેવો છે કે આત્મા... પરનું નહીં, રાગનું નહીં ને પર્યાયનું જ્ઞાન નહીં એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન! તું અભેદ સહજ સમયસાર છો. તારો આત્મા કારણપરમાત્મા સહજાનંદ મૂર્તિ એને જાણ. લ્યો, આ કહ્યું હતું, આવા શાસ્ત્રને જાણ, એવી વાત અહીં નહીં લીધી. આહાહા! જુઓને! ... શાસ્ત્રમાંય ગુરુની વાણી એ શાસ્ત્ર છે અને વાણીમાં આ કહ્યું છે એમ કીધું. સમજાણું કાંઈ? આહાહા! ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા એનો ઉપદેશ આવો હોય છે. કહો, પ્રાણભાઈ! ભગવાન આત્મા અભેદ... જુઓને! પર્યાયબુદ્ધિ નહીં, રાગબુદ્ધિ નહીં, નિમિત્તનું જ્ઞાન (નહીં). કેટલી વાત કરી! એણે તો એમ કહ્યું, ભગવાન! તારો અભેદસ્વરૂપ ભગવાન છેને એને જાણ. એને જાણ એટલે અનુભવ, એમ. સમજાણું કાંઈ? એનો અનુભવ કરજે એ અમારો ઉપદેશ છે, કહે છે. આહા! કહો, સમજાણું કાંઈ? કહો, લક્ષ્મીચંદભાઈ! આવું છે આ. વાંચે છેને અત્યારે. આહા!

**તે પુરુષ**... પાછું નિયમસાર છેને (એટલે) બેય લેવું છે. નિર્ભેદ-અભેદ સહજ સમયસારને જાણે, અનુભવે, તેને મુક્તિ થયા વિના રહે નહીં. મોક્ષનો માર્ગ ને મોક્ષ બે વર્ણવે છેને મૂળ પાઠમાં. **मग्गो मग्गफलं ति य दुविहं**... આહાહા! કેવી શૈલી! દિગંબર સંતોની શૈલી સર્વજ્ઞથી કથનની પદ્ધતિ એ જ પદ્ધતિ પરંપરાએ ચાલી આવે છે. મુનિ હો કે સમકિતી હો કે કોઈપણ હો. સમજાણું કાંઈ? વસંતીલાલજી! આહાહા! આ રીત અનાદિથી કહેતા આવ્યા છે ને એ જ માર્ગ છે. કળશમાં કેટલું ગોઠવ્યું કઈ રીતે જુઓને! પાઠમાં તો કર્તા-ભોક્તાનું કહ્યું હતું અજ્ઞાનીનું, પણ એ તો અજ્ઞાની માટે. તારે આ કરવું છે કે નહીં? એ તો છે એ તને જણાવ્યું. સમજાણું કાંઈ? આહાહા! અરે! મરતાં મૂર્છિત-અસાધ્ય થાય અને એ દેહ છૂટે એ તે કાંઈ મરણ કહેવાય? મરતાં ઘેરાઈ જાય વ્યાધિથી એને, કહે છે કે મૂર્છાઈ ગયો, હવે અસાધ્ય થઈ ગયો. અરર! આહા! અહીં પણ સાધ્ય ન રહી કે હું કોણ છું ને આ શું થાય છે. એ મરણ કેવા? આમ કહે છે કે આત્મા પોતાનું સ્વરૂપ જાણી, અનુભવે, એના ભાનમાં એ દેહ છૂટે અને એ અલ્પ કાળમાં પૂર્ણ મુક્તિને પામે. સમજાણું કાંઈ?

**તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરીનો...** પરમ કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી-સિદ્ધપદરૂપી પોતાની લક્ષ્મી એવી જે સુંદરી-પોતાની પરિણતિ એનો **પ્રિય કાન્ત થાય છે.** એનો ધણી થાય છે, એ

પરિણતિનો એ ધણી થાય છે. અપૂર્ણપણું એને રહેશે નહીં. સમજાણું કાંઈ? આવી વાત ઘણી (-મોટી) સભામાં સાંભળવી પણ કઠણ પડે. માણસેય બહુ થોડા આમાં (ભેગા) થાય. માર્ગ .. છે. વિરલ છે, એ ઉપદેશ વિરલ છે. ઓહો! **તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરી** એટલે સુંદર પરિણતિ પોતાની એનો **પ્રિય કાંત થાય છે**, એમ. વહાલો પતિ થાય છે. કે એક સમય પણ મુક્તિની દશા એનાથી છૂટે નહીં. એકત્રીસ કીધોને? ત્રીસ. ત્રીસ કીધો. એકત્રીસ.

**भावकर्मनिरोधेन द्रव्यकर्मनिरोधनम् ।**
**द्रव्यकर्मनिरोधेन संसारस्य निरोधनम् ॥ ३१ ॥**

**શ્લોકાર્થ : ભાવકર્મના નિરોધથી...** પુણ્ય ને પાપનો વિકલ્પ, ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ પણ એ ભાવકર્મ છે હોં. એવો વિકલ્પ જે શુભ ને અશુભ એને રોકવાથી–નિરોધથી **દ્રવ્યકર્મનો નિરોધ થાય છે...** દ્રવ્યકર્મ એને થાતું નથી. નિરોધ થાય છે એટલે દ્રવ્યકર્મ આવતું નથી. ત્યાં ક્યાં આવે છે એને? આવતું હતું ને અટક્યું છે એમ છે? આહાહા! ભગવાન આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિ કરી એટલે એને ભાવકર્મનો નિરોધ થયો, એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પનું કર્તાપણું મટી ગયું એટલે અટકી ગયું, એથી એને દ્રવ્યકર્મ આવતું નથી. જ્યાં નિર્વિકલ્પ અભેદ સમયસાર ભગવાન આત્મા એની દૃષ્ટિ અને અનુભવ થયો, તો શું થયું? એમ કહે છે. એને ભાવકર્મ અટકી ગયા (અર્થાત્) પુણ્ય-પાપ રોકાઈ ગયા. અને પુણ્ય-પાપ રોકાતાં નવું કર્મ પણ હવે એને આવતું નથી. રોકાઈ ગયા એને. 'રોકાઈ ગયા'નો અર્થ આવતું જ નથી. આવતા હતા ને રોકાણા એમ કાંઈ નથી અહીં. પણ સમજાવવું શી રીતે? આહાહા! સમજાણું કાંઈ?

**દ્રવ્યકર્મના નિરોધથી સંસારનો નિરોધ થાય છે.** લ્યો, સંવરમાં આવે છેને ત્યાં સમયસારમાં છેલ્લી ગાથામાં. ઓહો! ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ અભેદ આત્મા એનો જ્યાં અનુભવ, જ્ઞાન ને દૃષ્ટિ થઈ, હવે એને ભાવકર્મ કેમ ઉત્પન્ન થાય? કહે છે. શુદ્ધ પરિણતિ જ્યાં ઉત્પન્ન થઈ, શુદ્ધદશા જ્યાં ઉત્પન્ન થઈ, ત્યાં અશુદ્ધ પરિણામ ઉત્પન્ન થતાં નથી, રોકાઈ જાય છે. આહાહા! અને એ રોકાતાં નવું કર્મ પણ એને આવતું નથી અને તેથી સંસારનો નિરોધ થાય છે, સંસારનો વ્યય થઈ જાય છે. પહેલી સ્વભાવ તરફની પરિણતિ ઉત્પન્ન થતાં ભાવકર્મ થતું નથી, દ્રવ્યકર્મ આવતું નથી. એ પરિણતિ પૂર્ણ થતાં સંસારનો વ્યય થઈ જાય છે. સમજાણું કાંઈ? દ્રવ્યકર્મના અટકવાથી–રોકાવાથી સંસાર–ઉદયભાવ અભાવ થઈ જાય છે. સંસાર એટલે ઉદયભાવ એનો અભાવ થઈ જાય છે. એકલો ક્ષાયિકભાવ પ્રગટ થાય છે. બત્રીસ.

**संज्ञानभावपरिमुक्तविमुग्धजीवः**
**कुर्वन् शुभाशुभमनेकविधं स कर्म।**
**निर्मुक्तिमार्गमणुमप्यभिवाञ्छितुं नो**
**जानाति तस्य शरणं न समस्ति लोके ॥ ३२ ॥**

**શ્લોકાર્થ : જે જીવ સમ્યગ્જ્ઞાનભાવરહિત...** પોતાનો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ એનું જેને જ્ઞાન નથી, એ **વિમુગ્ધ (મોહી, ભ્રાન્ત) છે...** મૂઢ છે. **જે જીવ સમ્યગ્જ્ઞાનભાવ-રહિત..** એમ છેને? **संज्ञानभावपरिमुक्त...** સમ્યગ્જ્ઞાનરૂપી ભાવ નિર્મળ નિર્વિકારદશા. જેવો ભગવાન નિર્વિકલ્પ અભેદ છે એવી એની નિર્વિકલ્પ અભેદ પરિણતિ છે, એનાથી જે રહિત છે, એમ કહે છે, એ **વિમુગ્ધ–મોહી–ભ્રાન્ત** છે. **તે જીવ શુભાશુભ અનેકવિધ કર્મને કરતો થકો...** લ્યો આમ છે. આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ, શુદ્ધ આનંદઘન એની જ્યાં અંતર પરિણતિ શુદ્ધ નથી, એથી એ મૂઢ–ભ્રાન્ત જીવ પુણ્ય-પાપના અનેક પ્રકારના પરિણામને કરે છે. આહાહા! સમજાણું કાંઈ? જેને આ પરિણતિ નથી તે આ પરિણતિ કરે છે, એમ કહે છે. એટલે શું કહ્યું?

**જે જીવ સમ્યગ્જ્ઞાનભાવ રહિત**, એમ કીધુંને? શુદ્ધ ચૈતન્ય અભેદની પરિણતિ— સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને લીનતા એવા ભાવનો જ્યાં અભાવ છે... છે એ પર્યાય, એવી પર્યાયનો અભાવ છે. એવો વિમુગ્ધ જીવ શુભ ને અશુભ અનેકવિધ વિકારના પરિણામને કરતો થકો... અનેકવિધ પુણ્ય-પાપના વિકલ્પને કરતો થકો... આહાહા! **મોક્ષમાર્ગને લેશમાત્ર પણ વાંછવાનું જાણતો નથી...** મોક્ષમાર્ગને લેશમાત્ર વાંછવાનું જાણતો નથી. આટલી વાત લીધી. આહાહા! કેમકે અહીં કર્તાપણામાં રોકાયેલો છે કે આપણે આ કરવું જ જોઈએ. આહાહા! સમજાણું કાંઈ? શુભભાવ પણ આપણે કરવો જોઈએ. કાંઈ સદાય સ્થિરતા રહી શકે? માટે આપણે એ ભાવ (કરવો). સુજાનમલજી! ઠગાઈ ગયો છે. આહાહા!

કહે છે, મનાવવાના એના લક્ષણેય નથી. આહાહા! જેના ઘરમાં વિકલ્પમાત્ર ચીજ નથી એવું જ્ઞાન ને ભાન નથી, કહે છે કે એ બધા આવા વિકલ્પનો કર્તા થાય છે. આહાહા! અહીં તો કહે, આપણે કરીએ, શુભભાવ કરીએ તો આપણને લાભ થાય, પરંપરા મોક્ષ થાય, એમાં આપણે ખોટું શું કરીએ? કોને માટે આવે છે? શેઠેય કહ્યું હતું, નહીં? એકવાર કહ્યું હતું. પરંપરા તો હોતા કિ નહીં? પ્રભુ! ઝેરના પ્યાલા કરવા એ જ્ઞાની કેમ કહે? નવરંગભાઈ! આહાહા! આવો સંબંધ છે. એ દેહ છોડવાના કાળ આવશે એને, એ વખતે ઘેરાઈ જાશે પછી. આહાહા! રાગનો કર્તા થઈને ત્યાં રોકાઈ ગયેલો છે અને એમ માન્યું છે કે આપણને કાંઈક લાભ થશે. રોકાઈ જશે, અટકાઈ જશે. એ મરણ એના અસમાધિ(રૂપે) થશે.

આવો જીવ જે કર્તાપણાના ભાવવાળો છે, એમ કહે છે, એનાથી છૂટવું એવો જે મોક્ષમાર્ગ એને લેશ પણ વાંછતો નથી. મોક્ષમાર્ગને વાંછતો નથી એમ નહીં, પણ મોક્ષમાર્ગને લેશમાત્ર કરતો નથી એમ નહીં, પણ મોક્ષમાર્ગના લેશમાત્રને વાંછતોય નથી. આહાહા! સમજાણું કાંઈ? આપણે સારું છે, એમ કરતાં-કરતાં એમાંથી થશે. કાંઈ મરી જવાતા હશે અંદર? એય! હૈ ઉસમેં દેખો! **મોક્ષમાર્ગને લેશમાત્ર વાંછા(વાનું) જાણતો નથી...** વાંછવાનું જાણતો નથી. આ વસ્તુ કરવા જેવી છે એની એને ખબર જ નથી. એમને એમ પાગલપણે જીવી

જાય છે. આહાહા! મોક્ષમાર્ગ આત્માનો (અર્થાત્) શુદ્ધ અભેદની દૃષ્ટિ, અભેદનું જ્ઞાન, અભેદમાં રમવું—એવા માર્ગનો લેશ પણ... એની શ્રદ્ધા આવી કરવી જોઈએ એવું લેશ પણ એની ભાવનામાં–વાંછનામાં જાણતો નથી. આહાહા!

છેને, પાઠમાં છેને જુઓને! **अणुमप्यभिवाञ्छितुं नो... नो... मार्गमणुमप्यभिवाञ्छितुं नो**... જરાય નહીં. આહા! નહીં, જરા તો અણુ સાથે ગયો. **नो जानाति.. अणु** છેને **अणु**. **अणु** નીસાથે. **अणुमप्यभिवाञ्छितुं नो मार्गम्**.. એમ. આહાહા! મુનિરાજે તો કમાલ કરી છે! (શ્રોતાઃ યથાર્થ સ્વરૂપ બતાવ્યું છે). વસ્તુ આ જ છે. ગમે એટલા બીજા ઝાંવા નાખ માટે માર્ગ આવી જાય (એમ નથી). આહાહા! એ જે કર્તા થાય છે, એમ કહેવું છે અહીં હોં. એ શુભ-અશુભભાવ મારે જોઈએ, કરવા જોઈએ... સમજાય છે? એમાં શું નુકશાન છે? આવો મિથ્યાદૃષ્ટિ જીવ છૂટવાના માર્ગને લેશ પણ વાંછવાનું જાણતો નથી. આહાહા!

**તેને લોકમાં (કોઈ) શરણ નથી.** આવા જીવને ક્યાંય શરણ નથી. આહાહા! અશરણ.. અશરણ.. અશરણ.. તેને લોકમાં... છેને? **तस्य शरणं न समस्ति लोके... सम-अस्ति लोके** એમ ને? ન સમ્યક્ અસ્તિ. નથી કોઈ **लोके शरणं तस्य,** એમ. તેને કોઈ શરણ નથી. આહાહા! શરણ તો રાગના કર્તા વિનાનો ભગવાન આત્મા છે, એ તો દૃષ્ટિમાં લીધો નથી અને આ કર્તૃત્વ-કર્તૃત્વની રુચિમાં ગૂંચી ગયો છે અંદર. આહાહા! સમજાણું કાંઈ? એને આ લોકમાં કોઈ શરણ નથી. શરણ તો ભગવાન આત્મા છે, એ તો એને દૃષ્ટિમાં લેવો નથી. કર્તાપણાના મૂઢપણામાં મુંઝાઈ ગયો છે કહે છે. ઓલામાં કહ્યું હતુંને, સમ્યગ્જ્ઞાનધારા રહિત છે. એમાં કહ્યું હતુંને, સમ્યગ્જ્ઞાનધારા રહિત છે. એથી એને શરણ છે નહીં. એ બત્રીસમો કળશ થયો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ ૨, મંગળવાર, તા. ૧૮-૧-૧૯૭૨**
**શ્લોક - ૩૩-૩૫, ગાથા - ૧૯, પ્રવચન નં. ૨૮**

**यः कर्मशर्मनिकरं परिहृत्य सर्वं**
**निष्कर्मशर्मनिकरामृतवारिपूरे।**
**मज्जन्तमत्यधिकचिन्मयमेकरूपं**
**स्वं भावमद्वयममुं समुपैति भव्यः॥३३॥**

બહુ ટૂંકામાં સાર મૂક્યો છે. અઢાર ગાથાનો છેને આ સાર. એમ કે રાગ ને દ્વેષનો કર્તા જે છે, શુભભાવનો કર્તા, વ્યવહારની ક્રિયા આચરણ જે છે એનો કર્તા એ પણ મિથ્યાદૃષ્ટિ છે, કેમકે રાગમાં લીન છે એ રાગનો કર્તા થાય છે. હવે, એનાથી રહિત એ વાત આમાં બતાવવી છે. **શ્લોકાર્થ : જે સમસ્ત કર્મજનિત સુખસમૂહને પરિહરે છે...** કર્મના નિમિત્તથી કલ્પના થાય કે આ શરીરમાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, સ્વર્ગમાં સુખ છે, લક્ષ્મીમાં સુખ છે, આબરૂમાં સુખ છે. એવી જે કર્મજનિત કલ્પના-સુખની કલ્પના એને જે છોડે છે... છેને? **कर्मशर्मनिकरं..** કર્મથી ઉત્પન્ન થતી કલ્પનાનું સુખ, જે પુરુષ આત્માની દૃષ્ટિ કરીને એને છોડે છે. શુભ-અશુભભાવ બેય દુઃખરૂપ છે, પણ એને અનુકૂળતામાં સુખની કલ્પના થઈ જાય છે. એવી આખી દુનિયાના સુખની કલ્પનાનો ભાવ... કેમ કે એમ છે નહીં. એવી કલ્પનાને છોડી દઈ પરિહરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**તે ભવ્ય પુરુષ** એટલે લાયક આત્મા **નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃતના સરોવરમાં મગ્ન થતાં...** કર્મસંબંધીની કલ્પનાના સુખને છોડે છે એ નિષ્કર્મ સુખને પામે છે. સમજાણું કાંઈ? **નિષ્કર્મ સુખસમૂહરૂપી અમૃત...** રાગ વિનાનું વીતરાગી સુખ એવા સમૂહરૂપ અમૃતનો સરોવર એમાં મગ્ન થતાં. અહીં છોડે છે તો અહીં સ્વરૂપમાં મગ્ન થાય છે પર્યાય. મગ્ન તો પર્યાય થાય છેને. સમજાણું કાંઈ?

શ્રોતા : પર્યાય દ્રવ્યમાં લીન થાય છે કે પર્યાય પર્યાયમાં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : દ્રવ્યમાં. પર્યાયમાં શું લીન થાય? અમૃતનો સરોવર ભગવાન આત્મા એમાં મગ્ન થાય છે. અહીં છોડે છે અને અહીં આવે છે એમ કહે છે. બહુ ટૂંકું છે.

શુભાશુભભાવ બેય દુઃખરૂપ છે. અનુકૂળતાની કલ્પના, ઉલ્લસિત વીર્યમાં એમ લાગે કે આ ઠીક છે, આ પૈસા, આબરૂ, શરીર, બહારની અનુકૂળતા, ચક્રવર્તીના રાજ, સ્વર્ગની સંપદા, એમાં કંઈક શરીરની નિરોગતા—'એ ઠીક છે' એવી જે કલ્પના છે એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એ મિથ્યાભાવને છોડે છે, એમ લેવું છેને? જીતે છે એમ લેવાયને અર્થ? ત્યારે

તે નિષ્કર્મ સુખ—રાગ વિનાના સુખનો સમૂહ અમૃત સરોવર ભગવાન એમાં મગ્ન થતો એવો, એમાં લીન થતા **એવા આ અતિશયચૈતન્યમય...** નિર્વિકારી નિર્દોષ **એકરૂપ** અજોડ-(**અદ્વિતીય) નિજ (ભાવને)**-દશાને **પામે છે.** પૂર્ણ આનંદને પામે છે. આહાહા! અહીં તો એકદમ વાત જ છેને. જે આ બાજુના સુખની કલ્પના છોડે છે, એ આ બાજુમાં લીન થતાં પૂર્ણ સુખ ને અતીન્દ્રિય આનંદને પામે છે. કહો, શેઠ!

છોડવું શું હતું? દૃષ્ટિમાં લક્ષ ખસેડ્યું, બીજું છોડવું હતું શું? એ કાંઈ મકાન છોડવા નથી. એ તો છોડ્યા પડ્યા જ છે-છૂટા પડ્યા છે. ક્યાં ગરી ગયા હતા અંદર? વસ્તુમાં કલ્પના કરી હતી કે આ મને સુખ છે, એ કલ્પનાની દૃષ્ટિને છોડી દે. કારણકે એ દુઃખરૂપ છે, મિથ્યાભ્રમ છે તને. પરમાં સુખ.. આહાહા! શરીરની સુંદરતાનું સુખ, પૈસા, આબરૂ, કીર્તિ, જાહોજલાલી આમ, કુટુંબ-કબીલા, ભાઈયું-બહેનું. એ બાઈયું જ્યાં પરણાવવી હોય એ પણ મોટા કરોડપતિ હોય, છોકરાની છોડીયું-કન્યા એ પણ કરોડપતિની આવે—એવી કલ્પના અજ્ઞાનીને મૂઢને છે, કહે છે. સમજાણું કાંઈ?

એ **કર્મજનિત સુખ...** કર્મ-રાગ એના સમૂહને-બધું છોડ. આત્માના આનંદ સિવાય ક્યાંય સુખ છે નહીં. આહાહા! પડખું ફેરવી નાખ, એમ કહે છે. બહારમાં ક્યાંક કાંઈક અનુકૂળ હોય તો અમને ઠીક પડે અને પ્રતિકૂળ હોય તો ઠીક ન પડે—એ બધી કલ્પના છે. સમજાણું કાંઈ? ખાવા-પીવાના મૈસૂબ, મોહનથાળ.. મોહનથાળ તો સાધારણ કહેવાય. શું કહેવાય એને? ગુલ.. ગુલ. ગુલાબજાંબુ. ઓલા ધોળા દૂધના થાય છેને? રસગુલ્લા. દાંતની જરૂર ન પડે. એ સ્વાદ રસગુલ્લામાં આવે એને આહાહા.. પ્રસન્ન ચિત્ત થઈ જાય. પ્રસન્ન ચિત્ત થઈ જાય એને. દુઃખ છે, કહે છે. ચિત્તમાં એને પ્રસન્નતા લાગે, એ દુઃખ છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! એમાં સ્ત્રી અનુકૂળ હોય, કરોડપતિની દીકરી હોય, એને ભાઈ ન હોય, આશા હોય કે કરોડ આપણને જ આવશે. આહાહા! જુઓ! ...ની કલ્પના. એનો લગ્નનો દિવસ હોય, એનો પહેલો દિવસ હોય. એ જાણે કે આહાહા... અરે! શું છે? પ્રભુ! પહેલો અહીં કર, ન્યાં ક્યાં પહેલું હતું? ધૂળ છે, એમ કહે છે. ... છે. આહાહા!

એ બધી કલ્પના તેં માની છે. જરીએ ત્યાં સુખ નથી. ત્યાં ઝેરના સુખ છે, ઝેર વસે છે. આહા! સમજાણું કાંઈ? એને છોડ. આહાહા! સુખી થવું હોય, ધર્મ કરવો હોય, શાંતિ મેળવવી હોય (તો) આ કર, એમ કહે છે. **નિષ્કર્મ ભવ્યસમૂહ...** ભવ્યજીવ લીધો છેને. (ભવ્ય) થવાને લાયક છે એ. નિષ્કર્મ એટલે રાગના કાર્યના સુખ વિનાનું સ્વભાવિક આનંદનું સુખ એનો સમૂહ, ઓલામાં સમૂહ હતોને? એમાં એ હતું. **निकर..** આમાંય **निकर** છે. **निष्कर्मशर्मनिकर..** એમાં **कर्मशर्मनिकरं** હતું. સામે સામે શબ્દ નાખ્યો છે. અમૃતનો સરોવર ભગવાન આત્મા એમાં મગ્ન થતો... એવા અતિશયમય... ચૈતન્યમય... **અતિશયચૈતન્યમય...** આનંદ છે એ

અતિશય ચૈતન્યમય છે એમ કહે છે. ઓલી જે કલ્પના હતી એ ઝેર, રાગ (હતી). આહાહા! ભરમાઈ ગયો હતો ત્યાં. સમજાણું કાંઈ?

આ તો **અતિશયચૈતન્યમય** વસ્તુ છે, ચૈતન્યમય આનંદ છે. આહાહા! અને તે **એકરૂપ**... પૂર્ણની વાત કરી છેને. **અદ્વિતીય**—અજોડ સુખ છે. એની સાથે કોઈ મેળ ખાય, તુલના કરાય એવું કાંઈ છે નહીં. **નિજભાવને પામે છે**. એવી નિજ પૂર્ણ આનંદદશાને પામે છે. કહો, સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં સંકેલી, ટૂંકામાં પૂર્ણ પ્રાપ્તની વાત કરી છે. એમ કહીને એમ કહ્યું કે પરમાં, શુભભાવમાં ક્યાંય પણ સુખની કલ્પના (માની હોય) એ છોડ અને નિજાનંદ ભગવાન આત્મામાં લીન થા. જ્યાં અમૃતસાગર ભર્યો છે એનાથી તને ચૈતન્યમય આનંદ આવશે. આહાહા! ઓલી તો રાગમય સુખની કલ્પના ઝેરની હતી. આવો આકરો ઉપદેશ દેવો છેલ્લો. એમ કે પહેલો કોઈ બીજો (-અલગ) હોય. પહેલો આ જ હોય. આહાહા!

બાયડીયું જ્યારે નવરી હોય, વાતું કરે. એકલા ઝાડેય ન હોય હોં, એમ વાતું કરે. શું કહ્યું એ? ઝાડ સમજતે હો? પેડ.. પેડ. અમારે કાઠીયાવાડમાં નવરી બાઈયું ભેગી થાયને. ... મરી જાયને એકલો રહે. અરેરે! વનમાં ઝાડ.. એકલું ઝાડેય ન હોય હોં. શું તારે કરવું છે? એય! એવી વાતું કરે. અરે! વનમાં એકલું ઝાડેય ન હોય હોં. અરે! એકલા પડી ગયા છીએ હોં. શું છે પણ? અહીં તો, એકલું અદ્વૈત આનંદને પામવું એની વાત કરે છે. આહાહા! ઓલા 'અધિક'.... અત્યધિક. આ **मज्जन्तम...** એ અધિક. અતિશય ચૈતન્યમય.. વિશેષ ચૈતન્યમય આનંદની અદ્વિયતા–એકતા એવી તારી દશા એની પોતાની. સમજાણું કાંઈ? મોક્ષ પામે છે એમ અહીં કહે છે. આવામાં મગ્ન થતો જીવ મોક્ષને પામે છે એમ કહે છે. (શ્લોક) ચોત્રીસ.

કરવાનું હોય તો આ છે, કહે છે. 'લાખ વાતની વાત, નિશ્ચય ઉર આણો..' આવે છેને પંડિતજી? છઢાળા. 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર લાઓ, છોડી સકલ જગ દ્વંદ્વ ફંદ..' સુખી (થવું) હોય તો આ વાત છે. સમજાણું કાંઈ? રાગનો અનુભવ કરે છે એ ઝેરનો અનુભવ છે. એથી આત્માના અનુભવમાં આવ, તને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ? ભગવાન અમૃત સરોવર છલોછલ ભર્યો છે, એમાં જે મગ્ન થાય એ માર્ગ કહ્યો. ઓલાને માર્ગનો વિરોધનો નાશ કહ્યો અને એ માર્ગથી પૂર્ણ એકરૂપ આનંદને પામ્યો તે મોક્ષ કહ્યો. આહા! મોક્ષમાર્ગ જ એક છે. આનંદમય પ્રભુમાં લીન થવું એ જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય આત્માના આનંદમાં લીનતાની દશાની વાત છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્લોક) ચોત્રીસ.

**असति सति विभावे तस्य चिन्तास्ति नो नः**
**सततमनुभवामः शुद्धमात्मानमेकम् ।**
**हृदयकमलसंस्थं सर्वकर्मप्रमुक्तं**
**न खलु न खलु मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात्॥ ३४॥**

**શ્લોકાર્થ : (અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી...** આહાહા! જુઓ! આ ધર્મીની દૃષ્ટિ. અમારા સ્વભાવમાં વિભાવ નથી. કલ્પના રાગ ને દ્વેષની, શુભાશુભભાવ એ અમારા સ્વભાવમાં નથી. અમે જ્યાં છીએ ત્યાં એ નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યમય ત્યાં એ પોતે છે. જુઓ! ધર્મ આહાહા! અરે! **વિભાવ અસત્ હોવાથી**... પાઠ એમ છેને? **असति सति विभावे...** નથી વિભાવ અમારા સ્વભાવમાં. શરીર, વાણી, મન, કર્મ એ બધી ચીજો તો નથી, વિભાવ પણ અમારા સ્વભાવમાં નથી. અમારા સ્વભાવમાં.., અમારો સ્વભાવ એટલે શુદ્ધ ચૈતન્યઘન. આહાહા!

આ પૈસા-બૈસામાં સુખ નહીં હોય કાંઈ? આ બધા તારા દાદાને સુખી કહે છે. (શ્રોતાઃ કાંઈ નહીં, માની રાખ્યું છે. ગુરુદેવ એમ કહે છે કે એ જે માને છે એ પણ એનામાં નથી. ત્રિકાળી ધ્રુવ આનંદઘન એ જ હું છું.) તારા દાદાને બધા સુખી પૈસાવાળા કહે છે. પછી તારા બાપને કહેશે. શું કીધું એ? (શ્રોતાઃ મૂર્ખ કહેને). મૂરખ કહે? અજિતભાઈ! આમ કહે છે... આહાહા! તારું પ્રભુત્વ આનંદમય છે. એ આનંદ સિવાય બીજે ક્યાં આનંદ હોય? એ કલ્પનાના ઝેરના નીમ ચઢ્યા છે તને. આહાહા! ક્યાંય પણ તને સંયોગોમાં પ્રસન્નતા દેખાતી હોય, એ તને દુઃખ છે. સમજાણું કાંઈ? કહે છે, એ તો અમારા સ્વભાવમાં નથી. જેને અમે આત્મા માનીએ છીએ, અમે જે આ છીએ, અમે જે છીએ, એમ કહે છે, (એમાં) ક્યાંય વિભાવ નથી. સમજાણું કાંઈ?

**વિભાવ અસત્ હોવાથી તેની અમને ચિંતા નથી...** આહાહા! કહે છે, આ મને થાય છે અને એને ટાળવું, એમ છે નહીં. આહાહા! એમ કહે છે. ભગવાન આત્મા... અનંત પુરુષાર્થ છે હોં, એ વાતું નથી. જ્યાં અનંત આનંદનો ધામ ભગવાન એ અમે.. એ અમે ને એ અમારું સ્વરૂપ છે. આહાહા! એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં વિભાવ અમારામાં નથી. અમારામાં નથી એટલે અમારે એ સંબંધીનું દુઃખ છે નહીં, ટાળવું એ પણ અમારે છે નહીં. અમારામાં છે નહીં, પછી શું? આહાહા! વીતરાગમાર્ગ અલૌકિક છે. વીતરાગ એટલે તું હોં પાછો. આહાહા! તારું સ્વરૂપ જ વીતરાગ છે, ભગવાન! એવા વીતરાગસ્વભાવમાં રાગભાવ ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ?

અમારો સ્વભાવ વીતરાગ છે. ત્રિકાળી વીતરાગીસ્વભાવે હું છું. એવા સ્વભાવમાં રાગ, વિભાવ એટલે રાગ, અસત્ છે. સ્વભાવ વીતરાગભાવમાં રાગનો અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? કંઈ પણ કલ્પના કરી અને એમાં અમે કાંઈ ઠીક કરીએ છીએ. એ કલ્પના મિથ્યાભ્રમ છે, એમ કહે છે. કર્તાપણાનો સાર છે આ બધું. એની ગાથાઓ, કળશો મૂક્યા છેને. એવી પણ કરી છેને ટીકા! ભાઈ! તારી હયાતીમાં શરીર, વાણી કર્મ તો નથી, પણ વિભાવ નથી તારી હયાતીમાં. આહાહા! પ્રભુ! તારી હયાતીમાં તો જ્ઞાન, આનંદ, શાંતિનો સરોવર ભરપૂર

ભર્યો છે. છલોછલ સુખથી ભરેલો છો. એમાં આ વિભાવ એટલે દુઃખ ક્યાંથી હોય? એમ કહે છે. સમજાણું કાંઈ? અરે! એ તે કાંઈ ટીકા! સમજાણું કાંઈ? આવો ધર્મ માણસને ન બેસે એટલે પછી બહારના ક્રિયાકાંડમાં પડી ગયા. સમજાણું? આહા!

કહે છે કે **વિભાવ અસત્ હોવાથી...** એમ છેને સીધો શબ્દ? પાઠમાં આમ છે **असति सति विभावे...** પછી ન્યાય તો કાઢવો જોઈએને. કે શેમાં? એટલે અર્થ (કર્યો) કૌંસમાં. **(અમારા આત્મસ્વભાવમાં)**. અમે ભગવાન આત્મા, પૂર્ણ વીતરાગ એટલે કે નિર્દોષસ્વભાવનો કંદ હું આત્મા, એમાં દોષ કયાંથી હોય? સમજાણું કાંઈ? એવી એના ઘરની વાતું પણ સાંભળવી મુશ્કેલ થઈ પડી અને બહારની વાતું. અરેરે! આ કરું ને આ કરું, આ કરું. કહો, શેઠ! આ તમારા જેવા શેઠીયાને પૈસાનું કહે. પૈસા ખરચો, પછી તમારે ધર્મ થાશે. શેઠીયાના આધારે, પૈસાના આધારે ધર્મ ચાલે છે. ગરીબને આધારે ચાલે? એ શેઠ! ધૂળેય ન ચાલે, સાંભળને! કહે છે, આત્મામાં રાગ નથી ત્યાં વળી પૈસો ક્યાંથી આવ્યો? આહાહા! એને લઈને ધર્મ? રાગ વિનાનો મારો સ્વભાવ જ છે. સમજાણું કાંઈ?

ત્યારે પછી આનાથી ધર્મ ચાલે? રાગથી ધર્મ ન ચાલે તો પછી પૈસાથી ક્યાંથી ચાલતો હતો? આહાહા! મોટા વરઘોડા શી રીતે નીકળે? ચીમનભાઈ! આંકડા ભેગા કરવા હોય મુંબઈમાં (તો) ચીમનભાઈને ઊભા કરે. આવા ટાણા નહીં મળે. એ તો બીજે એમ છે હોં. આપણે હવે એવું નથી અહીં. આપણે અહીં નથી. હોય તો રામજીભાઈ ના પાડે. ઓલો બોલતો હતોને જરી. ........ અહીં નથી, રામજીભાઈ કહે. એવું બોલે એટલે મોટી રકમ બોલે જરી નવનીતભાઈ. ..... એય! આવ્યા હતાને મામલતદાર. આહાહા! પ્રભુ! તું તો અસ્તિ છોને. પ્રભુ! તારી સત્તા તો આનંદ ને સુખના સાગરથી ભરેલી સત્તા છે. એ તો વીતરાગસ્વભાવથી ભરેલું તારું હોવાપણું છે પ્રભુ! એવા આત્મામાં આ શુભરાગ ને વિકલ્પની ચિંતા શું? છે નહીં ને એની ચિંતા શું? આહાહા! સમજાણું કાંઈ? **તેની અમને ચિંતા નથી**. મુનિ કહે છે જુઓ! સમજાણું કાંઈ?

**અમે તો હૃદયકમળમાં સ્થિત...** આહા! વસ્તુ અંદર. અમારા જ્ઞાનકમળમાં અંદર સ્થિત... જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા સ્થિત છે અમને તો. આહાહા! **સર્વ કર્મથી વિમુક્ત...** આહાહા! જ્ઞાનની વર્તમાન પર્યાયમાં આખો આત્મા છે. પર્યાય આત્મામાં સ્થિત થઈ છે, તેથી પર્યાયમાં આખો આત્મા છે. આહાહા! સમજાણું? એટલે શું કહ્યું? જ્યારે વિભાવ પણ નથી પર્યાયસ્વભાવમાં ત્યારે છે શું? અમારી પર્યાયમાં તો આખો ભગવાન છે. સમજાણું કાંઈ? એય! આવો માર્ગ તે માર્ગ. એથી આગળ કહેશે હોં ક્યાંક. ૧૯માં છે? બીજા મતની... એમ કંઈક કહેશે હોં. **અરે! પૃથ્વી ઉપર પર મતના કથનથી સજ્જનોને શું ફળ છે?** (કળશ ૩૬). હા, એ. આ છેને. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આ સ્વરૂપ કહ્યું એવું ક્યાંય અન્યમાં છે નહીં. અને

બીજાના કથનોથી તને શું કામ છે? આણે આમ કહ્યું, આણે આમ કહ્યું, એમાં કાંઈ આત્માની વાત છે હોં, એમ કહે છે. સમજાણું કાંઈ?

વીતરાગસ્વભાવમાં રાગની ગંધ નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ જેના સ્વભાવમાં નથી. આહાહા! શેઠ! કહાંસે આયા? યે ષોડશકારણભાવના રાગ હૈ. તીર્થંકરગોત્ર બાંધતે હૈં ન. વહ વિકલ્પ હૈ, રાગ હૈ. આહાહા! એની ટાળવાની અમને ચિંતા નથી. હોય ત્યારે ટાળવુંને, એમ કહે છે. અમે તો જ્યાં છીએ ત્યાં ઠરીએ છીએ, ત્યાં ઉત્પત્તિ થતી નથી. એટલે 'એને ટાળે' એમ વ્યવહાર કહેવાય, બાકી ટાળવું એ અમારામાં છે નહીં. સમજાણું કાંઈ? **અમે તો હૃદયકમળમાં...** હૃદયકમળ એટલે જ્ઞાન. જ્ઞાન ખીલેલું જે જ્ઞાન છે, સ્વભાવસન્મુખનું ખીલેલું જ્ઞાન એ જ્ઞાનકમળ છે. એમાં સ્થિત, ભગવાન પૂર્ણાનંદનો નાથ અમારા જ્ઞાનના કમળમાં સ્થિત છે. સમજાણું કાંઈ? **સર્વ કર્મથી વિમુક્ત...** ઓલું વિભાવ નથી એમ કીધું. સર્વ કર્મથી રહિત છે આ ભગવાન આત્મા. સર્વ કર્મથી વિ-મુક્ત—વિશેષે રહિત છે.

**શુદ્ધ આત્માને...** એવા શુદ્ધ આત્માને **એકને સતત**–નિરંતર **અનુભવીએ છીએ. न खलु न खलु**માં આવે છેને ઓલામાં. એ જ શૈલી લીધી છે. **न खलु न खलु यस्मादन्यथा साध्य सिद्धि.** ત્યાં એમ છે સમયસાર શાસ્ત્ર (કળશ ૨૦)માં. કહે છે કે અમારી દૃષ્ટિમાં તો આવો આખો ભગવાન વર્તે છે, કહે છે. એ નેમિચંદજી! આરે! ભારે આવો માર્ગ ભાઈ! **શુદ્ધ આત્માને એકને...** ભગવાનને નહીં, દેવ-ગુરુને નહીં, પર્યાયને નહીં, એમ કહે છે. એ પર્યાય અહીં ભજે છે અને આને ભજવું એકલું. **સતત અનુભવીએ છીએ**. આહાહા! નિરંતર દ્રવ્યસ્વભાવ ઉપર જ અમારું પરિણમન છે, કહે છે. સમજાણું કાંઈ? આ ધર્મીની દશા ને સ્થિતિ છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે ધમાધમ... કહે છેને? ચેતનજી! ધામ ધમે ધમાધમ, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. એમાં તો કહે જ છે અને પાછું એને ખબર છે. વ્યવહારી એટલે સમકિતી, વળી એમ કહે છે. આહાહા! દિગંબર સંતોએ તો ન્યાલ કરી નાખ્યા છે. ન્યાલ થયા છે ને ન્યાલ કર્યા છે. આહાહા ! સમજાણું કાંઈ?

કહે છે કે અમે તો ભગવાન આત્મા શુદ્ધ, કર્મવિમુક્ત, વિભાવ વિનાની ચીજ એ અમારા જ્ઞાનકમળમાં બિરાજે છે, એને સતત અનુભવીએ છીએ. આહાહા! **એકને સતત અનુભવીએ છીએ**. આહાહા! કરવાનું તો આ છે. આહાહા! વળી વાતું કરે, ... વાતું કરે. એમાં આવે લ્યો..... પુસ્તકનો ત્યાગ... આવે છેને. પદ્મનંદીમાં આવે છે લ્યો. એય! .......... એના પ્રત્યેનો વિકલ્પ છેને એનો ત્યાગ છે. અહીં જ્યાં ઠરે છે એટલે એનો ત્યાગ થઈ જાય છે. વાતો બધી વ્યવહારની એવી આવે. સમજાણું કાંઈ? **કારણ કે અન્ય કોઈ પ્રકારે...** પાછા સિદ્ધ કરે છે. **કારણ કે અન્ય કોઈ પ્રકારે**, એમ. આનાથી મુક્તિ છે અને બીજે કોઈ પ્રકારે (નથી). દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવથી પણ મુક્તિ છે એમ છે જ નહીં જરીએ. આહાહા!

**અન્ય કોઈ પ્રકારે**.. એમ છેને? **न खलु न खलु मुक्तिर्नान्यथा...** અન્યથા-અનેરા પ્રકારે. ભગવાન જ્ઞાનકમળમાં બિરાજમાન પ્રભુ એના અનુભવથી જ મુક્તિ છે. અન્ય સાધને મુક્તિ છે નહીં. ભઈ, આ શુભભાવ કરીએ, પછી હળવે-હળવે શુદ્ધભાવ થાશે—એ મિથ્યાદૃષ્ટિએ માનેલી વાત છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? સ્વભાવમાં જ્યાં રાગ નથી, પછી પ્રશ્ન શું છે? નથી એનાથી લાભ થાય? આહા! **કારણ કે અન્ય કોઈ પ્રકારે...** હવે બાકી શું રહ્યું? **મુક્તિ નથી, નથી, નથી જ.** નથી જ. 'નથી જ' છેને? **न खलु** છેને? 'ન જ', 'ન જ', એમ. નથી જ નથી. **न खलु** છે. નથી જ નથી. આહાહા! પાંત્રીસ. કળશેય પણ મૂક્યા છેને! જંગલમાં પડ્યા મુનિઓએ સિદ્ધની સાથે વાતું કરી છે. ભગવાન! તમે નવરા થઈને ગયા, હવે નવરો થઈને આવું છું અંદરમાં. સમજાણું કાંઈ? પાંત્રીસ કળશ

**भविनि...** આવી ગયું. આ ભવિનિ (એટલે) સંસારી જીવ. પહેલા આવ્યું હતુંને આપણે.

**भविनि भवगुणाः स्युः सिद्धजीवेऽपि नित्यं**
**निजपरमगुणाः स्युः सिद्धिसिद्धाः समस्ताः ।**
**व्यवहरणनयोऽयं निश्चयान्नैव सिद्धि-**
**र्न च भवति भवो वा निर्णयोऽयं बुधानाम्॥ ३५॥**

આહાહા! જ્ઞાની પુરુષોનો તો નિર્ણય છે, ધર્મી પુરુષો-સમકિતીનો નિર્ણય છે કે **શ્લોકાર્થ : સંસારીમાં સાંસારિક ગુણો હોય છે...** આ ગુણ શબ્દે પર્યાય છે. ગુણો તો ત્રિકાળી છે. ગુણમાં સંસાર કેવો અને મોક્ષ કેવો? એ તો વાત કરે છે અહીં. આહાહા! સંસારિક નામ ગુણોની વિકારી પર્યાયો છે. **અને સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા) નિજ પરમગુણો હોય છે...** લ્યો. એ પર્યાય છે. ભાષા લખે છે, પણ એનો અર્થ સમજવો જોઈએને. સંસારની પર્યાય સદોષ છે, સિદ્ધપર્યાય પૂર્ણ નિર્દોષ છે. **આ પ્રમાણે વ્યવહારનય છે.** લ્યો, આને તો હજી વ્યવહાર કીધો. પર્યાયભેદ કીધોને. આહાહા! પર્યાય છે એ વ્યવહાર છે. સંસારપર્યાય ને સિદ્ધપર્યાય એ વ્યવહાર છે. આહાહા!

**નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ...** આહાહા! એ નવરંગભાઈ! સિદ્ધની પર્યાય નથી, કહે છે. પર્યાય તો વ્યવહાર છે, ભેદ છે. વસ્તુ.. વસ્તુ.. વસ્તુમાં સિદ્ધિ-મુક્તિ ને સંસાર—બેય નથી. આહા! કહો, સમજાણું કાંઈ? વ્યવહારનય છે, એનો વિષય છે એમ સિદ્ધ કર્યો. પણ પર્યાયદૃષ્ટિએ-વ્યવહારે વ્યવહાર છે. વસ્તુમાં એ નથી. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધકંદ ધ્રુવ ચૈતન્યમૂર્તિ એમાં તો સિદ્ધિ અને સંસાર બેય નથી. સમજાણું કાંઈ? સિદ્ધિ ને સંસાર એ તો પર્યાયનયનો વિષય છે, વ્યવહારનયનો વિષય છે. સંસારનો વ્યય ને મુક્તિની ઉત્પત્તિ.. સમજાણું કાંઈ? એ તો વ્યવહાર વર્તમાન.. વર્તમાન.. વ્યવહાર એટલે

વર્તમાન જ્ઞાનના અંશનો એ વિષય છે. વસ્તુમાં બુદ્ધ પુરુષોનો નિર્ણય છે, ધર્માત્માનો નિર્ણય છે... જુઓ! તો ખરા. વસ્તુમાં સિદ્ધિ અને સંસાર બેય નથી. સમજાણું કાંઈ? આહાહા!

**નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ**... સ્વરૂપમાં મોક્ષમાર્ગ નથી જ. મોક્ષમાર્ગ નથી, નિશ્ચયમોક્ષમાર્ગ નિશ્ચયમાં નથી. સિદ્ધિ નથી. આવે છેને પરમાત્મપ્રકાશમાં? ભાવમુનિ. ભાવમુનિ એ પણ પર્યાય છે, ભાવની એ પર્યાય છે. નિર્વિકલ્પ મોક્ષમાર્ગ જે છે એ પણ પર્યાય ભાવની છે. વસ્તુમાં ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ? એ આવી ગયું છે પરમાત્મપ્રકાશમાં. થોડું પણ જેમ છે તેમ એને અસ્તિત્વ તરીકે બેસવું જોઈએ. સંસારપર્યાય એક સમયની અવસ્થા છે. સિદ્ધપર્યાય એક સમયની અવસ્થા છે. આહાહા! એ ઉત્પાદ-વ્યય પર્યાયનયનો વિષય છે, એ વ્યવહારનયનો વિષય છે. આહાહા! હજી તો દયા, દાન, વ્રતના પરિણામ હોય તો અહીં લાભ થાય, એ તો ક્યાંય વ્યવહાર–અસદ્ભૂત વ્યવહાર કીધો. એ તો અસદ્ભૂત વ્યવહાર છે. સમજાણું કાંઈ?

માર્ગ આવો છે, વસ્તુની સ્થિતિ જ એવી છે. આહા! આવી રીતે ન હોય તો બીજી રીતે વસ્તુ સિદ્ધ થશે નહીં. સમજાણું કાંઈ? વસ્તુનું હોવાપણું સિદ્ધ કરવામાં તો આ જ સ્થિતિ છે. વસ્તુ જે ધ્રુવ પરમાત્મા પોતે નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય એમાં તો સિદ્ધિય નથી, સંસાર નથી, મોક્ષમાર્ગ એમાં નથી. મોક્ષ નથી તો પછી મોક્ષમાર્ગ ન (જ હોયને)? એ તો અપૂર્ણદશા છે. સમજાણું કાંઈ? શેઠ! વાતું આવી છે. આહાહા! **न च भवति भवो... निश्चयान्नैव सिद्धि...** એમ. નિશ્ચયથી સિદ્ધિ નથી. **न च भवति भवो** એટલે સંસાર. **वा निर्णयोऽयं बुधानाम्..** સમ્યગ્જ્ઞાનીનો–સમ્યગ્દષ્ટિનો આ નિર્ણય છે. આહાહા! .....

શ્રોતા : આનું નામ તત્ત્વનિર્ણય છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ આ જ વસ્તુ છે. અંદરમાં ગયો ત્યારે આ વસ્તુ ... છે. નિર્ણય થયો છેને. નિર્ણય ક્યારે થાય? દ્રવ્યસ્વભાવ ઉપર એકાગ્ર થાય ત્યારે નિર્ણય થાય કે આ વસ્તુમાં સિદ્ધિ ને સંસાર છે નહીં. સમજાણું કાંઈ?

અહીં તો હજી વ્યવહાર... સંસાર છે એમ તો કીધું. એની પર્યાયમાં ઔદયિકભાવ, વિકારભાવ એનામાં છે. એ કાંઈ કર્મમાં છે ને કર્મને લઈને છે—એમ ક્યાં છે? ... વ્યવહારનયનો વિષય એની પર્યાયમાં છે. એ ઔદયિકભાવ, મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, સંસારભાવ એની પર્યાયમાં છે. એ પર્યાયમાં છે એ આને લઈને છે—એમ નથી. એ તો એના પર્યાયને લઈને છે એમ છે, એમ કીધું. સમજાણું કાંઈ? અને સિદ્ધિ પણ એની પર્યાયને લઈને છે. કર્મનો અભાવ થયો માટે સિદ્ધિ છે એમ નથી. તો તો એનો વ્યવહાર પણ સ્વતંત્ર સિદ્ધ થતો નથી. સમજાણું કાંઈ? આહાહા!

માળો આવો ધર્મ કેવો હશે? આ કાંઈ જૈનધર્મ હશે? કેટલાક કહે કે સોનગઢવાળાએ નવો કાઢ્યો છે. માર્ગ જ આ છે. અવાવરું કૂવા જેવું થઈ ગયું. અવાવરું કૂવા સમજતે હો? કૂંઆ હોતા હૈ ન કૂવા? પાણી ન કાઢે, વપરાય નહીં ને પડ્યું હોય, એ અવાવરું કૂવો કહેવાય. અવાવરું કૂવો એટલે નહીં વપરાયેલો કૂવો. જામી ગયો હોય ખડ-બડ... ખાલી કૂવો હોયને ખાલી કૂવો. કૂંઆ નહીં સમજતે? કૂપ. એમાં પાણી તો હોય, પણ વપરાયેલું ન હોય એટલે કૂચા, લીલફૂગ... એ અવાવરું કૂવો. એની ભાષા હિન્દીમાં છે કે નહીં? અવાવરું કૂવો એને માટે ભાષા હિન્દીમાં હશે કે નહીં? કૂવો નહીં, અવાવરું કૂવો. કૂવો નહીં એકલો. દીક્ષા... એક અવાવરું કૂવો હતો. દીક્ષા થઈ હતીને ઉમરાળા. ...... આહાહા! ત્યાં એવું હતું અને માણસો બબ્બે હજાર હતા. ..... એ અવવારું કૂવો હતો. પાણી.... ઝાઝા માણસ ને પાણી કાઢે પછી થોડું ધોવાને, ન્હાવાને એમ. આહાહા!

સંસારના ગુણો, સંસારીના ગુણો છે, કહે છે. એ દુઃખનો લાભ છે. એ સંસારના ગુણો છે. આમ ...... નથી આવતું? શ્રમણસૂત્રમાં. .... પાંચ ગુણ. .....ગુણો પાંચ—શબ્દ, સ્પર્શ, રસ, ગંધના સ્થાન એ કામગુણો છે એટલે દુઃખરૂપ ગુણ, એમ. એનો એ ગુણ કે દુઃખ આપે. આહાહા! આ સંસારના ગુણ છે. પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, દયા ને દાન, આહાહા! દયા ને દાન, વ્રત ને ભક્તિ ને પૂજાનો ભાવ એ સંસારિક ગુણ છે એમ કહે છે. આહાહા! ભારે ભાઈ! અને **સિદ્ધના નિજ પરમ ગુણો**, એમ પાછું. **સમસ્ત સિદ્ધિસિદ્ધ**, એમ. સિદ્ધિ એટલે મોક્ષથી સિદ્ધ થયેલા. મોક્ષથી પરિપૂર્ણ થયેલા, એમ. નિજ પરમ પર્યાયો છે, એ ગુણનો અર્થ. પરમગુણ નિજ એને નિજ કીધા. સમજાણું કાંઈ? ઓલામાં સંસારિક ગુણો, એટલું. કારણ કે નિજ પર્યાય નથી, નિજ સ્વરૂપ નથી. આ નિજ પરમગુણો સિદ્ધના, પર્યાયરૂપ.

**આ પ્રમાણે વ્યવહારનય છે**. આહાહા! દ્રવ્ય ત્રિકાળી તે નિશ્ચય, પર્યાય ઉત્પાદ-વ્યય તે વ્યવહાર—આ રીતે આમ સિદ્ધ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો હજી પહેલું..... કીધુંને, આમાં દ્રવ્યમાં નથી. દ્રવ્યમાં નથી. દ્રવ્યમાં કેવું? ત્રિકાળી દ્રવ્યમાં સિદ્ધની પર્યાય નથી ને આ પણ નથી. એ પર્યાયમાં પર્યાય છે. આ પણ નથી, સિદ્ધપર્યાય પણ દ્રવ્યમાં ક્યાં છે? આહાહા! ...... એ આવ્યા પહેલાં ૫૦માં કેમ લેવાય? ૫૦માં એમ કહ્યું કે પર્યાય જેટલી છે એ પરદ્રવ્ય, પરગુણ ને પરભાવ ને હેય છે.

શ્રોતા : એનામાં ન હોય એને પરદ્રવ્ય કહેવાય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : છે ક્યાં એનામાં? એ તો પરદ્રવ્ય જ છે, એમ કીધું ત્યાં. આ દ્રવ્ય સ્વ, ઓલું પર, એમ. આમાં નથી, અહીં આવ્યું નથી. નિશ્ચયથી મુક્તિ પણ દ્રવ્યમાં નથી. પર્યાય છે એ તો અંશ છે ઉત્પાદ-વ્યયનો, એ ધ્રુવમાં ક્યાંથી આવ્યો? આહાહા! કહો, ભીખાભાઈ! આવું ઝીણું છે. આહાહા! શેઠ એમ કહે છે કે આવું અમે સાંભળ્યું નહોતું, સાંભળવા મળતું

નહોતું, સંભળાવનાર નહોતા એમ કહે છે. આહાહા! મુનિરાજ ક્યાંથી ક્યાં સુધી લઈ જાય છે! ખરેખર સિદ્ધિ પણ નથી. નથી એટલે? મારા દ્રવ્યમાં સિદ્ધિ કેવી? પર્યાય–સિદ્ધની પર્યાય દ્રવ્યમાં કેવી? એ તો પર્યાયમાં પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ?

'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી જિનરાજ.' એ મધ્યમાં... **અને સંસાર પણ નથી જ.** ફક્ત 'નથી' એમ નહીં, 'નથી જ'. **न खलु न खलु**... એમ કહેવું એમ પણ નહીં. **न च भवति** છેને? **निश्चयान्नैव सिद्धि** એમ છેને? **नैव** એમ છેને? **न ऐव** આવ્યુંને આ **न च भवति**... **न च भवति भवो**... આહાહા! **આ બુધ પુરુષોનો નિર્ણય છે.** ધર્માત્મા જ્ઞાનીઓનો આ નિર્ણય છે. આહાહા! લ્યો, થઈ ગઈ અઢાર. હવે ઓગણીસ રહી છેલ્લી.

**दव्वत्थिएण जीवा वदिरित्ता पुव्वभणिदपज्जाया ।**
**पज्जयणएण जीवा संजुत्ता होंति दुविहेहिं ॥१९॥**
**પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;**
**ને ઉક્ત પર્યાયોથી છે સંયુક્ત પયાયાર્થિકે. ૧૯.**

સીધી ભાષા લે તો, બધી પર્યાય હેય છે એમ થાય છે. ઓલી કારણપર્યાય રહિત થઈ જાય છે. અહીં ફક્ત એનો અર્થ આમ છે કે વ્યંજનપર્યાય (રહિત). સિદ્ધ અર્થપર્યાય સહિત છે, પણ અહીં પર્યાયરહિત જે કહેવું છે એ વ્યંજનપર્યાયને. અને પછી વ્યંજનપર્યાય સહિત પણ કહેશે. બધામાં, કહે છેને, બધા જીવો ... અશુદ્ધ......

**ટીકા : અહીં બન્ને નયોનું સફળપણું કહ્યું છે.** લ્યો, ઠીક. બંને નયોનું સફળપણું (એટલે) એની હયાતીનો સ્વીકાર છે. બેય નયોની હયાતીનો વિષય છે એનો સ્વીકાર છે. છે, એમ. દ્રવ્યમાં નથી, પણ પર્યાય પર્યાયમાં છે એવો અહીંયા સ્વીકાર છે. સમજાણું કાંઈ? **ભગવાન અર્હત્ પરમેશ્વરે બે નયો કહ્યા છે...** ભગવાન અરિહંત પરમેશ્વરે... જોયું! ભગવાન અરિહંત પરમેશ્વરે, એમ. બીજે ક્યાંય છે નહીં. આહાહા! આવી વાત ક્યાં છે વીતરાગ સિવાય? દુનિયાને–બધાને રાજી રાખવા 'બધા સરખા છે' એમ કહેવું. એમ કોઈ રાજી થાતા હશે ખોટે? એ તો કીધું નથી ભાઈએ મોક્ષમાર્ગપ્રકાશકમાં? એવી એક પણ વાત નથી કે બધાને એકરસ માન્ય (હોય). મોક્ષમાર્ગપ્રકાશક છેને એના પાંચમાં અધ્યાયમાં છે. બધાને પસંદ પડે એવી કોઈ એકેય વાત નથી. મોક્ષમાર્ગપ્રકાશક. અભિપ્રાય જુદા વિના જુદા પંથ પડ્યા કેમ? સમજાણું કાંઈ? મૂળભૂત શ્રદ્ધાના ફેર વિના પંથ પડ્યા કેમ જુદા?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવની... જુઓને! 'ભગવાન' એમ લીધું. અર્હત્ (અર્થાત) પૂજ્ય છે એ. ઇન્દ્રોને પણ પૂજ્ય છે પરમેશ્વર. એવા પરમેશ્વરે... આહાહા! લ્યો, એ પરમેશ્વર છે. એ પરમેશ્વર છે. કોઈ કર્તા ઈશ્વર છે એમ છે નહીં. આહાહા! બે નયો કહ્યા છે. ભગવાને બે નયો કહ્યા છે. એક **દ્રવ્યાર્થિક**, એક **પર્યાયાર્થિક.** એનો અર્થ કરે છે. **દ્રવ્ય જ જેનો**

**અર્થ એટલે કે પ્રયોજન છે...** વસ્તુ જેનું પ્રયોજન છે તેને **દ્રવ્યાર્થિક** કહીએ. ત્રિકાળી વસ્તુના નયને દ્રવ્યાર્થિક કહીએ. ત્રિકાળ વસ્તુનું પ્રયોજન. એકરૂપ ત્રિકાળી એકરૂપ દ્રવ્ય. **અને પર્યાય જ જેનો અર્થ એટલે કે પ્રયોજન છે...** વર્તમાન અવસ્થા જ જેનું પ્રયોજન છે તેને **પર્યાયાર્થિક** કહીએ. બેયનું જ્ઞાન કરાવવા માટે વસ્તુ છે કે નહીં? સમજાણું કાંઈ?

દ્રવ્યાર્થિકનયનો વિષય એક છે, પર્યાયાર્થિકનયનો વિષય જ નથી, વ્યવહારનયનો વિષય નથી. એય! વ્યવહારનો ઉપદેશ ન હોય તો વ્યવહાર નથી તો પર્યાય નથી, સિદ્ધેય નથી, સંસાર નથી. વ્યવહારનયનો વિષય બરાબર છે. અંશ. અંશ પર્યાય. એક ...... એટલે બીજી વાત કહી છે. કોઈને જીવાડું-મારું, સુખી-દુઃખી કરું—એ તો વિષય જ નથી. એ તો નિરર્થક વાત છે. વિષય ક્યાં છે? એ કોઈનું કરી શકે છે? કરી શકતો જ નથી. કરી શકતો જ નથી એટલે એનો એનો વિષય જ નથી, એથી એને અજ્ઞાન કહે છે, એમ. જેનો વિષય હોય તો તો એને વ્યવહારનયનું પણ જ્ઞાન કહેવાય. આ તો એ પણ નથી. શું કીધું સમજાણું? જો એમ કરી શકતો હોય તો તો વ્યવહારનય કહેવાય. આ તો કરી શકતો નથી એટલે વ્યવહારનય પણ નથી એમ કહે છે. એની પર્યાય તે ક્યાં કરી શકે છે? સમજાણું કાંઈ? એ વિશેષ વાત લેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ ૩, બુધવાર, તા. ૧૯-૧-૧૯૭૨**
**ગાથા - ૧૯, શ્લોક - ૩૬, પ્રવચન નં. ૨૯**

ઓગણીસમી ગાથા. **ટીકા : અહીં બન્ને નયોનું સફળપણું કહ્યું છે.** ક્યા નય? એ કહેશે. **ભગવાન અર્હત્ પરમેશ્વરે બે નયો કહ્યા છે...** એમ કહીને એમ કહે છે કે અરિહંત પરમેશ્વરના માર્ગમાં જ બે નયોનું કથન હોય છે. **દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક.** એ બે નયના નામ. એની વ્યાખ્યા. **દ્રવ્ય જ જેનો અર્થ એટલે કે પ્રયોજન છે...** વસ્તુ અખંડ ધ્રુવ દ્રવ્ય એ જે નયનો વિષય ને પ્રયોજન છે એ નયને **દ્રવ્યાર્થિક** કહેવામાં આવે છે. **અને પર્યાય જ જેનો અર્થ એટલે કે પ્રયોજન છે...** એક સમયની અવસ્થા જ જેનું પ્રયોજન છે એવા જ્ઞાનને વ્યવહારનય અથવા પર્યાયનય કહેવામાં આવે છે. **એક નયને અવલંબતો ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી...** બે નયનો ઉપદેશ તે ગ્રહવાયોગ્ય છે. સમજાણું કાંઈ?

શ્રોતા : બે નયનું અવલંબન લેવાનું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : છેને. બન્નેનું અવલંબન છે એટલે જાણવું, જ્ઞાન. અવલંબન એટલે શું? બે નયમાં (જે) અપેક્ષાએ જેનું કથન હોય તે ગ્રહવાયોગ્ય છે. એકલું દ્રવ્યનું જ કથન હોય ને પર્યાયનું ન હોય—એ ગ્રાહ્ય નથી. પર્યાયનું જ હોય અને દ્રવ્યનું ન હોય—એ પણ જાણવાયોગ્ય–ગ્રહવાયોગ્ય નથી. ગ્રહવાયોગ્યની વ્યાખ્યા? ગ્રહવાયોગ્યનો અર્થ કર્યો છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં. જાણવાયોગ્ય છે, પર્યાય જાણવાયોગ્ય છે. ગ્રહવાયોગ્યનો અર્થ જાણવાયોગ્ય છે. પર્યાય દ્રવ્યની નથી તો તો એકાંત થઈ જાય. સમજાણું કાંઈ? અને પર્યાય છે તે જ વસ્તુનો નિર્ણય કરે છે. પર્યાય–નિર્ણય કરનાર ન હોય તો એની વસ્તુ જ કંઈ રહીં નહીં. દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી છે. એ ન હોય તો પર્યાયનો આધાર કોણ? સમજાણું કાંઈ?

કેટલું આવે છે જુઓ! આવી વાત જિનમતમાં જ હોય છે. જિનમતને.... શું પ્રયોજન છે તને એમાં? બીજી જે વાત...... કહ્યુંને, સર્વજ્ઞ અરિહંત ભગવંતે કહેલું શાસ્ત્ર છે. દરેક વસ્તુ દ્રવ્યે અને પર્યાયે બેય વસ્તુ છે. પર્યાયે અનેક છે પણ એની વસ્તુ છે, અવસ્તુ નથી. એ તો ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ એને અવસ્તુ કહે એ બીજી વાત છે. સમજાણું કાંઈ? પણ પર્યાયની અપેક્ષાએ પર્યાય વસ્તુ છે, અસ્તિ છે. એક નયને આશ્રયે ઉપદેશ ગ્રહવાયોગ્ય નથી. એકલું ધ્રુવ જ કહો, પર્યાય છે જ નહીં, એવો ઉપદેશ જાણવાલાયક નથી એટલે ગ્રહવાલાયક નથી. કહો, સમજાણું કાંઈ? ચેતનજી! છે ખરીને, (પણ) આશ્રય કરવાલાયક નથી. સમજાણું કાંઈ?

એક નયના આશ્રયે ઉપદેશ જાણવાયોગ્ય જ નથી–ગ્રહવાયોગ્ય જ નથી. પરંતુ **તે બંને નયોને અવલંબતો ઉપદેશ...** 'અવલંબતો ઉપદેશ' છેને એમાં? અવલંબવું એવું ક્યાં છે? બે નયના અવલંબે ઉપદેશ છે, એમ. વસ્તુ વસ્તુ–દ્રવ્ય તરીકે છે અને પર્યાય પર્યાય તરીકે છે.

એવો બે નયને અવલંબતો ઉપદેશ **ગ્રહવાયોગ્ય છે. સત્તાગ્રાહક...** વસ્તુનો ત્રિકાળી સ્વભાવ એની સત્તાને જાણનાર–ગ્રહનાર, **(દ્રવ્યની સત્તાને જ ગ્રહણ કરનારા) શુદ્ધ દ્રવ્યાર્થિકનયના બળે...** પહેલું જાણવાનું ... મૂક્યું છેને પહેલું. જે સત્તા એકરૂપ છે એને ગ્રહનાર દ્રવ્યાર્થિક.., દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી એના બળે **પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી મુક્ત તેમ જ અમુક્ત...** વ્યંજનપર્યાયથી મુક્ત નામ સિદ્ધ, અમુક્ત નામ સંસારી—બેય **સમસ્ત જીવરાશિ સર્વથા વ્યતિરિક્ત જ છે.** એટલે ?

પહેલું મૂળ પાઠમાં કહ્યું છે કે આ વ્યતિરિક્ત.... બીજી પર્યાયો એટલે એની કારણપર્યાય ને નિર્મળપર્યાય એની અહીં વાત નથી. અહીં વ્યંજનપર્યાયની વાત લેવી છે, વિભાવવ્યંજનપર્યાયની. સ્વભાવવ્યંજનપર્યાયની વાત નથી લેવી. સમજાણું કાંઈ ? એ શું કીધું ? વિભાવવ્યંજનપર્યાય, સ્વભાવવ્યંજનપર્યાય. પ્રદેશનો આકાર સંસારદશામાં જે હોય એને વિભાવિકવ્યંજનપર્યાય કહે છે. સિદ્ધને જે આકાર હોય એને સ્વભાવિકવ્યંજનપર્યાય કહે છે. એ અહીં વાત નથી લેવી. સિદ્ધ છે એને આકાર તો છે, પણ .... શુદ્ધ, એ શુદ્ધ છે એ અપેક્ષાએ એને વિભાવવ્યંજનપર્યાય નથી કહેવી. એની અહીંયા વાત લેવી નથી, સિદ્ધ છે એટલે.

... એક વસ્તુ છે. વસ્તુ છે એનો આકાર છે એમ કહે છે. એ આકાર છે. આકારની વિભાવિકવ્યંજનપર્યાય એ કારણ આપ્યું. એ વસ્તુની સ્થિતિ છે. એની વ્યાખ્યા વીતરાગ સિવાય ક્યાંય બીજે નથી. સમજાણું કાંઈ? આકાર હોય, એનો આકાર હોય. પ્રગટ આકાર, વસ્તુ છે એનો પ્રગટ આકાર. પહેલું આવ્યું હતુંને આપણે, નહીં ? .....દેખાય .... એ અર્થપર્યાય છે, એટલી છે એ. અહીંયા કહે છે કે શુદ્ધ દ્રવ્ય–વસ્તુ જે છે ધ્રુવ એ નયના બળે... 'બળે' શબ્દ પડ્યો છે આમાં. એ નયની અપેક્ષાએ કીધું. 'બળે'નો અર્થ કર્યો હતોને પછી આપણે પંડિતજીએ. 'બળે'નો અર્થ કર્યો છે બીજે ઠેકાણે. **પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી મુક્ત...** વ્યંજનપર્યાય એટલે આત્માના પ્રદેશનો વિકારી આકાર, જેમ આ શરીર પ્રમાણે આકાર છે જીવની અંદર, એ વિકારી આકાર છે. વ્યંજન પ્રગટ બાહ્ય આમ આકાર છે એમ. સમજાણું કાંઈ ? આ વસ્તુની સ્થિતિ છે. એ વસ્તુસ્થિતિ સર્વજ્ઞ પરમેશ્વરે જ જાણી છે. એને એ રીતે કહે છે. એવી વાત બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ ?

આત્મા અસંખ્યપ્રદેશી, અનંત ગુણો, એ અનંત ગુણનું પરિણમન એ અર્થપર્યાય છે. કેમકે પ્રદેશત્વગુણના આકારનું પરિણમન વિભાવિક છે અહીંયા સંસારમાં. એ વિભાવિક પર્યાયની અપેક્ષાએ... ત્રિકાળી સત્તાગ્રાહકની અપેક્ષાએ વિભાવિકવ્યંજનપર્યાય બેયને નથી. સંસારમાં છે ખરી, પણ શુદ્ધ દ્રવ્યનો આશ્રય લેતાં જે જાણવામાં આવે એમાં એની વ્યંજનપર્યાય દ્રવ્યાર્થિકનયના વિષયમાં નથી. સિદ્ધને તો નથી, પણ સંસારીનેય નથી એમ કહ્યું. શું કીધું ? સમજાણું કાંઈ ? શુદ્ધદ્રવ્યાર્થિકનયના જોરે પૂર્વોક્ત વ્યંજનપર્યાય... ચાર પર્યાય આવી હતી—

નારકી, દેવ, મનુષ્ય ને પશુ. એનો આકાર–પ્રદેશનો આકાર. ...ને પ્રદેશનો આકાર નહીં. સમજાય છે કાંઈ? વસ્તુ છે એને ક્ષેત્ર હોય. દ્રવ્ય હોય એને ક્ષેત્ર હોય, કાળ હોય, ભાવ હોય. ક્ષેત્ર છે એનો આકાર હોય. સમજાણું કાંઈ?

એવી વસ્તુની પરથી પૃથકતા અને વસ્તુની એની મર્યાદા (જણાવે છે). અસંખ્ય પ્રદેશને આકાર હોય. સંસારની અપેક્ષાએ વિભાવવ્યંજનપર્યાય (છે) એ શુદ્ધનયની દૃષ્ટિએ એ છે જ નહીં. શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ પર્યાય સિદ્ધનેય નથી ને સંસારીનેય નથી. પણ મૂળ તો સંસારી ... છે એમ કહેવું છેને. સમજાણું કાંઈ? **સમસ્ત જીવરાશી સર્વથા વ્યતિરિક્ત જ છે**. લ્યો, અહીં તો 'સર્વથા' આવ્યું. કથંચિત્ વ્યતિરિક્ત અને કથંચિત્ (સંયુક્ત એમ નથી). **જીવરાશિ સર્વથા વ્યરિક્ત**–ભિન્ન **જ છે**. વિભાવવ્યંજનનો આકાર, તે સંસારી જીવને પણ શુદ્ધસત્તાગ્રાહક દૃષ્ટિથી વ્યંજનપર્યાય છે જ નહીં. જુદી જ છે, એટલે એનાથી જુદી છે પાછું એમ. આહા! કેવી શૈલી લીધી! અશુદ્ધતા ને વિભાવવ્યંજનપર્યાય બેય સંસારીને છે, પણ એની સત્તા શુદ્ધ વસ્તુ ભગવાન આત્મા એની દૃષ્ટિએ જોતાં એ છે નહીં. એ તો પર્યાયનું અંગ છે.

**કેમ? 'सव्वे सुद्धा हु सुद्धणया (શુદ્ધનયે સર્વ જીવ ખરેખર શુદ્ધ છે)'...** છેને? દ્રવ્યસંગ્રહનું વચન છે. **'सव्वे सुद्धा हु सुद्धणया'...** સર્વ જીવો શુદ્ધ છે. એની વ્યંજનપર્યાયનો અભાવ બતાવવો છે આમાં હોં. આહા! શુદ્ધ છે એમાં વ્યંજનની વિકારી પર્યાય–આકાર પર્યાય ક્યાં આવે? અહીં તો જીવનું કહેવું છેને? જીવનું બતાવવું છે અહીં. આકાશને વ્યંજનપર્યાય છે, પણ શુદ્ધ છે. આકાશ છે સર્વવ્યાપક. .... પ્રદેશની વ્યંજનપર્યાય પ્રગટ આકાર છે એ શુદ્ધ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશને શુદ્ધ છે. સમજાણું કાંઈ? એક પુદ્ગલને અને એક સંસારી જીવને વિકારી વ્યંજનપર્યાય હોય. અહીં તો શુદ્ધદૃષ્ટિથી તો એ નથી. સમજાય છે કાંઈ આમાં? જીવતત્ત્વની મર્યાદાનું વર્ણન છે આ. જીવ અધિકાર છેને આ. જીવની વસ્તુસ્થિતિ આ છે એમ કહે છે. આવું જીવની વ્યંજનપર્યાય એટલે વિકારી આખા સંસારમાં છે એવો પર્યાયનયનો–એનો વિષય છે. એ બીજે ઠેકાણે ક્યાંય નહીં હોય. સમજાણું કાંઈ?

અને છતાં એ સંસારીને અસંખ્ય પ્રદેશનો વિકારી–વિભાવ પ્રગટ આકાર-પર્યાય હોવા છતાં સત્તાગ્રાહી દૃષ્ટિમાં એ છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! આ તો જીવની સત્તામાં ત્રિકાળી સત્તા ને વર્તમાન સત્તા બેનું અહીં સિદ્ધ કરે છે. એની વસ્તુની સ્થિતિ આટલી છે, આવી છે. સમજાણું કાંઈ? એકલા દ્રવ્યને માનનારા વેદાંતાદિ એને આ ક્યાં હોય? એકલી પર્યાયને માનનારા બૌદ્ધ એમાં આ ક્યાં હોય? જેને અનંત દ્રવ્યો આત્મા અસંખ્ય પ્રદેશી ભિન્ન, બધાથી ભિન્ન છે અને તેનો આકાર વિભાવપણે સંસારમાં છે. સમજાણું કાંઈ? આકાર વિકારપણે છે એવી અશુદ્ધપર્યાયનયથી જાણવું. એને પર્યાયનયનો ઉદ્દેશ જાણવો એમ કીધું. બેયના ઉપદેશને અવલંબતો ઉપદેશ ગ્રહવો. એટલે દ્રવ્યાર્થિકનો વિષય (કહે) ને પર્યાયને ન માનવું (એમ) કહે,

(એને) ન જાણે એ ઉપદેશ જ ખોટો છે. સમજાણું કાંઈ? એમાં વસ્તુસ્થિતિ જ એમ છે, નહીંતર વસ્તુસ્થિતિ સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ?

શ્રીમદ્‌........ સૂર્યરામ ત્રિપાઠી. એના ઉપર એક પત્ર લખ્યો છે એમાં એ લખ્યું છે. વેદાંતી હતા. .... એમણે લખ્યું હતું કે કોઈપણ પદાર્થની આપણે વ્યાખ્યા ચાર પ્રકારે કરી શકીએ. એનું દ્રવ્ય, એનું ક્ષેત્ર, એનો કાળ ને ભાવ—એમ કરીને વસ્તુની સ્થિતિ એને જણાવતા હતા. સમજાણું કાંઈ? આત્માને માટે પણ એ ચાર બોલ ઉપાદેય છે (અર્થાત્‌) એ જાણવા જેવા છે, એમ કહે છે. આત્માનું દ્રવ્ય એ ત્રિકાળી, ક્ષેત્ર ત્રિકાળી, પણ એનો આકાર સંસારમાં પ્રગટ વિકારી વ્યંજનપર્યાય, સિદ્ધમાં એ વિકારી વ્યંજન(પર્યાય) નહીં. કાળ એની એક સમયની અવસ્થા, ભાવ એના ત્રિકાળી ગુણ. આ રીતે વસ્તુની સ્થિતિ ને વસ્તુનું સ્વરૂપ છે એટલે અહીં જીવ અધિકારમાં નાખ્યું છે આ. સમજાણું કાંઈ?

આવા જીવનું પર્યાયે અને દ્રવ્યે સ્વરૂપ છે એ બેય જાણવાલાયક છે, એકેય નયનો નિષેધ કરવાલાયક નથી. સમજાણું કાંઈ? અહીં તો શુદ્ધ દ્રવ્યાર્થિકનયના જોરે એનો વિષય પર્યાય નથી, માટે (વિભાવ) વ્યંજનપર્યાય નથી એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આત્મા આત્મા તો કહે બધા. આત્મા અસંખ્યપ્રદેશી અને એનો વિભાવિક આકાર સંસારમાં છે, એવું વર્ણન તો સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહીં. નવલભાઈ! તેથી અહીં મુનિ કહે છે, બે નયને અવલંબતો ઉપદેશ જાણવાલાયક છે. સમજાણું કાંઈ? પછી ભલે વ્યવહારનયનો વિષય જ્ઞેય હો એ જુદી વાત છે, પણ છે એને હેય હોય કે ન હોય એને હેય હોય? સમજાણું કાંઈ? જેમાં પર્યાય જ સ્વીકારી નથી, આત્માના અસંખ્ય પ્રદેશનો વિભાવિક આકાર પણ જેમાં સ્વીકાર્યો એટલે જાણ્યો નથી, એ જે કથન કરે એ એકાંત જ હોય. આખી ચીજની વસ્તુની મર્યાદા ન હોઈ શકે એને. શેઠ! આ બધું મુનિઓ આગળ નહીં મળે, એમ કહે છે. આહાહા! જુદી રીતે વિચાર ... છેને ભાષા. આહા!

**(શુદ્ધનયે સર્વ જીવો ખરેખર શુદ્ધ છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી...** બસ, વચન હોવાથી **વિભાવવ્યંજનપર્યાયાર્થિક નયના બળે...** એ ન્યાં શુદ્ધમાં ગયું. હવે બીજો (નય) અહીં કહે છે. **વિભાવવ્યંજનપર્યાયાર્થિક**... ભાષા જુઓ! આત્માના અસંખ્ય પ્રદેશમાં વિભાવપણું, કર્મના નિમિત્તના સંબંધમાં એનું વિભાવપણું પોતામાં પોતાને કારણે છે, એવી સ્થિતિ છે એમ કહે છે. ભાઈ! એ પરને લઈને નહીં. એની જ વિભાવવ્યંજનપર્યાયની અસ્તિ(રૂપ) પર્યાય એને પોતાની સત્તાને લઈને પોતામાં છે. એ જીવની મર્યાદા છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**વિભાવવ્યંજનપર્યાર્થિકનયના બળે તે સર્વ જીવો (પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી) સંયુક્ત છે.** લ્યો ઠીક. સિદ્ધજીવ પણ સહિત છે, એમ આવ્યું પાછું. ન્યાં આગળ આવશે. અને તે પણ એ

જીવની પર્યાય પૂર્વે વિભાવવ્યંજનપર્યાય હતી, અત્યારે નથી માટે એને સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? આવું કથન જુઓને! કેટલું ગંભીર છે! વિભાવિક આકાર સિદ્ધને ભલે ન હોય ક્યારેય. પણ આકાર છે એ બીજો છે એનું અહીં કામ નથી. પણ પૂર્વે એને વિભાવિક વ્યંજનપર્યાય-આકાર હતો. સમજાણું કાંઈ? એવું જીવની પર્યાયનું સ્વરૂપ જ છે, એમ કહે છે. **વિભાવવ્યંજનપર્યાયાર્થિક નયના બળે તે સર્વ જીવો (પૂર્વોક્ત વ્યંજનપર્યાયોથી) સંયુક્ત છે.** સિદ્ધ ને સંસારી—બધા વિભાવપર્યાયથી સહિત છે. એક બાજુ 'નથી' કહ્યું ને વળી 'સહિત' કહે છે. કઈ અપેક્ષા છે? ....

**વિશેષ એટલું કે–સિદ્ધ જીવોને અર્થપર્યાયો સહિત પરિણતિ છે...** એને વ્યંજનપર્યાય નથી. સિદ્ધને જરીય નથી. અહીં વિભાવિક નથી એને, એમ. જુઓને! કેટલી વસ્તુની મર્યાદા અને એની સ્થિતિની સત્તા, ત્રિકાળી સત્તા ને પર્યાયની અશુદ્ધતાની સત્તા, આકૃતિ સહિત એનો થાય આકાર એ પણ એની વસ્તુની મર્યાદા છે. આવું કથન જ્યાં નથી અને એક જ નયનું કથન છે એ ગ્રહવાયોગ્ય નથી. સમજાણું કાંઈ? **પરંતુ વ્યંજનપર્યાયો સહિત પરિણતિ નથી.** કોને? સિદ્ધને. વ્યંજન એટલે વિભાવિક. અર્થપર્યાય છે–અનંતા ગુણોની પર્યાય છે એને. અનંતા ગુણ છે, પ્રદેશગુણની આકૃતિનો વિભાવવ્યંજનપર્યાય એ સિદ્ધને નથી. જેનો જે જે અંશ વિભાવિકપણે છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

સંસાર અનાદિ-સાંત, ત્યાં સુધી એને વિભાવવ્યંજનપર્યાય છે કહે છે. વિકાર છેને, એને નિમિત્ત કહીને નિમિત્તે જે આકાર છે એ વિભાવ છે, એમ. છે પોતાનો. વ્યંજનપર્યાયો સહિત પરિણતિ સિદ્ધને નથી. વ્યંજન કોણ? આ વિભાવ. **કેમ? સિદ્ધ જીવો સદા નિરંજન હોવાથી,** એમ. નિરંજન હોવાથી વિભાવવ્યંજનપર્યાય નથી, એમ. એટલી વાત લીધી. ..... એમ વર્ણવ્યું. એનો પાછો વિભાવ આકાર સમય સમયનો છે. ઓહોહો! એવી વસ્તુની સ્થિતિ, આવું સ્વરૂપ સર્વજ્ઞ જૈન પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? એ વાત મોક્ષમાર્ગમાં જીવનો અધિકાર લઈ જીવની સ્થિતિ આવી છે એમ વર્ણન કર્યું. આહા! જો એને આકાર ન હોય તો પ્રદેશત્વગુણ સિદ્ધ થાય નહીં અને આકાર ન હોય તો વિભાવવ્યંજનનો આકાર છે વિભાવ એ સાબિત થાય નહીં. ....... આ વિભાવવ્યંજનપર્યાય સંસારદશામાં જ હોય, સિદ્ધને ન હોય. ઓહોહો!

**(પ્રશ્ન :–)** તમે તો કીધું કે નથી? **જો સિદ્ધ જીવો સદા નિરંજન છે તો બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત** કેમ કહ્યું તમે? સિદ્ધ જીવો સદા નિરંજન–શુદ્ધ છે, તો બધા જીવો દ્રવ્યાર્થિકનયે ને પર્યાયાર્થિકનયે બંને નયોથી સહિત છે. એ વ્યંજનપર્યાય સહિત આવી છે. ત્યાં તો તમે બેય નયોથી સહિત બધા જીવ છે એમ કહ્યું હતું. અહીં તમે એ કાઢી નાખ્યું. સિદ્ધને નથી. સમજાણું કાંઈ? કહે છે કે તમે તો બધા જીવો બે નય સહિત (છે એમ) કીધું હતું. અહીં તો પાછું એક નયે વિભાવવ્યંજનપર્યાય નથી એમ (કહીને) કાઢી નાખો છો. તો તમારી 'બે નય સહિત છે' એ વાત ક્યાં રહી? સમજાણું કાંઈ? તો બધા

જીવો દ્રવ્યાર્થિકનયે વસ્તુ તરીકે અને પર્યાય તરીકે બંને નયોથી સહિત જ છે જીવ. વ્યંજનપર્યાય સહિત જ પર્યાયથી છે એમ કહ્યું હતું તમે. અહીં તો સિદ્ધને નથી એમ કહ્યું. **(અર્થાત્ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે) એવો સૂત્રાર્થ (ગાથાનો અર્થ) વ્યર્થ ઠરે છે.** એ સૂત્રનો અર્થ (જે) તમે કર્યો એ ખોટો ઠરે છે.

**(ઉત્તરઃ- વ્યર્થ નથી ઠરતો કારણ કે) નિગમ એટલે વિકલ્પ...** એ પૂર્વનો એનો હતો એનો ઉપચાર કરીને એને કહેવામાં આવે છે એમ કહે છે. જેવી રીતે સંસારપણું, એનો વિકારીપર્યાય પૂર્વે એને સિદ્ધને નહોતો, એમ નથી. એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા! સંસારી જીવને તો વિકાર વર્તમાન વિકારીપર્યાય છે અને સિદ્ધને નથી (એમ) તમે કીધું. વળી કહ્યું કે સિદ્ધ પર્યાયનય સહિત જ હોય છે. પૂર્વે હતું એ અપેક્ષાએ એને કહેવામાં આવ્યું છે. આહાહા! આ જાણીને પણ પાછો આશ્રય લેવાનો દ્રવ્યનો હોં. ગ્રહણ કરવાનું બેયનું. સમજાણું કાંઈ? જ્ઞાનનો વિષય તે જેવું છે એમ જાણેને. નથી એમ જાણે? આ સિદ્ધ પણ પૂર્વે સંસારદશામાં, પૂર્વે સંસારી હતા. પૂર્વે સિદ્ધ હતા એમ નથી કાંઈ. જ્યારે વિકારપણે હતા... આત્માના પ્રદેશનો આકાર વિભાવપણે, કર્મના સંબંધમાં વિભાવપણે હોય છે. સંબંધ છૂટી જાય એટલે સ્વભાવ થઈ જાય. તો પૂર્વની અપેક્ષાએ નૈગમનય... નીચે અર્થ છે.

**જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે (અથવા કહે)...** ગયા કાળની અવસ્થાને વર્તમાનવત્ જાણે અત્યારે છે એમ સંકલ્પિત કરે અથવા કહે—બે. સંકલ્પિત કરે અથવા કહે. **ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે (અથવા કહે)...** (આવનારા) કાળની... **અથવા કંઈક નિષ્પન્નતાયુક્ત...** ભવિષ્ય આમ ભવિષ્યનું. .... **અને કંઈક** વર્તમાન હવે. **અતિનિષ્પન્નતાયુક્ત...** કંઈક થયું ને કંઈક ખાલી છે. ચોખો જુઓ! ચોખો કંઈક ચડ્યો છે ને કંઈક કાચો છે. છતાં એને ચડી ગયેલો (એમ) વર્તમાન કહે છે. **વર્તમાન પર્યાયને સર્વનિષ્પન્નવત્ સંકલ્પિત કરે (અથવા કહે)...** સમજાણું કાંઈ? મોક્ષમાર્ગને સાધે છે શુદ્ધજીવ એને પણ સિદ્ધ કીધા છે, લ્યો. સમજાણું કાંઈ? મોક્ષ કહ્યો છે એને લ્યો, મોક્ષતત્ત્વ કહ્યું છે. સિદ્ધ થયા નથી છતાં પણ મોક્ષતત્ત્વ કહ્યું છે. પ્રવચનસાર. સમજાણું કાંઈ? મિથ્યાત્વ આદિમાં પડ્યા છે એ સંસાર છે પોતે. અને પૂર્ણસ્વરૂપને સાધવાની તૈયારી થઈ ગઈ છે એને પણ અહીંયા મોક્ષ કહ્યો છે. સમજાણું કાંઈ? એ આ નયે. **તે જ્ઞાનને (અથવા વચનને) નૈગમનય કહે છે. ...**માં અનેક પ્રકારે એનું કથન હોય. સમજાણું કાંઈ?

**તે નૈગમનય ત્રણ પ્રકારનો છે : ભૂત નૈગમ**–ગયા કાળનું, **વર્તમાન નૈગમ અને ભાવી નૈગમ. અહીં ભૂત નૈગમનયની અપેક્ષાએ ભગવંત સિદ્ધોને પણ વ્યંજનપર્યાયવાળાપણું...** લ્યો, અત્યારે છે એમ પૂર્વના નૈગમનયના આરોપે કહેવામાં આવે છે. જોયું! વસ્તુની સ્થિતિ કેવી લીધી છે. પૂર્વે હતી એ વિભાવ આકૃતિ અસંખ્ય પ્રદેશની. હતો, અત્યારે ભલે ન હોય તોપણ પૂર્વનો આરોપ કરીને હજી એને છે એમ કહેવામાં આવે છે. કારણકે જીવની પર્યાયમાં હતોને. સમજાણું કે નહીં? તે પર્યાય વ્યય (થઈ ગઈ છતાં) એને વર્તમાનમાં કહેવામાં આવે છે. એ શું

કહે છે સમજાય છે કાંઈ? જીવનો વિકારી આકાર પર્યાયને સિદ્ધ કરે છે. એનું ક્ષેત્ર છે એનો આકાર હોય છે, એવી વાત બીજે ક્યાંય હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

એક જ પ્રદેશી માનવો એને શું? એને નાનો-મોટો આકાર શું? સિદ્ધને પણ વ્યંજનપર્યાય નાનો-મોટો છે. પણ એ વ્યંજનપર્યાય શુદ્ધ છે એટલે એને ગણી નથી. પણ પૂર્વની વ્યંજનપર્યાયમાં ફેર હતો એને દરેક (સિદ્ધ) જીવને. સમજાણું કાંઈ? એ વ્યંજનપર્યાય પૂર્વે વિકારી આકૃતિ હતી, એ અત્યારે નથી છતાં એનો આરોપ કરીને ત્રણ કાળની પર્યાયનું સ્વરૂપ એમાં બતાવે છે. આહાહા! સમજાણું કાંઈ? હવે આમાં બધાનો સમન્વય કરવો. એ માટે તો આ વાત કરી છે. આવો સર્વજ્ઞ સ્વભાવ તો આવો જોઈએ, કહે છે. માથે કીધુંને, **ભગવાન અરિહંત પરમેશ્વરે**... એ સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહીં. પરમેશ્વરપણું–સર્વજ્ઞપણું એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવી એક-એક જીવની શક્તિ છે, જેને પ્રગટ થઈ ગઈ છે એણે આ વસ્તુનું સ્વરૂપ આવું જોયું છે. સમજાણું કાંઈ? એ જ રીતે હોય, નહીંતર બીજી રીતે સાબિત થતું જ નથી. સમજાણું કાંઈ?

**અહીં ભૂતનૈગમનયની અપેક્ષાએ ભગવંત સિદ્ધોને પણ વ્યંજનપર્યાયવાળાપણું** એટલે વિભાવ **અને અશુદ્ધપણું સંભવે છે,** વર્તમાન અપેક્ષાએ. પૂર્વે એવા હતાને (તેથી) અત્યારે છે એમ નૈગમનયથી (કહે છે). સમજાણું કાંઈ? રાજા થવાનો હોય એને અત્યારે રાજા કહેવાય અને રાજાથી ભ્રષ્ટ થઈ ગયો હોય, ઉતરી ગયો હોય, એને ભ્રષ્ટ કરીને છોકરો રાજા થયો હોય, તોપણ એને રાજા કહેવાય. ભ્રષ્ટનો અર્થ આપણે આમ કર્યો છે, બીજાને સોંપી દીધું છે. આ તો ......... આહાહા! ........ જરીક વિપરીત ...... વિનયવાળો છે, એય! અને વળી વિચાર છે... પોતાની હયાતી...... પણ લોકો તો એમ કહે, સાધારણ ....... મહારાજ....

એમ સિદ્ધને પૂર્વે સંસારની દશામાં વિકારી આકૃતિની પર્યાય હતી, અત્યારે નથી તો પણ ભૂતકાળની અપેક્ષાએ 'છે' એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! અહીં ... કુંદકુંદાચાર્ય જેવાએ અધ્યાત્મની વાતમાં હવે આવી વાતું મૂકી. ભાઈ! એ વાતું ...... પર્યાયનો જેવો સ્વભાવ છે એવો એણે..... સમજાણું કાંઈ? આવી ચીજ છે એ એના જ્ઞાનમાં ન આવે ને બીજી આવે, એ પછી ...નો સહારો લઇ શકે એ બને નહીં, એમ કહે છે. મોક્ષમાર્ગ છેને આ. સમજાણું કાંઈ? એવો અસંખ્યપ્રદેશી ભગવાન.... શ્રીમદ્માં આવે છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન..' એમ નાખ્યું છે. ઘન છે એ, પણ પ્રદેશી છે. છતાં એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે માટે અસંખ્ય સિદ્ધ થાય છે, છતાં અસંખ્ય અખંડ છે. સમજાણું કાંઈ? પણ જુદો પડી જાય છે એક પ્રદેશ આમ છૂટો, એમ નથી. છતાં છૂટો છે. કેમ કે એકમાં બીજાનો અભાવ છે એ વિના એક-એક સિદ્ધ થઈ શકતું નથી.

નવાણું ગાથામાં આવશે પ્રવચનસાર. આ પર્યાયનો આધાર એ પર્યાય છે. દાખલો છે. પ્રવચનસાર. નવાણુંમાં, નહીં? ઘણી વાર આવી ગયું છે. .... .... ઘણા થઈ ગયા છે. આહાહા!

એને ઠરવાનું ને રહેવાનું તો દ્રવ્ય ઉપર છે. કંઈક હોવામાં સત્યપણું જ્ઞાનમાં ન હોય... જે રીતે એનો વ્યંજનપર્યાય વિકારી છે, જે રીતે એની દશા છે, એવું સત્‌પણું જ્ઞાનનું સાચું ન હોય તો એ સ્વભાવપણે રહી શકે જ નહીં. સમજાણું કાંઈ?

**કેમ કે પૂર્વ કાળે તે ભગવંતો સંસારીઓ હતા...** એ આમાં તકરાર કાઢી. અનાદિના સિદ્ધ છેને? હવે તું સાંભળને ભાઈ! એ અનાદિ સિદ્ધ છે તે સામાન્ય તરીકેની વાત છે, પણ સિદ્ધ છે, થાય છે એમ જ્યાં સિદ્ધ કરવું છે ત્યારે એ સંસારી હતા ને સિદ્ધ થાય છે, એમ છે. સમજાણું કાંઈ? **પૂર્વ કાળે તે ભગવંતો સંસારીઓ હતા...** તે ભગવંતો સંસારીઓ હતા. સંસારદશામાં હતાને. **એવો વ્યવહાર છે**. એક ભક્તિમાં આવે છે, હે ભગવાન! તમે અત્યારે બધા ભગવાન થઈને બેઠા છો ને આપણે રમતા હતા અજ્ઞાનમાં બધા ભેગા. એ ભૂલી ગયા તમે? આવે છેને. સજ્ઝાયમાં આવે છે. .... હા, એ. શ્વેતામ્બરમાં. આ તો બધું વાંચેલું છે, બધું વાંચ્યું હતું અમે.

હે પ્રભુ! બાળપણે આપણે સાથે રમતા. અત્યારે ભૂલી ગયા, મોટા થઈ ગયા ભગવાન. આપણે નિગોદમાં ભેગા હતા. એકેન્દ્રિયમાં ભેગા હતા, બે-ઇન્દ્રિય, ત્રિન્દ્રિય, ચૌઇન્દ્રિય. આહાહા! સમજાણું કાંઈ? આ ગલુડીયા થાય છે કૂતરીને. ગલુડિયું. બચ્ચા. ક્યા? પિલ્લા. એ પાંચ-છ જણા થાય એમાંને એમાં માથા નાખીને સૂવે. પૂર્વે વેરી હોય...... સાથે રમતા, અત્યારે તમે ભગવાન થઈ ગયા. સિદ્ધની પર્યાય હતી એમ સિદ્ધ કરે છે, એટલું.

સર્વ જીવો... અરે! **બહુ કથનથી શું? સર્વ જીવો બે નયોના બળે શુદ્ધ તેમ જ અશુદ્ધ છે એવો અર્થ છે. ....** મલિનતાને સિદ્ધ કરી, વર્તમાન છે એમ આરોપ કરીને બધા જીવો આવા હતા.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્‌ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ચોથા શ્લોક દ્વારા) કહ્યું છે કે :-**

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदांके**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः ।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव।**

**શ્લોકાર્થ : બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા...** ભગવાનની વાણીમાં એવી વાત બંને નયોના વિરોધને નષ્ટ કરનારા **સ્યાત્પદથી અંકિત...** કથંચિત્ કહેવું છે. છે ત્યારે પર્યાયમાં છે અને નથી ત્યારે પૂર્વની અપેક્ષાએ પણ કથંચિત્ કહ્યું છે. **જિનવચનમાં જે પુરુષો રમે છે...** વચનનો અર્થ–વીતરાગે કહેલા એવા ભાવ. અહીં તો વીતરાગે કહ્યો એવો શુદ્ધદ્રવ્યાર્થિકનો વિષય તે. જિનવચનનો ઉપદેશ... વીતરાગીભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવભાવ એમાં જે રમે છે, **તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને...** 'એની મેળાએ' .... મિથ્યાત્વને વમી નાખે છે.

ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ પર્યાયમાં વિકાર ને વિભાવ હોવા છતાં... એ તો આવ્યું હતું કાલે આપણે. (કળશ 34).

'અમારા સ્વભાવમાં વિભાવ નહીં હોવાથી એની અમને ચિંતા નથી.' સ્વભાવના ભાનની વાત છેને અહીં. અત્યારે નહીં, કાલ આવ્યું હતુંને. અસત્ છે. પર્યાયમાં સત્ છે, પણ એ સ્વભાવનું ભાન કર્યું કે આ તો ચૈતન્યજ્ઞાનમૂર્તિ દ્રવ્ય છે, એવા સ્વભાવમાં એ વિભાવ કેવો? સમજાણું કાંઈ? એથી અમને એની ચિંતા નથી, એમ. કેમકે અમને તો સ્વભાવની દૃષ્ટિ થઈ છે. અમે તો, શુદ્ધ આનંદ ને જ્ઞાનનો ઘન એવો અમે આત્મા જાણીએ છીએ. એમાં આ ક્યાં? અજ્ઞાની કહે સંસાર. સંસાર-ફંસાર અમારે નથી એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? હજી તો જાણે, ક્યાં ભવ કરવો પડશે, અમે ક્યાં જાઈશું? એ અમારે કાંઈ નથી, કહે છે. અમારા સ્વભાવમાં વિભાવ નથી, પછી સંસાર કેવો આવશે ને ક્યો ભવ થશે એ વાત છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? આ (કળશ) તો આપણે સમયસારનો છે.

**અનૂતન (અનાદિ) અને કુનયના પક્ષથી નહિ ખંડિત થતી...** આહાહા! **એવી ઉત્તમ પરમજ્યોતિને...** ચૈતન્યની પરમજ્યોતિ, જ્ઞાનથી ઝળહળ જ્યોતિ એવો ભગવાન આત્મા અનૂતન–નવો નથી. છે જ તે. **કુનયના પક્ષથી નહીં ખંડિત**... કોઈ એકાંત કહેતો હોય કે પર્યાય નથી, દ્રવ્ય જ નથી, દ્રવ્ય છે ને પર્યાય નથી.—એવું છે નહીં. કુનયથી ખંડિત નહીં થતી **ઉત્તમ પરમજ્યોતિ**... ચૈતન્ય જ્ઞાનસ્વભાવ જ્યોતિ કીધું છેને. એ સંસારને બાળીને રાખ કરી નાખે એવી જ્યોતિ છે. સમજાણું કાંઈ? **એવી ઉત્તમ પરમજ્યોતિને—સમયસારને...** એટલે અલ્પકાળમાં તું મુક્તિને પામે છે. **શીઘ્ર દેખે છે જ,** પાછું. 'શીઘ્ર' ને 'જ' દેખે છે. આહાહા!

ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપ અને અપૂર્ણતા ને વિકાર—બેયનું યથાર્થ જ્ઞાન કરીને પૂર્ણ સ્વરૂપમાં જે ઢળે છે, રમે છે, એની રમતું સ્વભાવ સાથે મંડાણી છે એમ કહે છે. હો, મારામાં નથી. એવી રમતમાં એને મિથ્યાત્વનો નાશ થાય છે અને એ નહોતું અને થયું એમ નહીં, એ તો એમને એમ છે. કુનયથી–એકાંતપક્ષથી કોઈ ખંડન કરી શકે એની દશાને–વસ્તુને એ ચીજ જ નથી. અલ્પકાળમાં પરમજ્યોતિને–કેવળજ્ઞાનને પામશે. સમજાણું કાંઈ?

**વળી (આ જીવ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે) :...** એ હમણાં આવ્યુંને. **द्विरेफा:** હમણા આવ્યું. **द्विरेफा:** કીધું હતુંને. બીજું પદ છેને. **द्विरेफा:..** એય! **द्विरेफा:** એટલે શું? ના, ના, ........ **द्विरेफा:..** ........

**अथ नययुगयुक्तिं लंघयन्तो न सन्तः**
**परमजिनपदाब्जद्वन्द्वमत्तद्विरेफा: ।**
**सपदि समयसारं ते ध्रुवं प्राप्नुवन्ति**
**क्षितिषु परमतोक्तेः किं फलं सज्जनानाम्॥ ३६ ॥**

**द्विरेफाः** ... કોણ? ... નહીં, ભમરો. ભમરા કહતે હૈં. ભ્રમર હોયને બે આમ.... મૂંછું ..... બે આમ લાંબી મૂંછો હોય ભમરાને. આંખો તો બધાને છે. **द्विरेफाः**નો વિચાર કરતો હતો.... બે મોટા વાળ હોય આમ ભમરાને.

આહાહા! **શ્લોકાર્થ : જેઓ બે નયોના સંબંધને નહિ ઉલ્લંઘતા થકા...** પર્યાય પર્યાયપણે છે, દ્રવ્ય દ્રવ્યપણે છે (અને) બેય થઈને વસ્તુ આખી છે. વિકારી પર્યાયપણે પણ વિકાર છે, અવિકારીપણે પણ અવિકારીપર્યાય છે. બે નયોના સંબંધને નહીં ઓળંગતા થકા **પરમજિનના પાદપંકજયુગલમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે...** પરમ જિન વીતરાગસ્વભાવ એના પાદ નામ પગ, પંકજ નામ કમળ—ચરણકમળ. ચરણકમળ એના યુગલમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે. ધર્મીજીવ ભગવાનના ચરણકમળમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે લ્યો. વીતરાગ ભગવાન એની શક્તિ હતી તે એણે વ્યક્ત કરી નાખી છે. પૂર્ણ પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવ એમણે કહેલા બે નયો એને નહીં ઓળંગતા થકા (અર્થાત્) બેય નય જેમ છે એમ જાણતા થકા... પરમ યોગીશ્વર પરમાત્મા એના ચરણકમળ, પાદ એટલે ચરણ અને પંકજ એટલે કમળ, યુગલ-બે પગ છેને. મત્ત થયેલા (એટલે) એમાં રહેલા, એમ. ભગવાને કહેલા એવા માર્ગમાં ભ્રમર સમાન... ભમરો જેમ ગુંજારવ કરે અને પુષ્પનો પરાગ લે, એમ ભગવાન આત્માનો વીતરાગસ્વભાવ એમાં ગુંજારવ કરી અનુભવ કરે છે.

**એવા જે સત્પુરુષો...** સંત છેને સંત. પહેલી લીટીમાં છેને. **लंघयन्तो न सन्तः**.. સત્પુરુષો... સત્પુરુષો બે નયનો વિષય અને બે નયને ઓળંગતા નથી. સમજાણું કાંઈ? **તેઓ શીઘ્ર સમયસારને અવશ્ય પામે છે.** સમજાણું કાંઈ? કાલ આવ્યું હતું સમયસારમાં. સર્વ નયોને કથંચિત્ સત્યપણે સ્વીકારીને... વ્યવહારનયથી વ્યાખ્યાન છે.... છેને એ અપેક્ષાએ.... નય તે નય જ ને. કથંચિત્ જે પ્રકારે જેમ છે તેમ એ પ્રકારે સ્વીકાર કરે છે. સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપમાં-વીતરાગી સ્વભાવમાં જે રમે છે તે જરૂર આત્માને પામે છે, તે શીઘ્ર પામે છે. આહા! અલ્પ કાળમાં એને પૂર્ણ આનંદ ને કેવળજ્ઞાન થઈ જાય છે. સમજાણું કાંઈ? ભગવાને કહેલા બે નયોનો વાસ્તવિક વિષયોનું જ્ઞાન કરીને જે સ્વભાવમાં રમે છે, એમ કહેવું છે. નય તો બેય છે એમ જાણવું જોઈએને. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એટલે ચૈતન્યરસ જે અનાદિ-અનંત વસ્તુ છે એમાં જે રમે છે, રમે છે એ પર્યાય થઈ, વસ્તુ છે એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ જરૂર અલ્પ કાળમાં કેવળજ્ઞાનને પામે છે, શીઘ્ર પામે છે.

અરે! **क्षितिषु परमतोक्तेः किं फलं सज्जनानाम्**.... અરે! **પૃથ્વી ઉપર પર મતના કથનથી...** આહાહા! આવો વીતરાગ સર્વજ્ઞ પ્રભુનો માર્ગ એ સિવાય અન્યમતિ શું કહે છે. પૃથ્વી ઉપર... એની **क्षिति** કહી. **क्षिति**-પૃથ્વી ઉપર અન્યમતિ... સર્વજ્ઞ પરમેશ્વરે આવો સ્વભાવ કહ્યો ને આ નયનું કથન એ સિવાય બીજે આવું ક્યાંય છે નહીં. આહાહા! ...માણસને એને કેવું લાગે? આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે. સમજાણું કાંઈ? વસ્તુનું આવું સ્વરૂપ છે. કેવું સ્વરૂપ? સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. સજ્જન પુરુષોને, **પરમતના કથનથી સજ્જનોને શું**

**ફળ છે?** સમજાણું કાંઈ? ભગવાનના મતથી સજ્જનને સમયસાર મળે છે. બીજાના મતથી સજ્જનને શું ફળ છે? એ તો સંસાર છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? વસંતીલાલજી!

જૈન પરમેશ્વરે કહ્યું એ જ સાચું? એમણે કહ્યું છે એ સત્ય કહ્યું છે. વીતરાગભાવે જાણ્યું-જોયું અને એવું કહ્યું. એવી વાત બીજે ક્યાંય નથી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગમાર્ગ સિવાય બીજે આ વાત ક્યાંય છે નહીં. એમ લાગે ....... પહેલી ગાથામાં વ્યંજનપર્યાયની વાત કરીને આવું સ્વરૂપ બીજે છે નહીં ક્યાંય, એમ કહ્યું ભાઈ! આહાહા! એ તો વસ્તુની સ્થિતિ છે. એ વસ્તુની સ્થિતિ ત્રણ કીધી. ત્રણ છે ક્યાંય? વ્યંજનપર્યાય વિભાવિક પાછી. સમયે-સમયે આકૃતિ એના અસ્તિત્વમાં છે, એ પર્યાયનું અસ્તિત્વ એનામાં છે. જુઓ! કહે છે કે **પૃથ્વી ઉપર પરમતના કથનથી** સજ્જન-સત્‌પુરુષને... સત્ કીધુંને સંત. સંતોને બીજું હોય કેમ? કહે છે. આહાહા! આવું વીતરાગે કહેલું દ્રવ્ય-પર્યાયસ્વરૂપ એવું જેને ભાન થયું અને એ જે સ્વરૂપમાં રમે, એને સમયસાર મળે, કેવળજ્ઞાન મળે એમ કહે છે. અન્યમતના ફળમાં શું? એ તો તારે હોય નહીં એમ કહે છે. એ તો સંસારફળ છે એમ કહે છે. અન્યમતની માન્યતા અને અન્યમતની શ્રદ્ધાથી સંસાર ફળશે. તેં શું કામ કાઢ્યું? સમજાણું કાંઈ? આહાહા!

**અર્થાત્ જગતના જૈનેતર દર્શનોના મિથ્યા કથનોથી સજ્જનોને શો લાભ છે?** કહે છે. શેઠ! સત્‌જનનું સત્‌નું કામ છે. આવું કામ શું કરવા લીધું તેં? જૈનેતર—જૈન સિવાય ઇતર દર્શનોના મિથ્યા કથનો છે બધા. આહાહા! ........ સ્થિતિ શું ભાઈ! એ વર્તમાન જ્યાં છે એ પર્યાપ્ત હોય તો પછી થઈ રહ્યું, એમાં બીજું કાંઈ હોય નહીં. સમજવું હોય નહીં, ટાળવું હોય નહીં, કાંઈ ન હોય. પર્યાપ્ત નથી તો જ્યારે ક્ષેત્ર વ્યાપક છે તો કેટલો એનો આકાર, કેટલો એનો ભાવ, કેટલો એનો અર્થપર્યાય આદિ વસ્તુ તો જાણવી પડશે. સમજાણું? એ બે નયનું વર્ણન વીતરાગમાર્ગમાં જ છે. સમજાણું કાંઈ? અરે! બીજા કથનોથી ધર્મીને શું કામ છે? લ્યો, એક જીવ અધિકાર પૂરો થયો.

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો** નગ્ન મુનિ દિગંબર **એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) જીવ અધિકાર નામનો પહેલો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

(પ્રમાણ વચન ગુરુદેવ)



Vitragvani

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: સહપ્રકાશક :
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

info@vitragvani.com vitragvani.com /vitragvani /c/vitragvani